

નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

**DVD No. 2**
(Gujarati Edition)

**:: યોજનાના આયોજક ::**

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# UTTARADHYAYAN SUTRA



PART : 2

# ઉત્તરાધ્યયન સૂત્ર : ભાગ– ૨

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-

विरचितया प्रियदर्शिन्याख्यया-व्याख्यया समलङ्कृतं

हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्-

# ॥ उत्तराध्ययन-सूत्रम् ॥

# UTTARADHYAYNA SUTRAM

द्वितीयो भागः (अध्य० ४-१४)

नियोजकः

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि-

पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

अहमदाबादनिवासि-श्रेष्ठिनः-श्रीमत आत्माराम-

माणेकलालभाई-महोदयस्य-द्रव्यसाहाय्येन

अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः

श्रेष्ठि-श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः

मु० राजकोट

| प्रथमा-आवृत्तिः | वीर संवत् | विक्रम-संवत् | ईस्वीसन |
|---|---|---|---|
| प्रति १००० | २४८६ | २०१६ | १९६० |

मूल्यम्-रू० १९-०-०

મળવાનું ઠેકાણું :
શ્રી. અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ
ઠે. ગરેડિયા કુવારોડ, ગ્રીન લૉજ
પાસે, રાજકોટ. (સૌરાષ્ટ્ર)

Puplished by :
Shri Akhil Bharat S. S.
Jain Shastoddhar Samitl.
Garedia Kuva road. RAJKOT.
(Saurashtra) W. Ry. India

×

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦
વીર સંવત : ૨૪૮૬
વિક્રમ સંવત : ૨૦૧૬
ઈસ્વીસન : ૧૯૬૦

×

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ : : અમદાવાદ

# સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાત:ઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર ( છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્‌ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્‌ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

# स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

श्री ઉત્તરાધ્યયન ભાગ દૂસરે (અધ્ય. ૪ સે ૧૪ તક) કી

## વિષયાનુક્રમણિકા

**અનુ. વિષય** **પાના નં.**

**ચૌથા અધ્યયન**


| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | જરાગ્રસ્ત કા શરણ કા અભાવ | ૧ |
| ૨ | જરાગ્રસ્ત કે શરણ કે અભાવ વિષયમેં અટ્ટનમલ્લ કા દ્રષ્ટાંત | ૨ |
| ૩ | ધનલોભી કે નરકગમન કા વર્ણન | ૭ |
| ૪ | ધનલોભ ઉપર દુર્ઘટ ચોરકા દ્રષ્ટાંત | ૮ |
| ૫ | કિયે હુએ કર્મ બિના ભોગે નિવૃત નહીં હોતે હૈ | ૧૦ |
| ૬ | અપને કર્મો કે ભોગ કે વિષયમેં દુર્વૃત ચૌર કા દ્રષ્ટાંત | ૧૦ |
| ૭ | પાપકર્મકી પ્રસંશા અનેકાનેક અનર્થોકા કારણ બનતી હૈ, ઉસ વિષયમેં દુર્મતિ ચોરકા દ્રષ્ટાંત | ૧૧ |
| ૮ | કર્મકે ફલ ભોગતે સમય બાંધવોં કી અસહાયતા | ૧૨ |
| ૯ | કર્મ કે ફલ ભોગતે વિષયમેં ગ્વાલિન કો ઠગનેવાલે વણિક્ કા દ્રષ્ટાંત | ૧૪ |
| ૧૦ | દ્રવ્ય સે ત્રાણ-રક્ષણ કા અભાવ | ૧૬ |
| ૧૧ | દ્રવ્ય રક્ષણ નહીં કર સકતા હૈ ઇસ વિષયમેં પુરોહિત પુત્ર કા દ્રષ્ટાંત | ૧૭ |
| ૧૨ | સમ્યગ્દર્શનાદિક કો પ્રાપ્ત કરકે ભી મોહાધીન જીવ ઉસકા નહીં પાનેવાલા જૈસા હોતા હૈ, ઇસ પર ધાતુવાદી પુરૂષકા દ્રષ્ટાંત | ૧૮ |
| ૧૩ | પ્રમાદ નહીં કરને કા ઉપદેશ | ૧૯ |
| ૧૪ | પ્રમાદ કે ત્યાગ કે વિષય મેં અગડદત્ત કા દ્રષ્ટાંત | ૨૦ |
| ૧૫ | નિર્જરા કે લાભકે લિયે શરીરકા પોષણ શ્રેયસ્કર હૈ, ઇસ વિષયમેં મૂલદેવ રાજા કા દ્રષ્ટાંત | ૩૬ |
| ૧૬ | ગુરૂકી આજ્ઞા કે પાલનસે હી મુનિકો મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ, ઇસ વિષયમેં અશ્વદ્રષ્ટાંત | ૪૧ |
| ૧૭ | ગુરૂકી આજ્ઞામેં પ્રમાદ કે ત્યાગનેકા ઉપદેશ ગુરૂકી આજ્ઞામેં પ્રમાદકે વિષયમેં બ્રાહ્મણીકા દ્રષ્ટાંત | ૪૩ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|


૧૮ અપ્રમાદી બન ગુરૂકી આજ્ઞાકા પાલન કરના ચાહિયે
ઇસ વિષયમેં ભદ્રનામક શ્રેષ્ઠીકી પત્ની કા દ્રષ્ટાંત ૪૫
૧૯ પ્રમાદકા મૂલ કારણ રાગદ્વેષકે ત્યાગ કરનેકા ઉપદેશ
તથા ઉપસંહાર ૪૬


## પાંચવાઁ અધ્યયન


૨૦ અકામ ઔર સકામ મરણકે દો ભેદોંકા વર્ણન ૪૮
૨૧ પ્રયોજનસે યા બિના પ્રયોજનસે પ્રાણિવધ કરને કે
વિષયમેં અજાપાલકા દ્રષ્ટાંત ૫૪
૨૨ હિંસાદિમેં આસક્ત રહનેવાલોં કા કથન ૫૬
૨૩ ધન ઔર સ્ત્રી આદિમેં ગૃદ્ધ બને હુવેકે કર્મબન્ધકા વર્ણન ૫૬
૨૪ ધન ઔર સ્ત્રી આદિમેં ગૃદ્ધ રહનેવાલે કે રોગાવસ્થા પ્રાપ્ત
હોને પર પશ્ચાતાપ કા વર્ણન ૫૮
૨૫ શાકટિકકે દ્રષ્ટાંતસે ધન સ્ત્રી આદિમેં રત રહને વાલે કે
પ્રશ્ચાતાપકા વર્ણન ૬૦
૨૬ ધન સ્ત્રી આદિમેં રત રહનેવાલેકે અકામ મરણકા કથન ૬૧
૨૭ ચારિત્ર ધારી જીવોંકે સકામ મરણકા વર્ણન ૬૨
૨૮ ભિક્ષુઓકી ઉત્કૃષ્ટતાકા વર્ણન ૬૪
૨૯ દ્રવ્યલિંગસે રક્ષા નહીં હોને કા કથન ૬૫
૩૦ સુવ્રતકે દેવલોક પ્રાપ્તિકા કથન ૬૫
૩૧ દુર્વ્રતમેં દુર્મતિ નામક દરિદ્રકા દ્રષ્ટાંત ૬૬
૩૨ સુવ્રતમેં રહનેવાલે ગૃહસ્થકા વર્ણન ૬૭
૩૩ સંવૃત ભિક્ષુકે મરનેપર ઉસકા સ્વર્ગ યા મોક્ષમેં ગમન ૬૮
૩૪ દેવોંકે આવાસોંકા ઔર દેવોંકા વર્ણન ૬૮
૩૫ સંવૃત ભિક્ષુકે ઔર સંવૃત ગૃહસ્થકે દેવત્વ પ્રાપ્તિકા વર્ણન ૬૯
૩૬ શરીરકી અસારતા કા વર્ણન ૭૦
૩૭ મરણ કાલ સમાધિ કા વર્ણન ૭૧
૩૮ સમાધિ મરણકે લિયે શિષ્યકો ઉપદેશ ૭૨
૩૯ સમાધિ વિષયમેં ઉગ્રબુદ્ધિ શિષ્યકા દ્રષ્ટાંત ૭૨
૪૦ મરણ સમયકી સમાધિ કા વર્ણન ૭૪
૪૧ સકામ મરણકા વર્ણન ૭૫

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|

## છઠ્ઠા અધ્યયન


૪૨ વિદ્યારાહિંત્ય કે વિષયમેં દરિદ્રકા દ્રષ્ટાંત ૭૬
૪૩ નિર્ગ્રન્થકે કર્તવ્ય કા વર્ણન ૭૯
૪૪ માતાપિતાદિ કે રક્ષણમેં અસમયર્થતાકા કથન ૮૦
૪૫ પરિગ્રહત્યાગકે ફલકા વર્ણન ૮૦
૪૬ પ્રાણાતિપાત ઔર આસ્ત્રવ નિરોધકા વર્ણન ૮૧
૪૭ મૃષાવાદાદિ આસ્ત્રવ નિરોધ કા વર્ણન ૮૨
૪૮ પંચાસ્ત્રવવિરમણકા સ્વરૂપ ઔર સંયમમેં દૂસરોંકે મતકા નિરૂપણ ૮૫
૪૯ વાગાડમ્બર માત્રહી પ્રાણિયોંકે રક્ષણમેં સમર્થ ન બનનેકા કથન ૮૬
૫૦ મોક્ષમાર્ગ સે વિમુખ ચલનેવલોં કે દોષોકા વર્ણન ૮૭
૫૧ આત્મા કે સુખ કે ઉપાય કા વર્ણન ૮૮
૫૨ શરીર ધારણ કરનેકે કારણ કા કથન ૮૯
૫૩ મુનિયોંકે શરીરનિર્વાહકે ઉપાયકા કથન ૮૯
૫૪ મુનિયોંકે નિર્દોષ ભિક્ષાગ્રહણકા વર્ણન ૯૦


## સાંતવાં અધ્યયન


૫૫ રસગૃદ્ધિ કે વિષયમેં એડકકા દ્રષ્ટાંત ૯૨
૫૬ બાલ-અજ્ઞાનીકો નરક પ્રાપ્તિકા વર્ણન ૯૬
૫૭ રસગૃદ્ધોં કે ઐહિક કષ્ટ કા વર્ણન ૯૭
૫૮ રસગૃદ્ધોં કે પારલૌકિક અપાય કા વર્ણન ૯૮
૫૯ લોભ વિષયમેં કાકિણીકા ઔર રસવિષયમેં આમ્રફલ કા દ્રષ્ટાંત ૯૮
૬૦ દ્રષ્ટાંતકો કહકર દાષ્ટાન્તિક (સિદ્ધાંત) કા પ્રતિપાદન ૧૦૧
૬૧ વ્યવહાર વિષયમેં તીન વણિકોં કા દ્રષ્ટાંત ૧૦૨
૬૨ તીન વણિકોંકે દ્રષ્ટાંતકે વિષયમેં દાર્ષ્ટાન્તિક કા પ્રતિપાદન ૧૦૫
૬૩ બાલ-અજ્ઞાની જીવકી આયદૂધમૂલક દો પ્રકારકી ગતિ કા વર્ણન ૧૦૬

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|


૬૪ દ્વિધાગતિપ્રાપ્ત બાલ-અજ્ઞાનીકે ઉદ્ધારકી દુર્લભતાકા વર્ણન ૧૦૭
૬૫ બાલત્વ કે પરિવર્જનસે મનુષ્યગતિ કે લાભકા વર્ણન ૧૦૮
૬૬ મનુષ્ય યોનિ કૌન પાતા હૈ ? ઉસકા કથન ૧૦૮
૬૭ દેવગતિપ્રાપ્તિ કા વર્ણન ૧૦૯
૬૮ દેવગતિપ્રાપ્તિ કા ઉપદેશ ૧૧૦
૬૯ દેવસુખ ઔર મનુષ્યસુખોંકી સમુદ્રકે દ્રષ્ટાંત દ્વારા તુલના ૧૧૧
૭૦ મનુષ્ય સમ્બન્ધી કામભોગોંસે નિવૃત હોનેવાલેકે ગુણ કા વર્ણન ૧૧૨
૭૧ કામ નિવૃત જીવકી દેવલોકસે ચવનેકે પીછેકી ગતિકા વર્ણન ૧૧૩
૭૨ ધીરતાકા સ્વરૂપ ઔર ઉસકા ફલકા વર્ણન ૧૧૪


**અષ્ટમ અધ્યયન**


૭૩ કપિલ મુનિકે ચરિત્ર વર્ણન ૧૧૫
૭૪ કપિલ ચરિત વર્ણનમેં સંસારકી અસારતાકા વર્ણન ૧૨૧
૭૫ દોષ પ્રદોષોં સે મુક્તિ કે ઉપાયકા વર્ણન ૧૨૨
૭૬ પરિગ્રહમેં ગૃદ્ધ બને હુવેકે દોષોંકા ઔર કેવલીકે પરિગ્રહ ત્યાગીકે ગુણોંકા વર્ણન ૧૨૨
૭૭ કામભોગાદિ અધીર પુરૂષોં કે લિયે દુસ્ત્યજ ઔર સુવ્રતધારિયોંકે લિયે સુત્યજ હોનેકા કથન ૧૨૪
૭૮ બાલ-અજ્ઞાનીકે નરકગમનકા વર્ણન ૧૨૫
૭૯ પ્રાણિવધસે નિવૃત બનનેવાલોં કે મોક્ષપ્રાપ્તિકા વર્ણન ૧૨૬
૮૦ પ્રાણિયોંમેં દંડનિષેધ કા વર્ણન ૧૨૭
૮૧ એષણાસમિતિ વર્ણનમેં રસોંમેં અગૃદ્ધ રહનેવાલેકે કર્તવ્યકા કથન ઔર અશ્રમણકે લક્ષણોંકા વર્ણન એવં ઉનકી ગતિ કા વર્ણન ૧૨૭
૮૨ લોભકે વશવર્ત્તી કે આત્મા કા દૂષ્પૂરકત્વ ૧૩૦
૮૩ અસંતોષકે વિષયમેં સ્વાનુભવકા વર્ણન ૧૩૦
૮૪ સ્રિયોંમેં ગૃદ્ધિભાવનિષેધકા ઔર ઉનકે ત્યાગકા વર્ણન ૧૩૧

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|

## નવમ અધ્યયન


| | | |
|---|---|---|
| ૮૫ | નમિચરિત | ૧૩૩ |
| ૮૬ | યુગબાહુ દ્રષ્ટાંત | ૧૩૩ |
| ૮૭ | મદનરેખા કા દ્રષ્ટાંત | ૧૩૬ |
| ૮૮ | પુષ્પશિખ ઔર નખશિખકા વર્ણન | ૧૪૧ |
| ૮૯ | પધરથકા દ્રષ્ટાંત | ૧૪૨ |
| ૯૦ | દૃઢવ્રતા સાધ્વીકે ઉપદેશકા વર્ણન | ૧૪૩ |
| ૯૧ | નમિરાજાકે હાથીકે પલાયન (ભગને) કી કથા | ૧૪૪ |
| ૯૨ | નમિ ઔર ચન્દ્રયશકે યુદ્ધપ્રસ્તાવકા વર્ણન | ૧૪૬ |
| ૯૩ | નમિ ઔર ચન્દ્રયશકે યુદ્ધકો રોકનેકે લિયે મદનરેખા સાધ્વીકે વિહારકા વર્ણન | ૧૪૬ |
| ૯૪ | નમિ ઔર ચન્દ્રયશકા મિલન | ૧૪૭ |
| ૯૫ | નમિરાજાકે દાહજ્વરકા વર્ણન | ૧૪૮ |
| ૯૬ | નમિરાજાકે વૈરાગ્યકા વર્ણન | ૧૪૮ |
| ૯૭ | નમિરાજાકે પ્રવ્રજ્યાગૃહણકા વર્ણન | ૧૫૦ |
| ૯૮ | નમિ ઔર ઇન્દ્ર કા સંવાદ | ૧૫૧ |
| ૯૯ | ઇન્દ્રકૃત નમિરાજર્ષિસ્તુતિ | ૧૮૧ |
| ૧૦૦ | અધ્યયનકા ઉપસંહાર | ૧૮૨ |


## દશવેં અધ્યયન


| | | |
|---|---|---|
| ૧૦૧ | નિશ્ચલ પ્રવ્રજ્યા શિક્ષામેં સાલ મહાસાલકા દૃષ્ટાંત | ૧૮૩ |
| ૧૦૨ | જમ્બુસ્વામીકે પ્રતિ સુધર્મસ્વામી કા ઉપદેશ | ૧૮૬ |


## ગ્યારહવાઁ અધ્યયન


| | | |
|---|---|---|
| ૧૦૩ | અબહુશ્રુતમેં કારણપંચકકા વર્ણન | ૨૦૧ |
| ૧૦૪ | બહુશ્રુત બનનેમેં આઠ કારણકા વર્ણન | ૨૦૨ |
| ૧૦૫ | અવિનીતકે ચૌદહ કારણોંકા વર્ણન | ૨૦૩ |
| ૧૦૬ | વિનીતકે પન્દ્રહ કારણોંકા વર્ણન | ૨૦૫ |
| ૧૦૭ | વિનીતકે લક્ષણકા વર્ણન | ૨૦૮ |

| અનુ. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૦૮ | શંગાદિકકે દ્રષ્ટાંતસે બહુશ્રુતકી પ્રસંશા | ૨૦૯ |
| ૧૦૯ | અધ્યયન કા ઉપસંહાર | ૨૧૭ |

બારહવેં અધ્યયન

| | | |
|---|---|---|
| ૧૧૦ | બારહવેં અધ્યયનકી અવતરણિકા ઔર હરિકેશબલ મુનિકા ચરિત્ર વર્ણન | ૨૧૮ |

તેરહવાઁ અધ્યયન

| | | |
|---|---|---|
| ૧૧૧ | તેરવાઁ અધ્યયનકી અવતરણિકા ઔર ચિત્ર સંભૂત મૂનિકા ચરિત્ર વર્ણન | ૨૪૭ |

ચૌદહવાઁ અધ્યયન

| | | |
|---|---|---|
| ૧૧૨ | ચૌદહવે અધ્યયનકી અવતરણિકા ઔર નન્દદત્ત-નન્દ પ્રિયાદિ છહ જીવોં કા ચરિત્ર | ૩૦૩ |

॥ સમાપ્ત ॥

# ચોથું અધ્યયન

ત્રીજું અધ્યયન પુરૂં થયું. હવે ચોથા અધ્યયનનો પ્રારંભ કરવામાં આવે છે. ત્રીજા અધ્યયનની સાથે આ અધ્યયનનો સંબંધ આ પ્રકારનો છે.–ત્રીજા અધ્યયનમાં જે કહેવામાં આવ્યું કે–"મનુષ્યત્વ, ધર્મશ્રવણ, જીનવચનમાં શ્રદ્ધા અને સંયમમાં વીર્યોલ્લાસ (પ્રવૃત્તિ) એ ચાર વસ્તુ આત્માને પ્રાપ્ત થવાં દુર્લભ છે. એ ચાર વસ્તુઓ પ્રાપ્ત થયા પછી પણ પ્રમાદ ન કરવો જોઈએ. આ વાત આ અધ્યયન દ્વારા સમજાવવામાં આવે છે. વૃદ્ધાવસ્થામાં કોઈએ શરણ થતું નથી. માટે પ્રમાદ ન કરવો જોઈએ. એ સંબંધને લઈને આ ચોથા અધ્યયનનો પ્રારંભ થાય છે. તેની આ સર્વ પ્રથમ ગાથા છે. 'असंखयं' ઈત્યાદિ.

અન્વયાર્થ—હે શિષ્ય ! जीविय असंखयं–जीवितं असंस्कृतम् આ આયુષ્ય અસંસ્કૃત છે. તેને વધારવું શકય નથી તેમજ તુટેલું આયુષ્ય સાંધી શકાતું નથી, આથી मा पमायए–मा प्रमादयेः પ્રમાદ ન કરો. "हु" નિશ્ચયથી जरोवणीयस्स–जरोपनीतस्य વૃદ્ધાવસ્થાથી મરણની સમીપ પહોંચેલા જીવનું ताणं–त्राणम् શરણ नत्थि–नास्ति કોઈ નથી. અથવા એવો કોઈ સમર્થ નથી કે જે પોતાના કર્મ દ્વારા ઘડપણને આરે પહોંચેલા જીવને એ વૃદ્ધાવસ્થાથી બચાવી શકે. તથા વૃદ્ધાવસ્થાને કારણે જેનું શરીર જર્જરિત થઇ રહ્યું છે એવા જીવને એવી શક્તિ પણ નથી રહી હોતી કે તે એ અવસ્થામાં પણ ધર્મ કરી શકે. पमत्तेजणे–पमत्ता जनाः જે મનુષ્ય પ્રમાદી હોય છે તે विहिंसा–विहिंस्रा પોતાના અને બીજાના ઘાતક હોય છે. अजया–अयताः ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવી શકતા નથી તેમજ પાપ કરવાથી પાછા હઠી શકતા નથી. એવા મનુષ્ય किं गहिंति–किं (त्राणं) गृहीष्यन्ति કોનું શરણ પ્રાપ્ત કરી શકશે ? કયું શરણ પ્રાપ્ત કરી શકશે ?, કોઈ તેને શરણ આપશે નહિ. કહેવાનો આશય એ છે કે જે જીવ પ્રમાદી જીવન ગાળે છે, ઇન્દ્રિયોના ગુલામ (લોલુપ) તેમજ હિંસક હોય છે તેનું કોઈ રક્ષક થતું નથી. માટે બીજું કાંઈ નહિ તો આચરણમાં તો પ્રમાદ ન જ કરવો જોઈએ, एवं वियाणाहि–एवं विजानिहि એટલું તો સમજવું જોઈએ જ.

ભાવાર્થ—જેઓ પ્રમાદિ જીવન ગાળતા હોય છે, હિંસક અને ઇન્દ્રિયોને વશવર્તિ લોલુપી હોય છે, તેઓ સર્વ પ્રકારના અનર્થોને કરવામાં જરા પણ કચાશ–ઢીલાશ રાખતા નથી. તેને સંસારનાં દુઃખોથી કોઇ છોડાવી શકતું નથી. આટલા માટે ધર્મનું આચરણ જીવનમાં આવશ્યક વસ્તુ છે. કે જેનાથી જીવની પળેપળે રક્ષા થતી રહે છે. જે ધર્મની રક્ષા કરે છે તેની રક્ષા ધર્મ કરે છે. તથા એ પણ વિચારવું જોઈએ કે, આ આયુષ્ય ક્ષણે ક્ષણે–દિવસે દિવસે ઓછું થતું જાય છે, તેને વધારવા કોઈ સમર્થ નથી. જ્યારે વૃદ્ધાવસ્થા આવશે ત્યારે તો એટલી પણ શક્તિ નહીં રહે કે જેનાથી થોડી ઘણી પણ ધર્મકરણી થઈ શકે.

તે અવસ્થામાં ઘડપણનાં દુઃખોથી બચાવવાવાળું કોઈ હશે નહીં. માટે હે શિષ્ય ! એ પ્રમાણે સમજીને તમારે ધર્મ કરણી કરવામાં જરાપણ પ્રમાદિ બનવું ન જોઇએ.

ઘડપણના આરે પહોંચેલા જીવને કોઈ બચાવી શકતું નથી આ વિષય ઉપર અટ્ટનમલ્લનું દૃષ્ટાંત આપવામાં આવે છે.

## જરાગ્રસ્તકો શરણ કે અભાવ વિષયમેં અટ્ટનમલ્લ કા દ્રષ્ટાંત

ઉજ્જઇનિ નગરીમાં જીતશત્રુ રાજાના દરબારમાં અટ્ટનનામે એક મલ્લ–કુસ્તીબાજ હતો. આજુબાજુના એકપણ રાજ્યમાં એવી કોઈ પણ વ્યક્તિ ન હતી કે જે તેને શિકસ્ત–પરાજય આપી શકે. દરેક રાજ્યોમાં એ અજેય માનવામાં આવતો હતો. સમુદ્રના કિનારા ઉપર સોપારક નામનું એક નગર હતું. ત્યાંના રાજાનું નામ સિંહગિરિ હતું. તેને મલ્લયુદ્ધ જોવાનો ઘણો ભારે શોખ હતો. તે મલ્લોની કુસ્તી ને ગોઠવતો અને મલ્લયુદ્ધમાં જે જીતી જાય તેને તે સારૂં ઈનામ આપતો હતો. અટ્ટન પહેલવાન દરવર્ષે તેના રાજ્યમાં થતા મલ્લયુદ્ધમાં ભાગ લેવા જતો અને ત્યાંના અન્ય મલ્લોને હરાવી પોતાનો વિજય ધ્વજ ફરકાવતો. દર વખતે આ પ્રમાણે બનતું જોઇને સિંહગિરિ રાજાને વિચાર થયો કે, આ પહેલવાન કોઈ અન્ય રાજ્યમાંથી અહિં આવીને મારા દેશના મલ્લોને યુદ્ધમાં જીતીને તેમને હરાવી વિજય ધ્વજ આંચકી લે છે, તેથી તો મારી, મારા રાજ્યની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે તથા બદનામી પણ થાય છે. માટે એને શિકસ્ત આપે–હરાવે તેવા તેનાથી પણ બલવાન મલ્લની મારે શોધ કરવી જોઈએ. આ પ્રકારનો વિચાર કરીને તે રાજા બીજા શક્તિશાળી મલ્લની શોધ કરવા સમુદ્ર તટ ઉપર આવ્યો. ત્યાં તેણે અત્યંત બલિષ્ઠ અને સ્ફૂર્તિવાલા એક માછીમારને જોયો. તેને જોઇને રાજાએ એના બળ અને સ્ફુર્તિનો અંદાજ કાઢી પોતાની પાસે રાખી લીધો અને તેને સારી રીતે હૃષ્ટ પુષ્ટ કરવા લાગ્યો. મલ્લયુદ્ધનું શિક્ષણ પણ તેને અપાવ્યું. આથી તે મહામલ્લ બની ગયો. રાજાએ તેનું નામ માત્સ્યિકમલ્લ રાખ્યું.

એક વખત અટ્ટનમલ્લ સોપારક આવ્યો. રાજાએ તેને માત્સ્યિકમલ્લ સાથે મલ્લયુદ્ધ કરવા આહ્વાન આપ્યું. મલ્લયુદ્ધ થયું. માત્સ્યિકમલ્લે અટ્ટનમલ્લ

ને હરાવી દીધો. જેવી રીતે કોઈ એક ગજરાજ બીજા હાથીથી પરાજીત બનતાં ચિંતાગ્રસ્ત બની જાય છે તેવી રીતે અટ્ટનમલ્લ પણ ચિંતાગ્રસ્ત બની ગયો અને ઘેર આવીને વિચારવા લાગ્યો કે, આજ સુધી કોઇએ મને પરાજીત કર્યો નથી જ્યારે આજકાલના આ માત્સ્યિકમલ્લે મને કુસ્તીમાં પછાડી દીધો. ઠીક છે, પણ એ જુવાન છે, એને કારણે એના બળની વૃદ્ધિ થઈ રહી છે. હું તો હવે દિવસે દિવસે બુઢ્ઢો થઈ રહ્યો છું માટે મારામાં બળની ઉણપ આવતી જાય છે. આથી મારે મારા પક્ષનો કોઇ બીજો પહેલવાન તૈયાર કરવો જોઇએ. આ પ્રકારનો વિચાર કરી અટ્ટનમલ્લ બીજા બળવાન મલ્લની શોધમાં નીકળ્યો. તે "સૌરાષ્ટ્ર આદિ દેશોમાં અનેક મલ્લ છે" આ વાત સાંભળીને સૌરાષ્ટ્ર દેશની તરફ ચાલી નીકળ્યો. વચમાં ગુજરાત દેશ આવ્યો. ત્યાં ભરૂચ ગામની પાસે હરિણી ગામની સીમમાં આવ્યો ત્યાં એક ખેડૂતને ખેતી કરતાં જોયો. ખેડૂત તે સમયે એક હાથથી જલદી જલદી હળ ચલાવતો હતો અને બીજા હાથથી ઘાસની માફક વચ્ચે આવતાં કપાસનાં છોડવાંઓને ઉખાડીને ફેંકી દેતો હતો. અટ્ટનમલ્લે એ કિસાનને જોઈ "આ ચોક્કસ મહાન બળવાન છે. તેનો આહાર તો જોઉં ?" એમ વિચાર કરી તેના ખોરાકનું નિરીક્ષણ કરવા માટે ત્યાં થોડો વખત રાહ જોઈને બેઠો. એટલામાં તે ખેડૂતની પત્ની તેને ખાવા માટે ભાત ભરેલી એક મોટી હાંડી લઈને ત્યાં આવી પહોંચી. કિસાન એ સઘળા ભાતને એક ઝપાટે ખાઈ ગયો. જમ્યા પછી તે કુદરતી હાજતે-જાજરૂ ગયો. અટ્ટનમલ્લ પાછળ પાછળ ગયો અને ખેડૂત જે સ્થળે શૌચ માટે ગયો હતો તે સ્થળે જઇને જોયું તો ત્યાં બકરાં તેમજ તેવાંજ બીજાં જાનવરોની માફક લીંડીઓ જેવી સુકી વિષ્ટા પડેલી તેણે જોઇ આ ઉપરથી તેને એવો ખ્યાલ આવ્યો કે આ પુરુષની જઠરાગ્નિ ખૂબ તેજ છે. આ સઘળી બિનાઓનું નિરીક્ષણ કર્યા બાદ અટ્ટનમલ્લે મનમાં નિશ્ચય કર્યો કે, આ માણુસ મારા પ્રતિસ્પર્ધિ-હરીફને-હરાવવામાં સમર્થ બની શકે તેવો છે. આવો નિશ્ચય કરી અટ્ટનમલ્લ સુરજ આથમ્યે તે ખેડૂતના મકાને જઈ પહોંચ્યો. ત્યાં જઇને એ કહેવા લાગ્યો કે, આજની રાત હું તમારે ત્યાં વિતાવવા માગું છું. કિસાને તેની આગતા સ્વાગતા કરી ઉતારાનો પ્રબંધ કર્યો. રાતવેળાએ જ્યારે કિસાન સુવાની તૈયારી કરવા લાગ્યો ત્યારે અટ્ટનમલ્લે તેને પૂછ્યું-ધંધો રોજગાર કેમ ચાલે છે ? પૈસા સારા કમાવતા હશો ? અટ્ટનની આ વાત સાંભળીને કિસાને કહ્યું-શું કહું ભાઇ ! આજીવીકા તો એવી ખાસ નથી, બીલકુલ નિર્ધન છું ઘણો પરસેવો પાડીને ખેતી કરૂં છું છતાં પણ પેટ પુરૂં વળતરેય મળતું નથી. કિસાનની આ વાત સાંભળીને અટ્ટનમલ્લે કહ્યું-જો તમને વાંધો ન હોય તો આ તમારો ખેતીનો ધંધો બંધ કરી મારી સાથે ચાલો તો તમને થોડા જ સમયમાં રાજાના જેવા ધનવાન બનાવી દઉં. કિસાને કહ્યું કે, હું ચાલવા તો તૈયાર છું પણ જો મારી પત્ની હા પાડે તો ને ? અટ્ટનમલ્લે કિસાનની પત્નિને પૂછ્યું તો તેણે કહ્યું કે-ખેતરમાં કપાસ

વાવેલો છે, અને તે જશે તો પછી તેને સંભાળશે કોણ? કેમકે, જો એ તમારી સાથે આવે તો દેખરેખના અભાવે કપાસ ચીમળાઈ જશે અને એથી આ વરસનો નિભાવ કઈ રીતે થઈ શકશે ? એ સાંભળી અટ્ટનમલ્લે કહ્યું કે, સાંભળો ! જેટલો કપાસ તમારે ત્યાં થતો હોય તેની કિંમત હું તમને અત્યારે જ ચુકવી દઉં છું પછી શો વાંધો છે? કહો! કેટલા આપું ? આવું અટ્ટનમલ્લે કહ્યું ત્યારે કિસાનની પત્નિએ જે કિંમત માગી તેટલી અટ્ટનમલ્લે તેને મોં માગી રકમ આપી દીધી. મોં માગ્યું ધન મળતાં કિસાનની પત્નિએ પોતાના પતિને રાજીખુશીથી તેની સાથે જવા માટે રજા આપી. એટલે હવે કિસાન અટ્ટનમલ્લની સાથે જવા તૈયાર થયો.

આ જોઈ અટ્ટનમલ્લે મનમાં વિચાર કર્યો–જુઓ ! પૈસામાં કેટલીતાકાત છે ? એના બલ ઉપર તો પતિ અને પત્નિને પણ જુદા કરી શકાય છે. અટ્ટનમલ્લ તે કિસાનને લઈને ત્યાંથી ચાલ્યો. ચાલતાં ચાલતાં તે પોતાને સ્થાને ઉજ્જેની આવી પહોંચ્યો. ઘેર આવ્યા પછી તેણે તે કિસાનને અનેકવિધ રીતે રૂષ્ટ પુષ્ટ બનાવી દીધો તેમજ મલ્લવિદ્યામાં પણ પારંગત બનાવી અને તેનું નામ ફલહીમલ્લ રાખ્યું. આથી અટ્ટનમલ્લને હવે સંતોષ થયો. બીજા વરસે મલ્લયુદ્ધના ઉત્સવના અવસર ઉપર અટ્ટનમલ્લ એને સાથે લઈને સોપારકપુર ગયો. મલ્લયુદ્ધને જોવા માટે સિંહગિરિ રાજા હજારો જનોની સાથે રંગમંડપમાં આવી સિંહાસન ઉપર બિરાજમાન થયા. પરસ્પરમાં મલ્લોનું યુદ્ધ થવાનો પ્રારંભ થયો. સઘળાએ પોતપોતાની પહેલવાની બતાવી રાજાને ખુશ કર્યા. જ્યારે સઘળા મલ્લકુસ્તી લડીને નિવૃત્ત થયા ત્યારે રાજાએ માત્સ્યિકમલ્લ અને ફલહીમલ્લને દાવમાં ઉતરવાનો આદેશ આપ્યો. આદેશ મળતાં જ આ બંને મલ્લશિરોમણી પોતપોતાની ભુજાઓથી તૈયારી બતાવી સૌનાં ધ્યાન ખેંચી કુસ્તીના દાવ માટે અખાડામાં ઉતરી પડયા. ત્યાં એ બન્નેની કુસ્તી થવા લાગી. એ બન્નેના પગના પગરવથી અખાડાની ધરણી

ધ્રુજી રહી હતી. બન્ને પોત પોતાના દાંત પીસતા હતા. હાથીઓની માફક એ બન્ને મલ્લ આપસમાં મુક્કા મુક્કિ કરવા લાગી ગયા. જેમ મૂળમાંથી ક્ષીણ થએલું વૃક્ષ જમીન ઉપર નિઃસહાય બનીને પડી જાય છે એ પ્રકારે તેમની દશા થઈ રહી હતી. એક બીજા પરસ્પર એક બીજાને પછાડતા અને ફરી પાછા લડતા. અને જ્યારે દાવ મળતો ત્યારે એક બીજાની છાતી ઉપર ચડી બેસતા. આમાં કોઈ વખતે તો બન્ને જણા જમીન ઉપરથી એકદમ ઉઠીને એક બીજા સામે છાતી ભીડાવતા જાણે કોઈ લાંબા સમયથી વિખુટા પડેલા બે ભાઈઓ ભેટી રહ્યા ન હોય! ક્ષણમાં વળી પાછા ઉછળી પડતા કે જાણે કોઇ પતંગિયું ઉછળ્યું! કયારેક કયારેક એવી રીતે કૂદતા કે જાણે વાંદરા હુપાહુપ અને કૂદાકૂદ કરતા હોય. આ પ્રકારે બન્ને જણાએ મળીને મલ્લલીલા ત્યાં એકઠા થયેલાઓને બતાવી. સ્વયંવરની કુંવારી કન્યા સમાન જયલક્ષ્મીએ બન્નેને સમાન બળવાળા જાણીને કોના ગળામાં વરમાળા આરોપું એ સંદેહમાં આકુલ વ્યાકુલ બનીને કોઈના પણ ગળામાં વરમાળા ન આરોપી, કેમ કે તે બંનેમાંથી કોઈની પણ જીત થઈ ન હતી.

આ દશ્યને જોઇ સિંહગિરિ રાજાએ વિચાર કર્યો કે, આ સમયે આ બંને પહેલવાનોની કુસ્તી ઠીક ઠીક થઈ શકી નથી માટે બાકી રહેલી કુસ્તી અપૂર્ણ રાખી બીજા દિવસે ચાલુ રાખવી. આ પ્રકારે વિચાર કરી સમસ્ત પ્રેક્ષકો સમક્ષ રાજાએ એવું જાહેર કર્યું કે, આવતી કાલે આ બન્નેનું અહિં મલ્લયુદ્ધ થશે. એવું કહી રાજા પોતાના આસનથી ઉઠીને ચાલ્યા ગયા. અટ્ટનમલ્લે ફલહીમલ્લને કહ્યું કે, કહો! માત્સ્યિકમલ્લે તમને કયાં ચોટ (માર) પહોંચાડી? અટ્ટનમલ્લની વાત સાંભળીને ફલહીમલ્લે જેમ ગુરુ પાસે શુદ્ધ ભાવથી પ્રાયશ્ચિત્ત લેનાર શિષ્ય શુદ્ધ મનથી પોતાની પરિસ્થિતિ પ્રગટ કરી દે છે તે પ્રમાણે જ્યાં જ્યાં ચોટ લાગવાથી દર્દ થઈ રહ્યું હતું તે તે અંગોને તેણે બતાવ્યાં. ફલહીમલ્લની વાત સાંભળીને અટ્ટનમલ્લે જ્યાં જ્યાં તેના અંગોને માર લાગ્યો હતો ત્યાં ત્યાં પાકા તેલની

માલીસથી, અગ્નિના શેકથી તથા યોગ્ય દવા દારૂના ઉપચારથી સ્વસ્થ કરી દીધાં. માત્સ્યિકમલ્લને પણ રાજાએ પૂછ્યું કે,–માત્સ્યિક, કહો તમારા શરીરમાં કયાં કયાં માર લાગ્યો છે કે જેથી તેનો ઉપાય કરવામાં આવે ? માત્સ્યિકમલ્લ જો કે શ્રમથી પીડાઈ રહ્યો હતો તો પણ ગર્વથી "મને કયાંય ચોટ લાગી નથી" આવું કહી પોતાની વીરતાનું પ્રદર્શન કર્યું અને કહેવા લાગ્યો કે, આ ફલહીમલ્લ તે કયા ઝાડનું મૂરાડીયું કે જે મને હરાવી શકે ? દંભમાંને દંભમાં ઉપચાર ન કર્યા. બીજે દિવસે ફરીથી બન્નેનું મલ્લયુદ્ધ શરૂ થયું પહેલા દિવસની માફક આજે પણ કોઈની હાર કે જીત ન થઈ. ત્રીજા દિવસે જ્યારે યુદ્ધ થયું તો ફલહીમલ્લે માત્સ્યિકમલ્લને પછાડીને દબાવ્યો અને ફલહીમલ્લથી માત્સ્યિકમલ્લને હાર ખાવી પડી. ફલહીમલ્લે તેને પછાડી દીધો અને માત્સ્યિકમલ્લ હારી ગયો.

માત્સ્યિકમલ્લે હારી જતાં રાત્રીના વખતે જ્યારે ફલહીમલ્લ સુતો હતો ત્યારે ઈર્ષાને કારણે તેનું માથું કાપી નાખ્યું. આથી અટ્ટનમલ્લ બિચારો દુઃખિત બની ત્યાંથી ઉજ્જેની ચાલ્યો આવ્યો. તે બુઢ્ઢો તો થઈ ગયો હતો, આથી તેણે મલ્લયુદ્ધ કરવાનું છોડી દીધું અને પોતાના ઘર આંગણે જ રહેવા લાગ્યો. ઘરના માણસોએ જોયું કે આ બુઢ્ઢો હવે કાંઈ પણ કામ કરતો નથી, ત્યારે તે લોકોએ તેની અવગણના કરવા માંડી. આથી અટ્ટનમલ્લના દિલને ભારે આઘાત લાગ્યો. જ્યારે અટ્ટનમલ્લે એ જાણ્યું કે, આ લોકો મારો તિરસ્કાર કરવામાં જ ઉતરી પડયાં છે ત્યારે તે ત્યાંથી કોઇને પણ કહ્યા વગર કૌશાંબી નગરી ચાલ્યો ગયો. ત્યાં પહોંચી તેણે એક વરસ સુધી રસાયણનું સેવન કર્યું. તેનાથી વૃધ્ધાવસ્થાથી શિથિલ બનેલ તેનું શરીર ફરીથી તંદુરસ્ત બની ગયું. વળી પાછો તે ઉજ્જયની નગરીમાં આવ્યો અને રાજાની હાજરીમાં જે મલ્લયુધ્ધ થઇ રહ્યું હતું તેમાં તે સામેલ થયો. તેણે રાજાનો જે નિરંગણ નામનો મશહૂર પહેલવાન હતો તેને કુસ્તીમાં હરાવી દીધો. આ નવા આવેલા મલ્લે મારા મલ્લને હરાવી દીધો ! એવો વિચાર કરી રાજાએ તેની જરાએ પ્રસંશા ન કરી. જ્યારે લોકોએ જોયું કે જ્યારે રાજા તરફથી મૌન છે ત્યારે તેઓ પણ મૌન રહ્યા, તેમણે પણ અટ્ટનમલ્લની જરા પણ તારીફ ન કરી.

અટ્ટનમલ્લે ત્યાંની આ પરિસ્થિતિ જોઇ પક્ષિઓને સંબોધન કરીને કહ્યું–હે પક્ષિગણ! આપ લોકજ કહો કે અટ્ટનમલ્લે નીરંગણને પરાજીત કરી દીધો છે. અટ્ટનમલ્લનાં આ વચન સાંભળીને રાજાએ "અરે ! અટ્ટનમલ્લ પણ મારોજ મલ્લ છે" એવું કહીને તેને ઘણું દ્રવ્ય આપ્યું. અટ્ટનમલ્લના સ્વજનોએ જ્યારે જોયું કે, અટ્ટનમલ્લનો રાજાએ ઘણો જ આદરસત્કાર કર્યો છે, તો તેઓ તેની પાસે આવીને તેને મળ્યા અને ઘણો સત્કાર કર્યો. પોતાના બંધુઓ તરફથી કરાયેલા સત્કારને જોઈને અટ્ટનમલ્લે વિચાર કર્યો કે, જુઓ ! આ સમયે આ મારા બંધુજનો દ્રવ્યના લોભથી મારો સત્કાર કરવામાં જોડાયેલા છે. પરંતુ જે સમયે હું વળી પાછો નિર્ધન થઈ જઈશ તે સમયે તેઓ જ મારૂં અપમાન કરવા

માંડશે. હવે તો વૃદ્ધાવસ્થા પણ મારા શરીરને ધીરે ધીરે શિથિલ બનાવી રહેલ છે. હવે ઘડપણને આરે પહોંચેલા આ શરીરને હું ઔષધીઓના સેવનથી કાયાકલ્પ કરીને પણ ફરી યુવાવસ્થા પ્રાપ્ત કરી શકવાનો નથી. કહ્યું છે કે—

अधीनं मानवानां तद्, भेषजं नहि विद्यते।
पुनर्नवं भवेद् येन, जराजर्जरमङ्गकम् ॥ १ ॥
न च वार्धकृदिव्यास्त्रं, प्रयुक्तं कालविद्विषा।
पतत्काये स्खलयितुं, शक्यं स्वजनकङ्कटैः ॥२॥

મનુષ્યોની પાસે એવી કોઇ દવા નથી કે જે, વૃદ્ધાવસ્થાથી શિથિલ બનેલા આ શરીરને ફરી જુવાનીના નવા જોશથી ચેતનવંત-શક્તિશાળી બનાવી શકે. કાળરૂપી શત્રુએ ફેંકેલા બુઢાપારૂપી દિવ્ય અસ્ત્રને બચાવનાર કોઈ સ્વજનરૂપી બખ્તર નથી કે જે તેના આવતા ઘામાંથી આ શરીરને બચાવી શકે.

વૃદ્ધાવસ્થાથી મને બચાવનાર એવું કોઈ પણ સમર્થ નથી. ન તો કોઈ બંધુજન મારો બચાવ કરી શકે તેમ છે કે, ન તો કોઈ સંસારી પદાર્થ મારૂં રક્ષણ કરી શકે તેમ છે. જો આ જીવનું એ અવસ્થામાં રક્ષણ કરનાર કોઈ પણ હોય તો તે એક માત્ર ધર્મ છે. એ સર્વ અવસ્થામાં જીવનું રક્ષણ કરી શકે છે. આથી જ્યાં સુધી હું વૃદ્ધાવસ્થાથી શિથિલ શરીરવાળો બન્યો નથી ત્યાં સુધી મારે ધર્મનું આચરણ કરવામાં જ પ્રવૃત્ત બનવું જોઈએ. એવો મન સાથે વિચાર કરી અર્જુનમલ્લે ગુરુની પાસે જઇને દીક્ષા અંગીકાર કરી. ॥ ૧ ॥

## ધનલોભી કે નરકગમન કા વર્ણન

જ્યારે પ્રમાદિ જીવો માટે કોઈ આશરાનું સ્થાન નથી તો પછી એવું કેમ ન માની લેવું જોઇએ કે, અર્થોપાર્જન કરવામાં પ્રમાદ ન કરવો જોઇએ? સૂત્રકાર આનો ઉત્તર કહે છે—'जे पावकम्मेहिं' ઈત્યાદિ.

અન્વયાર્થ—जे माणूसा–ये मनुष्याः જે મનુષ્ય अमइ गहाय–अमतिं गृहीत्वा દુર્બુદ્ધિના ચકકરમાં ફસાઇને ખેતી, વાણિજ્ય આદિ पावकम्मेहिं–पापकर्मभिः

પાપ કર્મો દ્વારા धणं समायर्यति–धनं समाददते દ્રવ્યનું ઉપાર્જન કરે છે. ધન કમાય છે તે पासपयट्टिए–ते पाशप्रवृत्ताः તે પુત્ર કલત્રાદિરૂપ બંધનોમાં જકડાઈ રહે છે. અને આ સંસારમાં वेराणुबद्धा–वैरानुबद्धाः વૈરનો અનુબંધ કરતાં કરતાં અંતે રાગદ્વેષથી ભરપૂર બની नरा–नराः તે મનુષ્ય पहाय–प्रहाय ધન આદિકને છોડીને મરીને नरयं उविंति–नरकं उपयान्ति અને પછી રત્નપ્રભા વિગેરે નરકોમાં ઉત્પન્ન થાય છે. આનો આશય એ છે કે–જે દ્રવ્યનું ઉપાર્જન કરવાવાળા છે તે સ્ત્રી આદિમાં આસક્ત બનીને રાગદ્વેષના કારણે નરકોમાં જાય છે. આ દેહને છોડી બીજા ભવમાં જનારની સાથે ધન તો જતું નથી. ફક્ત તે એકલો જીવ જ મહાઆરંભ અને મહાપરિગ્રહનો સંગ્રહ કરવાથી પાપના ફળને ભોગવવા માટે નરકમાં જાય છે. આટલાં જ માટે આ ભવમાં જ વધ, બંધ, મારણનું કારણ હોવાથી અને પરભવમાં નરક પ્રાપ્તિનો હેતુ હોવાથી ધન વાસ્તવિક દૃષ્ટિથી પુરૂષાર્થ નથી એવું સમજીને જીવે ધર્મ કરણી તરફ દુર્લક્ષ પ્રમાદ ન કરવો જોઈએ.

ભાવાર્થ—સંસારમાં ધન ખરેખર અનર્થનું કારણ છે. પરંતુ ધનનો નશો જે વ્યક્તિ સંભાળી લ્યે છે. (તેમાંથી બચી જાય છે.) તે સંસારમાં આદરણીય (માન સત્કારને લાયક) બની જાય છે. એ અપેક્ષાએ સૂત્રકાર ધર્મ ઉપાર્જન કરવામાં પ્રવૃત્તિ કરવી જોઈએ અને પ્રમાદ ન કરવો જોઈએ તે વાતને પ્રાધાન્ય–મહત્વ આપે છે, એટલું મહત્વ ધન ઉપાર્જન કરવાની પ્રવૃત્તિને આપવામાં નથી આવતું, એવું સમજીને ન્યાય નીતિથી ઉપાર્જીત કરેલા દ્રવ્યથી પોતાની આજીવીકા ચલાવતાં વ્યક્તિએ ધર્મ કમાવામાં જરા પણ શિથિલ કે પ્રમાદી ન બનવું જોઈએ. નહીં તો નરક નીગોદની ગતીઓનાં દુઃખ ભોગવવાં પડશે. ધનના લોભ ઉપર ચોરનું દૃષ્ટાન્ત કહેવામાં આવે છે અને તે આ પ્રકારનું છે–

## ધનલોભ ઉપર દુર્ઘટ ચોર કા દ્રષ્ટાંત

અરણ્યપુર નામનું એક નગર હતું તેમાં રિપુમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં દુર્ઘટ નામનો એક ચોર રહેતો હતો. તેના ઘરમાં એક કુવો હતો. ધનવાનોના ઘરોમાંથી ચોરી કરીને લાવેલા ધનને તે કુવામાં

નાખી દેતો હતો. આ વાત કોઈ ન જાણે તે ખાતર એ કુવા ઉપર તેણે એક ઢાંકણું રાખ્યું હતું. જેનાથી તે કુવો ઢાંકેલો રહેતો હતો. આ ચોરને અનેક પુત્રો અને અનેક પુત્રીઓ હતી. આ બધાને જોઇ ને તેને વિચાર થયો કે મારે ઘણાં સંતાન છે. મેં ઘણા કષ્ટથી એકઠા કરેલ દ્રવ્યનો તે સઘળા નાશ કરી દેશે. માટે મારે એવું કરવું જોઈએ કે "ન રહે વાંસ અને ન વાગે વાંસળી" આ કહેવત પ્રમાણે એવું કરવું જોઇએ કે જેથી કોઈ જીવતું ન રહે. સારામાં સારો ઉપાય એ છે કે, એ સઘળાંને મારી નાખવામાં આવે. પરંતુ જ્યાં સુધી એ બાળકોની મા જીવે છે ત્યાં સુધી એ બની શકવું મુશ્કેલ છે. માટે સૌ પ્રથમ બાળકોની માતાને જ મારી નાખવી જોઈએ. એ પછી સંતાનોનો વારો. આ પ્રમાણે વિચાર કરી તેને અમલમાં મૂકયો અને તેણે પોતાની પત્નિને અને સર્વ સંતાનોને મારી નાખીને કોઇ એક કુવામાં નાખી દીધાં. પછી એ ચોર બીજી વખત પરણ્યો. એ સ્ત્રીને પણ સંતાન સહિત મારી નાખી. ત્રીજી વખત પરણ્યો. પણ આ પત્ની ખૂબ જ સુંદર અને દેખાવડી હતી.

આ સ્ત્રીથી તેને એક બાળક થયું. પરંતુ તે સ્ત્રીના રૂપ ઉપર ચોર ઘણોજ આસક્ત હોવાના કારણે તેને મારવાનો વિચાર પણ ન આવ્યો. જ્યારે તેની ત્રીજી સ્ત્રીથી થએલ બાળક આઠ વર્ષનું થયું ત્યારે તે બાળકને જોઈને ચોરને વિચાર આવ્યો કે, મેં આ શું ભૂલ કરી ? મેં મોહવશ થઈને તેની માને જીવતી રાખી પરંતુ મારી ભલાઈ તો એમાં જ છે કે, તેને મારી જ નાખવામાં આવે અને પછી તેના બાળકનો વારો. એવો વિચાર કરી તેણે તે સ્ત્રીને પણ મારી નાખી અને જલ્દીથી કોઈ કુવામાં તેના શબને નાખી દીધું. છોકરાએ પોતાની માતાને મારી નંખાતી નજરે જોઇ અને પોતાના મરણના ભયથી ડરીને ઘરની બહાર નાસી ગયો અને ઘણા જ જોર જોરથી ચીસો પાડીને કલ્પાંત કરવા લાગ્યો. આ બાળકનું દયા આવે તેવું આક્રંદ સાંભળીને લોકો તેની આજુ-બાજુ ટોળે વળી ગયા અને તેને પૂછવા લાગ્યા, હે બાળક! તું શા માટે રડી રહ્યો છો ? બાળકે કહ્યું, મારા બાપે મારી માને મારી નાખી ને હમણાં જ કુવામાં નાખી દીધી છે. આ વાતને સાંભળી રાજ્યના સીપાહીઓ તથા અન્ય નાગરિકોએ તેના ઘરમાં ઘુસી જઇને જડતી લીધી અને તપાસ કરતાં દ્રવ્યથી ભરેલો કુવો તેમના જોવામાં આવ્યો. તે પછી જે કુવામાં ચોરે તેની પત્નિને-તે બાળકની માતાને મારીને નાખી દીધી હતી તે કુવો તે બાળકે નગરવાસીઓને બતાવ્યો. તે કુવામાં બાળકના કહેવા પ્રમાણે તેની માતાનું શબ તથા હાડકાનાં ઢગલા જોયા. પુરાવો મળતાં રાજ્યના અધિકારીઓએ તેની ધરપકડ કરી.

ચોરને મુશ્કેટાટ બાંધીને રાજપુરૂષોએ તેને રાજાની સમક્ષ રજુ કર્યો. રાજાએ તે ચોરે ચોરેલું સઘળું ધન જપ્ત કર્યું. તથા તે ચોરીના માલના સાચા માલિકોની તપાસ કરાવી તેમને તેમનું ધન સુપ્રત કર્યું, અને તે ચોરને કોરડા વગેરેથી માર મરાવીને મોતની શિક્ષા કરી. આ કથાનો સાર એ છે કે, ધનની તૃષ્ણાનો પરિત્યાગ કરી મનુષ્યે ધર્મની રક્ષા કરવી જોઈએ. ॥ ૨ ॥

## કિયે હુએ કર્મ બિના ભોગે નિવૃત નહીં હોતે હૈ.

કરેલાં કર્મ નિષ્ફળ થતાં નથી, એ વાતને સમજાવવા સૂત્રકાર કહે છે—'તેણે-ઇત્યાદિ.

અન્વયાર્થ — जहा पावकारी - यथा पापकारी જેવી રીતે પાપ કરનાર तेणे-स्तेनः ચોર संधिमुहे-संधिमुखे ચોરી કરતાં જ गहीए-गृहीतः सन् પકડાઇ જતાં તેને પકડનારાઓ તેને किच्चइ-कृत्यते કાપી મારી નાખે છે. एवं એજ પ્રકારે पया-प्रजा જીવને पेच्च-प्रेत्य પરલોકમાં પરમાધાર્મીક વિગેરે તેને વ્યથા પહોંચાડે છે. અને અનેક પ્રકારે નરકાદિક સંબંધી વેદના તેને ભોગવવી પડે છે. તથા इहं च लोए-इहलोके च આ લોકમાં પણ ધન ઉપાર્જન કરવા નિમિત્તે ભૂખ, તરસ, ટાઢ, તડકો સહન કરવો પડે છે. પહાડ ઉપર ચઢવું સમુદ્રનું પાર કરવું, રાજાની સેવા કરવી, યુદ્ધમાં પ્રહારો સહેવા, વિગેરે જે ક્લેશ છે તેનાથી સઘળા પીડિત થતા રહે છે, कडाण कम्माण न मोक्ख अत्थि-कृतानां कर्मणां मोक्षो नास्ति કર્મોનાં ફળ ભોગવવા જ પડે છે, કહ્યું છે-" જીવ દ્વારા જે કર્મ અહિં કરાય છે તેના ફળ તેને આલોક અને પરલોકમાં ભોગવવાં પડે છે" જેમ પાણી તો વૃક્ષના મૂળમાં જ સિંચાય છે, છતાં ફળ તો શાખામાં જ લાગે છે એવું જાણીને પાપકર્મ કરતાં અટકી જવું જોઈએ. તેનાથી સદા બચતાં રહેવું જોઈએ. જીવ પોતાનાં કરેલાં કર્મોનું ફળ પોતે જ ભોગવે છે. જે પ્રકારે ચોરી કરનાર ચોરને શિરચ્છેદ મસ્તક ધડથી જુદું-થવું વિગેરે સજા થાય છે તે ભોગવે છે. એના ઉપર આ દૃષ્ટાન્ત છે.

## અપને કર્મોં કે ભોગ કે વિષયમેં દુર્વત ચોર કા દ્રષ્ટાંત

બંગ દેશમાં એક આદિત્ય નગર હતું. તેમાં દુર્વૃત્ત નામનો એક ચોર રહેતો હતો. તેણે કોઈ શેઠને ઘેર એક સમય ચોરી કરવાનો વિચાર કર્યો. પરંતુ તે ઘર ચારે તરફથી બરાબર બંધ હતું. આથી તેનો ગજ વાગતો ન હતો. આથી તેણે શેઠના ઘરની ભીંતમાં ખાતર પાડવા માંડયું. જે કાંગરાના આકાર જેવું હતું. તે જે વખતે ભીંત કોચી રહ્યો હતો તે વખતે

ભીંત કોચવાનો અવાજ સાંભળીને શેઠ જાગી ગયા. શેઠ સમજી ગયા કે ચોરનાં પગલાં થયાં છે અને ખાતર પાડવા ભીંત કોચી રહ્યો છે. આથી સમય વર્તી જઈને શેઠ તે સ્થળે ચુપચાપ બેસી ગયા. શેઠે મનમાં વિચાર્યું કે, ચોર જ્યારે ઘરમાં ઘુસશે ત્યારે તે મારા ઉપર હુમલો કર્યા વગર રહેશે નહિં માટે કાંઇક કરવું જોઈએ. શેઠ આમ વિચારી રહ્યા હતા, તે વખતે ચોર તે બાખા દ્વારા પોતાના બે પગ પહેલાં નાખી ઘરમાં પ્રવેશ કરવા યત્ન કરતો હતો. તે જ વખતે શેઠે તેના બંને પગ ઘરની અંદરથી પકડી લીધા. આ બાજુ ઘરની બહાર તે ચોરની સાથે બીજો એક ચોર પણ હતો તેને પહેલા ચોરે કહ્યું કે, ઘરના માલિકે મારા પગ પકડી લીધા છે. આ સાંભળી બહાર ઉભેલા તેના સાથીદાર ચોરે તેના બહાર રહેલા અરધા શરીર પૈકી બે હાથને પકડીને તેને બહાર ખેંચવા માંડયો. ત્યારે શેઠે તેને પોતાની તરફ અંદર ખેંચવા માંડયું. આમ બંને બાજુ ખેંચતાણ થતાં બાકોરામાં ફસાઈ પડેલા ચોરની એવી તો કફોડી હાલત થઈ ગઈ કે, તે પોતાના શરીરનું રક્ષણ કરવામાં અસમર્થ બન્યો. પોતે એવું બાકોરૂં પાડેલું કે જેમાંથી અંદર બહાર ખેંચાતા તેનું શરીર છેદાઈ ગયું. અને તેને પરિણામે મરણ જેવી પીડા સહવી પડી. ॥ ૩ ॥

## પાપકર્મકી પ્રસંશા અનેકાનેક અનર્થોકા કારણ બનતી હૈ.
## ઉસ વિષયમેં દુર્મતિ ચોર કા દષ્ટાંત

પાપ કર્મને છોડવાની માફક પાપ કર્મની પ્રશંસા કરવાનો પણ ત્યાગ કરી દેવો જોઈએ કેમ કે, પાપ કર્મની પ્રશંસા પણ અનેક અનર્થોનું કારણ બને છે. તેના ઉપર દૃષ્ટાન્ત આ પ્રકારનું છે—

દુર્મતિ નામનો એક ચોર હતો, તેણે જ્યાં ચઢવું ઉતરવું ઘણું જ કઠીન હતું તેવા મહાલયમાં ખાતર પાડયું. તેણે તે વિશાળ મકાનની પછીતે બાકોરૂં પાડી, અંદર ઘુસી ઘણું ધન ચોર્યું અને ચુપચાપ પોતે પાડેલા તે બાકોરામાંથી બહાર નીકળી ગયો. પ્રાતઃકાળ થતાં, જ્યારે મકાનનો માલીક જાગ્યો ત્યારે તેને ચોરી થયાની ખબર પડી આથી તે ધન ગુમાવતાં પોકે પોકે રોવા માંડયો. તેનું આ પ્રકારનું રૂદન સાંભળીને ત્યાં ઘણા

લોકો ભેગા થઈ ગયા. ચોરે પણ એવો વિચાર કર્યો કે, જોઉં તો ખરો કે ગામના એકઠા થયેલા લોકો શું કહે છે? લોકોની વાતચીત સાંભળવાના હેતુથી વેશ પરિવર્તન કરી લોકોની વચ્ચે તે ઘુસી ગયો. લોકો કહેવા લાગ્યા કે, આટલા ઊંચા મકાન ઉપર તે કઈ રીતે ચોર ચડયો હશે? અને કેવી રીતે ખાતર પાડયું હશે? નાનકડા એવા પાડવામાં આવેલા આ બાકોરામાંથી તે કેવી રીતે અંદર ઘુસ્યો હશે? અને મકાનમાંથી આટલું બધું ધન લઈ ને તે કઈ રીતે પાછો નીકળી શકયો હશે? ચોરની આવી વિચિત્ર શક્તિ જોઈ ને મનમાં ભારે અચંબો થાય છે. ચોરે જ્યારે લોકોની ચર્ચાનો કોયડારૂપ આ પ્રમાણે અભિપ્રાય જાણ્યો ત્યારે તેને પોતાના પરાક્રમ ઉપર તેની છાતી ગજગજ ફુલી અને પોતાની બહાદુરી માટે તે ફુલાઈ જઈ વિચારવા લાગ્યો કે, આ બધાનું કહેવું બિલકુલ ઠીક છે. આ નાના બાકોરામાંથી હું શી રીતે અંદર ઘુસ્યો હોઇશ અને ત્યાંથી પાછો કઈ રીતે બહાર નીકળ્યો હોઈશ? આ પ્રકારની આત્મચિંત્વના કરતાં કરતાં ચોર પણ કયારેક ગૌરવભેર પોતાની છાતી તરફ નજર નાખતો તો કયારેક પેટ તરફ, તો કયારેક કમર તરફ નજર નાખી માપ કાઢતો. આ બધું જોઈને છેવટે તે પેલા બાકોરા તરફ દૃષ્ટિ કરતો. તેની આ પ્રકારની ચેષ્ટા રાજ્યની છુપી પોલીસોના જોવામાં આવી. તેઓને શંકા દૃઢ થતાં તેને જ ચોર માનીને તેઓ તેને પકડીને રાજાની પાસે લઈ ગયા. રાજાએ તે ચોરને સારી એવી સજા કરી. આ ઉપરથી એ શિક્ષા મળે છે કે, પાપકર્મની પ્રશંસા કરવારૂપ અભિલાષાનો પણ પરિત્યાગ કરી દેવો જોઈએ. કેમ કે એમ કરવું એ પણ દોષ છે ॥ ૩॥

## કર્મ કે ફલ ભોગતે સમય બાંધવો કી અસહાયતા

કરેલાં કર્મ નિષ્ફળ નથી થતાં એવું જે કહ્યું છે-તો કરેલાં કર્મોના બંધનથી છુટકારો કદાચ પોતાના સ્વજન કરાવી આપે, અથવા ન પણ કરાવે. જે રીતે ધનના ભાગલા પાડી તે સ્વજનોમાં વહેંચી લેવામાં આવે તે રીતે કર્મ ભોગવવામાં સ્વજનો ભાગીદાર થશે? આનો ઉત્તર આ ગાથાથી આપવામાં આવે છે.—“संसारमावण्ण”-ઈત્યાદિ.

અન્વયાર્થ—संसारमावण्ण-संसारसमापन्नः એક ભવથી બીજા ભવની પ્રાપ્તિનું નામ સંસાર છે. આ સંસાર દશાને પ્રાપ્ત થયેલ સંસારી જીવ परस्स अट्ठा-परस्य अर्थाय પોતાનાથી ભિન્ન એવા જે સ્રી, પુત્રાદિક છે તે નિમિત્તે साहारणं जं च करेइ कम्मं-यत् साधारणं च कर्म करोति જે ખેતી, વાણિજ્ય આદિ સાધારણ પોતાના તેમજ પારકા નિમિત્તે કર્મ કરે છે. तस्स उ कम्मस्स-तस्य तु कर्मणः પણ જ્યારે તે કર્મનો वेयकाले-वेदकाले ઉદય-કાળ આવે છે ત્યારે તે સમયે न बंधवा बन्धववयं उवेंति-न बांधवाः बांधवातां उपयान्ति બંધુજન પોતાની બંધુતા બતાવતા નથી અને તે કર્મ ભોગવવા સહાયતા કરતા નથી પણ તેને એકલાને જ ભોગવવાં પડે છે.

ભાવાર્થ—સંસારી લોક પોતાના જ સ્વાર્થ માટે જે સાવદ્ય કર્મ કરે છે તેનાં ફળ તો તેને જાતે જ ભોગવવાં પડે છે, અને તે ઉચિત પણ છે. પરંતુ જે લોકો પોતાના સ્વજનોના માટે પાપથી ડર્યા વિના સાવદ્યકર્મ કરે છે તેમને જ્યારે કર્મ ઉદય આવે છે ત્યારે તે સ્વજનો તે કર્મમાં ભાગ પડાવી તેને ભોગવવા આવતા નથી. તેમજ એવું પણ નથી કહેતાં કે ચાલો એ કર્મ ફળનાં અડધાં કર્મ તે ભોગવે અને અડધાં અમે ભોગવીએ, કે નથી એ કર્મ ફળ દૂર કરવા પ્રયત્ન કરતા. આ પ્રકારે જ્યારે કરેલાં કર્મો ભોગવવાં પડે ત્યારે આ જીવને તે બાંધવજનો કાંઈ પણ સહાયતા કરવા આવતા નથી. ત્યારે સમજી લેજો કે આ મોહવશે પડેલા આ જીવની એ કેટલી ભારે મૂર્ખતા છે કે, બીજાઓ માટે સાવદ્ય કર્મ કરે છે અને તેનું ફળ પોતે એકલો જ ભોગવે છે. આથી ધર્મોપાર્જન કરવામાં જીવે ક્ષણ માત્ર પ્રમાદ કરવો ન જોઈએ. તથા જે ધર્મોપાર્જન કરી લીધેલ છે તેની રક્ષા પ્રમાદ પરિહાર પૂર્વક કરતાં રહેવું જોઈએ. અથવા આ સ્થળે "ભવાન્"શબ્દનો અધ્યાહાર રાખવો જોઈએ. આથી તેનો અર્થ એવો થાય છે કે, સંસારમાં ભ્રમણ કરવાવાળા હે મહાપુરૂષ! તમે જે કર્મ પારકા અર્થે અથવા સાધારણ પોતાના અર્થે કરો છો. તેનાં કડવાં ફળ જ્યારે ભોગવવામાં આવશે ત્યારે તમારાં એ બંધુ-જન તમારાં કર્મ ફળમાં ભાગ પડાવવા નહિ આવે. ફળ તો તમારે જ ભોગવ-વાનાં છે. આ કહેવાનો આશય એ છે કે, જે જીવ જેવું કર્મ કરશે તેવું જ ફળ તેને ભોગવવું પડશે. બીજું કોઈ પણ ભોગવવા નહીં આવે. ન તો સ્રી ભોગવવા આવશે કે ન તો બંધુજન આવશે. જ્યારે આ વાત નિર્વિવાદ છે તો પછી ધર્મનું ઉપાર્જન કરવામાં જ જીવની ચતુરાઈ છે. બીજાની પાછળ પોતાના પરમ અર્થને નષ્ટ કરી નરકાદિકનો માર ખાવામાં કઇ ભલાઈ છે?

આના ઉપર એક ભલીભોળી ગોવાલણને ઠગવાવાળા એક વાણીઆનું દૃષ્ટાન્ત આ પ્રકારનું છે—

વસુમતિ નગરીમાં ધનપ્રિય નામનો એક વાણિયો રહેતો હતો. તે વેપાર કરી ખાઈ પોતાનું જીવન ગુજારતો હતો. એક દિવસ તેની દુકાને એક ભલીભોળી ગોવાલણ બે રૂપિયા લઈને કપાસ લેવા આવી. આવીને તેણે કહ્યું કે, મને બે રૂપિયાનો કપાસ આપો. આ સાંભળીને ધનપ્રિયે કહ્યું, ભલે આપું છું. ગોવાલણે તેને બે રૂપિયા આપી દીધા. વણિકે રૂપિયા લઇને તેને બે વખત તોળીને કુલ એક રૂપિયાનો કપાસ આપ્યો. બે વખત તોળેલું જોઈને ગોવાલણે માન્યું કે, વાણિયાએ મને બે રૂપિયાનો કપાસ આપ્યો છે. કપાસ લઈને તે સીધી ઘેર ચાલી ગઈ. તેના ચાલ્યા ગયા પછી વણિકે વિચાર કર્યો કે, આજનો દિવસ કેવો ભાગ્યશાળી છે? આજે તો મને એક રૂપિયાનો ચોકખો લાભ થયો. ભાગ્યવશ પ્રાપ્ત થયેલા આ રૂપીયાથી જ આજ હું મીઠું ભોજન કરીશ એવો વિચાર કરી તેણે તે રૂપીયાનું ઘી, ખાંડ, વગેરે ખરીદી ઘેર મોકલ્યું અને તેની પત્નીને ઘેવર બનાવવા સૂચના આપી. તેની પત્નીએ આ ભાગ્યશાળી માટે ઘેબર બનાવી તૈયાર કર્યાં. એટલામાં પરગામથી પોતાના મિત્રો સાથે તેમના જમાઈરાજ અચાનક પધાર્યો વણિકની પત્નીએ ઘણે દહાડે આવેલા જમાઈ અને તેમના મિત્રોને ઘેવરનું સારી રીતે ભોજન કરાવ્યું. જમાઈરાજ ખાઈ પીને જેવા આવ્યા હતા તેવા મિત્રો સાથે ચાલ્યા ગયા. તેમના ચાલ્યા ગયા બાદ ઘેવર ખાવાની હોંશે વણિક ઘેર આવ્યો. નાહિ પરવારીને વાણિયાભાઇ ભોજન કરવા રસોડામાં ગયા, અને ત્યાં જઈ રોજની માફક તે જમવા બેસી ગયો. તેની પત્નિએ રોજ જે જાતનું ભોજન તેને પીરસતી હતી તેવું રોજીન્દુ ભોજન લાવીને તેની થાળીમાં પીરસી દીધું. તે જોઈને વાણિયાએ કહ્યું કેમ! આજે ઘેવર નથી બનાવ્યાં? પત્નિએ કહ્યું કે, બનાવ્યાં તો હતાં પરંતુ જમાઈરાજ તેમના મિત્રો સાથે આવ્યા હતા તેથી તેમના સત્કારમાં ઘેવર પુરાં થયાં. આ સાંભળીને ધનપ્રિયે વિચાર કર્યો–મેં વિના કારણ તે બીચારી ગોવાલણને બીજાના નિમિત્તે ઠગી. મને તો એથી કંઇ જ લાભ ન થયો. મજા તો બીજાઓએ ઉડાવી. તેની વંચનાથી થવાવાળા પાપનું ફળ તો મારે જ ભોગવવું પડશે.–ખાનારાઓ એ નહીં. જુઓ! જમાઈ તો માલ ઉડાવીને ચાલ્યા ગયા અને પાપ કરનારા એવા મારા હાથમાં તો કાંઈ જ ન આવ્યું. ફક્ત પાપ જ મારા માથે પડ્યું. તે પાપ જ્યારે ઉદય આવશે ત્યારે મારે જ ભોગવવું પડશે. જેઓ ઘેવર ખાવા તૈયાર થયા પણ તેના પાપનું ફળ ભોગવવામાં તેઓ સામેલ થવાના નથી. ખરેખરો એ જ મૂર્ખ છે કે, જેઓ પુત્ર, કુટુંબ આદિના

નિમિત્તે રોજ પાપકર્મ કરી કમાતા રહે છે. આ પ્રકારનો વિચાર કરતાં કરતાં તે વણિક દુઃખ ભુલવા ઘરથી બહાર નીકળ્યો. ગરમીનો એ સમય હતો, તાપ જોરથી પડી રહ્યો હતો, મધ્યાહ્નનો સમય હતો, ચિન્તાતુર વદને તે ગરમીના આતાપથી બચવા ત્યાં એક ઝાડની છાયામાં વિશ્રાંતિ લેવા બેસી ગયો.

આ સમયે એક સાધુ ભિક્ષા માટે જઈ રહ્યા હતા તે ત્યાંથી નીકળ્યા. સાધુ મહારાજને જોઇ તે વણિકે કહ્યું કે, હે મુનિરાજ! ઊભા રહો–થોડો સમય અહીં વિશ્રાંતિ કરો. વણિકની વાત સાંભળીને મુનિરાજે કહ્યુ–મને ઉતાવળ છે, મારા કાર્ય માટે હું જઇ રહ્યો છું, મુનિરાજની વાણી સાંભળીને વણિકે કહ્યુ–ભગવન્! બીજાના કામ અર્થે પણ શું કોઈ જાય છે? મુનિરાજે કહ્યું–હા સંસારના અનેક જીવ બીજાના માટે જ કલેશ પામે છે. જેમ તમે પોતે સ્ત્રી આદિને માટે ભોગવી રહ્યા છો. મુનિરાજનાં વચન સાંભળીને વણિક સચેત બની ગયો અને બોલ્યો મહારાજ! આપ કયાં ઉતર્યા છો? મુનિરાજે કહ્યુ–બગીચામાં. આમ કહી મુનિરાજ ચાલ્યા ગયા. વણિક્ તેમના પાછા ફરવાની રાહ જોઈને એજ સ્થળે બેસી રહ્યો. જ્યારે મહારાજ ભિક્ષા લઈને એ રસ્તેથી પાછા ફર્યા ત્યારે વણિક્ તેમની સાથે સાથે ગયો અને બગીચામાં જઈ તેણે મુનિરાજ પાસેથી ધર્મોપદેશ સાંભળ્યો. ઉપદેશ સાંભળીને તેણે મુનિરાજને કહ્યું–મહારાજ! હું દીક્ષા લેવા ચાહું છું. પરંતુ મારી પત્ની તેમજ સગા વહાલાંની સંમતિ લઈ આવું. આથી જ્યાં સુધી હું પાછો ન ફરૂં ત્યાં સુધી આપ અહીં જ બિરાજજો. એવું કહીને તે વણિક્ ત્યાંથી પોતાને ઘેર આવ્યો અને પત્ની તેમજ બંધુજનોને કહેવા લાગ્યો કે,–મને આ દુકાનમાં કોઈ અધિક લાભ મળતો નથી, આથી મારો વિચાર પરદેશમાં જવાનો છે. મને બે સાર્થવાહ મળી ગયા છે. એમાં એક સાર્થવાહ મૂળદ્રવ્ય આપે છે અને મારી ઈચ્છા પ્રમાણેના સ્થાને પહોંચાડી દે છે, છતાં કમાણીમાંથી કાંઈ પણ લવાની ઈચ્છા રાખતા નથી. જ્યારે બીજો સાર્થવાહ મૂળદ્રવ્ય તો આપતા નથી પણ ઉપાર્જીત કરેલ બધું હડપ કરી જવાનું કહે છે. હવે તમે લોકો જ કહો કે કોની સાથે જવામાં મારૂં શ્રેય છે? આ સાંભળીને બાન્ધવોએ કહ્યું–આમાં પૂછવાની વાત જ શું છે. પ્રથમ સાર્થવાહની સાથે જ આપે જવું જોઈએ. વણિકે એ વખતે પોતાના આત્મીયજનોને સાથે લીધા અને તે બધાને સાથે લઈને તે બગીચામાં આવી પહોંચ્યો. બગીચામાં પહોંચીને તેણે પોતાના આત્મીયજનોને કહ્યું–જુઓ આ મુનિરાજ સિદ્ધિપુરીના સાર્થવાહ છે. તેઓ ધર્મરૂપ પોતાના મૂળદ્રવ્યથી આપ લે નો વહેવાર કરાવે છે તથા સિદ્ધિપુરી લઈ જાય છે. ઉપાર્જીતમાંથી તેઓ કાંઇ હિસ્સો પણ માગતા નથી. આ કારણે હું તેમની સાથે સિદ્ધિપુરી જવા ચાહું છું. બીજા સાર્થવાહ આ પત્ની વિગેરે સ્વજન છે, જે પહેલેથી જ પૂર્વોપાર્જીત ધર્મધનનું હરણ કરી લ છે અને આપતા કાંઈ નથી. આપ બધાંએ મળીને મને પ્રથમ સાર્થવાહ સાથે જવાની અનુમતિ તો આપી દીધી છે, એટલે હું આપના

વચનો અનુસાર બંધુજનોની સાથેનો સંબંધ છોડીને આ મુનિરૂપ સાર્થવાહનો આશ્રય સ્વીકારૂં છું. આ પ્રમાણે ધનમિત્રે બંધુમોહનો ત્યાગ કરી મુનિધર્મ ગ્રહણ કર્યો અને આલોક તેમજ પરલોકના સુખને પામ્યો. આ રીતે બંધવોના આશ્રયથી પોતાનાં કરેલાં કર્મનાં બંધનોથી છુટકારો થતો નથી. આ વાત આ દૃષ્ટાંતથી સાબિત કરવામાં આવેલ છે. ॥ ૪ ॥ આ ધનમિત્ર વણિગ્દૃષ્ટાંત થયું.

## દ્રવ્ય સે ત્રાણ–રક્ષણ કા અભાવ

હવે એ વાત સમજાવવામાં આવે છે કે, દ્રવ્ય પણ કરેલા કર્મના બંધથી છુટકારો કરાવી શકતું નથી.—'वित्तेण' ઈત્યાદિ.

અન્વયાર્થ–पमत्तो–प्रमत्तः પાંચ પ્રમાદના વશમાં ફસાયેલો જીવ इमम्मि लोए–अस्मिन् लोके પર્યાયમાં अहवा–अथवा અથવા परत्था–परत्र પરલોકમાં वित्तेण–वित्तेन ધનની સહાયતાથી ताणं–त्राणम् પોતાના દ્વારા કરવામાં આવેલા પાપકર્મનું ફળ ભોગવવાના સમયે કર્મબંધથી છોડાવવા રૂપ રક્ષાને न लभे–न लभते પુરોહિત પુત્રની માફક પ્રાપ્ત કરતો નથી. અર્થાત્–ધન પાપકર્મના ફળને ભોગવવામાંથી છોડાવી શકતું નથી. ધનની અભિલાષા આ જીવ માટે અનેક અનર્થોનું કારણ બને છે. આ વાતને પ્રદર્શિત કરવા માટે સૂત્રકાર કહે છે કે, दिवप्पणट्ठेव–दीपप्रणष्ट इव જેમ દીપકના બુઝાઇ જવાથી દ્રષ્ય–જોયેલી વસ્તુ અદ્રષ્ય જેવી બની જાય છે એજ રીતે જે જીવને अणंतमोहे–अनंत मोहः દર્શન મોહનીય કર્મ અન્ત-રહિત છે–દર્શન મોહનીય કર્મ જે જીવનાં વિદ્યમાન છે–એવો જીવ णेयाउयं दट्ठु–नैयायिकं द्रष्ट्वा સમ્યગ્દર્શન વિગેરે મુક્તિના માર્ગને પ્રાપ્ત કરવા છતાં પણ अदट्ठुमेव–अदृष्टवैव પ્રાપ્ત ન કર્યા જેવો જ બની જાય છે. આનો સારાંશ આ પ્રકારનો છે–જેમ કોઈ અંધારી ગુફાની અંદર કોઈ પ્રાણી હાથમાં સળગતો દિવો લઇને પ્રવેશ કરે અને એ દિપકના પ્રકાશની સહાયતાથી તેણે ત્યાંની સર્વ વસ્તુઓનું નિરીક્ષણ

કરી લીધું પણ દીવો એકાએક બુઝાઈ જતાં એ વસ્તુઓ અંધારૂં થવાને કારણે તેના માટે તો અદ્રશ્ય જેવી જ બની જાય છે. એજ રીતે આ જીવ પણ કદાચ કર્મના ક્ષયોપશમ વિગેરેની સહાયથી મોક્ષમાર્ગને પ્રાપ્ત કરીને પણ ધનની આકાંક્ષાના વ્યાસંગથી થતા દર્શન મોહનીય કર્મના ઉદયથી એ મોક્ષમાર્ગ તેને માટે અદ્રશ્ય જેવો જ બની જાય છે. કેમ કે વિત્ત-ધન મોહ વિગેરેનો હેતુ માનવામાં આવેલ છે. કહ્યું પણ છે—

"આ પરિગ્રહ મોહનું એક આશ્રયસ્થાન છે મદ અને કામને વધારનાર છે એને કારણે ચિત્તમાં અનેક વિધ સંતાપ ઉત્પન્ન થતો રહે છે. આરંભ અને કલહનું એ મુખ્ય કારણ છે. સંસારમાં જેટલાં પણ અધિક દુઃખ છે એ સઘળાં દુઃખોનું એ મૂળ કારણ છે." આટલા માટે કેવળ આ ધનરૂપી પરિગ્રહ જીવને કદી પણ સંરક્ષક-રક્ષા કરનાર બની શકતો નથી. એટલું જ નહીં પણ જીવના સંરક્ષક એવા સમ્યગ્ દર્શન વિગેરે જે ખૂબ જ મુશ્કેલીથી તેને પ્રાપ્ત થયા હોય છે તેનો પણ વિનાશ કરનાર બને છે, એના ઉપર પુરોહિત પુત્રનું દૃષ્ટાંત આ પ્રકારનું છે.—

## દ્રવ્ય રક્ષણ નહીં કર સકતા હૈ ઇસ વિષયમેં પુરોહિત પુત્ર કા દ્રષ્ટાંત

લક્ષ્મીપુર નામનું એક નગર હતું. ત્યાં શ્રીદત્ત નામે એક રાજા રાજ્ય કરતા હતા. તેણે અંતઃપુરની રાણીઓ રસાલા સાથે ઇન્દ્રમહોત્સવમાં ભાગ લેવા નીકળતી વખતે એવી ઘોષણા કરાવી કે—આ નગરમાં રહેતા સમસ્ત પુરુષવર્ગે નગરની બહાર નીકળી મહોત્સવમાં ભાગ લેવો. જે કોઈ એ પ્રમાણે નહિ વરતે તેને આકરી શિક્ષા કરવામાં આવશે. રાજાની આ ઘોષણા સાંભળી નગરનીવાસી સઘળા પુરુષજનો મહોત્સવમાં ભાગ લેવા તુરત જ બહાર નીકળી આવ્યા. પરંતુ પુરોહિતનો પુત્ર જે રાજપ્રિય હતો તે નગર બહાર ન ગયો. પણ રાજાની આ ઘોષણા સાંભળીને તે એક વેશ્યાના ઘરમાં ઘુસી ગયો. રાજપુરુષોએ તેને જોયો, અને તેને રાજહુકમ પ્રમાણે પકડી લીધો. પરંતુ પુરોહિતપુત્ર "હું તો રાજાનો મિત્ર છું" એ અભિમાનથી ફુલાઈને એ સિપાઇઓ

સાથે વાદવિવાદ કરવા લાગ્યો. રાજપુરુષોએ જ્યારે તેની આ ચેષ્ટા જોઈ તો તે એને પકડીને રાજાની પાસે લઈ ગયા. રાજા સમજ્યો કે "આણે મારી આજ્ઞાનો ભંગ કર્યો છે." એટલે તેણે એને મારવાની આજ્ઞા આપી દીધી. રાજપુરોહિતે જ્યારે આ સમાચાર જાણ્યા તો તે દોડીને રાજાની પાસે આવ્યા અને કહેવા લાગ્યા-સ્વામિન્! આપ દંડ તરીકે મારું સર્વસ્વ લઈ લ્યો પણ મારા આ પુત્રને છોડાવો. મારવાનો હુકમ ન આપો. પરંતુ રાજાએ પુરોહિતની વાત ન માની. પુરોહિતે પોતાનું સર્વસ્વ આપવાની અને તેના બદલામાં પુત્રને છોડી દેવાની વિનંતી કરી પરંતુ રાજાએ પુરોહિતના પુત્રને છોડયો નહીં. પુરોહિતપુત્રે જ્યારે એ જાણ્યું કે, હવે તેને કોઈ જ બચાવી શકે તેમ નથી ત્યારે તે બિચારો નિઃશરણ બની પોતાના કર્તવ્ય ઉપર પશ્ચાત્તાપ કરવા લાગ્યો. અને દીન હીન દશાને પામી પ્રાણાંતિક દંડને ભોગવ્યો. આ કથાનો સારાંશ ફક્ત એટલો જ છે કે, ધન પણ એ પુરોહિતપુત્રના પ્રાણને બચાવી ન શક્યું. પછી એ કેમ માની શકાય કે, કરેલાં કર્મનાં ફળને ટાળવામાં ધન સમર્થ થઈ શકશે? આ પુરોહિતપુત્રનું દૃષ્ટાન્ત થયું.

## સમ્યગ્દર્શનાદિક કો પ્રાપ્ત કરકે ભી મોહાધીન જીવ ઉસકા નહીં પાનેવાલા જૈસા હોતા હૈ, ઇસ પર ધાતુવાદી પુરૂષકા દ્રષ્ટાંત

સમ્યગ્દર્શનાદિકને પ્રાપ્ત કરીને પણ અનંત મોહવાળો જીવ એનાથી વંચિત જ બની રહે છે. એના ઉપર ધાતુવાદીનું દૃષ્ટાંત આ પ્રકારનું છે.

કોઇ એક વિશાળ પર્વત ઉપર કેટલાક ધાતુવાદી પુરુષો રહેતા હતા. તે એક દિવસ સળગતો દીવો લઈ ને તેમની ગુફામાં ગયા. જ્યારે તેઓ તે ગુફામાં કેટલેક દૂર સુધી અંદર તો ગયા પણ એમના પ્રમાદના કારણે દીવો બુઝાઈ ગયો. હવે શું થાય? એ ગુફામાં ચારે તરફ અંધકાર છવાઈ ગયો. હાથની હથેળી પણ જોઇ શકાતી ન હતી. બહાર નીકળવાનો માર્ગ શોધવા ઘણા ફાંફા માર્યા પણ ગુફામાંથી બહાર નીકળવાનો માર્ગ તેમને ન જડયો. આથી તે બધા મુંઝાઈ ગયા. ચારે તરફ ફાંફા મારવા લાગ્યા. પરંતુ તેમને બહાર જવાનો કોઈ માર્ગ મળ્યો નહિ. એટલામાં એક ભયંકર ઝેરી સાપે આવી તેમને ડંશ

દીધો. સર્પના ઝેરથી આકુળવ્યાકુળ બની તે એક ખાડામાં જઈ પડયા અને ત્યાંજ મરી ગયા. આનો સારાંશ એટલોજ છે કે, એ ધાતુવાદી લોકો કે જેઓ દીવો લઈને ઘુસતાં પહેલાં તે ગુફાનો માર્ગ જોઈ લીધો હતો પરંતુ પ્રમાદથી દીવો બુઝાઈ જતાં જેમ તેને એ માર્ગ ફરી ન મળી શકયો અને મહા અંધકારમાં ફસાઈને મૂઢ જેવા બની ગયા અને સર્પ ડંશથી ખાડામાં પડી ગયા અને ત્યાં જ મરી ગયા. એ રીતે કોઈ પ્રાણીને કહેવાયેલ કર્મના ક્ષયો-પશમ આદિ દ્વારા સમ્યકૂત્વ પ્રાપ્ત પણ થઈ જાય પરંતુ ધનાદિક પદાર્થોમાં આસક્તિરૂપ પ્રમાદથી જ્યારે જ્ઞાનરૂપી દીપક નાશ પામી જાય છે ત્યારે મિથ્યાત્વરૂપી અંધકારથી વિમોહિત થયેલ એ જીવ લોભરૂપી સર્પના કરડવાથી કુગતિરૂપી ખાડામાં જઇને પડે છે. અને તે પછી તેને પ્રથમ જોએલા માર્ગથી અદ્રષ્ટા—વંચિત રહે છે—ફરી તે માર્ગ સાંપડતો જ નથી. ॥ ૫ ॥

## પ્રમાદ નહીં કરને કા ઉપદેશ

જ્યારે પોતાનાં કરેલાં કર્મના ભોગવવાના સમયે ધન આદિ તેની રક્ષા કરવા અસમર્થ બને છે તો પછી શું કરવું જોઇએ ? આ પ્રકારની આ શંકાનો ઉત્તર સૂત્રકાર આ નીચેની ગાથા દ્વારા આપે છે.—'सुत्तेसु' ઇત્યાદિ.

અન્વયાર્થ—आसुपण्णे—आशुप्रज्ञः કર્તવ્ય અને અકર્તવ્ય કાર્યોમાં પ્રવૃત્તિ કરવી કે નિવૃત્તિ રાખવી એ વિષયનું વિવક જ્ઞાન જેને તાત્કાલિક થાય છે એવા પ્રત્યુત્પન્ન મતિવાળા તથા पडिबुद्ध जीवी—प्रतिबुध्धजीवी દ્રવ્યની અપેક્ષાએ જાગૃત બની તથા ભાવની અપેક્ષાએ પ્રમાદ રહિત બની જીવવાવાળા અને पंडिय—पण्डितः ભલા-બુરાનો વિવેક સમજવાવાળા એવા મેધાવી પુરૂષ सुत्तेसु—सुप्तेषु દ્રવ્યની અપેક્ષાએ સુતેલા અને ભાવની અપેક્ષાએ ધર્મ તરફ સચેત નહી બનેલા એવા સંસારી જીવોમાં न वीससे—न विश्वसेत् વિશ્વાસ નહીં કરે—એનો સંસર્ગ નહીં કરે. અથવા पडिबुद्धजीवी सुत्तेसु न वीससे—प्रतिबुध्धजीवी सुप्तेषु न विश्वसेत् "सुत्ता

अमुणी सया, मुणिणो सया जागरंति" "સંસારી સદા સુતા રહે છે અને મુનિ સદા જાગતા રહે છે." આ આચારાંગસૂત્રના વચન અનુસાર દ્રવ્યની અપેક્ષાએ અલ્પ નિદ્રા લેવાવાળા હોવાને કારણે તથા ભાવની અપેક્ષાએ ધર્મના પ્રતિ સદા જાગૃત હોવાને કારણે સંયમી મુનિ પ્રમાદ સેવવામાં પ્રવૃત્તિ ન કરે એ પણ અર્થ થઇ શકે છે. પહેલાં જે સુપ્ત શબ્દનો અર્થ "દ્રવ્યની અપેક્ષાએ નિદ્રીત અને ભાવની અપેક્ષાએ ધર્મપ્રતિ અજાગૃત એવા સંસારી જીવોમાં" એવું કહેવામાં આવ્યું છે તે પણ "सुत्ता अमुणी सया" "સંસારી સદા સુતેલા છે" એ આચા-રાંગ સૂત્રના વચન અનુસાર લેવામાં આવેલ છે. मुहुत्ता घोरा–मुहूर्त्ता घोराः મુહૂર્ત, દિવસ આદિ કાળ વિશેષ પ્રાણાપહારક હોવાથી ભયંકર છે. અને सरीरं अबलं–शरीरं अबलं શરીર બળ રહિત છે–અર્થાત આ શરીર મૃત્યુદાયક એ મુહૂર્ત આદિ કાળવિશેષોને દૂર કરવા માટે અથવા તેને સહન કરવા માટે સર્વથા અસમર્થ છે. માટે भारंडपक्खीव चरे – भारण्डपक्षीव अप्रमत्तः चरेत् ભારંડ પક્ષીની માફક પ્રમાદ રહિત બની મુનિરાજોએ પોતાના કર્તવ્યમાં સાવધાન રહેવું.

ભારંડ પક્ષીને એક શરીર, બે ગરદન–ડોક અને ત્રણ પગ હોય છે. એ બન્ને જોડાયેલા રહે છે. જ્યારે એક સુવે છે તો બીજું જાગતું રહે છે. ઘણીજ સાવધાનીથી એ બન્ને પોતાનો જીવન નિર્વાહ કરે છે. એ રીતે મુનિજને પણ પોતાના સંયમરૂપ જીવનનો નિર્વાહ ખૂબ સાવચેત રહીને કરવો જોઈએ.

## પ્રમાદ કે ત્યાગ કે વિષય મેં અગડદત્ત કા દ્રષ્ટાંત

દ્રવ્યનિદ્રા અને પ્રમાદને છોડવા અંગે રાજપુત્ર અગડદત્તનું દૃષ્ટાંત આ પ્રકારનું છે—

આ ભરતક્ષેત્રમાં શંખપુર નામનું એક નગર હતું, ત્યાં સુંદર નામે

એક રાજા રાજ્ય કરતા હતા. એમની રાણીનું નામ સુલસા હતું. તેમને એક પુત્ર થયો-જે ખૂબ જ સુંદર હતો, તેનું નામ અગડદત્ત રાખવામાં આવ્યું. સમય જતાં અગડદત્ત યુવાન અવસ્થાએ પહોંચ્યો ત્યારે સાક્ષાત્ યમરાજની માફક તે પ્રજાજનોને ત્રાસ આપવા લાગ્યો. પિતા અને પુત્રના પ્રજા તરફના વહેવારમાં ઘણીજ વિષમતા હતી. પિતા પોતાની પ્રજાની સાથે પ્રેમભાવે વર્તતો હતો જ્યારે અગડદત્ત પ્રજાને રંજાડતો હતો સાત વ્યસનમાંથી એક પણ વ્યસન એવું ન હતું કે જે અગડદત્તથી વેગળું રહ્યું હોય જુગાર, માંસ, વેશ્યા, શરાબ, શિકાર, ચોરી, પરસ્ત્રીસેવન. આ સઘળાં કુકર્મો તેનામાં ઠાંસી ઠાંસીને ભરેલાં હતાં. આને કારણે પ્રજાજનોને નાકે દમ આવી ગયો, લોકો ત્રાહિમામ્ પોકારતા હતા. જ્યારે પ્રજાએ અગડદત્તને બીલકુલ મર્યાદાથી બહાર જતો જોયો ત્યરે ભારે હૈયે રાજા પાસે પહોંચી અને પ્રાર્થના કરવા લાગી. સ્વામિન્ ! આપના પુત્રે પોતાની સ્વચ્છંદ પ્રવૃત્તિથી અમારા ઉપર ભયંકર એવો ત્રાસ વર્તાવી દીધો છે. જે અનાચાર આ નગરમાં આજસુધી કદી બન્યા નથી તે આપના પુત્ર દ્વારા મર્યાદાહીન રીતે ખુલ્લે ખુલ્લાં થઇ રહેલ છે. રાજાએ પ્રજાજનોની આ પ્રકારની ફરીયાદ સાંભળીને આશ્વાસન આપતાં કહ્યું કે, આપ લોકો ગભરાવ નહીં અને કુમારને કહી દેજો કે તે આ નગરને છોડીને ચાલ્યો જાય. અગડદત્તે આ પ્રકારની રાજઆજ્ઞા જ્યારે લોકોના મોઢેથી સાંભળી એટલે તે તલવાર હાથમાં લઈ અભિમાનપૂર્વક નગર છોડી ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં અનેક નદીઓ, પહાડ અને જંગલોને વટાવતો વટાવતો તે વારાણસી નગરમાં જઇ પહોંચ્યો. ત્યાં ભૂવનપાલ નામનો રાજા રાજ્ય કરતો હતો.

વારાણસી નગરમાં અગડદત્તને કોઈ ઓળખતું ન હતું આથી અજાણ્યો હોવાના કારણે કોઇએ પણ તેની સાર સંભાળ ન લીધી. તેમજ ન તો તેને કોઈ સ્થળે આદરસત્કાર મળ્યો. પોતાના આવા હાલહવાલ જોઇ તે વનમાં મૃગના ટોળાથી છુટા પડેલા હરણની માફક આકુળ વ્યાકુળ થઇ ભટકવા લાગ્યો. આમ ભટકતાં તે એક સ્થાને જઇ પહોંચ્યો. ત્યાં તેણે પવનચંડ નામના કોઇ કલાચાર્યને જોયા. કલાચાર્ય તે સમયે રાજકુમારોને રથ, ઘોડા, હાથી, ચલાવવાનું શિક્ષણ આપી રહ્યા હતા. આ જોઈ ને અગડદત્ત તેમની પાસે પહોંચ્યો. તેમને પ્રણામ કરી ત્યાં એક બાજુ બેસી ગયો. કલાચાર્યે પૂછ્યું-તમારૂં નામ શું છે, તેણે કહ્યું-મહારાજ ! હું મારો સઘળો પરિચય આપને એકાંતમાં આપવા ચાહું છું. એ પછી તેણે કલાચાર્યને એકાંત સ્થાનમાં લઈ જઈને વિનયપૂર્વક પોતાનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. સાથોસાથ કહ્યું કે, સ્વામીન્ ! મેં દુર્મતિમાં ફસાઇને મારો પોતાનો સમય નકામો ખેલવા કુદવામાં વિતાવી દીધો છે. કોઇ પણ કળાનો અભ્યાસ કર્યો નથી. આથી હું આપની પાસે કળાઓનો અભ્યાસ કરવા માગું છું. કેમકે-"જે વ્યક્તિ કળાથી અજાણ છે તેનું જીવન પશુથી પણ ખરાબ મનાય છે"

અગડદત્તનાં આ પ્રકારનાં વચન સાંભળીને કલાચાર્યને તેના તરફ અનુ-

કંપા જાગી. પરોપકાર કરવામાં પરાયણ એવા એ કળાચાર્યે તેને આશ્વાસન અને ધીરજ આપતાં કહ્યું કે, વત્સ ! તું ગભરા નહીં. મારે ઘેર રહીને તું સારી રીતે કળા અભ્યાસ કર પરંતુ એટલું ધ્યાન અવશ્ય રાખજે કે, કોઇને પણ તારા વંશનો પરિચય આપીશ નહીં કેમકે–અહિંના રાજા અને તારા પિતા બન્ને વચ્ચે વૈરભાવ છે. કળાચાર્યનાં વચન સાંભળીને અગડદત્તે તે પ્રમાણે કર્યું. ત્યારબાદ કળાચાર્ય તેને પોતાના ઘેર લઈ આવ્યા અને પોતાની પત્નીને કહેવા લાગ્યા કે, જો આ મારા ભાઇનો પુત્ર છે તે આપણે ઘેર આવ્યો છે. આ સાંભળી અગડદત્તે કલાચાર્યની પત્નીને પોતાની માતા જેવી ગણી ભક્તિભાવે વંદના કરી. કળાચાર્યની પત્ની પણ તેને પોતાની પાસે રાખીને પોતાનો જ પુત્ર હોય તેમ ગણી તેને ભોજન કરાવવા લાગી. કળાચાર્યે સર્વ પ્રકારે તેને માટે વ્યવસ્થા કરી આપી. ઓઢવા, પહેરવા માટે કપડાં અને ઘરેણાં વગેરે આપીને તેનો સંકોચ મટાડવા માટે ફરીથી તેને કહ્યું કે, વત્સ! આ મારૂં ઘર, ઘોડા, રથ વિગેરે સમસ્ત વસ્તુઓ તું તારી પોતાની જ માનજે અને આનંદથી તારા પોતાના ઘરની માફકજ અહીં રહે. કળાચાર્યના વાત્સલ્યભાવે અગડદત્તના માનસમાં ભારે પરિવર્તન કરી દીધું. તેના જીવનનો પ્રવાહ બીલકુલ જ બદલાઇ ગયો. અને ત્યાં પ્રેમપૂર્વક રહેતાં અગાઉનાં તેનાં સઘળા દુશ્ચરિત્રનો ભૂલી જઈ ને કળાનો અભ્યાસ કરવામાં તે પ્રવૃત્ત રહેવા લાગ્યો. અલ્પકાળમાં જ તેણે વિનયરૂપી અમૃતથી લોકરૂપી કમળોને મુદિત કરતાં કરતાં સકળ કળાઓને ચંદ્રની માફક ગ્રહણ કરી લીધી. કળાચાર્યને ત્યાં એક બગીચો હતો તેમાં તે દરરોજ ઘણો પરિશ્રમ વેઠી કળાઓનો અભ્યાસ કરતો હતો. તે બગીચાની પાસે નગરના એક મોટા શેઠની મોટી ઉંચી હવેલી હતી. તે શેઠને એક પુત્રી હતી, જેનું નામ મદન મંજરી હતું. તે યથાનામ તથા ગુણવાળી હતી, રૂપલાવણ્યથી ભરપૂર હતી. જ્યારે અગડદત્ત બગીચામાં કળા અભ્યાસ કરવા માટે આવ્યા કરતો હતો ત્યારે તે બારીએ બેસીને તેને જોયા કરતી હતી, અને પ્રેમથી તેના ઉપર પત્ર પુષ્પોની વૃષ્ટી કરતી. અગડદત્ત વિદ્યાભ્યાસની પ્રવૃત્તિને કારણે તથા કળાચાર્યના ભયથી તેની સામે જોતો પણ નહીં. રોજ આ પ્રમાણે ચાલતું.

એક દિવસ તે મદનમંજરી મદનથી પરવશ બની શરીર ઉપર સઘળા શણગારોને સજીને તે અશોક નિકુંજમાં છાનીમાની આવીને છુપાઈ ગઈ અને કળાનો અભ્યાસ કરવામાં રોકાએલા અગડદત્તનીસામે અનુરાગ પૂર્વક અનિમેષ દૃષ્ટિએ જોવા લાગી.

રાજકુમાર અગડદત્તે જ્યારે તેની આ પ્રકારની ચેષ્ટા જોઈ તો કહેવા લાગ્યો કે, તમે કોણ છો ? કોની પુત્રી છો ? કળાના અભ્યાસમાં ગુંથાયેલ એવા મને મોહિત કરવાનો વ્યર્થ પ્રયાસ શા માટે કરો છો? મદન મંજરીએ કહ્યું, સાંભળો! મારૂં નામ મદનમંજરી છે, હું બંધુદત્ત નામના પ્રસિદ્ધ શેઠની પુત્રી છું, મારા પિતા અહીંના નગરશેઠ છે. આ નગરમાં જ મારૂં લગ્ન

થયું હતું પણ કમભાગ્યે હું બાળવિધવા છું. આ હવેલી મારા પિતાની છે. હે સુભગ! આપનું મનોમોહક રૂપ જોઇને મારૂં ચિત્ત આપને જ જંખે છે. મારૂં આ જીવન હવે આપના જ હાથમાં છે.

મદનમંજરીની વાત સાંભળીને અગડદત્તે પણ તેને પોતાનો પરિચય આપ્યો. તેણે કહ્યું-શંખપુરના રાજા સુંદરનો હું પુત્ર છું. મારૂં નામ અગડદત્ત છે. અહિં હું કળાચાર્યની પાસે કળા શિખવા માટે આવેલ છું. આ સમયે હું તમારી વાતનો સ્વીકાર કરવા તૈયાર નથી, કારણ કે જે પ્રકારે એક સ્ત્રીનો સહવાસ કરતાં બીજી સ્ત્રી રીસાઇ જાય છે અને તે પોતાના પતિની પાસે આવતી નથી, એજ રીતે તમારી સાથે સંગત કરવાથી કળાઓ મારાથી રીસાઈ જશે. આથી મારો આટલા દિવસનો સઘળો પરિશ્રમ વ્યર્થ જશે. પરંતુ તમે વિશ્વાસ રાખો કે-હું જ્યારે અહીંથી જઇશ ત્યારે તમને મારી સાથે લેતો જઇશ ત્યાં સુધી તમે સ્વસ્થચિત્તથી તમારા પોતાને ઘેર રહો. અગડદત્તની આ વાત સાંભળીને મદનમંજરી ત્યાંથી ચાલી ગઈ.અને પ્રસન્નચિત્તથી પોતાને ઘેર રહેવા લાગી.

એક દિવસની વાત છે, જ્યારે અગડદત્ત ઘોડા ઉપર સ્વાર થઈ નગરની મધ્યમાંથી જતો હતો. એ સમયે તેણે નગરવાસીઓનો ભારે કોલાહલ સાંભળ્યો. સાંભળતાં જ તેણે વિચાર્યું કે, આ શું હશે? શું સમુદ્ર ક્રોધિત થઈને ચલાયમાન થયેલ છે? શું કયાંય ભયંકર અગ્નિકાંડ થયો છે? શું કોઈ બીજા રાજ્યના સૈનિકોના ભયથી જનતામાં ત્રાસ ફેલાયો છે? કે કોઇ સ્થળે વિજળી પડી છે? તે પોતાના મનમાં આ પ્રકારનો વિચાર કરી રહ્યો હતો. એવે સમયે એક મદોન્મત્ત હાથી મજબૂત સ્તંભને ઉખાડીને જ્યાં ત્યાં ભાગી રહેલ તેના જોવામાં આવ્યો. આ સમય નગરનો રાજા પુરવાસીઓની સાથે નગરની બહાર કોઇ સભામાં બેઠો હતો. અગડદત્તે જ્યારે આ ભયંકર દૃશ્ય જોયું તો તે એકદમ ઘોડા ઉપરથી ઉતરીને ઘોડાને એક સ્થળે બાંધી દઈને તે સભામાં જઈ પહોંચ્યો અને રાજાને નમસ્કાર કરી એક બાજુ બેસી ગયો. મદોન્મત્ત બનેલા હાથીની વાત રાજાએ સાંભળતાં રાજાએ સભાને સંબોધતાં કહ્યું કે, “છે એવો કોઈ વીર પુરુષ કે જે મદોન્મત્ત ગજરાજને વશ કરી શકે?” રાજાની આ વાત સાંભળીને ત્યાં બેઠેલા રાજપુરુષોમાંથી કોઇએ કાંઇ પણ ઉત્તર ન આપ્યો. બધા ચુપચાપ બેસી રહ્યા. આ સ્થિતિને જોઈ રાજાએ કહ્યું કે, માલુમ પડે છે કે આ પૃથ્વી નિર્બીજ અને નિર્વીર્ય થઈ ચુકી છે, માટેજ બધા ચુપચાપ બેસી રહ્યા છે. રાજાનાં વચનોને સાંભળી અગડદત્તે કહ્યું-નહીં રાજન્! એવું ન સમજો હજુ પૃથ્વી નિર્વીર્ય-બાયલી નથી બની, આપની આજ્ઞા હોય તો હું આ મદોન્મત્ત ગજરાજને વશ કરવામાં સમર્થ છું. આ પ્રમાણે કહી, તેણે રાજાની આજ્ઞા મેળવી અને સીધો તે ગજરાજની સામે જઇ ઉચ્ચ સ્વરોથી તેને પડકાર્યો. હાથીએ જ્યાં એનો પડકાર સાંભળ્યો કે ક્રોધના આવેશમાં આવી જઇને અગડદત્તની સામે તેણે દોટ મુકી. હાથીને પોતાની સામે દોડી આવતો જોઇને અગડદત્ત કુમારે તેની સામે પોતાનું કપડું ઉતારીને ફેંકયું. રોષમાં અંધ

બનેલા હાથીએ તે કપડા ઉપર પોતાના દાંતો વડે પ્રહાર કરવા માંડયો. તે સમયે સમય સૂચકતા વાપરી અગડદત્તે તેની પાછળ જઈને તેનું પૂંછડુ પકડી લીધું. પૂછડું પકડાતાં જ હાથી અગડદત્તને પકડીને મારવા માટે ચારે તરફ ગોળગોળ ફરવા લાગ્યો. અગડદત્તે પણ ભારે સાવધાનીપૂર્વક પોતાની રક્ષા કરવામાં કચાશ ન રાખી. આ રીતે હાથી ફેરફુદડીની માફક ચારે તરફ ખૂબ ઘુમવાના કારણે ખૂબજ થાકી ગયો. અગડદત્તે જોયું કે હાથી હવે થાકી ગયો છે, એટલે તેનું પૂંછડું પકડીને જોરથી પાછળની તરફ ઢસડયો. અને ઘણે દૂર સુધી હાથી ઢસડાયો. અને છેવટે મોટી ચીસ નાખીને હાથી જમીન ઉપર પડી ગયો. તે ઉભો થાય તે પહેલાંજ અગડદત્તકુમાર તેની પીઠ ઉપર ચઢી ગયો અને પછી તેણે તેના ગંડસ્થલ (કુંભસ્થલ) ઉપર જોરથી મુક્કાના પ્રહાર કર્યા. આથી હાથીનો મદ ઉતરી ગયો. અને નિર્બળ થઈ અગડદત્તને વશ થયો. રાજાએ જ્યારે હાથીને નિર્બળ થયેલો તેમજ અગડદત્તના કાબુમાં આવી ગયેલો જોયો ત્યારે રાજા ખૂબ ખુશ થયો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ મનુષ્ય કોઇ સાધારણ માણસ નથી પરંતુ તેજસ્વી પુરુષ છે. રાજાએ પોતાની પાસે ઉભેલા દ્વારપાળને પૂછયું કે, આ સુકુમાર સુંદર કુમાર કોણ છે, તે તમે જાણો છો? પ્રતિહારે કહ્યું, પ્રભો! હું એ નથી જાણતો કે એમનું નામ શું છે, તેમજ કયા કુળનું ભૂષણ છે. પરંતુ એટલું જાણું છું કે, તેઓ કળાચાર્યની પાસે અભ્યાસ કરી રહેલ છે.

દ્વારપાળની પાસેથી ખુલાસો ન મળતાં રાજાએ કળાચાર્ય અને અગડદત્ત કુમારને બોલાવરાવ્યા. રાજકુમાર અગડદત્ત તે હાથીને મજબૂત સ્તંભ સાથે બાંધી કળાચાર્યની સાથે રાજાની પાસે પહોંચ્યો. અને વિનયપૂર્વક રાજાને પ્રણામ કરી તેમની નજીક બેસી ગયો. રાજાએ એનામાં આ પ્રકારનું વિનયવર્તન જોઇ વિચાર કર્યો કે, આ કોઇ સાધારણ વ્યક્તિ નથી પરંતુ વિશિષ્ટ વ્યક્તિ છે. આટલી વિનયતા વિશિષ્ટ આત્મા સિવાય હોઈ શકે નહીં. રાજાએ આ પ્રકારનો વિચાર કરી અગડદત્તને પોતાના હાથથી તામ્બૂલ વગેરે આપ્યું. અને પૂછયું કે–આપનું નામ શું છે, અને આપ કયા કુળના ભૂષણ છો, કેટલી કળાઓનો અભ્યાસ કર્યો છે? રાજાના આ પ્રશ્નનો ઉત્તર આપવામાં શરમ અનુભવતાં અગડદત્ત કુમારે કાંઈ પણ ન કહ્યું. ન તો પોતાનું નામ બતાવ્યું કે ન તો પોતાનું કુળ. એ સમયે ત્યાં બીરાજેલા કળાચાર્યે કુમારનું નામ તથા કુળનો પરિચય રાજાને આપ્યો અને કેટ કેટલી વિદ્યાઓમાં તેણે નિપુણતા પ્રાપ્ત કરેલ છે તે પણ જણાવી દીધું. સાથોસાથ કળાચાર્યે એ પણ કહ્યું કે—

"મહારાજ જે સજ્જન હોય છે તે પોતાના વિદ્યમાન ગુણોને જાહેર કરવામાં પણ લજ્જા અનુભવે છે. એજ વાત આ સદ્‌ગુણી પુરુષમાં દેખાઈ રહી છે.

કળાચાર્ય પાસેથી કુમારનો યોગ્ય પરિચય મળતાં રાજાને ભારે આશ્ચર્ય થયું. તેણે કુમારનો વસ્ત્ર આભૂષણ વગેરેથી ખૂબ સત્કાર કર્યો. આ રીતે ભૂવનપાલ રાજા તરફથી વસ્ત્ર આભૂષણ દ્વારા સત્કાર પામીને કુમાર આનંદથી ત્યાં રાજધાનીમાં રહેવા લાગ્યો.

કેટલોક સમય વીત્યાબાદ હજારો નગરવાસીઓ રાજાની પાસે આવી નજરાણું ધરીને કહેવા લાગ્યા કે, સ્વામિન્ ! આ નગર જે કુબેરના નગર જેવું છે તે હવે ચોર-લુંટારાઓથી રોજ લુંટાઈ રહ્યું છે, અને ખાલી થઈ રહ્યું છે, આથી આપે આ ઉપદ્રવને દૂર કરવાનો તાત્કાલિક પ્રબંધ કરવો જોઇએ. પ્રજાજનોની વાત સાંભળી એ જ વખતે રાજાએ નગરરક્ષકોને બોલાવ્યા અને કડક શબ્દોમાં કહ્યું કે—" પ્રજાજનો જ્યારે ચોર લોકોથી લુંટાઈ રહ્યા છે, ત્યારે તમે લોકો શું ઊંઘો છો ? આજ સુધી ચોરોને કબજે કેમ નથી કરી શકયા ? આ પ્રકારનો તમારા લોકોનો પ્રમાદ હું જરા પણ ચલાવી નહીં લઉં. રાજાનું આ પ્રકારનું કડક વલણ જાણી નગરરક્ષકોએ કહ્યું કે હે નાથ ! અમે લોકો ઘણા દિવસથી ચોરોની તપાસમાં છીએ પરંતુ ચોરી કરનારાઓનો આજ સુધી પત્તો લાગ્યો નથી. શું કરીએ ! આ કોઈ જબરો ચોર લાગે છે. નગરરક્ષકોના મોઢેથી આ પ્રકારનાં હતોત્સાહ જેવાં વચનો સાંભળ્યાં ત્યારે અગડદત્તે ઉભા થઇને ઉત્સાહ સાથે રાજાને હાથ જોડીને કહ્યુ, સ્વામિન્ ! આજ્ઞા મળે તો હું ચોર લોકોને પકડીને હાજર કરી દઉં. રાજાએ કહ્યું-ઘણી સારી વાત છે, પરંતુ આમાં શરત એ છે કે-સાત દિવસની અંદર અંદર ચોરો પકડાઇ જવા જોઇએ. ત્યારે જ તમારી વીરતા છે. તેમ ન થતાં પ્રાણાન્તિક દંડ તમારે ભોગવવો પડશે. કહો આ શરત મંજુર છે ? અગડદત્તે નિર્ભય રીતે એ શરતનો સ્વીકાર કર્યો. અને એજ વખતે તે ચોરને પકડવા માટે ત્યાંથી નિકળી પડયો. તેણે નગરમાં ચારે તરફ ફરવાનું શરૂ કર્યું. કોઈ પણ એવું સ્થાન ન રહ્યું કે ત્યાં એ ન ફર્યો હોય. મઠ, પરબ, વેશ્યાલય, દારૂનાં પીઠાં, જુગારીઓના અડ્ડાઓ, ચોરાઓ નિર્જન સ્થાનો, ચતુષ્પથ, ઉદ્યાન, જંગલ દરેક સ્થળોએ તે ખૂબ રખડયો, આ રીતે રખડતાં રખડતાં છ દિવસ વિતી ગયા. પરંતુ ચોરનું કોઈ ઠેકાણું હાથ ન લાગ્યું. સાતમે દિવસે એ નગરની બહાર

નીકળી કોઇ એક સ્થાન ઉપર ઝાડની નીચે બેસી ગયો. અને વિચાર કરવા લાગ્યો કે, ચિંતાનું કોઇ કારણ નથી, ભલે મારે પ્રાણાન્તદંડ ભોગવવો પડે, ગળામાં ખુશીથી ફાંસીનું દોરડું પડે, લક્ષ્મી આવે અથવા ચાલી જાય, વીરોને પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવામાં જે કાંઇ સહન કરવું પડે તે બધું સહન કરવા હું તૈયાર છું. તેની લેશ માત્ર મને ચિન્તા નથી, પરંતુ ચોરનો પત્તો લગાડયા વગર હું જંપીને બેસવાનો નથી. આ પ્રકારનો વિચાર એ કરી રહ્યો હતો, એટલામાં એક યોગી તેની પાસે આવ્યો. યોગી પોતાની બનાવટી વેશભૂષામાં હતો. ભગવાં વસ્ત્ર પહેરેલાં હતાં, માથું મુંડેલું હતું, હાથમાં ત્રિદંડ ધારણ કરેલો હતો, યોગીને જોતાં જ રાજકુમારના દિલમાં આનંદની રેખા ઉત્પન્ન થઈ. તેને ખાત્રી થઈ કે હવે ચોર મળી ગયો. બરોબર આજ ચોર છે. ચોરનાં જે લક્ષણ હોય છે તે સર્વ આનામાં દેખાય છે. આ પ્રકારની વિચાર નિદ્રામાં પડેલા રાજકુમારને જગાડતાં યોગીએ કહ્યું કે–હે મહાનુભવ ! ક્યાંથી આવો છો ? કયા કારણે ચિન્તાગ્રસ્ત દેખાવ છો ? યોગીની વાત સાંભળી અગડદત્ત રાજકુમારે કહ્યું–મહારાજ ! વારાણસી નગરીથી આવું છું. અતિ દરિદ્ર છું, આપત્તિથી ઘેરાઇને અહિં તહીં ભટકી રહ્યો છું. એ સાંભળીને યોગીએ કહ્યું–વત્સ ! એમાં ચિન્તા કરવાની શી જરૂર છે ? ગભરાવ નહીં. હું તમારા દારિદ્રયને મીટાવી દઇશ, અને તમે જે ચાહશો તે હું તમને આપીશ. આ પ્રકારે પરસ્પર વાતો કરતાં કરતાં આખો દિવસ બન્ને જણાએ તે ઝાડની નીચે ગાળ્યો. રાત્રી પડતાં તે યોગીના વેશમાં રહેલા ચોરે અગડ-દત્તને સાથે લઈને તે નગરના શેઠના ઘરની ભીંત કોચી. અગડદત્તને બહાર ઉભો રાખી કહ્યું–હું અંદર જાઉં છું ને તું અહીં રોકાજે. કયાંય જતો નહીં ચોરીનો માલ ઘરમાંથી કાઢીને હું બાકોરામાંથી તને આપું તે એક તરફ રાખતો જજે. અગડદત્તે એ પ્રમાણે કરવાનું કબુલ્યું એટલે તે યોગી મકાનની અંદર ઘુસ્યો. ઘરમાંથી તેણે ધનથી ભરેલી પેટીઓ ઉઠાવા અને બાકોરામાંથી બહાર કાઢવા માંડી. અગડદત્ત તેની રખેવાળી કરતો રહ્યો. ચોરી કરવાનું કામ પતાવીને તે જોગી બહાર આવી થોડે દૂર જઈને કેટલાક દરિદ્રી માણસોને લઇ આવ્યો. શેઠના ઘરમાંથી ચોરેલી પેટીઓ તેમના માથા ઉપર મુકાવી અગડદત્તને સાથે લઈ તે ત્યાંથી જંગલમાંના પોતાના સ્થાન તરફ પલાયન થયો. ત્યાં પહોંચીને તેણે અગડદત્તને કહ્યું–આપણે થોડો વખત અહીં વિશ્રાંતિ કરીએ. આ પ્રમાણે કહીને તે સુઈ ગયો. એના સુતા પછી તે સઘળા માણસો પણ સુઈ ગયા. યોગી ખરેખર ઊંઘતો ન હતો પણ ઢોંગ કરતો હતો. અગડદત્ત ચતુર હતો. તેણે વિચાર કર્યો કે,–અજ્ઞાતકુળશીલ વાળાનો વિશ્વાસ કરવો ન જોઈએ કેમ કે, "घोरा मुहुत्ता अबलं सरीरं" સમય વિકટ છે, શરીર અબળ છે" માટે મનુષ્યે હર સમય સાવધાન રહેવું જરૂરી છે. એવું સમજીને તેણે એક ઝાડની ફેલાયેલી ડાળ ઉપર પોતાનું વસ્ત્ર એવી રીતે ઓઢાડી દીધું કે, જેનાથી જોગી જાગે ત્યારે તેને એવો ખ્યાલ આવે કે,

અગડદત્ત જ અહીં સુઈ રહ્યો છે, અને પોતે હાથમાં તલવાર લઈને એ ઝાડની પાછળના ભાગમાં જઈ છુપાઈ ગયો. જ્યારે બીજા મજુરો ઘોર નીદ્રામાં પડયા હતા ત્યારે તે જોગી ઉઠયો અને ઉઠીને એકી શ્વાસે તેણે તલવારથી સુતેલા બધાનાં માથાં કાપી નાખ્યાં પછી અગડદત્તને મારવા માટે તે જ્યાં વૃક્ષની ડાળ કપડાથી ઢાંકેલ હતી ત્યાં આવ્યો. યોગીએ "અહિં અગડદત્ત સુઇ રહ્યો છે." એમ માનીને તે વૃક્ષની ડાળ ઉપર તલવારનો ઘા કર્યો અને કહેવા લાગ્યો કે, મેં અગડદત્તને મારી નાખ્યો, મારી નાખ્યો. મારી નાખ્યો એટલામાં અગડદત્તે પ્રત્યક્ષ ખડા થઈને કહ્યું કે, નહીં અગડદત્ત જીવે છે, જીવે છે, જીવે છે. આમ કહીને અગડદત્તે પોતાની તલવાર એવી યુક્તિ પૂર્વક તે જોગીની ઉપર ફેંકી કે જેનાથી જોગીના બન્ને પગ કપાઇ ગયા. બન્ને પગ કપાઈ જતાં તે જોગી ત્યાં જ પડી ગયો. પડતાંની સાથે જ તેણે રાજકુમાર અગડદત્તને કહ્યું, વત્સ! હું ભુજગ નામનો ચોર છું. અહીં સ્મશાનમાં પશ્ચિમ દિશા તરફ પાતાળ ગૃહ છે. ત્યાં વીરમતી નામે મારી એક બહેન રહે છે. જે હજુ સુધી અવિવાહિત છે. તમે આ વડનાં મૂળ ઉપર ઉભા રહીને તેને તેનું નામ લઈ બોલાવજો પોતાનું નામ સાંભળતાં જ તે દરવાજો ખોલશે અને તમારો આદરસત્કાર કરી તમોને પરણશે.

મરતા સમયે ચોરે કહ્યા પ્રમાણે અગડદત્ત કુમાર તે વડવૃક્ષના મૂળની પાસે ગયો અને વીરમતીને સાદ પાડવા લાગ્યો. વીરમતીએ પોતાનું નામ સાંભળીને તુરત જ પાતાળગૃહનો દરવાજો ખોલ્યો અને અગડદત્તને તે અંદર લઈ ગઈ. અંદર લઇ જઈ ને તેણે અગડદત્તને એક સુંદર શય્યા – પલંગ ઉપર બેસાડયો અને પછી પોતાના ભાઈનું વૃત્તાંત પૂછવા લાગી. અગડદત્તે તેના ભાઇનું સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું. અને તેણે આપેલી તલવાર તેને વિશ્વાસ બેસે એ માટે બતાવી. "હું આપને માટે ચંદનાદિક લઈ આવું ત્યાં સુધી આપ અહીં બેસો" એવું કહીને તે ત્યાંથી ઉભી થઇ.

તેના ગયા પછી અગડદત્તે વિચાર કર્યો કે, આ ચોરની બહેનનો મારે એકદમ વિશ્વાસ ન કરવો જોઈએ કેમકે, "घोरा मुहुत्ता अबलं सरीरं" એવો વિચાર કરીને તેણે તે શય્યા છોડી દીધી અને ત્યાંથી ઉઠીને તે ભીંતના આધારે દીવાની નીચે જઈ ને ઉભો રહ્યો. વીરમતીએ ઘરની ઉપરની છત ઉપર જઈને યંત્રની સહાયતાથી શય્યાની ઉપર એક મોટી ભારે શીલા નાખી. શીલા પડવાથી તે શય્યાના ચૂરેચૂરા થઈ ગયા. વીરમતી બોલીકે, "મેં મારા ભાઈના ઘાત કરનારને મારી નાખ્યો" આ સાંભળીને અગડદત્તને ખૂબ જ ક્રોધ ચડયો. વીરમતી નીચે આવતાંની સાથે જ તેનો ચોટલો પકડીને અગડદત્તે કહ્યું–હે પાપણી! હું તો મર્યો નથી જીવતો છું પણ તું જો સ્ત્રી ન હોત તો આજે હું તારા ટુકડા કરી નાખત. એવું કહીને પ્રાતઃકાળ થતાં વીરમતીને પકડી તેના

લાઇ ચોરનું મસ્તક કાપી લઈ ને તે રાજા સમક્ષ હાજર થયો. આ બાજુ એ સમયે રાજા ક્રોધના આવેશમાં સિંહાસન ઉપર બેઠેલ હતો અને વિચાર કરી રહ્યો હતો કે, "આજે આઠમો દિવસ છે માટે અગડદત્તને આજે પ્રાણાન્ત દંડ આપીશ." આટલામાં ચોરનું માથું હાથમાં લઈ ને અગડદત્તને આવતો જોઈ ને રાજા ખૂબ હર્ષિત થયો. અગડદત્તે રાજાને સઘળી બીના કહી સંભળાવી. વૃત્તાંત સાંભળીને રાજાએ તે ભૂમિગૃહમાંથી સઘળું દ્રવ્ય મંગાવીને જે જેનું હતું તે દ્રવ્ય સઘળા લોકોને આપી દીધું અને વીરમતીને જીવતી છોડી દીધી. અગડદત્તના વીરતા ભરેલા આ કાર્યને જોઈને રાજાને ખૂબ જ આશ્ચર્ય થયું અને પ્રસન્ન થઇને રાજાએ કમળસેના નામની પોતાની પુત્રી તેની સાથે પરણાવી. અગડદત્ત રાજાનો જમાઈ બન્યો, રાજાએ દહેજમાં સો હાથી, એક હજાર ગામ, દસ હજાર ઘોડા, એકલાખ સૈનિકો આપ્યા, સાથોસાથ સાત માળનો એક મહેલ પણ આપ્યો. અગડદત્ત કુમાર ત્યાં પોતાની પત્ની કમળસેના સાથે રહેવા લાગ્યો. રાજા સમય સમય ઉપર તેનું સન્માન કરવા લાગ્યો. નગરવાસીઓ પણ અગડદત્ત કુમારનો દરેક પ્રસંગે આદરસત્કાર કરવામાં કાંઇ કમી નહોતા રાખતા. આ રીતે રાજા અને પ્રજાજનોથી સત્કાર પામીને તે સુખપૂર્વક ત્યાં સમય વ્યતિત કરવા લાગ્યો.

આ પ્રમાણે અગડદત્ત આનંદપૂર્વક પોતાના મહેલમાં દિવસો વ્યતિત કરતો હતો. એક દિવસ તેની પાસે શેઠની એક દાસી મદનમંજરીનો સંદેશો લઇને આવી અને કહેવા લાગી કે, મને આપની પાસે મદનમંજરીએ મોકલી છે તે આપને ખૂબ યાદ કરે છે અને આપના વિરહથી ઘણી જ દુઃખી છે, આપની આશાએ જીવન ટકાવી રહી છે. દાસીની વાત સાંભળીને અગડદત્ત કુમારે કહ્યું કે, હે દાસી! તમે જઈ ને મદનમંજરીને કહો–હું જ્યારે અહીંથી શંખપુર જઇશ ત્યારે તેને સાથે લેતો જઇશ. આજદિન સુધી તમે જે રીતે દિવસો વ્યતિત કર્યા તે રીતે થોડા વધુ દિવસ શાંતિ રાખજો સૌ સારાં વાનાં થશે ત્યાં જવામાં હવે ઝાઝા દિવસની વાર નથી. દાસીએ ઘેર આવી અગડદત્તનો સંદેશો મદનમંજરીને સંભળાવ્યો. પોતાની આશા નજીકના ભવિષ્યમાં ફળશે જાણી મદનમંજરી હર્ષથી રોમાંચ અનુભવવા લાગી.

આમ દિવસો વીતતાં એક દિવસ હાથી ઉપર બેસીને બે અનુચરો અગડદત્ત પાસે આવ્યા અને તેમના પિતા તરફથી મોકલેલો સંદેશો કહ્યો. માતા પિતાના કુશળવર્તમાન પૂછ્યાબાદ અગડદત્તે તે અનુચરોના આવવાનું પ્રયોજન પૂછ્યું આવનાર સેવકોએ કહ્યું કે, આપના માતા પિતા સર્વે કુશળ છે પરંતુ આપના વિરહની વેદના તેમને સતાવી રહી છે આથી અમે આપને લેવા માટે આવ્યા છીએ. આ સમાચાર સાંભળીને અગડદત્તના ચિત્તમાં ઘણો ઉદ્વેગ થયો અને માતા પિતાના દર્શન કરવા તેનું ચિત્ત અધીરું બન્યું. ઉત્કંઠાના આવેશમાં અગડદત્તકુમાર તેજ વખતે પોતાના સાસરા ભુવનપાળ

રાજા પાસે જઈને કહેવા લાગ્યો કે, મારા પિતાનો સંદેશો લઈને બે અનુચરો મને બોલાવવા અહીં આવેલ છે. આથી હું મારે ઘેર જવા ઇચ્છું છું. અગડદત્તની વાત સાંભળીને રાજાએ કહ્યું–આપ ખુશીથી જાવ પરંતુ ફરીથી કોઇવાર અહીં આવવાનો આપને હું આગ્રહ કરૂં છું. કેમ કે, આપની હાજરીથી અમને બધાને ઘણોજ આનંદ થાય છે. રાજાની આજ્ઞા મળતાં અગડદત્ત જવાની તૈયારી કરવા લાગ્યો. રાજાએ તેની સાથે પોતાની પુત્રીને પણ મોકલી. અને અગડદત્ત કુમારને ઘણા વસ્ત્ર, આભૂષણો આપી વિદાય આપી.

અગડદત્તે જ્યારે નગર છોડયું ત્યારે તેને મદનમંજરીને સાથે લેવાની વાત યાદ આવી. તેણે એ વખતે સઘળા સૈનિકોને ત્યાં જ ખડા રહેવાનો હુકમ આપી, પોતે એક રથમાં બેસીને નગરમાં પહોંચી ગયો અને પોતાના એક સેવકને મદનમંજરીની દાસી પાસે મોકલ્યો. દાસીએ સેવકની વાત સાંભળીને મદનમંજરી પાસે જઈને કહ્યું–બાઇ સાહેબ ! અગડદત્તકુમાર શંખપુર જાય છે, સઘળી સેનાને નગરની બહાર ઉભી રાખી એક રથ લઇને તમને બોલાવવા માટે ખાસ આવ્યા છે. દાસીની આ વાત સાંભળી મદનમંજરી ખૂબ આનન્દ પામી અને ક્ષણ પણ ન વિતાવતાં તરત જ પોતાની એક સખીને સાથે લઇને તે કુમાર અગડદત્ત પાસે આવી પહોંચી. અગડદત્તે તેને રથમાં બેસાડીને રથ દોડાવ્યો અને જ્યાં પોતાની સેના ખડી હતી ત્યાં સૌ આવી ગયા.

રથ આનંદ પૂર્વક તીવ્ર ગતીથી ચાલી રહ્યો હતો. સૈનિકો પણ આગળ પાછળ ચાલી રહ્યા હતા. ચાલતાં ચાલતાં તેઓ એક જંગલના માર્ગમાં આવી પહોંચ્યા. ત્યાં અગડદત્તે સામેથી ઘણા ભીલોને આવતા જોયા. ભીલોએ આવીને અગડદત્તના સૈનિકો ઉપર હલ્લો કર્યો. પરસ્પર યુદ્ધ જામ્યું. ભીલોએ અગડદત્તની સૈનિકોને ખૂબજ બૂરી રીતે હરાવ્યા. ભાગી છુટેલા તે રાજપુરૂષ કમળસેનાને લઈને બીજા રસ્તે થઈને શંખપુર જવા રવાના થયા. જ્યારે રથમાં બેઠેલા અગડદત્તકુમારે પોતાના સૈનિકોની આ હાલત જોઇ ત્યારે તેને ખૂબ જ ક્રોધ ચઢયો અને જાતે જ આગળ આવી તે ભીલોની સામે યુદ્ધે ચઢયો. અને બાણવૃષ્ટિથી ભીલોને નસાડી દીધા. ભીલ સરદાર પોતાના માણસોને નાસભાગ કરતા જોઈ કોપાયમાન થયો, અને આવેશમાં આવીને નિષ્ઠુર વચન બોલતાં બોલતાં અગડદત્ત કુમારને યુદ્ધ માટે પડકાર કર્યો. એકદમ તે તેની સામે આવીને ઉભો. બન્ને વચ્ચે યુધ્ધ થવા લાગ્યું. એક બીજા બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા, એક બીજા સાથે બાણો અથડાવાથી અગ્નિ એવો તો ઝરતો હતો કે જાણે વગર વરસાદે વીજળી ચમકી હોય. તેમના ધનુષ્ય ટંકારોથી જંગલના પશુઓ પણ વિહવળ બની રહ્યાં હતાં. બાણ એક બીજા ઉપર અવિરત રીતે છોડાઇ રહ્યાં હતાં. અને આકાશમાં એ બાણો મંડપની માફક છવાઇ ગયાં હતાં. લડતાં લડતાં અગડદત્તે જોયું કે આ શત્રુને બળથી હરાવવો મુશ્કેલ છે, ત્યારે પોતે શીઘ્ર વિચારક હોવાથી તેને કપટ દ્વારા હરાવવાનો વિચાર કર્યો, પોતાનો વ્યૂહ

બદલી તેણે મદનમંજરીને પોતાની આગળ બેસાડી લીધી, ભીલ નાયકની નજર મદનમંજરીની ઉપર પડી, તે દિવ્યાંગનાના સર્વાંગ સુંદર દેહને જોઇ ભીલ નાયક તેના ઉપર મોહિત બની પાગલ જેવો થઇ ગયો, અગડદત્તે ભીલ નાયકને મોહથી બેભાન બનેલો જોઈને તુરત જ એક તીક્ષ્ણ બાણથી તેની છાતી વિંધી નાખી. બાણ વાગવાથી ભીલ નાયક બેભાન થઈને જમીન ઉપર ઢળી પડયો. ભીલ નાયકને જમીન ઉપર પડતો જોઈને અગડદત્તે વિજય પોકાર કર્યો કે, "મેં ભીલ નાયકને મારી નાખ્યો" અગડદત્તની વાત સાંભળીને ભીલ નાયકે કહ્યું-શા માટે જુઠું બોલે છે ? તારામાં એવી કઈ તાકાત બળી છે કે તું મને મારી શકે ? હું તારા બાણથી નથી પડયો, પણ "તારી પત્નિના નયન બાણથી ઘાયલ થઈ મરી રહ્યો છું. માટે આવા પ્રકારનો જુઠો અહંકાર કરવો મૂકી દે" એટલું કહીને ભીલ નાયકે ત્યાં જ પોતાના પ્રાણ મૂકી દીધા. અગડદત્તનાં સૈનિકો વેર વિખેર થઈ ગયાં હતાં. પોતે એકલો પડયો છે, એમ સમજી સૈનિકોની પરવા ન કરતાં તેણે પોતાનો રથ ત્યાંથી આગળ હંકાર્યો. અને ઝડપથી તે જંગલ પાર કરી ગોકુળમાં આવી પહોંચ્યો. ત્યાં પહોંચતાં જ તેને બે પુરુષો મળ્યા, તેમણે પૂછયું કે આપ કયાં જઈ રહ્યા છો ? અગડદત્તે કહ્યું-કે, હું શંખપુર જઈ રહ્યો છું. એ બન્નેએ કહ્યું કે જો આપ કહો તો અમે પણ આપની સાથે સાથે આવીએ. અગડદત્તે કહ્યું એમાં મને શું વાંધો હોય ? ખુશીથી ચાલો.

અગડદત્તે વિશ્રાન્તિ લઈ રહેલા ઘોડાઓને રથમાં જોડયા એટલે તે બન્નેએ કહ્યું આ માર્ગે જવામાં જોખમ છે. આ રસ્તે ભયંકર જંગલ આવે છે તેમાં ચાર પ્રકારના ભય છે. ૧ દુર્યોધન ચોરનો, ૨ મદોન્મત્ત ગજરાજનો, ૩ દૃષ્ટિવિષ સર્પનો, ૪ વાઘનો, આથી આ છ માસના માર્ગને બદલે એક વરસે શંખપુર પહોંચાડે છે તે લાંબા માર્ગેથી ચાલવું ઉચિત છે. અગડદત્તે કહ્યું-બીવાની જરૂર નથી આપણે આ છ મહિનાના ટૂંકા માર્ગેથી જ જવું છે. આપ લોકોને હું જલ્દીથી શંખપુર પહોંચાડી દઇશ. અગડદત્તની વાત સાંભળીને ગોકુળથી સાથે થએલા તે બન્ને પુરુષો તેમજ બીજા પણ ઘણા ધનિક મુસાફરો તેની સાથે ચાલ્યા.

માર્ગમાં ચાલતાં ચાલતાં તેમને એક યોગી મળ્યો. જેના મસ્તક ઉપર મોટી જટા હતી, તેના હાથમાં ત્રિશૂળ અને ખપ્પર હતું. તેના આખા શરીરે રાખ ચોળેલી હતી. તેણે અગડદત્તને કહ્યું, વત્સ ! મારે પણ શંખપુર જવું છે. પરંતુ મારી પાસે સોના મહોરો છે કેટલાક ધનિક પુરુષોએ પરમાર્થ કાર્ય માટે મને તે આપી છે. આને આપ જો આપની પાસે રાખો તો હું નિશ્ચિંતે રસ્તો કાપીશ. અગડદત્તે તેની વાત માની લીધી અને તે સાધુએ આપેલી સોના મહોરોની પોટલી પોતાના રથમાં મૂકી. યોગી નિશ્ચિંત બની બીજા મુસાફરોની સાથે આગળ આગળ ચાલવા લાગ્યો. તે યોગી તો હતા જ એટલે ગાનતાન અને

નૃત્યથી તેમજ પોતાની ચાલથી ચેષ્ટાથી, સ્વરથી તથા અનેક પ્રકારની કથાઓથી સહ પ્રવાસીઓને પ્રસન્ન કરતા કરતા રસ્તો કાપી રહ્યા હતા. અગડદત્તે "કોઈનો પણ વિશ્વાસ ન કરવો જોઈએ" "घोरा मुहुत्ता अबलं सरीरं" આ નીતિ અનુસાર યોગીમાં જરા પણ વિશ્વાસ ન મૂકયો, બધા ચાલતા ચાલતા છેવટે એક મહાવનમાં આવી પહોંચ્યા. તે યોગીએ સર્વ મુસાફરોને કહ્યું કે, અહીં એક ગામડું છે. ગયા વર્ષે મેં અહીં ચોમાસું કર્યું હતું. એટલે ત્યાંના લોકો સાથે મારે ઘણો પરિચય છે. ઘણો સ્નેહ છે, જેથી આપ લોકો અહીં રોકાવ હું હમણાં જ ત્યાં જઇ એ લોકોને મળીને આવું છું. આથી એ લોકોના તરફથી આપણા બધા માટે ભોજનની વ્યવસ્થા પણ થઈ જશે. આમ કહીને તે યોગી ગામ તરફ ગયો. થોડી વારે તે ત્યાંથી ખીર, પુરી, દહીં પાણી આદિ ખાવા પીવાની સામગ્રી લઈ પાછો આવ્યો. આવીને તેણે રાજકુમાર અગડદત્તને કહ્યું વત્સ! ભોજન તૈયાર છે. આ દહીં આદિ ભોજન સામગ્રીનું ભોજન કરો. કે જેથી મારો ધક્કો સાર્થક થાય. અગમબુધ્ધિવાળા અગડદત્તે કહ્યું–મહારાજ! આપનું કહેવું ઠીક છે પરંતુ આ સમયે મારા માથામાં સખત વેદના થાય છે કે જેનાથી ખાવા પીવાની જરા પણ રૂચી થતી નથી. બીજું હું ઋષિઓનું ભોજન લેતો નથી. એવું કહીને અગડદત્તે પોતાની સાથે આવેલા બીજા મુસાફરોને પણ તે ભોજન ન ખાવા આંખના ઈસારાથી ચેતવ્યા, પરંતુ કુશિષ્ય જે રીતે પોતાના ઉપકારક ગુરુમહારાજની શિખામણ માનતો નથી, એ રીતે અગડદત્તના નેત્ર સંકેતની અવગણના કરીને તે લોકો વિષમિશ્રિત ભોજનને ખાવા લાગ્યા. થોડીવારમાં ઝેરની અસરથી બધા મરી ગયા. અગડદત્તે ન તો પોતે ખાધું હતું કે ન પોતાની પત્નિને ખાવા દીધું હતું. એટલે તે બચી ગયા હતા. જ્યારે યોગીએ પોતાનો પ્રયત્ન સફળ થયેલો જોયો અને અગડદત્ત હવે તેની પત્ની સાથે એકલો જ રહ્યો છે એ જોયું ત્યારે તે પોતાના પરિવાર સાથે હાથમાં શસ્ત્ર લઈને અગડદત્તને મારી તેનું ધન લઈ લેવાના ઈરાદે ત્યાં આવ્યો. અગડદત્તે યોગીની આ પ્રકારની ચેષ્ટા જોઈ ત્યારે તેને ખૂબજ ગુસ્સો ચડયો, અને ક્રોધના આવેશમાં હાથમાં તલવાર લઈ તે યાગી સામે થયો. બન્ને વચ્ચે ઘોર સંગ્રામ મચ્યો. અંતે અગડદત્તે તે યોગીને ખૂબ ઘાયલ કરી જમીન ઉપર પટકી દીધો. યોગીને પડતા જોઇને તેના પરિવારના જે માણસો હતા તે નાશી છુટયા. યોગીએ જોયું કે હવે પોતે બિલકુલ નિઃસહાય છે ત્યારે તેણે અગડદત્તને કહ્યું–હું યોગીના વેશમાં ચોર છું, મારૂં નામ દુર્યોધન છે, તમારાથી ઘાયલ થયેલ હું હવે જીવતો રહી શકું તેમ નથી. હું તમને મારૂં ઠેકાણું બતાવું છું, ત્યાં તમે જજો એથી તમોને ઘણું ધન મળશે અને મારી બહેન પણ મળશે. આ ડુંગરાના ડાબા ભાગ ઉપર નદિ કિનારે મારૂં ઘર છે. એની પશ્ચિમ દિશાએ એક મોટી શિલા છે, તેને તમે દૂર કરજો તે દૂર થતાં તમને નીચે એક ભૂમિગૃહ દેખાશે. તેમાં તમે ઉતરી જજો. ત્યાં મારી સઘળી ધન

દોલત છે. ત્યાં મારી એક બહેન રહે છે, જેનું નામ જયશ્રી છે, તે કુંવારી છે. તે ધન દોલત હવે તમારી છે. તેમજ મારી બહેનનો તમે સ્વીકાર કરજો અને તે પણ અવશ્ય તમોને પોતાના પતિ તરીકે સ્વીકારશે. આ પ્રમાણે કહી તે યોગી મરી ગયો.

અગડદત્ત યોગીએ બતાવેલ ઠેકાણા ઉપર પહોંચ્યો. ત્યાં જઇને તેણે તે યોગીની બહેનને હાક મારી. હાક સાંભળીને તે તરત જ આવી પહોંચી. અગડદત્તને જોતાં તેણે આવકારતાં કહ્યું, "પધારો, પાધારો અંદર પધારો!" મદનમંજરીએ આ અપાર રૂપરાશીવાળી સુંદરીને જોઈને મનમાં વિચાર કર્યો કે, જો મારા પતિ આના રૂપથી મોહિત થઈ જશે તો જરૂર મારો ત્યાગ કરી દેશે. આથી તેણે તે ધન અને સુંદરીથી દૂર રહેવા સૂચવ્યું. મદનમંજરીની વાત માનીને અગડદત્તે તે ધન તેમજ સુંદરીનો પરિત્યાગ કર્યો તે રથ હંકારીને આગળ ચાલ્યો. થોડે દૂર પણ નહિ ગયા હોય એટલામાં સામેથી પોતાની સુંઢથી અનેક વૃક્ષોને ઉખેડીને ફેંકી દેતો એક મદોન્મત્ત ગજરાજ પોતાની સામે આવી રહેલો અગડત્તે જોયો. ઉપરાંત આ હાથીએ જંગલના સેંકડો વૃક્ષોને નાશ કરી નાખેલાં તેણે નજરે જોયાં. મદનમંજરી તો આ વિકરાળ ગજરાજને જોઇને ભયભીત બની ગઈ. અગડદત્ત તેને હિંમત આપીને કહ્યું તું ડરીશ નહીં. હાથીનો હું હમણાં જ મદ ઉતારી નાખું છું, એમ કહીને તે રથથી એકદમ નીચે ઉતર્યો.

તે વિકરાળ ગજરાજની સામે જઈને તેણે પોતાના કપડાંનો ગોટો બનાવીને તેના ઉપર ફેંકયો. હાથી થોડો નીચો નમીને તેના ઉપર પોતાના દાંતોથી પ્રહાર કરવા લાગ્યો. એટલામાં અગડદત્તકુમાર તેના દાંત ઉપર પગ મુકીને તેના ઉપર ચડી ગયો. સ્કંધ ઉપર ચડી બેઠેલા અગડદત્તકુમારે વજ્ર જેવી પોતાના હાથની પ્રબળ મુઠીઓથી તેના કુંભસ્થળ ઉપર માર મારવો શરૂ કર્યો. તેમજ તેને ચકરીની માફક ચારે તરફ ખૂબ ઘૂમાવ્યો. આથી હાથીનો મદ ઉતરી ગયો. અને તે શાંત બની ગયો. એટલે હાથીને ત્યાં છોડી દઈને રથ ઉપર ચઢીને અગડદત્તકુમારે આગળ પ્રયાણ કર્યું માંડ થોડુ આગળ ગયા હશે ત્યાં એક સિંહ સામો આવતો દેખાયો. રથમાંથી ઉતરી અગડદત્ત તેની સામે ગયો. અગડદત્તને પોતાની સામે આવેલો જોઇને સિંહ ખૂબ કોપાયમાન થયો. અને પૂછડું ઉલાળતો ગર્જના કરતો અને મોં ફાડતો તે તેના ઉપર ત્રાટકયો. અગડદત્તે પણ આ સમયે પોતાના ડાબા હાથ ઉપર કપડું વીંટીને દોડી આવતા સિંહના મોઢામાં પોતાનો ડાબો હાથ નાખી દીધો, અને જમણા હાથે તલવાર પકડી એકી ઝટકે તેને મારી નાખ્યો.

આ રીતે ત્રણ ભયને વટાવીને પોતાના રથને આગળ હંકાર્યો. થોડેક દૂર જતાં એક ભયંકર વિષધર નાગરાજ તેની દૃષ્ટિએ પડયો. જે પ્રચંડ ફુંફાડા મારતો રથની સામે જ આવી રહ્યો હતો. લાલચોળ એવી એની બે આંખો અંગારા જેવી ચળકતી હતી. જેની ફેણ ખૂબ જ વિશાળ હતી. મસ્તક ઉપરના મણીનું પ્રચંડ તેજ ચારે બાજુ ફેલાતું હતું. કાળા ભમ્મર જેવું તેનું સ્વરૂપ હતું. મદનમંજરી તેને જોઈને એકદમ કંપી ઉઠી. અગડદત્તે તેને સાંત્વન

આપતાં કહ્યું કે, પ્રિયે ! આ ભુજંગથી ડરવાનું કોઇ કારણ નથી. તમે ડરો નહીં, આમ કહીને એ સમયે તેણે સ્તંભન વિદ્યાના પ્રયોગથી તે નાગનાં નેત્રો, ગતિ અને મુખને સ્થંભાવી દીધાં. અને ગરૂડ સમાન લીલાથી તેને શ્રાન્ત બનાવી છોડી દિધો. ભિક્ષુક વેશવાળો દુર્યોધન ચોર, મદોન્મત્ત હાથી, વિકરાળસિંહ, દૃષ્ટિ· વિષ સર્પ. આ પ્રકારે ચારે વિઘ્નોથી સુખરૂપ બચીને તે અગડદત્ત કુમાર ચાલતાં ચાલતાં શંખપુરની નજીક આવી પહોંચ્યો.

અગડદત્ત કુમારની સાથે તેના સાસરા તરફથી મોકલેલા સૈનિકો કે જેઓ વનમાં પહેલી વખત ભીલ્લો સાથે થયેલા યુદ્ધમાં વેર વિખેર બની અગડદત્તની પત્ની કમળસેનાને સાથે લઇ શંખપુર તરફ ભાગી છુટયા હતા તેઓ પણ જ્યાં ત્યાં અથડાતા કૂટાતા કમળસેનાનું રક્ષણ કરતા કરતા શંખપુર આવી પહોંચ્યા. રાજકુમાર અગડદત્ત કે જે છ મહિનાના રસ્તેથી નીકળ્યો હતો. તેને રસ્તામાં નડેલા વિઘ્નોને કારણે થોડો વધુ સમય લાગી ગયેલો જેથી બાર મહિનાના લાંબા ગાળે નીકળેલા કમળસેના અને સૈનિકો સઘળા શંખપુર પહોંચતાં એક સાથે થઈ ગયા. કુમારે પોતાની બન્ને પત્નીઓ સાથે શંખપુરમા પ્રવેશ કર્યો. માતા પિતાએ ખૂબ ઉત્સવ સાથે તેનો શંખપુરમાં પ્રવેશ કરાવ્યો. પુરવાસીઓને પણ આથી ઘણો હર્ષ થયો. રાજાપ્રજાએ આનંદ ઉત્સવ મનાવ્યો. આ રીતે શંખપુરમાં કુમાર આનંદથી રહેવા લાગ્યો.

આમ સુખમાં દિવસો વિતાવતાં એક દિવસ કુમાર મદનમંજરીની સાથે વસંત ઋતુમાં ક્રીડાવનમાં ગયો ત્યાં રાત્રીના વખતે મદનમંજરીને એક ઝેરી કાળા નાગે ડંશ દીધો. તે આવી પતિના ખોળામાં પડી ગઈ અને કહેવા લાગી—નાથ મને એક ઝેરી સાપે ડંશ દીધો છે. મદનમંજરીની વાત સાંભળીને અગડદત્તે મંત્રતંત્ર દ્વારા ઝેર ઉતારવાનો પ્રયત્ન કર્યો. એ મંત્રાદિ પ્રયોગ પુરો થતાં તો મદનમંજરી મૂર્છા પામી ગઇ. અગડદત્તે તેને મૃત્યુ પામેલી જાણીને તે મોહના વશથી ચોધારા આંસુએ આક્રંદ વિલાપ કરવા લાગ્યો. તેણે વિચાર કર્યો કે હવે જીવીને શું કરવું છે ? હું પણ આની સાથે અગ્નિમાં બળીને ભસ્મ થઈ જાઉં એજ મારા માટે વધારે ઉત્તમ છે. આ પ્રકારનો વિચાર કરી તે જ્યાં અગ્નિમાં પ્રવેશ કરવાની તૈયારી કરી રહ્યો હતો, એ સમયે એક વિદ્યાધર આકાશ માર્ગે ત્યાંથી પસાર થતો હતો તેણે અગડદત્ત કુમારની આ પ્રકારની સ્થિતી જોઈ તેણે તેને અગ્નિ પ્રવેશ કરતાં રોકયો. અને મદનમંજરીને પોતાની વિદ્યાના બળથી જીવતી કરી દીધી. અને તે વિદ્યાધર પોતાના સ્થાને ચાલ્યો ગયો. અગડદત્તે એ રાત તે બગીચામાં વિતાવવાનો વિચાર કર્યો. આથી મદન-મંજરીની સાથે તે બગીચામાં આવેલા કોઈ એક યક્ષના સ્થાને પહોંચી ગયા. યક્ષાલયમાં અંધારૂં હતું. આથી પ્રકાશને માટે મદનમંજરીને છોડીને તે અગ્નિ-પ્રકાશની શોધમાં બહાર નીકળ્યો. એજ વખતે અગડદત્તે મારી નાખેલા દુર્યોધન ચોરના પાંચ ભાઈઓ કુમારને મારવાના આશયથી ત્યાં આવી પહોંચ્યા. અને તેઓ સ્ત્રી માત્ર સહાયક છે. જેને એવા આ અગડદત્ત કુમારને આ ક્રીડાવનમાં

કયા ઉપાયથી મારવો તેનો લાગ શોધતા હતા. આ પ્રકારનો વિચાર કરતાં કરતાં તે બધા યક્ષાલયની પાસે આવી ગુપ્ત રીતે બેસી ગયા. આમાં જે બધાથી નાનો ભાઇ હતો તેણે બધાને કહ્યું કે, આપ બધા અહિં બેસો, હું એકલો જ અગડદત્તને મારવા માટે જાઉં છું. એવું કહીને તે યક્ષાલયના દરવાજા પાસે પહોંચ્યો. તેણે અગડદત્તની પત્ની મદનમંજરીનું રૂપ જોવાના આશયથી પોતાની પાસેના ગુપ્ત દિપકને સળગાવ્યો. પ્રકાશ થતાં જ મદનમંજરી દુર્યોધનના નાના ભાઈને જોઈ ને તેના ઉપર મોહિત બની ગઈ અને કહેવા લાગી "તમે મારા પતિ બની જાવ અને હું તમારી પત્ની થઈ જાઉં, નહિતર હું મરી જઇશ." દુર્યોધનના નાના ભાઇએ કહ્યું-હું તમારા પતિથી તો ડરૂં છું. પછી હું તમારો પતિ કઈ રીતે થઈ શકું ? મદનમંજરીએ કહ્યું-એની ચિંતા તમે ન કરો.-હું તમારા દેખતાં જ તેને મારી નાખીશ પછી તમોને ભય શાનો છે ? મદનમંજરીની આ પ્રમાણે વાત સાંભળી દુર્યોધનના નાના ભાઈએ પોતાની પાસેનો દિપક બુઝાવી નાખ્યો. હવે એ ચોરનો ભાઇ વિચારવા લાગ્યો કે જુઓ ! આ કેટલા દુઃખની વાત છે કે, જે અગડદત્ત તેની ખાતર મરવાને પણ તૈયાર થયો હતો તેવા પતિને પણ આ દુષ્ટા મારવા માટે તૈયાર થઇ છે, આવી સ્ત્રીને મારે શું કરવી છે ? આ દુષ્ટા સ્ત્રીના યોગથી જે પોતે મરેલો જ છે, તેવા શત્રુને મારવો એ પણ યોગ્ય નથી, આથી હું તેને જીવતદાન આપીશ. આ પ્રકારનો ચોરનો ભાઈ વિચાર કરી રહ્યો હતો, એટલામાં આ બાજુ રાજકુમાર અગડદત્ત અગ્નિ લઈને પાછો આવતો હતો તે વખતે તેણે યક્ષાલયમાં પ્રકાશ થતો જોયો

યક્ષાલયમાં પ્રવેશતાં જ શંકિત મનથી તેણે પોતાની પત્નિને પૂછ્યું કે, હમણાં તો અહિં પ્રકાશ દેખાતો હતો તે કયાં ગયો ? કેમકે જ્યારે હું અગ્નિ લઇને પાછો ફરી રહ્યો હતો ત્યારે મેં અહિં પ્રકાશ જોયો છે." મદનમંજરીએ ચતુરાઈ પૂર્વક ઉત્તર આપ્યો કે, ના એ તો આપશ્રીનો ભ્રમ છે. પ્રકાશ તો આપે લાવેલા અગ્નિના પ્રકાશનું પ્રતિબિમ્બ આપના જોવામાં આવ્યું હશે તેમ મારૂં માનવું છે. અગડદત્તે પોતાની પત્નિની વાત માની લીધી, અને પોતાની તલવાર તેને સોંપી પોતે લાવેલા અગ્નિને સળગાવવા પ્રયત્ન કરવા માંડયો. અગ્નિને નીચે મુકી ગરદન નીચી કરીને ફુંક મારવા લાગ્યો. એજ વખતે મદનમંજરીએ તેને મારવા માટે મ્યાનમાંથી તલવાર બહાર કાઢી, એનું એ પ્રકારનું ચારિત્ર જોઈ ને દુર્યોધનનો નાનો ભાઇ કે જે ત્યાં છુપાઈ રહ્યો હતો તેણે તેના હાથમાંથી તલવાર આંચકી લીધી અને તેને દૂર ફેંકી દીધી. મદનમંજરીનું આ પ્રકારનું ચારિત્ર જોઈ અગડદત્તને મારવા આવેલાં તે પાંચે ભાઈઓ ધીરે ધીરે ત્યાંથી ચાલ્યા ગયા. તેઓ જતાં જતાં કોઇ એક વનમાં પહોંચ્યા ત્યાં તેમની નજરે એક મોટું વૃક્ષ પડયું. તે પાંચે ભાઈઓ એ વૃક્ષ પાસે ગયા. તો એ વૃક્ષ નીચે બેઠેલા એક જ્ઞાનસંપન્ન મહાત્માને જોયા. મદનમંજરીના આ પ્રકારના દુષ્ટચારિત્રથી તે સર્વને વૈરાગ્ય ઉત્પન્ન થતાં એ સઘળાએ તે મહાત્મા પાસે દીક્ષા લીધી. ગુરુની આજ્ઞા લઇને તપ, સંયમની

આરાધના કરતાં કરતાં તે પાંચે ભાઇઓ તે વનમાં રહેવા લાગ્યા, જ્યારે અગડદત્તને આ વાતની લેશમાત્ર ખબર ન પડી.

આ બાજુ અગડદત્તકુમારે મદનમંજરીને પૂછ્યું કે હે પ્રિયે! આ તલવાર મ્યાનમાંથી કેવી રીતે બહાર નીકળી પડી? મદનમંજરીએ કહ્યું નાથ! મને આપની તલવાર જોતાં ભય લાગ્યો આથી મારો હાથ કંપી જતાં તે છુટીને મારા હાથમાંથી નીચે પડી જતાં તલવાર મ્યાનથી બહાર નીકળી ગઈ હશે, આમ પોતાની શંકાનુ સામાધાન પામીને કુમારે ત્યાં અગ્નિને સળગાવીને આખી રાત મદનમંજરી સાથે વીતાવી. જ્યારે પ્રભાતનો સમય થયો ત્યારે બંને જણા પોતાના મહેલમાં પહોંચી ગયા.

એક સમયની વાત છે કે, કુમાર અગડદત્ત ઘોડા ઉપર સ્વાર થઈ ફરવા નીકળ્યો, અવળીબાગનો એ પાણીદાર ઘોડો હતો. તે એને ઘોર વનમાં લઈ ગયો. તે એકલો વનમાં એક વિશાળ વૃક્ષની પાસે પહોંચ્યો. ત્યાં બેઠેલા સાધુઓને તેણે વંદના કરી તે તેઓની પાસે ત્યાં બેઠો. અને તેમની પાસેથી ધર્મદેશના પણ સાંભળી, પછી અગડદત્તે પૂછ્યું મહાત્મન્! આ પાંચે ભાઈ જેવા સાધુ કોણ છે? અને તેમને વૈરાગ્ય ઉત્પન્ન થવાનું કારણ શું છે? ભર જુવાનીમાં તેઓએ શા માટે સંયમવ્રત ધારણ કરેલ છે? આ પ્રકારે જ્યારે અગડદત્તે પૂછ્યું તો અતિશયજ્ઞાનધારી ગુરુમહારાજે જવાબમાં પોતાના એ પાંચેય શિષ્યોના વૈરાગ્યનું કારણ કહેતાં કહેતાં અગડદત્તનો બધો પૂર્વવૃત્તાંત પણ સંભળાવી દીધો અને અંતમાં કહ્યું કે,–મિથ્યા મોહ જાળમાં ફસેલો એવો અગડદત્ત તે તું જ છે. મુનિરાજનાં આ પ્રકારનાં વચનો સાંભળીને અગડદત્ત ખૂબ અકળાયો અને વિચાર કરવા લાગ્યો કે અહો :—

" अणुरज्जंति खणेणं, जुवइओ खणेण पुणो विरज्जंति।
अन्नन्नरागणिरया, हालिद्दरागु व्व चलपेमा ॥ १ ॥"

અહો આ કેટલી અચરજની વાત છે કે, જે સ્ત્રીઓ ક્ષણભરમાં તો પ્રસન્ન થાય છે, અને ક્ષણભરમાં વિરક્ત થઈ જાય છે. એનો રાગ પીળા પતંગના રંગની માફક સદા અસ્થિર રહ્યા કરે છે. ધિક્કાર છે એ રાગને! એવું વિચારીને અગડદત્તે ગુરુમહારાજને નમન કર્યું અને કહ્યું કે, હે ભદન્ત! સાચું છે આપે જે કાંઈ કહ્યું છે તે મારૂં જ ચરિત્ર છે. આ સમયે મારૂં એ વૃત્તાંત આપના શ્રીમુખથી સાંભળીને મને વૈરાગ્ય થયો છે. આથી હે ભગવન્! પ્રસન્ન થાઓ અને મને દીક્ષા આપી કૃતાર્થ કરો. આ પ્રકારે ગુરુમહારાજને પ્રાર્થના કરતાં તેમણે અગડદત્તને ભાગવતી દીક્ષા આપી. અગડદત્તે ખૂબ દુષ્કર તપનું આરાધન કર્યું અને તેના પ્રભાવે કરીને અંતે મોક્ષ પદને પામ્યા.

જે પ્રકારથી પ્રતિબુદ્ધજીવી અગડદત્ત પહેલાં દ્રવ્યની અપેક્ષા પ્રતિબુદ્ધજીવી થયો અને પછી ભાવની અપેક્ષાથી પણ પ્રતિબુદ્ધજીવી બની ગયા. આ રીતે બન્ને પ્રકારથી પ્રતિબુદ્ધજીવી બનીને અન્ય મુનિજન પણ સુખી બને ॥ ૬ ॥

આ અર્થને સ્પષ્ટ કરતાં સૂત્રકાર કહે છે-चरे पयाइं ઈત્યાદિ!

અન્વયાર્થ—મુનિ पयाइं-पदानि પદનિક્ષેપરૂપ ગમનને पडिसंकमाणो-परिशंकमानः આગમોક્તવિધિ અનુસાર જાણીને અર્થાત "જમીન ઉપર પગ મુકવાથી ષટ્કાયના રક્ષણરૂપ સંયમની વિરાધના થાય છે" એવું ચિંતવન કરતાં કરતાં તથા जं किंचि-यत् किंचित् જે ગૃહસ્થોની સાથે પરિચય આદિ કરે છે, તે અને પ્રમાદરૂપ આર્તરૌદ્ર જે ધ્યાન છે તે સહુ पासं-पाशम् પાશના જેવાં બંધનનાં હેતુ છે. આ વાત मन्नमाणो-मन्यमानः માનીને इह-इह સંયમના માર્ગમાં चरे-चरेत् અપ્રમત્ત દશા સંપન્ન બનીને વિચરણ કરે. लाभंतरे-लाभान्तरे એક લાભથીબીજા લાભના નિમિત્ત-વિશિષ્ટ સમ્યગ્દર્શન આદિના લાભને માટે जीवियं-जीवितम् પ્રાણધારણરૂપ જીવનને बूहइत्ता-बृंहयित्वा વિશુદ્ધ અન્ન પાણીદ્વારા સુરક્ષિત કરીને पच्छा-पश्चात् વિશેષ લાભ પ્રાપ્તિના પછી परिन्नाय-परिज्ञाय ज्ञ-પરિજ્ઞાથી જીંદગીને જાણીને આ સમયે આ જીવીત ગુણવિશેષનું ઉપાર્જન કરવામાં સમર્થ નથી એ કારણે કર્મોની નિર્જરા કરવી શકય નથી. શરીર વૃદ્ધાવસ્થા અને વ્યાધિથી ઘેરાયાબાદ ધર્મધ્યાન વિગેરે કરવું શકય નથી. એવું જાણીને પછી પ્રત્યાખ્યાન પરિજ્ઞા દ્વારા ભક્ત પ્રત્યાખ્યાનથી સર્વથા જીવિત નિરપેક્ષ થઈને मलावधंसी-मलापध्वंसी કર્મરૂપી રજનો નાશ કરનાર બને. અથવા મળથી સમૃદ્ધ એવા મળ ભરેલા એવા આ ઔદારિક શરીરથી અપેક્ષા રહીત બને. કહેવાનું તાત્પર્ય એ છે કે, આગમના અનુસાર પ્રવર્તતા સાધુનું વિશિષ્ટ સમ્યગદર્શન વિગેરે લાભ પર્યંત દેહને ધારણ કરવો એ સ્વ અને પરના કલ્યાણ અર્થે હોય છે.

ભાવાર્થ—સાધુએ અપ્રમત્ત થઈને સંયમ માર્ગમાં વિચરણ કરતા રહેવું જોઈએ-તથા સમ્યગ્દર્શન આદિ વિશિષ્ટ લાભની પાપ્તિ માટે જીવનને સુરક્ષિત રાખવું જોઈએ. જ્યારે આ શરીર દ્વારા વૃદ્ધાવસ્થામાં અગર રોગાદિક અવસ્થામાં ધર્મધ્યાનાદિક ઉપાર્જન ન થઈ શકે તો પ્રત્યાખ્યાન પરિજ્ઞા દ્વારા ભક્તપ્રત્યાખ્યાન કરીને શરીરનો ત્યાગ કરવો જોઈએ.

## નિર્જરા કે લાભ કે લિયે શરીર કા પોષણ શ્રેયસ્કર હૈ. ઇસ વિષયમેં મૂલદેવ રાજા કા દ્રષ્ટાંત

આ વિષય ઉપર મૂલદેવ રાજાનું દષ્ટાંત આપેલ છે-

વેન્નાતટમાં રાજા મૂળદેવ રાજ્ય કરતા હતા. તે નગરમાં મંડક નામનો એક ચોર રહેતો હતો. તે દિવસે પોતાની સાથળોને ચીંથરાં વીંટોને બાંધતો અને "મારા પગોમાં ચાંદાં પડયા છે" આ પ્રમાણે ઢોંગ કરી લોકોને વિશ્વાસ બેસાડવા માટે રાજમાર્ગમાં બેસતો, અને કપડાં તુણવાનું દરજીનું કામ કરતો હતો. જ્યારે રાત પડતી ત્યારે તે શ્રીમંતોના ઘરોમાં પેસી ચોરીઓ કરતો અને એ ચોરેલું ધન

લાવીને નગરનાં બહારના એક બગીચાના ભૂમિગૃહમાં (ગુપ્ત ભોંયરામાં) રોજ મુકી જતો આ ભોંયરામાં તેની એક બહેન રહેતી હતી, જેનું નામ માલતી હતું. તે ભરજુવાન હતી, ભૂમિગૃહની અંદર એક કુવો હતો. તેને ઢાંકેલો રાખવામાં આવતો હતો. ચોર ચોરેલો માલ કોઇ મજુરને માંથે ચઢાવી પોતાની સાથે લાવતા અને તેને કુવાના ઢાંકણા ઉપર આદરપૂર્વક બેસાડતો અને સંકેત મુજબ એની બહેન તેના પગ ધોવાના બહાને ત્યાં આવતી અને આવેલ મજુરના પગ પકડીને તેને કુવામાં નાખી દેતી. આ રીતે નગરના શ્રીમંતોનું ધન હરણ કરતાં કરતાં આ ચોર નિશ્ચિત રીતે પોતાનો સમય વ્યતીત કરી રહ્યો હતો. નગરના રક્ષક કોટવાળો ચોરની શોધમાં લાગ્યા જ રહેતા છતાં પણ તે ચોરનો પત્તો લગાડી શકતા નહીં. નગરવાસીઓ જ્યારે એ મંડક ચોરથી ખૂબ ત્રાસી ગયા ત્યારે સઘળાએ ભેગા થઈ મૂળદેવ રાજાની પાસે ગયા અને કહેવા લાગ્યા. સ્વામિન્! ખબર પડતી નથી કે એવો કયો ચોર છે કે જે નગરનું ધન હરણ કરી રહ્યો છે. અમે સઘળા નિર્ધન થઈ રહ્યા છીએ છતાં પણ ચોરનો હજી સુધી પત્તો મળતો નથી અને આજ-સુધી કોઈનાથી પણ પકડાયો નથી માટે હે સ્વામિન્! આની તુરત જ વ્યવસ્થા થવી જોઇએ. કે જેથી અમારી રક્ષા થઈ શકે પ્રજાજનોનો પોકાર સાંભળીને રાજાએ કહ્યું. આપ લોક દુઃખ ન આણો નિશ્ચિત રહો. હું જાતે જ તે ચોરની તપાસ કરીશ. અને બનતી તાકીદે તેનો ત્રાસ મીટાવીશ. એવું કહીને રાજાએ નગરવાસીઓને વિદાય કર્યા. પહેલાં જે નગરરક્ષકો હતા તેને ત્યાંથી દૂર કરી તેને સ્થાને બીજા માણસોને ગોઠવ્યા. પરંતુ તે લોકો પણ ચોરને પકડવામાં નિષ્ફળ નીવડયા. રાજાએ જ્યારે એ જોયું કે, ચોરનો કોઈ પણ રીતે પત્તો મળતો નથી અને તે ચોર પકડી શકાતો નથી. ત્યારે રાજાએ તેને સ્વયં પકડવાનો દૃઢ સંકલ્પ કર્યો, પોતાના આખે શરીરે એક કાળું વસ્ત્ર ધારણ કરી જેટલાં જેટલાં શંકિત સ્થાનો હતા તેમાં મોડી રાત્રીએ ભટકવા માંડયું. ફરતાં ફરતાં ઘણાં દિવસો વીતી ગયા પરંતુ ચોરનો જરા પણ પત્તો ન મળ્યો. રાજા એક દિવસ આ

રીતે ભટકતા ભટકતા થાકી જવાથી જ્યારે કોઇ સ્થાન ઉપર સુઈ રહ્યા હતા ત્યારે ત્યાં મંડક ચોર આવીને કહેવા લાગ્યો કે કોણ સુતું છે? તેની વાત સાંભળી રાજાએ કહ્યું, કેમ શું કામ છે? હું તો ભિખારી છું. રાજાની આ વાત સાંભળીને ચોરે કહ્યું કે, કામ તો કાંઈ નથી. પરંતુ જો તું ભિખારી હોય તો ચાલ મારી સાથે હું તને આજે જ માલદાર બનાવી દઈશ. રાજાએ ચોરની વાત સાંભળીને દાસની માફક તેની પાછળ ચાલવા માંડયું. ચોર ચાલતાં ચાલતાં એક શ્રીમંતના મકાન પાસે પહોંચી તેણે ત્યાં ખાતર પાડયું, પછી તે મકાનમાં ઘુસ્યો અને ત્યાંથી ચોરેલી અમુલ્ય વસ્તુઓનું એક પોટલું બનાવી તે ભિખારી (રાજાના) માથા ઉપર મૂકયું અને તેને આગળ કરી તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં તે પોતાના સ્થાન ઉપર પહોંચ્યો. ત્યાં આવીને તે ભિખારી (રાજા) સાથે ભૂમિગૃહમાં ઉતરી ગયો. અંદર જઈને તે ભિખારીના મસ્તક ઉપરનો ભાર ઉતારી એક બાજુ રખાવ્યો અને પોતાની બહેનને કહેવા લાગ્યો. "બહેન ! આ અતિથિના પગ ધુઓ, ભાઈની વાત સાંભળીને બહેન અતિથિને કુવા ઉપર લઈ ગઈ અને તેના ઉપર બેસાડયો અને તેના ચરણ ધોવાના બહાને તેના બંને પગ પકડી લીધા રાજાના ચરણનો સ્પર્શ થતાં જ તેને તે ચરણ ખૂબજ કોમળ જણાયા. આથી તેણે વિચાર કર્યો કે, આ કોઈ સત્પુરૂષ છે. આના ચરણના સ્પર્શથી જાણી શકાય છે કે, તેણે અગાઉ રાજ્યનો ઉપભોગ કર્યો હોવો જોઇએ. જે જન્મથી ભાર ઉપાડવાનું કામ કરે છે તેનાં ચરણોનો સ્પર્શ આવો કોમળ નહોઈ શકે. આથી આ ઉત્તમ પુરૂષને મારાથી કુવામાં કેમ નંખાય? એવો વિચાર કરી તે ચોરની બહેને રાજાને કહ્યું, મેં આ કુવામાં ચરણ ધોવાના બહાને અનેક મનુષ્યોને ધકેલ્યા છે. પરંતુ આપને આ કુવામાં ધકેલવાની મારી હીંમત ચાલતી નથી. ખબર નથી પડતી કે હું આપના પ્રભાવથી આપને વશ કેમ બની રહી છું, સ્વામિન્! આપ કૃપા કરીને જલ્દીથી આ સ્થાનમાંથી નીકળી જાવ નહીં તો મારૂં અને તમારૂં બન્નેનું મોત થશે. આ પ્રમાણે સાંભળીને રાજા તરત જ ત્યાંથી ચુપચુપ બહાર નિકળી ગયો. અને મંડક ચોરની દૃષ્ટિએ

ન પડયો. કારણ કે મંડકતો ચોરીને લાવેલા ધનને ઠેકાણે પાડવામાં ગુંથાયેલો હતો. રાજાના નાસી ગયા બાદ મંડકે તેની બહેનને પૂછયું કે–પેલો મજુર કયાં છે? તેની બહેને કહ્યું કે, "તે તો ચાલ્યો ગયો." મંડકે જ્યારે આ સાંભળ્યું કે તુરત જ તે મજુરને પકડી પાડવા તેની પાછળ દોડયો. રાજાએ જોયું કે તે તલવાર લઇ મારી પાછળ આવી રહ્યો છે અને તદ્દન નજીક આવી ગયો છે, ત્યારે રાજા રાજમાર્ગ ઉપરના એક પત્થરના થાંભલાની આડે જઈને છુપાઈ ગયો. મંડક કોપથી આંધળો બની ગયો હતો તે ક્રોધાવેશમાં ભાન ભૂલી જઈ પત્થરના સ્તંભને જ માણુસ ધારી તેના ઉપર તલવારનો ઘા કર્યો. સ્તંભ તુટીને પડી ગયો. મંડક ભારવાહીને મરેલો માનીને પાછો પોતાને ઘેર ચાલ્યો ગયો. બીજે દિવસે સવાર પડતાં જ તે મંડક પોતાની બન્ને સાથળ ઉપર રોજના નિયમ પ્રમાણે કપડું વીંટી રાજમાર્ગ પર બેસી કપડાં તુણુવાનું કામ કરવા માંડયો. આ બાજુ રાજા મહેલમાં પહોંચ્યો અને બાકીની રાત વ્યતિત કરી. સવાર થતાં જ રાજા તે ચોરને જોવા માટે બહાર નીકળ્યો. ત્યાં રાજમાર્ગના એક ઓટલા ઉપર રાજાએ ચોરને બેઠેલો જોયો. રાત્રીના વખતે રાજાએ તેને જોઈ લીધો હતો જેથી "આ તેજ ચોર છે" તેની ખાત્રી થતાં રાજાને આશ્ચર્ય થયું કે, રાત્રીના વખતે જે ઘણા વેગથી દોડે છે તે આ સમયે લંગડા જેવો બનીને બેઠો છે. રાજા પોતાના મહેલે પાછો ફર્યો. રાજ્ય કર્મચારીઓને બોલાવ્યા અને ચોરની સર્વ પ્રકારની નિશાની તથા ઓળખ આપી કહ્યું કે, જાઓ આ માણુસને અહીં મારી પાસે બોલાવી લાવો. રાજપુરુષોએ રાજાએ બતાવેલી નીશાની અને ઓળખ અનુસાર તેને ઓળખી લીધો. એટલે તેની પાસે જઈને કહ્યું કે, 'ચાલો તમને રાજા બોલાવે છે.' આ સાંભળતાં જ તે ચોરના મનમાં વિચાર આવ્યો કે વ્યગ્રતાના કારણે પ્રમાદવશે રાત્રીના વખતે હું તે પુરુષને મારી શકયો નહીં. ચોક્કસ લાગે છે કે, તે આ રાજા જ હોવો જોઈએ. નહીં તો આ મારી ઓળખાણુ કઈ રીતે મેળવી શકે? આ

પ્રકારનો વિચાર કરતો કરતો તે રાજાની પાસે આવ્યો. આવતાં જ રાજાએ તેને એક સુંદર આસન બેસવા માટે આપ્યું, અને અમૃતમય વચનોથી તેની સાથે વાર્તાલાપ કરવા માંડયો. વાર્તાલાપ દરમ્યાન રાજાએ તેને કહ્યું "તમારી બહેન મને આપો" રાજાનો પ્રસ્તાવ સાંભળીને મંડકે વિચાર્યું કે, મારી બહેનને આ કયાંથી જાણે? કેમકે જેટલી વ્યક્તિઓ મારે ઘેર આવી છે એ બધી યમપુર પહોંચાડી દેવાઈ છે. ત્યાંથી કોઈ બહાર નીકળી શકતું નથી. માલુમ પડે છે કે ગઇ કાલની ભાગેલ વ્યક્તિ તે આ રાજા પોતે જ છે. જ્યારે આ વાતની તેના મનમાં પાકી ખાત્રી થઈ ત્યારે તેણે રાજાને કહ્યું સ્વામિન્! ખુશીથી હું આપને મારી બહેન આપું છું. મંડકની આ વાત સાંભળીને રાજાએ તેની રૂપ લાવણ્ય યુક્ત એવી બહેન સાથે લગ્ન કર્યું અને મંડકને પ્રધાન મંત્રીના પદ ઉપર નિયુક્ત કરી દીધો. એક દિવસ રાજાએ મંડક મંત્રીને કહ્યું-આજે દ્રવ્યની ખૂબજ જરૂર પડેલ છે માટે જેટલું બને તેટલું લાવી આપો. મંત્રીએ રાજાની વાત સાંભળીને પોતે આગળ ચોરીયોથી સંઘરેલું એવું પુષ્કળ ધન લાવી આપ્યું. મન્ત્રીની ઉદારતા જોઈને રાજા ઘણોજ પ્રસન્ન થયો અને તેનું બહુમાન કર્યું. આ રીતે રાજાએ કુનેહથી તેની પાસેથી ચોરીથી એકઠું કરેલું દ્રવ્ય મંગાવી લીધું. એક દિવસ રાજાએ તે ચોરની બહેનને પૂછયું કે, તમારા ભાઈ પાસે હવે કાંઈ રહ્યું છે? ત્યારે તેણે કહ્યું હવે આ ઉપરાંત કાંઈ ધન તેની પાસે નથી. મંડક ચોરની બહેન પાસેથી રાજાએ બધું જાણી લીધું, પછી જેને જેને ત્યાં ચોરી થઈ હતી તે નગર જનોને બોલાવ્યા અને સરકારી રીપોર્ટમાં જણાવેલ ચોરી પ્રમાણે દરેકને તેમનું ધન રાજાએ આપી દીધું. પછી એ મંડક મંત્રીને તેના પદેથી દૂર કરીને રાજ સેવકો દ્વારા પ્રાણાંત દંડની શિક્ષા આપી, પાપ કરવાવાળાને કદી સુખ મળી શકતું નથી. આ કથાથી એ સમજવાનું મળે છે કે, જે પ્રકારે મૂળદેવ રાજાએ મંડક ચોર પાસેથી તેણે ચોરેલું સઘળું દ્રવ્ય ન લઈ લીધું ત્યાં સુધી તેને મન્ત્રી પદ ઉપર રાખ્યો અને તેની રક્ષા કરી. આ રીતે મુનિઓએ વિચારવું જોઈએ કે, જ્યાં સુધી તેમને નિર્જરાનો લાભ મળતો રહે ત્યાં સુધી આ શરીર કે જે અનેક દોષોથી ભરેલ છે તેનું તેઓ રક્ષણ કરતા રહે, અને એના અભાવમાં તેનો પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પરિત્યાગ કરી દે. ॥ ૭ ॥

॥ આ રીતે મૂલદેવ રાજાનું દૃષ્ટાંત સંપૂર્ણ થયું ॥

## ગુરૂકી આજ્ઞા કે પાલન સે હી મુનિકો મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ, ઈસ વિષયમેં અશ્વદ્રષ્ટાંત

જીવનને શુદ્ધ આહાર પાણીથી સુરક્ષિત કરી કર્મોની નિર્જરા કરે, એવું જે કહેલ છે તે સ્વચ્છંદી બનીને કરે અથવા સ્વચ્છંદતાને રોકીને બીજી રીતેકરે ? આ પ્રકારની આશંકાનું સમાધાન કરવા સૂત્રકાર કહે છે-'छंदं निरोहेण' ઈત્યાદિ.

અન્વયાર્થ—छंदं निरोहेण—छन्दोनिरोधेन ગુરુમહારાજની આજ્ઞા અનુસાર जे मुणि—मुनिः સાધુ मोक्खं—मोक्षम् આકુલતા રહિત દુઃખ વર્જીત સ્થાનને-અજરામર પદને મોક્ષને उवेइ—उपैति પ્રાપ્ત કરી લ્યે છે जहा—यथा જેમ—सिक्खियवम्मधारी आसे—शिक्षितवर्मधारी अश्वः ગમન, ઉત્પલવન આદિની શિક્ષાથી શિક્ષિત બનેલો કવચધારી ઘોડો छंदं निरोहेण—छन्दोनिरोधेन સ્વાતંત્ર્યતાને છોડી દઇ मोक्खं—मोक्षम् યુદ્ધભૂમિમાં શત્રુઓ તરફથી થતા પ્રહારથી જે રીતે પોતાનું રક્ષણ उवेइ—उपैति કરે છે. શત્રુઓથી ઘેરાઈ જતો નથી. એ રીતે મુનિ पुव्वाइ वासाइ-पूर्वाणि वर्षाणि પૂર્વ પ્રમિત વર્ષો સુધી अप्पमत्ते—अप्रमत्तः પ્રમાદ રહિત બની चरे—चरेत् સાધુ માર્ગમાં વિચરણ કરતા રહે. કેમકે, तम्हा—तस्मात् પ્રમાદ પરિવર્જન પૂર્વક સાધુમાર્ગની આરાધનાથી मुणि—मुनिः સાધુ खिप्पं—क्षिप्रम् જલ્દી मोक्खं—मोक्षम् શાશ્વત સુખ સ્થાનને उवेइ—उपैति પ્રાપ્ત કરે છે. "पुव्वाइ वासाइ—पूर्वाणि वर्षाणि" આ પદ દ્વારા સૂત્રકાર એવું પ્રદર્શિત કરે છે કે, જો સાધુનું આયુષ્ય એક પૂર્વ કોટીનું હોય તો પણ તેણે अप्पमत्ते—अप्रमत्तः સર્વથા પ્રમાદનો ત્યાગ કરી દેવો જોઈએ તેણે એવું ન સમજવું જોઈ એ કે, પ્રમાદના પરિવર્જનથી શિઘ્રમોક્ષ મળી જાય છે. માટે મરણ સમયેજ પ્રમાદનો ત્યાગ કરીશ.

ભાવાર્થ-સાધુનું એ કર્તવ્ય છે કે, તે પોતાના ગુરુમહારાજની આજ્ઞા અનુસાર પ્રવૃત્તિ કરતા રહે. તેનાથી તેને મુક્તિપદનો લાભ થતો રહે છે. સાધુની અવસ્થા એક પૂર્વ કોટીની પણ કેમ ન હોય છતાં તેણે પોતાનાં ગ્રહણ કરેલાં વ્રતોનું યથાવત્ પાલન કરવામાં પ્રમાદ ન કરવો જોઈએ. કેમકે, પ્રમાદનો ત્યાગ કર્યા વગર મુક્તિનો લાભ થતો નથી. ગાથામાં જે અશ્વની ઉપમા આપી છે તેનું દ્રષ્ટાંત આ પ્રકારનું છે.

ચંપાનગરીમાં રણધીર નામે એક રાજા રાજ્ય કરતો હતો. તેણે પોતાના બે ઘોડાના બચ્ચાંને બે ક્ષત્રિય પુત્રોને ઉછેરવા તથા કેળવવા માટે આપ્યા. તેમાંથી

એકે પોતાના ઘોડાના બચ્ચાને શુદ્ધ અને સમયોચિત આહારથી ખૂબ રૂષ્ટપુષ્ટ બનાવ્યો સાથો સાથ ગમન ઉત્પ્લવન આદિ અશ્વકળાઓથી સારી રીતે કેળવ્યું. બીજાએ પ્રમાદવશ બની પોતાના ઘોડાના બચ્ચાને ન તો યોગ્ય આહાર આપ્યો અને ન તો અશ્વ સંબંધી કોઈ કેળવણી આપી. પરંતુ દૂષિત ખોરાક આપી તેને સાવ કમજોર બનાવી દીધું. તેમજ રેંટમાં જોડીને તેની પાસે ખૂબ પાણી ખેંચાવ્યું. રાજાએ ઘોડાના પાલન માટે જે દ્રવ્ય આપેલ હતું તે પોતેજ ખાઈ ગયો.

સમય જતાં એક વખતે રાજાને બીજા કોઈ રાજા સાથે યુદ્ધ કરવાનો મોકો આવ્યો. તેણે તે બન્ને ક્ષત્રિય પુત્રોને બોલાવીને કહ્યું કે, તમે બન્ને જણા પોતપોતાના ઘોડા ઉપર ચડીને જલ્દી આવો. રાજાની આજ્ઞા થતાં તે બન્ને ક્ષત્રિય કુમારો પોત પોતાના ઘોડા ઉપર બેસીને રાજાની પાસે આવ્યા. રાજાએ તેમને શસ્ત્ર વગેરે આપીને યુદ્ધમાં મોકલ્યા. તે બન્ને યુદ્ધ ભૂમિમાં પહોંચ્યા. આમાં જે ઘોડો કેળવાયેલ હતો તે પોતાના માલિકની આજ્ઞા અનુસાર ચિત્તની વૃત્તિની માફક ચાલીને તે યુદ્ધ ભૂમિથી સફળતાપૂર્વક જલ્દી બહાર નીકળી ગયો. અને જેનો ઘોડો બિનકેળવાયેલ તથા કમજોર હતો તે સારી શિક્ષા ન મળવાથી જેમ રેંટમાં ભ્રમણ કરતો હતો તેની માફક ત્યાં પણ ઘૂમવા લાગ્યો. યોદ્ધાઓએ આ પ્રકારથી ફરતા ઘોડાને જ્યારે જોયો ત્યારે તેમણે તેને અશિક્ષિત જાણીને તેના સ્વારને ત્યાંજ મારી નાખ્યો અને તે ઘોડાને પોતાને કબજે કરી લીધો. આ કથાનો સાર એ છે કે જે મુનિ કેળવાયેલા અશ્વની માફક ગુરુમહારાજની આજ્ઞા અનુસાર પ્રવર્તમાન થતા રહે છે. તે સંસારથી પાર પહોંચી જાય છે।।૮।।

આ પ્રમાણે અશ્વદૃષ્ટાંત સમાપ્ત થયું.

જો છંદોનિરોધથી મુક્તિની પ્રાપ્તિ થાય છે તો તેને અંત સમયમાં જ કરવું જોઈએ. આ પ્રકારની આશંકાનો ઉત્તર આ ગાથાથી સૂત્રકાર આપે છે.

“ सपुव्वमेवं ” ઈત્યાદિ.

અન્વયાર્થ—જે જીવ પહેલેથી જ અપ્રમત્તદશાને પ્રાપ્ત નથી કરતો स-सः તે पच्छा-पश्चात् અન્ત સમયે પણ અપ્રમત્તદશાને न लभेज्ज-न लभेत પ્રાપ્ત કરી શકતા નથી. एसोवमा सासयवाइयाणं-एषा उपमा शाश्वतवादिनाम् “હું પછીથી ધર્મ કરીશ” આ પ્રકારની ધારણા નિરૂપક્રમ આયુષ્યવાળા સર્વજ્ઞોની છે નહીં કે, પાણીના પરપોટા જેવી આયુષ્યવાળા આપણે છદ્મસ્થ જીવોની आउयम्मि सीढिल-आयुषि शिथिले આયુષ્ય શિથીલ થતાં આત્મ પ્રદેશોને છોડતાં सरीरस्स भेए-शरीरस्य भेदे અને આત્માએ ગ્રહણ કરેલા શરીરથી જુદું થતાં कालोपणीए-कालोपनीते તથા આખરી ઘડી આવી જતાં પ્રમાદી જીવ विसीयई-विषीदति પશ્ચાત્તાપ કરે છે. આટલા માટે પહેલાં અને પછીથી પણ સર્વદા પ્રમાદ રહિત જ રહેવું જોઈએ. તાત્પર્ય એ છે કે—જે સાધુ સંયમમાં પહેલેથી પ્રમાદી બની રહે છે. તે અંત સમયે પણ પ્રમાદિ નહિ બની રહે તે કહી શકાય નહિ. માટે પહેલેથી જ તેણે પ્રમાદ છોડવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. “ધર્મ પછી કરીશ” એ તો એવા નિરૂપક્રમ જ્ઞાનીઓની વાત છે. અમારા જેવા છદ્મસ્થની નહીં ॥ ૯ ॥

ફરી પણ કહે છે—“खिप्पं न सक्केइ” ઇત્યાદિ.

અન્વયાર્થ—હે શિષ્ય ! આત્મા विवेगं-विवेकम् દ્રવ્યની અપેક્ષાએ બાહ્ય વિષયના સંગના પરિત્યાગરૂપ અને ભાવની અપેક્ષાએ કષાયોના પરિત્યાગ રૂપ વિવેકને खिप्पं-क्षिप्रं શીઘ્ર एउं-एतुम् પ્રાપ્ત કરવા માટે न सक्केइ-न शक्नोति સમર્થ થઈ શકતો નથી. तम्हा समुट्ठाय-तस्मात् समुत्थाय આટલા માટે ‘પાછલી ઉંમરમાં ધર્મ કરીશ’ એ પ્રકારના વિચારરૂપી જે પ્રમાદ છે તેનો પરિહાર કરી જે

ઉધમ કરે છે અને ચેતનવંત બની कामे–कामान् શબ્દાદિક ભોગોને पहाय–प्रहाय દૂર કરી–ત્યાગ કરી लोगं–लोकम् ષટ જીવનીકાયરૂપ આ લોકને समया–समतया સમાન ભાવથી પોતાના આત્માની માફક समेच्च–समेत्य જાણીને व–व નિશ્ચયથી अप्पाणरक्खी–आत्मरक्षी આસ્રવના નિરોધથી સ્વયં પોતાની રક્ષા કરવાવાળો હોય છે એવા महेसी–महर्षिः મહામુનિ अप्पमत्ते चरे–अप्रमत्तः चरेत् સર્વદા સર્વથા પ્રમાદથી વર્જીત બની સાધુમાર્ગમાં વિચરણ કરે.

આના ઉપર એક બ્રાહ્મણીનું દૃષ્ટાંત આ પ્રકારનું છે—

કોઈ એક બ્રાહ્મણ વિદેશમાં જઇને ત્યાં સાંગોપાંગ વેદોનું અધ્યયન કરીને પોતાના ઘેર પાછો આવ્યો. એને વિદ્વાન જોઇને કોઇ બીજા બ્રાહ્મણે તેની સાથે પોતાની પુત્રી પરણાવી. કન્યા રૂપવતી હતી. તે બ્રાહ્મણની વિદ્વત્તાથી ત્યાંની જનતા અને રાજાએ તેનું બહુ જ સન્માન કર્યું. આથી તે ખૂબ સારો પૈસાપાત્ર બની ગયો. દરિદ્રીમાંથી ધનીક થઈ ગયો. પછી તો શું કહેવું ? તેણે અનેક પ્રકારનાં આભૂષણો બનાવી પોતાની પત્નીને આપ્યાં. તે ખૂબ પ્રસન્ન થઈ. તે આભૂષણોને પહેરીને તે પોતાના ભાગ્યને વખાણવા લાગી. એક દિવસની વાત છે કે, તે પંડિતજીએ પોતાની પત્નીને કહ્યું કે, તું હંમેશાં આભૂષણોને પહેરીને ફરે છે તે સારૂં નથી કરતી. આભૂષણ દરરોજ પહેરી રાખવા માટે થોડાં બનાવાય છે? એ તો વાર તહેવાર તેમજ ઉત્સવ ઉપરજ પહેરવાનાં હોય છે. બીજું આજકાલ આજુબાજુના ગામમાં ચોરોનો ઉપદ્રવ પણ ઉપરા ઉપર થઈ રહ્યો છે. માની લે કે, આપણા ઘર ઉપર આવી જાય તો આભૂષણ એ સમયે તાત્કાલિક ઉતારી શકાય નહીં એવી સ્થિતિમાં આને રોજ પહેરી રાખવાં એ ઠીક નથી. પોતાના પતિની વાત સાંભળીને પંડિતાણીએ કહ્યું કે, નાથ! આપનું કહેવું એક રીતે તો બરોબર છે, પરંતુ હું આપને ખાત્રીથી કહું છું કે, જ્યારે ચોર લોકો અહિં આવશે ત્યારે હું આભૂષણોને ખૂબ ઝડપથી ઉતારીને મૂકી દઈશ. આપ ચિંતા ન કરો. આમ કહીને તેણે આભૂષણ ન ઉતાર્યાં. કોઇ સમયે ચોરોએ આ પંડિતાણીના આભૂષણોને જોઇને તે બ્રાહ્મણને ઘેર ચોરી કરવાનો નિશ્ચય કર્યો. સમય મેળવીને એક દિવસ તેના ઘર ઉપર આવ્યા. આ સમયે આભૂષણોનું રક્ષણ કરવાની ચિન્તા પંડિતાણીને થઈ પડી. ચોર આ આભૂષણોને ચોરવા માટે તો આવ્યા હતા. પંડિતાણીએ વિચાર્યું કે આ આભૂષણોને જલદીથી ઉતારીને સુરક્ષિત સ્થળે મુકી દઉં. પરન્તુ પંડિતાણી રોજ મલાઈ આદિ સ્નિગ્ધ પદાર્થોનું સેવન કરતી હતી. એથી તેનું શરીર ખૂબ જાડું થઈ ગયું હતું, તેમજ આભૂષણોને જલ્દીથી ઉતારવાનો તેને મહાવરો પણ ન હતો. આ કારણે તે પોતે પહેરેલાં આભૂષણોને સમયસર ઉતારી ન શકી, આ તરફ ચોરોએ જોયું કે, પંડિતાણીજી ભારે સ્થૂળ શરીરવાળાં છે. તેના હાથોમાંથી આ આભૂષણ જલ્દીથી નીકળી શકે તેમ નથી. આથી ચોરોએ પંડિતાણીના બન્ને હાથ કાપી નાખ્યા. અને આભૂષણોને લઈને તેઓ ત્યાંથી નીકળી ગયા. આથી એવો સારાંશ નીકળે છે કે, પંડિતાણીએ પોતાના પતિના

વચન માનવામાં જે રીતે પ્રમાદ કર્યો અને તે કારણે તેના હાથ કપાયા. એજ રીતે ભગવત પ્રવચન રૂપી ગુરુમહારાજની જે આજ્ઞા છે તેમાં જે સાધુ પ્રમાદ સેવે છે તે જલ્દીથી સારાસારનો વિવેક કરી શકતા નથી.

હવે અપ્રમત્તનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે.--

## અપ્રમાદી બન ગુરૂકી આજ્ઞા કા પાલન કરના ચાહિયે ઇસ વિષયમેં ભદ્રનામક શ્રેષ્ઠીકી પત્ની કા દ્રષ્ટાંત

ચમ્પાનગરીમાં ભદ્ર નામનો એક શેઠ રહેતો હતો. તેણે વ્યાપાર અર્થે પરદેશ જવા નિર્ણય કર્યો. અને પોતે એકલો નીકળ્યો અને ઘેર તેની પત્ની અને નોકર વર્ગને રાખ્યા તેની પત્ની મહા આળસુ હતી એ કારણથી તે પોતાના નોકરોના કાર્યનું યથાવત નિરીક્ષણ પણ કરતી ન હતી તેમજ તેને કોઈ કામ પણ બતાવતી નહીં. તેમણે શું કર્યું, ? શું ન કર્યું ? શું કરવાનું બાકી છે ? આ તરફ તે જરા પણ લક્ષ આપતી નહીં, ઉલ્ટુ તે પોતાના શારરીક શણુગાર તરફ વધારે લક્ષ આપતી. તેની આ કુટેવને કારણે તે સમય સર નોકરોને ખાવાપીવાની વ્યવસ્થા પણ કરી શકતી ન હતી. આથી નોકરો પણ પોતાની ફરજ પ્રત્યે બેદરકાર રહેવા લાગ્યા. માણસોની બેદરકારીને લીધે. કામ કાજમાં ઘણી જ તકલીફ રહેતી. નોકરો અને પત્નીના અસહકાર અને પ્રમાદને કારણે શેઠનું ઘણું ધન ખલાસ થયુ. કેટલાક સમય પછી પરદેશ ગયેલો શેઠ ઘેર પાછો આવ્યો. ઘરની હાલત જોઇને તેને ખૂબ અફસોસ થયો. શેઠાણીની આવી બેદરકાર વર્તણુંક જોઈને તેણે કોઈ ગરીબ ઘરની કન્યા સાથે પોતાનો બીજો વિવાહ કરવાનો વિચાર કર્યો. વિવાહને યોગ્ય કન્યા પણ તેને મળી ગઇ, પરંતુ તેમાં તેણે એ શરત રાખી કે, જો તે કન્યા પોતાની અને નોકર ચાકરોની દેખભાળ કરી શકશે તો જ હું તેની સાથે લગ્ન સમ્બન્ધ રાખીશ નહિં તો લગ્ન ફોક, કન્યાએ શેઠની એ શરત કબૂલ રાખી. જેથી શેઠે તેની સાથે લગ્ન કર્યું. અને તેને પરણી પોતાને ઘેર લઈ આવ્યો. ઘરની સઘળી વ્યવસ્થા તેને સમજાવી દીધી. ઘરનો સઘળો ભાર તેને સોંપી દીધો. આ પ્રકારની વ્યવસ્થા કરીને શેઠ દ્રવ્યોપાર્જન માટે ફરીથી દેશાવર ચાલ્યો ગયો. નવપરણીત એ નવી શેઠાણીએ પોતાના ઘરનું કામકાજ કરવામાં

જરાએ પ્રમાદ ન સેવ્યો. દરેક નોકર ચાકર ઉપર તે પુરતી દેખરેખ રાખવા લાગી. કોણ કયું કામ કરે છે? કોના યોગ્ય કયું કામ કરવાનું બાકી રહેલ છે? આવી સઘળી બાબતો ઉપર તે સંપૂર્ણપણે ધ્યાન આપતી હતી. આથી નોકરોએ પણ પોતપોતાનું કામ કાળજીથી કરવા માંડ્યું. સમયસર તે નોકરોને ભોજન આદિ આપતી તેમ સવારના શિરામણ-નાસ્તાની પણ વ્યવસ્થા કરી આપતી. આ જોઈ નોકરોએ પણ પ્રમાદ ન કરતાં દિલથી કામ કરવાનું રાખ્યું. મહિનો પૂરો થતાં જ એ સઘળાને તેનો પગાર આપી દેવામાં આવતો, આથી એ લોકોને પોતાની જરૂરીયાતો સમયસર મળી શકતી, આ રીતે પોતાની શેઠાણીને ખુશ કરવા નોકરો કોઈ પણ પ્રકારનો પ્રમાદ ન કરતાં ઉત્સાહથી કામ કરતાં. અને પોતાના માલીકના ધનને પોતાનુ જ માની તેમાં વૃદ્ધિ કરવા લાગ્યા. થોડા જ સમયમાં શેઠનું ઘર સમૃદ્ધિ સંપન્ન થઈ ગયું.

પરદેશથી શેઠ ઘેર પાછા આવ્યા, પોતાની નવિ પત્નિને દરેક કામમાં તેણે પ્રમાદ રહિત જોઈ અને સાથો સાથ પોતાના ઘરની ઉન્નતિ જોઈ અને પોતાની પત્નિના ગુણોથી નોકર ચાકરોને વશ થયેલા તેમજ પોતપોતાના કામમાં રચ્યા પચ્યા જોયા તો તે ખૂબજ ખુશી થયો. શેઠે એજ સમયે પોતાની એ નવપરણિત પત્નિને પોતાના ઘરનો સઘળો અધિકાર સોંપી દીધો. મુનિએ આ કથા ઉપરથી એ સાર લેવો જોઈએ કે, અપ્રમત્ત થઈને જ મુનિએ સંયમ માર્ગમાં વિચરણ કરવું જોઈએ. ॥૧૦॥

## પ્રમાદ કા મૂલ કારણ રાગદ્વેષ કે ત્યાગ કરને કા ઉપદેશ તથા ઉપસંહાર

પ્રમાદનું મૂળ કારણ રાગ અને દ્વેશ છે. આથી તેના ત્યાગનો સૂત્રકાર ઉપદેશ આપે છે. "मुहुं मुहुं"-ઈત્યાદિ.

અન્વયાર્થ—मुहुं मुहुं-मुहुर्मुहुः ઘડી ઘડી મોહગુણવાળા मोहगुणे-मोहगुणान् મોહકારક એવા શબ્દાદિકોને जयंतं-जयन्तम् જીતવાવાળા પ્રવર્તમાન તથા

चरंतं–चरन्तम्–સંયમ માર્ગે વિચરનાર समणं–श्रमणं–મુનિને अनेकरूवा फासा–अनेकरूपाः स्पर्शाः વિવિધ પ્રકારના સ્પર્શ–રૂપ, બીભત્સ દુરભિગંધ કડવા, કર્કશ આદિ શબ્દાદિક વિષય फुसन्ती–स्पृशंति–સ્પર્શ કરે છે. આથી भिक्खू–भिक्षुः સાધુનું એક માત્ર કર્તવ્ય એ છે કે, तेसु असमंजसं च मणसा न पउस्से–तेषुअसमंजसंच मानसा न प्रादुष्यात्– તે સ્પર્શોમાંથી જે પ્રતિકૂળ સ્પર્શ છે. તેનો મનમાં પણ દ્વેષ ન કરે. અર્થાત્ જેમ તેને અનુકૂળ સ્પર્શો તથા શબ્દાદિક વિષયોમાં અનુરાગ કરવાનો ત્યાગ કરવાનું કહેવામાં આવેલ છે એજ રીતે જે પ્રતિકૂળ સ્પર્શોમાં દ્વેષ પણ ન કરે. પરંતુ મધ્યસ્થ ભાવ રાખે તેનો ભાવ એ છે કે, પ્રતિકૂળ શબ્દાદિક વિષય જ્યારે શ્રવણ ઈન્દ્રિયોની સાથે સંબંધ ધરાવે ત્યારે એટલે કે આ સાંભળવામાં આવે ત્યારે સાધુએ "આ અનિષ્ઠ વિષય આવી પડયો છે" આ પ્રકારનું દુર્ધ્યાન (મનમાં દુઃખ) ન લગાડવું જોઈએ. ॥ ૧૧ ॥

કિંચ—" मंदा य फासा "–ઈત્યાદિ.

અન્વયાર્થ—य–च ફરી એ फासा–स्पर्शाः અનુકૂળ શબ્દાદિક વિષય मंदा–मन्दाः વિવેકીને પણ અવિવેકી બનાવી દે છે, મોહને ઉત્પન્ન કરનાર છે. તથા बहुलोभणिज्जा–बहुलोभनीयाः અતિશય રૂપથી ચિત્તને આકર્ષણ કરવાવાળા છે. એટલા માટે तहप्पगारेसु–तथा प्रकारेषु આ સ્પર્શાદિકમાં શબ્દાદિક વિષયમાં સાધુ मणं न कुज्जा–मनः न कुर्यात् મનમાં રાગદ્વેષ ન લાવે તથા રાગ અને દ્વેષના પરિહાર માટે સાધુ कोहं रक्खिज्ज–क्रोधं रक्षेत् ક્રોધથી બચતા રહે माणं विणएज्ज–मानं विनयेत् માનને દૂર કરતા રહે, मायं न सेवेज्ज–मायां न सेवेत માયાચાર કદી ન કરે, लोहं पहेज्ज–लोभं प्रजह्यात् અને લોભનો ત્યાગ કરે, ક્રોધ અને માન એ બન્ને દ્વેષરૂપ છે, માયા અને લોભ એ રાગ સ્વરૂપ છે. આનો ત્યાગ કરવાથી જ રાગદ્વેષનો પરિહાર થાય છે.

" जे संखया "–ઈત્યાદિ.

અન્વયાર્થ—जे–ये–જે परप्पवाई–परप्रवादिनः પરતીર્થિક છે, ते संखया–ते संस्कृताः તે બાહ્ય સંસ્કારથી યુક્ત એટલે કે સ્નાન ચંદનાદિક દ્વારા સંસ્કાર કરવાથી આત્મા અને શરીરની શુદ્ધિ માનવાવાળા છે. પરંતુ તાત્વિકશુદ્ધિને માનતા નથી. આથી तुच्छ–तुच्छाः તાત્વિકશુદ્ધિને ન માનવાથી તે નિઃસાર છે, અંતસ્તત્વથી શૂન્ય છે, એટલા માટે તો ते–ते તે पिज्जदोषाणुगया–प्रेमद्वेषानुगताः

રાગદ્વેષથી યુક્ત બનેલા છે. એથી તે परज्झा-परवशाः શબ્દાદિક વિષયોને આધીન થાય છે. જો પરતીર્થિક એવા છે તો આપણે શું કરવું જોઇએ? આ શંકાનું સમાધાન કરવા માટે-સૂત્રકાર કહે છે કે, - મુનિએ વિચારવું જોઇએ કે ए ए अह मा-एते अधर्माः પરતીર્થિક અધર્મના હેતુ હોવાને કારણે કાર્યના ઉપચારથી તે સ્વયં અધર્મ સ્વરૂપ છે. इति-इति એવું સમજીને दुगुंछमाणो-जुगुप्समानः તેના સ્વચ્છંદ આચરણરૂપ કાર્યની ઉપેક્ષા કરતાં કરતાં जाव सरीर भए-यावत् शरीर भेदः જ્યાં સુધી શરીરનો નાશ થતો નથી ત્યાં સુધી गुणे-गुणान् સમ્યગ્ દર્શનાદિક ગુણોના ઉપાર્જનની વાંચ્છના કરતા રહે. त्ति बेमि-इति ब्रवीमि હે જમ્બૂ! જેવું મેં ભગવાન મહાવીર સ્વામીની પાસેથી સાંભળ્યું છે. તેમણે જે કહ્યું છે. એવું આ હું તમને કહી રહ્યો છું. મારી બુદ્ધિથી કલ્પિત એવું કાંઈ પણ કહેતો નથી. ॥ ૧૩ ॥

આ ઉત્તરાધ્યયનસૂત્રની પ્રિયદર્શિની ટીકાનો અસંસ્કૃત નામનું ચોથું અધ્યયન સમાપ્ત ॥ ૪ ॥

## અકામ ઔર સકામ મરણ કે દો ભેદોં કા વર્ણન

## પાંચમું અધ્યયન

અસંસ્કૃત નામના ચોથા અધ્યયનનું વર્ણન આગળ કરવામાં આવ્યું છે. હવે પાંચમા અધ્યયનનો પ્રારંભ થાય છે. ચોથા અધ્યયનની સાથે આ પાંચમા અધ્યયનનો સંબંધ આ પ્રકારનો છે કે,-ચોથા અધ્યયનમાં "यावच्छरीरभेदः गुणान् कांक्षेत्" જે પાઠ આવે છે તેનો અભિપ્રાય એ છે કે, સાધુએ સમ્યગ્-દર્શનાદિકરૂપ ધર્મમાં મરણપર્યંત પ્રમાદ કરવો ન જોઈએ આથી તો આ વિષયમાં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, મરણ કેટલા પ્રકારનાં છે, તથા તેમાં કયાં મરણ હોય છે અને કયાં ઉપાદેય છે? આ શંકાના સમાધાન નિમિત્તે આ પાંચમા અધ્યયનનો પ્રારંભ થાય છે. તેની સર્વ પ્રથમ ગાથા આ પ્રકારે છે.

"अणवंसि" ઈત્યાદિ.

અન્વયાર્થ—अण्णवंसि–अर्णवे આ સંસાર સમુદ્ર તુલ્ય છે महोहंसि–महौघे કે જેમાં પ્રાણીઓની અનંત અને અત્યંત દુઃખદાયક એવી જન્મ મરણની પરંપરા જાણેકે એક મહાન પ્રવાહ જેમ ચાલતી જ રહે છે. एगे–एकः કોઈ કોઈ જીવજ–જેવાકે મહાપુરુષ આદિનાથ ભગવાનના વૃષભસેન ગણધર વિગેરે જેવા ભવ્ય જીવોજ तिण्णो–तीर्णः તેને તરીને સામે કાંઠે જઈ શકે છે. આ સંસારરૂપ સમુદ્ર दुरुत्तरे–दुरुत्तरे પાર કરવો નાનાં બચ્ચાંનાં ખેલ નથી પણ ઘણા જ કષ્ટથી પાર કરી શકાય છે. જે વ્યક્તિ સંસારસમુદ્રને પાર કરતાં આવી પડનારાં મહાન કષ્ટોને સહન કરી લ્યે છે, તેજ મહાપુરુષ આ સમુદ્રને સામે કાંઠે પહોંચી શકે છે. નહીંતર વચમાં જ ગોથાં ખાતાં ખાતાં પોતાનું જીવન સમાપ્ત કરે છે. इमं पण्हं–इमं प्रश्नम् આ સંસારરૂપી સમુદ્રને કયા મહાપુરુષે કઇ રીતે પાર કર્યો ? આ પ્રશ્ન महापन्ने–महाप्रज्ञः મહાપ્રજ્ઞાશાળી—જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણરૂપથી નષ્ટ થતાં સમસ્ત દ્રવ્યોના સમસ્ત ગુણ અને પર્યાયોનો વિષય કરવાવાળા એવા કેવળજ્ઞાનના અધિપતિ एगे–एकः એક તીર્થંકર નામ કર્મના ઉદયથી સર્વોત્કૃષ્ટ વિભૂતિ સંપન્ન હોવાના કારણે અદ્વિતીય એવા શ્રી વર્ધમાન સ્વામીએ तत्थ–तत्र દેવ મનુષ્યોની સભામાં उदाहरे–उदाहरेत् કહેલ છે. અર્થાત્ સંસારસમુદ્રને મહાપુરુષોએ કેવી રીતે પાર કર્યો ? આ પ્રશ્નનું સમાધાન તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીએ સમવસરણની વચમાં કર્યું છે.

ભાવાર્થ—આ સંસાર એક સમુદ્ર તુલ્ય છે. એમાં જન્મમરણની પરંપરા એ એક મહા પ્રવાહ જેવી છે. આ મહાપ્રવાહમાંથી પાર ઉતરવું એ દરેક જીવ માટે સુલભ વસ્તુ નથી. એમાંથી પાર ઉતરવું એ મહા કઠીન વાત છે. એમાંથી પાર ઉતરવાનું કાર્ય તો આદિનાથ પ્રભુના પ્રથમ ગણધર વૃષભસેન આદિ મહાત્મા જેવા ભવ્ય પ્રાણીજ કરી શકે છે. તેમણે સંસારસમુદ્રનો મહાપ્રવાહ કઈ રીતે પાર કર્યો ? આ પ્રશ્નનું સમાધાન શ્રી વર્ધમાનસ્વામીએ સમવસરણની વચમાં કર્યું છે. આ વિષયનું વર્ણન આ અધ્યયનમાં કરવામાં આવેલ છે. દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી એવી આ ચાર ગતિ જ આ સંસારરૂપી સમુદ્રનું પરિમંડળ છે. જન્મ, જરા (ઘડપણ) અને મરણરૂપી જળ એમાં ભરેલાં છે. સંયોગ અને વિયોગ એ આ સમુદ્રના તરંગો છે, આધિ, વ્યાધિ અને દ્રારિદ્રય વગેરેનાં દુઃખોથી ચિત્કાર કરતો એવો જે કરૂણ વિલાપ છે તે જ એનાં 'ઘર્ ઘર્' અવાજ છે. આઠ કર્મરૂપી પાષાણોની સાથે તે અથડાયા કરે છે, ક્રોધાદિક કષાયો એમાં પાતાલકળશ સ્વરૂપ છે, રાગદ્વેશ વિગેરે રૂપી જેમાં નક્ર અને મગરમચ્છ ઉછળી રહેલા છે આટલા બધા ભયવાળા એ સંસાર સમુદ્રને પાર કરવો ઘણો દુષ્કર છે તેમ સૂત્રકાર કહી રહ્યા છે. એવા આ સંસાર સમુદ્રને વક્ષ્યમાણ સકામમરણથી કોઈ કોઇ મહાપુરુષ જ પાર કરી શકયા છે– બધા નહીં. ગાથામાં જે "એક" પદ આવેલ છે, એનાથી સૂત્રકારે એ સૂચવ્યું છે કે, ભરતક્ષેત્રમાં એક કાળમાં એક જ તીર્થંકર થાય છે. ॥ ૧ ॥

ભગવાને જે કહ્યું છે તેને આ ગાથાદ્વારા સૂત્રકાર સ્પષ્ટ કરે છે "संतिमे" ઈત્યાદિ.

અન્વયાર્થ—मरणंतिया–मारणान्तिके મરણાસન્ન કાળમાં થવા વાળા संतिमे य दुवे ठाणा अक्खाया–इमे द्वे स्थाने आख्याते स्तः આ બે સ્થાન ભગવાને કહ્યાં છે–એક અકામ મરણ અને બીજું સકામ મરણ ॥ ૨॥

મુખ્યત્વે મરણ બે પ્રકારનાં છે–એક સકામમરણ અને બીજું અકામ મરણ. આ બે મરણમાંથી કયું મરણ કઈ વ્યક્તિનું થાય છે તથા કેટલીવાર થાય છે, આ વાત સૂત્રકાર આ નીચેની ગાથા દ્વારા સમજાવે છે–

"बालाणं अकामं तु" ઈત્યાદિ !

અન્વયાર્થ—बालाणं–बालानाम् સત્ અસત્‌ના વિવેકથી જે વ્યક્તિ વિકળ છે, તેનું अकामं मरणं–अकामं मरणं અકામ મરણ असइं भवे–असकृत् भवेत् અનેકવાર થાય છે. અકામમરણનો અર્થ એમ થાય છે કે માણસ ઇચ્છે કે મરણ ન આવે તો સારૂ છતાં મરણ થાય છે જ. એટલે આ રીતે થતું મરણ તે અકામ મરણ છે. કેમકે, કામભોગોમાં યુક્ત એવો અજ્ઞાની જીવ કદી પણ એવું ઈચ્છતા નથી કે મારૂં મરણ થવાનું છે, છતાં પણ મરણ તો થાય છે જ. આટલા માટે મરણની ઈચ્છા ન ધરાવનારનું મરણ થાય તે અકામ મરણ છે. વિષય રાગ પ્રત્યેની આસક્તિના કારણે તો તે જીવને ચારગતિ રૂપ સંસારમાં વારંવાર જન્મ લેવો પડે છે, અને વારંવાર મરણ પામવું પડે છે पंडियाणं सकामं मरणं–पंडितानां सकामं मरणं–જે ચારિત્ર સંપન્ન જીવ છે તેનું સકામ મરણ થાય છે. મૃત્યુના અવસરને તેઓ મરણને એક મહાન ઉત્સવ જેવો માને છે. એટલા માટે તેમને મરણજન્ય દુઃખનો જરા સરખોએ અનુભવ થતો નથી. મરણ આવે તો ભલે આવે એવી મરણની અભિલાષાથી જે મરણ થાય છે તેનું નામ સકામ મરણ છે. આ પ્રકારનું મરણ ચારિત્ર સંપન્ન પ્રાણીઓને જ થાય છે. આનો અભિપ્રાય ફક્ત એ છે કે, તેમને મરણ કાળ સમીપ આવતાં એ સમયે તેમને મરણજન્ય દુઃખ થતું નથી. આટલા માટે એ મરણ ઇચ્છાથી પ્રાપ્ત કરેલ સમાન ગણવામાં આવે છે. એટલે વાસ્તવમાં આ મરણ સકામ નથી. કારણ કે ચારિત્રવાન પુરુષોને મરણની અભિલાષા કરવી નિષેધ હોવાથી એવી ઈચ્છા કરતા નથી. કહ્યું પણ છે

" मा मा हु विचिंतेज्जा जीवामि चिरं मरामि य लहुं ति ।
जइ इच्छसि तरिउं जे संसारमहोदहिमपारं ॥ "

આ વાતને આગમ વાકયથી પુષ્ટ કરવામાં આવેલ છે–ચારિત્રવાન જીવે ન તો જલ્દીથી મરણ થાય તેવી અભિલાષા કરવી જોઈએ કે ન તો વધારે જીવવાની ઇચ્છા કરવી જોઈએ. કેમકે આ પ્રકારની અભિલાષા સંસાર સમુદ્રને પાર કરવામાં બાધક બની રહે છે. આવું સકામ મરણ ઉત્કૃષ્ટની અપેક્ષાથી એક જ વાર થાય છે. આ કથન કેવળીને લક્ષમાં લઈને જ કહેવામાં આવેલ છે. જે કેવળી નથી તે સંયમ જીવિતને મુક્તિના પ્રાપ્તિનો હેતુ હોવાથી દીર્ઘ-

કાળનું આયુષ્ય ઈચ્છતા રહે છે. આની અપેક્ષા એ મરણ સાત આઠ વખત પણ થાય છે. કેવળી કૃતકૃત્ય હોવાથી સંયમ જીવનને પણ ચાહતા નથી. આ કારણે તેમને આ જાતનું મરણ એકવાર જ થાય છે એવું કહેવામાં આવે છે. એનો કહેવાનો ભાવ એ છે કે, અસંયમી જીવોનું મરણ અકામ મરણ છે. અને સંયમી જીવોનું મરણ એ સકામ મરણ છે, એ સંયમી જીવોનું મરણ ઉત્કર્ષની અપેક્ષાએ એક વખત અને જઘન્યની અપેક્ષા સાત આઠવાર થાય છે. ॥૩॥

હવે પ્રથમ અકામ મરણનું વર્ણન કરતાં સૂત્રકાર કહે છે-"तत्थिमं" ઈત્યાદિ.

અન્વયાર્થ—तत्थ-तत्र મરણના બે પ્રકાર બતાવ્યા છે એક સકામ મરણ અને બીજું અકામ મરણ, આ બન્ને પૈકી इमं-इदम् અકામમરણ નામનાં पढमं ठाणं-प्रथमं स्थानं પ્રથમ સ્થાન અંગે महावीरेण देसियं-महावीरेण देशितम् અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ આ પ્રકારે કહ્યું છે जहा-यथा જેમ कामगिद्धे-कामगृद्धः વિષયલોલુપ बाले-बालः બાલ-હિતાહિતજ્ઞાન રહિત પ્રાણી भिसं-भृशम् અત્યંત कूराइं-क्रूराणि હિંસાદિક રૌદ્ર કર્મો સ્વભાવને કારણે શકિત હોવાને કારણે कुव्वइ-करोति કરે છે, અને જ્યારે પોતાની શક્તિ ન હોય ત્યારે તન્દુલમત્સ્યની માફક શરીરથી ન બની શકેતો મનથી પણ કરે છે. અને એ ક્રૂર કર્મો માનસિક રીતે કરતાં કરતાં તે તંદુલમત્સ્ય મરી જાય છે. અને આ રીતે આવેલું મરણ તે અકામમરણ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે-વિષય લોલુપ પ્રાણી હિંસાદિક ઘોર કર્મોને કરતો હોય અને છતાં પણ પોતાનું મરણ તો ન જ થાય તેમ ઈચ્છતો હોય છે છતાં પણ તે મરી જાય છે. એટલે કે પોતાના મરણના અંત સુધી તે જીવ અન્યની હિંસામાં જ રચ્યો પચ્યો રહે શરીર વડે બીજાને ન મારી શકે તો મનથી પણ બીજાનું મરણ ઇચ્છે. મરણાંતે પણ હિંસા ન છોડે આવા પ્રાણીનું મરણ એ અકામ મરણ છે. ॥ ૪ ॥

"जे गिद्धे कामभोगेसु" ઈત્યાદિ.

અન્વયાર્થ—जे गिद्धे कामभोगेसु-यः कामभोगेषु गृद्धः જે પ્રાણી વિષય ભોગોમાં લુબ્ધ બની રહીને एगे-एकः ક્રૂર કર્મી બનીને कुडाय गच्छइ-कूटाय गच्छति મૃગાદિ બંધનરૂપ દ્રવ્યકૂટ પાશમાં તથા મિથ્યાભાષણ આદિરૂપ ભાવકૂટમાં પ્રવૃત્તિ કરે છે તે એવું જાણીને કરે છે કે, मे-मे મેં परे लोए न दिट्ठे-परलोको न दृष्टः પરભવ આંખોથી તો જોયો નથી તેમજ इमा रई चक्खु दिट्ठा-इयं रतिः चक्षुर्दृष्टा કામભોગાદિક જે આ વર્તમાન સુખ છે તે તો પ્રત્યક્ષ આંખોથી દેખાય છે. આથી આંખો સામે નજરે પ્રત્યક્ષ દેખાતા સુખને છોડીને જે નજરે દેખાતાં નથી એવાં કહેવાતાં સુખોની ઈચ્છા ખાતર આત્માને કલેશ ભોગવતો કરવો એ ઠીક નથી.

ભાવાર્થ- આ સંસારમાં કેટલાક એવા પણ માણસો છે કે જે પરલોકને

સૂત્રકાર આ વાતને આ ગાથા દ્વારા પ્રગટ કરે છે–"हत्थागया" ઈત્યાદિ !

અન્વયાર્થ—इमे-इमे પ્રત્યક્ષરૂપમાં દેખાતા આ કામ ભોગ–શબ્દાદિક વિષય તો हत्थागया-हस्तागताः હાથમાં આવી પડેલા જ છે. જ્યારે ઈચ્છા થાય ત્યારે તેનો ઉપભોગ કરી શકાય છે, જેअणागया-ये अनागताः-પરંતુ જે હવે પછીના જન્મમાં મળનારા કામભોગો છે તે कालिया-कालिकाः કાલિક છે કાલાંતરમાં પણ મળે કે ન પણ મળે એવા અનિશ્ચિત પ્રાપ્તિ વાળા છે. વળી એ को जाणइ-को जानाति જાણે છે પણ કોણ કે परलोए अत्थि-परलोकः अस्ति પરલોક છે वा-अथवा के पुणो-पुनः ફરી नत्थि-नास्ति નથી ? આવા સંશયુક્ત એવા કહેવાતા પરભવમાં કામભોગ મળશે કે કેમ એનું જ્યાં નિશ્ચિત નથી ત્યારે આ ભવમાં પ્રાપ્ત થયેલાં પ્રત્યક્ષ કામભોગોનો ત્યાગ કરવો તે બુદ્ધિશાળીનાં લક્ષણ નથી.–આ જાતની તેમની–અકામ મરણવાળાઓની માન્યતા હોય છે.

સૂત્રકાર આ વાતને આ ગાથા દ્વારા પ્રગટ કરે છે–"हत्थागया" ઈત્યાદિ !

અન્વયાર્થ—इमे-इमे પ્રત્યક્ષરૂપમાં દેખાતા આ કામ ભોગ–શબ્દાદિક વિષય તો हत्थागया-हस्तागताः હાથમાં આવી પડેલા જ છે. જ્યારે ઈચ્છા થાય ત્યારે તેનો ઉપભોગ કરી શકાય છે, જેअणागया-ये अनागताः-પરંતુ જે હવે પછીના જન્મમાં મળનારા કામભોગો છે તે कालिया-कालिकाः કાલિક છે કાલાંતરમાં પણ મળે કે ન પણ મળે એવા અનિશ્ચિત પ્રાપ્તિ વાળા છે. વળી એ को जाणइ-को जानाति જાણે છે પણ કોણ કે परलोए अत्थि-परलोकः अस्ति પરલોક છે वा-अथवा के पुणो-पुनः ફરી नत्थि-नास्ति નથી ? આવા સંશયુક્ત એવા કહેવાતા પરભવમાં કામભોગ મળશે કે કેમ એનું જ્યાં નિશ્ચિત નથી ત્યારે આ ભવમાં પ્રાપ્ત થયેલાં પ્રત્યક્ષ કામભોગોનો ત્યાગ કરવો તે બુદ્ધિશાળીનાં લક્ષણ નથી.–આ જાતની તેમની–અકામ મરણવાળાઓની માન્યતા હોય છે.

ભાવાર્થ—વિષયભોગોમાં લોલુપ થયેલ અજ્ઞાની પ્રાણી એવો વિચાર કરે છે કે, આ ભવમાં જે કાંઈ હાથમાં આવેલ છે તેમાંજ જે છે તે બધું જ છે, પરલોકનો તો કોઈ નિશ્ચય પણ નથી, હોય પણ ખરો અને ન પણ હોય. આવી સ્થિતિમાં પ્રાપ્ત થયેલા સુખોનો પરિત્યાગ કરી અપ્રાપ્તની આશા કરવી એ જાંજવાના જળ જેવું છે, આ પ્રકારની માન્યતા ધરાવનાર જીવોનું જે મરણ થાય છે તે અકામ મરણ છે. ॥ ૬ ॥

કોઈ પ્રકારે પરલોક છે એવો વિશ્વાસ, શ્રદ્ધા પણ કદાચ બેસી જાય તો પણ જે અજ્ઞાની–બાલજન છે તેનાથી કામનો ત્યાગ થવો એ ઘણો જ દુર્લભ છે. એ વાતને સૂત્રકાર આ ગાથા દ્વારા સમજાવે છે—" जणेण सद्धिं " ઇત્યાદિ !

અન્વયાર્થ—આવા માણસો તો એમ જ કહે છે કે, जणेण-जनेन હું તો લોકોની सद्धिं-सार्धं સાથે होक्खामि-भविष्यामि રહીશ–અર્થાત્ મોટા ભાગના

લોકો સંસારના ભોગોમાં આસક્ત થઇ રહ્યા છે-આથી એમની જે ગતિ થશે તેજ ગતિ મારી પણ થશે. મારે શા માટે આ સઘળાથી જુદા પડી નવે ચીલે ચાલવું જોઇએ? इइ-इति આ પ્રકારે बाले-बालः અજ્ઞાની પ્રાણી पगब्भइ-प्रगल्भते ધૃષ્ટતાનું અવલંબન કરે છે. અર્થાત્ વ્યર્થમાં બકવાદ કરે છે અને પોતે વિનાશના અવળા પંથે જાય છે. સાથે સાથે બીજાને પણ વિનાશના અવળે રસ્તે ચઢાવે છે. અહીં "होक्खामि" આ પદની છાયા "भविष्यामि" ની જગાએ "भोक्ष्यामि" એમ પણ થાય છે. એનો ભાવાર્થ આ પ્રકારનો છે—જે રીતે આ સઘળા લોકો પોતાની પત્ની, પુત્ર પૌત્રાદિક વિગેરે કુટુંબનું પાલન કરે છે, એ રીતે હું પણ મારા સ્વજનોનું પાલન કરીશ. આવી રીતે કુટુંબ કબીલાનું પાલન પોષણ કરનાર એ લોક મગજના ચસ્કેલા પાગલો થોડા જ છે? આવી ઉછાંછળી અને મનમાની વાતો અજ્ઞાની જીવો કહ્યા કરે છે, વાતોનાં વડાં કર્યા કરે છે પણ સદ્‌માર્ગે જવામાં જરાએ પ્રયત્નશીલ થતા નથી. स च बालः આ પ્રકારના દાખલા દલીલોથી સંતોષ માનનારા એ અજ્ઞાનબાલ જીવો कामभोगाणुराएणं-कामभोगानुरागेण શબ્દાદિક વિષયોની આસક્તિના કારણે केसं संपडिवज्जई-क्लेशं-संप्रतिपद्यन्ते આ લોક તથા પરલોકમાં અનંત દુઃખોને ભોગવતા રહે છે.

ભાવાર્થ—આ ગાથા દ્વારા સૂત્રકારે અજ્ઞાની બાલ જીવોની વિચારધારા પ્રગટ કરી છે. તેઓ આ દ્વારા એવું દર્શાવે છે કે, જે અજ્ઞાની જનો હોય છે તે એમ જ વિચાર કરે છે કે, આ સંસારના સઘળા માણસો કાંઈ પાગલો નથી કે ઘરબાર, પુત્ર, પત્ની, ધન, કુટુંબમાં રાચે છે અને પ્રાપ્ત થએલા કામ-ભોગો ભોગવી રહ્યા છે! અને જે સૌનું થશે તે મારૂં થશે. આ બધું ભોગવતાં તેમની જે ગતિ થશે. તે ગતિ મારી પણ થશે. એમાં બીવાની શી જરૂર છે? આ બધાથી જુદો પડીને મારે મારી પંડિતાઈનું ડહાપણ ડહોળવાની શી જરૂર? જે ભોગવ્યું તે ખરૂં. જેમ સૌ ચાલે તેમ આપણે ચાલવું એમાં જ આપણું ભલું છે. ભોગવ્યું તે ખરૂં દુનીયાથી જુદા પડવાનું આપણું કામ નથી. એમાં લાભેય શો છે? આવી વિચાર ધારા તર્ક અને કલ્પનાઓથી ઓતપ્રોત બની રહેલાં એ અજ્ઞાની જીવો રાત દિવસ આ લોકમાં તેમજ પરલોકમાં અનંત દુઃખોને ભોગવ્યા કરે છે. આવા જીવોનું થતું મરણ તે અકાળ મરણ છે. કારણ કે તેમને મરણ ગમતું નથી છતાં પણ તેમનું મરણ તો થાય છે જ. ॥ ૭ ॥

## પ્રયોજન સે યા બિના પ્રયોજન સે પ્રાણિવધ કરને કે વિષયમેં અજાપાલ કા દ્રષ્ટાંત

આ વિષયની પુષ્ટિમાં સૂત્રકાર કહે છે—"तओ से दंडं" ઇત્યાદિ.

અન્વયાર્થ—तओ-ततः એ કામભોગોના અનુરાગથી से-सः તે અજ્ઞાની જીવ त्रसेसु-त्रसेषु ત્રસજીવોની ઉપર च અને थावरेसु-स्थावरेषु સ્થાવર જીવોની ઉપર अट्ठाए य अणट्ठाए-अर्थाय च अनर्थाय અગરતો કોઈ પણ જાતના હેતુ વગર પણ મન વચન અને કાયાથી दंडं-दंडम् અનેક પ્રકારના પિડાકારક પ્રયોગોને समारभइ-समारभते કરતો રહે છે. અને भूयगामं विहिंसई-भूतग्रामं विहिनस्ति પ્રાણીઓના સમૂહોનું અનેક પ્રકારથી સંહાર કરતો રહે છે. આતાપના વિગેરેથી દુઃખી-ત્રાસી ગએલો જે જીવ છાયા આદિની તરફ પોતાની ઈચ્છાથી ચાલ્યા જાય છે તે ત્રસ જીવ છે. આ કેવળ વ્યુત્પત્તિલભ્ય અર્થ છે. આવી જ રીતે ઠંડી તેમજ આતાપના આદિથી દુઃખી થએલો જીવ જે-તે સ્થળેથી બીજે સ્થળે સ્થાનાંતર કરવામાં જે અસમર્થ છે, તે સ્થાવર છે. આ પણ વ્યુત્પત્તિ-લભ્ય અર્થ છે. પણ વાસ્તવમાં ખરેખર તો જે ત્રસનામ કર્મના ઉદયથી ઉત્પન્ન થયા છે તે ત્રસ અને સ્થાવર નામ કર્મના ઉદયથી જે યુક્ત છે તે સ્થાવર છે એવો અર્થ જાણવો જોઈએ.

ભાવાર્થ—કામભોગના અનુરાગથી અજ્ઞાની જીવ ત્રસ અને સ્થાવર જીવોને અનેક પ્રકારથી કારણસર કે વગર કારણે પણ પોતાની ઈચ્છા ખાતર સદા ત્રાસ આપતા હોય છે. પણ તેના પરીણામનો તેમને ખ્યાલ નથી હોતો તેમની આ પ્રકારની પ્રવૃત્તિથી નિર્દોષ જીવોને કેટલો ત્રાસ થાય છે, કેટલાનો વિના વાંકે સંહાર થાય છે.

હેતુસર-કારણસર અથવા કોઈ પણ જાતના પ્રયોજન વગર પ્રાણી વધ કરવા ઉપર ભરવાડનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.—

કોઈ એક ગામમાં ઘેટાં બકરાંને પાળનાર એક ભરવાડ રહેતો હતો તેનું નામ દુર્મતિ હતું. તે રોજ બકરીઓ ચરાવવા જંગલમાં જતો હતો. ચરાવતાં ચરાવતાં જ્યારે મધ્યાહ્નનો સમય થતો ત્યારે તે એક વડલાની છાયામાં બેસી જતો અને તેની સાથેની સઘળી બકરીઓ પણ એ વડલાની છાયા નીચે બેસી

જતી. તે ભરવાડ ત્યાં બેસીને નવરો બેઠો એક નાની એવી ગીલોલ બનાવતો અને તેના ઉપર બોરનો ઠળીયો ચઢાવીને તે વડે એ વડલાનાં પાંદડાંને છેદવાની રમત રમ્યા કરતો. જ્યાં સુધી તે ત્યાં વડલા નીચે બેસી રહેતો ત્યાં સુધી નવરો બેઠો આજ કામ કર્યા કરતો. આથી તે વડલાનાં સઘળાં પાંદડાં છીદ્રાળાં થઈ ગયાં. કોઇ એક દિવસે પોતાના મોટાભાઇથી તિરસ્કારાએલો એવો એક રાજકુમાર એ સ્થાને આવી પહોંચ્યો. તેણે વડના દરેક પાંદડાંને વીંધાયેલાં જોયાં, જેથી આશ્ચર્ય સહિત તેણે તે ભરવાડને પૂછ્યું કે, આ વડલાનાં તમામ પાંદડાંને કોણે વીંધી નાખ્યાં ? તેની તમને ખબર છે ? રાજકુમારની વાત સાંભળીને ભરવાડે કહ્યું, મારા સિવાય અહીં બીજું કોણ છે કે જે એ કામ કરે ? મેં જ એ કામ કર્યું છે. બપોરના વખતે બકરીઓ ચરીને જ્યારે આ વડલાની નીચે છાયામાં બેસે છે ત્યારે હું પણ આ સ્થળે આરામ કરૂં છું અને સમય વિતાવવા માટે આ ગિલોલમાં બોરનો ઠળીયો ચઢાવીને રમત રમું છું અને રમત કરતાં કરતાં પાંદડાં છેદયા કરૂં છું. રાજકુમારે તેની આ પ્રકારની કુશળતા – તિરંદાજીપણું જાણીને વિચાર કર્યો કે, મારા મોટાભાઈ કે જેણે મને રાજ્યની બહાર કાઢી મૂકયો છે તેનો ઘાટ ઘડવા માટે મને આ ઘણો ઉપયોગી થઈ પડશે. આ પ્રમાણે વિચાર કરીને તે રાજકુમારે તેના પાંદડાં છેદવાના કાર્યની ભારે પ્રસંશા કરી અને ઘણું દ્રવ્ય આપીને કહ્યું કે, શું તમે હું કહું તે માણસની બન્ને આંખો ફોડી શકો ખરા ? ભરવાડે તેના ઉત્તરમાં કહ્યું કે, હા ! ફોડી શકું છું. તેની એ વાત સાંભળીને રાજકુમાર તેને એક શહેરમાં લઇ ગયો અને ત્યાં તેને એક ગુપ્ત મકાનમાં રાખ્યો. એક દહાડો તે રાજપુત્રનો મોટો ભાઇ કે જે રાજા હતો તે ઘોડા ઉપર બેસીને ત્યાંથી નીકળ્યો. રાજપુત્રે તે ભરવાડને બતાવીને કહ્યું કે, જુઓ ! આ ઘોડા ઉપર બેસીને જાય છે, તેની બન્ને આંખો ફોડી નાખો. રાજપુત્રની આ વાત સાંભળીને તેણે પોતાની ગીલોલ ઉપર ગોળી ચડાવી અને જોત જોતામાં રાજાની બન્ને આંખો ફોડી નાખી. સમય જતાં એ રાજપુત્રને રાજ્ય મળી ગયું. એટલે તેણે તે ભરવાડને કહ્યું કે–કહો ! તમારી મહેનતનો તમને શું બદલો આપું ? રાજકુમારની વાત સાંભળીને ભરવાડે કહ્યું કે, હું જ્યાં રહું છું તે ગામ મને ઈનામમાં આપી દો. આ નવા રાજાએ પ્રસન્ન થઇને તેની માગણીનો સ્વીકાર કર્યો અને તેને તે ગામ ઈનામમાં આપી દીધું. આ કથાથી કેવળ એ ભાવ નીકળે છે કે, તે ભરવાડે કોઇ પણ જાતના પ્રયોજન વગર તે વડનાં પાંદડાંનું છેદન કર્યું અને જે રાજાની બન્ને આંખો ફોડી તે તેણે પ્રયોજન વશ થઈને ફોડી હતી. આથી જે કોઇ અન્ય જીવ પણ મન, વચન અને કાયાથી જે દંડત્રયનો આરંભ કરે છે–સંહાર કરે છે. તેવી તેની ક્રીયા હેતુ પૂર્વક પણ હોઇ શકે કે વગર હેતુએ પણ આવી રીતે પ્રાણી સમૂહની હિંસા કરતા રહે છે. ॥ ૮ ॥

## હિંસાદિ મેં આસત્ક રહને વાલોં કા કથન

કિંચ—" हिंसे बाले " ઈત્યાદિ.

અન્વયાર્થ—बाले-बालः આવા અજ્ઞાની જીવ हिंसे-हिंस्रः હિંસક હોય છે, मुसावाई-मृषावादी મિથ્યા ભાષણ કરનાર હોય છે माइल्ले-मायावी કપટી હોય છે, पिसुणे-पिशुनः બીજાના દોષોને ઉઘાડા પાડનાર હોય છે, सढे-शठः વિપરીત વેશ ભૂષા આદિ દ્વારા પોતે પોતાની જાતને જુદા જુદા સ્વરૂપમાં બતલાવનાર હોય છે, सुरं मासं भुंजमाणे-सुरां मांसं भुंजानः દારૂ અને માંસ ખાઈપીને एयं सयंति मन्नइ-एतत् श्रेयः इति मन्यते તે કહેતા ફરે છે કે, આ હિંસાદિક ક્રિયાઓ કલ્યાણ કારક છે.

ભાવાર્થ—અજ્ઞાની પ્રાણી હિંસાદિક પાપોમાં રચ્યો પચ્યો બનીને પોતે પોતાને ઘણોજ સારો માને છે, અનર્થ તો તેને ઘણો પ્રિય જ હોય છે. વળી તે કહે છે કે, માંસભક્ષણ મદ્યપાન અને કુશીલ સેવનમાં તો કોઈ દોષ જ નથી ॥૯॥

## ધન ઔર સ્ત્રી આદિમેં ગૃદ્ધ બને હુવે કે કર્મ બન્ધ કા વર્ણન

" कायसा वयसा " ઇત્યાદિ.

અન્વયાર્થ—તે અજ્ઞાની પ્રાણી कायसा वयसा मत्ते-कायेन वचसा मत्तः શરીરથી અને વચનથી સદા ગર્વિત રહે છે—જાણે હું જ બળવાન છું, હું જ રૂપવાળો છું આ પ્રકારે ફુલાયા કરે છે. હું મારા વચનોથી ભલભલા મનુષ્યોને વશ કરી શકું છું, આ રીતે પોતાની વાણીથી પોતાની પ્રશંસા કર્યા કરે છે—એનું નામ જ વચનથી ગર્વિત થવું એ છે, ઉપલક્ષણથી તો તે મનથી પણ મત્ત બને છે—હું જ ધારણા આદિ શક્તિથી સંપન્ન છું એવું માન્યા કરે છે. तथा वित्ते गिद्धे य इत्थिसु-वित्ते स्त्रीषु च गृद्धः એવો બાલજીવ ધનમાં અને સ્ત્રીઓમાં ઘણીજ આસક્તિ રાખ્યા કરે છે. " वित्ते गृद्धः " આ પદ અદત્તાદાન અને પરિગ્રહનું ઉપલક્ષક છે.

કેમકે, વિત્તની गृद्धि થીએ બન્નેનું ગ્રહણ થાય છે. તથા "स्त्रीषु गृद्धः" આ પદથી તે મૈથુન ક્રિયામાં ખૂબ જ આસક્ત રહ્યા કરે છે. એવું સૂચિત થાય છે કારણ કે, તે સ્ત્રીને જ સંસારમાં સારભૂત માન્યા કરે છે. કહ્યું છે કે—

"सत्यं वच्मि हितं वच्मि, सारं वच्मि पुनः पुनः ।
अस्मिन्नसारे संसारे, सारं सारङ्गलोचना" ॥

જે સ્ત્રીમાં આસક્ત હોય છે તે મૈથુન સેવનાર હોય છે. આ પ્રકારના બાલ–અજ્ઞાની જીવની શું હાની થાય છે? આ વાત "दुहओ" ઈત્યાદિ. આગળના પદો દ્વારા સૂત્રકાર સ્પષ્ટ કરે છે કે એ બાલજીવ दुहओ-द्विधा રાગદ્વેષરૂપ અથવા અન્તરંગ પ્રવૃત્તિ, તેમજ બહિરંગ પ્રવૃત્તિરૂપ એમ બન્ને પ્રકારથી मलं-मलम् મલ–જ્ઞાનાવરણીય સહિત આઠે પ્રકારનાં કર્મોનો संचिणइ-संचिनोति સંચય કર્યા કરે છે. सिसुणागु व्व-शिशुनाग इव જેમકે અળસીયા જેવો બે ઈંદ્રિયવાળો જીવ વિશેષ मट्टियं-मृत्तिकाम् સ્નિગ્ધ શરીરવાળો હોવાથીબહારથી એ માટીથી રગદોળાએલો રહ્યા કરે છે, તેમજ માટી ખાઈને શરીરમાં જ માટી ભરે છે. તેમજ જેવી રીતે ઉંદરનું શરીર બહારથી પણ માટીથી મલીન બનેલું હોય છે. તેમજ તેજ માટી ખાઈને પાછો શરીરમાં ભરે છે. એ રીતે તે અંદર બહાર બન્ને જગાએ ગંદવાડ–મળનો જ સંગ્રહ કરે છે. આજ રીતે બાલ અજ્ઞાની જીવ પણ રાગ અને દ્વેષ અન્તરંગ અને બહિરંગ વૃત્તિથી જ્ઞાનાવરણીયાદિક રૂપ મળનો સંચય કરતો રહે છે. આ દૃષ્ટાંતથી સૂત્રકાર એ કહેવા માગે છે કે–જે પ્રમાણે અળસીયું બહારથી તેમજ અંદરથી પણ માટીથી જ રગદોળાએલું હોય છે. અને જ્યારે તે ભીની માટી ચોંટેલા શરીર સાથે બહાર નીકળે છે ત્યારે સૂર્યનાં કિરણો તેના ઉપર પડવાથી તેના શરીર ઉપરની માટી સુકાઇ જાય છે. તે સાથે તેનું શરીર પણ તરડાવા માંડે છે. અને તેથી ઘણી વેદના તેને ભોગવવી પડે છે. અને અંતે તેનો નાશ થાય છે એજ રીતે જે બાલ અજ્ઞાની જીવ હોય છે તે પણ જ્ઞાનાવર્ણીયાદિક કર્મોના મળથી રગદોળાએલા રહે છે, અને તે કર્મોના ઉદય કાળમાં આજ જન્મમાં તરેહ તરેહનાં કષ્ટોને ભોગવતાં ભોગવતાં દુઃખી થતાં નાશ પામે છે. અર્થાત્ મન વચન અને કાયાથી મત્ત બનેલો બાલજીવ ધન અને સ્ત્રી આદિ પદાર્થોમાં આસક્ત બનીને દ્રવ્ય કર્મ અને ભાવ કર્મરૂપી મેલથી સદા મલીન થતો રહે છે. અંતમાં એની દશા અળસીયાંના જેવી થાય છે.—

## ધન ઔર સ્ત્રી આદિમેં ગૃદ્ધ રહને વાલે કે રોગાવસ્થા પ્રાપ્ત હોને પર પશ્ચાતાપ કા વર્ણન

" तओ पुट्ठो" ઈત્યાદિ.

અન્વયાર્થ—तओ-ततः આઠ પ્રકારનાં કર્મરૂપી મેલનો સંચય કર્યા પછી અથવા આરંભ આદિથી ઉપાર્જીત કર્મરૂપ કારણથી થવાવાળા **आयंकेणं-आतंकेन** આશુ પ્રાણાપહારક શૂલ વિસૂચિકા આદિ રોગથી **पुट्ठो-स्पृष्टः** ઘેરાઈને **गिलोणो-ग्लानः** પછી દુઃખી થનાર તથા **अप्पाणो कम्माणुप्पेहि-आत्मनःकर्मानुप्रेक्षी** પોતાનાથી કરાયેલા હિંસાદિક કર્મોનું ચિંતવન કરવાવાળા એવા બાલજીવ **परलोगस्स पभीओ-परलोकस्य प्रभीतः** પરલોકનો અત્યંત ભય પામીને એ **परितप्पइ-परितप्यते** ભયને કારણે બહારથી અને અંદર ખાનેથી દુઃખી થયા કરે છે. જે વિષયાસક્ત જીવ હોય છે તેને મરણકાળે ખૂબ પશ્ચાત્તાપ થયા કરે છે.

ભાવાર્થ—જે બાલજીવ છે તે જ્યારે આઠ પ્રકારનાં કર્મોના સંચમના ઉદયથી અનેક પ્રકારના આતંક-શૂળ વિસૂચિકા આદિ રોગોથી ઘેરાઈને દુઃખ ભોગવે છે ત્યારે તેને એ ઘડીએ બીચારો આવે છે કે અહો, મેં પહેલાં જે હિંસાદિક ઘણાં કર્મો કર્યા છે તેનો જ આ વિપાક છે. મારાં જ કરેલા અશુભ કર્મોના પરીપાકથી જ્યારે અહિયાં જ દુઃખી થઈ રહ્યો છું અને કોઇ બચાવી શકતું નથી. તો પરલોકમાં જ્યારે આ કર્મોનાં ફળ ભોગવવાનાં આવશે ત્યારે કયો મારો સગલો મને શાંતિ પમાડવા આવશે ? આ રીતે જ્યારે મરણ કાળ સમીપ આવે છે ત્યારે પોતાનાં કુકર્મો તેને યાદ આવે છે અને કર્મોનું પરીણામ જે ભોગવવું પડવાનું છે તેને યાદ કરી કરીને મરણ સમયે તે આત્મા ઘણો જ દુઃખી થાય છે, કહ્યું પણ છે—

भवित्रीं भूतानां परिणतिमनालोच्य नियतां,<br>
पुरा यद्यत् किंचिद् विहितमशुभं यौवनमदात् ।<br>
पुनः प्रत्यासन्ने महति परलोकैकगमने,<br>
तदेवैकं पुसां व्यथयति जराजीर्णवपुषाम् ॥ १ ॥

"વિદાયની એ અંતિમ પળોમાં તે વિચારતો રહે છે કે, મેં યૌવાનના મદમાં આવીને મારા ભવિષ્યનો કાંઈ પણ વિચાર ન કર્યો, હવે આ મૃત્યુની વેળા નજીક આવી ગઈ છે આ વખતે એ પાપનું શોધન થવું ઘણું જ મુશ્કેલ કામ છે. વૃદ્ધાવસ્થાને કારણે ઈન્દ્રિયો પણ શિથિલ બની રહી છે, શરીર પણ જીર્ણ શીર્ણ થઇ રહ્યું છે. આવી અવસ્થામાં હવે હું શું કરૂં ? મેં ભયંકર એવી ભૂલ કરી છે કે એ વખતે કાંઇપણ વિચાર કર્યો નહીં. પોતાના જીવનને સુંદર અને સફળ બનાવવાની કોઈપણ ચેષ્ટા ન કરી. ॥ ૧૧ ॥

રોગગ્રસ્ત થયેલો એ બાલજીવ જે પ્રકારે સંતાપ ભોગવે છે તેને સૂત્ર-કાર નીચેની ગાથા દ્વારા પ્રગટ કરે છે—" सुयामे नरए "—ઇત્યાદિ.

અન્વયાર્થ—मे-मया મેં રત્નપ્રભા વિગેરે પૃથિવીરૂપ નરકોમાં ठाणा-स्थानानि કુંભી, વૈતરણી, અસિપત્ર વન આદિરૂપ અથવા પલ્યોપમ સ્થિતિરૂપ સ્થાનોને सुया-श्रुतानि આચાર્ય સાધુ મહારાજ વિગેરે પાસેથી સાંભળી છે. તેમજ असीलाणं च-अशीलानां च દુરાચારી અને कूरकम्माणं-क्रूर कर्मणाम् હિંસાદિક કર્મોના કરવાવાળા बालाणं-बालानाम् અજ્ઞાની જીવોની जा गई-या गतिः જે ગતિ નરક નિગોદાદિકમાં થાય છે તે પણ સાંભળ્યું છે. जत्थ-यत्र જે ગતિમાં એ જીવોને पगाढाः वेयणा-प्रगाढाः वेदनाः પ્રકૃષ્ટ શીત તેમજ ઉષ્ણ આદિની વેદના થાય છે એ પ્રમાણે બાલજીવ રોગગ્રસ્ત થતા તે સમયે વિચાર કરે છે કે, મારી પણ આ પ્રકારની ગતિ થશે. અને આ પ્રકારે વિચરતાં વિચરતાં અત્યંત દુઃખી થયા કરે છે.

ભાવાર્થ જ્યારે બાલજીવ જે સમયે રોગગ્રસ્ત થાય છે ત્યારે તે રત્નપ્રભા આદિ નરકોના સ્થાનોનો તથા અન્ય અજ્ઞાની જીવોની ગતિઓનો વારંવાર વિચાર કરી વધારે સંતપ્ત થતો રહે છે. કેમ કે, તે એમજ સમજી લ્યે છે કે, જે તેમની ગતિ થઈ છે તેજ ગતિ મારી થવાની છે. ॥ ૧૨ ॥

" तत्थोववाइयं "—ઇત્યાદિ.

અન્વયાર્થ—तत्थ-तत्र એ નરકોમાં ओववाइयं ठाणं-औपपातिकं स्थानम् ઔપપાતિક સ્થાન जहा-यथा જે પલ્યોપમ સાગરોપમ રૂપથી છે मे य मणुस्सुयं-तत् मे अनुश्रुतम् આ વાત મેં ગુરુની પાસેથી સાંભળી છે. ગર્ભાવસ્થામાં તીવ્ર દુઃખ તો જીવોને થાય છે, પરંતુ ત્યાં ખરેખર છેદનભેદનજન્ય દુઃખ થતાં નથી. જ્યારે ઔપપાતિક જન્મમાં તો અન્તર્મુહૂર્તના અંતરમાં જ નરકના જીવોને મહાવેદના થવા માંડે છે, પણ એ વેદના એવી નથી હોતી કે, જે અંતર સહિત હોય એટલે કે જરા પણ વિરામનો ગાળો હોય. પરંતુ તે તો અંતર રહિત નિરંતર થતી જ રહે છે, જ્યાં સુધી વિવક્ષિત નરકની સ્થિતિ તે જીવની સમાપ્ત નથી થઈ જતી, ત્યાં સુધી એ નરકજીવને ત્યાં જન્મથી લઈને મરણ પર્યન્ત મહાવેદના થતી જ રહે છે. એક ઘડી પણ શાંતિની જતી નથી. ત્યાં જીવોનું અકાલ મરણ પણ થતું નથી. આ પ્રકારનો વિચાર કરતો એ બાલજીવ पच्छा-पश्चात् મરણના અંતિમ કાળે अहाकम्मेहिं-यथा कर्मभिः ગમિષ્યમાણ ગત્યનુરૂપ એટલે કે જે ગતિમાં તેને જવાનું છે તે ગતિને અનુરૂપ કર્મો દ્વારા જે તીવ્રથી પણ તીવ્ર આદિ અનુભવોથી પણ યુક્ત થાય છે. અને તેને અનુરૂપ એ પ્રકારના સ્થાનમાં જતાં જતાં परितप्पइ-परितप्यते સંતાપતો રહે છે — " દુષ્કર્મ કરવવાળા એવા મને ધિક્કાર છે, મન્દભાગ્યવાળો એવો હું હવે શું કરૂં ? " જીવના અન્તિમ સમયે આ પ્રકારનો વિચાર કરતાં કરતાં શોકથી પરાભૂત થતો રહે છે. ॥ ૧૩ ॥

## શાકટિક કે દ્રષ્ટાંત સે ધન સ્ત્રી આદિ મેં રત રહને વાલે કે પ્રશ્ચાતાપ કા વર્ણન

આ વિષયને સૂત્રકાર દૃષ્ટાંત દ્વારા સમર્થન કરે છે—"जहा सागडिओ"-ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा-यथा જેમ કોઈ એક सागडिओ-शाकटिको ગાડીવાળો जाणं-जानन् જાણવા છતાં પણ समं-समं સમતલભૂમિ કાંકરા પત્થર વગરની महापहं-महापथम् રાજમાર્ગવાળી ભૂમિને हिच्चा-हित्वा છોડીને विसमं-विषमम् ઉંચા નિચા તેમજ ખાડાખડીયાવાળા દુર્ગમ मग्गम्-मार्गं માર્ગ ઉપર ओइण्णो-अवतीर्णः પોતાની ગાડીને હાંકે છે અને એને કારણે ખાડામાં પડવાને કારણે પત્થર સાથે ટકરાવાને કારણે अक्खे भग्गंमि-अक्षे भग्ने ગાડાની ધરી તૂટી જાય છે ત્યારે તે सोय इ-शोचति રડવા બેસે છે કે "આ મારોજ દોષ છે કે હું મારી ગાડીને રાજ માર્ગ પર ન ચલાવતાં ખાડા ટેકરાવાળા ઘણા વિષમ માર્ગ ઉપર લઈને આવ્યો અને તે મારા જ દોષને કારણે મારૂં ગાડું ભાંગી ગયું આ પ્રમાણે તે ફરીફરીને પશ્ચાત્તાપ કરવા લાગે છે કે "હું यानं शोचति સન્માર્ગે ગાડું લાવ્યો હોત તો સારૂં" ગાડું ભાંગી ગયા પછી શોક કરવાથી કોઇ અર્થ સરતો જ નથી.

ભાવાર્થ—બાલ અજ્ઞાની જીવ વિચાર કરે છે કે, મારે જે કાંઇ યાતનાઓ એ નરકના સ્થાનમાં ભોગવવી પડશે. તેમાં બીજા કોઈનો પણ દોષ નથી. બધો મારો જ દોષ છે. રાજમાર્ગ છોડીને ખાડા ટેકરાવાળા વિષમ સ્થાનમાં ચલાવવાને કારણે ગાડાની ધરી જેમ તુટી જાય છે અને એ કારણે તે ગાડી નકામી થઈ જાયછે તો તેમાં ગાડાનો શું અપરાધ છે. ચલાવનારનો અપરાધ છે. એવી રીતે સરળમાર્ગ છોડીને ભારે વિષમમાર્ગે જવાથી જ મારી આ દશા થાય એમાં હું જ જવાબદાર છું ॥૧૪॥

આ દૃષ્ટાન્ત ઉપરથી સૂત્રકાર હવે આપણને દૃષ્ટાન્ત દ્વારા સમજાવે છે- "एवं धम्मं"-ઈત્યાદિ.

અન્વયાર્થ—एवं-एवं ગાડી હાંકનારની માફક बाले-बालः બાલ અજ્ઞાની જીવ धम्मं-धर्मम् શ્રુત ચારિત્રરૂપ અથવા क्षान्ति આદિરૂપ ધર્મનું विउक्कमं-व्युत्क्रम्य વિશેષ રૂપથી ઉલંઘન કરી अहम्मं-अधर्मम् પ્રાણાતિપાતરૂપ અધર્મનો पडिवज्जिया-प्रतिपद्य સ્વીકાર કરી मुच्चुमुहंपत्ते-मृत्युमुखं प्राप्तः મૃત્યુંના મોઢામાં પહોંચી જતાં अक्खे भग्गे व सोयइ-अक्षे भग्ने इव शोचति ધરીના તૂટી જવાથી એ ગાડી ચલાવવાવાળાની જેમ સંતાપ કરે છે. આનું તાત્પર્ય આ પ્રમાણે છે—જેમ ધરી તૂટવાથી ગાડી ચલાવનાર વ્યકિત ફીકર ચિંતામાં પડી જાય છે એજ રીતે બાલ અજ્ઞાની જીવને પણ મરણકાળે પશ્ચાત્તાપ થાય છે એ સમયે તે વિચાર કરે છે-હાય! મેં પહેલાં અજ્ઞાનવશ બનીને હિંસાદિક દુષ્કર્મો હસતાં હસતાં કર્યાં, હવે તેનાં કડવાં ફળ મારેજ રોતાં રોતાં ભોગવવાં પડે છે ॥૧૫॥

પશ્ચાત્તાપથી આકુળ વ્યાકુળ થયા પછી બાળ અજ્ઞાની જીવ શું કરે છે એ વાત સૂત્રકાર આ ગાથા દ્વારા સ્પષ્ટ કરે છે—"तओ से"ઈત્યાદિ.

અન્વયાર્થ—तओ—ततः રોગગ્રસ્ત થવાથી પશ્ચાત્તાપ કરતાં से बाले—स बालः તે બાલ અજ્ઞાની જીવ मरणंतम्मि—मरणान्ते મરણકાળ નજીક આવતાં હવે હું भया—भयात् નરક ગતિને પ્રાપ્ત થઈ જઈશ એ પ્રકારના ભયથી संतस्सई—संत्रस्यति ઉદ્વેગ વશ બની જાય છે. અને એનેકારણે તે ઔષધ વિગેરે ઉપાયોથી પોતાનું મૃત્યુ ન થાય તેનો જ વિચાર કર્યા કરે છે. આ પ્રમાણે વિચારતાં વિચારતાં अकाममरणं - अकाममरणेन અકામમરણથી તે मरइ—म्रियते મરી જાય છે. અને મરીને નરક ગતિને પ્રાપ્ત કરે છે. ત્યાં તે વિભંગ અવધિજ્ઞાન દ્વારા તથા અન્ય પરમાધાર્મિક દેવોનાં વચનો દ્વારા પોતાના પૂર્વે કરેલાં દુષ્ક-ર્મોને વારંવાર યાદ કરીને અત્યંત દુઃખીત થાય છે. वा—इव જેમ—कलिणा जिए धुत्ते--कलिना जितः धुर्तः કપટી જુગારી દ્વારા હારેલ કોઈ બીજા જુગારી પશ્ચાત્તાપ કરી દુઃખીત થાય છે. જ્યારે જુગારી હારી જાય છે–ત્યારે તે વિચાર કરે છે કે, હાય ! હું આ કપટી જુગારીની સાથે જુગાર રમ્યો અને તેથી તેણે મારૂં બધુ ધન જીતી લીધું અને હું દરિદ્રી બની ગયો. તે પ્રકારે બાલ અજ્ઞાની જીવ પણ નરક ગતિ પ્રાપ્ત થયા પછી પશ્ચાત્તાપ કરે છે કે, મારા હાથથી કરેલાં કર્મોને કારણે જ હું આ નરક ગતિ ભોગવવા આવ્યો છું સદ્-ગતિમાં જવા રૂપ મારૂં દ્રવ્ય મારાં એ પૂર્વનાં દુષ્કૃત્યોએ છીનવી લીધેલાં છે. હવે હુ દરિદ્રી થઈ ગયો છું. હાય ! હવે હું અહીં શું કરૂં ? ॥ ૧૬ ॥

"एयं अकाममरणं" ઇત્યાદિ.

અન્વયાર્થ–एयं बालाणं अकाममरणं पवेइयं–एतत् बालानां तु अकाममरणं प्रवेदितम् જે બાલ અજ્ઞાની છે, તેનું મરણ એ અકામમરણ છે. અહિં સુધી એ અકામમરણનું કથન કહેવામાં આવ્યું છે. તીર્થંકરોએ બાલ અજ્ઞાની જીવોના મણરને જ અકામ મરણ બતાવ્યું છે. પંડિતમરણ શું છે ? આ વાતને સૂત્રકાર હવે જણાવે છે. एत्तोः पंडियाणं सकाममरणं मे सुणेह–इतः पंडितनां सकाममरणं मे श्रृणुत તેઓ કહે છે કે, આ અકામમરણ પછી સકામમરણ પંડિત મરણ છે તે હું કહી સંભળાવું છું તે સાંભળો૧૭

"मरणं पि सपुण्णाणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—सपुण्णाणं–सपुण्यानाम् પુણ્યશાળી તેમજ वुसीमओ–वश्यवताम् ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવાવાળા એવા संजयाण–संयतानाम् ચારિત્રધારી જીવોનું मरणंपि–मरणमपि મરણ પણ–કે, જેમ जहा मे मणुस्सुयं–यथा मे अनुश्रुतम् ભગવાન મહાવીર પ્રભુ પાસેથી સાંભળેલ છે य–तत् તે મરણ સકામમરણ છે-પંડિતમરણ છે, જે હું તમને કહું છું તે સાંભળો. એ મરણ विप्पसण्णमणाघायं–विप्रसन्न अनाघातम् વિપ્રસન્ન અને અનાઘાત–કોઈ પણ જાતના આઘાત વિનાનું મરણકાળમાં પણ ચારિત્રવાન મુનિ અનિત્ય, અશરણ, આદિ બાર પ્રકારની ભાવનાઓનું ચિંતવન કરતા રહે છે. જેથી તેમનો પરપદાર્થો ઉપરથી મોહ દૂર થઇ જાય છે. તેથી તેઓ ઉદ્વેગ પામતા નથી. અને કર્મોની નિર્જરાથી તે પ્રસન્નચિત્ત બની રહે છે. આ માટે ધર્મ અને ધર્મીના અભેદ સંબંધથી એ મરણ પણ વિપ્રસન્ન કહેવાયેલ છે. તેમાં કોઇ પણ પ્રકારનો આઘાત નથી, તે અનાઘાત છે. આ મરણમાં યતના પૂર્વક યથોચિત સંલેખના કરાય છે. આથી અહિં ન તો પોતાનો ઘાત થાય છે કે ન તો પરનો ઘાત થાય છે. આ કારણે તેને અનાઘાત કહેલ છે. જેમ એ મરણ વિપ્રસન્ન તથા અનાઘાત સ્વરૂપ સંયતોનું થાય છે તેવું બીજા કોઈનું થતું નથી. કહ્યું પણ છે—

"काले सुपत्तदाणं सम्मत्तविसुद्धिं बोहिलाभं च ।
अंते समाहिमरणं अभव्वजीवा न पावंति ॥"

યથાયોગ્ય કાળમાં સુપાત્રદાન, સમ્યકત્વની વિશુદ્ધિ, બોધિનો લાભ અને અંતમાં સમાધિમરણ આ વસ્તુઓ અભવ્ય જીવો પ્રાપ્ત કરી શકતા નથી. ॥ ૧૮ ॥

"न इमं सव्वेसु" ઇત્યાદિ.

અન્વયાર્થ—इमं-इदम् આ પંડિત મરણ सव्वेसु भिक्क्खूसु न-सर्वेषु भिक्षुषु न બધા ભિક્ષુઓને થતું નથી, પરંતુ કોઈ કોઇ સારા પુણ્યશાળી મહાનુભાવ સાધુઓને જ થાય છે. તથા इमं सव्वेसु गारिसु न-इदम् सर्वेषु अगारिषु न એ પંડિતમરણ સમસ્ત ગૃહસ્થ જનોને પણ થતું નથી પરંતુ કોઈ કોઇ પુણ્યશાળી સદ્‌ગૃહસ્થોને જ થાય છે. કેમકે, अगारत्था नाणासीला-अगारस्थाः नाना शीलाः જે ગૃહસ્થ છે તે વિવિધ શીલવાળા-અનેક વ્રતોને ધારણ કરવાવાળા હોય છે- તેમનું એક રૂપ વ્રત હોતું નથી પરંતુ એમનું જે વ્રત-દેશ વિરતિ રૂપ છે, તેને અનેક પ્રકારનું કહેવામાં આવ્યું. સર્વ વિરતિ રૂપ વ્રત ગૃહસ્થોને હોતું નથી. કોઇ કોઈ "ગૃહસ્થાશ્રમનું પાલન એજ ગૃહસ્થોનું મહાવ્રત છે" એવું કહે છે અને કોઈ કોઈ "સાત શિક્ષાવ્રત જ ગૃહસ્થોનું વ્રત છે" એવું માને છે. विसमसीला य भिक्खुणो-भिक्षवश्च विषमशिलाः જે ભિક્ષુ છે તે પણ વિસદ્દશ-વ્રતી છે. અર્થાત એક સરખા આચારવાળા નથી, કોઈ કોઈ એમ માને છે કે, અહિંસા સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ એ પાંચ યમ તથા શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વિર પ્રણિધાન, આ પાંચ નિયમ જ ભિક્ષુજનોનાં વ્રત છે. કોઈ કોઈ એવું માને છે કે, કન્દમૂળ અને ફળોનો આહાર કરવો એજ ભિક્ષુનું વ્રત છે. કોઈ કોઇ એમ માને છે કે, તત્વજ્ઞાન જ ભિક્ષુઓનું વ્રત છે. આ પ્રમાણે તેમનામાં સર્વથા ચારિત્રનો અભાવ હોવાથી એ સઘળા ભિક્ષુઓને પંડિત મરણની સંભાવના હોતી નથી. ભિક્ષુઓના વ્રતોમાં એજ વિસદ્દશતા છે. અથવા એ પંડિત મરણ જીનેંદ્ર શાસનમાં રહેલા સમસ્ત ભિક્ષુઓને પણ સંભવિત નથી હોતું. પરંતુ કોઈ કોઇ ભિક્ષુઓના ભાવ આરાધકોને હોવાનું સંભવિત છે. આજ પ્રમાણે સમસ્ત ગૃહસ્થોને પણ એ પંડિતમરણ થતું નથી. પરંતુ કોઇ કોઈ ગૃહસ્થોને જ થાય છે. કેમકે, ગૃહસ્થજનો નાનાશીલ-વાળા હોય છે વિવિધ પ્રકારના આચારવાળા હોય છે. તેમજ ભિક્ષુ પણ વિસદ્દશ શીલવાળા હોય છે. કોઈ કોઈ ભિક્ષુક નિદાનસહિત તપ કરે છે, કોઈ કોઈ નિદાનરહિત તપ કરે છે. કોઈ બકુશ-સબળ ચારિત્રનું પાલન કરે છે, કોઇ અબકુશ—શુદ્ધ ચારિત્રનું પાલન કરે છે, આ પક્ષમાં પરતિર્થીયોને ભિક્ષુ-રૂપથી ગ્રહણ કરવામાં આવેલ નથી. ॥ ૧૯ ॥

ભિક્ષુ પણ વિષમશીલ હોય છે એ વાત સૂત્રકાર આ નીચેની ગાથા દ્વારા પ્રગટ કરે છે—" संति एगेहिं " ઇત્યાદિ.

અન્વયાર્થ—एगेहिं भिक्खूहिं–एकेभ्यः भिक्षुभ्यः કોઇ કોઇ ભિક્ષુની અપેક્ષાથી કુતીર્થિકો, નિહ્નવ, તથા ભગ્નચારિત્રિયોની અપેક્ષાએ गारत्था–अगारस्थाः ગૃહસ્થ પણ संजमुत्तरा सन्ति–संयमोत्तराः सन्ति દેશવિરતિરૂપ સંયમથી શ્રેષ્ઠ છે. આ કહેવાનું તાત્પર્ય એ છે કે–કુતીર્થિક આદિ સાધુ જીવાદિક, તત્વોના વિષયમાં આસ્તિક આદિ ભાવથી, રહિત તથા સર્વથા ચારિત્રથી વિહીન હોય છે. તેની અપેક્ષાએ જે સમ્યકત્વશાળી ગૃહસ્થ છે કે જેઓ એક દેશથી પણ ચારિત્રને પાળે છે તે ઉત્તમ છે. તથા सव्वेहिं गारत्थेहिं–सर्वेभ्यः अगारस्थेभ्यः સાધારણ ગૃહસ્થોની અપેક્ષાએ साहवो संजमुत्तरा–साधवः संयमोत्तराः ષટ્વ્રતોના ધારક જે સાધુ છે–છ કાયના રક્ષક જે મુનિ છે તે સત્તર પ્રકારના પૂર્ણ સંયમથી શ્રેષ્ઠ છે. પરિપૂર્ણ સંયમના આરાધક હોવાથી સાધુ સમસ્ત ગૃહસ્થોનીઅપેક્ષાએ પ્રધાન–મુખ્ય છે. પરતીર્થિકોમાં ચારિત્રનો અભાવ હોવાથી પંડિતમરણ તેને થતું નથી. આ જ આનો સારાંશ છે.

આ ઓગણીસમી અને વીસમી ગાથાનો સારાંશ ફક્ત એટલો જ છે કે, પંડિતમરણ મહાન ચારિત્રધારી વ્યક્તિયોને જ થાય છે. અચારિત્રી વ્યક્તિયોને નહીં. આથી એ ફલિત થાય છે કે, આ જાતનું ઉત્તમ કોટિનું પંડિતમરણ ન તો સઘળા ભિક્ષુઓને થાય છે કે ન તો સઘળા ગૃહસ્થોને થાય છે પરંતુ મહાવ્રતોના નિદાન આદિ શલ્યથી રહિત બનીને પાલન કરવાવાળા મુનિજનોને તથા બાર વ્રતરૂપી એક દેશ સંયમનું પાલન કરવાવાળા ગૃહસ્થોને તે જાતનું મરણ થાય છે.

એક શ્રાવકે સાધુને પૂછયું કે,–શ્રાવક અને સાધુમાં શું અંતર છે? શ્રાવકનો પ્રશ્ન સાંભળી તેના ઉત્તરમાં સાધુએ તેને કહ્યું કે, જેટલું અંતર સર્ષપ અને મેરૂ પર્વતમાં હોય છે એટલું જ અંતર આ બન્નેમાં છે. મુનિરાજની આ વાત સાંભળીને તે શ્રાવકને ભારે આશ્ચર્ય થયું–તેણે આકુળ વ્યાકુળ જેવા બનીને ફરીથી સાધુને પૂછયું કે, કુલિંગિયોમાં અને શ્રાવકોમાં કેટલું અંતર છે? સાધુએ ફરીથી એજ વાત કહી કે, સર્ષપ અને મેરૂ જેટલું અંતર છે. આથી શ્રાવકને સંતોષ થયો અને પછી તેણે આગળ કાંઇ ન પૂછયું. ॥ ૨૦ ॥

## દ્રવ્યલિંગ સે રક્ષા નહીં હોને કા કથન

દ્રવ્યલિંગ રક્ષા કરી શકતું નથી એને સૂત્રકાર નીચે પ્રમાણે કહે છે—
"चीराजिणं नगिणिणं" ઈત્યાદિ.

અન્વયાર્થ—चीराजिणं-चीराजिनम् વસ્ત્રખંડ અથવા વલ્કલ એવં મૃગચર્મ नगिणिणं-नाग्न्यम् તથા વસ્ત્ર રહિતતા, જડી-જટી જટાધારીપણું સંઘાડી-સંઘાટી અનેક વસ્ત્રોના જુદા જુદા ટુકડાઓને સીવીને કન્થારૂપ બનાવેલ એક વસ્ત્રનું ધારણ કરવું, તેમજ મુંડિણં-मुण्डित्वम् મુંડન કરાવવું एयाणि वि-एतान्यपि એ સઘળું અન્ય દ્રવ્યલિંગ તથા સ્વદ્રવ્યલિંગ दुस्सीलं-दुःशीलं દુરાચારી કે, જે परियागयं-पर्यागतं સાધુપર્યાયને પ્રાપ્ત કરે તો પણ न तायंति-न त्रायन्ते તેની રક્ષા કરી શકતા નથી દુષ્કર્મના વિપાકથી તથા સંસારમાં પતન થવાથી બચાવી શકતા નથી. અર્થાત્-અંતરંગ વૃત્તિમાં જ્યાં સુધી યથાર્થ ત્યાગ ન થાય ત્યાં સુધી બાહ્ય ત્યાગ આ જીવની સંસારપતનથી રક્ષા કરી શકતા નથી. ॥ ૨૧ ॥

## સુવ્રત કે દેવલોક પ્રાપ્તિ કા કથન

ઘર આદિનો ત્યાગ કરવા છતાં પણ તેની દુર્ગતિ કેમ થાય છે? તે કહે છે—"पिंडोलए व्व" ઈત્યાદિ.

અન્વયાર્થ—पिंडोलए व्व-पिंडावलगो वा બીજાના તરફથી આપવામાં આવેલ આહારનું સેવન કરવાવાળા ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરવાવાળા હોવા છતાં પણ જો તે दुस्सीले-दुःशीलः દુરાચારી હોય તો તે नरगाओ न मुच्चइ-नरकात् न मुच्यते નરકથી મુક્ત થઈ શકતો નથી. भिक्खाए वा-भिक्षादो वा સાધુ હોય અથવા गिहत्थे वा-गृहस्थो वा ગૃહસ્થ હોય, પણ જો તે सुव्वए-सुव्रतः અતિચાર રહિત વ્રતોની આરાધના કરનાર હોય, નિદાનરહિત છ વ્રતોના આરાધક હોય, સર્વ વિરતિરૂપ ચારિત્રનું પાલન કરતા હોય, તેજ સાધુ કહેવાય-તેજ સાધુ છે. તથા બાર વ્રતોને પાળનાર અને પ્રતિમાધારી એવા શ્રાવક હોય તો તે दिव्वं

कम्मई–दिवं कामत्ति मरीने देवलोकमां जन्म ले छे. निरतिचार अने निदान रहित आराधन करायेलुं सर्व चारित्र अथवा देश चारित्र ज जीवनी दुर्गतिने टाळनार अने देवगतिनी प्राप्ति करावनार होय छे. एनुं तात्पर्य ए छे के–चाहे ते साधु होय के, गृहस्थ होय पण जो ते पोताना व्रतोनुं यथार्थ रूपथी पालन करता नथी अने तेमां दोष लगाडे छे तो ते मलिन चारित्र तेने तेनी ते दुर्गतिथी बचावी शकतां नथी. यथार्थ निरतिचार चारित्रना आराधनथी ज देवलोकनी प्राप्ति थाय छे अने दुर्गतिथी बची शकाय छे.

## दुर्व्रत में दुर्भति नामक दद्रि का द्रष्टांत

दृष्टांत—राजगृहपुरमां एक दुर्गति नामनो दरिद्री रहेतो हतो. ते भिक्षा माटे दररोज आखो दिवस नगरमां भटकतो हतो. एक दिवस ते भटकतो भटकतो वैभारगिरिनी नजीकमां आवेला एक उद्यानमां पहोंची गयो. त्यां तेणे केटलाए माणसोने भोजन करता जोया. भोजन करता ए माणसोने जोईने आ दरिद्रीनी जीभमां रसनी लोलुपता आवी गई. तेणे त्यां भिक्षाप्राप्तिनी आशाथी रखडवा मांडयुं अने "हे दाता! कांइ खावानुं मेळवी आपो, केटलाये दिवसोनो भूख्यो छुं," आ प्रकारनां दीन वचन कहेवा लाग्यो परंतु ए भाग्यहीनने कोईए कांई आप्युं नहीं. ज्यारे मागवाथी पण तेने कांई न मळ्युं तो तेना चित्तमां ईर्षा वधी अने तेणे ईर्षारूप द्वेषने वश थईने विचार कर्यो के, "जुओ तो खरा! आ लोको केटला निर्दय अने स्वार्थी छे. पोते तो खाइ रह्या छे परंतु मारा जेवा दरिद्रीने एक टुकडो पण आपता नथी. आवा ए निर्दय स्वार्थीओना तो तेओ आ जे वैभारगिरिनी नीचे बेठेला छे, तेना एक शिलाथी ज शरीरना चुरेचुरा करी नाखवा जोईए. आ प्रकारना आवेश साथे ते वैभारगिरि उपर जई चडयो अने क्रोधानलथी सळगतो रोषमांने रोषमां तेणे तेओना उपर पत्थर नाखवाना दुष्ट आशयथी ते पर्वतनी एक भारे एवी शिलाने गबडाववानो प्रयत्न कर्यो. आ प्रयत्नमां ते बीचारो पोते ज तेनी निचे चगदाई गयो. चगदातां ज तेना शरीरना चुरेचुरा उडी गया अने मरीने ते सातमी नर्कमां गयो. आ रीते भिक्षु पण दुर्ध्यान तथा दुःशीलताना कारणथी नरकमां जाय छे. ॥ २२ ॥

" अगारि सामाइयंगाणि " ઇત્યાદિ.

અન્વયાર્થ—सड्ढी-श्रद्धी જીનવચનમાં શ્રદ્ધા રાખવાવાળા अगारि-अगारी ગૃહસ્થ सामाइयंगाणि-सामायिकाङ्गानि સમ્યગ્દર્શ, સમ્યગ્જ્ઞાન તથા દેશવિરતિરૂપ સામાયિકનાં અંગોને એક પછી એક નિઃશંકતા-કાલસ્વાધ્યાય-સ્થૂલ પ્રાણાતિ- પાતવિરમણાદિ અગીયાર વ્રતોને काएण फासए-कायेन स्पृशति શરીરથી તથા ઉપ- લક્ષણથી મન અને વચનથી સેવે છે दुहओ पक्खं-द्वयोरपि पक्षयोः તથા શુકલપક્ષ અને કૃષ્ણપક્ષમાં આઠમ, ચૌદશ, પુનમ, અમાસ, આ તિથીઓમાં एगरायं-एकरात्रम् એક રાત તથા ઉપલક્ષણથી એક દિવસ પણ पोसहं न हावए-पौषधं न हापयति આહાર પૌષધ આદિને છોડતા નથી. ગાથામાં "एकरात्रमपि" એવું જે પદ આવ્યું છે તેનાથી એ સૂચિત થાય છે કે, દિવસમાં વ્યાકુળ એટલે કે કાર્યમાં વ્યસ્ત રહેવાના કારણે તેને માટે જો પોષધ કરવાનું અશક્ય હોય તો રાત્રીના વખતે પોષધ કરવું જોઇએ. તથા અહીં સામાયિક દેશવિરતિરૂપ હોવાથી તેને ગ્રહણ કરવાથી તેના અંગ સ્વરૂપ અગીયાર વ્રતોનું ગ્રહણ થઈ જાય છે. અને તેમાં પોષધનું ગ્રહણ પણ આવી જાય છે. છતાં પણ પોષધને જે સ્વતંત્રરૂપથી અહીં ગ્રહણ કરેલ છે તે તેની પ્રધાનતા જણાવવા માટે છે તેમ જાણવું જોઈએ. અર્થાત્ જીનેન્દ્રના વચનમાં શ્રદ્ધાશાળી શ્રાવકે સામાયિકના અંગોનું મન વચન અને કાયાથી સેવન કરતા રહેવું જોઇએ. તથા બન્ને પક્ષ માંહેની તિથીઓમાં ઓછામાં ઓછું એક દિવસ રાતનો પોષધ અવશ્ય કરવું જોઇએ. ॥ ૨૩ ॥

" एवं सिक्खासमावन्ने " ઇત્યાદિ.

અન્વયાર્થ—एवं-एवम् આ પ્રમાણે सिक्खासमापन्ने-शिक्षासमापन्नः શ્રાદ્ધ શ્રાવકના આચારથી યુક્ત-વ્રતોનાં સેવન કરવાની શિક્ષાથી શિક્ષિત કરવામાં આવેલ તથા गिहवासे वि सुव्वए-गृहवासेऽपि सुव्रतः ગૃહવાસમાં પણ નિરતિચાર બાર વ્રતોને ધારણ કરવાવાળા ગ્રહસ્થ छविपव्वाओ-छविपर्वतः ઔદારિક શરીરથી मुच्चई-मुच्यते છુટી જાય છે અને जक्खसलोगयं गच्छे-यक्षसलोकतां गच्छति વૈમાનિક દેવગતિને પ્રાપ્ત કરે છે. અહીં પંડિતમરણના પ્રસંગમાં પણ પ્રસંગ વશાત્ આ બાલપંડિત મરણ કહેવામાં આવેલ છે. એનું કહેવાનું તાત્પર્ય એ છે કે, દેશવિરતિરૂપ આચારથી યુક્ત શ્રાવક ઘરમાં રહેવા છતાં પણ નિરતિચાર વ્રતોનું પાલન કરતાં કરતાં છેવટે મરીને વૈમાનિક દેવ થઇ જાય છે. એજ આ પંડિતમરણનો ભેદ બાલ પંડિતમરણ છે. ॥ ૨૪ ॥

## સંવૃત ભિક્ષુ કે મરને પર ઉસકા સ્વર્ગ યા મોક્ષમેં ગમન

" अह जे संवुडे भिक्खू " ઇત્યાદિ.

અન્વયાર્થ—अह जे भिक्खू संवुडे-अथ यो भिक्षुः संवृतः જે ભિક્ષુ સંવરથી યુક્ત હોય છે-સઘળા આસ્રવના નિરોધક હોય છે, તે આ दुण्हमन्नयरे सिया-द्वयोः अन्यतरः स्यात् એમાંથી કોઇ એક હોય છે. सव्वदुःखपहीणे वा-सर्वदुःखप्रहीणो वा કાંતો સર્વદુઃખોથી રહિત એવા. સિદ્ધ બની જાય છે અથવા તેના અભાવમાં देवे वा वि महड्ढिए-देवो वाऽपि महर्द्धिकः એટલે સુધી ન પહોંચેતો છેવટે દેવગતિને પ્રાપ્ત તો કરે છે જ. અને તેમાં પણ મહર્દ્ધિક દેવ બને છે, એટલે કે-જે ભિક્ષુ સંવરથી યુક્ત હોય છે તે મરીને કાંતો સિદ્ધગતિના સ્વામી બને અથવા કાંઈ કર્મ બાકી રહ્યાં હોય તો તે મરીને વિમાન પરિવાર આદિ સંપત્તિથી યુક્ત થઇને મહર્દ્ધિક દેવ બને છે. ॥ ૨૫ ॥

સંવરયુકત ભિક્ષુ, થોડાં કર્મો બાકી રહ્યાં હોય તો મહાઋદ્ધિના ધારક વૈમાનિકદેવ બને છે એવું જે કહ્યું છે તો તે દેવ જ્યાં રહે છે તે નિવાસસ્થાન કેવાં હોય છે ? તથા એ દેવ પણ કેવા હોય છે ? આ વાત નીચેની ગાથાદ્વારા સૂત્રકાર પ્રગટ કરે છે—" उत्तराइं विमोहाइं " ઇત્યાદિ.

## દેવોં કે આવાસોં કા ઔર દેવોં કા વર્ણન

અન્વયાર્થ—સંવર યુકત એવા જે ભિક્ષુ, કર્મોના બાકી રહેવાથી મહર્દ્ધિક દેવ બને છે તેમના आवासाइं-आवासाः રહેવાનાં સ્થાન उत्तराइं-उत्तराः સઘળા દેવલોકોની ઉપર હોય છે. તેનું નામ અનુત્તર વિમાન છે. તે अणुपुव्वसो-अनुपूर्वतः અનુક્રમે આગળ આગળ વધે છે. અર્થાત્ સૌધર્માદિક દેવલોકથી લઈને તે પૂર્વ પૂર્વની અપેક્ષા પ્રકૃષ્ટ હોય છે. તથા विमोहाइं-विमोहाः તે દ્રવ્યમોહ અંધકારરૂપ અને ભાવમોહ મિથ્યાદર્શનાદિકરૂપ રહિત તેનાથી હોય છે. કેમકે ત્યાં સદાસર્વદા રત્નોનું અજવાળું રહ્યા કરે છે. અને સમ્યગ્દર્શન વિશિષ્ટ આત્માઓનો જ ત્યાં ઉપપાત હોય છે. તથા એ અનુત્તર વિમાન जुइमंता-द्युतिमन्तः વિશિષ્ટ તેજસ્વી હોય છે. जक्खेहिं समाइण्णाइ-यक्षैः समाकीर्णाः દેવોથી એ સદા ભરેલ રહે છે તેમજ जसंसिणो-यशस्विनः સઘળાથી એ પ્રશંસા પામે છે.॥૨૬॥

હવે દેવલોકના દેવોનું વર્ણન કરવામાં આવે છે.—

" दीहाउया इड्ढिमंता " ઇત્યાદિ.

અન્વયાર્થ—दीहाउया-दीर्घायुषः એ દેવ દીર્ઘ આયુષ્યવાળા હોય છે. તેમજ

इड्ढिमंता-ऋद्धिमन्तः રત્નાદિકની સંપત્તિથી યુક્ત હોય છે. समिद्धा-समिद्धाः અતિ ઉજવળ કાન્તિથી ભરપૂર એવો એમનો દેહ હોય છે. कामरूविणो-कामरूपिणः અને પોતાની ઈચ્છા અનુસાર રૂપોને ધારણ કરવાની તેમનામાં અપાર શક્તિ હોય છે. अहुणोववन्नसंकासा-अधुनोपपन्नसंकाशाः તેઓ ત્યાં એવા દેખાય છે કે જાણે હમણાં તાજાજ ઉત્પન્ન થયા હોય અનુત્તર વિમાનોમાં સઘળા દેવતાઓ એક સરખા વર્ણવાળા, એક સરખા આયુષ્યવાળા, એક સરખા બળ અને વીર્યવાળા તેમજ એક સરખા આભરણની કાન્તિવાળા હોય છે. તથા भुज्जोअच्चिमालिप्रभा-भूयोऽर्चिमालिप्रभा તેમની પ્રભા એકત્રીત કરેલા અનેક સૂર્યના જેવી હોય છે. ॥ ૨૭ ॥

## સંવૃત ભિક્ષુક કે ઔર સંવૃત ગૃહસ્થ કે દેવત્વ પ્રાપ્તિ કા વર્ણન

" ताणि ठाणाणि " ઇત્યાદિ.

અન્વયાર્થ—भिक्खाए वा-भिक्षादा वा જે ભિક્ષુક છે અથવા गिहत्थे वा-गृहस्था वा ગ્રહસ્થ છે તેઓ જો परिनिव्वुडा-परिनिर्वृत्ताः કષાય પરિણતીથી વિહીન છે અહિં "સંતિ" ની છાયા "શાંતિ" એવી પણ થાય છે, ત્યારે એનો અર્થ આ પ્રકારે થાય કે-શાંતિથી-ઉપશમથી જેમણે કષાયોને દૂર કર્યા છે, તેઓ संजमं तवं सिक्खित्ता-संयमं तपः शिक्षित्वा સંયમ-પૃથ્વીકાયાદિની યતના રૂપ સત્તર પ્રકારનાં સંયમનો અને તપ-અનશન આદિના ભેદથી બાર પ્રકારના તપનો ફરી ફરી અભ્યાસ કરી ताणि ठाणाणि गच्छंति-तानि स्थानानि गच्छन्ति એ આગળ કહેલા અનુત્તર વિમાનરૂપ સ્થાનોને પ્રાપ્ત કરે છે-જન્મ લે છે. ગાથામાં જે " सिक्खित्ता संजमं तवं " એવું કહ્યું છે એનો એ આશય નિકળે છે કે-કષાયને દૂર કરીને પણ જો ગૃહસ્થજન પ્રવ્રજ્યા-દીક્ષા ગ્રહણ નથી કરતા તો તે અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થઇ શકતા નથી. આથી કષાયને દૂર કરીને પણ તેમણે દીક્ષા અંગિકાર કરવી જ જોઈએ. ત્યારે જ તે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થઈ શકે છે. ॥ ૨૮ ॥

" तेसिं सोच्चा " ઈત્યાદિ.

અન્વયાર્થ—સપુણ્ણાણં-સપુણ્યાનામ્ પુણ્યશાળી વુસીમઓ-વશ્યવતામ્ તથા ઇન્દ્રિયોને વશમાં કરવાવાળા સંજયાણં-સંયતાનામ્ એવા સંયમ આરાધક તેર્સિ-તેષામ્ એ જીવોની આ સર્વોત્કૃષ્ટ સ્થાનની પ્રાપ્તિ સોચ્ચા-શ્રુત્વા સાંભળી સીલવંતા-શીલવંતઃ ચારિત્રધારી અને બહુસ્સુયા-બહુશ્રુતાઃ શાસ્ત્રપારગામી જીવ મરણંતે-મરણાન્તે મરણકાળ ઉપસ્થિત થવાના સમયે ન સંતસંતિ-ન સંત્રસ્યન્તિ ઉદ્વેગને પ્રાપ્ત કરતા નથી-જેમણે ધર્મનું ઉપાર્જન કરેલ નથી તે જ જીવ મરણનો ભય કરે છે. તે અંતે વિચારે છે-"હું મરીને હવે કોણ જાણે ક્યાં જઇશ?" પરંતુ જેમણે પોતાના જીવનમાં ધર્મરૂપી ભાતું બાંધી રાખ્યું છે તે ધર્મના ફળને જાણતા હોવાથી કદી પણ મૃત્યુથી ડરતા નથી.

મરણ કાળમાં ભયનો ડર ન રાખનારા સંયતજન એવો વિચાર કરે છે-કે મેં ભવોભવમાં શરીર પ્રાપ્ત કર્યું, ભવોભવમાં સારી સંગત પ્રાપ્ત કરી, ભવોભવમાં રિદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત કરી, ભવોભવમાં માતા, પિતા, પત્નિ, પુત્ર પૌત્રાદિક કુટુંબ પરિવાર પ્રાપ્ત કર્યો, ભવોભવમાં નરકાદિરૂપ દુર્ગતિ પ્રાપ્ત કરી, ભવોભવમાં તિર્યંચ ગતિ પ્રાપ્ત કરી, ભવોભવમાં મને સાધર્મિ જનોનો સમાગમ મળ્યો, ભવોભવમાં સુપાત્રોને મેં દાન દીધું, ભવોભવમાં પ્રભુનાં સમવશરણની શોભા પણ જોઈ. આ રીતે મેં અનેક ભવોમાં આ સઘળો અનુભવ કર્યો. પરંતુ હજી સુધી મને સમ્યકત્વયુકત સમાધી મરણનો સંયોગ પ્રાપ્ત થયો નથી-તે આ ભવમાં પ્રાપ્ત થઇ રહેલ છે એ મારા પરમ સૌભાગ્યની વાત છે. મેં આ શરીરને અનેક પ્રકારનાં વસ્ત્રોથી સુશોભિત કર્યું, સુગંધિત દ્રવ્યોથી તેને સુવાસિત બનાવ્યું, દરેક પ્રકારના મિષ્ટ અને તાકાત આપનારા ભોજનોથી મેં તે રૂષ્ટપુષ્ટ બનાવ્યું, નોકરની માફક રાત દિવસ એની સેવામાં લગી રહ્યો, રત્નોથી ભરેલા પટારાની માફક એની સંભાળ રાખી, પરંતુ આ અવસર ઘણા સદ્ભાગ્યથી હાથ આવેલ છે જેથી પંડિત મરણમાં એની સહાયતા લેવામાં આવે, આથી હે મારા શરીર! આ અવસરમાં પંડિત મરણરૂપ નિધિને પ્રાપ્ત કરવામાં જો તું મને સહાયતા નહીં કરે તો તારા જેવું કૃતઘ્ની બીજું કોણ હશે?

રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, અને શુક્ર આ સાત ધાતુંથી તું સદા ભરેલું રહે છે, તેને જોતાં ઘૃણા થાય છે-ચામડાથી ઢંકાવાને કારણે તું બહારથી મનોહર દેખાય છે પરંતુ તારી અંદર તો અશુચિ અને અપવિત્ર પદાર્થો ભરેલા પડયા છે. આથી તો તું સ્વયં અશુચિસ્વરૂપ છે. આ પ્રકારની તારી પરિસ્થિતિ છે. તેમજ દુર્ગંધથી પરિપૂર્ણ તથા ક્ષણવિનશ્વર એવા તારા સ્વભાવને જાણીને એવો કયો બુદ્ધિમાન હશે કે જે તારા ઉપર પ્રેમ રાખે?

હવે સમય આવી ગયો છે કે હું પંડિતમરણનું શરણ લઈ આઠ પ્રકારનાં કર્મરૂપી શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરૂં,–જન્મ મરણના અનંત દુઃખોથી છુટી જાઉં, કર્મોની અવિશિષ્ટતામાં દૈવી સંપત્તિનો લાભ કરાવનાર પરમ મિત્રના જેવું પંડિતમરણ છે. આ પંડિતમરણથી જ આત્મા સિદ્ધિ પદને પામી શકે છે. કહ્યું પણ છે—

મૃત્યુરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થતાં પણ જે આત્માર્થીએ પોતાનો સ્વાર્થ ન સાધ્યો તે જન્મરૂપી કિચડમાં નિમગ્ન રહીને પછી શું કરી શકવાનો છે, કાંઈ પણ કરી શકતો નથી. એટલે કે આખરની ઘડી ન સુધારી તો જન્મમરણના ફેરા તો તેના કર્મે લખાએલા જ છે. ॥ ૧ ॥

જેનું ચિત્ત સંસારમાં આસક્ત છે એવા મનુષ્યોને જ મૃત્યુ એ ભયનું કારણ હોય છે. પરંતુ જેનું અંતઃકરણ જ્ઞાન અને વૈરાગ્યથી ભરેલું છે તે તો મૃત્યુના અવસર ઉપર આનંદ મનાવે છે. ॥ ૨ ॥

સંત જનોને મરણ સમયે રોગને કારણે જે દુઃખ થાય છે તે તો તેમના દેહ સંબંધિ મોહના વિનાશને માટે તથા શિવસુખની પ્રાપ્તિ માટે થાય છે. ॥ ૩ ॥

જે ફળ જીવોને વ્રતોની આરાધના જન્ય કષ્ટથી પ્રાપ્ત થાય છે તેજ ફળ મૃત્યુના અવસર ઉપર સમાધીભાવ ધારણ કરવાથી પ્રાપ્ત થાય છે. એટલે કે આખર સુધરી તો બધું સુધર્યું. ॥ ૪ ॥

સમાધિપૂર્વક મૃત્યુ થવું તે તપ્ત તપનું, પાલન કરેલાં વ્રતોનું, તથા પઠિત શ્રુતનું ફળ છે. ॥ ૫ ॥

લોકો એમ કહ્યા કરે છે કે, અતિ પરિચયથી અરૂચી જન્મે છે. જ્યારે નવીન નવીન પદાર્થોમાં પ્રિતિ થાય છે. તો જ્યારે આવીજ વાત છે ત્યારે આ પુરાણા પરિચિત શરીરના વિનાશમાં બીવાનું શા માટે? કારણ કે, એમ થવાથી તો નવા શરીરનો લાભ મળે છે. ॥ ૬ ॥

## સમાધિ મરણ કે લિયે શિષ્ય કો ઉપદેશ

જ્ઞાની પુરુષ પોતાના આત્માને આ પ્રમાણે સમજાવે છે—

"कृमिजालशताकीर्णे जर्जरे देहपञ्जरे।
भज्यमाने न भेतव्यं यतस्त्वं ज्ञानविग्रहः॥ १॥७॥"

હે આત્મા! તું તો જ્ઞાનરૂપી શરીરવાળો છે પછી આ દેહરૂપી પીંજરાનો નાશ થતાં શા માટે ભય કરે છે? કેમકે આ દેહરૂપી પીંજરૂં તો કીડાઓના સમૂહથી ભરપૂર છે. અને જર્જરીત પણ થઈ ગયેલું છે એવો વિચાર કરી માહાપુરુષ મરણનો ભય કરતા નથી. ॥ ૨૯ ॥

સૂત્રકાર આ પ્રકારે અકામમરણ તથા સકામમરણને કહી હવે શિષ્યને ઉપદેશ આપે છે.—"तुलिया विसेसमादाय" ઈત્યાદિ.

**અન્વયાર્થ—હે શિષ્ય! મેહાવિ-મેધાવી ચારિત્ર મર્યાદાને સમજનાર શિષ્યનું** એ કર્તવ્ય છે કે તે, तुलिया-तोलयित्वा બાલમરણ અને પંડિતમરણ એ બન્ને અંગે વિવેકપૂર્વક વિચાર કરી પછીથી એ બેમાં કયું મહત્વનું છે તેની વિશેષતા સમજી બાલ મરણ કરતાં પંડિતમરણ વિશિષ્ટ છે. એ પ્રકારની વિશિષ્ટતાને તથા दया धम्मस्स खंतिए-क्षान्तेः दयाधर्मस्य ક્ષાંતિની તેમજ દયા ધર્મની विसेसम्-विशेषम् વિશિષ્ટતાને आदाय-आदाय સારી રીતે સમજી तहाभूएण अप्पणा-तथाभूतेन आत्मना મરણ પહેલાં જેવી રીતે અવ્યાકુળ હતા તેવી જ રીતે મરણ સમયે પણ અવ્યાકુળ રહીને આત્મપરિણામથી विप्पसीएज्ज-विप्रसीदेत् વિશેષરૂપથી પ્રસન્ન રહ્યા કરે-મરણથી જરા પણ ગભરાય નહીં બાર વર્ષની સંલેખના કરવાવાળા શિષ્યની માફક એ સમયે કષાય ભાવનું અવલંબન કરે નહિ. આનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.—

## સમાધિ વિષય મેં ઉગ્રબુદ્ધિ શિષ્ય કા દ્રષ્ટાંત

સુગુપ્તાચાર્યને એક અવીનીત શિષ્ય હતો જેમનું નામ ઉગ્રબુદ્ધિ હતું. તેમણે

આચાર્યની આજ્ઞા વિના બાર વર્ષની સંલેખના ધારણ કરી. જ્યારે એક વર્ષ સમાપ્ત થયું ત્યારે તે આચાર્યની પાસે જઈને કહેવા લાગ્યા, "હે ભદન્ત! અનશન તપ માટે આપ મને આજ્ઞા આપો." શિષ્યની વાત સાંભળીને આચાર્યે કહ્યું કે, "વત્સ! અત્યારે સમય નથી." આચાર્યની વાત સાંભળીને તે શિષ્ય ચુપ થઇ ગયો. ત્યાર બાદ જ્યારે બીજું વર્ષ પુરૂં થયું ત્યારે તેમણે ફરીથી આચાર્ય પાસે અનશન માટે આજ્ઞા માગી. આચાર્યે એજ રીતે અવસર નથી તેમ કહેતાં ફરી તે શાન્ત બની ગયા. ત્રીજા વર્ષનો જ્યારે આરંભ થયો અને તેના છ મહિના પુરા થયા ત્યારે તેમણે ફરીથી આચાર્ય મહારાજ પાસે જઈને પ્રાર્થના કરી કે, મહારાજ! હવે મને અનશન ધારણ કરવાની આજ્ઞા આપો ત્યારે પણ આચાર્યે સંમતિ આપી નહીં. આ પ્રમાણે કરતાં કરતાં બાર વર્ષ પુરાં થઈ ગયાં ત્યારે પણ ગુરુદેવે તેને અનશન ધારણ કરવાની આજ્ઞા આપી નહીં.

અંતમાં જ્યારે તે ઉગ્રસંલેખનાથી કૃશ શરીરવાળા તેમજ માંસ રહિત બની ગયા ત્યારે બારવર્ષના છેલ્લા દિવસે તે આચાર્યમહારાજની પાસે ગયા અને ત્યાં જઇને કહેવા લાગ્યા કે, ભદન્ત! સંલેખનાથી મારા બાર વર્ષ પુરા થઈ ગયા છે, જુઓ! મારા શરીરની આવી દશા થઈ છે તેની અંદર લોહી કે માંસનું નામ નિશાન પણ રહેલ નથી. બધું શુષ્ક થઈ ગયેલ છે. જેથી હવે તો આપ મને અનશન કરવાની આજ્ઞા આપો. આચાર્યે કહ્યું, જુઓ! હજુ પણ અવસર નથી. આચાર્યની આ વાત સાંભળીને તે શિષ્યે આચાર્ય મહારાજની સામે પોતાના હાથની સહુથી નાની આંગળી તોડીને તેમની સામે ધરીને આક્ષેપ સાથે કહ્યું કે હજુ પણ મને અનશનની આજ્ઞા આપો. આચાર્યે કહ્યું જુઓ! તમારૂં કેવળ શરીર જ કૃષ થયું છે, તેમ તેની અંદરનાં લોહી અને માંસ સુકાઇ ગયાં છે પરંતુ કષાય પરિણુતિ હજુ સુધી સુકાયેલ નથી. જો ક્રોધ શાન્ત ન થાય તો તપશ્ચર્યા કરવાથી શું લાભ છે? આથી તો હું કહી રહ્યો છું કે, અનશન ધારણ કરવાનો તારે માટે અવસર નથી. આ પ્રકારે ઉગ્રબુદ્ધિ શિષ્યનું મરણ કષાયના સદ્ભાવને કારણે સકામ મરણરૂપ ન થતાં અકામ મરણરૂપ થયું. તેથી મોક્ષના અભિલાષીઓનું એ કર્તવ્ય છે કે, મરણ સમયે કષાયનો પરિહાર કરીને મનને પ્રસન્ન રાખે. કષાય રહિત મનનું થવું એ તેની પ્રસન્નતા છે. ॥ ૩૦ ॥

પ્રસન્નચિત્ત પ્રાણી જે કરે છે તે સૂત્રકાર પ્રગટ કરે છે—"तओ काले" ઇત્યાદિ

અન્વયાર્થ—तओ-ततः કષાયના ઉપશમ પછી काले अभिप्पेए-काले अभिप्रेते મરણકાળ પ્રાપ્ત થવા વખતે सड्ढी-श्रद्धी શ્રદ્ધાવાન સાધુ अंतिए-अंतिके ગુરુની સામે तालिसम्-तादृशम् "મારૂં મરણ થશે" એવા પ્રકારના ભયથી ઉત્પન્ન થયેલા लोमहरिसं-लोमहर्षम् રોમાંચને થવા विणएज्ज-विनयेत् ન દે. અર્થાત્ મૃત્યુનો ભય ન કરે. तालिसम्-तादृशम् જેવી રીતે દીક્ષાના સમયમાં શ્રદ્ધાવાળા હતા, સંલેખના ધારણ કરવાના સમયે શ્રદ્ધાવાન હતા, એજ પ્રમાણે અંત કાળમાં પણ શ્રદ્ધાવાળા રહીને लोमहरिसं-लोमहर्ष विनयेत् મરણ ભયના નિમિત્તક તથા પરીષહ અને ઉપસર્ગ નિમિત્તક એવા રોમાંચને દૂર કરી દે. કારણ કે, શાસ્ત્રમાં કહ્યું છે કે—

"जाए सद्धाए णिक्खंतो, परियायट्ठाणमुत्तमं । तमेव अणुपालेज्ज" ઈત્યાદિ.

શરીર જ્યારે देहस्स भेयं कंखए-देहस्य भेदं कांक्षेत् ઉપચાર ન થઇ શકે તેવું બની જાય ત્યારે શરીરનું અન્નપાન આદિ દ્વારા રક્ષણ ન કરે, 'ક્યારે છુટું' એમ મરણની ઈચ્છાથી દેહના વિનાશની ઈચ્છા ન કરે-અર્થાત્-એવું સમજે કે, આ દેહ હવે ઉપચારને યોગ્ય રહેલ નથી, અન્નપાન આદિથી એનું રક્ષણ થઈ શકે તેમ નથી. આથી ઉત્તમ માર્ગ તો એજ છે કે, સંલેખના ધારણ કરી સમાધિમરણપૂર્વક એનો ત્યાગ કરવામાં આવે. પરંતુ એવું ન વિચારે કે, જલ્દીથી મરણ થઇ જાય. આગમમાં મરવાની ઈચ્છા કરવાનો નિષેધ કરવામાં આવેલ છે. અથવા देहस्स भेयं कंखए देहस्य भेदं कांक्षेत् મરણકાળમાં ભય ન કરે. પરંતુ જેવો હર્ષ દીક્ષાના અવસર ઉપર હતો અને જેવો હર્ષ સંલેખનાના અવસર ઉપર હતો તેવો જ હર્ષ મરણના સમયે રહેવો જોઇએ ॥૩૧॥

"अह कालम्मि" ઈત્યાદિ.

અન્વયાર્થ—अह कालम्मि संपत्ते—अथ काले संप्राप्ते મરણકાળ નજીક આવતાં समुस्सयं—समुच्छ्रयम् અભ્યંતરશરીર—કાર્મણશરીર—બાહ્યશરીર—ઔદારિક—શરીરનો आघायाय—आघाताय વિનાશ કરવાને માટે तिण्हमण्णयरं सकाममरणं—त्रयाणां अन्यतरं सकाममरणं ભક્તપ્રત્યાખ્યાન, ઇઙ્ગિત, તથા પાદપોપગમન આમાંના કોઈ એકને કારણે સકામમરણથી मरइ—म्रियते મરે છે. જેમાં ચતુર્વિધ આહારનો અથવા ત્રિવિધ આહારનો પરિત્યાગ કરી દેવામાં આવે છે તે ભક્તપ્રત્યાખ્યાન મરણ છે. જેમાં મંડળ કરીને તેની વચમાં રહીને ફરી એ મંડળથી બહાર નીકળાતું નથી તે ઇંગિતમરણ છે. તથા જેમાં કપાયેલા વૃક્ષની ડાળની જેમ એક પડખે નિશ્ચેષ્ટ બનીને પડી રહેવાય છે—પડખું ફેરવી પણ શકાતું નથી તે પાદપોપગમનમરણ છે. આ ત્રણે મરણોનાં લક્ષણ છે. त्तिबेमि—इति ब्रवीमि સુધર્મા સ્વામી જમ્બૂ સ્વામીને કહે છે કે હે જમ્બૂ! મેં આ જે કહ્યું છે તે ભગવાનનાં વચનો અનુસાર કહ્યું છે. મારી બુદ્ધિથી કલ્પિત કરીને કાંઈ પણ કહ્યું નથી. ॥ ૩૨ ॥

આ શ્રી ઉત્તરાધ્યાયન સૂત્રની પ્રિયદર્શિની ટીકાનો
અકામમરણ નામના પાંચમા અધ્યયનનો
ગુજરાતી ભાષા અનુવાદ સંપૂર્ણ ॥૫॥

## છટ્ઠું અધ્યયન

પાંચમા અધ્યયનમાં–પ્રભુદ્વારા અકામ–સકામના ભેદથી મરણના બે ભેદનું કથન કરવામાં આવ્યું છે. તેમાં સકામમરણ પંડિતોને અને જ્ઞાનીઓને થાય છે એ બતાવવામાં આવ્યું છે. સકામમરણ સમ્યગ્જ્ઞાનવાળા ચારિત્રના ધારક નિર્ગ્રં-ન્થોને જ થાય છે. આ માટે નિર્ગ્રન્થોના સ્વરૂપને સમજાવવા માટે નિર્ગ્રંન્થોના આચારનું વર્ણન કરનાર આ "ક્ષુલ્લક નિર્ગ્રન્થીય" નામના છઠ્ઠા અધ્યયનનો પ્રારંભ કરવામાં આવે છે. ક્ષુલ્લક–લઘુશિષ્ય–નવ દીક્ષિત, નિર્ગ્રંન્થ–સાધુ અર્થાત નવ દીક્ષિત સાધુ "ક્ષુલ્લક નિર્ગ્રંન્થ" છે. એનો સંબંધી હોવાથી તથા તેના આચારના પ્રતિપાદક હોવાથી આ અધ્યયન પણ "ક્ષુલ્લક નિર્ગ્રંન્થીય" એ નામથી કહેવામાં આવેલ છે. તેની અંદર નિર્ગ્રંન્થના સ્વરૂપને સમજાવવા માટે પહેલાં એના વિપક્ષને બતાવવા માટે સૂત્રકાર આ પ્રથમ ગાથા કહે છે—

"જાવંત-વિજ્જા" ઈત્યાદિ

અન્વયાર્થ—अविज्जा–अविद्याः સમ્યગ્જ્ઞાનરૂપ વિદ્યાથી રહિત મિથ્યાત્વથી ભરેલા पुरिसा–पुरुषाः મનુષ્ય जावन्त–यावन्तः જેટલા છે તે सव्वे–ते सर्वे તે સર્વે दुक्ख संभवा–दुःखसंभवाः અનંત દુઃખની ઉત્પત્તિના સ્થાનભૂત છે. તથા–मूढा–मूढाः હિતાહિત વિવેકથી રહિત છે. अणंतए संसारम्मि–अनंतके संसारे આ અંતરહિત સંસારમાં ચાર ગતિવાળા સંસારમાં बहुसो लुप्पंति–बहुशो लुप्यन्ते અનેકવાર જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, તથા દારિદ્રય વગેરેથી પીડિત હોય છે. આના ઉપરનું દૃષ્ટાંત આ પ્રકારનું છે.

કોઈ એક ભાગ્યહિન દારિદ્ર માણુસ ખેતી તેમજ વ્યાપાર કરતો હતો, તેમાં અતિશય મહેનત કરવા છતાં પણ તેને કોઇ જાતનો લાભ મળતો ન હતો. આથી તેણે ગામ છોડી વિદેશ જઈને ધન ઉપાર્જન કરવાનો વિચાર કર્યો. તે પોતાનું ગામ છોડીને વિદેશ ચાલ્યો ગયો. ત્યાં જઇને તેણે ધન કમાવા માટે અનેક વિધ ઉપાય કર્યા છતાં પણ તે સફળ થયો નહીં. આ પ્રમાણે ધન કમાવવાની આશાથી તે અહીં તહીં રખડવા લાગ્યો. તો પણ તેને સફળતા ન મળી. આખરે તે ભ્રમણથી ખેદયુક્ત બનીને પોતાને ઘેર પાછો ફરવા માંડયો. જ્યારે તે પાછો ફરી રહ્યો હતો ત્યારે માર્ગમાંએક રાત્રીએ કોઈ એક ગામના એક યક્ષમંદિરમાં રાત રોકાયો. ત્યાં તેણે જોયું કે, કોઇ એક પુરુષ વિદ્યા સિદ્ધ કરીને હાથમાં કળશ લઈને તે યક્ષ મંદિરની બહાર આવી રહ્યો હતો અને બહાર નીકળીને તે કળશની પૂજા કરી તેને પ્રાર્થના કરતો હતો કે, "હે કળશ! તું મારા માટે શય્યા આસન આદિથી યુક્ત એક રહેવાનું ઘર તૈયાર કર." તે કળશે તેજ

સમયે તેની પ્રાર્થના અનુસાર બધું તૈયાર કરી દીધું. તે પુરુષે તે મકાનની અંદર તે રાતના રહીને ઇચ્છિત સુખ ભોગવ્યું. સવાર પડતાં જ તે સઘળી માયા અલોપ થઈ ગઈ. તે દરિદ્રીએ આ સઘળું જોઈને વિચાર કર્યો કે, હું આમ તેમ વ્યર્થ ઘુમી રહ્યો છું. આથી મને કોઈ લાભ થતો નથી. તેના કરતાં સારૂં તો એ છે કે, હવે હું સઘળું અભિષ્ટ સંપાદન કરવાને માટે કલ્પવૃક્ષ સમાન આ પુરુષની સેવા કરૂં. આ પ્રમાણે વિચાર કરીને તે દરિદ્રી તેની સેવા કરવા લાગ્યો. ખૂબ સેવા કરી તેથી તે સિદ્ધ પુરુષ પણ એની સેવાથી ઘણા જ પ્રસન્ન થયા અને તેને કહ્યું– કહો તમે શું ઇચ્છો છો ? સિદ્ધ પુરુષની વાત સાંભળીને તે દરિદ્રી પુરુષે કહ્યું કે, સિદ્ધરાજ ! હું જન્મથી દરિદ્રી છું. અનેકવિધ ઉદ્યમ કરવા છતાં પણ મને આજ સુધી કયાંયથી પણ ધનનો લાભ મળી શક્યો નથી. એ દરિદ્રતાને દૂર કરવા માટે હું આ ભૂમિ ઉપર જ્યાં ત્યાં ફરફર કરૂં છું. પણ હવે દરિદ્રતાનું દુઃખ સહન થતું નથી. હું એ દુઃખથી ખૂબ જ ત્રાસી ગયો છું. આથી આખરે આપનો આશ્રય લીધો છે. આપ મારા ઉપર પ્રસન્ન થઈ મને એવું વરદાન આપો કે જેથી હું પણ આપની જેમ સુખનો ઉપભોગ કરી શકું. મહાપુરુષ આશ્રીતના ઉદ્ધારક હોય છે. આ પ્રકારનાં દરિદ્રી પુરુષનાં વચન સાંભળી તે સિદ્ધપુરુષે વિચાર કર્યો કે, આ ખરેખર દારિદ્રયથી વ્યાકુળ છે. આથી એના ઉપર ઉપકાર કરવો એ મારૂં કર્તવ્ય છે. એવો વિચાર કરી તેમણે તેને કહ્યું– હું તમને કામકુંભ વિધાયિની વિદ્યા આપું કે વિદ્યાથી અભિમંત્રીત આ કામકુંભ આપું. કહો શું ઇચ્છો છો ? સિદ્ધપુરુષની આવી વાત સાંભળી એ કામ-ભોગોમાં ઉત્સુક બનેલા દારિદ્રીએ મનમાં વિચાર્યું કે, વિદ્યા સિદ્ધ કરવાનું કષ્ઠ કોણ ઉપાડે ? કોને ખબર કે વિદ્યા સિદ્ધ થાય કે ન પણ થાય. આથી એજ સારૂં છે કે, વિદ્યાથી અભિમંત્રિત કુંભ જ માગી લઉં. એવો વિચાર કરી વિદ્યા સિદ્ધ કરવામાં કાયરપણું દાખવતાં એ દારિદ્રીએ કહ્યું. " સ્વામિન્ ! વિદ્યાથી અભિમંત્રિત કુંભ જ આપ મને આપો. આ પ્રમાણે દરિદ્રીની વાત સાંભળીને

તે સિદ્ધ પુરુષે તેને કામકુંભ આપી દીધો. કામકુંભ હાથમાં આવવાથી તે દરિદ્રીને ખૂબ હર્ષ થયો. તેને લઈને તે ત્યાંથી એકદમ ઉતાવળે પગલે પોતાને ઘેર પાછો આવ્યો. હવે તે દરિદ્રીએ તે કુંભના પ્રભાવથી મનમાન્યાં મકાન વગેરે તૈયાર કરી લઈ તેની અંદર પોતાના ઈષ્ટ બંધુ. મિત્રો સાથે રહેવા લાગ્યો. ઈચ્છા અનુસાર ખૂબ સુખ ભોગવવા લાગી ગયો. તેના ભાઈઓ પણ તે સુખથી આકર્ષાઈ પોતપોતાની ખેતી આદિ તેમનાં કાર્યો તથા પશુપાલન વગેરેનો ભાર છોડીને તેના વશમાં થઈ ગયા. કારણ કે, ખેતી આદિ કાર્યોમાં તેમને ખૂબ કષ્ટો ભોગવવાં પડતાં હતાં કામકુંભથી પ્રાપ્ત થયેલ સુખને ભોગવવામાં તો કોઈ પણ પ્રકારનો પરિશ્રમ પડતો ન હતો. અને તે સ્વાધિનજ હતો. આ પ્રમાણે કોઇ પ્રકારની સારવાર કે દેખભાળના અભાવથી દરિદ્રી તથા તેના ભાઈઓની અગાઉની ગાય વગેરે પશુધન તથા સઘળી સંપત્તિ નાશ પામી ગઇ.

એક સમયની વાત છે કે તેને "હું મારા ભાઈઓ સહિત ખૂબ આનંદ ભોગવી રહ્યો છું" એમ જાણીને ઘણો હર્ષ થયો. તેના આવેગમાં તેણે મદિરાનું સેવન પણ કર્યું અને તે કામકુંભને પોતાના માથા ઉપર લઇને નાચવા લાગ્યો. મદિરાનો નશો જ્યારે તેને બરાબર ચડયો, ત્યારે નાચતાં નાચતાં તે કામકુંભ તેના માથા ઉપરથી ધડાક કરતો જમીન ઉપર પડી ગયો. અને પડતાંની સાથે જ તેના ટુકડે ટુકડા થઈ ગયા. પછી શું? કુંભનો નાશ થતાં તેના પ્રભાવથી મળેલી ધન, ભવન, આદિ સમસ્ત આનંદના સાધનરૂપ સામગ્રી પણ અદૃષ્ય બની ગઇ. આ પ્રમાણે કુંભના પ્રભાવથી ઉત્પન્ન થયેલી સંપત્તિથી તથા થોડીક પૂર્વની પોતાની સંપત્તિથી રહિત થઇને તે સઘળા બીજાના દાસ બનીને મહાન કષ્ટોનો અનુભવ કરવા લાગ્યા.

સમજવાની વાત છે કે, જો એ દરિદ્રીએ પહેલેથીજ કામકુંભને ઉત્પન્ન કરવાવાળી વિદ્યા શીખી લીધી હોત તો તે કુંભનો નાશ થતાં તેના જેવા બીજા કુંભને તે વિદ્યાના પ્રભાવથી બનાવી લેત, અને પોતે જેવો ને તેવો સુખી બની રહેત. પરંતુ વિદ્યાના અભાવથી તે પ્રકારના કુંભની રચના કરવામાં સર્વથા અસમર્થ બનવાથી તે દરિદ્રીનો દરિદ્રીજ રહ્યો ને અતિ દુઃખી થઈ ગયો. જેવી રીતે પ્રમાદથી વિદ્યાને નહીં ગ્રહણ કરવાવાળા તે દરિદ્રીએ દુઃખ ભોગવ્યું તેજ પ્રમાણે અન્ય પ્રાણી પણ એક સમ્યગ્જ્ઞાન વિના રાત અને દિવસ દુઃખ ભોગવે છે. એ આ કથાનો સારાંશ છે. ॥ ૧ ॥

॥ આ રીતે વિદ્યાથી રહિતતા ને લીધે દરિદ્રનું દૃષ્ટાંત સંપૂર્ણ થયું ॥

સમ્યગ્વિદ્યાના અભાવથી આત્મા દુઃખી થાય છે, તે માટે તેણે શું કરવું જોઈએ તે કહેવામાં આવે છે—"समिक्ख पंडिए तम्हा" ઇત્યાદિ.

અન્વયાર્થ—જ્યારે આમ વાત છે કે, સમ્યગ્જ્ઞાનના પ્રભાવમાં હિતાહિત વિવેકથી રહીત થઈને સંસારી પ્રાણી જન્મ મરણાદિક દ્વારા વારંવાર પીડિત થતા રહે છે. तम्हा–तस्मात् આ કારણથી पंडिए–पंडितः પંડિતજન તત્વાતત્વના વિવેકથી યુક્ત એવા પુરુષ बहू पासजाइ पहे समिक्ख–बहून् पाशजाति पथान् समीक्ष्य માતા પિતા પત્ની બંધુ આદિ અનેક જે સંબંધ છે તે બંધનરૂપ હોવાથી વિચારહિત પુરુષોને પાશ સમાન છે. અર્થાત્ આ પત્ની આદિ સંબંધ એકેન્દ્રિયાદિક જાતીની પ્રાપ્તિનો માર્ગ છે. એવું જાણીને अप्पणा सच्च मेसिज्जा–आत्मना सत्यं एषयेत्– સ્વયં પોતે પોતાના જીવના હિત વિધાયક સંયમરૂપ સત્યની ગવેષણા કરે–તેને ધારણ કરે. भूएसु मित्तिं कप्पए–भूतेषु मैत्रीं कल्पयेत् પૃથ્વી આદિ ષટ્જીવનીકાયના જીવોની સાથે મિત્રતા ધારણ કરે. અર્થાત્ દીક્ષાનો અંગિકાર કરે.

ભાવાર્થ—સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિના અભાવમાં જીવોમાં હિતાહિતનો વાસ્તવિક વિવેક જાગૃત થતો નથી. આને લઈને તે ભાર્યાદિ સંબંધરૂપ પાશથી જકડાયેલ રહે છે. અને તે કારણથી તે એકેન્દ્રિયાદિક જીવોમાં જન્મ મરણ કરવા લાગી જાય છે. એવો વિચાર કરીને સંયમ ધારણ કરવો જોઈએ તેમજ આત્માને સમ્યગ્જ્ઞાનથી વાસિત કરતા રહેવું જોઈએ. આ વાસનાનું ફળ મુનિ દીક્ષા ધારણ કરવી તે છે. ॥૨॥

" माया पिया " ઇત્યાદિ.

અન્વયાર્થ—माया-माता માતા पिया-पिता પિતા ण्हुसा-स्नुषा પુત્રવધૂ, भाया-भ्राता સહોદર ભાઈ भज्जा-भार्या પોતાની સ્ત્રી, पुत्ता-पुत्राः પુત્ર, દત્તકરૂપમાં લીધેલ પુત્ર, य-च ओरसा-औरसाः પોતાનાથી ઉત્પન્ન થયેલ પુત્ર, તે માતાપિતા વિગેરે બધા सकम्मुणा लुप्पंतस्स-स्वकर्मणा लुप्यमानस्य કરેલાં જ્ઞાનાવરણીયાદિ કર્મથી પીડિત. मम ताणाय-मम त्राणाय મારી રક્ષા કરવા માટે नालम् સમર્થ થઇ શકતા નથી. અર્થાત્ પોતાનાથી કરાયેલાં કર્મોનો ઉદય થતાં તે જીવના રક્ષક તેનાં માતાપિતા આદિ કોઇ થઈ શકતા નથી. ॥ ૩ ॥

" एयमट्ठं सपेहाए " ઇત્યાદિ.

અન્વયાર્થ—समियदंसणे-शमितदर्शनः મિથ્યાદર્શન જેનું નાશ પામેલ છે અથવા સમિતદર્શન--સમ્યગદર્શ જેને સારી રીતે પ્રાપ્ત થયેલ છે એવા સમ્યક્દૃષ્ટીવાળા જીવ सपेहाए-स्व प्रेक्षया પોતાની બુદ્ધિથી एयमट्ठं-एतमर्थम् પૂર્વોક્ત અર્થને-' માતપિતા આદિ બહારના પદાર્થ મને કર્મોનો ઉદય થવાથી બચાવી શકવાના નથી '-આ કથનને पासे-पश्येत् હૃદયમાં ધારણ કરે. गेहिं सिणेहं च छिंद-गृद्धिं स्नेहं च छिन्द्यात् તૃષ્ણા અને સ્નેહ-પુત્ર કુટુંબ આદિ પદાર્થોમાં રાગ-સ્વજન આદિના પ્રેમનો પરિત્યાગ કરી દે તથા पुव्वसंथवं न कंखे- पूर्व संस्तवं न कांक्षत् માતા પિતા આદિ સંબંધ રૂપ જે પૂર્વ પરિચય છે તેને કદી પણ યાદ ન કરો॥૪॥

## પરિગ્રહત્યાગ કે ફલ કા વર્ણન

" गवासं मणिकुंडलं " ઇત્યાદિ.

અન્વયાર્થ—गवासं-गवाश्वम् ગાય, ભેંસ બળદ તથા ઘોડા, मणिकुंडलं-मणिकुंडलम् મણિ અને કુંડળ આદિ આભૂષણ पसवो-पशवः ઘેટાં. બકરાં આદિ પશુ, दासपोरुसं-दासपौरुषम् નોકર ચાકર તથા બીજા પણ અનેક પુરુષ એ સઘળા આ જીવની રક્ષા કરવામાં સમર્થ થઇ શકતા નથી એકારણથી सव्वमेयं-एतत् सर्वम् એ સઘળાને चइत्ता-त्यक्त्वा છોડીને સંયમ ધારણ કરવો જોઈએ. આથી હે આત્મા ! તું कामरूवी भविस्ससि-कामरूपी भविष्यसि વૈક્રિયક શક્તિ દ્વારા ઇચ્છીત રૂપ ધારણ કરવાવાળો વૈમાનિક દેવ બની જઇશ.

ભાવાર્થ—સંસારમાં જેટલા સંયોગી પદાર્થ છે તે સઘળા આ જીવની કોઈ પણ અવસ્થામાં મૃત્યુથી રક્ષણ કરી શકતા નથી. જેથી તેનો પરિત્યાગ કરી ભાગવતિ દીક્ષા અવશ્ય ધારણ કરવી જોઈએ એવી વાત પ્રત્યેક આસ્તિકજીવ પોતાના આત્માને સમજાવ્યા કરે. કારણ કે એમ કરવાથી તે સાક્ષાત મુક્તિને કદાચ પ્રાપ્ત ન કરી શકે તો પણ વૈમાનિક દેવની પર્યાય તો અવશ્ય પ્રાપ્ત કરે છે જ ॥ ૫॥

## પ્રાણાતિપાત ઔર આસ્રવ નિરોધ કા વર્ણન

"थावरं जंगमं चेव" ઇત્યાદિ.

અન્વયાર્થ—थावरं-स्थावरम् ભવન ઉદ્યાન આદિ સ્થાવર પદાર્થ जंगमं चेव-जंगमं चैव પુત્ર કલત્રાદિ જંગમ પદાર્થ, धणं धन्नं-धनं धान्यं મણિ આદિ દ્રવ્યરૂપ ધન શાલી વ્રીહ્યાદિ રૂપ ધાન્ય उवक्खरं-उपस्करः ઘરનું ઉપકરણ આ સઘળી ચીજો कम्मेहिं पच्चमाणस्स-कर्मभिः पच्यमाणस्य પોતે મેળવેલ જ્ઞાનાવરણીયાદિક કર્મો દ્વારા પીડિત જીવને दुःखाउ मोयणे नालं-दुखात् मोचने नालम् દુઃખોથી બચાવવામાં સમર્થ થઈ શકતા નથી. અર્થાત પોતાના કરેલા કર્મોથી ઉદ્ભવેલાં દુઃખથી આ જીવની કોઇ પણ રક્ષા કરી શકતું નથી. આ અટલ સિદ્ધાંત છે ॥ ૬ ॥

" अज्झत्थं सव्वओ ઈત્યાદિ.

અન્વયાર્થ—भयवेराउ उवरए-भयात् वैरात् उपरतःભયથી મરણના ત્રાસથી તથા વેરથી વિદ્વેષથી ઉપરત એવા મુનિ सव्वओ-सर्वतः સર્વ પ્રકારથી सव्वं-सर्वम् સમસ્ત अज्झत्थं-अध्यात्मम् આત્મગત સુખદુઃખ આદિને दिस्सं-दृष्ट्वा જાણીને-આત્મા

સુખદુઃખ આદિના વેદક છે–એમ સમજીને ઈષ્ટપદાર્થના સંયોગ આદિથી ઉત્પન્ન થયેલ સુખ સમસ્ત આત્માઓને પ્રિય હોય છે. અને ઈષ્ટપદાર્થના વિયોગ આદિથી ઉત્પન્ન થયેલ દુઃખ સમસ્ત આત્માઓને અપ્રિય હોય છે. એવો અનુભવ કરીને તથા पाणे पियायए–प्राणान् प्रियात्मकान् સમસ્ત પ્રાણીઓને પોત પોતાનો પ્રાણ પ્રિય હોય છે. કારણ કે, "सव्वे जीवावि इच्छंति जीविउं न मरिज्जिउं" એવો સિદ્ધાંત છે કે, સઘળા જીવો જીવવાની જ ઈચ્છા કરે છે મરવાને કોઈ ઇચ્છતું જ નથી. એવું જાણીને કોઈ પણ पाणिणो पाणे न हणे–प्राणिनः प्राणान् न हन्यात् પ્રાણીના પ્રાણોનું વ્યપરોપણ કરે નહીં.–પાંચ ઈન્દ્રિય પ્રાણ, ત્રણ બલ પ્રાણ, નવ આયુષ્ય પ્રાણ અને દસ શ્વાસોચ્છવાસ પ્રાણ આ દસ પ્રાણોને હણે નહીં. ઉપલક્ષણથી બીજા મારફત હણાવે નહીં તેમજ હણવાવાળાને અનુમોદન આપે નહીં. એ પણ સમજવું જોઈએ.

ભાવાર્થ—જે રીતે આપણો પ્રાણ આપણને પ્રિય હોય છે તે જ રીતે સમસ્ત જીવોને પોતપોતાનો પ્રાણ પ્રિય હોય છે. સુખદુઃખનો અનુભવ દરેક આત્માને થાય છે. એમ જાણીને મુનિએ કોઈ પણ જીવના પ્રાણોનું વ્યપરોપણ ન કરાવવું જોઈએ, અને કરનારની અનુમોદના કરવી ન જોઈએ. આ પ્રકારના અહિંસાવ્રતનું પાલન કરવાથી તેને પ્રાણાતિપાત જન્ય આસ્રવનો નિરોધ થાય છે.॥૭॥

આ પ્રકારથી પ્રાણાતિપાત જન્ય આસ્રવના નિરોધને કહીને સૂત્રકાર બાકી રહેલા આસ્રવોના નિરોધને કહે છે—"आयाणं नरयं दिस्स" ઇત્યાદિ.

## મૃષાવાદાદિ આસ્ત્રવ નિરોધ કા વર્ણન

અન્વયાર્થ—મુનિને માટે आयाणं–आदानम् ધન, ધાન્ય, દ્વિપદ (બેપગાં) અને ચતુષ્પદ (ચાર પગાં જાનવર) આદિરૂપ આદાન (લેવું) એ नरयं–नरकं નરકરૂપ કારણ હોવાથી નરક સ્વરૂપ दिस्स–दृष्ट्वा જાણીને तणामवि–तृणमपि તણખલાને પણ नायइज्ज–नाददीत ગ્રહણ ન કરે. તો પછી હિરણ્ય સુવર્ણ

આદિની તો વાત જ કયાં રહી? તેને તો દૂરથી જ છોડી દેવું જોઇએ. તો પછી જીવનનો નિર્વાહ કેમ થઈ શકે? એ શંકાનું સમાધાન કરતાં સૂત્રકાર કહે છે કે, दोगुंछि–जुगुप्सी આહાર વિના ધર્મની ધુરા ધારણ કરવામાં અસમર્થ એવા પોતે પોતાની જુગુપ્સા કરવાવાળા–આ મારો દેહ આહાર વગર ધર્મનુ આરાધન કરવામાં જરાય સમર્થ નથી. હું શું કરૂં? ધર્મના નિર્વાહ માટે મારે ખાવું પડે છે પણ રસાસ્વાદ આદિની લોલુપતાને કારણે નહીં. આ પ્રકારનો વિચાર કરવાવાળા મુનિ अप्पणो पाए दिन्नं भोयणं भुञ्जेज्ज–आत्मनः पात्रे दत्तं भोजनं भुंजीत પોતાના પાત્રમાં–ગૃહસ્થના પાત્રમાં નહીં–કારણ કે તેમના પાત્રમાં ભોજન કરવું તે સાધુનો આચાર નથી. ભિક્ષાચર્યા કરતી વખતે ગૃહસ્થ તરફથી અપાયેલ ભોજન–શુદ્ધ આહાર કરે. આ સૂત્રનો એ અભિપ્રાય છે કે, તે આહારમાં દ્રવ્યથી તો જરા પણ મમત્વ ન કરે, પરંતુ ભાવથી પણ ન કરે કારણ કે "जुगुप्सी" શબ્દથી આહાર વિષયમાં સાધુઓની નિસ્પૃહતાનું સૂચન કરાયેલ છે. આ કથનથી સાધુના પરિગ્રહજન્ય આસ્રવનો પરિહાર કહેવામાં આવેલ છે. આ પ્રકારે આદિક પ્રાણાતિપાત અને અંતિમ પરિગ્રહ એના આસ્રવનો પરિહાર બતાવવા માટે "तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते" અર્થાત્ આદિ અને અંતનું ગ્રહણ કરવાથી મધ્યમાં રહેલાનું ગ્રહણ થઈ જાય છે એ ન્યાયથી તેની મધ્યમાં રહેલ મૃષાવાદ, અદત્તાદાન મૈથુનરૂપ ત્રણ આસ્રવોનો નિરોધ પણ જાણી લેવો જોઈએ.

અથવા–અહિં બીજી ગાથામાં "सच्चमेसिज्जा" એવું પદ સૂત્રકારે કહેલ છે તેનાથી "सद्भ्यो हितम् सत्यम्" આ વ્યુત્પત્તિ અનુસાર સાક્ષાત સંયમ રૂપ અર્થનું પ્રતિપાદન કરીને મૃષાવાદથી વિનિવૃત્તિ કહેવામાં આવી છે, કારણ કે, મૃષાવાદની નિવૃત્તિથી જ તેમાં સત્યતા આવે છે. આ પ્રમાણે સત્ય–સંયમના પ્રતિપાદનથી મૃષાવાદથી નિવૃત્તિ પ્રતિપાદિત થાય છે. "आयाणं" ઈત્યાદિ પદોદ્વારા સાક્ષાતરૂપથી અદત્તાદાનની વિરતિ કહી છે. આદાનનો અર્થ ગ્રહણ કરવું અને તે ગ્રહણ પણ અદત્તનું જ સમજવું જોઇએ. કારણ કે, એવું ગ્રહણ

કરવાથી તો નરકનો હેતુ થાય છે. આથી તેઓ એમ કહે છે કે, વગર આપેલું તણખલું પણ ન લેવું જોઈએ. તેનાથી અદત્તાદાનની નિવૃત્તિ પ્રતિપાદિત થઈ છે. “ गवासं ” આ પાંચમી ગાથા દ્વારા સૂત્રકારે પરિગ્રહરૂપ આસ્રવના નિરોધનું કથન જ્યારે કરેલ છે તો સ્ત્રી પરિગ્રહના અંતર્ભૂત હોવાથી મૈથુન સંબંધી આસ્રવનો નિરોધ પણ કહેવાયેલ છે. આ પ્રકારે પાંચેય આસ્રવોનો નિરોધ સમજી લેવો જોઇએ.

અહિં એક એવી શંકા થાય છે કે, “જ્યારે પરિગ્રહને વર્જનીય–છોડવાલાયક બતાવેલ છે, આદાનનો નિષેધ આ ગાથાથી કહેલ છે તો સાધુએ પાત્રનું આદાન નહીં કરવું જોઈએ. આવી સ્થિતિમાં સાધુનો નિર્વાહ કેવી રીતે થાય ?” આ શંકાની નિવૃત્તિ માટે સૂત્રકારે “दोगुंच्छी” ઈત્યાદિ. આ ગાથાના ઉત્તરાર્ધમાં પાત્ર શબ્દનું ઉપાદાન કરેલ છે. કારણ કે, જ્યારે સાધુ પાત્ર ન રાખે તો તે ભોજન શેમાં રાખીને કરે ? કરપાત્ર તો નથી જ કેમકે, તેમાં એવી લબ્ધિનો અભાવ છે. બીજો ઉપાયનહીં હોવાથી તેણે ફરીથી ગૃહસ્થના પાત્રમાં ભોજન કરવું પડે. પરંતુ આ આચાર સાધુ માર્ગનો નથી. કારણ કે તેમાં અનેક દોષોની સંભાવના છે.

યથા–“ पच्छाकम्मं पुरेकम्मं सिया तत्थ ण कप्पई ! एयमट्ठं न भुंजंति णिग्गंथा गिहिभायणे ” આ માટે તેમણે પોતાનું પાત્ર રાખવું પડે છે. એ વાતને પ્રદર્શિત કરવા માટે ગાથામાં “પાત્ર” શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે. ॥ ૮ ॥

પાંચ આસ્રવ વિરમણ સ્વરૂપ સંયમમાં બીજાનો શું મત છે એ વાતને સૂત્રકાર પ્રગટ કરે છે.–“ इहमेगे उ ” ઇત્યાદિ.

અન્વયાર્થ—આ લોકમાં एगे-एके કપિલ આદિ પરતીર્થીક पावगं-पापकम् પ્રાણાતિપાતાદિક અઢાર (૧૮) પાપસ્થાનોને अपच्चक्खाय-अप्रत्याख्याय પ્રત્યાખ્યાન-પરિત્યાગ-ન કરીને आचारियं-आचार्यम् આચાર્ય પરંપરાથી પ્રાપ્ત પ્રકૃતિ આદિ ૨૫ તત્વોને विदित्ता-विदित्वा જાણીને આત્મા णं-खलु નિશ્ચયથી सव्वदुक्खाविमुच्चइ-सर्वदुखात् विमुच्यते શારીરિક અને માનસીક એવા સઘળા દુઃખોથી છુટી જાય છે એવું मन्नई-मन्यते માને છે.

સાંખ્ય મત પચ્ચીસ તત્વોના જ્ઞાનથી આત્માની મુક્તિ માને છે તે પચ્ચીસ તત્વ આ છે.-૧ પ્રકૃતિ, ૨ મહાન બુદ્ધિ, ૩ અહંકાર, ૪ મન, ૫ પાંચ જ્ઞાનેન્દ્રિ (સ્પર્શન, રસના ઘ્રાણ ચક્ષુ અને શ્રોત્ર,) પાંચ કર્મેન્દ્રિય, (વાક્પાણિ, પાદ, વાયુ, (ગુદા) ઉપસ્થ (લિંગ)) પાંચ તન્માત્રા (ગંધ, રસ, રૂપ, સ્પર્શ શબ્દ) પાંચભૂત-પૃથ્વી, જળ, તેજ, વાયું, આકાશ, અને પુરુષ આ પચ્ચીસ તત્વોના પરિજ્ઞાનથી આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક જૈન પરિભાષા અનુસાર-શારીરિક અને માનસિક દુઃખોથી સદાને માટે મુક્ત થઈ જાય છે કહ્યું છે કે-

"पंचविंशतितत्त्वज्ञो यत्र तत्राश्रमे वसन् ।
जटी मुण्डी शिखीवाऽपि मुच्यते नात्र संशयः ॥"

ચાહે જટાધારી હોય, કે ચાહે મુંડન કરાએલા હોય, ચાહે કોઇ પણ આશ્રમમાં રહેવાવવાળા હોય જે આ પચ્ચીસ જ્ઞાનથી યુક્ત છે તેઓ નિયમથી આ સંસારથી છુટી જાય છે. એમાં સંદેહ નથી. પરંતુ એ સાંખ્યસિદ્ધાંત યુકિત યુક્ત પ્રતીત થતો નથી. કેમકે, જે રીતે ઔષધી માત્રના જ્ઞાનથી રોગીની રોગથી મુક્તિ થતી નથી. એજ રીતે પચ્ચીસ તત્વોના કોરા જ્ઞાનથી આત્માને મુક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી. રોગથી મુકિત મેળવવા દવાનું રોગીએ સેવન કરવું પડે છે. એજ રીતે ભાવરોગ જે જ્ઞાનાવરણાદિ કર્મ છે તેનાથી છુટકારારૂપ મુક્તિ મેળવવા માટે મહાવ્રતાત્મક પાંચ અંગથી યુકત ક્રિયાનું અનુષ્ઠાન કરવું પડે છે. ત્યારે જ આત્મા મુક્તિને પામી શકે છે. એના વગર નહીં. એને માટે "ज्ञानक्रियाभ्यां मोक्षः" એવો જૈન સિદ્ધાંત જ સમીચીન છે. ॥૯॥

વાણીના આડંબર માત્રથી આત્માને આશ્વાસન આપતાં કહે છે કે—

“भणंता अकरंता य” ઇત્યાદિ.

અન્વયાર્થ—भणंता-भणन्तः જ્ઞાન જ મુક્તિનો ઉપાય છે આ પ્રકારનું કહેવાવાળા પરંતુ મોક્ષની ઉપાયભૂત એવી ક્રિયાને નહીં કરવાવાળા-પ્રત્યાખ્યાન, તપ, પોષધવ્રત આદિ ક્રિયાઓની નિંદા કરવાવાળા અને बंधमोक्खपइण्णिणो-बंधमोक्ष प्रतिज्ञिनः બંધ તથા મોક્ષ તત્વને માનવાવાળા સાંખ્ય આદિ અન્ય મતાવલંબી જન वाया विरियमेत्तेणं अप्पयं समासासेंति-वाग्वीर्यमात्रेण आत्मनं समाश्वासयन्ति “ज्ञानान्मुक्ति” કોરા એક જ્ઞાનથી જ મુક્તિ થાય છે એ પ્રકારે કહેવાનું જે સાહસ કરે છે એનાથી તો તે કેવળ પોતાનું મન મનાવે છે. પોતાના આત્માને પોતાની જાતે જ મન મનાવી આશ્વાસન આપે છે કે બસ જ્ઞાન મળ્યું એટલે મોક્ષ મળી જ ગયો. ક્રિયાની કોઈ જરૂર નથી.

ભાવાર્થ—જ્ઞાન માત્રથી મુક્તિ માનવાવાળા-ચારિત્ર પ્રતિપાલનની આવશ્યકતા ન માનવાવાળા-અન્યવાદીજન “અમે એક જ્ઞાન માત્રથી જ મુક્તિ પ્રાપ્ત કરી લઈશું” આ પ્રકારથી પોતાની જાતને ભલે વિશ્વાસ આપે-પરંતુ તેમનું એ કથન તેના પ્રતિપક્ષીને કદી પણ વિશ્વાસ નથી આપી શકતું. અર્થાત કોરા જ્ઞાન માત્રથી મુક્તિ પ્રાપ્ત થતી નથી-જ્ઞાનની સાથે ચારિત્ર ધારણ કરવું પણ જરૂરી છે. ।।૧૦।।

વાણી વિલાસ-વાણીનો આડંબર માત્ર ત્રાણને માટે નથી હોતો એ માટે કહે છે—“न चित्ता तायए” ઇત્યાદિ.

અન્વયાર્થ—चित्ता भासा-चित्रा भाषा પ્રાકૃત સંસ્કૃત આદિ અનેક ભાષાઓ न तयए-न त्रायते આ જીવની પાપોથી રક્ષા કરી શકતી નથી. कुओ विज्जाणुसासणं-विद्यानुशासनं कुतः મંત્રાત્મક વિદ્યાનુ શિક્ષણ પણ પોતે કરેલાં હિંસાદિક પાપના વિપાકથી આ જીવનું રક્ષણ કરી શકતાં નથી. જો ભાષણ માત્રથી જ જીવને મુક્તિ પ્રાપ્ત થતી હોય તો સંયમનું અનુષ્ઠાન કરવું અકિંચિત્કર-વ્યર્થ જ થઈ જશે. જે એમ કહે છે કે, વિદ્યાનુશાસન-મંત્રાત્મક વિદ્યાનું શિક્ષણ આ જીવની પોતે કરેલ હિંસાદિક પાપના વિપાકથી રક્ષા કરે છે તે पावकम्मेहिं-पापकर्मभिः પાપ કર્મોમાં विसण्णा-विषण्णाः વિવિધરૂપથી નિમગ્ન થતા રહી નિરંતર પ્રાણાતિપાતાદિક કરતાં કરતાં અથવા પાપકર્મો દ્વારા વિષાદને પ્રાપ્ત કરતાં કરતાં “આ શત્રુ હણવા યોગ્ય છે-મારવા યોગ્ય છે-આને કઈ રીતે મારી શકું ?”

આ પ્રકારનો વિચાર કરતાં કરતાં એનો અપકાર કરવામાં સર્વથા અસમર્થ હોવાના કારણે દીનતાને પ્રાપ્ત થતા રહે છે. કેમકે, એવા જીવ સત્ અસત્ના વિવેકથી અજાણ હોય છે તથા રાગદ્વેષથી પરિપૂર્ણ રહે છે. અને એજ કારણે તે પોતે પોતાની જાતને એવાં કામો કરવામાં પંડિયમાણિણો–पण्डितमानिनः કુશળ-મતિ માનતા હોય છે.

જે બાલ–અજ્ઞાની જન છે અને પોતે પોતાને પંડિત માનવામાં અભિ-માનથી ગર્વિષ્ટ થતા રહે છે. તે તત્વજ્ઞાનના ગર્વથી અન્ય મહાપુરુષની આરાધનાથી વિમુખ થઈને "જ્ઞાનથી જ મુક્તિ થાય છે" આ વાતને વિવિધ ભાષા દ્વારા કહ્યા કરે છે. ॥ ૧૧ ॥

## મોક્ષમાર્ગ સે વિમુખ ચલને વાલોં કે દોષોં કા વર્ણન

મોક્ષમાર્ગથી વિમુખ થઈને જે ચાલે છે સૂત્રકાર તેના દોષ બતાવે છે–

"जे केइ सरीरे" ઈત્યાદિ.

અન્વયાર્થ—जे केइ–ये केचित् જો કોઈ सरीरे–शरीरे શરીરના વિષયમાં वण्णे–वर्णे ગૌરત્વાદિક–ગોરા વર્ણમાં, रूवे य–रूपे च સંસ્થાન્ આદિ આકારમાં 'च' શબ્દથી સ્પર્શ આદિમાં, ઉપલક્ષણથી વસ્ત્ર ભૂષણ આદિમાં પણ सव्वसो–सर्वशः સર્વ પ્રકારથી–સ્વયં કરવું, કરાવવું અનુમોદન રૂપ પ્રકારોથી मणसा–मनसा મનથી "ક્યા ઉપાયથી હું સુંદર વર્ણવાળો બની શકું ?" આ ભાવનાથી कायवक्केणं–कायवाक्येन કાયાને રસાયણ આદિના ઉપયોગથી વાક્યથી सत्ताः અનુરક્ત થાય છે ते सव्वे–ते सर्वे તે સઘળા दुःखसंभवा–दुःखसंभवा દુઃખોની ઉત્પત્તિના સ્થાન ભૂત બને છે. અર્થાત–જે પ્રાણી શરીરમાં તથા રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં સર્વ પ્રકારથી મન વચન અને કાયાથી અનુરક્ત હોય છે તે દુઃખના ભાગી બને છે. ॥ ૧૨ ॥

આત્મા સુખી કેમ થાય છે તે કહે છે–"आवण्णा दीहमद्धाणं" ઈત્યાદિ.

અન્વયાર્થ––अणंतए-अनंतके આ અંત રહિત–અનંત કાયિક આદિ જીવોથી યુકત સંસારંમિ-संसारे નરક, નિગોદ આદિરૂપ સંસારમાં दीहमद्धाणं आवण्णा–दीर्घम् अध्वानं आपन्नाः દીર્ઘ–અનાદિઅનંત ચતુર્ગતિક–ચાર ગતિનાં ભ્રમણુરૂપ માર્ગને પ્રાપ્ત થયેલ જીવ દુઃખોને ભોગવતો રહે છે. तम्हा-तस्मात् આ માટે सव्वदिसं-सर्वदिशः એનામાં દ્રવ્યભાવરૂપ સઘળી દિશાઓને, દ્રવ્યદિશા–પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ, એ ચાર દિશા તથા ઈશાન, અગ્નિ, નૈરૂત્ય, અને વાયવ્ય આ ચાર ખુણા અને આઠ વિદિશા–એક એક ખુણાની બન્ને તરફના એક એક પ્રદેશાત્મક વિદિશા ઉપર અને નીચે એવા અઢાર પ્રકારની દ્રવ્ય દિશાને, અને પૃથ્વી આદિ અઢાર ભેદવાળી ભાવદિશાઓને पश्यन् જ્ઞાનદષ્ટિથી ત્યાં ત્યાં જીવોનું પર્યટન જોતાં જોતાં જ્ઞાની આત્મા अप्पमत्तो-अप्रमत्तः આ એકેન્દ્રિયાદિક જીવોની વિરાધના જે રીતે ન થાય એ પ્રમાણે અપ્રમાદી થઈને परिव्वए-परिव्रजेत् સંયમ માર્ગમાં વિચરણુ કરે. અઢાર પ્રકારની ભાવદિશાઓ આ છે.—

पुढवि–जल–जलण–वाया, मूला खंधग्ग पोर बीयाय ।
बि–ति–चउ–पणिंदि–तिरिया य णारया देवसंघाया ॥ १ ॥
संमुच्छिम–कम्माकम्म भूमिग–नरा तहंतर दीवा ।
भावदिसा दिस्सइ जं, संसारी णिययमेयाहिं ॥ २ ॥

૧ પૃથ્વી, ૨ જળ, ૩ અગ્નિ, ૪ વાયુ, ૫ મૂળબીજ, ૬ સ્કંધબીજ, ૭ અગ્રબીજ, ૮ પર્વબીજ, ૯ દ્વિન્દ્રિય, ૧૦ તેન્દ્રિય, ૧૧ ચતુરિન્દ્રિય, ૧૨ પંચેન્દ્રિય તિર્યંચ, ૧૩ નારક, ૧૪ દેવ, ૧૫ સંમૂછિંમ, ૧૬ કર્મભૂમિ, ૧૭ અકર્મભૂમિ મનુષ્ય, તથા ૧૮ અન્તર્દ્વીપ મનુષ્ય. આ અઢાર ભાવ વિદિશાઓ છે. એમાં સંસારી જીવ નિયતરૂપથી પરિભ્રમણ કરે છે.

ભાવાર્થ–અનંત કાયીક આદિ જીવોથી યુક્ત આ અનંત સંસારમાં જુદા જુદા ભ્રમણરૂપ લાંબા માર્ગને પ્રાપ્ત કરીને જીવ અનંત દુઃખોને ભોગવતો રહે છે. આથી જ્ઞાની આત્મા સઘળી દિશાએનું સારી રીતે જ્ઞાનદષ્ટીથી અવલોકન કરી સંયમમાર્ગમાં અપ્રમત્ત બની વિચરણ કરે. ॥ ૧૩ ॥

શરીર શા માટે ધારણ કરવામાં આવે છે તે કહે છે—

" बहिया उड्ढमादाय " ઇત્યાદિ.

અન્વયાર્થ—મુનિ बहिया—बहिः સંસારથી બહિર્ભૂત उड्ढम्—उर्ध्वम् ઉર્ધ્વસ્થાનને લોકના અગ્રભાગમાં સ્થિત મોક્ષને आदाय—आदाय અભિલાષાનો વિષય બનાવી અથવા बहिः આત્માથી બહિર્ભૂત સર્વથા ભિન્ન—મમત્વના સ્થાનભૂત ધનધાન્યાદિક પરિગ્રહને હેય उड्ढम्—उर्ध्वम् તથા મોક્ષને आदाय—आदाय સમજીને कयाइवि—कदाचिदपि પરીષહ અને ઉપસર્ગ આવવા છતાં પણ नावकंखे—नावकांक्षेत् બીજાની સહાયતા અને શબ્દાદિક વિષયોની અભિલાષા ન કરે. અગર આમ છે તો પછી દેહને શા માટે ધારણ કરવો જોઈએ ? આ ઉપર સૂત્રકાર કહે છે—पूव्वकम्मक्खयट्ठाए इमं देहं समुद्धरे—पूर्वकर्मक्षयार्थं इमं देहं समुध्धरेत् પૂર્વભવમાં કરવામાં આવેલ જ્ઞાનાવરણીયાદિક કર્મોનો ક્ષય કરવા માટે આ પ્રત્યક્ષભૂત વર્તમાન દેહને ધારણ કરે અર્થાત્ સંયમની રક્ષા માટે શુદ્ધ આહારથી આ દેહની રક્ષા કરે. કેમકે દેહનું શુદ્ધ આહારાદિકથી રક્ષણ જ સમ્યગ્દર્શનાદિકનું કારણ છે. ॥ ૧૪ ॥

## મુનિયોં કે શરીર નિર્વાહ કે ઉપાય કા કથન

" विगिंच कम्मुणो हेउं " ઇત્યાદિ.

અન્વયાર્થ—कालकंखी—कालाकांक्षी કાળના આકાંક્ષી મુનિ યથા સમય પ્રતિલેખના સ્વાધ્યાય આદિ ક્રિયાને ઉપયોગપૂર્વક કરવામાં તત્પર સંયત कम्मुणो हेउं विगिंच—कर्मणः हेतुं विविच्य જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મોના બંધનું કારણ મિથ્યાત્વ અવિરતિ આદિનો પરિત્યાગ કરી परिव्वए—परिव्रजेत् સંયમમાર્ગમાં વિચરે અને पिण्डस्स पानस्स मायं—पिण्डस्य पानस्य मात्राम् શુદ્ધ આહાર અને પાનની માત્રાને—પોતાને જેટલા અશન પાન ( ખોરાક પાણી ) આદિથી સંયમ યાત્રાનો નિર્વાહ થઈ શકે એટલું પરિણામ જાણીને कडं—कृतं ગૃહસ્થે પોતાને માટે કરેલ આહાર પૈકીના આહારને लद्धूण—लब्ध्वा પ્રાપ્ત કરી भक्खए—भक्षयेत् મધ્યસ્થ ભાવથી આહાર કરે. कृतम् આ પદથી સૂત્રકાર એ પ્રગટ કરે છે કે,

ગહસ્થે જે પોતાને માટે તૈયાર કરાવ્યું હોય તેમાંથી જ ગોચરી વૃત્તિ અનુસાર સાધુએ આહાર ગ્રહણ કરવો જોઈએ. ॥૧૫॥

"संयिहिं च न कुव्वेज्जा" ઈત્યાદિ.

અન્વયાર્થ–च ફરી संजए-संयतः સાધુ लेवमायाए-लेपमात्रया પાત્રમાં લેપ લાગેલો રહે એટલું પણ "संनिहिं-संनिधिम् આ બીજા દિવસે કામમાં આવશે" આ બુદ્ધિથી ઘી, ગોળનો સંચય न कुव्वेज्जा-न कुर्यात् ન કરે. અને એવું જ છે તો પછી સાધુએ પાત્રનો પણ સંગ્રહ ન કરવો જોઈએ? આના ઉપર સૂત્રકાર કહે છે–જેમ पक्खी-पक्षी પક્ષી આહાર કરી पत्तं समादाय परिव्वए-पत्रं समादाय परिव्रजेत् ભવિષ્યના આહારની અપેક્ષા રાખતાં નથી. અને પોતાની પાંખો વડે निरवेक्खो-निरपेक्षः ઉડી જાય છે. એ પ્રમાણે સાધુ પણ આહાર કરી બીજા સમય માટે निरपेक्षः અન્ન આદિની વાંચ્છનાથી રહિત બની पात्रम् પોતાનાં પાત્રોને ખાલી લઈને परिव्वए-परिव्रजेत् વિચરતા રહે. ॥ ૧૬ ॥

સૂત્રકાર આજ અર્થની પુષ્ટી કરે છે–"एषणा समिओ" ઈત્યાદિ.

અન્વયાર્થ–एषणा समिओ-एषणासमितः ઉત્પાદ–એષણા, ગ્રહણ–એષણા, ગ્રાસ–એષણા, આ ત્રણ પ્રકારની એષણા સમિતિથી યુક્ત અર્થાત નિર્દોષ આહારના કરવાવાળા लज्जू-लज्जालुः લજ્જા સંયમથી યુક્ત મુનિ गामे-ग्रामे ગ્રામ નગર આદિમાં अनियओ-अनियतः નિયતવાસ રહિત થઈને चरे-चरेत् વિચરે અને अप्पमत्तो-अप्रमत्तः પ્રમાદ રહિત બનીને पमत्तेहिं-प्रमत्तेभ्यः ગૃહસ્થોથી पिण्डवायं गवेसए-पिण्डपातं गवेषयेत् પિંડપાત ભિક્ષાની ગવેષણા કરે. ॥૧૭॥

આ પ્રકારે સૂત્રકારે સંયમનું સ્વરૂપ કહ્યું અને તે સંયમના સ્વરૂપ કથનથી જ નિર્ગ્રન્થનું સ્વરૂપ કહેવામાં આવેલ છે. હવે તેઓ એ કહે છે કે, આ મેં જે કહ્યું છે તે ભગવાનનું કહેલું કહ્યું છે. મારી બુદ્ધિથી કલ્પિત એવું કાંઇ કહ્યું નથી. આ વાતને શ્રી સુધર્મા સ્વામી કહે છે–"एवं से उदाहु" ઈત્યાદિ.

## મુનિયોં કે નિર્દોષ ભિક્ષાગ્રહણ વર્ણન

અન્વયાર્થ–હે જમ્બૂ से-सः ત્રણ લોકમાં પ્રસિદ્ધ अनुत्तरनाणी-अनुत्तरज्ञानी સર્વોત્કૃષ્ટ જ્ઞાન સંપન્ન अनुत्तरदंसी-अनुत्तरदर्शी અસાધારણ–અનંતદર્શનધારી अनुत्तर नाण दंसणधारे-अनुत्तरज्ञान दर्शनधरः લબ્ધિરૂપથી અનંતજ્ઞાન અને અનંત

દર્શનરૂપ ઉપયોગના ધારક अरहा-अर्हन् આઠ મહા પ્રાતિહાર્યના ધારણ કરવાવાળા હોવાથી અતિશય મહાત્મ્ય વિશિષ્ટ મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરીને પોતાની વિશિષ્ટ યોગ્યતાથી ચતુર્વિધ સંઘના સ્થાપક णायपुत्त-ज्ञातपुत्रः ज्ञात-ઉદાર ક્ષત્રિય સિદ્ધાર્થ રાજાના પુત્ર-વર્તમાન તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ કે જેઓ भगवं-भगवान् સમગ્ર ઐશ્વર્યના અધિપતિ છે અને वेसालिए-वैशालिकः વિશાલા-ત્રિશલા માતાના પુત્ર છે તથા वियाहिए-व्याख्याता દેવ, મનુષ્ય, અસુરોની સભામાં-સમવસરણમાં જીનભગવાને શ્રુત ચારિત્રરૂપ ધર્મનું વ્યાખ્યાન કર્યું છે. તેમણે एवं से उदाहु-एवम् सः उदाहृतवान् આ પૂર્વોક્ત પ્રકારથી કથન કરેલ છે (त्तिबेमि-इति ब्रवीमि) હે જમ્બૂ તે અનુસાર જ હું કહું છું મારા પોતાના મનથી કાંઈ કહેતો નથી.

"अनुत्तरज्ञानदर्शनधरः" આ પદથી પુનરૂકિત દોષની આશંકા અહીં ન કરવી જોઇએ. કેમકે, તેનાથી સૂત્રકારે એ પ્રદર્શિત કર્યું છે કે, ભગવાનમાં જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ યુગપત થતા નથી. તેનો કાળ ભિન્ન છે. આથી ત્યાં પણ તેઓ ભિન્નકાળ વર્તી છે, આથી કોઈ એવું પણ સમજી શકે છે કે, જ્યારે ઉપયોગનો સદ્ભાવ અહિં ભિન્નકાળ વર્તી છે તો લબ્ધિરૂપથી પણ તે ભિન્નકાળ વર્તી ત્યાં હશે.-આથી એ આશંકાની નિવૃત્તિ માટે સૂત્રકારે આ સૂત્રમાં अनुत्तरज्ञानदर्शनधरः આ પદ રાખેલ છે. આથી એ સારાંશ નિકળે છે કે, ત્યાં જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ ઉપયોગાત્મતા ભિન્નકાળ વર્તી છે પરંતુ લબ્ધિરૂપથી એ ભિન્નકાળ વર્તી નથી. આથી પુનરુકિત દોષ આવતો નથી. વિશેષ જ્ઞાનનું નામ જ્ઞાનોપયોગ છે. અને સામાન્ય જ્ઞાનનું નામ દર્શન ઉપયોગ છે. "ભગવાન" આ પદનું સવિસ્તર વર્ણન દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયન આચારમણિમંજુષા ટીકામાં તથા આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનની આચાર ચિંતામણી ટીકામાં બતાવવામાં આવે તો ત્યાંથી જોઈ લેવું જોઈએ. ॥ ૧૮ ॥

આ ઉત્તરાધ્યયન સૂત્રની પ્રિયદર્શિની ટીકાના

"ક્ષુલ્લક નિર્ગ્રંથીય" નામના છઠ્ઠા અધ્યયનનો

ગુજરાતી અનુવાદ સંપૂર્ણ થયો.

## સાતમું અધ્યયન—

ક્ષુલ્લક નિર્ગ્રન્થીય નામનું છઠ્ઠું અધ્યયન સમાપ્ત થઈ ચુકયું, હવે સાતમા અધ્યયનનો પ્રારંભ થાય છે. તેની સાથે આનો સંબંધ એ પ્રકારનો છે કે-છઠ્ઠા અધ્યયનમાં જે નિર્ગ્રન્થતા વીશે કહેવામાં આવેલ છે તે રસોમાં જે અગૃદ્ધ છે તેમને જ થાય છે, બીજાને નહીં, કેમકે જે રસગૃદ્ધ હોય છે તે દુઃખી થાય છે. આ વિષયને સ્પષ્ટ કરવા માટે પાંચ ઉદાહરણ પ્રદર્શીત કરવામાં આવેલ છે. ૧ એડક, ૨ કાકિણી, ૩ આમ્રફળ, ૪ વણિક, અને ૫ સમુદ્ર આ અધ્યયનમાં એ પાંચે ઉદાહરણ આપેલ છે. આથી આ અધ્યયન એ પાંચ દ્રષ્ટાંતોથી યુક્ત છે. છતાં પણ આમાં પ્રથમ દ્રષ્ટાંત એડકનું જ અપાયેલું હોવાથી એ અપેક્ષાએ આ અધ્યયન "એડકીય" નામથી પ્રસિદ્ધ છે. આથી એડકીય નામના આ સાતમા અધ્યનનો સૂત્રકાર પ્રારંભ કરે છે. એની આ પ્રથમ ગાથા છે.

" जहाऽऽएसं समुद्दिस्स " ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा-यथा જેમ कोइ-कोऽपि કોઈ નિર્દય પ્રાણાતિપાત જનિત ઘોર દુઃખની પરવા ન કરવાવાળી વ્યક્તિ-ગુરુકર્મા પુરુષ आएसं-आदेशम् સંબંધી જનને લક્ષ્ય કરીને-समुद्दिस्स-समुद्दिश्य નિમિત્ત કરીને-જેમ " અમુક મહેમાન આવશે ત્યારે તેને આનું માંસ ખવરાવીશ. " આ પ્રકારનો પોતે વિચાર કરીને एलयं-एडकं ઘેટાને सयंगणे-स्वकाङ्गणे પોતાના આંગણામાં पोसिज्जा-पोषयेत् પાળે છે અને તેની ખાતર તેને ओयणं जवसं दिज्जा-ओदनं यवसं दद्यात् રોજ લીલું લીલું નવું ઘાસ જવ, ઓદન-ખવરાવે છે. આ રીતે તે त्रि-अपि નિશ્ચયપૂર્વક पोसिज्ज-पोषयेत् તેને પુષ્ટ કરે છે. ॥ ૧ ॥

" तओ से पुट्ठे " ઈત્યાદિ.

અન્વયાર્થ—એ ઓદનાદિક વિગેરે ખાવાનું મળવાને કારણે से-सः તે ઘેટું માંસની વૃદ્ધિથી રૃષ્ટ પુષ્ટ ને સ્થૂલ શરીરરવાળું થઈ જાય છે-परिवूढे-परिवृढः શકિત સંપન્ન તાકાતવાન બને છે, जायमेए-जातमेदाः તેનામાં ચરબી ખૂબ વધી જાય છે, महोयरे-महोदरः પેટ પણ તેનું ખૂબ વધી જાય છે. આ રીતે पीणिए-प्रीणितः રોજ મળતા નવીન નવીન આહારથી તે ખૂબ સંતુષ્ટ રહે છે. આમ તેનું देहे विउले-देहे विपुले શરીર રૃષ્ટપુષ્ટ થવાથી તે ઘેટું આવનાર મહેમાનની જાણે કે आएसं परिकंखए-आदेशं परिकांक्षति ઇંતજારી કરી રહ્યું ન હોય તેમ પ્રતીત થાય છે.॥ ૨ ॥

" जाव न एइ आएसे " ઈત્યાદિ.

અન્વયાર્થ—आएसे—आदेशः મહેમાન जाव न एइ—यावान्न एति જ્યાં સુધી ઘેર આવતા નથી ताव-तावत् ત્યાં સુધી से—सः તે ઘેટું अदुही—अदुःखी ઘણા આનંદથી जीवइ—जीवति જીવતું રહે છે अह आउसे पत्तंमि—अथ आदेशे प्राप्ते અને જ્યારે મહેમાન તેને ઘેર આવે છે ત્યારે सीसं छित्तूण भुज्जइ—शिरः छित्वा भुज्यते તેને મારી નાખવામાં આવે છે. અને તેનું માંસ તે લોકો ખાય છે.

પૂર્વોક્ત ત્રણ ગાથાઓનો ભાવાર્થ આ પ્રકારનો છે—

જેમ કોઈ માંસનું ભક્ષણ કરનાર માંસાહારી વ્યકિત પોતાના મહેમાનના સ્વાગત નિમિત્તે ઘેટાને પાળે છે, અને તેને ખૂબ ધરાઇ જાય તેટલું ખવરાવી ખવરાવીને પુષ્ટ કરે છે. જ્યારે તે ખૂબ રૃષ્ટપુષ્ટ બની જાય છે. માંસ અને ચરબી તેના શરીરમાં વધી જાય છે, ત્યારે તે ઘેટું જાણે કે હલાલ થવા માટે મહેમાનની પ્રતીક્ષા કરતું બેઠું ન હોય તેવું દેખાય છે. જ્યાં સુધી મહેમાન ભોજન માટે આવતા નથી ત્યાં સુધી તો તે ઘરમાં ઘેટાને આનંદ રહે છે. જ્યારે મહેમાન ઘેર આવે છે ત્યારે તેને માથે કાળનાં ચોઘડીયાં વાગે છે. અને મહેમાનની આગતા સ્વાગતા માટે તેનો વધ થાય છે-એ ઘેટાનું ધરાઇ ધરાઈને ખાવા પીવાનું એ વધ્ય પુરુષની ફાંસીના જેવું દુઃખરૂપ જ છે. જો કે વર્તમાન કાળમાં તેને ખાવા પીવાનું સુખ છે પરંતુ પરીણામે તેનું ભવિષ્ય ઉજળું નથી પણ દુઃખમય જ છે. ॥ ૩ ॥

આ દૃષ્ટાંતને દાર્ષ્ટાન્તમાં સૂત્રકાર ઘટિત કરે છે—" जहा खलु " ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा—यथा જે પ્રકારે खलु—खलु નિશ્ચયથી से उरब्भे—सः उरभ्रः તે ઘેટું आएसाय—आदेशाय મહેમાનના નિમિત્તે समीहिए—समीहितः કલ્પિત કરીને મહેમાનની માનો કે તેની પ્રતીક્ષા કરે છે. एवं એજ રીતે अहम्मिट्ठे बाले—अधर्मिष्ठः बालः અધર્મિષ્ટ અધર્મ પરાયણ બાલ—અજ્ઞાની પ્રાણી नरयाउयम्—नरकायुष्कम् પોતે પોતાના માટે નરક આયુની વાંચ્છના કરે છે. એટલે કે ખાવાપીવામાં રસ લોલુપી ઘેટું જેમ વધ માટેની પૂર્વ તૈયારીને નોતરે છે તે પ્રમાણે અજ્ઞાની બાલજીવ રસલોલુપી બનીને નરકના આયુષ્યને સામે પગલે નોતરે છે.॥૪॥

એડકનું દૃષ્ટાંત આ પ્રકારનું છે—

સિંહપુર નામના નગરમાં દુર્મતિ નામનો એક હિંસક અને માંસાહારી પુરુષ રહેતો હતો. તેણે એક ઘેટાના બચ્ચાને પાળ્યું હતું. આ બચ્ચું પાળવાનો તેનો હેતુ એ હતો કે જ્યારે કોઈ પ્રસંગે મહેમાન તેના ઘેર આવશે ત્યારે એ ઘેટું મારીને તેની દાવત (ભોજન) આપવા કામ લાગશે. તેણે એ બચ્ચાને પોતાના આંગણામાં બાંધી રાખ્યું હતું અને તેની ઇચ્છા અનુસાર ઘાસ, ચારો જવ, ઓદન—ભાતવગેરે ખૂબ ખવરાવતો અને સંભાળપૂર્વક ચોકખું પાણી પણ તેને સમય સમય ઉપર પાયા કરતો. દુર્મતિ એને ખૂબ જ વ્હાલપૂર્વક અલંકાર

પણ પહેરાવતો. તે ઘેટાનું બચ્ચું વખતો વખત દુર્મતિના મૃદુલ કરસ્પર્શથી આનંદ પામતું પોતાના જીવનના દિવસોને સુખપૂર્વક આનંદથી પસાર કરવા લાગ્યું. એ દુર્મતિના ઘેર એક ગાય અને તેનું વાછરડું પણ હતું. પણ તેની સંભાળ આ રીતે તે લેતો ન હતો. આ ગાયના વાછરડાને ઘેટાના બચ્ચાને આ રીતે લાલન પાલન પૂર્વક ઉછેરાતું તથા રૂષ્ટ પુષ્ટ થતું જોઇને માલિક નો ઘેટાના બચ્ચા પ્રત્યેનો પક્ષપાત જોઇ તેના મનમાં ખૂબ દુઃખ થવા લાગ્યું, છેવટે વ્યથિત થઈને તેણે પોતાની માનું દૂધ પીવાનું પણ છોડી દીધું. ગાય પોતાના બચ્ચા પ્રત્યેની મમતાને કારણે દૂધ દોહવાના સમયે પોતાના બચ્ચા માટે થોડું દૂધ ચોરી લેતી (ઓછું આપતી) અને દોહનાર માણુસ પણ તેટલેથી મુકી દેતો. ગાયે વિચાર કર્યો કે, મારા બચ્ચા માટે હું મારા આંચળમાં દૂધ છુપાવી રાખું છું છતાં પણ મારૂં બચ્ચું મન મૂકીને દૂધ તો પીતું નથી. માટે કાંઇક કારણ હશે.

એક દિવસ ગાયે પોતાના બચ્ચાને પ્રેમપૂર્વક ચાટતાં ચાટતાં પૂછયું-વત્સ! આજે તેં દૂધ કેમ ન પીધું? માતાની વાત સાંભળીને વાછરડાએ કહ્યું કે, માતા! મને એ વાતનો વિચાર આવે છે કે, આપણો માલિક આ ઘેટાના બચ્ચાને પુત્રની માફક પાળી રહ્યો છે, અલંકારોથી તેને વિભૂષિત કરે છે. તે બચ્ચું પણ ખૂબ રૂષ્ટપુષ્ટ બની ગયું છે, દેહના ભરાવાથી તે ફુગા જેવું બની ગયું છે. જ્યારે મારા તરફતો માલિકનું ધ્યાન પણ જતું નથી. હું કેવો મંદભાગી છું કે, આ પ્રકારથી મારૂં લાલન પાલન થતું નથી. આ માલિક જે પ્રકારનું ખાનપાન એ ઘેટાના બચ્ચાને આપે છે તેવું મને કદી પણ આપતો નથી. મને તો પૂરૂં સુકું ઘાસ પણ ખાવા આપતો નથી. તેમજ સમયસર પુરૂં પાણી પણ પાતો નથી. આપે છે તો તે પણ સમયસર આપતો નથી. તેમજ ન તો તે મને પ્રેમની દૃષ્ટિથી જુએ છે. આથી હે માતા! મારૂં મન આજે ખૂબ વ્યાકુળ બની ગયું છે. આ કારણે આજે મને દૂધ પીવાની ઈચ્છા થતી નથી.

આ પ્રકારનું પોતાના બચ્ચાનું વચન સાંભળીને તે ગાયે કહ્યું, વત્સ! આ બાબતમાં તું ચિંતા ન કર. તારે સમજવું જોઇએ કે, આ ઘેટાના બચ્ચાને માલિક તરફથી જે પ્રિય આહાર આપવામાં આવે છે તે મરણ પથારીયે પડેલા રોગીને પથ્યાપથ્યના વિવેક વગર આપવામાં આવતા આહારના જેવું છે.

માલિકને ઘેર જ્યારે કોઈ મહેમાન આવી પહોંચશે ત્યારે આ બીચારાને મારી નાખવામાં આવશે. આથી સારૂં તો એ છે કે સુકા અને થોડા ઘાસની પ્રાપ્તિ જ આપણે માટે ઉત્તમ છે. આથી જીવન તો ઓછામાં ઓછું ઉપદ્રવથી મુકત બન્યું છે! જ્યારે આ પ્રકારે પોતાની માતાએ વાછરડાને સમજાવ્યો એટલે તેના મનને સંતોષ થયો અને દૂધ પીવા માંડયો.

એક સમયની વાત છે, તેના માલિકને ઘેર ઘણા મહેમાન આવ્યા તેમને ભોજન આપવા માટે તે બીચારા ઘેટાને મારી નાખવામાં આવ્યો, અને તેનું માંસ મહેમાનોને ખવરાવ્યું. જ્યારે ગાયના વાછરડાએ તે ઘેટાની આ પ્રમાણેની હાલત જોઈ ત્યારે ફરીથી તેણે સાંજના પોતાની માતાનું દૂધ પીવું છોડી દીધું. માતાએ ફરીથી દૂધ ન પીવાનું કારણ પૂછયું તો તેણે કહ્યું, મા! આજ આપણા માલિકને ત્યાં ઘણા મહેમાન આવ્યા છે, તેથી તેમના સત્કાર માટે માલિકે તે ઘેટાને ઘણી નિર્દયતાથી મારી નાખ્યો. જ્યારે તેણે તેના ઉપર શસ્ત્રનો પ્રહાર કર્યો ત્યારે તે બીચારાનું મોઢું ફાટી ગયું. જીભ તેની બહાર નીકળી પડી, આંખો વિહ્વળ બની ગઈ, ઘણી જ ખરાબ રીતે તે આક્રંદ કરવા લાગ્યો, દરેક રીતે પોતાની દીનતા બતાવી પરંતુ માલિકને તેના તરફ જરા સરખીયે દયા ન આવી. એ તીક્ષ્ણ શસ્ત્રના ઘાથી જોત જોતામાં તેનો પ્રાણ ચાલ્યો ગયો. તેની એ પ્રકારની દયાજનક દશાને જોઈને આજ દૂધ પીવાની મને જરાએ ઇચ્છા થતી નથી. બચ્ચાની વાત સાંભળીને માતાએ કહ્યું—આ વાત તો મેં અગાઉ તને કહી હતી કે, તે ઘેટા માટે માલિક જે સારો એવો લીલો ચારો અને સમયસર પાણી વગેરેથી એનું લાલન પાલન કરી રહ્યો હતો તે બધું મરણ પથારીએ પડેલા રોગીને પથ્યાપથ્ય ના વિચાર વગર અપાતા ભોજન સમાન છે માટે હવે તું આ વાતની ચિંતા કરી તારા ચિત્તમાં કલેશને સ્થાન ન આપ. ધૈર્યનું અવલંબન કરીને દૂધ પી. આ પ્રકારની માતાની વાત સાંભળી વિકલ્પનો પરિત્યાગ કરીને તે વાછરડાએ દૂધ પીવાનું શરૂ કર્યું. આ દૃષ્ટાંતથી ફક્ત એટલો જ ભાવ નિકળે છે કે, જે પ્રકારે એ ઘેટું મહેમાનોને લોગ ધરાવવા માટે રૂષ્ટપુષ્ટ કરવામાં આવ્યું હતું તેજ પ્રકારે બાલજનો પણ નરક-આયુષ્ય માટે જ રસલોલુપી બને છે. ॥ ૪ ॥

આ વાતને સૂત્રકાર ત્રણ ગાથાઓથી વિસ્તાર પૂર્વક સમજાવે છે.—

"हिंसे बाले मुसावाई" ઈત્યાદિ.

અન્વયાર્થ—हिंसे-हिंस्रः પ્રણાતીપાત કરવામાં પરાયણ बाले-बालः આ બાલ-અજ્ઞાની જીવ मुसावाई-मृषावादी ભૃષાવાદી હોય છે. अद्धाणम्मिविलोवए-अध्वनि विलोपकः માર્ગમાં જબરજસ્તીથી મુસાફરોને લુંટી લે છે. अन्नाऽदत्तहरे-अन्यादत्तहरः બીજાએ નહીં આપેલી ચિજો ચોરી લે છે, तेणे-स्तेनः ચોરરૂપથી પ્રસિદ્ધ થાય છે, माइ-मायी કપટ ક્રિયામાં ઘણા કુશળ હોય છે. सढे-शठः આવી વિરૂદ્ધ આચારથી યુક્ત વ્યક્તિ कन्नुहरे-कंनुहरः એવી કઈ ચિજ બાકી છે કે જેને ચોરી લઉં-એની ચોરી કરી લઉં-અર્થાત સંસારમાં એવી કોઇ ચીજ બાકી રહી નથી જેને મેં ચોરી ન હોય આ પ્રકારના અધ્યવસાયવાળા "જે પ્રકારે ઘેટું મહેમાનને ચાહે છે તે જ પ્રમાણે એ નરકની આયુને ચાહે છે" એટલે કે જેમ ઘેટું મહેમાનના ભક્ષ માટે છે તેમ હિંસામાં રચ્યાપચ્યા બાલજીવો નરકને માટેજ છે. આ વાકયનો સંબધ સાતમી ગાથાની સાથે છે ।।૫।।

"इत्थी विसय गिद्धे य" ઇત્યાદિ.

અન્વયાર્થ—इत्थी विसयगिद्धे - स्त्रीविषयगृद्धः સ્ત્રિઓ તથા વિષયોમાં મૂર્ચ્છિત બનેલા તેમજ महारंभपरिग्गहे-महारंभपरिग्रहः મહાન આરંભ અને મહાન પરિગ્રહથી યુકત, सुरं मंसं भुंजमाणे-सुरां मासं च भुंजानः દારૂ અને માંસના ખાવાવાળા હોવાને કારણે परिवूढे-परिवृढ ખૂબ તગડા બનેલા परंदमे-परदमः અને બીજાને દમન કરવાવાળા બાલ-અજ્ઞાની નરકના આયુષ્ય ચાહે છે એટલે કે પરીણામે નરકાગામી બને છે. આનો આગળની ગાથા સાથે સંબંધ છે.।।૬।।

"अयकक्करभोइ य" ઈત્યાદિ.

અન્વયાર્થ—अयकक्करमोइ य-अजकर्क्कर भोजी બકરાના પકાવેલા માંસને ખાવાવાળા તથા तुंडिल्ले-तुन्दिलः ઘી વગેરેના ભોજનથી વધેલા પેટવાળા-ફાંદ-વાળા चियलोहिए-चित्तलोहितः અને ઉપચિત લોહીવાળા એવા બાલ-અજ્ઞાની नरए आउयं कंखे-नरके आयुष्कं कांक्षति જીવ નરકગતિમાં પોતાનું જીવન-નરક આયુની પ્રાપ્તિના યોગ્ય હિંસાદિક આચરણથી નરકાયુની ચાહના કરે છે. जहाऽऽ एसं व एलए-यथा आदेशमिव एडकः જેવી રીતે ઘેટો પોતાના જીવનને મહે-માનોને માટે કલ્પિત કરે છે. સૂત્રકારે અહિં "हिंसे" ઈત્યાદિ અઢી ગાથાઓથી આરંભ અને રસગૃદ્ધિ કહી છે અને "आउयं" આ અર્ધી ગાથાથી નરક પ્રાપ્તિરૂપ એનું ફળ પ્રગટ કરેલ છે. ।। ૭ ।।

હવે બે ગાથાઓ દ્વારા સૂત્રકાર ઐહિક કષ્ટોનું વર્ણન કરે છે–

"आसणं सयणं जाणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—आसणं-आसनं આસન-સિંહાસનાદિ, सयणं-शयनं શય્યા-પલંગ આદિ, जाणं-यानं વાહન-રથ, પાલખી આદિ, वित्तं-वित्तम् ધન-સુવર્ણાદિ य-च અને कामे-कामान् શબ્દાદિક વિષયોને भुंजिया-भुक्त्वा ભોગવીને दुस्साहडं-दुःसंहृतम् તથા વિવિધ પ્રકારના-સમુદ્ર પાર કરવા આદિ અનેક દુઃખોને સહન કરી એકઠું કરવામાં આવેલું घणं हिच्चा-धनं हित्वा દ્રવ્ય છોડીને પણ बहुं रयं संचिणिया -बहु रजः संचित्य પ્રચુર જ્ઞાનાવરણીયાદિક આઠ પ્રકારના કર્મ દ્રવ્યની પર્યાયોને ઉપાર્જીત કરીને ॥ ૮ ॥

"तओ कम्मगुरू जंतू"

અન્વયાર્થ—तओ-ततः કર્મનો સંચય કર્યા બાદ તે कम्मगुरू-कर्मगुरुः જ્ઞાનાવરણીયાદિક કર્મોના ભારનું વહન કરનારા તથા पच्चूप्पन्न परायणे-प्रत्युत्पन्न परायणः વર્તમાનમાંજ તત્પર-પરલોકની માન્યતાથી નિરપેક્ષ અથવા પરલોકના તરફ ધ્યાન ન આપનારા जंतू-जन्तुः પ્રાણી-બાલ-અજ્ઞાની જીવ मरणंतम्मि-मरणान्ते મરણના સમયે आएसे आगया अयव्व सोयई-आदेशे आगते अजवत् शोचति મહેમાનના આવતાં જેમ ઘેટો શોક કરે છે તેમ તે શોક કરે છે. તાત્પર્ય એ છે કે–જે પ્રકારે રૃષ્ટ પુષ્ટ બનેલ ઘેટો મહેમાનના આવવાથી પોતાનો વધ કરવામાં તત્પર બનેલ પુરુષના હાથમાંનો ચમકારા મારતો છરો જોઇ, તેમ જ પોતાના ચારે પગોને બાંધેલા જોઈ મરણના ભયથી ગભરાઈ જઈને શોક કરે છે. એ જ રીતે જ્ઞાનાવરણીયાદિકર્મોના ભારથી ભારે બનેલ એ પ્રાણી પણ મરણ સમયમાં પરવશ બનીને પડ્યાં પડ્યાં આ પ્રકારનો શોક કરે છે કે, મને ધિક્કાર છે કે વિષયોમાં આસકત બનીને મેં પ્રાણાતિપાતાદિક ગુરુતર કર્મોનું ઉપાર્જન કર્યું છે. હવે હું મરીને કોણ જાણે કયાં જઈશ ? મારી શું દશા થશે ? ॥૯॥

## રસગૃદ્ધોં કે પારલૌકિક અપાય કા વર્ણન

આ લોક સંબંધી અપાય (દુઃખ) ને કરીને હવે પરલોક સંબંધી અપાયને કહે છે-" तओ आउ परिक्खीणे " ઈત્યાદિ.

અન્વયાર્થ—तओ-ततः આ પછી विहिंसगा-विहिंसकाः પ્રાણીઓની હિંસા કરવાવાળા એ बाला-बालाः બાલ-અજ્ઞાની જીવ आउपरिक्खीणे-आयुः परिक्षीणे તદ્ભવ ચાલુભવ સંબંધી આયુષ્યને સર્વથા ક્ષય થવાથી देहा चुया-देहात् च्युताः શરીરથી ચ્યુત થઈને-શરીરનો પરિત્યાગ કરીને अवसा-अवशाः પોતે ઉપાર્જીત કરેલાં કર્મોને આધિન બનીને तमं आसुरियं दिसं गच्छंति-तमः आसुरिकां दिशं गच्छन्ति ઘોર અંધકારથી આવૃત્ત આસુરી-પાપકારી પ્રાણીઓને જવા યોગ્ય દિશા-ભાવદિશા અર્થાત્ નરક ગતિમાં જાય છે. ॥ ૧૦ ॥

## લોભ વિષયમેં કાકિણીકા ઔર રસવિષય મેં આમ્રફલ કા દ્રષ્ટાંત

હવે મનુષ્યભવને નિષ્ફળ બનાવવાના વિષયમાં સૂત્રકાર કાકિણી અને આમ્રફળ આ બે દૃષ્ટાંતો ને કહે છે.—" जहा कागणिए हेउं "

અન્વયાર્થ—जहा-यथा જેમ कागणिए हेउं-काकिन्याः हेतोः એક રૂપીયાની એંસી કાકિણી થાય છે એમાંથી એક કાકિણીને ખાતર नरो-नरः અજ્ઞાની પુરુષ सहस्सं हारए-सहस्रं हारयति હજાર મહોરો હારી જાય છે અથવા જેમ अपत्थं अंबगं भोच्चा-अपथ्यं आम्रकं भुक्त्वा અહિતકારક આમ્રફળ (કેરી) ને ખાઈને राया-राजा રાજા रज्जं हारए-राज्यं हारयति પોતાના રાજ્યને ખોઈ બેસે છે એની માફક અજ્ઞાની પ્રાણી દેવભવસંબંધી દિવ્ય સુખોને હારી બેસે છે.

અહિં કાકિણીનું દૃષ્ટાંત આ પ્રકારનું છે—

કોઈ એક દરિદ્રી હતો. તેણે પોતાની દરિદ્રતા મટાડવા ઘર છોડીને ધન કમાવા માટે પરદેશ ગયો. ભાગ્યવશાત એનો પુરુષાર્થ સફળ પણ બન્યો. તેણે

કમાઈ કમાઈને એક હજાર સુવર્ણ મુદ્રાઓ એકઠી કરી, એ સોના મહોરોને લઈને ઘર તરફ નીકળ્યો. સદ્‌ભાગ્યે કોઈ એક સંઘ જતો હતો તેનો સંગાથ મળ્યો. માર્ગમાં ખાવા પીવાના ખર્ચ માટે તેણે એક રૂપીયાની એંસી કાકિણીયો (તે વખતનું પ્રચલિત નાણું) લીધી. જ્યાં સુધી તેનું ઘર ન આવ્યું ત્યાં સુધી એક એક કાકિણી ખરચતો રહ્યો, અને માર્ગ કાપતો રહ્યો. એક દિવસની વાત છે કે, તેણે જ્યારે એક કાકિણી આપીને એક જગ્યાએ ખાવા પીવાની સામગ્રી ખરીદી. આ વખતે તેની પાસે એક કાકિણી બાકી રહી હતી તેને એ સ્થળે ભૂલી ગયો. અને આગળ ચાલ્યો, જ્યારે તે ઘણે દૂર નીકળી ગયો ત્યારે તેને ભૂલાયેલી કાકિણુની યાદ આવી. એ વખતે તેણે મનમાં વિચાર કર્યો, કે મારી પાસે ખર્ચ કરતાં કરતાં એક જ કાકિણી તો બચી હતી, પરંતુ તે તો હું ભોજનના સ્થાન ઉપર ભુલી ગયો. હવે શું કરૂં ? ઘરનો રસ્તો હવે ત્રણ દિવસનો છે. આથી હવે એક દિવસના ખર્ચ માટે નકામો રૂપીયો વટાવવો યોગ્ય નથી. આથી સહુથી સારી વાત તો એ છે કે પાછો ફરીને જ્યાં કાકિણી ભૂલી ગયો છું, ત્યાં જઈને તે શોધીને પાછી લઈ આવું. એવો વિચાર કરી તેણે મહોરોથી ભરેલી થેલીને કોઈ એકાન્ત સ્થાનમાં સંતાડી દીધી, અને એક કાકિણી માટે તે એ સ્થાન તરફ પાછો ગયો. પોતાની પાસેની સોના મહોરની થેલીને તે છુપાવતો હતો ત્યારે તે કોઈ રાહદારીના જોવામાં આવેલી, તેથી એના જવા પછી તેણે એ થેલી ઉઠાવી લીધી અને ત્યાંથી રવાના થઈ ગયો. તે દરિદ્રી એક કાકિણીની આશાથી જ્યાં તે ભૂલી ગયો, હતો તે સ્થાન ઉપર પહોંચ્યો, ત્યાં જઈ તપાસ કરી પરંતુ ખોવાએલી કાકિણી તેને મળી નહીં. કારણ કે લોકોની અવર જવરને કારણે ગમે તેની નજરે પડતાં કોઈએ તે લઈ લીધી હતી. આથી તે દરિદ્રીને જ્યારે પોતાની એક કાકિણી ન મળી ત્યારે તે ખૂબ નીરાશ અને દુઃખી થયો, અને ત્યાંથી પાછો ફર્યો. ચાલતાં ચાલતાં જે સ્થળે સોના મહોરોથી ભરેલી થેલી સંતાડી હતી ત્યાં પહોંચ્યો. તપાસ કરી તો એ થેલી પણ ગાયબ જણાઈ. આથી તેને પોતાની સ્થિતિનું ભારે દુઃખ ઉપજ્યું. આ રીતે એક કાકિણીના લોભમાં પડીને તેણે મહાકષ્ટથી મેળવેલું સઘળું દ્રવ્ય ગુમાવ્યું. દુઃખની પ્રબળતાથી વ્યાકુળ બની નિર્ધન અવસ્થામાંજ તે ઘેર પાછો ફર્યો અને "અલ્પ–થોડા માટે મેં મારી સઘળી મિલ્કત ગુમાવી" આ પ્રકારનો કલ્પાંત કરતાં વિપત્તિરૂપ દશાને પ્રાપ્ત કરતાં તેણે પોતાના લોભની ભારે નિંદા કરવા માંડી.

આમ્ર ( કેરી ) નું દૃષ્ટાંત આ પ્રકારનું છે—

સિંધુ સૌવિર દેશમાં સિંહપુર નામનું એક નગર હતું. ત્યાં વિક્રમ સિંહ નામના રાજા રાજ્ય કરતા હતા. એ રાજાને રસનેન્દ્રિયનો વિષય પ્રબળ હતો. કેરી ખાવાનો તેને ઘણોજ શોખ હતો. ખાવાના સમયે તે કેરીયો ખૂબ જ ખાતો. આથી તેને અજીર્ણનો રોગ લાગુ પડયો, જેને લઈને તેને કોગળીયાની બીમારી લાગુ પડી. ચિકિત્સકોએ-વૈદ્યોએ મન લગાડીને ખૂબ ચિકિત્સા કરી. આથી તે રાજાનો રોગ મટી ગયા પછી વૈદ્યોએ રાજાને કહ્યું કે, આપશ્રી હવે રોગ મુક્ત બન્યા છો, પરંતુ આપને અમારી એ વિનંતી છે કે, આપ હવે કેરી ખાવાનું છોડી દો. નહીં તો હવે પછી દવા થવી મુશ્કેલ બનશે અને મૃત્યુ સિવાય બીજો કોઈ છુટકારો નથી. વૈદ્યોની વાત સાંભળીને રાજાએ વિચાર કર્યો કે, શું કરૂં ? હું કેરીને જોઉં છું કે તુરત જ મારૂં મન એ ખાવાને લલચાય છે. મારાથી એનું છુટવું કઠીન છે, આથી સારી વાત તો એ છે કે, મારા રાજ્યમાં જેટલાં આંબાનાં ઝાડ છે તે સઘળાં કાપી નંખાવું. આવો વિચાર કરીને તેણે પોતાના રાજ્યમાંનાં તમામ ઝાડ કપાવી નંખાવ્યાં. એક દિવસની વાત છે કે, રાજાને નજરાણામાં કોઈએ બે પાણીદાર ઘોડા ભેટ કર્યા, પણ તે ઘોડા વક્રશિક્ષિત હતા. અશ્વક્રીડા કરવા નિમિત્ત એક ઉપર રાજા બેઠા અને બીજા ઉપર મંત્રી. બન્ને પોત પોતાના ઘોડા ઉપર બેસીને નગરની બહાર નીકળી ગયા. તેજ ચાલ ચાલવાવાળા તે બન્ને ઘોડા ચાલતા ચાલતા એક વનમાં પહોંચ્યાં. આ વન તે રાજાના રાજ્યની સીમાની બહાર હતું. રાજા અને મત્રી બન્ને ખૂબ જ થાકી ગયા હતા. આથી ઘોડાથી નીચે ઉતરી રાજા જંગલની તરફ ચાલવા માંડયો, મંત્રી પણ તેની સાથે ગયો. તે જંગલમાં એક આંબાનુ ઝાડ હતું. તે ઝાડની નીચે આરામ લેવા તે બન્ને બેઠા. આંબા નીચે પાકેલી કેરીયોને પડેલી રાજાએ જોઈ અને રાજાને કેરી ખાવાનું મન થયું. કેરી ખાવાની પોતાની ઇચ્છાને તે રોકી ન શકયો. તેણે એ પાકેલી કેરીયોને ખાવા માટે ઉપાડી. મંત્રીએ તેમ કરવા મનાઇ કરી, અને કહ્યું કે હે નાથ! વિષના જેવા અપથ્ય આહારનું સેવન કરવાથી મનુષ્ય નિયમતઃ મરણને પામે છે. આથી એને જોવું, સ્પર્શ કરવો, સૂંઘવું આપને માટે હિતકારક નથી. કેરીથી તો આપ દૂર જ રહો. મંત્રીએ આ પ્રકારે વારંવાર વિનંતી કરી રોકવા છતાં પણ રસની લોલુપતાથી રાજાએ "આને ખાવામાં હવે કોઈ દોષ નથી" એવી કલ્પના કરીને કેરીયો ખાધી. ખાતાંની સાથે જ તેનો શાંત પડેલો વ્યાધિ જાગૃત બન્યો. જેમ સુતેલોસિંહ લાકડીના એકજ પ્રહારથી જાગી ઉઠે છે, તેમ કેરી ખાતા રાજાને વ્યાધિ ઉપડયો અને દુઃખી થઈ ને રાજા ત્યાંનો ત્યાં મરી ગયો.॥૧૧॥

સૂત્રકાર આ પ્રકારનું દૃષ્ટાંત કહિને હવે દાર્ષ્ટાન્તિક કહે છે.

"एवं माणुस्सगा कामा" ઇત્યાદિ.

અન્વયાર્થ—एवं-एवम આ પ્રકારે देवकामाण अंतिए-देवकामानां अंतिके દેવોના શબ્દાદિક વિષયોની અપેક્ષા मणुस्सगा कामा-मनुष्यकाः कामाः મનુષ્ય ભવ સંબંધિ શબ્દાદિક વિષય કાકિણી અને આમ્રફળના તુલ્ય છે. અને दिव्वियाकामा-दिव्यकाः कामाः દેવ સંબંધી કામ-શબ્દાદિક વિષય મનુષ્યોના શબ્દાદિક વિષયોની સામે भुज्जो-भूयः વારંવાર અનેક વાર सहस्सगुणिया-सहस्रगुणिताः હજાર ગણી છે. અર્થાત્ લાખો, કરોડો અરબો ગણી અધિક છે. આ રીતે आउ-आयुः દેવભવ સંબંધી આયુ પણ અનેકવાર સહસ્ર-હજારગણી જાણવી જોઈએ ॥૧૨॥

'अणेगवासानउया' ઇત્યાદિ.

અન્વયાર્થ—પ્રકૃષ્ટ જ્ઞાનનું નામ પ્રજ્ઞા છે, જ્ઞાનમાં પ્રકૃષ્ટતા, ક્રિયાની અપેક્ષાથી જાણવી જોઈએ, ક્રિયા રહિત જ્ઞાન પ્રકૃષ્ટ બનતું નથી. "तज्ज्ञानमेव नास्ति यस्मिन् रागादयः प्रकाशन्ते" એવું વચન છે કે, તે જ્ઞાન જ્ઞાન જ નથી કે જેનું અસ્તિત્વ હોવા છતાં (વ્યક્તિ) રાગાદિક બની રહે. पन्नवओ-प्रज्ञावतः એવા પ્રકૃષ્ટજ્ઞાનથી સંપન્ન-જ્ઞાન અને ક્રિયા યુક્ત જીવની जा ठिई-या स्थितिः જે દેવભવ રૂપ સ્થિતિ છે તે સ્થિતિ अणेगवासा नउया-अनेकवर्षनयुतानि પલ્યોપમ તથા સાગરોપમ રૂપ હોય છે. दुम्मेहा-दुर्मेधसः દુર્બુદ્ધિવાળા મનુષ્ય-પ્રકૃષ્ટ જ્ઞાનથી રહિત પ્રાણી ऊने वाससयाउए-ऊने वर्षशतायुषि ૧૦૦ વર્ષથી પણ ઓછા એવા આ કાળની આયુષ્યમાં जाणि जीयंति-यानि जीयन्ते એ અનેક નયુતપ્રમાણુ દેવ સંબંધી આયુષ્યને હારી રહ્યા છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, આયુષ્ય કરોડ પૂર્વ જેટલું લાંબુ હોય તો પ્રમાદથી હારેલા દેવતાઓનું આયુષ્ય ફરીથી ઉપાર્જીત કરી શકાય છે, પરંતુ મહાવીર સ્વામીના તીર્થમાં પ્રાયઃ જ્યારે મનુષ્યનું આયુષ્ય ફક્ત સો વરસથી પણ ઓછું છે તો આવી સ્થિતિમાં એકવાર હારવામાં આવેલું આયુષ્ય બીજી વાર આજ પર્યાયમાં કેવી રીતે પ્રાપ્ત કરી શકાય? પ્રાપ્ત ન થઈ શકે પછી તો દેવ આયુષ્યનું મળવું તો સર્વથા અસંભવિત જ છે.

નયુતનું તાત્પર્ય એ છે કે, ચોરાસી લાખ વર્ષનું એક પૂર્વાંગ થાય છે, ચોરાશી લાખ પૂર્વાંગનું એક પૂર્વ થાય છે. અને ચોરાશી લાખ પૂર્વનું એક નયુતાંગ થાય છે, અને ચોરાશી લાખ નયુતાંગનું એક નયુત થાય છે.

આ બાલ-અજ્ઞાની વિષયોમાં લોલુપ બનીને દેવભવની પ્રાપ્તિનાં કારણભૂત તપ સંયમનું અનુષ્ઠાન નહીં કરવાથી એવાં નયુતોને હારી જાય છે.

આ શ્લોકનો સમુદાય અર્થ આ પ્રકારનો છે. ગુરુ મહારાજ પોતાના શિષ્યને સંબોધીને ઉપદેશ આપે છે કે, અસંખ્યવર્ષનયુત પલ્યોપમ અને સાગરોપમ સ્વરૂપ થઈ જાય છે એટલી વિશિષ્ઠ આયુષ્ય જ્ઞાન અને ક્રિયાયુક્ત મુનિની દેવલોકમાં હોય છે. તથા કામ પણ ત્યાં સર્વોત્કૃષ્ટ હોય છે. આ વાતને જીનેશ્વરની આજ્ઞાનું પાલન કરનાર જાણે છે.

અજ્ઞાની પ્રાણી સ્વલ્પ આયુ સંપન્ન આ મનુષ્ય ભવમાં તુચ્છ મનુષ્યપર્યાયના સુખોમાં લોલુપ બની ધર્મક્રિયાનું આચરણ કરતા નથી. જેથી એ સ્થિતિ આયુષ્ય, અને એ કામે સુખોને હારી જાય છે. અર્થાત્ દેવ સ્થિતિથી અને દેવ સુખોથી તે વિહીન બની જાય છે આથી જ સૂત્રકારે એવા પ્રાણીઓને દુર્મેધ કહેલ છે.

દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તની યોજના આ પ્રકારની જાણવી જોઈએ. મનુષ્ય ભવનું આયુષ્ય અને મનુષ્યભવનું સુખ ઘણું જ થોડું હોવાથી કાકિણી અને આમ્રફળ જેવું છે. દેવોનું આયુષ્ય અને દેવોનું સુખ ઘણું પ્રભૂત હોવાથી સહસ્ર મહોર અને રાજ્ય તુલ્ય છે. આથી જેમ દરિદ્રિએ એક કાકિણીની ખાતર હજાર મહોરને અને આમ્રફળ માટે રાજાએ પોતાનું સમગ્ર રાજ્ય અને જીવન ખોઈ દીધું આવી જ રીતે દુર્બુદ્ધિ વ્યક્તિ પણ અલ્પતર મનુષ્ય આયુષ્ય અને અલ્પતર સુખ નિમિત્તે પ્રભૂત દેવ આયુષ્ય અને તેના સુખોને હારી જાય છે॥૧૩॥

## વ્યવહાર વિષય મેં તીન વણિકોં કા દ્રષ્ટાંત

હવે સૂત્રકાર વ્યવહારિક દૃષ્ટાન્ત આપે છે. "जहाय तिन्नि वाणिया"- ઇત્યાદિ. તથા एगो मूलं पि हारित्ता "-ઇત્યાદિ.

અન્વયાર્થ—जहा य-यथा च જેમ तिन्नि वाणिया-त्रयः वाणिजाः ત્રણ વણિક मूलं घेत्तूण-मूलं गृहीत्वा મૂળ ધન લઈને निग्गया-निर्गताः વેપાર માટે પોતાના સ્થાનથી બીજા સ્થાને પરદેશ ગયા. अत्थ-अत्र તેમાં एगो-एकः જે વેપાર કરવામાં કુશળ હતો તેણે लाहं लहइ-लाभं-लभते ખુબ લાભ પ્રાપ્ત કર્યો एगो-एकः જે વેપાર કરવામાં કુશળ ન હતો તે मूलेण आगओ-

मूलेन आगतः જેટલું દ્રવ્ય ઘેરથી લઈ ગયો હતો તેટલું લઈને પાછો ફર્યો एगो–एको वणिक्‌ અને જે પ્રમાદી હતો, જુગાર રમવા વીગેરે સાતે વ્યસનમાં આસકત ચિત્ત વાળો હતો, તે વણિક मुलंपि हारित्ता–मुलमपि हारयित्वा પોતાના મૂળદ્રવ્યને ખોઇને तत्थ–तत्र પોતાને ઘેર आगओ–आगतः પાછો ફર્યો. एसा ववहारे उवमा–एषा व्यवहारउपमा આ તો વ્યવહારના વિષયમાં દૃષ્ટાન્ત છે. एवं આ જ રીતે धम्मे वियाणइ–धर्मे विजानीत ધર્મના વિષયમાં પણ જાણવું જોઈએ.

ભાવાર્થ—સંસારમાં આ દૃષ્ટાન્ત અનુસાર ત્રણ પ્રકારનાં પ્રાણી છે. તેમાં એક એવો છે કે જે મૂળધનને વધારે છે–મનુષ્યભવ મેળવીને કર્તવ્ય દ્વારા દેવગતિની પ્રાપ્તિ કરી લે છે. એક એવો છે કે જે પોતાના મૂળની રક્ષા કરે છે. મનુષ્યભવ પામીને એવી કરણી કરે છે કે ફરીથી મનુષ્યભવ પ્રાપ્ત કરે છે, કેટલાક એવા છે કે જે પોતાનાં મૂળ ધન–મનુષ્ય ભવનો પણ નાશ કરી હારીને નરક તિર્યંચ ગતિને ઉપાર્જન કરે છે.

ત્રણ વણિકનું દૃષ્ટાન્ત આ પ્રકારનું છે.

એક શેઠને ત્રણ પુત્રો હતા. શેઠે ત્રણેય પુત્રોની બુદ્ધિ વ્યવસાય અને ભાગ્યની તથા પુરુષાર્થની પરીક્ષા કરવાના હેતુથી તે સઘળાઓને એકેક હજાર મહોર આપીને કહ્યું. તમે બધા પરદેશ જાઓ. ત્યાં જઈને વેપાર કરો અને દ્રવ્યની વૃદ્ધિ કરી અમુક સમયમાં ઘેર પાછા આવી જાવ પુત્રોએ પોતાના પિતાની આજ્ઞા પ્રમાણે કર્યું. તેઓ જુદાં જુદાં દેશોમાં જઈને વેપાર કરવા લાગ્યા.

તેમાંથી એકે વિચાર કર્યો કે, પિતાએ અમને ઘેરથી બહાર મોકલ્યા છે, તે ફકત પરીક્ષા કરવા માટે જ મોકલ્યા છે. આથી અમારે દ્રવ્યનું ઉપાર્જન કરીને પિતાને સંતુષ્ટ કરવા જોઈએ. જે વ્યકિત પુરુષાર્થથી રહિત હોય છે તે ઘાસના બનાવેલા પુતળા જેવા અકિંચિત્કર કહેવાય છે, સંસારમાં જેટલા પણ પુરુષાર્થ છે તે સઘળા મનુષ્યો દ્વારાજ સાધવામાં આવે છે. આ અમારો સમય છે કે જેમાં હું અર્થનું ઉપાર્જન કરી શકું કેમકે, આ નીતિનું વાકય છે.

प्रथमे नार्जिता विद्या, द्वितीये नार्जितं धनम्।
तृतीये नार्जितं पुण्यं, चतुर्थे किं करिष्यति ॥ १ ॥

"જેણે પોતાની પ્રથમ અવસ્થામાં વિદ્યા ઉપાર્જીત કરી નથી, બીજી અવસ્થામાં ધન કમાયો નથી ત્રીજી અવસ્થામાં પુણ્ય સંચિત કર્યું નથી. તે ચોથી અવસ્થામાં શું કરી શકે ?

આ પ્રકારનો વિચાર કરી તેણે જુગાર આદિ વ્યસનોથી દૂર રહી તે વિધિ પૂર્વક વેપાર કરવો શરૂ કર્યો. પોતાના ખાવા અને પહેરવાની સામગ્રીનું ખર્ચ કાઢતાં તેણે વેપારમાં સારું એવું ધન ભેગું કર્યું.

બીજાએ વિચાર કર્યો કે, મારે કમાવાની એટલી બધી આવશ્યકતા નથી. કારણ કે ઘરમાં બાપદાદાની કમાએલી સંપત્તિ ઘણી છે. પરંતુ ન કમાવાથી

તે ખર્ચમાં વપરાઈને ખલાસ થઈ જશે. આથી મૂળધન નાશ ન થાય, તેની રક્ષા કરવામાં આવે અને પોતાનું ખર્ચ નીકળી રહે, એ ખ્યાલથી કાંઈક કમાવું જોઈએ કે જેથી પોતાને ખાવા પીવાની સામગ્રીમાં થતો ખર્ચ નીકળી જાય, આ પ્રકારનો વિચાર કરી તે વેપારમાં કમાવાતું ધન પોતાના ભોગોપભોગની સામગ્રીમાં ખરચતો રહ્યો, અને મૂળદ્રવ્યનું રક્ષણ કરતો રહ્યો.

ત્રીજાએ વિચાર્યું-મારા ઘરમાં સમુદ્રમાં રહેલા પાણીની જેમ ભરપૂર દ્રવ્ય છે. તે કેટલું છે તે કોઈ જાણતું નથી, અને કોઈ તેની ગણના પણ કરી શકતા નથી. આવી સ્થિતિ હોવા છતાં પણ પિતાએ અમને ઘરથી બહાર મોકલ્યા છે. તે વૃદ્ધાવસ્થાને કારણે તેમની બુદ્ધિ તૃષ્ણારૂપ બની ગઈ છે. શાસ્ત્રકાર કહે છે કે, બુઢાપામાં પ્રાણીને ધન આદિની તૃષ્ણા અત્યંત વધે છે. એજ હાલત અમારા પિતાની છે. નહીં તો અમને ઘરથી બહાર પરદેશમાં મોકલવાની શી જરૂર હતી? કોણ આ કમાવાની ઝંઝાળમાં પડે. જે કાંઈ પિતાએ આપેલું છે તેનો જ બેઠાં બેઠાં આનંદથી શા માટે ઉપભોગ ન કરવો? ક્લેશકારક દ્રવ્યોપાર્જનના ઉપાયોમાં પડીને પોતાની જાતને કષ્ટમાં નાખી, રાખેલા દ્રવ્યમાં વધારો કરવાની ફીકરમાં કોણ પડે? આ તો એક એવી વાત છે કે, ઘરમાં ઝરતા અમૃતને છોડીને તેની પ્રાપ્તિની આશામાં પર્વત ઉપર જવું. વળી એવી પણ શી ખાત્રી કે કમાવાથી દ્રવ્યમાં વધારો થશે જ. સંભવ છે કે, મૂળધનમાં પણ નુકશાન આવી જાય. તો અહીં કોણ બેઠું છે કે, તે ભરપાઇ કરે. એવો વિચાર કરીને ત્રીજા પુત્રે પિતા તરફથી આપવામાં આવેલા તે દ્રવ્યને જુગાર, મોજશોખ આદિ ભોગોપભોગની સામગ્રીના સેવનમાં નષ્ટ કરી દીધું. તેમને ઘેર પાછા ફરવા માટે જે સમય આપવામાં આવ્યો હતો તે સમયે ત્રણે જણા ઘેર આવી ગયા. પિતાએ ત્રણેની પરિસ્થીતિ જાણી, સાંભળીને મોટા દિકરાની ખૂબ પ્રસંશા કરી અને સંતુષ્ટ બનીને તેને જ પોતાના ધનનો ઉત્તરાધિકારી બનાવી દીધો. બીજા પુત્રને ઘર સંબંધી વેપારમાં નિયુક્ત કર્યો. અને ત્રીજા પુત્રને તેણે ઘરમાંથી બહાર કાઢી મૂકયો. આ પ્રકારે બીજા પુત્રે જો કે, ખાવા પીવાનું સુખ મેળવ્યું પરંતુ ખ્યાતિ અને સન્માન તેને પ્રાપ્ત ન થયાં ત્રીજા પુત્રને બીજાને ત્યાં નોકરી કરી પોતાના જીવનમાં નોકર તરીકેનાં ખૂબ ભારે કષ્ટો ભોગવવાં પડયાં. ॥૧૪॥૧૫॥

॥ આ રીતે ત્રણ વાણીયાનું દૃષ્ટાન્ત પૂર્ણ થયું ॥

હવે સૂત્રકાર દર્ષ્ટાંતિક કહે છે "माणुसत्तं भवे मूलं" ઇત્યાદિ.

અન્વયાર્થ—मानुसत्तं-मानुषत्वम् આ મનુષ્યભવ સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિને હેતુ હોવાથી મૂળદ્રવ્યના જેવું છે. देवगई लाहो-देवगतिः लाभः દેવગતિનો લાભ અપાવનાર છે. કેમકે, મનુષ્યગતિની અપેક્ષા દેવગતિમાં આયુષ્ય, સુખ અને સૌભાગ્ય આદિની વિશિષ્ટતા છે. मूलच्छेएण जीवाणं नरगतिरिक्खत्तणं धुवं-मूलच्छदेन जीवानां नरकतिर्यक्त्वं ध्रुवं મૂળદ્રવ્ય એટલે કે મનુષ્યગતિના વિનાશથી જીવોને નરકગતિ અને તિર્યંચગતિની પ્રાપ્તિ નિશ્ચિત છે. આ મૂળ દ્રવ્યને પણ નાશ કરવા જેવી વાત છે.

દૃષ્ટાંત–ત્રણ સંસારી જીવ મનુષ્યભવમાં આવ્યા, તેમાં પહેલો જીવ કે જે મનુષ્ય ભવમાં આવ્યો હતો તેણે સમ્યકત્વ ચારિત્ર આદિ ગુણોની આરાધના કરી. સરાગસંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલતપના પ્રભાવથી તે મરીને લબ્ધલાભવાળા મનુષ્યની માફક દેવ ગતિમાં ગયો. તેમાં બીજો મૃદુતા આર્જવ, આદિ ગુણથી સંપન્ન બન્યો પ્રકૃતિથી ભદ્ર, વિનીત, અને દયાળુ હોવાથી તેને કોઇની સાથે જરા પણ ઈર્ષાનો ભાવ ન હતો. અલ્પ આરંભ અને અલ્પ પરિગ્રહથીજ તે સંતુષ્ટ રહેતો. આથી જ્યારે તેને મરણનો અવસર પ્રાપ્ત થયો ત્યારે તે મૂળધનના રક્ષક વણિકે પિતાની આપેલી એક હજાર મહોરોની સાચવણી કરી તેમ તેણે ફરી મનુષ્યભવ પ્રાપ્ત કર્યો. ત્રીજી વ્યક્તિ હિંસા મૃષાવાદ આદિ સાવદ્ય યોગોથી યુક્ત બની, મહાઆરંભ અને પરિગ્રહનું સેવન કરનાર બનીને પંચેન્દ્રિય જીવોનો વધ કરનાર તેમજ માંસાહારથી માયાથી ગુઢમાયાથી, ખોટાવચનથી, વંચનાથી, મરીને મૂળધન ગુમાવનાર વણિકની માફક નરકગતિ અને ત્યાંથી નિકળીને તીર્યંચગતિમાં ગયો. ॥૧૬॥

હવે પાછળની પૂર્વીથી મનુષ્યભવરૂપ મૂળધનનો નાશ થવાથી જીવની બે ગતિ થાય છે તે બતાવે છે–"दुहओ गइ बालस्स" ઇત્યાદિ.

અન્વયાર્થ—बालस्स–बालस्य અજ્ઞાની રાગદ્વેષવશવર્તી જીવની गई–गतिः ગતિ दुहवो–द्विधा બે પ્રકારની થાય છે. પ્રથમ નરકગતિ અને બીજી તિર્યંચ-ગતિ, એ ગતિને પામનાર એ જીવને वह मुलिया आवई–वधमूलिका आपत् વધ, બંધન, છેદન, ભેદન, ભારારોપણુ, આદિ રૂપ આપત્તિ ભોગવવી પડે છે. અજ્ઞાની જીવની ગતિ, આપત્તિ અને વધ આ બે મૂળ કારણુ છે. જેને આ પ્રમાણે બે પ્રકારની ગતિ પ્રાપ્ત થાય છે તેનું કારણુ એ કે તે બાલઅજ્ઞાની જન लोलया–लोलतया માંસાદિકની લોલુપતાથી તથા પોતે सढे–शठः શઠ હોવાના કારણે ઠગાઇથી देवत्तं माणुसत्तं च जिए- देवत्वं मानुषत्वं च जितः દેવભવ અને મનુષ્યભવને હારી જાય છે. લોલતા શબ્દથી મહા આરંભ આદિ ચતુષ્ટયને અર્થાત મહા-આરંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિય વધ અને માંસાહારને એ ગતિના કારણરૂપ માનવો જોઈએ. એ મહાઆરંભ આદિ ચતુષ્ટય નરકનું કારણુ છે.

ભાવાર્થ—બાલ અજ્ઞાની જીવની નરક અને તિર્યંચ આ બે ગતિઓ કેમ થાય છે તેનો સંક્ષેપમાં આ ગાથા દ્વારા ઉત્તર આપેલ છે. તેમાં એ બતાવ્યું છે કે, અજ્ઞાની જીવ માંસાદિકની લોલુપતાથી, બીજાનો વધાદિક કરે છે. તે ન કરે તો છેવટે વંચના તેમજ ઠગાઇથી બીજાને કષ્ટ પહોંચાડે છે. આ માટે એ આપત્તિ વધવાળી બે ગતિઓ તેને પ્રાપ્ત થાય છે. મનુષ્યગતિ અને દેવગતિ તો એનાથી દૂર જ રહે છે. જ્યારે નરક અને તિર્યંચગતિઓમાં તે પોતાના કર્તવ્ય અનુસાર ફળ ભોગવતો રહે છે. વધાદિકથી નરકગતિ અને વંચનાથી તિર્યંચગતિ તેને પ્રાપ્ત થાય છે. મહાઆરંભ આદિ ક્રિયાએ ચાર નરકગતિના હેતુ છે. એ વાત શાસ્ત્રોમાં પણુ આ પ્રકારે કહેલ છે.

“ एवं खलु चउहिं ठाणेहिं जीवा णेरइयत्ताए कम्मं पकरेंति, णेरइयत्ताए कम्मं पकरेत्ता णेरईएसु उववज्जंति तं जहा–१ महारंभयाए, २ महापरिग्गहयाए, ३ पचेंदियवहेणं, ४ कुणिमाहारेणं ॥

અથાત્ બાલજન લોલુપતાથી મહારંભ, મહાપરિગ્રહ પચેન્દ્રિય જીવોનો વધ અને કુણુપ–માંસના આહારથી જીવ નરકગતિમાં જવા યોગ્ય કર્મ બાંધે છે. શઠતાથી–વંચનાથી જીવ તિર્યંચગતિનો બંધ કરે છે. કહ્યું પણુ છે—

**एवं एएणं अभिलावेणं तिरिक्खजोणिएसु १ माइल्लयाए णियडिल्लयाए, २ अलियवयणेणं, ३ उक्कंचणयाए, ४ वंचणयाए "।**

માયાનિકૃતિ-ગૂઢમાયી અર્થાત્ કપટમાં કપટ કરવાથી, અલીક-અસત્ય વચન બોલવાથી, ઉત્કુંચન-લાંચ રૂશ્વત ખાવાથી. વંચના-ઠગાઈ કરવાથી જીવ તિર્યંચ ગતિને યોગ્ય કર્મોનો બંધ કરે છે. આ પ્રકારથી નરકગતિ અને તિર્યંચગતિ આ બે ગતિઓ બાલ-અજ્ઞાનીને પ્રાપ્ત થાય છે ॥૧૭॥

## દ્વિધાગતિપ્રાપ્ત બાલ-અજ્ઞાની કે ઉદ્ધારકી દુર્લભતા કા વર્ણન

ફરીથી એ વાતને કહે છે.—"तओ जीए सइं होइ"-ઇત્યાદિ.

અન્વયાર્થ—तओ-ततः દેવગતિ અને મનુષ્ય ગતિને હારી જવાથી **दुग्गइं गए-दुर्गतिं गतः** નરક અને તિર્યંચગતિરૂપ બે ગતિઓને પ્રાપ્ત થનાર એ બાલ-અજ્ઞાની જીવ सइं जिए होइ-सदा जितः भवति હંમેશાં વિજય થાય છે. અર્થાત્ દેવ અને આ મનુષ્ય બે ગતિઓને સદાને માટે હારી જાય છે, तस्स सुचिरादवि अद्धाए उम्मग्गा दुल्लहा-तस्य सुचिरादपि अद्धायां उन्मज्जा दुर्लभा આથી એ બાલ-અજ્ઞાનીનો આગામી અનેક ભવોમાં પણ ઉદ્ધાર થવો દુર્લભ બની જાય છે. દુર્ગતિના ખાડામાં પડી જવાના કારણે ત્યાંથી નીકળવું તેને માટે ભારે દુર્લભ બની જાય છે.

ભાવાર્થ—દુર્ગતિને પામેલો જીવ જલ્દી પોતાનું કલ્યાણ કરી શકતો નથી. દુર્ગતિમાંથી બહાર નીકળી ઉચ્ચ કુળમાં જન્મ લઈ, ત્યાં આત્મકલ્યાણ કરનારની સામગ્રી તેને મળે તો જ એ વાત સંભવિત બની શકે છે. દુર્ગતિમાંથી ઉદ્ધાર થવો એજ જ્યાં કઠણ છે, ત્યારે આત્મકલ્યાણની વાત જલ્દીથી તો ક્યાંથી બની શકે? ॥ ૧૮ ॥

## બાલત્વ કે પરિવર્જન સે મનુષ્યગતિ કે લાભ કા વર્ણન

પશ્ચાનુપૂર્વીથી મૂળહારકનો ઉપનય બતાવીને હવે મૂળ પ્રવેશકનો ઉપ-નય બતાવવામાં આવે છે.– ' एवं जीयं सपेहाए '–ઇત્યાદિ.

અન્વયાર્થ—जे–યે બાલભવના (અજ્ઞાનના) ત્યાગથી અને પાંડિત્યના (જ્ઞાનના) સેવનથી જે माणुसिं जोणिमेंति–मानुषीं योनीं आयान्ति મનુષ્ય ભવને પ્રાપ્ત કરે છે તે જીવ एवं ઉક્ત રીતિથી जियं-जितम् દેવગતિ અને મનુષ્યગતિને હારી ગયેલા એવા બાલ અજ્ઞાની અંગે सपेहाए-संप्रेक्ष्य સારી રીતે વિચાર કરીને તથા बालं पंडियं च तुलिया–बालं पंडितं च तोलयित्वा બાલ–અજ્ઞાની હોય છે અને પંડિત જ્ઞાની હોય છે એ પ્રમાણે તુલના કરીને मूलियं–मौलिकम् મૂળધન સ્વરૂપ એવા મનુષ્ય ભવને पवेसंति-प्रविशन्ति પ્રાપ્ત કરે છે. અર્થાત્ આ પ્રકારની તુલના કરીને બન્નેના દોષગુણ મનમાં વિચારીને અજ્ઞાનભાવનો પરિત્યાગ કરી જે જ્ઞાનભાવનું સેવન કરે છે એવો જીવ મૂલરક્ષક વેપારી જનની માફક પુનઃ મનુષ્યગતિમાં જન્મ લે છે. ॥૧૯॥

## મનુષ્ય યોની કૌન પાતા હૈ ? ઉસકા કથન

મનુષ્ય યોની કોને પ્રાપ્ત થાય છે તે કહે છે.– 'वेमायाहिं सिक्खाहिं'–ઇત્યાદિ

અન્વયાર્થ—जे नरा–યે નરા જે મનુષ્ય गिहिसुव्वया – गृहि सुव्रताः ગૃહસ્થ અને સત્પુરુષ હોવા રૂપ વ્રતને ધારણ કરે છે. આગમમાં બતાવેલાં શ્રાવકોનાં ૧૨ બાર વ્રતોની અહીં વાત નથી કારણ કે આગમોક્ત વ્રતોનું પાલન કરવાથી મનુષ્યગતિનો બંધ થતો નથી, પણ દેવગતિનો થાય છે. वेमायाहिं सिक्खा-हिं–विमात्राभिः शिक्षाभिः જે પ્રકૃતિથી ભદ્ર, વિનીત, દયાળુ અને ઈર્ષા ભાવથી રહિત હોવા રૂપ વિવિધ પરિણામ વાળી શિક્ષાઓથી माणुसं जोणिं उवेंति–मानुषीं योनिमुपयान्ति મનુષ્ય સંબંધિ યોનીમાં જન્મ લે છે કેમ કે, हु पाणिणो कम्मसच्चा

—अतः कर्मसत्याः प्राणिनः પ્રાણીઓના જ્ઞાનાવરણીયાદિક કર્મ અવધ્ય ફળવાળાં હોય છે. જે જીવો આગમોક્ત વ્રતોનાં આરાધક હોય છે તેમને મનુષ્યગતિ નહીં પણ દેવગતિ પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ—જે ગૃહસ્થજન પોતાના જીવનને સંસારિક દૃષ્ટિથી મનુષ્ય જન્મ સફળ બનાવનાર, વ્યવહારિક ઉત્તમ શિક્ષાઓથી જ વાસીત કરતા રહે છે. જેમ કે, પ્રકૃતિથી ભદ્રપરિણામી થવું, પ્રકૃતિથી વિનયશીલ થવું. સ્વભાવતઃ દયાળુ થવું, કોઈથી પણ ઈર્ષાભાવ ન કરવો આદિ. આવો જીવ મરીને ફરીથી મનુષ્યયોનીને પ્રાપ્ત કરે છે. પરંતુ જે આગમોકતવ્રતોની શિક્ષાઓનું આરાધન કરે છે, તે તો મરીને દેવ ગતિમાં જન્મ લે છે, કહ્યું પણ છે- अणुव्वयमहव्वाइं न लहइ देवाउयं मोत्तुं ॥ २० ॥

દેવયોનીને પ્રાપ્ત કરી શકે છે? તે બતાવવામાં આવે છે—

जेसिं तु विउला सिक्खा—ઈત્યાદિ,

અન્વયાર્થ—जेसिं तु—येषां तु જે જીવોની सिक्खा-शिक्षा ગ્રહણ રૂપ અને આસેવન રૂપ શિક્ષા विउला—विपुला વિસ્તૃત છે, નિઃશંકિત આદિ આઠ ગુણોથી યુકત સમ્યકત્વનું પાલન કરવામાં, અણુવ્રત તથા મહાવ્રતોનાં આરાધન કરવાના ઉપદેશથી યુકતહોવાના કારણથી વિસ્તીર્ણ છે તે જીવ सिलवंता—शीलवन्तः અવિરત સમ્યગ્ દૃષ્ટિની અપેક્ષાએ સદાચારશાળી હોય છે, વિરતાવિરતની અપેક્ષાએ અણુવ્રતી હોય છે અને વિરતની અપેક્ષાએ મહાવ્રતી હોય છે. सविसेसा—सविशेषाः વિશેષ રીતથી ઉત્તરોત્તર ગુણ પ્રતિપત્તિરૂપ વિશેષતાથી વિશિષ્ટ હોય છે આ કારણે તે अदीणा—अदीनाः પરીષહ અને ઉપસર્ગોની ઉપસ્થિતિમાં દૈન્ય-ભાવથી રહિત હોય છે. અથવા—અદીન—સદા સંતુષ્ટચિત્ત રહ્યા કરે છે એવા જીવ मूलियं अइछिया—मौलिकं अतिक्रान्ता "अतिक्रम्य" મૂળ દ્રવ્યની માફક મનુષ્યભવને પાર કરીને देवयं जंति—देवतां यांति દેવગતિને પ્રાપ્ત કરે છે. કદાચ એવા જીવોને વિશિષ્ટ સંહનન આદિ સામગ્રીની પ્રાપ્તિ થઈ જાય તો તે મોક્ષને પણ પ્રાપ્ત કરી શકે છે. ॥ ૨૧ ॥

પ્રસ્તુત અર્થનું નિગમન કરતાં સૂત્રકાર ઉપદેશ આપે છે—

' एवमदीणवं भिक्खुं ' ઈત્યાદિ.

અન્વયાર્થ–एवं–एवम् આ પ્રકારનાં લાભથી યુકત अदींणवं–अदैन्यवन्तं દૈન્ય વર્જીત भिक्खुं भिक्षुं મુનિને તથા आगारिं च–आगारिणम् च ગૃહસ્થોને वियाणिया – विज्ञाय જાણીને कथं नु जिच्च–कथं नु जेयम् આ દેવગતિ તથા મનુષ્યગતિ શા માટે ખોવી ? અર્થાત કોઈ પ્રકારે પણ હારવા યોગ્ય ખોવા યોગ્ય નથી. इरिसं जीयमाणो–ईदृशं जीयमानः જે એવી દેવગતિ અને મનુષ્યગતિરૂપ શ્રેષ્ઠ લાભને ખોઈ બેસે છે તે આ વાતને શું न संविदे–न संवित्ते જાણતા નથી ? અર્થાત્ કોઈપણ પ્રકારે ખોવા યોગ્ય હારવા યોગ્ય નથી. જે આવા શ્રેષ્ઠ એવા દેવગતિ, મનુષ્યગતિ રૂપ શ્રેષ્ઠ લાભને ખોઇ બેસે છે તે આ વાતને શું જાણતા નથી ? અર્થાત્ જાણે જ છે કે, આ ઇન્દ્રિય નો ઈન્દ્રિય રૂપ શત્રુઓએ મારા દેવગતિ અને મનુષ્યગતિરૂપ દ્રવ્યને જીતી લીધું છે. હું હારી ગયો છું. આ વાતને તો જે ધર્મમાં કાયર છે તે પણ જાણે છે. તો પછી ધર્મવીરની તો વાત જ શું ? અર્થાત તે તો અવશ્ય જાણે જ છે. આ કારણે તે ધર્મવીર ઇન્દ્રિય નોઈન્દ્રિય શત્રુઓથી દૂર જ રહે છે.

ભાવાર્થ–આગમમાં બતાવેલા વ્રતોનું અરાધન ન કરવાવાળા તેમજ વિવિધ પરિણામવાળી, સત્પુરુષ યોગ્ય શિક્ષાઓનું પાલન કરવાવાળા ગૃહસ્થને મનુષ્યગતિનો લાભ થાય છે. એવું જાણીને અને કદાચ ગૃહસ્થ–આગમોક્ત વ્રતોનું પાલન કરે છે તો તેને દેવગતિનો લાભ મળે છે. એવું જાણ્યા પછી કયો એવો વિવેકી મનુષ્ય હશે કે જે આવા લાભને ઇન્દ્રિય અને મનના વિષયમાં યથેચ્છ પ્રવૃત્તિ કરી ખોઈ નાખે ? આ લાભને કોઇ પણ ખોઈ ન નાખે. જે આ લાભથી વંચિત રહે છે તે જ બાલ–અજ્ઞાની છે. જેથી ધર્મવીર આ માટે એ વાતની પ્રાપ્તિમાં સતત જાગ્રત રહે છે. ॥ ૨૨ ॥

અહિં સમુદ્રનું દૃષ્ટાંત કહેવામાં આવે છે—" जहा कुसग्गे उदगं " ઇત્યાદિ.

અન્વયાર્થ—जहा-यथा જેમ कुसग्गे-कुशाग्रे ડાભના અગ્ર ભાગ ઉપર જામેલા (ઝાકળ) उदगं-उदकम् જળ બિંદુની समुद्देण समं-समुद्रेण समं સમુદ્રના જળની સાથે मिणे-मिलुयात् તુલના કરવામાં આવે અને જે રીતે સમુદ્રના જળની સામે ડાભના અગ્ર ભાગ ઉપર ચોંટેલું જળબિંદુ જેટલા પ્રમાણમાં હોય છે. एवं-एवम् તેજ પ્રમાણે मणुस्सगा कामा-मनुष्यकाः कामाः મનુષ્ય ભવસંબંધીનાં સુખો અને देवकामाण अंतिए-देवकामानामन्तिके દેવોના સુખોની સામે બિંદુવત્ છે. જેમ કોઈ અજ્ઞાની ડાભના ટોચે રહેલા જળબિંદુને જોઈને તેને જ સમુદ્ર જેમ માની લ્યે છે. આજ રીતે બાલ-અજ્ઞાની જીવ ચક્રવર્તી આદિ મનુષ્યોના સુખોને શ્રેષ્ઠ માની લે છે. જાણે કે આવું સુખ ક્યાંય નહિ મળે. વાસ્તવમાં વિચાર કરવામાં આવે તો મનુષ્યપર્યાય સંબંધી જેટલાં પણ સુખ છે તે સઘળાં ડાભના છોડ ઉપર ચોંટેલા જળબિંદુ જેવાં અલ્પ છે અને દેવપર્યાય સંબંધી સુખો તો સમુદ્રના જેવાં વિસ્તૃત છે. આ રીતે મનુષ્યભવ અને દેવભવનાં સુખો વચ્ચે ઘણો જ ફેર છે. પરંતુ અજ્ઞાની જીવને એ વાત સમજાતી નથી. ॥ ૨૩ ॥

આ અર્થને દાર્ષ્ટાન્તિક રૂપમાં ઘટાવીને ઉપદેશ કહેવામાં આવે છે—

" कुसग्गमेत्ता इमे कामा " ઇત્યાદિ.

અન્વયાર્થ—આ કર્મભૂમિમાં आउए संनिरुद्धम्मि-आयुषि संनिरुद्धे મનુષ્યભવ સંબંધીનું આયુષ્ય અતિ અલ્પ છે, પલ્યોપમ આદિ પ્રમાણે નથી. એમાં इमे-इमे જે પ્રત્યક્ષ પ્રતીત થતાં મનુષ્યભવ સંબંધી સુખો છે તે कुसग्ग मेत्ता-कुशाग्रमात्राः દર્ભના અગ્ર ભાગ ઉપર રહેલા જળબિંદુ જેવાં છે. જ્યારે દિવ્ય-દેવ સંબંધી સુખો સમુદ્રના જળ જેવાં વિસ્તૃત છે. તો પછી कस्स हेउं पुराकाउं-कं हेतुं पुरस्कृत्य આ મનુષ્ય શા કારણે અને કઈ આશાએ પોતાને મળતા जोगक्खेमं-न संविदे-योगक्षेमं-न संविदे અલભ્ય લાભરૂપી યોગ અને મળેલાંનું યથાવત પરિપાલનરૂપ ક્ષેમને સમજતો નથી? અથવા – મનુષ્યભવ સંબંધી સુખોના અનુરાગથી જે મહાસુખ છે, તેનું તેને જ્ઞાન કેમ થતું નથી ? અપ્રાપ્ત વિશિષ્ટ શ્રુત ચારિત્રરૂપ ધર્મની પ્રાપ્તિ અહિં યોગ છે અને પ્રાપ્ત થયેલ હોય તેનું પરિપાલન કરવું તે ક્ષેમ છે. તેને એટલું પણ સમજાતું નથી કે આ મનુષ્યભવ સંબંધી સુખ, દેવોના દિવ્ય સુખોની સમક્ષ જાણેકે દર્ભ ઉપર રહેલા જળબિંદુની માફક પરિમિત, ક્ષણવિનશ્વર, અને અસ્થિર છે, જ્યારે દિવ્યભોગ અપરિમિત અને વિસ્તૃત-વિપુલ છે. આ માટે જેઓ કામભોગોના અભિલાષી

છે તેમણે વિચારવું જોઈએ કે, મનુષ્યભવ સંબંધી તુચ્છ ભોગોનો તે ત્યાગ કરી દે અને શ્રુતચારિત્રરૂપ ધર્મની આરાધના કરીને દિવ્ય કામભોગોની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બને. આત્મકલ્યાણને માટે પ્રયત્ન કરે તો તે સર્વોત્તમ વાત છે.

આ રીતે એ પૂર્વોક્ત પાંચ દૃષ્ટાંત અહિં સુધી સૂત્રકારે કહ્યા છે. એમાં જે એડકનું દૃષ્ટાંત છે, તેમાં એમ બતાવવામાં આવ્યું છે કે, પ્રાણાતિપાતાદિક પાપ આ જીવને ઘોર નરક, નિગોદ આદિના અનંત કષ્ટોને આપનારછે. કાકિણી અને આમ્રફલ આ બે દૃષ્ટાન્તોથી સૂત્રકારે એ સ્પષ્ટ કર્યું છે કે–" બાલ અજ્ઞાની જીવ મનુષ્યપર્યાયનાભોગોની લાલસાથી દેવગતિ અને મોક્ષનાં સુખો હારી જાય છે." તેમજ વ્યવહાર દૃષ્ટાંતથી એ બતાવવામાં આવેલ છે કે, " દેવગતિ અને મોક્ષસુખની પ્રાપ્તિરૂપ લાભ માટે મનુષ્યે પ્રયત્ન કરતા રહેવું જોઈએ. સમુદ્રના દૃષ્ટાંતથી સૂત્રકારે એ પ્રગટ કરેલ છે કે, " મનુષ્યભવ સંબંધી કામભોગ છોડવા યોગ્ય છે. " ॥ ૨૪ ॥

## મનુષ્ય સમ્બન્ધી કામભોગોં સે નિવૃત હોનેવાલે કે ગુણ કા વર્ણન

મનુષ્યભવ સંબંધીના કામભોગોથી નિવૃત્તિ ન મેળવનારના દોષ કહે છે.

" इह कामानियट्टस्स " ઇત્યાદિ.

અન્વયાર્થ—इह-इह મનુષ્યભવ પ્રાપ્ત થવાથી कामानियट्टस्स-कामानिवृत्तस्य ભોગવિલાસ વગેરેથી નિવૃત્ત ન થનાર પ્રાણીને अत्तट्ठे–आत्मार्थः સ્વાભિલષિત સ્વર્ગાદિક अवरज्झई–अपराध्यति વિનષ્ટ થઈ જાય છે – એવા મનુષ્યને સ્વર્ગાદિકની પ્રાપ્તિ થતી નથી. કેમકે जं नेयाउयं मग्गं सोच्चा–यत् नैयायिकं मार्गं श्रुत्वा તે રત્નત્રય રૂપ મોક્ષમાર્ગને જાણીને પણ भुज्जो परिभस्सइ–भूयः परिभ्रष्यति ફરી એ માર્ગેથી તે ભ્રષ્ટ થઇ જાય છે. કારણ કે તે કામ-ભોગોમાં લપટાઈ જાય છે. આનો સારાંશ એ છે કે–જીન આગમને સાંભળીને ભોગોથી નિવૃત્તિ થવા છતાં પણ ભારે કર્મી જીવ અશુભ કર્મના અનુષ્ઠાનથી ફરી તેમાં પતિત બની જાય છે. જે સાંભળીને ભોગોથી નિવૃત્તિ મેળવતો નથી તથા જેને જીન આગમનું શ્રવણ પણ નથી તે પ્રાણી તો ભોગોથી નિવૃત્ત થઈ શકતા નથી. ॥ ૨૫ ॥

જે પ્રાણી કામોથી નિવૃત્ત થઈ જાય છે એવા પ્રાણીના ગુણુ સૂત્રકાર બતાવે છે.-"इह कामनियट्टस्स" ઈત્યાદિ.

અન્વયાર્થ—સુધર્મા સ્વામી કહે છે કે-હે જમ્બૂ! इह-इह મનુષ્યભવ પ્રાપ્ત કરીને कामनियट्टस्स-कामनि त्तस्य જે કામ ભોગથી નિવૃત્ત થઈ જાય છે તેના अत्तट्ठे-आत्मार्थः અભિલષિત સ્વર્ગાદિ પદાર્થ नावराध्यति-नापराध्यति નાશ પામતા નથી પરંતુ પ્રાપ્ત થાય છે. કેમકે, पूइदेहनिरोहेण देवे भवे-पूतिदेहनिरोधेन देवो भवति કામભોગોથી નિવૃત્ત થનાર મનુષ્ય આ ઔદારિક શરીરના છુટી જતાં મરણુ બાદ તે દેવ અથવા ઉપલક્ષણુથી સિદ્ધ થઇ જાય છે. इइ-इति આ વાત मे सुयं-मया श्रुतम् મેં શ્રીભગવાન્ મહાવીરસ્વામી પાસેથી સાંભળી છે. અર્થાત્-સંસારમાં જીવ કામભોગોની પ્રાપ્તિને માટેજ ભ્રમણુ કર્યા કરે છે જેની ભોગ સંબંધી અભિલાષાઓ નિવૃત્ત થઈ જાય છે એવો પ્રાણી નિષ્પાપી હોવાથી કાંતો સિદ્ધગતિનો ભાગી બને છે અથવા સૌધર્માદિ દેવગતિનો ભાગી થાય છે. ॥ ૨૬ ॥

દેવલોકથી ચ્યવીને ફરી તે કયાં ઉત્પન્ન થાય છે તે કહે છે—

"इड्ढी जुइ जसो वण्णो" ઈત્યાદિ.

અન્વયાર્થ—जत्थ-यत्र જે મનુષ્ય કુળોમાં भुज्जो-भूयः સુવર્ણાદિરૂપ ખૂબ इड्ढि-ऋद्धिः રિદ્ધિ સિદ્ધિ હોય છે, जुई-द्युतिः શરીરની કાન્તિ जसो-यशः સ્વપરાક્રમથી મેળવેલી પ્રખ્યાતિ, वण्णो-वर्णः સુંદર એવો ગૌરવર્ણ, आउं-आयुः આયુષ્ય, તેમજ अणुत्तरं सुहं-अनुत्तरं सुखं સર્વ પ્રકારનું જ્યાં સુખ હોય છે तत्थ-तत्र એવા કુળોમાં જ से-सः દેવલોકથી ચ્યવીને આવનાર પ્રાણી उववज्जई-उपपद्यते ઉત્પન્ન થાય છે. ॥ ૨૭ ॥

બાલ અજ્ઞાનીનું સ્વરૂપ તથા બાલ અજ્ઞાનીનું ફળ કહે છે—

"बालस्स पस्स बालत्तं" ઈત્યાદિ.

અન્વયાર્થ—હે શિષ્ય! बालस्स-बालस्य બાલ અજ્ઞાનીના એ बाल - बालत्वम् બાલ પણાને पस्स-पश्य જુઓ જે अहम्मं पडिवज्जिया-अधर्मं प्रतिपद्य વિષયાસક્તિરૂપ અધર્મનો અંગિકાર કરીને તથા धम्मं चिच्चा-धर्मं त्यक्त्वा ધર્મનો પરિત્યાગ કરીને अहम्मि -अधर्मिष्ठः મહારંભ મહાપરિગ્રહ આદિમાં તત્પર બનીને नरए उववज्जइ-नरके उपपद्यते નરક ગતિને પ્રાપ્ત કરે છે. ॥ ૨૮ ॥

ધીર પુરુષના સ્વરૂપને તથા ધીરપણાના ફળને કહે છે—

"ધીરસ્સ પસ્સ ધીરત્તં" ઈત્યાદિ.

અન્વયાર્થ—હે શિષ્ય ! सच्च धम्माणुवत्तिणो–सत्यधर्मानुवर्तिनः ક્ષાંતિ આદિ દસ પ્રકારના યતિધર્મને ધારણ કરનાર धीरस्स–धीरस्य ધૈર્યશાળી–પરીષહ અને ઉપસર્ગો આવવા છતાં નિર્ભીક ચિત્તવાળા મુનિની धीरत्तं–धीरत्वम् ધીરતાને જુઓ. જે अधम्मं चिच्चा–अधर्मं त्यक्त्वा મૃષાવાદ, પ્રાણાતિપાત આદિરૂપ અધર્મનો ત્યાગ કરી धम्मिट्ठे–धर्मिष्ठः અત્યંત ધાર્મિક બની देवेसु ऊववज्जइ–देवेषु उपपद्यते મરીને દેવ પર્યાયમાં ઉત્પન્ન થાય છે. ધર્મની ઉત્કૃષ્ટ આરાધના કરવાથી સઘળાં કર્મોનો ક્ષય થતાં જ જીવ મોક્ષની પ્રાપ્તિ કરે છે ॥ ૨૯ ॥

જ્યારે આ પ્રમાણે વાત છે તો જે કર્તવ્ય–કરવા યોગ્ય કાર્ય છે તેને સૂત્રકાર કહે છે.–"तुलियाण बालभावं" ઈત્યાદિ.

અન્વયાર્થ—पंडिए–पंडितः સત્ અને અસત્‌ના વિવેકથી સંપન્ન મુનિ एवं–एवम् ઉક્ત પ્રકારથી बालभावं–बालभावम् બાલપણાનો च તથા अबालं–अबालम् પંડિતપણાની तुलियाणं–तोलयित्वा તુલના કરી–વિચાર કરી खलु નિશ્ચયથી बालभावं चइउण–बालभावं त्यक्त्वा એમાંથી બાલપણાનો પરિત્યાગ કરી मुणि–मुनिः મુનિ પંડિતપણાનું सेवई – सेवते સેવન કરે છે. इति–ब्रवीमि હે જમ્બૂ! જેવું મેં ભગવાન મહાવીરના મુખેથી સાંભળ્યું છે તેવુંજ તમને કહેલ છે ॥૩૦॥

આ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની પ્રિયદર્શિની ટીકાના

"એડકીય" નામના સાતમા અધ્યયનનો

ગુજરાતી ભાષા અનુવાદ સંપૂર્ણ ॥૭॥

## આઠમું અધ્યયન—

સાતમું અધ્યયન સમાપ્ત થઈ ચૂકયું છે, હવે આઠમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનું નામ કાપિલીય છે. કેમકે એ મહામુનિ કપિલના ઉપદેશના અનુવાદરૂપ છે. આ અધ્યયનનો સાતમા અધ્યયન સાથેનો સંબંધ આ પ્રકારનો છે.–સાતમા અધ્યયનમાં રસગૃદ્ધિનો ત્યાગ બતાવવામાં આવેલ છે, અને રસગૃદ્ધિનો ત્યાગ કરનાર એજ વ્યક્તિ હોઈ શકે છે કે જે લોભ રહિત હોય, એજ કારણથી અહીં લોભનો ત્યાગ સુચવવામાં આવેલ છે. એથી એ સંબંધથી આવેલ આ અધ્યયનની પ્રસ્તાવના રૂપ મહામુનિ કપિલનું ચારિત્ર છે તે અહીં સર્વ પ્રથમ કહેવામાં આવેલ છે. તે આ પ્રકારથી છે–

કૌશાંબી નગરીમાં જીતશત્રુ નામે એક રાજા રાજ્ય કરતો હતો. તેમને એક રાજ્ય પુરોહિત હતો, જેનું નામ કાશ્યપ હતું, અને જાતે બ્રાહ્મણ હતો. ચૌદ વિદ્યાનો જાણકાર એવો પ્રખર પંડિત હોવાથી તે પુરવાસીઓમાં અને રાજાને ખૂબ જ પ્રિય હતો. નગર વાસીઓ તેમજ રાજા તેમનો ઘણો જ આદરસત્કાર કરતા હતા. રાજાએ તે કાશ્યપને ઘણા સારા પગારથી, રાજ્ય પુરોહિતપદે સ્થાપન કર્યો હતો. પુરોહિત કાશ્યપને યશા નામની એક ધર્મપત્ની હતી. તેનાથી પુરોહિતને એક પુત્ર થયો હતો, જેનું નામ કપિલ રાખવામાં આવ્યું હતું. કપિલ હજી બાળવયમાં જ હતો તેવામાં પુરોહિત કાશ્યપ મરણ પામ્યો. એટલે રાજાએ પુરોહિતનું સ્થાન બીજા બ્રાહ્મણને આપી તેને પુરોહિત બનાવી લીધો. એક દિવસની વાત છે કે, નવા પુરોહિત ઘોડા ઉપર બેસીને ફરવા જતાં કાશ્યપ પુરોહિતનાં પત્નિએ જોયા. સાથે એ પણ જોયું કે તેના માથા ઉપર છત્ર ધરવામાં આવ્યું હતું તથા સાથે ઘણા રાજ્યકર્મચારીઓ ચાલી રહ્યા હતા, આ જોતાંજ યશાને પોતાના મૃત પતિની તેમજ તેના વૈભવની–સ્મૃતિ તાજી થઇ આવી. આથી તે વિહ્‌વળ બનીને રોવા લાગી. માતાને રોતી જોઈને

કપિલથી ન રહેવાયું એટલે તે પણ તેની સાથે રોવા લાગ્યો. રોતાં રોતાં તેણે માતાને પૂછયું, હે માતા! એવું તે શું કારણ છે કે આજે તું રડી રહી છે? માતાએ કપિલને કહ્યું, પુત્ર! જરા નજર તો કર કે આ નવા પુરોહિત તે જે ઠાઠમાઠથી જઈ રહેલ છે, એ સઘળી સંપત્તિ એક કાળે તારા પિતાની હતી. તું નિર્ગુણ નિકળ્યો એટલા માટે તે સઘળો અભ્યુદય આજે આ નવા પુરોહિતને મળ્યો છે. આ બધી વાતો યાદ કરતાં આજે મારી આંખોમાં આંસુ ઉભરાય છે. માતાની વાત સાંભળીને પુત્રે કહ્યું-મા મને બતાવ કે હું કયા અધ્યાપકની પાસે વિદ્યાભ્યાસ કરવા માટે જાઉં કે જેથી હું વિદ્વાન બની શકું? પુત્રની આ વાત સાંભળીને માતા યશાએ કહ્યું-બેટા! કોને બતાવું? અહિં તો તને કોઈ ભણાવશે નહીં. કારણ કે તને ભણાવનાર ઉપર આ નવો પુરોહિત આપત્તિ ઉભી કરશે. માટે જો તારે ભણવું જ હોય તો તું શ્રાવસ્તી નગરીમાં જા. ત્યાં તારા પિતાના મિત્ર ઈન્દ્રદત્ત નામના એક બ્રાહ્મણ રહે છે. તેઓ પરમ વિદ્વાન છે. તે તને ભણાવશે. માતાની આ પ્રમાણે વાત સાંભળીને કપિલ વિદ્યાભ્યાસ અર્થે કૌશાંબી છોડીને શ્રાવસ્તી પહોંચ્યો. ત્યાં પહોંચીને તે પોતાના પિતાના મિત્ર ઈન્દ્રદત્ત બ્રાહ્મણની પાસે ગયો અને સાદર પ્રણામ કરી પોતાનું નામ તથા ગોત્ર બતાવી એમને વિનંતિ કરી કે-હે આર્ય! મને ભણાવો! હું આપની પાસે વિદ્યા ગ્રહણ કરવા આવ્યો છું. કપિલની વિનંતિથી પ્રભાવિત બનીને ઉપાધ્યાયે કહ્યું કે-વત્સ! તારો આ વિચાર પ્રશંસનીય છે. કેમકે, જે મનુષ્ય વિદ્યાથી રહિત હોય છે તેને પશુ જેવો માનવામાં આવે છે. પશુ તેમજ વિદ્યાથી રહિત વ્યક્તિ વચ્ચે કોઈ અંતર નથી હોતું. આલોક તેમજ પરલોકમાં વિદ્યાને કલ્યાણ દેવાવાળી માનવામાં આવેલ છે. કહ્યું પણ છે—

विद्यानाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं,
विद्या भोगकरी यशः सुखकरी विद्या गुरूणां गुरुः।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतं,
विद्या राजसु पूज्यते नहि धनं विद्याविहीनः पशुः ॥ १ ॥

જુઓ! વિદ્યા મનુષ્યનું વિશિષ્ટ રૂપ છે, તે મનુષ્યનું સુરક્ષિત એવું ધન છે, વિદ્યાજ અનેક ભોગોને આપનાર છે, એનાથી જ યશ અને સુખની પ્રાપ્તિ થાય છે, એ ગુરુઓની પણ ગુરુ છે. પરદેશમાં બંધુઓનું કામ કરવાવાળી અને સર્વોત્તમ દેવતા સ્વરૂપ એવી એક વિદ્યા છે. રાજાઓની પાસે જવાથી વિદ્યાની જ પ્રતિષ્ઠા થાય છે, ધનની નહીં. આ કારણે વિદ્યા વગરનો મનુષ્ય પશુતુલ્ય માનવામાં આવેલ છે. ॥ ૧ ॥

આ પ્રમાણે કહીને ઈન્દ્રદત્તે કપિલનું વિદ્યા પ્રત્યે ખૂબ આકર્ષણ વધાર્યું સાથો સાથ પોતાની પરિસ્થિતિ પણ તેને સમજાવી દેતાં કહ્યું કે, કપિલ! મારા મનમાં એ વાતનું દુઃખ થાય છે કે, હું તને ખાવાપીવાની સહાયતા કરી શકું તેમ નથી. ઉપાધ્યાયની પરિસ્થિતિ જાણીને કપિલે તેમને કહ્યું—મહારાજ! આપ એની ચિંતા ન કરો. હું ભિક્ષાવૃત્તિ કરીને મારો નિર્વાહ કરતો રહીશ. ઉપાધ્યાયે કહ્યું કે, વત્સ! આ રીતે કામ ચાલી શકે નહીં. આ માટે હું કોઈ શેઠને વિનંતિ કરીને તારા ભોજનની વ્યવસ્થા કરી આપું તો તું મારી સાથે ચાલ. એમ કહીને ઇન્દ્રદત્ત કપિલને પોતાની સાથે લઇને શાલિભદ્ર સેઠના મકાને પહોંચ્યા. શાલિભદ્ર શેઠે ઈન્દ્રદત્ત પંડિતને પોતાના રહેઠાણે આવેલા જોઇ આદરપૂર્વક નમસ્કાર કર્યા અને તેમને ઉત્તમ આસન ઉપર બેસાડીને ખૂબ વિનયની સાથે પૂછયું. મહાભાગ! કહો કેમ પધારવું થયું? ઉપાધ્યાયે કહ્યું, મારા મિત્રનો આ પુત્ર છે, તે મારી પાસે વિદ્યા ભણવા માટે આવ્યો છે. તેને ખાવા પીવાની વ્યવસ્થા નથી તો આપ તેનો પ્રબંધ કરી આપો બસ આ કામની પૂર્તિ નિમિત્તે હું આપની પાસે આવ્યો છું. શાલિભદ્ર શેઠે ઉપાધ્યાયની વાત ખૂબ જ હર્ષ સાથે સ્વીકારી લીધી.

હવે કપિલ, શાલિભદ્ર શેઠે બતાવેલા સ્થાને આવી પોતાના હાથથી ભોજન બનાવી ખાવા પીવા લાગ્યો અને પંડિત ઇન્દ્રદત્ત પાસે ભણવા લાગ્યો. શાલિભદ્ર શેઠને એક દાસી હતી તે યુવાન વયની હતી. તે રસોઇનાં વાસણ માંજવાનું તેમજ રસોઇના સ્થાનને લીંપવા કરવાનું કામ કરતી હતી. કપિલ

તેનામાં અનુરક્ત બની ગયો. દાસીનો અનુરાગ પણ છાનો ન રહ્યો. તે પણ કપિલમાં અનુરક્ત બની ગઈ.

એક દિવસની વાત છે. દાસીએ કપીલને કહ્યું કે દાસીઓનો ઉત્સવ દિવસ નજદિક આવી રહ્યો છે. મારી પાસે ઉત્સવને લાયક સારાવસ્ત્ર કે આભરણ નથી કે જે પહેરીને હું આ ઉત્સવમાં સાહેલીયો સાથે જઈ શકું. આ સાધારણ વસ્ત્ર તેમજ નામ માત્રની કિંમતનાં આ ઘરેણાં પહેરીને હું ઉત્સવમાં જાઉં તો સઘળી સખીઓ મારી મશ્કરી ઉડાવે. આથી આપ મને નવાં વસ્ત્ર અને આભરણ અપાવો કે જેથી હું તે ઉત્સવમાં આનંદથી જઈ શકું. દાસીની આ વાત સાંભળીને કપિલે કહ્યું કે, હું પોતે જ નિર્ધન છું. તમારૂં કહેવું હું કઈ રીતે સ્વીકારી શકું? મારૂં એટલું ગજું પણ નથી કે હું નવાં વસ્ત્ર અને ઘરેણાં તને અપાવી શકું. દાસીએ કપીલની વાત સાંભળીને કહ્યું. હે ભદ્ર! ધનના કારણે વિષાદ કરવાનું કોઈ કારણ નથી. જુઓ અહિં એક વૈશ્રવણ જેવા મહાન્ ધનસંપન્ન ધન નામના શેઠ રહે છે. જે વ્યક્તિ તેને સૌ પ્રથમ સ્તુતિ વાકયો દ્વારા નિદ્રાથી જગાડે છે, તેને તે બે માસા સોનું આપે છે. આથી પ્રભાત થતાં જ તમે તેને ઘેર જાઓ, અને તેને સ્તુતિ વાકયો દ્વારા નિદ્રાથી જગાડો. દાસીની આ વાત સાંભળીને કપિલ મધ્યરાત્રિના સમયે તેને ઘેર જવા એવા ખ્યાલથી તે નિકળ્યો કે, તેની પહેલાં બીજો કોઈ શેઠને જગાડવા રખેને પહોંચી જાય. નગરરક્ષકોએ તેને ગુપચુપ જતો જોઈને ચોર સમજીને પકડી લીધો. સવારે તેઓ તેને પ્રસેનજીત રાજા પાસે લઈ ગયા. રાજાએ કપિલને પૂછયું કે, તું કોણ છે? મધ્યરાત્રીના સમયે શા માટે નગરમાં નિકળ્યો હતો? કપિલ બ્રાહ્મણે પોતાનું સઘળું વૃત્તાંત યથાર્થ રૂપમાં રાજાને સંભળાવી દીધું. કપિલનું આત્મવૃત્તાંત સાંભળી રાજાને તેના ઉપર દયા આવી અને કહ્યું-કપિલ! તમારા સત્ય નીવેદનથી હું ખૂબજ પ્રસન્ન થયો છું-તમારી જે ઈચ્છા હોય તે માગો. હું તમારી સઘળી ઈચ્છાઓ પરિપૂર્ણ કરીશ. કપિલે કહ્યું-માગીશ, પરંતુ વિચાર કરીને માગીશ.

રાજાએ કહ્યું–જાઓ ! અશોક વાટિકામાં બેસીને વિચાર કરી લો. રાજાએ આ પ્રમાણે કહ્યું–એટલે કપિલ ત્યાંથી ઉઠીને અશોકવાટિકામાં જઈને વિચાર કરવા લાગ્યો. કે બે માસા સોનાથી એ દાસીને માટે ફક્ત શાટિકાદિ ( સાડી ) વસ્ત્ર જ ખરીદી શકાશે–પરંતુ આભરણ નહિ આવે, આથી તો સો સુવર્ણમુદ્રાની યાચના કરવી ઠીક છે. આટલી સુવર્ણમુદ્રાથી ઘરસંસાર કેવી રીતે ચાલી શકે. માટે એક હજાર સુવર્ણમુદ્રા માગવી તે વધારે ઠીક છે. પરંતુ જ્યારે દાસીને બાળબચ્ચાં થશે અને એ મોટાં થતાં એનો વિવાહ વગેરે કરવો પડશે તો આટલાથી શી રીતે પુરૂં થશે ? માટે એક લાખ સુવર્ણમુદ્રા માગવી ઠીક છે. એથી પણ કઈ રીતે પુરૂં થશે ? કેમકે બંધુજન તેમજ દીન ગરિબોનો ઉદ્ધાર એટલાથી થઇ શકે નહીં. સંપત્તિ મળી ત્યારે જ સાર્થક ગણાય કે જેનાથી બંધુજન અને દીન દુઃખિયાઓના ઉપર ઉપકાર થઈ શકે. માટે હવે તો એક કરોડ સુવર્ણમુદ્રા માગવી એજ વધુ ઉચિત છે. આ પ્રમાણે બેઠા બેઠા વિચાર કરતાં કરતાં ઈચ્છાઓની પ્રબળતા વધવા માંડી, અને છેવટે ખુદ રાજાનું રાજ્ય માગવાની પણ ઈચ્છા થઈ. પરંતુ આ સમયે પૂણ્યના ઉદયથી તેને સ્વયં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એ સમયે તે વિચારવા લાગ્યો કે–ફક્ત બે માસા સોનું લેવા માટે હું ઘરેથી નિકળ્યો. અત્યારે બે માસા સોનાને બદલે એક કરોડ સુવર્ણ-મુદ્રાથી પણ મને સંતોષ થતો નથી. ઈચ્છાઓ ઉપર ઈચ્છાઓ વધ્યેજ જાય છે. ધિક્કાર છે એ તૃષ્ણાને ! અરે હું તો માતાની આજ્ઞાથી વિદ્યાપ્રાપ્તિ માટે ઘર છોડીને પરદેશ આવ્યો છું પરંતુ હું કેટલો હિનભાગી છું કે વિદ્યાને પ્રાપ્ત કરી શકયો નહીં. આ શરમની વાત છે. હું મારૂં કર્તવ્ય ભૂલી જઈને વ્યસ-નમાં લાગી ગયો છું. "મને પાપીને ધિક્કાર છે કે, મેં માતા અને ગુરુનાં વચનોનો અનાદર કર્યો. તેમજ પોતાના કુળ અને આચારને વિષયગૃદ્ધ બનીને બટ્ટો લગાડયો. મેં આ અયોગ્ય કર્મ કર્યું છે."

આ પ્રકારનો વિચાર કરતાં કરતાં તેમનામાં વૈરાગ્ય જાગ્યો અને કપિલને

જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. સ્વયં બુદ્ધ બનીને કપિલે એજ વખતે માથાના વાળનો પોતાના હાથથી જ લોચ કર્યો તે સમયે શાસન દેવતાએ આવીને એ સ્થાને તેમને મુનિવેશ પ્રદાન કર્યો તેમાં સદોરકમુખવસ્ત્રીકા અને રજોહરણ આદિ અર્પણ કર્યાં. મુનિ વેશને ધારણ કરી દ્રવ્ય અને ભાવ બન્ને રૂપથી મુનિ થઈને ત્યાંથી તે રાજાની પાસે પહોંચ્યા. કપિલને આવેલા જોઈને રાજાએ કહ્યું-કહો તમે વિચાર કરી લીધો ? કપિલ મુનિએ રાજાને પોતાના મનોરથની પરંપરા સંભળાવીને કહ્યું—

"जहा लाहो तहा लोहो, लाहा लोहो त्रिवड्ढई।
दो मासक्यं कज्जं, कोडिए त्रि न निट्ठियं ॥ १ ॥

'હે રાજન્! શું કહું ? જેમ જેમ લાભ થાય છે તેમ તેમ આ જીવને લોભ વધતો જાય છે. જેમ હું બે માસા સોનાની ઈચ્છાથી આવ્યો, પરંતુ મારી એ ઇચ્છા વધી વધીને એક કરોડ સુવર્ણમુદ્રાથી પણ શાંત ન થઈ શકી આ સઘળા વિચારોથી તૃષ્ણાનો ત્યાગ કરીને હું હવે સંયમી બની ગયો છું.

કપિલ મુનિની વાત સાંભળીને રાજાએ કહ્યું-મહાત્મન્! હું આપને માટે એક કરોડ સુવર્ણમુદ્રા આપું છું. આપ યથારૂચી તેનો ઉપભોગ કરો. આ વ્રતોમાં શું છે? એને છોડી દો. રાજાની વાત સાંભળીને કપિલ મુનિએ કહ્યું-રાજન્! હવે કરોડ સુવર્ણમુદ્રાની મારે કોઈ જરૂરત રહી નથી. એ પ્રમાણે કહીને કપિલમુનિ ત્યાંથી ચાલી નીકળ્યા. છ મહિના સુધી છદ્મસ્થ પર્યાયમાં રહીને તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

કેવળજ્ઞાન રૂપી ચક્ષુથી કપિલ કેવળી ભગવાનને એ વિચાર્યું કે, રાજગૃહ નગરના માર્ગમાં અઢાર યોજન લાંબુ જે જંગલ છે. એ જંગલમાં બલભદ્ર અને તેના સાથીદાર પાંચસો ચોર છે એ ચોરો પ્રતિબોધ કરવા યોગ્ય છે. આમ વિચારી તે જંગલ તરફ વિહાર કર્યો. આ ચોરોમાંનો એક ચોર કે જે આવતા જતા મુસાફરોની જાણ મેળવવા એક ઉંચા ઝાડ ઉપર ચડીને બેઠેલો હતો, તેણે કપિલ મુનિને આવતા જોઇ પોતાના ચોર બંધુઓને કહ્યું-જુઓ આ તરફ એક શ્રમણ આવી રહ્યો છે. ચોરોએ આડાફરી તેમને પકડી લીધા, અને તેમને પોતાના આગેવાન પાસે લઈ ગયા. ચોરોના નાયકે મુનિને પૂછ્યું-શું તમે નાચવાનું જાણો છો ? મુનિરાજે પ્રત્યુત્તરમાં હા કહી. જેથી ચોર નાયકે નાચવાનું કહ્યું. મુનિએ કહ્યું કે-નાચવું એ મુનિનો ધર્મ નથી, ચોર નાયકે ફરીથી કહ્યું તમે ગાવાનું જાણો છો ? મુનિએ કહ્યું, હા, ગાવાનું પણ જાણું છું. ચોર નાયકે ગાવાનું કહ્યું ત્યારે સ્વયંબુદ્ધ કપિલ કેવળીએ ચોરોને પ્રતિબોધિત કરવા આ આઠમા અધ્યયનને ધ્રુવક રાગમાં ગાયું. ધ્રુવકરાગ એને કહે છે જેમાં પ્રત્યેક ગાથાના અંતમાં પ્રથમનું પદ વારંવાર બોલવામાં આવે. એની આ પ્રથમ ગાથા છે—

" अधुवे असासयम्मि " ઇત્યાદિ.

અન્વયાર્થ—अधुवे-अध्रुवे એક સરખી સ્થિતિથી રહિત ભવભવમાં જીવોને ભ્રમણ કરવાથી કોઈ પણ સ્થાનમાં જવા આવવાના પ્રતિબંધના અભાવને લઇ અનિશ્ચલअसासयम्मि-अशाश्वते અનિત્ય-ક્ષણભંગુર હોવાથી નિત્ય નથી. दुःख पउराए-दुःखप्रचूरके અશાતવેદનાવાળા શારીરિક માનસિક કષ્ટોથી ભરેલા-જન્મ જરા, મરણ આધિવ્યાધિથી પરિપૂર્ણ—એવા संसारम्मि-संसारे સંસારમાં तंकम्मयं किं नाम होज्ज-तत् कर्मकं किं नाम भवेत् એવું ક્રિયાનું અનુષ્ઠાન કર્યું થઈ શકે છે. जेणाहं दुग्गयं न गच्छेज्जा-येनाहं दुर्गतिं न गच्छेयम् કે જેનાથી નરકાદિકની વેદના ભોગવનાર ન બનું.

ભાવાર્થ—અહિં કપિલમુનિ પોતે પોતાની મુનિમર્યાદાને લક્ષમાં રાખીને કહી રહ્યા છે. જો કે તે કેવલી છે-સંશય અને દુર્ગતિમાં જવાનો તેમને સર્વથા અભાવ થઇ ચૂકયો છે. છતાં પણ બીજાને પ્રતિબોધ આપવા માટે તેમનું આ કથન આપેક્ષિક છે. તેઓ આ ગાથામાં એવું પ્રગટ કરે છે કે, આ સંસાર અધ્રુવ, અશાશ્વત અને પ્રચુર દુઃખોથી ભરેલો છે. એમાં એવું કોઈ પણ સ્થાન નથી કે જેમાં આ જીવે જન્મ મરણ ન કર્યું હોય. કહ્યું પણ છે—

સંસારની એક વાળ જેટલી પણ ભૂમિ એવી નથી બચી કે જ્યાં આ પ્રાણીએ વિચિત્ર કર્મરૂપી અવનવા વેષોને ધારણ કરી નાચ ન કર્યો હોય.

આ જીવ ખૂબ નાચ્યો અને અનેક વેશોને બદલાવતો રહ્યો, વર્તમાનમાં પણ એ એમજ કરી રહેલ છે. એનો કોઈ પણ વેશ શાશ્વત નથી. કહ્યું પણ છે-

" સંનિહિત અપાયોવાળું આ શરીર છે, આપત્તિઓના સ્થાન રૂપ આ સઘળી સંપત્તિઓ જ છે, જેટલા પણ સંયોગો છે તે વિયોગોથી ભરેલા છે. એવી જગતમાં કોઈ પણ વસ્તુ નથી કે જે ઉત્પન્ન થઈને નાશ ન પામી હોય. અર્થાત્ સર્વ વસ્તુ નાશવન્ત છે. ફરી પણ કહ્યું છે-રાજ્ય, ઐશ્વર્ય, ધન, કનક, પરિજન, પુરજન, રાજાનો સ્નેહ, આદિ સમસ્ત ચલ જ છે. તે ત્યાં સુધી કે, દેવોનો વૈભવ પણ ક્ષણ વિનશ્વર છે. રૂપ, આરોગ્ય અને બળની તો વાત જ કયાં રહી ? વધુ શું કહેવામાં આવે ? આ જીવન પણ એક દિવસ જોત જોતામાં નાશ પામી જવાનું છે. જે લોકો બીજાને આરામ પહોંચાડવા સતત પ્રયાસો કરતા હોય છે તે પણ એક દિવસ કુચ કરી જવાના છે, આ જગતમાં તો પછી એવી કઈ અચલ વસ્તુ છે, કે જે અચલ ધ્રુવની જેમ શાશ્વત હોય ? આથી એ નિશ્ચિત છે કે, અમારો સંસારી જીવોનો આરંભ, પરિગ્રહ, અલિકવચન આદિક સઘળાં અનુષ્ટાન દુર્ગતિએ લઇ જનારા છે. ॥ ૧ ॥

## દોષ પ્રદોષોં સે મુક્તિકે ઉપાય કા વર્ણન

જયારે એ ચોર લોકો આ ધ્રુવકને પાછળ પાછળ ગાઈ ચુકયા ત્યારે કપિલ કેવળી ભગવાન ફરીને કહેવા લાગ્યા–" विजहित्त पुव्वसंजोगं " ઈત્યાદિ.

અન્વયાર્થ—भिक्खू–भिक्षुः મુનિ પોતાના पुव्वसंजोगं–पूर्वसंयोगम् પૂર્વ પરિચિત માતા પિતા આદિ સ્વજનોની સાથે તથા ધનાદિકની સાથે જે સંયોગ છે તેનો विजिहित्तु–विहाय પરિત્યાગ કરી कहिं चि सिणेहं न कुवेज्जा–क्वचित् स्नेहं न कुर्वीत બાહ્ય અને અભ્યંતર પરિગ્રહમાં સ્નેહ ન કરે. કેમકે, सिणेह करेहि असिणेह–स्नेहकरेषु अस्नेहः સ્નેહ કરવાવાળા પુત્ર કલત્ર આદિ પદાર્થોની સાથે સ્નેહ ન કરનાર મુનિ दोस पओसेहि मुच्चए–दोषप्रदोषैः मुच्यते મન સંતાપ આદિ દોષોથી અને નરકપ્રાપ્તિ આદિ પ્રદોશોથી મુક્ત થઈ જાય છે. અર્થાત્–જે કલ્યાણની ઈચ્છા રાખનારા છે, તેઓ કોઈ પણ સંસારીક પદાર્થમાં મમત્વભાવ ન રાખે: તેમાં મમત્વ ન રાખવાથી આત્મા દોષ અને પ્રદોષોથી રહિત બની જાય છે. ॥ ૨ ॥

## પરિગ્રહમેં ગૃદ્ધ બને હુવે કે દોષોં કા ઔર કેવલી કે પરિગ્રહ ત્યાગી કે ગુણોં કા વર્ણન

આ પછી કેવળી ભગવાને શું કર્યું તે કહેવામાં આવે છે--

" नो नाणदंसणसमग्गो " ઈત્યાદિ.

અન્વયાર્થ—तो–ततः ચોરોએ આ ધ્રુવક ગવાયા પછી नाणदंसणसमग्गो–ज्ञानदर्शनसम : જ્ઞાન અને દર્શનથી અનંતજ્ઞાન અને અનંતદર્શનથી પરિપૂર્ણ તથા विगयमोहो–विगतमोहः મોહરહિત મુનિવર सव्व जीवाणं हियनिस्सेसाय–सर्व जीवानां हितनिःश्रेसाय ષટ્જીવનીકાયોના ભાવનિરોગીતાના જનક હોવાથી હિત-વિધાયક મોક્ષના માટે તથા तेसिं विमोक्खणट्ठाए–तेषां विमोक्षणार्थम् એ પાંચસો ચોરોને આઠ પ્રકારના કર્મબંધથી મુક્ત કરવા માટે भासइ–भाषते કહે છે.

“ विगय मोहो ” શબ્દથી ચારિત્ર મોહનીના અભાવથી થનાર યથાખ્યાત ચારિત્ર વિશિષ્ટ એવું સમજવું જોઇએ. “ हियनिस्सेसाय सव्वजीवाणं ” આ પદથી જોકે પાંચસો ચોરોનું પણ ગ્રહણ થઇ જાય છે છતાં પણ “ तेसिं विमोक्खणट्ठाए ” એવું જે અલગ કહ્યું છે એથી એ જાણી શકાય છે કે, મુનિવરની પ્રવૃત્તિ એને લઈને ઉપદેશ દાનમાં પ્રધાનરૂપથી થયેલ છે. ॥ ૩ ॥

હવે પરિગ્રહ આદિનો ત્યાગ કરનારના ગુણ કહેવામાં આવે છે—

“ सव्वं गथं कलहं च ” ઇત્યાદિ.

અન્વયાર્થ—भिक्खू–भिक्षुः મુનિ तहाविहं–तथाविधं કર્મ બંધ કરનારા सव्वं गंथं–सर्वग्रन्थम् સમસ્ત બાહ્ય અને અભ્યંતર પરિગ્રહને તથા कलहं–कलहम् કલહજનક ક્રોધને અને માન, માયા, તેમજ લોભને विप्पजहे–विप्रजह्यात् છોડી દે. અને सव्वेसु कामजाएसु पासमाणे–सर्वेषु कामजातेषु पश्यन् સમસ્ત મનોજ્ઞ શબ્દાદિક વિષયોમાં અત્યંત કડવા એ વિષયના દોષોને જોતા રહી, તે ताई–त्रायी દુર્ગતિથી પોતાના આત્માની રક્ષા કરવાવાળા તથા એકેન્દ્રિય પ્રાણીનું રક્ષણ કરવાવાળા મુનિ न लिप्पई–न लिप्यते જ્ઞાનાવરણીયાદિ આ કર્મોના બંધને પ્રાપ્ત થતા નથી. જે વિષયોમાં દોષ જોવાના સ્વભાવવાળા હોય છે તેનામાં એમની પ્રવૃત્તિ થતી નથી. જોકે ક્રોધ, માન, માયા, અને લોભ એ ચાર કષાયોનો અંતરભાવ આભ્યંતર પરિગ્રહમાં થઇ જાય છે. છતાં પણ અહિં જે કલહ શબ્દથી ક્રોધનું અને ‘ च ’ શબ્દથી માનાદિકનું ગ્રહણ સ્વતંત્ર રૂપથી કરાયેલ છે. એનું કારણ તેમાંબહુ દોષ છે એ બતાવવા માટે જ છે.

ભાવાર્થ—મુનિનું સર્વ પ્રથમ કર્તવ્ય છે કે, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહનો સંપૂર્ણપણે ત્યાગ કરી દે. કોઈનાથી પણ કલહ આદિ ન કરે. શબ્દાદિક સમસ્ત વિષયોમાં પણ બહુ દોષતા જાણીને તેમાં પણ આસક્ત ન થવાય તેની કાળજી રાખે. આ રીતે તે પોતાની અને ષટ્જીવનીકાયના જીવોની રક્ષા કરીને જ્ઞાનાવરણીયાદિક કર્મોથી બંધાતા નથી. ॥ ૪ ॥

## કામભોગાદિ અધીર પુરૂષોં કે લિયે દુસ્ત્યજ ઔર સુવ્રતધારિયોં કે લિયે સુત્યજ હોને કા કથન

હવે પરિગ્રહ આદિમાં લુબ્ધ બનેલા પ્રાણીના દોષ બતાવે છે—

"भोगामिसदोसविसन्ने" ઈત્યાદિ.

અન્વયાર્થ—भोगामिसदोसविसन्ने–भोगामिषदोषविषण्णः જેમ શબ્દાદિક વિષયરૂપ જે આમિષ તે આમિષજ રાગદ્વેષનું જનક હોવાથી તથા આત્માને મલીન કરનાર હોવાથી થતો દોષ અને તેમાં અત્યંત નિમગ્નતા–જે શબ્દાદિક વિષયસ્વરૂપ આમિષરૂપી દોષમાં અત્યંત આસક્ત – તેમજ हियनिस्सेयसबुद्धि वोच्चये–हितनिःश्रेयसबुद्धि विपर्यस्तः ભાવનિરોગીતાના જનક હોવાથી હિતસ્વરૂપ જે મોક્ષ છે તેને પ્રાપ્ત કરાવનાર જે બુદ્ધિ છે તેનાથી પરાંગમુખ બનીને, મોક્ષની અભિલાષાથી રહિત, તેમજ मंदए–मन्दकः ધર્મક્રિયા કરવામાં પ્રમાદી અને मूढे–मूढः મોહથી વ્યાકુળ ચિત્તવાળો એવો बाले–बालः બાલ-અજ્ઞાની જીવ खेलम्मि–खेले કફ સાથે मच्छियाव–मक्षिकेव માખીની જેમ वज्जइ–बध्यते જ્ઞાનાવરણીયાદિક કર્મથી બંધાઈ જાય છે. જેમ કફમાં ફસાયેલી માખી તેનાથી છુટવા અસમર્થ બને છે અને એ કફના બળખા સાથે ફસાયેલી રહે છે એજ રીતે કર્મબદ્ધ અજ્ઞાની જીવ સંસારમાંથી બહાર નીકળવામાં અસમર્થ બની સંસારના બંધનોમાં બંધાયેલો રહે છે અને ત્યાંજ જન્મ, જરા, મરણ, આદિ અનેક પ્રકારનાં દુઃખોને ભોગવતો રહે છે. ॥ ૫ ॥

શબ્દાદિક ભોગ જો કર્મને બાંધનાર છે, તો પછી બધા સંસારી જીવ એને કેમ છોડતા નથી? તે કહે છે—"दुप्परिच्चया इमे कामा" ઈત્યાદિ.

અન્વયાર્થ—दुप्परिच्चया–दुष्परित्यजा જેનું છોડવું ખૂબજ મુશ્કેલ છે એવા थे એ कामा–कामाः શબ્દાદિક વિષય अधीरपुरुसेहिं नो सुजहा–अधीरपुरुषैः नो सुहानाः ભોગની અભિલાષાથી ચંચલચિત્ત બનેલા પુરુષોદ્વારા વિષયસુખ છોડી શકાતાં નથી. પરંતુ જેઓ ઘણાજ શાંત છે, અને મક્કમ દિલવાળા છે તેઓ એને ઘણીજ આસાનીથી છોડી દે છે. अह जे सुव्वया–अथ ये सुव्रताः પછી નિરતિચાર પ્રાણાતિપાત વિરમણ આદિ વ્રતોને ધારણ કરવાવાળા જે साहू संति–साधवः सन्ति મુનિ છે તે अतरं–अतरम् ન તરી શકાય તેવા આ સંસારસમુદ્રને वणिया वा तरंति–वणिज इव तरंति વેપારીની માફક પાર કરી જાય છે.

જેમ કોઈ વણિક સમુદ્રને જહાજથી પાર કરી જાય છે તે રીતે મુનિ પણ આ સંસાર સાગરને વ્રતાદિરૂપ જહાજથી પાર કરે છે.

કહ્યું પણ છે—શબ્દાદિક વિષય કાયર પુરુષોને જ પોતાને આધીન બનાવી શકે છે, સત્પુરુષને નહીં. કરોળીયાનું જાળું જેમ મચ્છરને પોતાનામાં બાંધી લે છે પણ હાથીને નહીં. ॥ ૬ ॥

સમસ્ત મુનિ જન શું આ સંસારને પાર કરી દે છે કે નહિં? એનો ઉત્તર સૂત્રકાર આ પ્રકારે આપે છે.–"समणा मु एगे" ઈત્યાદિ.

અન્વયાર્થ—एगे–एकः કેટલાક પરતીર્થિક समणा मु–श्रमणास्मः "અમે જ શ્રમણ–સાધુ છીએ." वयमाणा–वदन्तः આમ કહીને पाणवहं ओयाणंता–प्राणवधं अजानन्तः પ્રાણાતિપાતને જ જાણતા નથી ત્યાં બીજા પાપોની તો વાત જ ક્યાં રહી? અર્થાત્–પ્રાણાતિપાત વિરમણરૂપ પ્રથમ વ્રતને જ તે જાણતા નથી તો બીજા વ્રતોને તે કઈ રીતે જાણી શકે? આથી તે मिया–मृगा મૃગની સમાન અજ્ઞાની છે. मंदा–मंदाः મિથ્યાત્વરૂપ મહારોગથી ઘેરાયેલા છે. बाला–बालाः હેય ઉપાદેયના વિવેકથી વિકલ છે. અને એજ કારણથી તે पावियाहिं दिट्ठिहिं–पापिकाभिः दृष्टिभिः પરસ્પર વિરૂદ્ધ અર્થવાળા મતોની પ્રરૂપણા કરી निरयं गच्छंति–नरकं गच्छन्ति નરકમાં જાય છે. અર્થાત્ "न हिंस्यात् सर्वभूतानि" આ પ્રકારનું વેદાદિક શાસ્ત્રોમાં પણ કથન કરીને "श्वेतं छागमालभेत वायव्यां दिशि भूतिकामः" એવા વિરૂદ્ધ અર્થની પ્રરૂપણા કરે છે. એ પાપદષ્ટી છે. અથવા પાપના હેતુભૂત દૃષ્ટિ–દર્શન પાપ દર્શન છે. ॥ ૭ ॥

આ પૂર્વોક્ત અર્થને લઈ સૂત્રકાર કહે છે—" न हु पाणवहं अणु जाणे ' ઇત્યાદિ

અન્વયાર્થ—पाणवहं अणुजाणे-प्राणवधं अनुजानन् જે પ્રાણીવધ આદિ પાપોને અનુમોદન આપે છે, તે कयाइ – कदापि કદી પણ सव्वदुक्खाणं न हु मुच्चेज्ज–सर्वदुःखानां नैव मुच्यते સર્વ દુઃખોથી—ભાવી નરકાદિ ગતિઓના શારીરિક અને માનસિક દુઃખોથી છુટી શકતો નથી તો જે પાપો કરે છે, કરાવે છે, તે કઈ રીતે દુઃખોથી છુટી શકે ? અર્થાત્-તે કદી પણ છુટી શકતો નથી. આથી પ્રાણાતિપાતાદિકથી સર્વ પ્રકારે નિવૃત્ત જે મુનિ છે તેજ આ અનંત સંસારસમુદ્રને પાર કરી શકે છે, બીજા નહીં एवं-एवम् એવું आयरिएहिं-आर्यैः તે તીર્થંકર ગણધર આદિ એ अक्खायं–आख्यातम् કહેલ છે કે जेहिं–यैः જેમણે इमो साहुधम्मो पन्नत्तो–अयं साधुधर्मः प्रज्ञप्तः આ સાધુ ધર્મની પ્રરૂપણા કરી છે. "इमो" આ શબ્દથી સૂત્રકારે પોતાના આત્મામાં વર્તમાન જે પ્રાણાતિપાત વિરમણ આદિ રૂપ ધર્મ છે અને જે પ્રતિબોધને યોગ્ય અને ચોરોને માટે પ્રજ્ઞાપનીય છે તેની સૂચના કરેલ છે. અર્થાત્-પ્રાણાતિપાત આદિના સ્વયં કરનાર છે, કરાવનાર છે, અને અનુમોદન આપનાર છે. તે સર્વ દુઃખોથી કદી પણ છુટી શકતા નથી. એવો આદેશ તે વીતરાગ પ્રભુનો છે. જેઓ એ આ સાધુ ધર્મની પ્રરૂપણા કરેલ છે. ॥ ૮ ॥

જો એમ છે તો પછી શું કરવું જોઇએ ? આ વિષયમાં સૂત્રકાર ઉપદેશ કહે છે—" पाणे य ना इवाएज्जा से " ઈત્યાદિ.

અન્વયાર્થ—જે पाणे–प्राणान् પ્રાણોનો ना इवाएज्जा–नातिपातयेत् નાશ કરતો નથી, કરાવતો નથી અને કરતો હોય તેને અનુમોદન આપતો નથી. આવી જ રીતે જે મૃષાવાદનું આચરણ પોતે કરતો નથી, કરાવતો નથી, તેમ કરનારને અનુમોદન આપતો નથી. से ताई समिए त्ति वुच्चई–स त्रायी समित इति उच्यते તે સર્વથા ષટ્જીવનીકાયનો રક્ષક હોય છે, અને તેજ પાંચ સમિતિથી યુક્ત છે, એવું કહેવામાં આવે છે. तओ-ततः એ સમિતિ સંપન્ન આત્માથી थलाओ उदगं व पावयं कम्म निज्जाइ-स्थलात् उदकमिव पापकं कर्म निर्याति ઉંચા સ્થાન ઉપરથી પાણી જેમ એકદમ ઢળી જાય છે, એજ રીતે જ્ઞાનાવરણીયાદિક અશુભ કર્મ નિકળી જાય છે. જે રીતે ઉંચા સ્થળ ઉપર પાણી રહી શકતું નથી એજ રીતે એવા આત્મામાં પાપ રહી શકતું નથી. ॥ ૯ ॥

## પ્રાણિયોં મેં દંડનિષેધ કા વર્ણન

આ અર્થને સ્પષ્ટ કરવા માટે સૂત્રકાર કહે છે—" जगनिस्सिएहिं भूएहिं " ઈત્યાદિ

અન્વયાર્થ—जगनिस्सिएहिं-जगन्निश्रितेषु લોક આશ્રીત तसनामेहिं-त्रसना. मसु ત્રસ જીવોમાં-ત્રસ નામ કર્મના ઉદયવાળા દ્વીન્દ્રિયાદિક પ્રાણીઓમાં थावरेहिं-स्थावरेषु સ્થાવર જીવોમાં - સ્થાવર નામકર્મના ઉદયવશવર્તી. પૃથ્વીઆદિક એકેન્દ્રિય જીવોમાં જો કે तेसिं-तेषु ભગવાન દ્વારા સદા રક્ષણીય રૂપથી બતાવવામાં આવેલ છે. मणसा वयसा कायेन-मनसा वचसा कायेन મન, વચન, અને કાયાથી दंडं नो आरभे-दण्डंनो एव आरभेत વિરાધનારૂપ દંડ કદી પણ ન કરવો જોઈએ. અર્થાત-ત્રસ સ્થાવર જીવોનો વધ કરવો નહીં, કરાવવો નહી, અને કરનારને ભલો પણ સમજવો નહીં. ॥ ૧૦ ॥

## એષણાસમિતિ વર્ણન મેં રસોં મેં અગૃદ્ધ રહનેવાલે કે કર્તવ્ય કા કથન ઔર અશ્રમણ કે લક્ષણોં કા વર્ણન એવં ઉનકી ગતિ કા વર્ણન

મૂળગુણનું વર્ણન કરાઈ ગયેલ છે હવે સૂત્રકાર ઉત્તર ગુણોનું વર્ણન કરીને તેમાં એષણાસમિતિની પ્રધાનતા હોવાથી પ્રથમ એષણાસમિતિને કહે છે.—" सुध्धेसणाओ नच्चाणं " ઈત્યાદિ.

અન્વયાર્થ—भिक्खू-भिक्षुः મુનિ सुद्धेसणाओ नच्चाणं-शुद्धैषणाः ज्ञात्वा खलु નિર્દોષ ઉદ્‌ગમ ઉત્પાદન આદિરૂપ એષણાને નિશ્ચયથી જાણીને तत्थ अप्पाणं ठविज्ज-तत्र आत्मानं स्थापयेत् એ શુદ્ધ એષણામાં પોતાના આત્માને સ્થાપિત કરે. એમાંજ પ્રવૃત્તિ કરે. भिक्खाए-भिक्षादः ભિક્ષા ભોજી સાધુ जायाए-यात्रार्थे સંયમ અને શરીરના નિર્વાહ માટે घासमेसेज्जा-ग्रासमेषयेत् શુદ્ધ આહારની ગવેષણા કરે. रसगिद्धे न सिया-रसगृद्धो न स्यात् રસ લોલુપ ન બને. ॥ ૧૧ ॥

રસોમાં અનાસક્ત બનેલા મુનિનું જે કર્તવ્ય છે તે કહે છે—

" पंताणि चेव सेविज्जा " ઇત્યાદિ.

અન્વયાર્થ—સાધુ पंताणि सेविज्जा एव - प्रान्तानि सेवेत एव અન્તપ્રાન્ત આહારને જ લે. જો પ્રસંગવશાત સાધુ મુનિને સારી ભિક્ષાનો લાભ થાય તો તેણે પૂર્વલબ્ધ અન્તપ્રાન્ત આહારની પરિષ્ઠાપના ન કરવી જોઈએ. અથવા " प्रान्तानि चैव सेवेत " એવું જે કહેવામાં આવેલ છે તે ગચ્છનિર્ગત જીનકલ્પિક આદિ મુનિઓની અપેક્ષાએ કહેવામાં આવેલ હોવાનું જાણવું જોઈએ. કેમકે તેમને માટે આજ પ્રકારના આહાર લેવાનું વિધાન છે. અન્તપ્રાન્ત આહાર કયો કયો છે, તેને સૂત્રકાર બતાવે છે—सियापिंडं पुराणकुम्मासं-शीतपिण्डं पुराणकुल्माषान् ટાઢો પડેલો આહાર. ટાઢો આહાર તો લાડુ પેંડા વગેરે સરસ પણ હોઈ શકે છે. આને માટે કહે છે કે-પુરાન્ન, જુનું અન્ન, અડદ, મગ, કળથી, આદિ આહાર જે ટાઢો થતાં નિરસ બની જાય છે, જે લાંબો સમય રાખવાથી સ્વાદ રહિત બીલકુલ નિરસ બની જાય છે. અથવા કદાચ એ પણ ન મળે તો बुक्कसं पुलागं वा-बुक्कसं पुलाकं वा મુદ્દગ આદિનું તુષ, અથવા વાલ, ચણા વગેરે અને मंथुं-मन्थुम् બોરનું ચૂર્ણ આ સઘળા આહાર રૂક્ષ છે. जावणट्ठाए निसेवए-यापनार्थं निषेवेत् શરીરની યાત્રાના નિર્વાહ માટે સાધુએ એવો આહાર કરવો જોઈએ. આથી એ વાત જાણી શકાય છે કે, જો આ પ્રકારના આહારથી શરીર યાત્રાનો નિર્વાહ થતો હોય તો જ એવો આહાર લે. વાત આદિ ઉપદ્રવના કારણથી જો શરીરનો નિર્વાહ ન થાય તો સ્થવિરકલ્પી મુનિને સરસ આહાર લેવામાં કોઈ બાધા નથી. ગચ્છનિર્ગત એવા જીનકલ્પી આદિ સાધુ પ્રાન્તાદિ આહાર જ લે કેમકે, તેને માટે તેવા પ્રકારનો આહાર લેવાની આજ્ઞા છે. કહ્યુ પણ છે—

" पज्जुसिय-तक्कमीसिय-चणगाई अन्नं य मोयगं जोउ ।
समभावेणं भूंजई सरणं मे सो गुरू होउ ॥ "

આ ગાથામાં " सेविज्जा, निसेवए " આ પ્રકારે જે બે વખત ક્રિયાનું કથન કરવામાં આવેલ છે એનો અર્થ એ નિકળે છે કે, સાધુ અન્તપ્રાન્ત આહારને એક જ વાર સેવિત ન કરે પરંતુ સદા સેવિત કરતા રહે. ॥ ૧૨ ॥

" जे लक्खणं च सुविणं च " ઈત્યાદિ !

અન્વયાર્થ—जे-ये જે સાધુ लक्खणं-लक्षणम् લક્ષણશાસ્ત્ર-સામુદ્રિક શાસ્ત્ર सुविणं-स्वप्नं સ્વપ્નશાસ્ત્ર અને अंगविज्जं च - अंगविद्याम् च અંગોના સ્ફુરણના

ફળોને બતાવનાર શાસ્ત્રનો पउंजंति-प्रयुञ्जते પ્રયોગ કરે છે. 'हु' નિશ્ચયથી તે समणा न वुच्चंति-ते श्रमणा न उच्यंते શ્રમણ નથી. एवं आयरिएहिं अक्खायं-एवं आचार्यैः आख्यातम् એવું આચાર્યો-તીર્થંકર ગણધરાદિકોએ કહ્યું છે સામુદ્રિક શાસ્ત્ર વગેરે સઘળાં મિથ્યાશ્રુત છે. સાચા સાધુએ એનો પ્રયોગ ન કરવો જોઈએ. ॥ ૧૩ ॥

હવે તે અશ્રમણોની ગતિ કહે છે-"इह जीवियं अनियमित्ता" ઈત્યાદિ.

અન્વયાર્થ—જે સાધુ લક્ષણાદિ શાસ્ત્રોનો પ્રયોગ કરનાર હોય છે તે इह-इह આ જન્મમાં जीवियं अनियमित्ता-जीवितं अनियम्य જીવનને તપ સ્વાધ્યાય આદિના દ્વારા નિયમિત ન કરતાં समाहिजोगेहिं - समाधियोगेभ्यः ચિત્તની સ્વસ્થતા પ્રધાન જે શુભ મન, વચન, અને કાયનો વેપાર છે, એનાથી અથવા જે સમાધી એવા યોગ છે-ચિત્તની એકાગ્રતારૂપ સમાધિ, પ્રતિ લેખનાદિકરૂપ યોગ એનાથી पहभट्ठा-प्रभ्रष्टाः અત્યંત ભ્રષ્ટ છે. અને કામભોગોની આસક્તિથી લોલુપ છે તે તે જીવ असुरे काए उववज्जंति-असुरे काये उपपद्यन्ते અસુરનિકાયમાં (ભવનપતિ અને વ્યંતરદેવની એક જાત) ઉત્પન્ન થાય છે. સારાંશ આનો એ છે કે, એવા સાધુ કદી કદી ધર્માનુષ્ઠાનના કારણથી અસુરનિકાયોમાં જ જન્મ લે છે. ॥૧૪॥

અસુરનિકાયથી ચ્યુત થઈને તે કયાં જાય છે તે કહે છે—

"तत्तोऽविय उव्वट्टित्ता" ઈત્યાદિ.

અન્વયાર્થ—तत्तोऽवि य - ततोपि च અસુરનિકાયથી उव्वट्टित्ता - उद्वृत्य નિકળીને संसारं-संसारम् ચતુર્ગતિરૂપ સંસારમાં बहुं-बहुम् ઘણા કાળ સુધી-અર્થાત્ ચોર્યાશીલાખ યોનિઓમાં परियडंति-पर्यटन्ति પરિભ્રમણ કરે છે. કથા સામુદ્રિક શાસ્ત્ર આદિના પ્રયોગો કરી જનતાને ભ્રમમાં નાખતા સાધુઓ કે જે આ અને આવા बहुकम्म लेवलित्ताणं-बहुकर्मलेपलिप्तानाम् અનેક પ્રકારના કર્મરૂપી લેપોથી લીપ્ત રહે છે तेसिं - तेषां તેને પરલોકમાં बोही सुदुल्लहा होइ-बोधिः सुदुर्लभा भवति બોધિ-જીનધર્મની પ્રાપ્તિ મળવી અતિ દુર્લભ બને છે, આ પ્રકારે ઉત્તર-ગુણોની વિરાધનામાં દોષોને જાણીને ઉત્તરગુણોની નિર્દોષ આરાધના કરવામાંજ પ્રયત્નશીલ રહેવું જોઈએ. ॥ ૧૫ ॥

## લોભ કે વશવર્ત્તી કે આત્મા કા દુષ્પૂરકત્વ

આ પ્રકારે જાણવાં છતાં પણ સાધુજન સામુદ્રિક આદિ શાસ્ત્રોનો પ્રયોગ કરે છે તે લોભના વશવર્તિ બનીને કરે છે. આથી એવા દુષ્પૂરક આત્માની પૂર્તિ થઈજ શકતી નથી–આ વાત આ ગાથા દ્વારા સૂત્રકાર પ્રગટ કરે છે—

"कसिणंपि जो इमं लोयं" ઈત્યાદિ.

અન્વયાર્થ——જે કોઈ पडिपुण्णं–परिपूर्णम् ધન ધાન્યાદિકથી પરિપૂર્ણ કરીને इमं–इमम् પ્રત્યક્ષભૂત कसिणंपि लोयं–कृत्स्नं लोकं अपि સમસ્ત લોકને પણ કોઈ इक्कस्स दलेज्ज–एकस्मै दद्यात् પોતાના આરાધકને આપે तेणावि से न संतुस्से–तेनापि स न संतुष्येत् તો પણ એ ધન ધાન્યાદિકથી પરિપૂર્ણ સમગ્ર લોકના દેવા છતાં પણ લોભી આત્માને સંતોષ થતો નથી. એ એવું સમજીને કે, આ દાતા મારી ઈચ્છાને પૂર્ણ કરવા જેટલું ધન આપવામાં અસમર્થ છે. આ રીતે અસંતુષ્ટ જ બની રહે છે. કહ્યું પણ છે—

"न वह्निस्तृणकाष्टाद्यै, र्नदीभिर्वा महोदधिः ।
न चैवात्मार्थसारेण, शक्यस्तर्पयितुं क्वचित् ॥१॥"

જેવી રીતે તૃણ, કાષ્ટોના ઢગલાથી અગ્નિ, અને હજારો નદીઓથી સમુદ્ર તૃપ્ત થતો નથી એજ રીતે અર્થના સારથી આ આત્મા કોઈ સ્થળે પણ તૃપ્ત થતો નથી. આ પ્રકારે अयमात्मा दुष्पूरकः આ આત્મા દુષ્પૂરક અર્થાત્ તે પોતાની ઈચ્છાઓની કદી પણ તૃપ્તિ કરી શકતો નથી. ॥ ૧૬ ॥

## અસંતોષ કે વિષય મેં સ્વાનુભવ કા વર્ણન

"जहा लाहो तहा लोहो" ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा–यथा જેમ જેમ लाहो–लाभः ધનાદિકરૂપ ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિ આ જીવને થાય છે तहा–तथा તેમ તેમ लोहो–लोभः તૃષ્ણા અધિકરૂપથી

વધતી જાય છે કેમકે, लाहा लोहे पवड्ढइ-लाभात् लोभः प्रवर्धते લાભથી લોભ વધે છે. આ સિદ્ધાંત છે. આ અર્થમાં કપિલ કેવલી સ્વયં પોતાનું દૃષ્ટાંત ઉપસ્થિત કરે છે. દાસીને સંતોષવા માટે दो मासक्यं कज्जं-द्विमासकृतं कार्यम् બે માસા સોનાથી જે કામ પતવાનું હતું તે કામ कोडीए वि न निट्ठियं-कोटयापि न निष्ठितम् એક કરોડ સોનામહોરોથી પણ પુરૂં ન થઈ શકયું. કેમકે, ઉત્તરોત્તર વાંચ્છનાઓની એક પછી એક વૃદ્ધી થતી જ ગઈ. આ વિષયમાં કપિલ કેવલીની કથા પ્રથમ ગાથાના અવતરણમાં કહેવામાં આવેલ છે. ॥ ૧૭ ॥

## સ્રિયોં મેં ગૃદ્ધિભાવનિષેધ કા ઔર ઉનકે ત્યાગ કા વર્ણન

કપિલ કેવલીના દૃષ્ટાંતથી લોભની વૃદ્ધિ માટે કહેવામાં આવ્યું છે. એમણે કેવલી અવસ્થા પ્રાપ્ત કરી તે પહેલાં સ્રીના નિમિત્તથી લોભ થયો હતો. આ કારણે સ્રિઓમાં ગૃદ્ધિ ન કરવી જોઈએ આ વાતને કહે છે--

"नो रक्खसीसु गिज्झेज्जा" ઇત્યાદિ.

અન્વયાર્થ--गंडवच्छासु-गण्डवक्षस्कासु પીનસ્તન વક્ષસ્થળવાળી તથા अणेगचित्तासु-अनेकचित्तासु અનેક પુરુષોમાં ચિત્ત દેવાવાળી, અથવા અનેક પુરુષોના ચિત્તમાં વસવાવાળી, અથવા અનેક વિષયવર્તી ચિત્તવાળી रक्खसीसु-राक्षासीषु રાક્ષસીના જેવી હોવાથી રાક્ષસીરૂપ સ્રિયોમાં नो गिज्जेज्जा-नो गृध्येत् આસક્તિ પ્રાપ્ત ન કરવી જોઈએ. તથા એના માટે ઈચ્છા પણ ન કરવી જોઈએ. જેમ રાક્ષસી શરીરનું બધું લોહી પીને જીવનનો નાશ કરી નાખે છે તેવી રીતે આ સ્રિઓ પણ મનને આકર્ષિત કરીને જ્ઞાનાદિ ગુણરૂપ જીવનને નષ્ટ બનાવી દે છે. जाओ-याः આ સ્રિઓ पुरिसं पलोभित्ता-पुरुषं प्रलोभ्य પુરુષને વિવિધ પ્રકારના હાવભાવથી તથા પ્રિય વચનોથી લોભાવીને તેની સાથે खेलंति-क्रीडन्ति મનમાની ક્રિડા કર્યા કરે છે. પોતાની ઈચ્છા અનુસાર કાર્ય કરાવવામાં તે કસર રાખતી નથી. કેવા પ્રકારથી ? તે કહે છે-जहाव दासेहिं-यथावा दासैः જેમ દાસ સ્વામીના આદેશનું પાલન કરવાવાળા હોય છે એજ રીતે નારીને વશ બનેલો પુરુષ પણ તેના દાસ જેવો હોય છે. તાત્પર્ય આનું એ છે કે, જે રીતે સ્વામી પોતાની ઇચ્છા અનુસાર નોકરો પાસેથી કામ લેતો હોય છે, દરેક કામમાં બળદની જેમ ઢસરડા કરાવતો હોય છે. એજ રીતે સ્રિ પોતાને વશ બનેલા પુરુષ પાસે પણ પોતાની ઇચ્છા અનુસાર ઢસરડો કરાવતી રહે છે. ॥૧૮॥

સ્રિઓ અતિ હેય હોય છે, સૂત્રકાર આ વાતને કહે છે—

" नारीसु नोव गिज्झेज्जा " ઈત્યાદિ.

અન્વયાર્થ——अणगारे–अनगारः મુનિએ नारीसु नो व गिज्जेज्जा–नारीषु नैव प्रगृध्येत् સ્રિયોના વિષયમાં અનુરાગી ન બનવું જોઇએ. इत्थी–स्त्रियः તેણે તો આ સ્રિઓથી સર્વથા विप्पज्जहे–विप्रजह्यात् દૂર જ રહેવું જોઈએ. સ્રી શબ્દથી અહિં દેવ અને તિર્યંચ સંબંધી સ્રિયોનું ગ્રહણ કરવામાં આવેલ છે. નારી શબ્દથી મનુષ્ય સ્રિયોનું ગ્રહણ કરવામાં આવેલ તથા भिक्खू–भिक्षुः ભિક્ષુ धम्मं–धमम् બ્રહ્મચર્ય આદિ ધર્મને पेसलं–पेशलम् અતિ મનોજ્ઞ જાણીને આ ભવમાં અને પરભવમાં ઉપકારક હોવાથી સર્વશ્રેષ્ઠ જાણીને એમાં अप्पाणं ठविज्ज–आत्मानं स्थापयेत् પોતે પોતાને સ્થિર કરે. ત્યાં સુધી કે કપિલ કેવલીના વચનને સાંભળીને તે સઘળા પાંચસો ચોર પ્રતિબુદ્ધ બની દીક્ષિત થઈ ગયા અને કર્મ રજને દૂર કરી સિદ્ધિ ગતિ નામના સ્થાનમાં બિરાજમાન થઈ ગયા. ॥ ૧૯ ॥

સુધર્મા સ્વામી જમ્બૂસ્વામીને કહે છે કે–" इय एस धम्मे अक्खाए " ઈત્યાદિ

અન્વયાર્થ— इय–इति આ પ્રકારનો एस–एषः પૂર્વોક્ત આ धम्मे–धर्म સાધુ ધર્મ विसुद्धपन्नेणं–विशुद्धप्रज्ञेन કેવલજ્ઞાન રૂપ વિશુદ્ધ પ્રજ્ઞા સંપન્ન कविलेणं–कपिलेन કપિલ કેવલીએ आक्खाए–आख्यातः કહેલ છે जेउ काहिंति–ये तु करिष्यन्ति જે મનુષ્ય આ ધર્મની આરાધના કરશે, અને પોતાના જીવનમાં ઉતારશે, તે तरिहिंति–तरिष्यन्ति આ સંસારરૂપ સમુદ્રને પાર કરવાવાળાં થશે. તથા तेहिं–तैः એવા મનુષ્યરત્નોદ્વારા જ दुवे लोग आराहिया–द्वौ लोकौ आराधितौ આ લોક અને પરલોક આરાધિત બને છે. त्ति–बेमि " इति ब्रवीमि " હે જમ્બૂ મહાવીર સ્વામીએ જેમ કહેલ છે તેમ તમને આ કહું છું. મારી બુદ્ધિથી કલ્પિત કરીને કાંઈ કહેતો નથી.॥૨૦॥

આ પ્રકારે ઉત્તરાધ્યયન સૂત્રની પ્રિયદર્શિની ટીકાના

" કાપિલીય " નામના આઠમા અધ્યયનનો

ગુજરાતી ભાષા અનુવાદ સંપૂર્ણ ॥૮॥

## નવમું અધ્યયન—

આઠમું અધ્યયન સમાપ્ત થયું, હવે નવમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનું નામ 'નમિપ્રવ્રજ્યા' છે આઠમા અધ્યયનની સાથે આનો સંબંધ આ પ્રમાણે છે–આઠમા અધ્યયનમાં "લોભ છોડી દેવો જોઈએ" એવું કહેલ છે. કેમકે, લોભ રહિત પુરુષ જ આ ભવમાં ઈન્દ્ર આદિ દેવો દ્વારા પૂજીત અને સન્માનિત બને છે. એ વાતને સમજાવવા માટે આ નવમા અધ્યયનનો પ્રારંભ આવે છે. આમાં એજ સંબંધને લઈને જે આની પ્રસ્તાવના રૂપ નમિનું ચરિત્ર આવે છે તે અહિં સહુથી પહેલાં પ્રગટ કરવામાં આવે છે.—

## યુગબાહુ દ્રષ્ટાંત

આ ભરત ક્ષેત્રમાં માલવ નામનો એક દેશ હતો તેમાં સુદર્શન નામનું એક નગર હતું. ત્યાં મણિરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. શત્રુઓ તેનું નામ સાંભળીને જ કાંપતા હતા. આ રાજાને એક નાનો ભાઈ હતો જેનું નામ યુગબાહુ હતું. તેને રાજાએ યુવરાજ પદે સ્થાપિત કર્યો હતો. યુવરાજની પત્નીનું નામ મદનરેખા હતું. તે ઘણી જ સુંદર અને સુશીલ હતી. જીનવચન રૂપ અમૃતના પાનથી તેનું મિથ્યાત્વરૂપી વિષ નાશ પામ્યું હતું. એ "મેણુરયા" નામથી પ્રસિદ્ધ છે. મદનરેખાને ચંદ્રયશ નામનો પુત્ર હતો.

એક સમયની વાત છે કે, મદનરેખાએ સ્વપ્નમાં ચંદ્રમા જોયો. પ્રાતઃ-કાળની ક્રિયાઓથી નિવૃત્ત થઈ ને તેણે એ સ્વપ્નની વાત પોતાના પતિને કહી. સ્વપ્નની વાત સાંભળીને પતિએ મદનરેખાને કહ્યું. પ્રિયે! આ સ્વપ્નનું ફળ એ છે કે "ચંદ્ર સમાન સકળ વિશ્વને સુખપ્રદ એવો પુત્ર તમને પ્રાપ્ત થશે" આ પ્રમાણેનું સ્વપ્નફળ સાંભળીને તેને ખૂબ હર્ષ થયો. જે રીતે વસુંધરા (પૃથ્વી) કલ્પવૃક્ષના બીજને પોતાનામાં ધારણ કરે છે, એજ પ્રકારે મદનરેખાએ પણ સ્વપ્ન અનુસાર એવા પુત્રને પોતાના ગર્ભમાં ધારણ કર્યો. ગર્ભના પ્રભા-વથી મદનરેખાને એ પ્રકારની ઇચ્છા થઇ કે, હું સદોરકમુખવસ્ત્રિકા ધારણ કરવાવાળા નિર્ગ્રન્થ મુનિવરોને વંદન કરૂં. જીનેંદ્રભાષી તત્વોનું શ્રવણ કરૂં.

અભય, સુપાત્ર અને કરૂણાદાન દઉં. યુગબાહુ યુવરાજે પોતાની પત્નિના પ્રત્યેક ભાવની ઘણીજ સારી રીતે પૂર્તિ કરી. ભાવની પૂર્તિથી મદનરેખાનું મન ખૂબ જ આનંદમાં રહેવા લાગ્યું ને ગર્ભ પણ કાળક્રમ પ્રમાણે આનંદપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યો.

એક દિવસની વાત છે કે, મદનરેખા પોતાના મહેલની અગાશીમાં બેસીને સ્નાન કરી રહી હતી, એ સમયે મણિરથ રાજાની દ્રષ્ટિ તેના ઉપર પડી. સ્નાન કરતી મદનરેખાને જોતાં જ તેનું અંતઃકરણ કામની વ્યથાથી વ્યાકુળ બની ગયું અને "આ મારા હાથમાં કઇ રીતે આવે" એ પ્રકારના ઉપાયો તે શોધવા લાગ્યો. ભાગ્યવશાત્ એ સમયે એક એવા પ્રકારની ઘટના બની કે, દક્ષિણ દિશા તરફ એના રાજ્યમાં રૂદ્ર નામના કોઈ રાજાએ આક્રમણ કર્યું. મણિરથે જ્યારે આ વાત સાંભળી ત્યારે એનો સામનો કરવા જાતે જવા તૈયાર થયો. યુદ્ધમાં જવા માટે તેણે સૈનિકો તૈયાર કરવા માંડ્યા–યુગબાહુએ પોતાના ભાઈની યુદ્ધમાં જવાની તૈયારીની વાત જાણી. આથી તેણે મણિરથને કહ્યું કે, હું હાજર હોવા છતાં આપને યુદ્ધમાં જવું ઉચિત નથી. માટે યુદ્ધમાં શત્રુ-ઓને પરાસ્ત કરવા માટે જવાની મને આજ્ઞા આપો. જ્યારે હું શત્રુઓને પરાસ્ત કરવામાં સમર્થ છું, તો પછી આપને જાતે જવાની કોઇ જરૂર નથી. પોતાના નાનાભાઈ યુગબાહુની વાત સાંભળીને રાજા મણિરથે તેને યુદ્ધમાં જવાની અનુમતી આપી. મોટાભાઈની આજ્ઞા મેળવીને યુગબાહુ એ પ્રદેશમાં યુદ્ધ માટે રવાના થયો. યુગબાહુના ગયા પછી મણિરથે મદનરેખાને પ્રસન્ન કરવા નિમિત્તે દાસી સાથે પુષ્પ, તામ્બુલ, વસન અને આભૂષણ ઈત્યાદિ મદન-રેખાને મોકલ્યાં. મદનરેખાએ તે "આ મારા જેઠજીનો પ્રસાદ છે" એમ સમજીને દાસી પાસેથી લઈ લીધાં. એક દિવસની વાત છે કે, મણિરથે દાસી દ્વારા મદનરેખાને કહેવરાવ્યું કે, મને તારા અનુપમરૂપે મોહિત કર્યો છે. જે દિવસે મારી આંખો એ તારી અનુપમ રૂપરાશીનું પાન કર્યું ત્યારથી મારૂં મન તારા રૂપમાં પાગલ બની ગયું છે. આથી જો તું મારો સ્વીકાર કરીશ

તો હું તને મારી સર્વ રાજ્ય સંપત્તિની સ્વામિની બનાવીશ. મણિરથની એવી અનુચિત વાતોને સાંભળીને મદનરેખાએ દાસી મારફત કહેવરાવ્યું કે, હું તો આપના નાના ભાઈની પત્ની છું, એ અધિકારથી તો સમસ્ત રાજ્યસંપત્તિ મારા આધિન જ છે. જ્યારે આપ મને જે અયોગ્ય પ્રલોભન બતાવી રહ્યા છો તે તમને શોભારૂપ નથી. શિષ્ટપુરુષ આલોક અને પરલોમાં વિરૂદ્ધ એવા નીંદનીય કાર્યનું આચરણ કરતા નથી. કહ્યું પણ છે—

"જે શિષ્ટપુરુષ હોય છે તે મરવાનું પસંદ કરે છે, પરંતુ આ લોક અને પરલોકમાં જે કાર્ય વિરૂદ્ધ એટલે કે નીંદનીય મનાય છે તેવા કાર્યને કરવાની કદી ઈચ્છા પણ કરતા નથી." જે વ્યક્તિ શિષ્ટ હોય છે, તે પરસ્ત્રી પ્રત્યે તે ગમે તેટલી ઉત્કૃષ્ટ લાવણ્યમયી હોવા છતાં પણ તેને ઉતરેલા ધાન્યની સમાન ગણીને કદાપિ તેની ઇચ્છા કરતા નથી. તો પછી પોતાના નાના ભાઈની સ્ત્રીની તો વાતજ ક્યાં રહી? તે તો પુત્રી સમાન જ હોય છે. પરસ્ત્રીની ઈચ્છા જીવને માટે મહાદુઃખનું કારણ છે. આ પ્રકારે મદનરેખાએ સમજાવવાં છતાં પણ મણિરથે પોતાના દુરાગ્રહને છોડયો નહિ. મદનરેખાએ જ્યારે એ જાણ્યું કે, મારો જેઠ જ મારૂં શીલભંગ કરવા તૈયાર થયો છે ત્યારે તેણે પોતાના પતિને પાછા બોલાવવા માટે એક દૂતને મોકલ્યો. જેટલા સમયમાં દૂત યુગબાહુની પાસે પહોંચ્યો એજ સમયે યુગબાહુ શત્રુને પરાસ્ત કરીને પોતાના નગર તરફ આવવા માટે નીકળી રહ્યો હતો. યુગબાહુએ આવીને કદળીવનમાં પડાવ નાખ્યો. યુગબાહુના આગમનના સમાચાર દૂતે મદનરેખાને આપ્યા અને કહ્યું કે, યુવરાજ યુગબાહુ કદળી વનમાં રોકાયા છે. આ સમાચાર સાંભળીને મદનરેખા કદળી વનમાં ગઈ અને મણિરથનો સઘળો વૃત્તાન્ત પોતાના પતિને કહી સંભળાવ્યો. મોટાભાઈ વિરૂદ્ધની વાતો પોતાની પત્નિના મોઢેથી સાંભળવા છતાં યુગબાહુને તેની વાતમાં વિશ્વાસ ન આવ્યો. આ તરફ મણિરથે વિચાર કર્યો કે, યુગબાહુની હાજરીમાં મદનરેખા મને ચાહશે નહીં, આથી એવું જ કેમ ન કરવું કે, જેથી યુગબાહુનો અંત આવી જાય? આ માટે સહુ પ્રથમ યુગબાહુને વિશ્વાસમાં લેવો અને પછીથી તેને ઠેકાણે પાડી દેવો. યુગબાહુનો નાશ કર્યા પછી પણ જો મદનરેખા નહીં માને તો હું જબરજસ્તીથી તેને મારે આધીન બનાવીશ. તેને મેળવવામાં મારો

ભાઈ યુગબાહુ અંતરાય બની રહ્યો છે. આથી મારા આ કામમાં એ એક પ્રબળ દુશ્મન જેવો છે. જેથી એને જલદીથી જલદી મારી નાખવો જોઇએ. આ પ્રકારના વિચારોથી પ્રેરાઇને મણિરથે પોતાના નાના ભાઈ યુગબાહુ અંગે ગુપ્ત બાતમી મેળવવાનો પ્રબંધ કર્યો. મણિરથે એ જાણ્યું કે યુગબાહુ શત્રુને પરાસ્ત કરીને પાછો ફર્યો છે અને કદળીવનમાં ઉતર્યો છે, ત્યારે તેણે વિચાર કર્યો કે, આ સુંદર તક છે, કે જેથી યુગબાહુને જલદીથી જલદી મારી શકાય. કારણ કે તે જે ઉદ્યાનમાં ઉતર્યો છે તે ઉદ્યાન નગરથી બહાર છે. તેથી ઘોર અંધારી રાતે તેને મારી નાખવાનું ઘણું સગવડ ભરેલું છે. આથી તેને મારી નાખવા માટે કોઇ ખાસ પ્રબંધ કરવાની જરૂરીઆત રહેશે નહીં. આથી ત્યાં જઈને જ તેને મારી નાખવાનો પ્રબંધ કરવો જોઈએ. આ પ્રમાણે નિર્ણય કરીને મણિરથ ઝેરનો પટ આપેલી તલવાર હાથમાં લઈને કદલીવનમાં જવા રવાના થયો. ત્યાં પહોંચીને તેણે પહેરેગીરોને પૂછ્યું કે, યુગબાહુ અત્યારે કયાં છે? મણિરથનાં

## મદનરેખા કા દ્રષ્ટાંત

વચન સાંભળીને પહેરેગીરોએ કહ્યું કે, અત્યારે તેઓ કદલીઘરમાં સુતા છે. પહેરેગીરોએ મણિરથને પૂછયું કે, આપે આ વખતે અહીં આવવાની તકલીફ કેમ લીધી? મણિરથે જવાબ આપ્યો કે, અહીં જંગલમાં જ્યારે મારો ભાઈ એકલો છે તો તેને કાંઈ ઉપદ્રવ ન આવે આ હેતુથી હું તેની રક્ષા કરવા માટે અહીં આવ્યો છું. આ રીતે પહેરેગીરને સમજાવી એક પહેરેગીરને યુગબાહુને પોતાના આગમનના સમાચાર કહેવા મોકલ્યો. પહેરેગીરે જઇને યુગબાહુને મણિરથ આવવાના સમાચાર આપ્યા. આ વાત સાંભળીને મદનરેખાએ પોતાના પતિને કહ્યું કે, સ્વામિન! મને ડર છે માટે સાવધાની પૂર્વક રહેજો. પોતાના ભાઈ પ્રત્યેની મમતા અને વિશ્વાસને કારણે તેણે મદનરેખાના આ મહત્વના સુચનને ગણકાર્યું નહીં અને પોતાના મોટાભાઈને મળવા માટે યુગબાહુ કદળી ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે જાળીમાંથી મદનરેખા તેની પાછળ જોવા લાગી. યુગબાહુ જ્યારે મણિરથને નમસ્કાર કરવા તેના પગમાં પડે છે એજ

સમયે મણિરથે પોતાની સાથે લાવેલી ઝેરના પટવાળી તરવાર તેના ઉપર ચલાવી અને તુરત જ નગર તરફ નાસી ગયો. રસ્તે જતાં મણિરથ જે ઘોડા ઉપર બેઠો હતો તે ઘોડાની એડી હેઠળ એક વિષધર સર્પ ચગદાયો. આથી ક્રોધથી કોપાયમાન તે સર્પે ઉછળીને મણિરથને ડંશ દીધો. સર્પદંશના ઝેરથી મણીરથ ઘોડા ઉપરથી ઉછળીને ભોંયપર પડયો અને મરણ પામ્યો. અને ચોથી નરકમાં દસ સાગરોપમની સ્થિતિવાળો નૈરયિક થયો.

આ તરફ મદનરેખા તરવારથી ઘાયલ થયેલા પોતાના પતિને જોઈ ચિત્કાર કરતી દોડીને પતિની પાસે પહોંચી ગઈ. પતિના મરણ સન્મુખની છેલ્લી ઘડીઓ જોઈ ને તેની પાસે બેસીને ધૈર્યથી કહેવા લાગી કે હે નાથ ! આપ મનમાં કોઇ પ્રકારની ચિંતા ન કરશો. ધીરજ ધારણ કરી સ્વસ્થચિત્ત બની રહેશો. કોઈના ઉપર જરા પણ રોષ કરશો નહીં. પોતાના જ કર્મનો આ વિપાક છે એવું સમજીને આવેલા આ દુઃખને સમતાભાવથી સહન કરો. જીનોક્ત ધર્મનું શરણ અંગિકાર કરો અને પ્રાણાતિપાતાદિ અઢાર પાપસ્થાનોનો પરિત્યાગ કરો. હે સ્વામિન ! એજ પરલોકનું ભાથું છે. તેને આપ ગ્રહણ કરો. જગતના સઘળા જીવાત્માઓથી આપ પોતાના કરેલા અપરાધોની ક્ષમા માગો અને તેમના અપરાધોને આપ ક્ષમા આપો. દ્વેષથી વશીભૂત બનેલો જીવ પોતે જ પોતાના સ્વાર્થનો વિનાશ કરી બેસે છે માટે આ દ્વેષને આપ આપના દિલમાં ન આવવા દો. “સઘળા જીવો મારા મિત્ર છે” આ પ્રકારની મૈત્રી ભાવનાને હૃદયમાં સ્થાન આપો. જ્યાં સુધી દેહ રહે ત્યાં સુધી સર્વજ્ઞ અર્હંતને દેવરૂપથી, મોઢા ઉપર દોરાથી બાંધેલી મુખવસ્ત્રીકા વાળા ગુણગરિષ્ઠ મુનિવરોને ગુરુરૂપથી, અને જીનપ્રણિત શ્રુતચરિત્રરૂપ ધર્મને ધર્મ રૂપથી અંગિકાર કરો. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ તથા અશુભ યોગરૂપ પાંચ આસ્રવોને મન વચન અને કાયાથી કરવા કરાવવા તથા કરતા હોય તેને અનુમોદન આપવાની ભાવનાનો ત્યાગ કરો. પોતાના કુટુંબ તેમજ ધનમાં આપ હવે જરા પણ મમત્વ ન રાખો. સ્વકૃત કર્મના વિપાક સમયમાં આ જીવનનો રક્ષક તેના સ્વજન વગેરે કોઇ બનતાં નથી. જીવે આરાધેલો ધર્મ જ

પ્રાણીઓનો પરમબંધુ અને ઉચ્ચ પ્રકારનું ધન છે. એવી ભાવના ભાવતા રહો. કારણકે એજ દુઃખોનો નાશ કરનાર તેમજ સુખદાયી છે. હવે આપ આ સમયે ચારે પ્રકારના આહારનો પરિત્યાગ કરી, ચાર શરણોનો આશ્રય લ્યો. પંચપરમેષ્ઠી નવકાર મંત્રનું સ્મરણ કરતા રહો. આના સ્મરણથી પાપાત્મા પણ દેવ બની જાય છે. સમ્યક્ત્વનો આશ્રય કરવામાં પ્રમાદ ન કરો. આ પ્રકારનાં પોતાની પત્ની મદનરેખાના હિતકારક વચનોને સાંભળીને યુગબાહુએ તેનાં કહેલાં વચનોને પોતાના હૃદયમાં સ્થાપિત કરીને શ્રદ્ધા પૂર્વક પંચપરમેષ્ઠી મંત્રનો જાપ કરતાં કરતાં પોતાના દેહનો ત્યાગ કર્યો.

આ તરફ મદનરેખાએ પણ વિચાર કર્યો કે સર્વ અનર્થના મૂળ કારણ સ્વરૂપ મારા આ રૂપને ધિક્કાર હો, જેણે મારા જીવનને દુઃખી બનાવ્યું છે. મારા આ રૂપને જોઇને રાજાએ પોતાના નાના ભાઈને મારી નાખ્યો. અસાર તથા ક્ષણ વિનશ્વર આ મારા રૂપને નિમિત્ત બનાવીને જ રાજાએ ભારે દુષ્કર્મનો બંધ કર્યો છે. હે પ્રભુ! હવે તો એવું લાગે છે કે, મારા જેઠ રાજા મણીરથ જબરજસ્તીથી મારા શીયળધર્મને ખંડિત કરી દેશે. એને કારણે તો તેણે આટલો બધો અનર્થ કરેલ છે. આથી હવે ઘેર ન જતાં કોઈ અન્ય સ્થળે ચાલ્યા જવામાં જ મારૂ શ્રેય છે. ત્યાં જઇ હવે પરલોકને માટે ઉદ્યમ કરીશ. જો હું ઘેર જાઉં છું તો રાજા મારી પ્રાપ્તિના નિમિત્તથી મારા પુત્ર ચંદ્રયશને પણ મારી નાખતાં અચકાશે નહીં. આ પ્રકારનો વિચાર કરી મદનરેખા શોક વ્યાકુળ સ્થિતિમાં પોતાના પુત્ર વગેરેને કહ્યા વગર જ પૂર્વ દિશા તરફ રવાના થઇ ગઈ. ચાલતાં ચાલતાં તે એક મહાન્ ભયંકર એવા જંગલમાં કે જ્યાં અનેક જાતના હિંસક પશુઓ હતા ત્યાં જઈ ચડી. ત્યાં તેણે રાત્રીમાં સિંહ અને વાઘની ગર્જનાઓ, શીયાળોની કીકીયારી, સુવરોના હુંકારને, સર્પોના ભયંકર ફુત્કારને, સાંભળ્યા. પરંતુ એનાથી એ નીડર બની રહી. અને નમસ્કાર મંત્રનો જાપ જપતી રહી. ત્યાં તેના ગર્ભનો સમય પુરો થતાં અર્ધરાત્રીના સમયે પુત્રનો

જન્મ થયો. ત્યારબાદ મદનરેખાએ પોતાના અડધી સાડીને ફાડી તેની ઝોળી બનાવી એક વૃક્ષની ડાળીએ બાંધી તેમાં શુભ લક્ષણ યુક્ત પોતાના નવજાત પુત્રને સુવાડી પોતાના અંતઃકરણને તેની રક્ષામાં નિયુક્ત કરી એક પાસેના તળાવ ઉપર પોતાનાં વસ્ત્ર અને શરીરની શુદ્ધિ કરવા ગઈ. તળાવ ઉપર જઈ તેણે પહેલાં પોતાનાં વસ્ત્રો ધોયાં, પછી તે સ્નાન કરવા તળાવમાં ઉતરી. સ્નાન કરીને તે નીકળતી હતી. કે એ સમયે ત્યાં એક તૃષાતુર હાથી આવી પહોંચ્યો. હાથીએ તેને પોતાની સુંઢથી ઉપાડીને દડાની માફક ખૂબ જોરથી ઉછાળીને ફેંકી. તેજ વખતે ત્યાંથી પસાર થતા કોઈ યુવાન વિદ્યાધરે તેને નીચે પડતાં જ પોતાના વિમાનમાં ઝીલી લીધી, અને તેને વિમાનમાં બેસાડીને ચાલતો થયો. મદનરેખાએ વિદ્યાધરને પૂછ્યું. આપ ક્યાં જઈ રહ્યા છો? વિદ્યાધરે કહ્યું, અહિં નજીકના પ્રદેશમાં મારા પિતા ચારણ શ્રમણ છે જેઓ ચારજ્ઞાનના ધારક છે તેમને વંદના કરવા જઈ રહ્યો હતો. પણ વચમાં જ તમારો મેળાપ થતાં હવે ત્યાં ન જતાં સીધો મારા નગરની તરફ પાછો જઇ રહ્યો છું. નગરમાં તમને મુકી આવીને પછીથી તેમનાં દર્શન કરીશ. મદનરેખાએ વિદ્યાધરનાં વચન સાંભળીને વિચાર કર્યો કે, મારાં કર્મોનો કેવો વિલક્ષણ વિપાક છે કે જેથી આપત્તિ ઉપર આપત્તિ આવી રહી છે. નીતિની એ વાત ખરેખર સાચા સ્વરૂપમાં મારા જ ઉપર આવી પડી છે કે—

"एकस्य दुःखस्य न यावदन्तं, गच्छाम्यहं पारमिवार्णवस्य।
तावत् द्वितीयं समुपस्थितं मे, छिद्रेष्वनर्था बहुली भवंति॥"

મેં મારા એક શીલધર્મની રક્ષાના નિમિત્તથી જ મારા પુત્રનો ધનનો અને રાજ્ય સુખનો ત્યાગ કર્યો અને એકાકી ત્યાંથી નિકળી પડી, પરંતુ મારે માટે તો અહીં પણ એજ આપત્તિનો ફરીથી સામનો કરવાનું આવી પડયું છે. કોઈ હરકત નથી. ભલે આપત્તિઓ આવે, પરંતુ હું શીલધર્મનો ત્યાગ કદી પણ કરવાની નથી. કોઈ પણ ઉપાયથી આ દુર્બોધ વિદ્યાધરને સમજાવીને મારા શીલની રક્ષા કરીશ. અથવા એ ભયને દૂર કરવા માટે થોડા સમયની પ્રતીક્ષા કરવી પડશે. ઉતાવળ કરવા જતાં ઉલટું દુઃખ ઉભું થશે. નીતિકારોએ પણ કહ્યું છે કે—

"क्रोधावेशे, नदीपूरे–प्रवेशे पापकर्मणि।
अजीर्णभुक्तौ भी स्थाने कालक्षेपः प्रशस्यते॥"

અર્થાત્—ક્રોધના આવેશમાં, નદી પૂરથી ઉભરાતી હોય તો તેને પાર કરવામાં, પાપકર્મ કરવામાં, અજીર્ણ થયું હોય ત્યારે ખાવામાં અને ભયના સ્થાનમાં કાલક્ષેપ એટલે કે વિલંબ કરવો જરૂરી છે.

આવો વિચાર કરી મદનરેખાએ વિદ્યાધરને કહ્યું, ભદ્ર! સહુથી સુંદર વાત તો એ છે કે, આપ મને પહેલાં ચારણ મુનિરાજનાં દર્શન કરાવો અને પછી આપને જેમ રૂચે તેમ આપની ઇચ્છાપૂર્વક કરો. મદનરેખાનાં આ પ્રકારનાં વચન સાંભળીને હર્ષમગ્ન બનેલા વિદ્યાધરે મુનિરાજની પાસે જવાનું સ્વીકાર્યું એ વિદ્યાધરનું નામ મણિપ્રભ હતું. તે વિદ્યાધરના વિમાનમાં બેસીને બન્ને જણાં મુનિરાજની પાસે પહોંચ્યાં. મદનરેખાએ ભક્તિથી આનંદભેર તે ચાર જ્ઞાનધારી ચારણ મુનિરાજને વંદના કરી. મુનિએ પણ જ્ઞાનથી મદનરેખાને જોતાં જ તેનું સઘળું વૃત્તાંત જાણી લીધું. મુનિરાજે મણિપ્રભને ધર્મોપદેશ દેવાની શરૂઆત કરી. એટલામાં આકાશમાર્ગેથી એક વિમાન નીચે ઉતર્યું. વિમાન ખૂબજ સુંદર હતું–મણીઓના સ્તંભથી એ સુશોભિત હતું. किंकिणिजालना (ઘુઘરીઓના) ધ્વનીથી જોવા વાળાના મનને મુગ્ધ બનાવતું હતું. સૂર્ય સમાન તેની કાંતિ, હતી, તોરણથી એ શોભતું હતું, મોતિઓની માળાઓ તેના ઉપર લટકતી હતી. વાજીંત્રોના મનોહર સુર તેમાંથી સંભળાતા હતા. જેનાથી દિશાઓના ખુણે ખુણા પણ ગુંજી રહ્યા હતા. આ વિમાનમાંથી એક દેવ જયજય કરતા ઉતર્યો. જે વિવિધ પ્રકારના વસ્ત્રાભૂષણથી શોભાયમાન હતા. જેની સાથે અનેક દેવીઓ પણ હતી. વિમાનમાંથી બહાર નીકળતાં જ સર્વ પ્રથમ મદનરેખાને તેણે ત્રણ પ્રદિક્ષણા કરીને નમસ્કાર કર્યા, પછી મુનિરાજને સવિધિવંદ નનમસ્કાર કરી તે યથા સ્થાને બેસી ગયા. ધર્મોપદેશ પછી મણિપ્રભ વિદ્યાધરે દેવની આ અનુંચિત રીત-

ભાતનું નિરીક્ષણ કરી ચારજ્ઞાન ધારક મણિચૂડ મુનિને પૂછયું કે, હે ભદન્ત ! દેવોએ તેમજ ઉત્તમ મનુષ્યોએજ નીતિનો પ્રચાર કરેલો છે—એને જો એજ નીતિમાર્ગનું ઉલ્લંઘન કરે તો પછી બીજાનું તો શું કહેવું ? આ દેવના આ પ્રકારના અવિધિવાળા શિષ્ટાચારને જોઈને મને ઘણું આશ્ચર્ય થાય છે કે, આ દેવે સર્વ દોષ રહિત સાધુગુણસમન્વિત આપ મુનિરાજને છોડીને સર્વ પ્રથમ આ સ્ત્રીને નમસ્કાર કર્યા. આપ બતાવો કે, એવું તેણે શા કારણે કર્યું ? જ્યારે વિદ્યાધરે મુનિને વિનય કરવામાં વિપર્યાસના કારણને પૂછયું ત્યારે મુનિએ કહ્યું કે, સાંભળો ! સૂદર્શનપુરમાં મણિરથ નામના એક રાજા હતા તેણે પોતાના નાના ભાઇ યુગબાહુને તરવારથી મારી નાખ્યો ત્યારે આ મદનરેખાએ તેને મૃત્યુ સમીપ જાણીને જૈનધર્મની પ્રાપ્તિ કરાવી. મરણાંતે યુગબાહુ ધર્મના પ્રભાવથી પ પાંચમાં બ્રહ્મદેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયો. આ એજ દેવ છે જેને આ મદનરેખાએ અંતકાળ સમયે ધર્મોપદેશ આપ્યો હતો. જેથી તેને પરમ ઉપકાર કરવાવાળી માનીને સર્વપ્રથમ તેને નમસ્કાર કર્યા છે બીજી તરફ તે મણિરથ રાજા પોતાના નાના ભાઈને મારીને નગરમાં જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં એક ભયંકર કાળા સર્પે તેને દંશ દીધો તેને કારણે તે ત્યાં જ મરીને દસ સાગરોપમ સ્થિતિવાળી ચોથી નરકમાં જઇને ઉત્પન્ન થયો. આ વૃત્તાંત સાંભળીને મણિપ્રભ વિદ્યાધરે સ્વદારસંતોષવ્રત ધારણ કર્યું અને મદનરેખાને પોતાની બહેનના ભાવથી માનીને તેની પાસે પોતાના સમસ્ત દોષોની માફી માગી.

મદનરેખાએ ત્યાં ચારણ શ્રમણ મુનિને કહ્યું, ભદન્ત ! હું મારા નાના પુત્રના વૃત્તાંતને જાણવા ઈચ્છું છું, પ્રભો ! કૃપાકરી મને જણાવો મુનિએ કહ્યું, ભદ્ર ! સાવધાન થઈ ને સાંભળો. હું તમારા એ પુત્રનું વૃત્તાંત તમને સંભળાવું છું

## પુષ્પશિખ ઔર નખશિખ કા વર્ણન

આ જમ્બૂદ્વિપમાં પૂર્વમહાવિદેહ ક્ષેત્રની અંતર્ગત પુષ્કલાવતી વિજયમાં શ્રી મણીતોરણ નામનું એક નગર હતું. મિતયશ નામનો એક ચક્રવર્તી ત્યાંનો

રાજા હતો. તેની સ્ત્રીનું નામ પુષ્પવતી હતું. તેને પુષ્પશિખ અને રત્નશિખ નામના બે પુત્રો હતા. તે બન્ને વિનયશીલ અને દયાળુ હતા. સાથોસાથ એ એ બન્ને ધર્માનુષ્ઠાનમાં દ્રઢ શ્રદ્ધાવાળા હતા. એક સમયની વાત છે કે, ચક્રવર્તીએ પોતાના એ બન્ને પુત્રોને રાજ્ય સુપ્રત કરીને સંયમ અંગિકાર કરી લીધો. બન્ને રાજકુમારોએ મળીને ચોર્યાશી લાખ પૂર્વ સુધી રાજ્ય કારભાર ચલાવ્યો એક સમયે કોઈ નિમિત્તના કારણે તેમના ચિત્તમાં સંસારના ભોગોથી અને શરીરથી વિરક્તિ જાગી. આથી બન્ને ભાઈઓએ ચારણ શ્રમણની પાસે જઈ દીક્ષા લીધી. અને સોળલાખ પૂર્વ સુધી નિર્મલ ચારિત્ર પર્યાયનું પાલન કર્યું. આ પછી સમાધીભાવથી મરીને અચ્યુતકલ્પ નામના દેવલોકમાં શકેન્દ્રના સામાનિક દેવ થયા. ત્યાંની સ્થિતિ બાવીસ સાગર પ્રમાણ છે. બાવીસ સાગર પ્રમાણ એ પર્યાયમાં રહીને તે બન્નેએ નીત્ય નવા દિવ્ય સુખોને ભોગવીને પોતાના દેવપણાનું આયુષ્ય વ્યતીત કર્યું. એ પછી ત્યાંથી ચ્યવીને બન્ને દેવો ધાતકી ખંડના ભરતક્ષેત્રમાં હરિષેણ નામના વાસુદેવની ધર્મપત્ની સમુદ્રદત્તાના પેટે પુત્રરૂપે અવતર્યા. સાગરદેવ અને સાગરદત્ત એ નામથી તે બન્ને પ્રસિદ્ધ થયા. એ પર્યાયમાં પણ તેમણે સર્વજ્ઞ દ્રઢસુવ્રત ભગવાનની પાસે દીક્ષા ધારણ કર્યાને ત્રીજે જ દિવસે વિજળી પડવાથી તેમનું મૃત્યુ થયું. મરીને એ બન્ને જણા મહાશુક્ર નામના દેવલોકમાં સત્તર સાગરની સ્થિતિવાળા મહર્દ્ધિક દેવ થયા.

## પધરથ કા દ્રષ્ટાંત

એક સમયે એ બન્ને દેવ ભરતક્ષેત્રમાં અહંત શ્રી નેમીનાથ પ્રભુની પાસે આવ્યા અને તેમને પૂછયું, હે ભગવન્ ! અમે બન્ને આ દેવ પર્યાયથી ચવીને કયા સ્થળે ઉત્પન્ન થશું ? ભગવાને કહ્યું–તમે બન્નેમાંથી એક તો દેવ મિથિલાનગરીમાં જયસેન રાજાના પુત્ર થશો. અને બીજા સુદર્શનપુર નગરમાં યુગબાહુ યુવરાજના પુત્ર થશો. આપ બન્ને ત્યાં પિતાપુત્ર જેવા થશો. આ પ્રકારનાં ભગવાનનાં વચન સાંભળીને તે બન્ને દેવ પોતાના સ્થાને ચાલ્યા ગયા. અને આયુષ્ય તેમનું પૂર્ણ થતાં તેમાંથી એક તો ત્યાંથી ચવીને વિદેહ દેશની મિથિલા નગરીમાં

જયસેન રાજાની વનમાળા નામની મહારાણીથી પદ્મરથ નામના પુત્ર થયા. પદ્મરથ જ્યારે યુવાન થયા ત્યારે રાજાએ તેને રાજકારભાર સોંપીને દીક્ષા ધારણ કરી લીધી. પદ્મરથે પણ નીતિ અનુસાર રાજ્યનું પાલન કર્યું. બીજા દેવ પણ ત્યાંથી ચવીને હે એ મેણરથે! તમારા પુત્ર થયેલ છે. તેને વૃક્ષની ડાળે ખોઈમાં સુવાડીને જ્યારે તું તળાવ ઉપર વસ્ત્ર ધોવા માટે ગઇ હતી એટલામાં અશ્વારૂઢ બનીને તે જંગલમાં આવી ચડેલા પદ્મરથ રાજાએ તે પુત્રને ઉઠાવી મિથિલામાં લઈ જઈ પોતાની રાણીને સોંપી દીધો અને ઘણા જ આનંદ સાથે પુત્રોત્સવ મનાવ્યો, હે ભદ્રે! તમારો પુત્ર ઘણો જ પૂણ્યશાળી છે. તે ત્યાં આનંદથી રહે છે અને દિન પ્રતિ દિન વૃદ્ધિ પામે છે. આ પ્રકારે જ્યારે મણિચૂડ મુનિરાજે કહ્યું. તે પછીમણિપ્રભ વિદ્યાધર આ સઘળી વાતને સાંભળીને ત્યાંથી મુનિને નમસ્કાર કરી પોતાના સ્થાને ચાલ્યો ગયો.

## દૃઢવ્રતા સાધ્વી કે ઉપદેશ કા વર્ણન

આ પછી તે યુગબાહુ દેવે મદનરેખાને કહ્યું-હે સતિ! કહો હું તમારૂં શું ભલું કરૂં! મદનરેખાએ કહ્યું-મને હવે ફક્ત મોક્ષ સુખની જ ઈચ્છા છે, બીજી કોઈ પણ ઇચ્છા નથી. એ મોક્ષસુખ કોઈની કૃપાથી પ્રાપ્ત થતું નથી, પરંતુ પોતાની સાધનાથી તેની પ્રાપ્તિ માનવામાં આવે છે. જો આપની કાંઇ ભલું કરવાની અભિલાષા છે તો, આપ મને કૃપા કરી મિથિલાપુરીમાં પહોંચાડી દો. ત્યાં હું મારા પુત્રનું મુખ જોઇને તુરતજ પરલોક હિતકારી એવા ધર્મનું આરાધન કરવા ચાહું છું. મદનરેખાની વાત સાંભળીને દેવ તરતજ તે સતીને મિથિલા નગરીમાં લઇ ગયા. મદનરેખા અને તે દેવ ત્યાં સાધ્વીયોના ઉપાશ્રયમાં ગયા. વંદના નમસ્કાર કરી સાધ્વીઓની સામે તેઓ બેસી ગયા. દૃઢવ્રત્તા સાધ્વીએ મદનરેખાને પ્રતિબોધિત કરવા માટે ઉપદેશ આપતાં કહ્યું કે—સંસારમાં આ જીવને માતા પિતા, ભાઈ બહેન, પતિ પત્ની, પુત્ર પુત્રી, આદિનો સબંધ અનંતવાર થઈ ચુકેલ છે. પરંતુ આ જીવની રક્ષા કરવાવાળું કોઈ પણ થયેલ નથી. આ સઘળા સ્વજનો ધન, સંપત્તિ, અને શરીરાદિક બાહ્ય પદાર્થો ક્ષણ વિનશ્વર છે. જો શાશ્વત કોઈ હોય તો તે માત્ર ધર્મ એકજ છે. કહ્યું છે કે—

" वाताभ्रविभ्रममिदं वसुधाधिपत्यम्, आपातमात्रमधुरो विषयोपभोगः। प्राणास्तृणाग्रजलबिन्दुसमा नराणां, धर्मः सखा परमहो परलोकयाने ॥ १ ॥ "

આ સમસ્ત પૃથ્વીતળનું આધિપત્ય, વાયુના વેગથી વીખરાઈ જતા મેઘની સમાન અસ્થિર છે. તેમજ–માનવ સંબંધી સમસ્ત વિષયભોગો અતિ મધુર છે. અર્થાત્ ઉપભોગના કાળમાં એ વિષયભોગ મધુર લાગે છે, પરંતુ પરિણામમાં નહીં. તથા–મનુષ્યોનો પ્રાણ ઘાસના અગ્ર ભાગ ઉપર ચોંટેલા ઝાકળના જળબિંદુની માફક ચંચલ અસ્થિર છે. અર્થાત્ ન જાણે એ પ્રાણ પંખી કયારે આ દેહને છોડીને ચાલ્યું જાય છે. છતાં પણ આશ્ચર્યની વાત એ છે કે, એ સઘળી વસ્તુઓ માટે મનુષ્ય ઘોર પ્રયત્ન કરતો રહે છે. આમ છતાં પણ એ સઘળી વસ્તુઓ મનુષ્ય પ્રાપ્ત કરી શકતો નથી. મનુષ્યનો સાચો મિત્ર, જો કોઇ પણ હોય તો તે એક ધર્મ માત્ર છે. જે પરલોક–પ્રયાણ કાળમાં પણ તેનો સાથ છોડતો નથી. અને સાચા સહોદર તરીકે સાથેને સાથે જ રહે છે. પરલોકમાં સાચી મિત્રતા નિભાવનાર કેવળ આરાધન કરેલો એક ધર્મ માત્રજ છે કે જેને વિષયમાં તલ્લીન બનેલ પ્રાણીઓ ભૂલી ગયા છે.

## નમિરાજા કે હાથી કે પલાયન (ભગને) કી કથા

આ પ્રકારની સાધ્વીજીની ધર્મ દેશનાને સાંભળીને સતી મદનરેખા પ્રતિબુદ્ધ બની ગઇ. મદનરેખાને પ્રતિબોધિત બનેલી જોઇને એ દેવે કહ્યું–ચાલો રાજભવનમાં જઈ તમારા પુત્રનું મુખ જોઈ આવીયે. દેવની વાત સાંભળીને મદનરેખાએ કહ્યું–ભવવૃદ્ધિ તથા દુઃખપરંપરાના કારણરૂપ એવા પુત્રાદિકના પ્રેમની હવે મને આવશ્યકતા નથી. હવે આ સાધ્વીજીનાં ચરણ જ મારૂં શરણ છે. એવું કહીને મદનરેખાએ સાધ્વીજી પાસેથી દીક્ષા લીધી. દેવ એ સાધ્વીઓને તથા સતી મદનરેખાને વંદન કરી પોતાના સ્થાને ચાલ્યા ગયા અને સતી મદનરેખા દૃઢવ્રતા સાધ્વીજીની શિષ્યા બનીને સુવ્રતા નામથી પ્રસિદ્ધ થયાં. તેમણે ખૂબ કઠીન તપસ્યા કરવાનો પ્રારંભ કરી દીધો.

આ તરફ પદ્મરથરાજાને ત્યાં જેમ જેમ બાળક મોટો થવા લાગ્યો તેમ તેમ એના પ્રભાવથી પદ્મરથરાજાના જે શત્રુઓ હતા એ વિનીત બની જઈ એને નમવા લાગ્યા. પદ્મરથરાજાએ આ સઘળો પ્રતાપ એ બાળકનો સમજીને એ

બાળકનું નામ નમિ એવું રાખ્યું. આઠ વર્ષનો થતાં એ નમિ કુમારે સમસ્ત કળાઓનો અભ્યાસ કર્યો. જ્યારે તે યુવાવસ્થાનો થયો ત્યારે રાજા પદ્મરથે તેને ૧૦૦૮ એક હજાર આઠ સ્ત્રિઓ પરણાવી અને તેને રાજકાર્યમાં પણ સંપૂર્ણ રસ લેતો બનાવી દીધો. આ પ્રમાણે નમિકુમારમાં સર્વ યોગ્યતા આવી જતાં પદ્મરથ રાજાએ તેને રાજ્ય કારોબાર સુપ્રદ કરી પોતાને વૈરાગ્ય ઉત્પન્ન થતાં ભાગવતિ દીક્ષા લઈ લીધી. નમિરાજાએ પણ પોતાના રાજ્યનો કારોબાર ન્યાય નીતિ અનુસાર સુંદર રીતે ચલાવવા માંડયો.

હવે અહીં ચંદ્રયશ અને નમીરાજાના યુદ્ધની તૈયારીની કથા કહેવામાં આવે છે—

સર્પ કરડવાથી મણિરથ રાજા જ્યારે મરી ગયો ત્યારે તેના મંત્રીઓએ એકઠા મળીને યુગબાહુના પુત્ર ચંદ્રયશકુમારને રાજગાદી ઉપર બેસાડયો. ચંદ્રયશ-કુમાર પોતાના મહાન્ વિસ્તૃત રાજ્યનું બહુ જ સુંદર રીતે રાજનીતિ અનુસાર સંચાલન કરવા લાગ્યો.

એક સમયની વાત છે કે, નમિરાજાનો સર્વશ્રેષ્ઠ ગજરાજ કે જેનો રંગ સફેદ હતો. તે મદોન્મત્ત બનીને મજબૂત સ્તંભને ઉખાડી નગરભરના બીજા હાથી તેમજ મનુષ્યોને ખૂબજ ત્રાસ પહોંચાડીને વિંધ્યાચળ પર્વતની તરફ નાશી ગયો. નાસતાં નાસતાં તે ચંદ્રયશ રાજાની રાજધાની સુદર્શન પુરની સીમામાં પહોંચી ગયો. રાજા ચંદ્રયશને આ હાથીના સમાચાર મળતાં તેણે પોતાના વીર સુભટોદ્વારા તેને પકડાવી લીધો. નમિ રાજાએ આઠેક દિવસ પછી જ્યારે આ વાત જાણી ત્યારે તેણે પોતાના એક દૂતને ચંદ્રયશ પાસે મોકલ્યો. દૂતે જઈને ચંદ્રયશને કહ્યું-રાજન્! મહારાજા નમિએ મને આપની પાસે જે સંદેશો લઈને મોકલ્યો છે, તે સંદેશો આપ કૃપાકરી સાંભળો. નમિરાજાએ એમ કહેવડાવ્યું છે કે, આપે અમારા જે ગજરાજને પકડયો, છે તેને જલદી પાછો મોકલી આપો. દૂતની વાત સાંભળીને ચંદ્રયશે કહ્યું-ઘણું સારૂં! માર્ગમાંથી મળેલું રત્ન કોઈને પાછું અપાય છે? એના ઉપર કોઇનું નામ તો લખેલ હોતું નથી કે જેથી તેને કોઈ ન લ્યે. નમિ રાજાએ આ કેવી વાત કહી? ધ્યાનમાં રાખો કે જે વીર

હોય છે તેજ આ ભૂમિને ભોગવી શકે છે. જાઓ નમિ રાજાને જઇને કહેજો કે હાથી પાછો મળી શકશે નહીં. આમ કહી પોતાના સુભટો દ્વારા ધક્કા મરાવીને તે દૂતને નગરની બહાર કાઢી મુકયો. દૂત ઝડપથી નમિ રાજા પાસે જઈ પહોંચ્યો અને ચંદ્રયશ તરફથી મળેલ જવાબ તેમજ પોતાના કરવામાં આવેલા અપમાનની વિગત નમિરાજાને કહી સંભળાવી. આ સાંભળીને નમિરાજાને ખૂબ ક્રોધ ચડયો, અને ક્રોધના આવેશમાં લશ્કર તૈયાર કરવાની સૂચના આપી દીધી. આ તરફ ચંદ્રયશકુમાર પણ લડાઈની તૈયારી કરવા લાગ્યો. બન્ને તરફ લડાઇની તૈયારીયો ચાલી રહી છે એવામાં એક દિવસ ચંદ્રયશકુમારને તેના દૂતદ્વારા જાણવા મળ્યું કે, નમિરાજાએ સૈન્ય સાથે આક્રમણ કર્યું છે. આ સાંભળીને ચંદ્રયશકુમારે પણ પોતાના સૈન્ય સાથે સમરાંગણ તરફ કુચ કરી.

આ વાતને લોકોને મુખેથી સાંભળતાં મદનરેખા (મેણરયા) એ વિચાર કર્યો કે —"આ બન્ને ભાઈઓ પરસ્પર જન ક્ષય કરીને અધોગતીએ જશે તેવો વિચાર કરી પોતાની ગુરુણી દઢવ્રતાને પૂછીને કેટલીક સાધ્વીઓ સાથે સર્વ પ્રથમ યુદ્ધ નિવારણના નિમિત્તે નમિરાજાના પડાવમાં જઇ પહોંચી. નમિએ સાધ્વીજીને વંદના —નમસ્કાર કરી અને સુખ શાતા પૂછી, મદનરેખાએ એ સમયે નમિ રાજાને ધર્મોપદેશ આપ્યો. તેણે કહ્યું—

આ સંસાર અનંત દુઃખોનું કારણ છે. આ મનુષ્યભવ ઘણા પુણ્યકર્મના ઉદયથી જીવોને પ્રાપ્ત થાય છે. આવા સુંદર મનુષ્યભવને પ્રાપ્ત કરીને તમે તમારૂં અકલ્યાણ કરવામાં શા માટે મુગ્ધ બની રહ્યા છો? યાદ રાખો આ રાજ્યશ્રી અસાર છે! જેઓ પાપ કરવામાં જ રચ્યા પચ્યા રહે છે એવા જીવોને નરકમાં જવું પડે છે. આપમેળે સુંદરપુરની હદમાં ગયેલા હાથીને તમારા મોટા ભાઈ ચંદ્રયશે પકડી લીધો તો તેમાં એની સાથે યુદ્ધ કરવાની શી આવશ્યકતા છે? આ માટે યુદ્ધનો પરિત્યાગ કરો.

## નમિ ઔર ચન્દ્રયશ કે યુદ્ધ કો રોકને કે લિયે મદનરેખા સાધ્વી કે વિહાર કા વર્ણન

સાધ્વીજીનાં આ પ્રકારનાં વચન સાંભળીને નમિરાજાએ મનમાં જ વિચાર કર્યો કે—આ ચંદ્રયશ યુગબાહુનો પુત્ર છે અને હું પદ્મરથરાજાનો પુત્ર છું. તો પછી મારો એની સાથે સહોદરનો સંબંધ કઈ રીતનો? આ પ્રમાણે વિચાર કરી નમિરાજાએ સાધ્વીજી સામે હાથ જોડીને પ્રશ્ન કર્યો, પૂજ્યે! ચંદ્રયશ સાથે મારો

સહોદરનો સંબંધ આપે કહ્યો તે કઈ રીતે ? નમિની વાત સાંભળીને સાધ્વી-જીએ કહ્યું—વત્સ! જો તમે યૌવન અને ઐશ્વર્યનું અભિમાન છોડી મારી વાત લક્ષપૂર્વક સાંભળશો તો તમે મારી તે વાત સમજી શકશો. નમિએ એ પ્રમાણે કર્યું. સાધ્વીજીએ નમિનું આ ભવનું પૂર્વવૃત્તાંત આ પ્રકારે તેને સમજાવ્યું—વત્સ ! સુદર્શનપુરના સ્વામી યુગબાહુ તમારા અને ચંદ્રયશના પિતા છે, જન્મદાતા છે, અને હું મદનરેખા તમો બન્નેની માતા છું. પદ્મરથ તમારા પાલન કર્તા હોવાથી પિતા છે, વાસ્તવિક જન્મદાતા રૂપથી પિતા નથી. તમે તમારા મોટાભાઇથી વિરોધ ન કરો, તમારૂં હિત કયાં છે એ સમજવાની ચેષ્ટા કરો. મદનરેખા સાધ્વીજીના મોઢેથી પોતાનો વૃત્તાંત સત્યરૂપથી જાણીને નમિને ખૂબ હર્ષ થયો. મદનરેખાને પોતાની માતા જાણીને નમિરાજાએ ભક્તિભાવથી તેમને નમસ્કાર કર્યા.

## નમિ ઔર ચન્દ્રયશ કા મિલન

આ પછી નમિએ કહ્યું—હે માતા! તમોએ જે કહ્યું છે તેને હું સત્ય માનું છું. ચંદ્રયશ મારા મોટાભાઈ છે, એમાં હવે મને સંદેહ નથી પરંતુ લોકો આ વાતને કેમ જાણી શકશે. આથી જો મોટાભાઈ નાનાભાઇની સામે વાત્સલ્યભાવથી આવે તો હું ઉચિત વિનય બતાવવામાં શોભી શકું. આ પ્રકારે નમિનાં વચન સાંભળીને મદનરેખા સાધ્વી ત્યાંથી ચાલીને ચંદ્રયશના પડાવમાં પહોંચ્યાં. અકસ્માત આવેલાં સાધ્વીને પોતાનાં માતા જાણીને ચંદ્રયશે હર્ષિત બનીને પ્રણામ કર્યા.

આ પછી ગદ્‌ગદ્ કંઠે તેણે કહ્યું—માતા ! આ મહા કઠીન વ્રતને આપે શા માટે અંગિકાર કર્યું ? ચંદ્રયશની જીજ્ઞાસાને શાંત કરવા માટે મદનરેખાએ પહેલેથી માંડીને તે છેવટ નમિરાજાને મળવા સુધીનો પોતાનો સઘળો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. “નમિરાજા મારો નાનો ભાઈ છે ” એમ ચંદ્રયશને જ્યારે માલુમ પડયું એજ સમયે એના હૃદયમાં વાત્સલ્ય ઉભરાઈ આવ્યું, યુદ્ધ કરવાની જ્વાળા શાન્ત થઈ ગઇ અને પોતાના નાનાભાઈને મળવા માટે તે સામે પગલે ચાલી નીકળ્યો. નમિરાજાએ પોતાના મોટાભાઈ ચંદ્રયશને સામેથી આવતા જોયા એજ વખતે તે સિંહાસન ઉપરથી ઉતરી સામે આવી તેના ચરણોમાં પોતાનું મસ્તક નમાવી દીધું. ચંદ્રયશે પણ પોતાના બન્ને હાથોથી ઘણા જ ઉમળકા સાથે પ્રેમથી તેને ઉભો કરીને પોતાની છાતી સરસો ચાંપ્યો અને ભારે ઉત્સવની સાથે તેમનો પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો. બન્ને ભાઇઓનો પરસ્પર મેળાપથી પોતાના જન્મને સફળ માનીને ચંદ્રયશે સુદર્શનપુરનું પોતાનું રાજ્ય નાનાભાઈ નમિને આપીને પોતે દીક્ષા ધારણ કરી લીધી. તપ તથા સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા કરતા વિચરવા લાગ્યા. નમિરાજા આ બન્ને રાજ્યનું સંચાલન ખૂબ જ કુશળતાથી ન્યાય નીતિ અનુસાર કરવા લાગ્યો.

## નમિરાજા કે દાહજ્વર કા વર્ણન

કોઇ એક સમયે નમિરાજાના શરીરમાં અતિદુઃસહ એવો દાહજ્વર ઉત્પન્ન થયો. આથી તે ખૂબ જ વ્યથિત રહેવા લાગ્યો. તેને કોઈ પણ સ્થળે શાંતિ મળતી નહીં. વૈદ્યોએ તેને દવા કરવામાં કોઇ પ્રકારની કચાશ ન રાખી દરેક પ્રકારથી તેમજ વિવિધ રીતોથી ચિકિત્સા કરી, પરંતુ રાજાનું જરા પણ દુઃખ ઓછું ન થયું. આથી લાચાર બનીને વૈદ્યોએ પોતાની નિષ્ફળતા સ્વીકારીને રાજાને કહ્યું કે, રાજન્! આપને માટે અમારી શક્તિ અનુસાર તમામ ચિકિત્સા કરી ચુકયા છીએ પરંતુ એક પણ ચિકિત્સા સાધ્ય બની નથી. શું કરીએ? આ રોગ જ અસાધ્ય છે. આમ કહીને એ સઘળા ચિકિત્સકો પોતે પોતાને ઘેર ચાલ્યા ગયા. પરંતુ ચંદનનો લેપ કરવાથી નમિરાજાને કાંઇક શાતા દેખવામાં આવી, આથી અંતઃપુરની તમામ રાણીઓએ ચંદન ઘસવાનું શરૂ કર્યું. પરંતુ ચંદન ઘસતી વખતે રાણીઓના હાથ માંહેનાં કંકણોનો ધ્વની થતો હતો. આ ધ્વનીથી રોગગ્રસ્ત નમિ રાજાના કાનોને ઘણોજ આઘાત પહોંચતો હતો. એટલે તે સહન ન થતાં અકળાઈ જતો હતો. આથી તેણે પૂછયું કે આ શાનો અવાજ થઈ રહ્યો છે? એને બંધ કરો. કેમકે—એ અવાજથી મારા માથામાં શૂળ જેવી પીડા થાય છે.

## નમિરાજા કે વૈરાગ્ય કા વર્ણન

નોકરોએ આ સમયે કહ્યું કે—મહારાજ! આપના દાહના શમન માટે મહારાણીઓ જાતે ચંદન ઘસી રહ્યાં છે. ચંદન ઘસતાં ઘસતાં તેમના હાથમાં રહેલાં સૌભાગ્ય કંકણો અથડાતાં અવાજ થાય છે. આ સાંભળીને નમિ રાજાએ કહ્યું—એ અવાજ—ગડબડ બંધ કરાવી દો. નોકરોએ એનો તરત જ અમલ કર્યો. પરંતુ રાણીઓએ એથી સંતોષ ન માનતાં ચંદન ઘસવાના હેતુથી પોતાનાં હાથમાંના એક શીવાય બધાં કંકણો કાઢી નાખ્યાં સૌભાગ્યના ચિન્હરૂપ ફક્ત એક એક માંગલીક કંકણને રાખીને પૂર્વવત્ સુખડ ઘસવાનું કાર્ય ચાલુ રાખ્યું. નમિ રાજાના કાને જ્યારે કંકણોનો અવાજ આવતો બંધ થયો ત્યારે તેણે નોકરોને પૂછયું—હવે રાણીઓએ ચંદન ઘસવાનું બંધ કર્યું હોય તેવું લાગે છે. કારણ કે જો તે ચંદન ઘસવાનું કામ કરતી હોય તો તેમના હાથના કંક-

ણોનો અવાજ આવ્યા વગર રહે નહી. નમિરાજાના આ પ્રકારના કથનથી નોકરો કહેવા લાગ્યા કે–હે રાજન્! એવી વાત નથી–દરેક રાણીઓ ચંદન ઘસવાનું કામ તો કરે જ છે, પરંતુ કંકણોના અવાજથી આપના મસ્તકમાં વધુ પીડા થતી હોવાને કારણે એ સઘળી મહારાણીઓએ હાથમાં ફક્ત એકેક સૌભાગ્ય કંકણ રાખીને બાકીનાં કંકણોને હાથમાંથી ઉતારીને ચંદન ઘસવાનું કામ ચાલુ રાખ્યું છે, આ કારણે કંકણોનો અવાજ પહેલાંની જેમ થતો નથી. આ પ્રકારે નોકરોનું વચન સાંભળીને નમિરાજા કે જેમનો મોહ ઉપશાન્ત થઇ ગયો હતોં અને જે પ્રતિબુદ્ધ બન્યા હતા તે વિચાર કરવા લાગ્યા કે, અનેકોના સંગમથી જ રાગાદિકદોષ ઉત્પન્ન થાય છે. પરંતુ એકાકી જનને નહીં. ચંદન ઘસતાં રાણીઓના હાથનાં કંકણો જ્યાં સુધી પરસ્પર અથડાતાં હતાં ત્યાં સુધી તેનો શબ્દ થતો રહ્યો અને એને કારણે મને બેચેની થતી રહી. પરંતુ કંકણ એકલું પડતાં એક કંકણથી કોઈ અવાજ કે ગરબડ થતી નથી. આથી જ્યાં સુધી હું સ્ત્રિઓમાં, સ્વજનોમાં, હાથીઓમાં, અશ્વાદિકોમાં, અને રાજ્યલોગોમાં બદ્ધ થઇ રહ્યો છું ત્યાં સુધી હું દુઃખી છું. પરંતુ જો આ બધાને છોડીને એકાકી થઈ જાઉં તો દુઃખ મારે ભોગવવું ન પડે. પરંતુ સુખી બની જાઉં. કેમકે, પ્રાણીમાત્રને દુઃખનું કારણ સંગ જ છે. અને સંગનો ત્યાગ કરવો એ એકત્વ મહા આનંદનો હેતુ છે. આથી હું જો આ રોગથી મુક્ત થઇ જાઉં તો સર્વસંગનો પરિત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી લઉં. આ પ્રકારનો વિચાર કરતાં કરતાં નમિરાજને રાત્રીમાં સારી એવી નિંદ્રા આવી ગઈ. નિદ્રામાં જ નમિરાજાને એક સ્વપ્નું આવ્યું કે જાણે હું સફેદ હાથી ઉપર ચડીને મેરૂ શિખર ઉપર ચડી ગયો. કાર્તિકી પૂનેમનો એ દિવસ હતો. એજ રાત્રીએ નમિરાજની છ મહિનાની દાહજ્વરની બીમારી ચારિત્ર ધર્મનું ગ્રહણ કરવાની કેવળ ઇચ્છાના પ્રભાવથી જ ઓછી થઈ ગઈ. સવારે જ્યારે તે જાગ્યા તો વિચાર કરવા લાગ્યા કે, મેં જે આ સ્વપ્ન જોયું છે તે સારૂં ફળ આપનાર છે વળી આવો પર્વત મેં કયાંક જોયો પણ છે. આ પ્રકારે વરંવાર વિચાર કરતાં તેને જાતી સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. જેના પ્રભાવથી તેમણે પોતાના પૂર્વભવને જાણ્યો કે મેં પૂર્વભવમાં દીક્ષા અંગીકાર કરીને સંયમ પાળ્યો હતો, ત્યાંથી મરીને હું દેવલોકમાં ગયો હતો. એ સમયે હું નંદનવનમાં ક્રીડા કરવા જઈ રહ્યો હતો ત્યારે સ્વપ્નમાં મેં જોયેલા મેરૂ પર્વત જેવાજ મેરૂ પર્વતને મેં ત્યાં જોયો હતો. આ પ્રકારના જાતિસ્મરણ જ્ઞાન પામનાર નમિરાજાની પ્રવ્રજ્યાગ્રહણનું વર્ણન કરતાં શ્રી સુધર્મા સ્વામી જમ્બૂ સ્વામીને નવમું અધ્યયન કહે છે. જેની આ પ્રથમ ગાથા છે. "चइऊण देवलोगाओ" ઈત્યાદિ.

અન્વયાર્થ—देवलोगाओ-देवलोकात् દસ સાગરની સ્થિતિવાળા મહાશુક્ર નામના દેવલોકથી चइऊण-च्युत्वा ચ્યવીને माणुसम्मि लोगम्मि-मानुषे लोके મનુષ્ય ભવમાં उववण्णो-उपपन्नः ઉત્પન્ન થયેલા તથા उवसंतमोहणिज्जे-उपशान्तमोहः ઉપશાત દર્શનમોહનીયકર્મવાળા નમિરાજાને पौराणियं जाइं-पौराणिकीं जातिम् પોતાના પૂર્વભવની જાતી सरइ-स्मरति સ્મૃતિ યાદ આવી. ॥ ૧ ॥

જાતીસ્મરણ પછી તેમણે શું કર્યું તે કહે છે—

"जाइं सरित्तु भयवं" ઇત્યાદિ.

અન્વયાર્થ—भयवं-भगवान् વિશિષ્ટ જ્ઞાનવાળા नमी राया-नमीराजा નમિરાજાએ जाइं सरित्तु-जातिं स्मृत्वा દેવભવરૂપ પોતાનો પૂર્વ ભવ યાદ કરીને अणुत्तरे धम्मे सह संबुद्धो-अनुत्तरे धम स्वयं संबुद्धः સર્વોત્કૃષ્ટ શ્રુત ચારિત્રરૂપ ધર્મમાં પોતાની જાતે પ્રતિબુદ્ધ થઇને रज्जे पुत्तं ठवेत्तु-राज्ये पुत्रं स्थापयित्वा રાજ્યગાદી ઉપર પોતાના પુત્રને બેસાડી अभिणिक्खमई-अभिनिष्कामति દીક્ષા અંગીકાર કરી ॥૨॥

નમિરાજાએ કેવી રીતે દીક્ષા લીધી ? એ બાબત કહેવામાં આવે છે—"सो देवलोगसरिसे"—ઈત્યાદિ.

અન્વયાર્થ—મહાન એવા રાજ્યનું ઐશ્વર્ય, આલીશાન ભવન એક અવાજે હજારો માણસો જેની સેવામાં તત્પર, એવા નમિરાજાએ देवलोगसरिसे वरे भोए-देवलोकसदृशान् वरान् भोगान् દેવલોક જેવા ઉત્તમ ભોગોને भुंजित्तु-भुक्त्वा ભોગવી बुद्धः જાતિ સ્મરણ જ્ઞાન થવાથી પોતે પોતાની જાતે પ્રતિબુદ્ધ બનીને भोगे परिच्चयई- भोगान् परित्यजति આ સઘળા ઐશ્વર્યનો ત્યાગ કર્યો.

ભાવાર્થ—નમિરાજાએ તત્ત્વજ્ઞાન પૂર્વક ભોગોનો ત્યાગ કર્યો આ વાત "बुद्धो भोगे परिच्चयई" આ વાક્યથી સૂત્રકારે કહ્યું છે. કે ભોગ એ રાગ-દ્વેષનો હેતુ હોય છે. રાગ અને દ્વેષથી જીવોને જ્ઞાનાવરણીયાદિક આઠ પ્રકારનાં કર્મોનો બંધ થાય છે. એનાથી નરક નિગોદાદિકમાં પરિભ્રમણ કરવું પડે છે. અને તે તે ગતિમાં અનંત જન્મ મરણાદિકનાં દુઃખો જીવોને ભોગવવાં પડે છે. આ કારણે ભોગ છોડવા યોગ્ય છે, એવું સમજીને નમિરાજાએ ભોગોને છોડી દીધા, ગાથામાં "ભોગ" શબ્દ ઉપર જે વારંવાર ભાર મુકવામાં આવ્યો છે આનાથી સૂત્રકારનો એ અભિપ્રાય છે કે—ભોગ એ દૃષ્ટિવિષવાળા કાળા સર્પની માફક છે એવું સમજીને તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ ॥ ૩ ॥

વળી "मिहिलं सपुरजणवयं"—ઈત્યાદિ.

અન્વયાર્થ—भयवं-भगवान् સમ્યગ્જ્ઞાનશાળી નમિરાજા सपुरजणवयं-सपुरजनपदां પુર અને જનપદ સહિત मिहिलं-मिथिलाम् મિથિલા નગરીને बलं-बलम् સૈનિક જનોને ओरोहं च-अवरोधम् અંતઃપુરને च તથા सव्वं परियणं-सर्वं परिजनम् સમસ્ત પરિવારને चिच्चा-त्यक्त्वा છોડીને अभिनिक्खंतो-अभिनिष्कान्तः ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. एगंतमहिट्ठिओ-एकान्तमधिष्ठितः દ્રવ્યની અપેક્ષાએ જંગલ, વન આદિમાં તથા ભાવની અપેક્ષા "હું એક જ છું" આ પ્રકારની એકત્વ ભાવના ભાવીને એકલાપણું સ્વીકાર્યું. એકત્વ ભાવનાનો આ પ્રકાર છે--

" एकोऽहं नास्ति मे कश्चित्, नाहमन्यस्य कस्यचित् ।
न तं पश्यामि यस्याहं, नासौ दृश्योऽस्ति यो मम ॥ १ ॥

હું કોઇનો નથી, કોઈ મારૂં નથી, તેમજ એવું પણ કોઈ નથી કે જેની સાથે મારો સંબંધ ન થયો હોય તેમજ મારો સંબંધ તેની સાથે ન થયો હોય. ૪

નમિરાજાએ દીક્ષા ગ્રહણ કરી વિહાર કર્યા પછી મિથિલામાં શું થયું તેને સૂત્રકાર કહે છે—" कोलाहलगभूयं आसी "-ઈત્યાદિ.

અન્વયાર્થ—तइया-तदा એ કાળમાં रायरिसिम्मि-राजर्षौ રાજ્ય અવસ્થામાં પણ ઋષિની જેમ ક્રોધાદિક કષાયોને જીતી લેવાથી રાજર્ષિ-અથવા રાજ્ય અવસ્થામાં જે રાજા હતા તે ઋષિ થયા આ માટે नमिम्मि अभिणिक्खमंतम्मि-नमौ अभिनिष्क्रामति નમિરાજાના નિકળવાથી पव्वयंतम्मि-प्रव्रजति દીક્ષીત થવાથી मिहिलाए कोलाहलगभूयं-मिथिलायां कोलाहलकभूतम् મિથિલા નગરીમાં સઘળે ઠેકાણે વિલાપ, આક્રંદ તેમજ કકળાટ आसी-आसीत् મચી ગયો ॥ ૫ ॥

જ્યારે નમિરાજર્ષિએ દીક્ષા લીધી એ સમયે શક્રેન્દ્રે નમિરાજર્ષિનું અભિનિષ્ક્રમણ-પોતાના અવધિજ્ઞાનથી જાણીને મનમાં વિચાર કર્યો કે અહો! આશ્ચર્યની વાત એ છે કે-આ નમિ રાજર્ષિએ પોતાની વિશાળ એવી રાજ્ય સમૃદ્ધિને છોડી દઈને દીક્ષા ગ્રહણ કરી છે. તો એમની દીક્ષા ખરેખરી છે કે કેમ? આની પરીક્ષા કરવા માટે ઇન્દ્ર બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને નમિરાજર્ષિની પાસે આવ્યા અને તેમને પ્રશ્ન કર્યા. આ બન્ને વચ્ચે થયેલા પ્રશ્નોત્તરરૂપ સંવાદને સમજાવતાં શ્રી સુધર્મા સ્વામી કહે છે—

" अब्भुट्ठियं रायरिसिं "-ઈત્યાદિ.

અન્વયાર્થ—उत्तमम् સર્વોત્કૃષ્ટ पव्वज्जाठाणम्-प्रव्रज्यास्थानम् પ્રવ્રજ્યારૂપ સ્થાન ઉપર अब्भुट्ठियं-अभ्युत्थितम् આરૂઢ થયેલ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાદિ ગુણોની સ્થાનભૂત પ્રવ્રજ્યા અંગીકાર કરનાર रायरिसिं-राजर्षिम् રાજર્ષિ નમીને माहणरूवेण-ब्राह्मणरूपेण બ્રાહ્મણ રૂપધારી सक्को-शक्रः ઇન્દ્રે इमं वयणमब्बवी-इदं वचनं अब्रवीत् આ પ્રકારે કહ્યું ॥ ૬ ॥

ઈન્દ્રે જે કહ્યું તે કહે છે—" किंनु भो अज्ज मिहिलाए "—ઈત્યાદિ.

અન્વયાર્થ—भो-भोः હે રાજર્ષિ अज्ज-अद्य આજે मिहिलाए-मिथिलायाम् મિથિલા નગરીના पासाएसु-प्रासादेषु મહેલમાં च અને गिहेसु-गृहेषु ઘરોમાં તથા શૃંગાટક, ત્રિક, ચતુષ્કર, ચતુષ્પથ મહાપથ વગેરે સ્થાનોમાં ભારે कोलाहलगसंकुला-कोलाहलसंकुलाः કોલાહલ અને આક્રંદ જનક વિલાપ કે જે दारुणा-दारुणाः હૃદયદ્રાવક જેવો ગણાય છેઃ આવા सद्दा-शब्दाः કરૂણનાદ किंनु-सुव्वंति-किंनु श्रूयन्ते કેમ સંભળાઈ રહ્યા છે.? ॥ ૭ ॥

" एयमट्ठं निसामित्ता "—ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं-एतमर्थम् ઈન્દ્રની આ પ્રકારની વાણી निसामित्ता-निशम्य સાંભળીને हेउकारणचोइओ-हेतुकारणनोदितः હેતુ અને કારણપૂર્વક અભિનિષ્ક્રમણને માટે નિષિદ્ધ બનેલા એવા नमी रायरिसी-नमिः राजर्षिः નમિરાજર્ષિએ तओ-ततः ત્યાર પછી देविंदं-देवेन्द्रम् દેવેન્દ્રને इणं-इदम् આ પ્રકારે अब्बीवी-अब्रवीत् કહ્યું—

ભાવાર્થ—ઈન્દ્રે નમિરાજર્ષિને કહ્યું કે આપનું " इदं निष्क्रमणं अनुचितं आक्रन्दादि दारुणशब्दजनकत्वात् " यत् यत् आक्रन्दादि दारुणशब्दानां जनकं तत्तत् धर्मार्थिनोऽनुचितम् यथा प्राणातिपातादिकम् तथा चेदं तस्मात्तथा " આ નિષ્ક્રમણ આક્રન્દ આદિ દારૂણ શબ્દોનું જનક હોવાથી પ્રાણાતિપાતાદિકની માફક ઠીક નથી. જેનાથી આક્રંદ—વિલાપ, દુઃખ ઉત્પન્ન થાય એવાં કામો ધર્માર્થિ પુરુષો કરતાં નથી. આપનું આ નિષ્ક્રમણ આવાજ પ્રકારનું છે. આથી પ્રાણાતિપાતાદિકની માફક આપનું આ કામ યોગ્ય નથી. આ પાંચ અવયવોથી યુક્ત પરાર્થાનુમાનરૂપ હેતુ કારણ દ્વારા ઈન્દ્રે નમિરાજર્ષિના અભિનિષ્ક્રમણને ( દીક્ષાને ) અનુચિત—અયોગ્ય સિદ્ધ કર્યું. " આપનું નિષ્ક્રમણ અનુચિત છે." આ પ્રતિજ્ઞા વાકય છે. આમાં પક્ષ અને સાધ્ય એ બે વાકય છે. અભિનિષ્ક્રમણ અને અનુચિત એ સાધ્ય આક્રંદાદિક દારૂણ શબ્દજનકતાનો એમાં હેતુ છે. જે જે એવું હોય છે તે તે ધર્માર્થીને માટે અનનુષ્ઠેય અનુચિત હોય છે, જેવાંકે પ્રાણાતિપાતાદિક આ અન્વય દૃષ્ટાન્ત છે. આપનું અભિનિષ્ક્રમણ પણ આજ પ્રકારનું છે. આ રીતે પક્ષમાં હેતુમાં બે વારનું આ વાકય ઉપનય છે. આ કારણે આક્રંદાદિ દારૂણ શબ્દ ઉપજાવનાર એટલે કે ક્લેશજનક હોવાથી આપનું આ અભિનિષ્ક્રમણ—દીક્ષા અનુચિત જ છે; આ વાકય પ્રતિજ્ઞાને બે વખત આવવારૂપ હોવાથી નિગમન છે, આપના

અભિનિષ્ક્રમણમાં આક્રંદાદિ દારૂણ શબ્દનું ઉત્પન્ન થવું એ એની અનુચિતતા વગર થવું અસંભવ છે, એટલું માત્ર અહિં કારણ છે. જો કે કારણ અને હેતુ એક જ છે,છતાં પણ અહિં જે તેનું પૃથક્રૂપથી ઉપાદાન કરેલ છે તે સાધન વાકયની વિચિત્રરચના પ્રદર્શનાર્થ જાણવી જોઈએ આ રીતે ઈન્દ્ર પાંચ અવયવરૂપ પરાર્થાનુમાન દ્વારા નમિરાજર્ષિના નિષ્ક્રમણમાં અનુચિતતા પ્રદર્શિત કરી ત્યારે નમિરાજર્ષિએ તેનો આ પ્રકારે ઉત્તર આપ્યો, ॥ ૮ ॥

" मिहिलाए चेइए वच्छे "-ઈત્યાદિ,

અન્વયાર્થ—मिहिलाए-मिथिलायाम् મિથિલા નગરીના चेइए-चैत्ये ઉદ્યાનમાં सीयच्छाए-शीतच्छायः શીતળ છાયાવાળું मणोरमे-मनोरमः મનોરમ पत्र पुप्फफलोवेए-पत्रपुष्पफलोपेतः પત્ર પુષ્પો અને ફળોથી ભરપૂર એવું बहूणं-बहूनाम् અનેક પક્ષીઓ માટે सया-सदा સર્વદા बहुगुणे-बहुगुणः પોતાના ફળોને કારણે સદાયે અત્યંક ઉપકારક એવું वच्छे-वृक्षः એક વૃક્ષ છે, ॥ ૯ ॥

" वाएण हीरमाणम्मि "-ઈત્યાદિ.

અન્વયાર્થ—भोः હે વિપ્ર चेइयम्मि-चैत्ये ચૈત્ય સંબંધી અર્થાત્ ઉદ્યાનમાં સ્થીર રહેલા એ मणोरमे-मनोरमे મનોહર વૃક્ષ हीरमाणम्मि-ह्रीयमाणे પ્રચંડ આંધીના ઝપાટાથી પડી જવાથી दुहिया असरणा अत्ता-दुःखिताः अशरणाः आर्ताः આકુળ વ્યાકુળ અશરણ, ત્રાણ રહિત તથા આર્ત એવા एए खगा-एते खगाः એ પક્ષિઓ कंदंति-क्रंदन्ति આક્રંદ કરે છે એનું તાત્પર્ય એ છે કે-નમિરાજર્ષિએ આ અન્યોક્તિ દ્વારા આ પ્રકારના ઇન્દ્રના પ્રશ્નનો ઉત્તર આપ્યો કે, આજ મિથિલા નગરીના ઉદ્યાનમાંનું મનોરમ અને શીતળ છાયાવાળું પ્રચંડ વૃક્ષ આંધીના ઝપાટાથી પડી ગયું છે. આથી તેના ઉપર આશ્રય લેનાર પક્ષિ-ગણ વિલાપ કરી રહેલ છે. એનો ધ્વનિતાર્થ એ છે કે જે ઇન્દ્રે પહેલાં આ રાજર્ષિને પૂછયું હતું કે, આજ મિથિલા નગરીના પ્રાસાદોમાં અને ઘરોમાં જે આક્રંદ સાંભળવામાં આવી રહ્યું છે તેનું શું કારણ છે? તે આ કથનથી સ્પષ્ટ થઈ જાય છે—આ જીવ વૃક્ષ માફક છે જ્યારે સ્વજનો પક્ષિઓ તુલ્ય છે કેમકે, તે એની સાથે થોડો કાળ રહીને પછી ઉત્તર કાળમાં પોત પોતાના કર્માનુરૂપ ગતિમાં ચાલી જવાવાળા છે. એમનો સાથ સ્થાયી નથી. કહ્યું પણ છે-

" यद्वद् द्रुमे महति पक्षिगणा विचित्राः कृत्वाऽऽश्रयं हि निशि यान्ति पुनः प्रभाते।
तद्वज्जगत्य सकृदेव कुटुम्बजीवाः, सर्वे समेत्य पुनरेव दिशो भजन्ते ॥ १ ॥

જેમ જુદી જુદી દિશાઓમાંથી પક્ષિગણ આવીને સંધ્યાકાળે એક વૃક્ષ

પર બેસે છે, અને જ્યારે પ્રભાત થાય છે ત્યારે તે બધાં પોતપોતાની પાંખો ફેલાવીને જુદી જુદી દિશાઓમાં ઉડી જાય છે. આથી આપ જે કહો છો કે —"તમારૂં આ નિષ્ક્રમણ આક્રંદ આદિ દારૂણ શબ્દોના ઉત્પાદક હોવાથી અનુચિત છે" એ આપનું કહેવું ઠીક નથી. કારણ કે–આમાં આક્રંદાદિ દારૂણ શબ્દ જનકતા છે જ નહીં. આ કારણે આ હેતુ અસિદ્ધ છે. પક્ષમાં ન રહેનાર હેતુ પોતાના સાધ્યના સાધક થતા નથી. સ્વજનોના આક્રંદાદિ દારૂણ શબ્દોને ઉત્પન્ન કરનાર તો બીજું જ કોઈ છે. અને તે બીજું કાંઈ નહિ પણ સ્વાર્થનો વિનાશ. એટલે કે વ્યક્તિ રડે છે તે બીજાને માટે નહિ પણ પોતાના સ્વાર્થમાં ખોટ પડતાં રડવા બેસે છે. કહ્યું છે કે—

"आत्मार्थे सीदमानं स्वजनपरिजनो रौति हाहारवार्तो,
भार्या चात्मीयभोगं गृहविभवसुखं स्वं वयस्याश्च कार्यम्।
क्रन्दन्त्यन्योन्यमन्यस्त्विह हि बहुजनो लोकयात्रा निमित्तं,
यो वा यस्माच्च किञ्चित् मृगयति हि गुणं ते तदिष्टः स तस्मै"॥

કુટુંબીજનો પૈસા કમાવાવાળો જવાના કારણે, પત્ની વિષયભોગ ગૃહ વૈભવ અને ધનરૂપ પોતાના સ્વાર્થને માટે, અને મિત્ર પોતાના કાર્યરૂપ સ્વાર્થને માટે રડે છે. જેના જે પ્રકારના સ્વાર્થની જેનાથી પુષ્ટિ થાય છે તેના એ પ્રકારના સ્વાર્થના અભાવમાં તે પોતપોતાના તે તે સ્વાર્થને માટે રડે છે. આથી એમના સ્વાર્થમાં મારૂં આ નિષ્ક્રમણ કઈ રીતે હેતુ બની શકે. સ્વાર્થનો વિનાશ જ એમના આક્રંદનો હેતુ છે ॥ ૧૦ ॥

"एयमट्ठं निसामित्ता" ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं निसामित्ता–एतमर्थं निशम्य આ પ્રકારનો સ્પષ્ટ અર્થને પ્રગટ કરવાવાળો ઉત્તર સાંભળીને हेउकारणचोइओ – हेतुकारणनोदितः પૂર્વોક્ત હેતુરૂપ કારણ જેનું અસિદ્ધ થઇ ચુકેલ છે–નિરાકૃત કરી દેવાયેલ છે એવા તે देविंदो–देवेन्द्रः ઇન્દ્રે तओ–ततः ત્યારપછી नमिं रायरिसिं–नमिं राजर्षिम् નમિરાજાને इणमब्बवी–इदमब्रवीत् આ પ્રકારે કહ્યુંઃ—

નમિ રાજર્ષિએ અભિનિષ્ક્રમણમાં પૂર્વોક્ત હેતુરૂપ કારણ આ રીતે પણ અસિદ્ધ કર્યું કે, "अभिनिष्क्रमणं न कस्यचित् पीडाजनकं षट्जीवनिकायरक्षाहेतुत्वात् यथा प्राणातिपातविरमणादिः" અભિનિષ્ક્રમણનો હેતુ કોઇને પણ પીડા કે દુઃખ આપવાનો નથી પરંતુ તે ષટ્જીવનીકાયનો રક્ષાનો હેતુ હોય છે, પ્રાણાતિપાત વિરમણ આદિની માફક અહીં આ બન્ને વાક્ય પ્રતિજ્ઞા અને હેતુ રૂપમાં પ્રયુક્ત થયેલ છે. અને પ્રાણાતિપાત વિરમણ આદિ એ અન્વય દૃષ્ટાન્ત છે. 'એની માફક આ છે.' આ ઉપનય, આ કારણે તે કોઈને પીડાજનક નથી.' એ નિગમન છે, અહીં એ પંચાવયવરૂપ હેતુ તથા ષટ્જીવનીકાયના રક્ષણરૂપ કારણ પીડા અજનકત્વ વગર નિષ્ક્રમણ થઈ શકતું નથી. અર્થાત્–

જ્યાં પીડા અજનકત્વ હશે ત્યાં ષટ્જીવનીકાયનું રક્ષણ બનશે. જો નિષ્ક્રમણમાં પીડાનો હેતુ માનવામાં આવે તો એ સમયે માંડલિક – સીમા–પ્રાંતનો રાજા, સેનાપતિ, અને રાજા મહારાજા, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, આ સઘળાએ પણ રોવું જોઈએ, પરંતુ એવું તો છે જ નહીં. આથી એ નિશ્ચય છે કે, કદાચિત સૂર્ય પશ્ચિમ દિશાએથી પણ ઉદય થવા લાગે, ચન્દ્રમા અમૃતને બદલે આગ વરસાવવા માંડે, વંધ્યાને પુત્ર થાય, અમૃત ઝેર બની જાય, રેતીમાંથી તેલ નીકળવા લાગે તો ભલે, પરંતુ અભિનિષ્ક્રમણથી કોઇને પણ પીડા થઈ શકતી નથી. અન્વયવ્યતિરેકથી સ્વાર્થ વિનાશમાં જ આક્રંદની પ્રતિહેતુતા છે એવો નિશ્ચય દેખાય છે. આ પ્રકારે નમિરાજર્ષિએ હેતુ અને કારણ પૂર્ણ સમજણથી આપતાં દેવેન્દ્ર ફરીથી આ પ્રકારે કહેવા લાગ્યા. ॥ ૧૧ ॥

નમિ રાજર્ષિને પોતાના રાજકુટુંબ અને રાજભુવન આદિમાં હજી આસક્તિ છે કે નહીં ? આ વાતની પરીક્ષા લેવા ઇન્દ્ર કહે છે—

“एस अग्गी य वाऊ य” ઈત્યાદિ.

અન્વયાર્થ—भयवं–भगवन् હે ભદન્ત ! જુઓ एस अग्गी य वाऊ य–एषः अग्निश्च वायुश्च આ અગ્નિ છે, આ વાયુ છે. एतत् मंदिरं डज्जइ–एतत् मंदिरं दह्यति આ આપનું રાજમંદિર સળગી રહ્યું છે, અને એથી अंतेउरं–अन्तःपुरम्–અંતઃપુર પણ સળગી રહ્યું છે. कीसणं नावपेक्खइ–कस्मात् खलु नावप्रेक्षसे છતાં એ બધા સામે આપ કેમ જોતા નથી ? ॥ ૧૨ ॥

“एयमट्ठं निसामित्ता” ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं निसामित्ता–एतमर्थं निशम्य આ વાતને સાંભળીને हेउकारणचोइओ–हेतुकारणनोदितः હેતુ અને કારણ પ્રદર્શનપુર્વક પૂછાએલ नमी रायरिसी–नमिः राजर्षिः નમિરાજર્ષિએ देविंदं इण मब्बीवी–देवेन्द्रं इदं अब्रवीत् દેવેન્દ્રને આ પ્રમાણે કહ્યું—

ભાવાર્થ—નમિ રાજર્ષિને ઈન્દ્રે હેતુ અને કારણ પ્રદર્શિત કરીને આ પ્રમાણે કહ્યું કે–“आत्मनः अन्तःपुरं भवनं च रक्षणीयम्” આપે આપના રાજભવનની અને અંતઃપુરની રક્ષા કરવી જોઈએ. કેમકે–“स्वत्वात्” એ મારૂં છે એ બન્ને પ્રતિજ્ઞા અને હેતુવાકય છે. જે જે પોતાનું હોય છે તે રક્ષણ કરવાને યોગ્ય છે. જેમ જ્ઞાનાદિક ગુણ. આ અન્વય દૃષ્ટાન્ત છે. એ જ રીતે અંતઃપુર આદિ મારૂં છે એ ઉપનય છે, આ કારણે રક્ષણીય છે, એ નિગમન

છે. રક્ષણીયત્વના વિના એનામાં સત્વરુપ હેતુ અનુપપન્ન છે, આ કારણ છે, આ પ્રકારે હેતુ અને કારણ પ્રદર્શિત કરીને ઈન્દ્રે નમિરાજર્ષિને અંતઃપુર અને ભવનની રક્ષા કરવા તરફ નિર્દેશ કર્યો જ્યારે એનામાં રક્ષણીયતા આવી જાય છે તો પછી તેનો પરિત્યાગ કરવો અનુચિત છે. આ પ્રકારે જ્યારે ઈન્દ્રે નમિ રાજર્ષિને કહ્યું ત્યારે નમિરાજર્ષિએ ઈન્દ્રને કહ્યું ॥ ૧૩ ॥

નમિ રાજર્ષિએ શું કહ્યું? તે કહે છે-" सुहं वसामो जीवामो " ઈત્યાદિ.

અન્વયાર્થ—मो-वयं હું सुहं वसामो-सुखं वसामः સુખપૂર્વક રહું છું, जीवामो-जीवामः આનંદથી જીવું છું, जेर्सि नत्थि किंचणं-येषां नास्ति किंचन જેને સંસારમાં કોઈ પણ પોતાનું નથી. કેમ કે—

" एकोऽहं न च मे कश्चित्, स्वः परोवाऽपि विद्यते ।
यदेको जायते जन्तुः, म्रियते चैक एव हि ॥ "

હું એકલો છું, મારૂં અહીં કોઇ નથી, આ મારૂં છે અને આ બીજાનું છે-એટલે કે મારૂં નથી. આ સઘળી મોહાધિન જીવની કલ્પના છે. જીવ (પ્રાણી) અહીં એકલો જન્મે છે અને એકલો જ મરે છે. આથી જ્યારે એ સ્થિતિ છે તો હે વિપ્ર! તમે બતાવો કે, અહીં મારૂં કોણ છે? હા, જે ચીજ મારી છે, તે તો મારી પાસે છે અને તે જ્ઞાન અને દર્શન છે. આના સિવાય સોયની અણી જેટલી પણ પૌદ્‌ગલિક વસ્તુ મારી નથી. જે પોતાનું હોય છે તેનું રક્ષણ અગ્નિ, જળ, વગેરેના ઉપદ્રવથી કરવામાં આવે છે. જે આપણું નથી તેને માટે કયો જીવ દુઃખી થાય છે? કેમકે,—

" एगोमे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।
सेसाणं बाहिरा भावा, सव्वे संजोग लक्खणा " ॥ १ ॥

સ્વત્વ તો મારૂં જ્ઞાનદર્શનમાં છે. આથી એ જ મારૂં છે. બાકી સંસારના સઘળા પદાર્થો સંસાર સંબંધથી વિશિષ્ટ છે. સંયુકતોને પોતાનું માનવું એ અજ્ઞાનતા છે. એટલે અંતઃપુર આદિ પક્ષમાં સ્વત્વરૂપ હેતુનો સદ્‌ભાવ ન રહેવાથી એ હેતુ ત્યાં અસિદ્ધ છે. કેમકે, જ્ઞાનાદિકથી વ્યતિરિકત પરવસ્તુમાં સ્વત્વ છે જ નહીં ॥ ૧૪ ॥

આ અર્થને દૃઢ કરતાં સૂત્રકાર ફરીથી કહે છે-"चत पुत्तकलत्तस्स" ઇત્યાદિ

અન્વયાર્થ—चत्तपुत्तकलत्तस्स - त्यक्तपुत्रकलत्रस्य જેણે પુત્ર અને સ્ત્રી

આદિનો પરિત્યાગ કરી દીધો છે તથા જે निव्वावारस्स-निर्व्यापारस्य કૃષિ, વાણિજ્ય સાવદ્ય વ્યાપારથી વિરકત બની ગયેલ છે એવા भिक्खुणो-भिक्षोः મુનિને किंचिपियं ण विज्जई-किंचित् प्रियं न विद्यते ન કોઇ લૌકિક વસ્તુ પ્રિય હોય છે કે अप्पियं पि ण विज्जई-अप्रियमपि न विद्यते ન કોઈ વસ્તુ અપ્રિય હોય છે. લૌકિક વસ્તુમાં તેઓ સમભાવ રાખે છે. ॥ ૧૫ ॥

"बहुं खु मुणिणो भद्दं" ઈત્યાદિ.

અન્વયાર્થ—सव्वओ-सर्वतः બહારના અને અંદરના પરિગ્રહથી જે સર્વથા विप्प मुक्कस्स-विप्रमुक्तस्य રહિત બની ગયા છે एगंतमणुपस्सओ-एकान्तमनुपश्यतः અને રાત દિવસ જેઓ એકત્વ ભાવના ભાવતા રહે છે. એવા अणगारस्स-अनगारस्य ઘરરહિત-નિયતવાસ રહિત भिक्खुणो-भिक्षोः ભિક્ષણશીલ मुणिणो -मुनिः મુનિને खु-खलु નિશ્ચયથી बहुभद्दं-बहुभद्रं ખૂબ જ સુખ રહે છે.

કેટલાક અજ્ઞાની પ્રાણીઓ એવું કહે છે કે, જીવ રક્ષણમાં જો ધર્મ થાય છે તો નમિરાજર્ષિએ બળી રહેલા અંતઃપુરની રક્ષા કેમ ન કરી? આથી તો તે લોકો એમ માને છે કે મરતા જીનની રક્ષા કરવાથી ધર્મ થતો નથી. પ્રત્યુત જીવ રક્ષણ રાગ-દ્વેષનો હેતુ હોવાથી તેનાથી પાપ કર્મનો બંધ થાય છે. આ પ્રમાણેનું જેઓનું કહેવું છે શ્રુત વિરૂદ્ધ અર્થની કલ્પનાવાળું હોવાથી બરોબર નથી. આનાથી શ્રુતની અશાતના થાય છે. અહીં દેવેન્દ્રે જો કદાચ એવું પૂછયું હોત કે, જીવોની રક્ષા કરવાથી ધર્મ થાય છે કે, અધર્મ થાય છે? અને તેના સમાધાન માટે જો એમ કહેવામાં આવ્યું હોત કે, એમાં અધર્મ થાય છે તો એવું કહેવાવાળાનો મત શ્રુત અનુકૂળ થઇ શકતો હતો, પરંતુ અહીં તો કુટુંબ કબીલા પ્રત્યેના મોહની પરીક્ષા માટે નમિ રાજર્ષિને પુછવામાં આવતાં, કુટુંબ, ભવન આદિમાં મમત્વના અભાવના પ્રદર્શનથી પોતામાં અપરિગ્રહિત્વનો મુળભૂત વૈરાગ્ય આ બન્ને પ્રગટ કરેલ છે. "इदमन्तःपुरं त्वया रक्षणीयं जीवत्वात्" તમારે આ અંતઃપુરની રક્ષા કરવી જોઈએ કેમકે, જીવ છે. આ અનુમાનને લઈને દેવન્દ્રે નમિ રાજર્ષિને એની રક્ષા માટે કહેલ નથી. અને નમિ રાજર્ષિએ પણ "जीवरक्षणमधर्मजनकं रागद्वेषमूलकत्वात्" જીવ રક્ષણ અધર્મ જનક છે, કેમકે, એ રાગદ્વેષ મૂલક છે. એવું તમારા એ અભિમત પ્રમાણે કહ્યું નથી. તેઓએ તો ફકત અંતઃપુર આદિ તમારૂં છે માટે તેની રક્ષા કરવી જોઇએ તેનો જ નિષેધ કરેલ છે. અર્થાત્ ત્યાં "સ્વત્વ" હેતુનો અભાવ પ્રદર્શિત કરેલ છે. ॥ ૧૬ ॥

" एयमट्ठं निसामित्ता " ઇત્યાદિ.

અન્વયાર્થ—एयम्-एतम् આ અનન્તરોક્ત વાતને निसामित्ता - निशम्य સાંભળીને हेउकारणचोइओ-हेतुकारणनोदितः હેતુ અને કારણ આ બન્નેમાં જ્યારે નમિ રાજર્ષિ દ્વારા અસિદ્ધતા પ્રગટ કરવામાં આવી ત્યારે देविंदो-देवेन्द्रः બ્રાહ્મણ રૂપધારી ઈન્દ્રે नमिं रायरिसिं-नमिं राजर्षिम् નમિ રાજર્ષિને इणम्-इदम् આ પ્રકારે अब्बीवी-अब्रवीत् ફરીથી કહ્યું.

ભાવાર્થ—" પરિગ્રહ મોક્ષ અભિલાષીના માટે ત્યાજ્ય છે " આ અભિપ્રાયે નમિ રાજર્ષિએ ઇન્દ્રને આ પ્રકારે કહ્યું કે–" " मोक्षाभिलाषीभिः परिग्रहस्त्याज्यः नरकाद्यनर्थहेतुत्वात् " મોક્ષ અભિલાષીઓએ પરિગ્રહનો ત્યાગ કરવો યોગ્ય છે. આ પ્રતિજ્ઞા છે. " नरका नर्थहेतुत्वात् " પરિગ્રહ એ નરક આદિ અનર્થનો હેતુ હોવાથી એ હેતુ છે. " यो यो नरकाद्यनर्थ हेतुः स स मोक्षाभिलाषीभिस्त्याज्यः यथा प्राणातिपातादिः " નરકાદિક અનર્થનો જે જે હેતુ હોય છે તે તે મોક્ષાભિલાષી માટે વર્જનીય હોય છે. જેમકે–પ્રાણાતિપાદિક આ દૃષ્ટાન્ત છે. " तथा चायम् " એ પ્રકારનું આ છે. એ ઉપનય છે, " तस्माद् मोक्षाभिलाषीभिस्त्याज्यः " આ કારણે મોક્ષાર્થીઓને આ વર્જનીય છે. આ નિગમન છે, પંચાવયરૂપ આ હેતુ છે. નરકાદિકના અનર્થ સ્વરૂપ હેતુતા પરિગ્રહમાં ત્યાજ્યતા પરિગ્રહનો ત્યાગ કર્યા વગર સાધી શકાતી નથી. એ અહિં કારણ છે. આ પ્રકારના હેતુ અને કારણ દ્વારા પરિગ્રહમાં વર્જનીયતા પ્રગટ કરીને નમિરાજર્ષિએ દેવેન્દ્રને જ્યારે કહ્યું ત્યારે ઇન્દ્ર ફરી આ પ્રકારે કહેવા લાગ્યા ॥૧૭॥

"पागारं कारइत्ताणं–ઈત્યાદિ,

અન્વયાર્થ—खत्तिया-क्षत्रिय હે ક્ષત્રિય! કષ્ટોથી રક્ષણ કરવાવાળા હે નમિરાજર્ષિ! તમે पागरं-प्राकारम् દુર્ગને गोपुरट्टालगाणि य-गोपुराट्टालकानि च ગોપુરો એટલે કે મુખ્ય દરવાજાને–સાંકળોથી મજબૂત બનાવી, મુખ્ય પ્રવેશ દ્વારોને, અટ્ટાલિકાઓને, દરેક પ્રકારનાં સાધનોથી સંપન્ન બનાવી પુરને ચારે તરફ પાકા કિલ્લાથી મજબૂત કરી તેના ઉપર सयग्घी य-शतघ्नीः च તોપો कारयित्ता-कारयित्वा ગોઠવાવી તેમજ બહારના ભાગમાં उस्सूलग-उसलकम् ખાઈઓ ખોદાવીને तओ गच्छसि-ततो गच्छ પછીથી જ મિથિલા નગરી છોડીને જવું હોય તો જાઓ.

ભાવાર્થ—ઈન્દ્રે નમિરાજર્ષિને એ પ્રકારથી કહ્યું કે આપ આ મિથિલા નગરીને સુરક્ષિત કરીને પછીથી જાઓ. દીક્ષા ધારણ કરો. આપ પહેલાં આ નગરને ચારે બાજુ મજબૂત એવો કોટ બનાવો, અને નગરમાં પ્રવેશ કરવા માટેના દરવાજા બનાવો જે ખુબ જ મજબૂત અને સાંકળોથી સજ્જ હોય, પછી એ કોટની ચારે તરફ ઉંડી એવી ખાઈઓ ખોદાવો અને કોટના ઉપર તોપો ગોઠવાવો આ રીતે મિથિલાને સુરક્ષિત કરીને પછી જ દીક્ષા લો ॥૧૮॥

"एयमट्ठं निसामित्ता"–ઈત્યાદિ.

અન્વયાર્થ—एयम्-एत આ વાતને निसामित्ता-निशम्य સાંભળીને हेउ-कारणचोइओ-हेतुकारणनोदितः હેતુ કારણ પ્રદર્શન પૂર્વક દીક્ષા લેવા માટે ઈન્દ્રથી નિષદ્ધ કરવામાં આવેલા नमी रायरिसी-नमिः राजर्षिः નમિરાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું—

ભાવાર્થ—ઈન્દ્રે રાજર્ષિને દીક્ષા લેવાનો નિષેધ આ હેતુ કારણો દ્વારા કર્યો કે "भवान् नगररक्षकः क्षत्रियत्त्वात् भरतादिवत्" આપ ક્ષત્રિય હોવાથી નગરના રક્ષક છો. ભરત આદિની માફક. ભરત આદિ એ અહિં ઉદાહરણ છે. "क्षत्रियत्वात्" આ હેતુ છે, અને ભવાન્ "नगररक्षकः" આ પ્રતિજ્ઞા છે "भवांश्च क्षत्रियः" આપ પણ ભરત આદિની માફક ક્ષત્રિય છો. આ ઉપનય "तस्मान्नगररक्षकः" એટલે જ આપ નગર રક્ષક છો, આ નિગમન વાકય છે. આ પ્રકારે નગરની રક્ષા કરવારૂપ કર્તવ્ય પ્રદર્શિત કરવામાં આ પાંચ અવયવ સંપન્ન હેતુ છે આ રીતે નગરની રક્ષા વીના ક્ષત્રિયત્વ આપનામાં અનુપપન્ન છે. આ કારણે નગરની રક્ષા કરવાથી જ આપમાં ક્ષત્રિયત્વ માનવામાં આવે. આ અહિં કારણ પ્રદર્શન છે. આપજો એમ ન કરો તો આપનું આ નિષ્ક્રમણ અનુચિત છે. આ પ્રકારથી ઈન્દ્રે જ્યારે કહ્યું ત્યારે નમિરાજર્ષિએ તેને આ પ્રકારે ઉત્તર આપ્યો ॥ ૧૯ ॥

નમિરાજર્ષિ ઈન્દ્રને તેના વાકયનો ત્રણ ગાથાઓથી ઉત્તર આપે છે,

"सद्धं च नगरं किच्चा"–ઈત્યાદિ.

અન્વયાર્થ—હે બ્રાહ્મણ! જે મુનિ सद्धं च-श्रद्धां च શ્રદ્ધાને–સમ્યક્ત્વને સર્વ ગુણોનો આશ્રય હોવાના કારણે नगरं-नगरम् નગર किच्चा-कृत्वा બનાવીને તથા એમાં પ્રવેશ સંવેગ આદિના મુખ્ય દ્વાર સ્વરૂપ બનાવીને तव संवर मग्गलं-तपः संवरं अर्गलां અને તેનાં અનશન આદિ અંદર અને બહારના બાહ્ય-અને આભ્યંતર એવાં બાર પ્રકારનાં તપને અને તત્પ્રધાન આસ્રવ નિરોધરૂપ સંવરને સાંકળો સાથેના કબાટરૂપ દરવાજા બનાવીને તથા खतिं निउणपागारम्-क्षान्ति निपुणप्राकारम् માર્દવ, આર્જવ, સંતોષ સહિત ક્ષાંતિને મજબૂત કિલ્લારૂપ બનાવીને શ્રદ્ધારૂપ નગરનો નાશ કરવાવાળી અનંતાનુબંધી કષાયનો અવરોધક હોવાથી દૃઢ મજબૂત કિલ્લારૂપ બનાવીને तिगुत्तं दुप्पधंसगं-

त्रिगुप्तं दुष्प्रधर्षकम् અને એ કિલ્લાને ત્રણ ગુપ્તિઓથી સુરક્ષિત કરીને અને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ આદિ શત્રુઓથી અજેય બનાવીને ॥ ૨૦ ॥

"धणुं परक्कमं किच्चा"-ઇત્યાદિ.

અન્વયાર્થ—परक्कमं धणुं किच्चा-पराक्रमं धनुः कृत्वा જીવના વિર્યોલ્લાસ રૂપ ઉત્સાહને ધનુષરૂપ બનાવીને इरियं च- इर्यां च ઈર્યાસમિતિને તથા અન્ય સમિતિયોને सया-सदा સદા जीवं-जीवाम् દોરી સ્વરૂપ किच्चा-कृत्वा બનાવીને धियं च केयणं किच्चा-धृतिं च केतनं कृत्वा પરિષહ અને ઉપસર્ગની ઉપસ્થિતિ થવા છતાં પણ રાગદ્વેષજન્ય ઉદ્વેગનો ત્યાગ કરી ચિત્તની નિશ્ચલતારૂપ ધૈર્યને અને ભિક્ષાચર્યાથીપ્રાપ્ત થયેલ અન્તપ્રાન્ત આહારનો સાધુને લાભ થવાથી અનુદ્વિગ્નતારૂપ ધૈર્યનેદકે, ધનુષ્યના મધ્ય ભાગમાં જે લાકડાની એક મૂઠ હોય છે જેને પકડીને ધનુષ્યચલાવનામાં આવે છે તે બનાવીને सच्चेणं परिमंथए-सत्येन परिबध्नीयात् એને સત્યરૂપ દોરાથી બાંધે ॥ ૨૧ ॥

" तवनारायजुत्तेणं "-ઇત્યાદિ.

અન્વયાર્થ—તે मुणि-मुनिः મુનિ तवनारयजुत्तेणं ષડવિધ આભ્યન્તર તપરૂપી બાણથી યુક્ત પરાક્રમરૂપ ધનુષ્યથી कम्मकंचुयं-कर्मकंचुकम् કર્મરૂપી કંચુકને भित्तूणं-भित्वा ભેદીને विगय संगामो-विगतसंग्रामः વિગત સંગ્રામવાળા-વિજયી થઇને भवाओ परिमुच्चई-भवात् पिरमुच्यते આ સંસારથી છુટીજાય છે. "कर्मकञ्चुकं" આ પદથી સૂત્રકારે એ બતાવ્યું છે કે, ઉદ્ધત્ત આત્મા જ પોતાનો વેરી છે. આગળ જઈને સૂત્રકારે એ સૂત્રમાં "अप्पामित्तम मितं च दुप्पट्ठियसुपट्ठियं" આ ગાથા દ્વારા એ વાતની પુષ્ટિ કરશે, જે આત્મા કર્મરૂપી કંચુકથી આવૃત્ત થાય છે, મિથ્યાત્વ આદિ પ્રકૃતિના ઉદયવર્તી થાય છે તેજ આત્મા પોતાના શ્રદ્ધારૂપી નગરનો અવરોધક બને છે, કેમકે એવો આત્મા દુર્નિવાર બની જાય છે.—વિષયાદિકોની તરફથી તેને હટાવવો મુશ્કેલ બને છે. આજે આત્માની દુર્નિવારતા તે એજ એની ઉદ્ધતા છે. "विगत संग्रामः" આ પદથી સૂત્રકાર એવું પ્રગટ કરે છે કે, ભેદન કરવાથી જેય જીતાય જવાથી તેની સાથેનો સંગ્રામ બંધ થઈ જાય છે. શારીરિક માનસિક દુઃખ જેમાં હોય છે એનું નામ ભવ છે.

આ ગાથા દ્વારા નમિરાજર્ષિએ ઈન્દ્રને એ સમજાવ્યું છે કે, મેં શ્રદ્ધા નગર બનાવ્યું છે અને એના રક્ષણ માટે માર્દવ આર્જવ અને સંતોષ સહિત

ક્ષાન્તીને પ્રાકારની સ્થાનાપન્ન રાખેલ છે. મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ આ ત્રણ ગુપ્તિઓને ઉસૂલક અટ્ટાલક અને તોપના રૂપથી સ્થાપેલ છે. આથી એ કોટની સદા સુરક્ષા થતી રહેશે. આ રીતે મારા નગરને સુરક્ષિત કરીને જ મેં દીક્ષા લીધી છે આથી તમોએ એવું કહેલ છે કે, "प्राकारं कारयित्वा" ઈત્યાદિ! તો એ સિદ્ધ સાધન નથી. અને આપનો જે પ્રકાર આદિ અભિમત છે. એના કરવાથી તો શારીરિક અને માનસિક જે સકળ દુઃખ છે એના અભાવ સ્વરૂપ જે મુક્તિ છે તે અલભ્ય છે. અને પૂર્વોક્ત પ્રાકાર આદિના કરવાથી તે સુલભ્ય છે. ॥ ૨૨ ॥

"एयमट्ठं निसामित्ता" ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं निसामित्ता - एतमर्थं निशम्य આ અનન્તરોક્ત કથનને સાંભળીને हेउकारणचोइओ-हेतुकारणनोदितः પોતાના તરફથી કહેવાયેલ હેતુ અને કારણમાં સિદ્ધ સાધનતાના પ્રતિપાદનથી પ્રાપ્ત કરેલ ઉત્તર આપેલ છે એવા रायरिसिं नमिं-राजर्षिम् नमिम् રાજર્ષિ નમિને देविंदो-देवेन्द्रः દેવેન્દ્રે ફરી આ પ્રકારે કહ્યું—

ભાવાર્થ—રાજર્ષિ નમિએ ઈન્દ્રને એ હેતુ કારણ પ્રગટ કર્યા—"श्रद्धा उपादेया" શ્રદ્ધા ઉપાદેય છે એ પ્રતિજ્ઞા છે."मुक्ति हेतुत्वात्" મુક્તિનો હેતુ હોવાથી આ હેતુ છે. જે જે મુક્તિનો હેતુ હોય છે તે તે ઉપાદેય હોય છે. જે રીતે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, આ અન્વય ઉદાહરણ છે. સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની માફક આ શ્રદ્ધા પણ મુક્તિ હેતુ છે. આ ઉપનયછે, આજ કારણે તે ઉપાદેય છે. એ નિગમ છે. એ અહીં પંચાવયવ વાકયરૂપ હેતુ છે. શ્રદ્ધામાં મુક્તિ હેતુત્વતા વિના ઉપાદેયતા આવતી નથી, આ કારણ છે. આ રીતે નમિ રાજર્ષિદ્વારા સૂચિત હેતુ અને કારણ આ બન્ને દ્વારા સમજાવાયેલ ઈન્દ્રે ફરીથી નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું. ॥૨૩॥

દેવેન્દ્રે ફરીથી શું કહ્યું તે કહે છે—"पासाए कारइत्ताणं" ઈત્યાદિ.

અન્વયાર્થ—खत्तिया-क्षत्रियः હે ક્ષત્રિય! पासाए - प्रासादान् મન અને નેત્રોને આનંદ આપે તેવા રાજભવનોને બનાવીને य-च અને वद्धमाणगिहाणि -वर्धमानगृहाणि અનેકાનેક પ્રકારથી વાસ્તુ વિદ્યામાં અભિહિત અને ઉત્તરોત્તર વંશજોને સુખ આપનાર ભવનોને ભરતચક્રવર્તીના આદર્શ ભવનના જેવા ભવનોને બનાવીને य-च તથા बालग्गपोइयाओ - बालाग्रपोतिकाः સૌધના ઉર્ધ્વ ભાગમાં ગૃહોને ચંદ્રશાળાને બનાવીને—અથવા બાલાગ્ર પોતિકા—જળની મધ્યમાં ઘરોને બનાવીને तओ-ततः ત્યારબાદ તમો गच्छसि-गच्छ દીક્ષાને ગ્રહણ કરો.॥૨૪॥

" एयमट्ठं निसामित्ता " ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं निसामित्ता-एतमर्थं निशम्य આ અનન્તરોક્ત કથનને સાંભળીને हेउकारणचोइओ-हेतुकारणनोदितः હેતુ અને કારણ આ બન્ને દ્વારા પ્રેરિત કરવામાં આવેલ नमी रायरिसी-नमि राजर्षिः નમિ રાજર્ષિએ तओ-ततः એ પછી देविंदं इणमब्बवी-देवेन्द्रं इदं अब्रवीत् દેવેન્દ્રને આ પ્રકારે કહ્યું—

ભાવાર્થ—દેવેન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું કે—" भवान् प्रासादान् कारयित्ता " આપ પ્રાસાદોને—મહેલોને કરવાવાળા છો—આ પ્રતિજ્ઞા છે. " सामर्थ्ये सति प्रेक्षावत्त्वात् " સામર્થ્યવાળા હોવાથી આપનામાં પ્રેક્ષાવત્તા—સૂક્ષ્મ બુદ્ધિમત્તા છે. આથી આ હેતુ છે. સામર્થ્યના હોવાથી જે પ્રેક્ષાવાન હોય છે તે પ્રાસાદોના કરાવવાળા હોય છે જેમકે ભરતાદિ આ ઉદાહરણ છે. સામર્થ્યના હોવાથી આપ પ્રેક્ષાવાન છો, આ ઉપનય છે, આ માટે આપ પ્રાસાદોના કરવાવાળા છો, આ નિગમનવાક્ય છે, તથા પ્રાસાદાદિકોના કરાવાયા વિના સામર્થ્ય હોવાની પ્રેક્ષવત્તા આપમાં ઘટીત થતી નથી, આ કારણ છે. આ રીતે પ્રાસાદોને ન કરાવીને આપનું ઘેરથી નીકળવું ઉચિત નથી. આ પ્રકારથી હેતુ અને કારણ બન્ને દ્વારા ઈન્દ્રે નમિરાજર્ષિને સમજાવ્યા ત્યારે નમિરાજર્ષિએ ઈન્દ્રને આ પ્રકારે કહ્યું. ૨૫

નમિ રાજર્ષિએ શું કહ્યું તે કહે છે—" संसयं खलु सो कुणइ " ઈત્યાદિ.

અન્વયાર્થ—जो संसयं-यः संशयम् જે મોક્ષના વિષયમાં સંશય कुणइ-कुरुते કરે છે सो सः તે मग्गे-मार्गे સંસારમાં घरं-गृहम् પોતાનું ઘર कुणइ-कुरुते બનાવે છે. કેમકે જે जत्थेव गंतुमिच्छेज्जा-यत्रैव गंतुं इच्छति જ્યાં જવાનો અભિલાષી હોય છે. તે तत्थ सासयम् कुविज्ज-तत्र स्वाश्रयं करोति ત્યાં પોતાનો આશ્રય—ઘર કરે છે.

ભાવાર્થ—જે મોક્ષના વિષયમાં સંદેહ રાખવાવાળા હોય છે તે સંસારમાં જ રહેવા ચાહે છે એટલે કે રચ્યા—પચ્યા રહે છે. આથી તે ત્યાં પોતાનું ઘર કરે છે એટલે કે સંસારમાં જ પરિભ્રમણ કરે છે, હું તો મોક્ષના વિષયમાં સંદેહવાળો નથી. કેમ કે મોક્ષના તરફ સમ્યગ્ દર્શનાદિક અવન્ધ્ય—અમોઘ હેતું છે, એ મારો નિશ્ચય છે, આ કારણે મોક્ષમાં જવાનો અભિલાષી છું. એ કારણે ત્યાં જ શાશ્વત ઘર બનાવવાનો અભિલાષી બની પ્રયત્નશીલ થઈ રહ્યો છું. આથી આપે જે કહ્યું છે તે મારાદ્વારા અભિલષિત હોવાથી એમાં સિદ્ધ સાધનતા જ છે.

અથવા--જે માર્ગમાં ઘર બનાવે છે તે સદા સંદેહશીલ જ રહ્યા કરે છે. એક ધાર્મિકમાં વિરૂદ્ધ કોટીદ્વયનું અવગાહન કરવાવાળા જ્ઞાનનું નામ સંશય છે. "અહીં મારૂં રહેવાનું થશે કે નહીં" આ પ્રકારનો સંશય એના મનમાં સદાને માટે રહે છે. આથી જે સ્થાનમાં જે જવા ચાહે છે તે ત્યાં જ-પોતાના અભીષ્ટ સ્થાનમાં જ-પોતાનું ઘર બનાવે છે. તાત્પર્ય આનું એ છે કે, અહીં અવસ્થાન સંશયાપન્ન છે. આ માટે હું અહીં ગૃહ આદિ બનાવવા ઇચ્છતો નથી. જે મુક્તિ સ્થાનમાં જવા ઇચ્છું છું. ત્યાં જ મારૂં ઘર બનાવવાની તૈયારીમાં લાગી ગયો છું, આથી એ જ સ્થાને મારા આશ્રયને કરવામાં પ્રવૃત્ત હોવાથી મારામાં પ્રેક્ષવત્તાની ખામી આપ કઈ રીતે કરી રહ્યા છો. અથવા—"यः प्रेक्षावान्" ઇત્યાદિ રૂપ જે અર્થ આપે પ્રતિબોધિત કરેલ છે. વાસ્તવમાં સિદ્ધ સાધન જ છે. ॥ ૨૬ ॥

"एयमट्ठं निसामित्ता" ઇત્યાદિ.

અન્વયાર્થ--एयमट्ठं निसामित्ता અનન્તરોકત એ નમિરાજર્ષિના વચન સાંભળીને જે हेतुकारणचोइओ-हेतुकारणनोदितः હેતુ અને કારણથી સમજાવવામાં આવેલ તે સાંભળ્યા પછી देविंदो-देवेन्द्रः દેવેન્દ્રે नमिं रायरिसिं-नमिं राजर्षिम् નમિ રાજર્ષિને આ પ્રમાણે કહ્યું--

ભાવાર્થ--નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારે પણ સમજાવ્યું કે, "मोक्ष स्थानं गन्तव्यम् शाश्वतसुखास्पदत्वात्" મોક્ષસ્થાન ગન્તવ્ય જાવાયોગ્ય સ્થાન છે કેમ કે, તે શાશ્વત સુખનું સ્થાન છે. જો એવું ન હોત તો તે સ્થાન ગન્તવ્ય પણ ન હોત. જેમ નરકનિગોદ અથવા કંટકાકીર્ણ સ્થાન, આ વ્યતિરેક ઉદાહરણ છે, પૂર્વોકત પ્રતિજ્ઞા અને હેતુવાકય છે. મોક્ષ એ શાશ્વત સુખનું સ્થાન છે એ ઉપનય, આથી તે ગન્તવ્ય છે, આ નિગમન વાકય છે, આ પંચાવયવરૂપ વાકય હેતુ છે. મોક્ષમાં શાશ્વતસુખાસ્પદત્વના વિના ગન્તવ્યતા આવતી નથી, એ અહી કારણ છે. આ પ્રકારે નમિ રાજર્ષિએ ઈન્દ્રને સમજાવ્યું ત્યારે ફરી ઈન્દ્ર આ પ્રમાણે કહેવા લાગ્યા ॥ ૨૭॥

आमोसे लोमहारे य" ઈત્યાદિ.

અન્વયાર્થ—खत्तिया-क्षत्रिय હે ક્ષત્રિય ! आमोसे-आमोषान् ધનીકોને મારીને એના દ્રવ્યનું અપહરણ કરે છે એવા लोमहारे य – लोमहारान् ચોરો ડાકુઓ કે જે गंठिभेए-ग्रन्थिभेदान् ગાંઠ કાતરવાવાળાને, य-च અને तक्करे –

तस्करा सर्वदा ચોરી કરવાવાળાને પોતાના નગરમાંથી બહાર કાઢી મુકીને અને नगरस्स खेमं काउणं-नगरस्य क्षेमं कृत्वा મિથિલા નગરીને સુખી બનાવીને तओ-ततः તે પછી જ આપ गच्छसि-गच्छ દીક્ષા ગ્રહણ કરો ॥ ૨૮ ॥

"एयमट्ठं निसामित्ता" ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं निसामित्ता एतमर्थं निशम्य અવા અનન્તરોકત અર્થને સાંભળીને हेउकारणचोइओ-हेतुकारणनोदितः હેતુ અને કારણથી પ્રેરિત બનેલા नमी रायरिसी-नमी राजर्षिः નમિ રાજર્ષિએ देविंदं-देवेन्द्रम् ઈન્દ્રને इणमब्बवी-इदम वीत् આ પ્રકારે કહ્યું.

ભાવાર્થ—રાજર્ષિ સમક્ષ પોતાનો અભિપ્રાય વ્યકત કરતાં કરતાં દેવેન્દ્રે આ પ્રકારના હેતુ અને કારણને ઉપસ્થિત કર્યાં કે "भवान् चौराद्यधार्मिक निग्रहकारकः" આપ ચોર આદિ અધાર્મીક વ્યક્તિઓનો નિગ્રહ કરનાર છો. "धार्मिकनृपतित्वात्" કેમકે આપ ધાર્મિક નૃપતિ છો. જે જે ધાર્મિક નૃપતિ હોય છે તે ચોર આદિ અધાર્મિક વ્યક્તિઓનો નિગ્રહ કરનાર હોય છે જેમ કે ભરતાદિ મહારાજા ! એ જ રીતે આપ ધાર્મિક નૃપતિ છો. એથી ચોર આદિક અધાર્મિક વ્યક્તિઓનો નિગ્રહ કરનાર છો. ધાર્મિક નૃપતિત્વ ચોર આદિ અધાર્મિક વ્યક્તિઓનો નિગ્રહ કર્યા સિવાય નથી બનતું. આ પ્રકારે ઇન્દ્રનું કથન પંચાવયવ વાકયરૂપ હોવાના હેતુરૂપ છે. તથા હેતુમાં અન્યથાનુપપત્તિનું સમર્થન કરવું. એ કારણ છે. આ રીતે ચોરાદિક અધાર્મિક વ્યક્તિઓના નિગ્રહ કર્યા વિના પોતાના ઘેરથી નીકળવું કે દીક્ષિત થવું ઉચિત નથી. એ પ્રકારનું ઇન્દ્રનું વચન સાંભળીને નમિ રાજર્ષિએ આ પ્રમાણે કહ્યું. ॥ ૨૯ ॥

"असइं तु मणुस्सेहिं" ઈત્યાદિ.

અન્વયાર્થ—मणुस्सेहिं-मनुष्यैः મનુષ્યોદ્વારા असइं-असकृत् વારંવાર मिच्छादंडो पउंजइ-मिथ्याद्दण्डः प्रयुज्यते અપરાધરહિત જીવોની ઉપર પણ અજ્ઞાનથી અથવા અહંકારથી દંડનું વિધાન કરી દેવાય છે. આથી अत्थ-अत्र આ લોકમાં જે अकारिणो-अकारिणः ચોરી આદિ અપરાધ નથી કરતા તે પણ बज्झंति-बध्यन्ते ફસાઈ જાય છે અને બેડીઓમાં જકડાય છે જ્યારે જે जणो-जनः માણુસ कारगो-करकः ચોરી આદિ કરવાવાળા હોય છે તે मुच्चइ-मुच्यते છૂટી જાય છે.

ભાવાર્થ—નમિ રાજર્ષિ ઇન્દ્રને એ પ્રમાણે સમજાવે છે કે, હે વિપ્ર !

તમોએ જે એમ કહ્યું કે, લુચ્ચા, લુટારા આદિ પ્રજાપિડક જનોને નગરથી હાંકી કાઢી અને નગરને સુરક્ષિત કર્યા પછી જ દિક્ષા લો. તો તમારૂં એવું કહેવું આથી એકાન્તતઃ ઉપાદેય માની શકાતું નથી કે, ચોર આદિ જન જાણી શકાતા નથી, આથી નગરનું ભલું કરવું પણ અશકય છે. કેમ કે, જે સાચા અપરાધી હોય છે તે દંડ ભોગવવાથી બચી જાય છે અને જે અપરાધી નથી હોતા તેને દંડ ભોગવવો પડે છે. આથી એવી હાલતમાં દંડ વિધાન કરવાવાળા રાજામાં ધાર્મિકતા કેવી રીતે માની શકાય ? આ કારણે આપનો હેતુ અસિદ્ધ છે. ॥૩૦॥

"एयमट्ठं निसामित्ता" ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं-एतमर्थं આવા અનન્તરોક્ત અર્થને निसामित्ता-निशम्य સાંભળીને નમિરાજર્ષિદ્વારા પોતાના हेउकारणचोइओ-हेतुकारणनोदितः હેતુ અને કારણમાં અસિદ્ધતા બતાવીને સમજાવવામાં આવ્યું ત્યારે देविंदो-देवेन्द्रः ઈન્દ્રે नमिं रायरिसिं-नमिराजर्षिम् નમિ રાજર્ષિને इणमब्बवी-इदमब्रवीत् એવું કહ્યું.

નમિ રાજર્ષિએ ઈન્દ્રને એવું કહ્યું કે, इन्द्रिय शत्रवो मोक्षाभिलाषिणा निग्रहीतव्याः सर्वस्वापहारकत्वात्" આ ઈન્દ્રિયરૂપી શત્રુઓ મોક્ષના અભિલાષીઓ માટે નિગ્રહ—વશ કરવા યોગ્ય છે. કેમકે, એ સર્વસ્વનો નાશ કરનાર છે—એ પ્રતિજ્ઞા અને હેતુ વાકય છે. જે જે સર્વસ્વનો નાશ કરનાર હોય છે તે નિગ્રહ કરવા યોગ્ય છે. જેમ કે તસ્કર, આ ઉદાહરણ છે. આ જ રીતે આ ઉપનય છે. આથી નિગ્રહ કરવા યોગ્ય છે. આ નિગમન છે. આ પ્રકારે આ પંચ અવયવ વાકયરૂપ હેતુ છે, સવસ્વાપહારક હેતુમાં અન્યથાનુપપત્તિ પ્રદર્શિત કરવું એ કારણ છે. આ પ્રકારે હેતુ અને કારણ પ્રદર્શનપૂર્વક નમિ રાજર્ષિ તરફથી કહેવામાં આવ્યું. ત્યારે ઈન્દ્રે તેમને આ પ્રમાણે કહ્યું ॥૩૧॥

ઈન્દ્રે જ્યારે નમિ રાજર્ષિના આ પ્રમાણે પરીક્ષા કરી લીધી અને જોયું કે રાજર્ષિને પોતાના સ્વજનો તરફ, અંતઃપુર તરફ, નગર તરફ, મહેલાતો તરફ, તથા નૃપતિના ધર્મ તરફ જરા પણ રાગ નથી. ત્યારે તેણે એ પરીક્ષા કરવાનું વિચાર્યું કે તેમનામાં દ્વેષ છે કે નહીં. આ અભિપ્રાયથી વિપ્ર વેશધારી ઈન્દ્ર નમિ રાજર્ષિને કહે છે કે—"जे केइ पत्थिवा" ઈત્યાદિ.

અન્વયાર્થ—नराहिवा-नराधिप હે રાજન્! जे केइ पत्थिवा तुज्झं ना नमंति-ये केचित् पार्थिवाः तुभ्यं न आनमन्ति જે કોઈ રાજા આપને નમસ્કાર નથી કરતા, આપની આજ્ઞા નથી માનતા, તે-तान् એને खत्तिया - क्षत्रिय હે

क्षात्रेय ! આપ वसे ठावइत्ता – वशे स्थापयित्वा વશમાં લઈને तओ– ततः પછી જ गच्छसि–गच्छ દીક્ષા ગ્રહણ કરો ॥ ૩૨ ॥

" एयमट्ठं निसामित्ता " ઈત્યાદિ.

અન્વયાર્થ––एयमट्ठं निसामित्ता––एतमर्थं निशम्य આવા અનન્તરોકત અર્થને સાંભળીને हेउकारणचोइओ–हेतुकारणनोदितः હેતુ અને કારણ એ બન્નેથી પ્રેરિત થઈ नमी रायरिसी–नमिःराजर्षिः નમિ રાજર્ષિએ तओ–ततः બાદમાં देविंदं–देवेन्द्रम् ઇન્દ્રને इणमब्बवी–इदमब्रवीत् આ પ્રકારે કહ્યું.

ઈન્દ્રે નમિ રાજર્ષિને આ પ્રકારે કહ્યું કે, भवान् अनमत्पार्थिवानां नमयिता सामर्थ्ये सति नराधिपत्वात् " આપ ઉદ્દંડ રાજાઓને નમન કરાવવાવાળા છો. અથવા આપ ઉદ્દંડ રાજાઓને નમન કરાવો–નમાવો કેમકે સામર્થ્ય હોવાથી, આપમાં નરાધિપતા છે, એ પ્રતિજ્ઞા અને હેતુ છે. જે જે સામર્થ્યવાન એવા નરાધિપ હોય છે તે તે ઉદ્દંડ રાજાઓને નમાવવાવાળા હોય છે, જેવા કે ભરત આદિ રાજા ! આ દૃષ્ટાન્ત છે. એ માફક આપ છો એ ઉપનય છે, આ કારણે આપ અનમત્પાર્થીવોને નમન કરાવનાર છો, આ નિગમન છે. અન્યથા સામર્થ્ય હોવાથી નરાધિપત્વની આપનામાં અનુપપત્તિ છે, એવું અહીં કારણ છે. આ માટે ઉદ્દંડ રાજાઓને જીત્યા વગર આપનું નિષ્ક્રમણ મારાથી કહેવાયેલા હેતુઓને કારણે, આ બન્નેથી અનુચિત છે. આ પ્રકારે ઈન્દ્રથી સમજાવવામાં આવેલ નમિ રાજર્ષિએ ઈન્દ્રને આ પ્રકારથી કહ્યું ॥ ૩૩ ॥

" जो सहस्सं सहस्साणं " ઇત્યાદિ.

અન્વયાર્થ––दुज्जए–दुर्जये જ્યાં જય પ્રાપ્તિ દુર્લભ છે એવા संगामे–संग्रामे યુદ્ધમાં जो सहस्साणं–सहस्सं––यः सहस्राणां सह જે સુભટ દશ લાખ સુભટોને जिंणे–जयेत् જીતી લે છે–વશમાં કરી લે છે, તથા જે एगं अप्पाणं जिणेज्ज–एकं आत्मानं जयेत् કેવળ એક આત્માને વિષય કષાયોમાં પ્રવૃત્ત પોતાની જાતને जिणे–जयेत् જીતી લે છે, વશમાં કરી લે છે. આ બન્નેમાંથી से एस परमो जओ–तस्य एषः परमः जयः એ આત્મવિજયીનો જે જય છે તે જય સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. આત્મવિજયીજ બલવાન માનવામાં આવે છે ॥૩૪॥

આત્માને સંબોધિત કરીને નમિ રાજર્ષિ કહે છે–" अप्पाणमेव जुज्झहि " ઇત્યાદિ

અન્વયાર્થ--હે આત્મન્ ! તું अप्पाणमेव–आत्मनैव તારી પોતાની સાથે જ जुज्झहि–युध्यस्व યુદ્ધ કર. તે वज्झओ जुज्झेण किं–बाह्यतः युद्धन ते किम् બાહ્ય પાર્થીવ આદિ બહિર્ભૂત પદાર્થને માટે યુદ્ધ કરવાથી તને શું લાભ છે ? કેમકે જે મુનિ अप्पाणमेवमप्पाणं जइत्ता–आत्मनैव आत्मानं जित्वा વિષયકષાયોમાં પ્રવૃત્ત આત્માને આત્માથી જીતી લે છે તે આ ક્રિયાથી सुहमेहए–सुखम् एधते શાશ્વત એવા મોક્ષ સુખને પ્રાપ્ત કરી લે છે ॥ ૩૫ ॥

આત્માને જીતવાથી સુખની પ્રાપ્તિ કેવી રીતે થાય છે. આ વાતને સૂત્રકાર સ્પષ્ટ કરે છે. " पंचिंदियाणि कोहं " ઇત્યાદિ.

અન્વયાર્થ — पंचिंदियाणि – पंचेन्द्रियाणि સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કાન આ પાંચ ઇન્દ્રિયો, कोहं माणं मायं तहेव लोहं च–क्रोधः मानः माया तथैव लोभश्च તથા ક્રોધ, માન, માયા અને લોભ એ સઘળા તથા दुज्जयं अप्पाणं चेव–दुर्जयः आत्मा च દુર્જય આ આત્મા મન તથા મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ એ सव्वम–सर्वम् એ સઘળા अप्पे जिए जियं–आत्मनि जिते जितम् કેવળ એક આત્માને જીતી લેવાથી આપોઆપ જીતાઈ જાય છે.

ભાવાર્થ—ઈન્દ્રિયો, મન, ક્રોધાદિક કષાય એ સઘળા કેવળ એક આત્માને વશ કરી લેવાથી સ્વયં આપોઆપ વશમાં આવી જાય છે તેને જીતવાને માટે જુદો પ્રયાસ કરવો પડતો નથી. " दुज्जयं चेव अप्पाणं " અહિં "च" શબ્દ હેતુ અર્થમાં છે. જેનું તાત્પર્ય એ છે કે, આ આત્મા દુર્જય છે. એ દુર્જયને જે મુનિ જીતી લે છે તે આ બધાને જીતી લે છે. આ ઈન્દ્રિયાદિક દુઃખનાં હેતુ છે. આ માટે તેને જીતવાથી જીવને સુખની પ્રાપ્તિ થાય છે. તેનો જય પણ આત્માનો જયાશ્રિત છે. આથી એ આત્માને જીતવો એ જ સર્વ શ્રેયસ્કર છે. એવું જાણીને જ હે વિપ્ર ! મેં આ બાહ્ય રાજા અદિ રિપુઓને છોડીને સર્વ પ્રથમ મારા આત્માને નિગૃહિત કરવામાં હું પ્રવૃત થયો છું. આત્મવિજયી માટે બહારના શત્રુઓને જીતવા એ તો સ્વયં સિદ્ધ છે. આથી બાહ્ય શત્રુઓને જીતવાની આપની વાત સિદ્ધ સાધનતાના દોષથી દુષિત છે. ॥ ૩૬ ॥

" एयमट्ठं निसामित्ता " ઇત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं–एतमर्थं આ અનન્તરોક્ત અર્થને સાંભળીને हेउकारण चोइओ–हेतुकारणनोदितः પોતાના હેતુ અને કારણ આ બન્નેમાં રાજર્ષિ દ્વારા કહેવામાં આવેલ સિદ્ધ સાધનતાને જાણીને देविंदो–देवेन्द्रः ઈન્દ્ર नमिं रायरिसिं–

નમિરાજર્ષિને ફરીથી इणमब्बवी-इदमब्रवीत् આ પ્રકારે કહ્યું.

ભાવાર્થ—નમિરાજર્ષિએ ઈન્દ્ર તરફથી કહેવાયેલ હેતુ અને કારણ એ બન્નેને આ પ્રમાણે દુષિત કર્યા કે, " आत्मरिपुः मोक्षाभिलाषिणा जेतव्यः शाश्वत सुखविघातकत्वात् कषायवत् " જે પ્રકારે કષાયો શાશ્વત સુખનો વિઘાતક હોવાથી મોક્ષાભિલાષિ આત્માએ કષાયોને જીતવા પડે છે. એ જ રીતે મોક્ષાભિલાષિ માટે આત્મરિપુ પણ જીતવા યોગ્ય હોય છે. તેમાં પ્રતિજ્ઞા હેતુ અને દષ્ટાંત ક્રમશઃ આવી ગયેલ છે. " આત્મા પણ એવી જાતનો શત્રુ છે" આ ઉપનય, " આથી જીતવા યોગ્ય છે" આ નિગમ છે. આ પંચાવયવ રૂપ વાકય હેતુ છે. " શાશ્વત સુખનો નાશ કરનારરૂપ હેતુ આત્મરિપુમાં જીતવારૂપ સાધ્ય વગર ટકી શકતો નથી." આ કારણ છે. આ પ્રકારથી નમિરાજર્ષિદ્વારા સૂચિત હેતુ અને કારણ આ બન્ને દ્વારા સમજાવવામાં આવેલ ઈન્દ્રને ફરી નમિરાજર્ષિને આ પ્રકારે કહ્યું. ॥ ૩૭ ॥

આ વાતચિતથી ઇન્દ્રે એ જાણી લીધું કે, આ રાજર્ષિમાં દ્વેષ પણ નથી. દ્વેષનો પણ એમણે ત્યાગ કરી દીધો છે ત્યારે તે "જીનોકત ધર્મપ્રતિ તેનામાં કેટલી સ્થિરતા છે" આ વાતને જાણવા માટે ઇન્દ્ર ફરીથી કહે છે.—

" जइत्ता विउले जन्ने " ઈત્યાદિ.

અન્વયાર્થ—खत्तिया-क्षत्रिय હે ક્ષત્રિય ! विउले जन्ने जयित्ता-विपुलान् यज्ञान् याजयित्वा બ્રાહ્મણો પાસે મોટા યજ્ઞો કરાવીને તથા समणमाहणे-श्रमण ब्राह्मणान् શાકય આદિ શ્રમણોને અને બ્રાહ્મણોને भोइत्ता-भोजयित्वा ભોજન કરાવીને તથા दच्चा-दत्वा તે બ્રહ્મણોને દક્ષિણા રૂપમાં ગાય, ભૂમિ, સુવર્ણ આદિનું દાન આપીને भुच्चा-भुक्त्वा તથા સ્વયં મનોજ્ઞ શબ્દાદિક વિષયોને ભોગવીને અને जिट्ठा य-इष्ट्वा च સ્વયં વિસ્તૃત યજ્ઞ કરી तओ-ततः પછીથી આપ गच्छसि-गच्छ દીક્ષા ધારણ કરો. ॥ ૩૮ ॥

" एय मट्ठं निसामित्ता " ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं निसामित्ता-एतमर्थं निशम्य આ અનન્તરોકત અર્થને સાંભળીને हेउकारण – चोइओ – हेतुकारणनोदितः હેતુ અને કારણ આ બન્નેથી પ્રેરિત બનેલા नमि रायरिसी-नमिः राजर्षिः નમિરાજર્ષિએ तओ-ततः ત્યાર પછી देविंदं-देवेन्द्रम्ः દેવેન્દ્રને इणमब्बवी-इदमब्रवीत् આ પ્રમાણે કહ્યું—

ભાવાર્થ—દેવેન્દ્રે નમિરાજર્ષિને આ પ્રમાણે કહ્યું કે–" यज्ञानि धर्मजनकानि प्राणिप्रीतिकरत्वात् " યજ્ઞ ધર્મજનક છે કેમકે, તે પ્રાણિયોમાં પ્રીતિ કરનાર છે. જે જે પ્રાણિપ્રીતિકર બને છે તે તે ધર્મજનક હોય છે. જેમ પ્રાણાતિપાત વિરમણ આદિક અહિં સુધી પ્રતીજ્ઞા હેતુ અને ઉદાહરણ કહેવાયેલ છે. ઉપનય અને નિગમન આ પ્રકારે છે.–એ રીતે યજ્ઞ પ્રાણિપ્રીતિ કર છે એથી એ ધર્મ જનક છે. યજ્ઞોમાં પ્રાણિ પ્રીતિ કરતા ધર્મ જનકત્વ વગર બની શકતી નથી, આ કારણ છે. આ પ્રકારે ઈન્દ્રે નમિરાજર્ષિને સમજાવ્યું કે, જ્યાં સુધી આપ યજ્ઞ ન કરો, ન કરાવો, ગાય આદિનું દાન ન આપો, ન દેવરાવો, તેમજ પોતે ખાઈને તેમજ શ્રમણ, બ્રાહ્મણોને ખવરાવો નહીં ત્યાં સુધી આપનું દીક્ષિત થવું ઉચિત્ત નથી. નમિરાજર્ષિએ ઈન્દ્રનું આ પ્રકારનું કહેવું સાંભળીને ઈન્દ્રને આ પ્રકારે કહ્યું. ॥ ૩૯ ॥

" जो सहस्सं सहस्साणं " ઈત્યાદિ.

અન્વયાર્થ—जो–યઃ જો કોઈ गवं सहस्साणं सहस्सं मासे मासे दए–गवां सहस्राणां सहस्रं मासे मासे दद्यात् દર મહીને દસ લાખ ગાયોનું દાન કરે છે. એની અપેક્ષા किंचणं अदिंतस्स वि–किंचन अददतोपि જે કોઈ પણ આપતો નથી પરંતુ સંયમ પાળે છે તો तस्स संजमो सेओ–तस्य संयमः श्रेयः તેનું સંયમનું પાલન જ સર્વશ્રેષ્ઠ છે. આથી એ વાત નકકી બને છે કે, સંયમ સર્વથા શ્રષ્ઠ છે. કદાચ કોઈ અહીં પોતાનો આવા પ્રકારનો મત પ્રદર્શિત કરે કે, " ગાય, અન્ન, વસ્ત્ર વગેરેનું દાન કરવું એ પાપ જનક છે, આથી એનું દાન ન કરવું જોઈએ " તો એવું કહેનાર અજ્ઞાની છે. કેમકે, ગાય, અન્ન, વસ્ત્ર આદિનું દાન જો શાસ્ત્ર સંમત ન હોત તો " जो सहस्सं सहस्साणं " ઈત્યાદિ શાસ્ત્રવાકય અસંગત બની જાય. કેમકે, એ શાસ્ત્ર વાકયનો અભિપ્રાય આ છે કે, દસલાખ ગાયોનું દાન કે જે સૂત્રમાં કહેવામાં આવ્યું છે તે અવશ્ય પુણ્યજનક તો છે જ પરંતુ તે દાન સંયમની સમાન કોટીનું નથી.

"जो सहस्सं सहस्साणं" ઈત્યાદિ.

અન્વયાર્થ—जो-यः જો કોઈ गवं सहस्साणं सहस्सं मासे मासे दए-गवां सहस्राणां सहस्रं मासे मासे दद्यात् દર મહીને દસ લાખ ગાયોનું દાન કરે છે. એની અપેક્ષા किंचणं अदिंतस्स वि-किंचन अददतोपि જે કોઈ પણ આપતો નથી પરંતુ સંયમ પાળે છે તો तस्स संजमो सेओ-तस्य संयमः श्रेयः તેનું સંયમનું પાલન જ સર્વશ્રેષ્ઠ છે. આથી એ વાત નકકી બને છે કે, સંયમ સર્વથા શ્રેષ્ઠ છે. કદાચ કોઈ અહીં પોતાનો આવા પ્રકારનો મત પ્રદર્શિત કરે કે, "ગાય, અન્ન, વસ્ત્ર વગેરેનું દાન કરવું એ પાપ જનક છે, આથી એનું દાન ન કરવું જોઈએ" તો એવું કહેનાર અજ્ઞાની છે. કેમકે, ગાય, અન્ન, વસ્ત્ર આદિનું દાન જો શાસ્ત્ર સંમત ન હોત તો "जो सहस्सं सहस्साणं" ઈત્યાદિ શાસ્ત્રવાકય અસંગત બની જાય. કેમકે, એ શાસ્ત્ર વાકયનો અભિપ્રાય આ છે કે, દસલાખ ગાયોનું દાન કે જે સૂત્રમાં કહેવામાં આવ્યું છે તે અવશ્ય પુણ્યજનક તો છે જ પરંતુ તે દાન સંયમની સમાન કોટીનું નથી. અર્થાત્-ગૌદાનથી સંયમ વિશેષ શ્રેષ્ઠ છે. કેમકે, દાનમાં તો પરિમિત પ્રાણીઓની જ રક્ષા થાય છે ત્યારે સંયમમાં સર્વ સાવદ્યોની વિરતિ હોવાથી ષટ્કાય અર્થાત સમસ્ત પ્રાણીઓની રક્ષા થાય છે. જો ગૌદાન આદિમાં પુણ્યજનકતા ન હોત તો "સંયમ એની અપેક્ષા એ શ્રેષ્ઠ છે" આ કહેવું જ અસંગત બની જાય છે. એની શ્રેષ્ટતા બતાવવા માટે જ "जो सहस्सं सहस्साणं" એવું કહ્યું છે. અહિં સૂત્રમાં યજ્ઞ શબ્દ ગ્રહણ નહી કરવાથી સૂત્રકારે યજ્ઞોની સાવદ્યતા પ્રગટ કરી છે. ઇન્દ્રે એ જે કહ્યું કે, યજ્ઞ કરીને દીક્ષા લો એનો ઉત્તર આ પ્રકારે છે.—યજ્ઞ સાવદ્ય હોવાથી અનાચરણીય છે. કહ્યું પણ છે—

'षट् शतानि नियुज्यन्ते पशूनां मध्यमेऽहनि ।
अश्वमेधस्य वचनान्यूनानि पशुभिस्त्रिभिः ॥ १ ॥"

આથી એ વાત સ્પષ્ટ બની જાય છે કે સાવદ્ય છે. આથી 'યજ્ઞ ધર્મજનક છે પ્રાણિપ્રીતિકર હોવાથી' આ કહેવું ઠીક નથી. કેમકે; એમાં પ્રાણિ પ્રીતિ–

કરતા આવતીજ નથી. આ માટે—

यत् सावद्यं न तत् प्राणिप्रीतिकरं
यथा हिंसादि सावाद्यानि च यज्ञानि "

જે જે સાવદ્ય કર્મ હોય છે તે તે પ્રાણિપ્રીતિકર હોતાં નથી. જેમ હિંસાદિક–એ યજ્ઞ સાવદ્ય છે આથી એ પણ પ્રાણિ પ્રીતકર બની શકે નહીં. ॥૪૦॥

" एयमट्ठं निसामित्ता " ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं–एतमर्थम् આ અનન્તરોક્ત અર્થને निसामित्ता–निशम्य સાંભળીને हेउकारणचोइओ–हेतुकारणनोदितः હેતુ અને કારણ આ બન્નેમાં અસિદ્ધ દોષ પ્રદર્શનથી પરિચિત કરવામાં આવેલા देविंदो–देवेन्द्रः દેવેન્દ્રે तओ–ततः પછી नमिं रायरिसिं–नमिं राजर्षिम् નમિ રાજર્ષિને इणमब्बवी–इदमब्रवीत् આ પ્રકારે કહ્યું.

અથવા—નમિરાજર્ષિએ ઈન્દ્રના પૂર્વોકત કથનને આ પ્રકારે પોતાના દ્વારા પ્રદર્શિત બે અનુમાનોથી અસિદ્ધ કર્યું. એ બન્ને અનુમાન આ પ્રકારે છે. ઈન્દ્રે પહેલાં જે એમ કહ્યું છે કે, આપ યજ્ઞો કરીને પછી દીક્ષા લો. સામે રાજર્ષિનું એ કહેવું છે કે, (૧) "यज्ञानि सावद्यानि" યજ્ઞ સાવદ્ય છે, એ પ્રતિજ્ઞા વાકય (૨) " प्राणिहिंसया संपद्यमानत्वात् " કેમકે, તે પ્રાણીઓની હિંસાથી સંપન્ન હોય છે, હેતુવાકય છે.

(૩) " यत् २ प्राणिहिंसया संपद्यमानं तत्तत् सावद्यम् ।
यथा-आधाकर्मौद्देशिकाद्याहारसेवनम् ॥ "

જે જે પ્રાણિઓની હિંસાથી સંપદ્યમાન હોય છે તે તે સાવદ્ય હોય છે. જેમકે–આધાકર્મૌદ્દેશિક આદિ આહારનું સેવન, એ દૃષ્ટાંત છે (૪) " तथा च यज्ञानि " એજ પ્રકારે એ યજ્ઞ છે, ઉપનય, (૫)આથી સાવદ્ય છે. નિગમન, આ અનુમાનથી યજ્ઞોમાં સાવદ્યની સિદ્ધિ થાય છે. આ પ્રથમ અનુમાન થયું.

બીજું અનુમાન આ પ્રકારનું છે—" यज्ञाः न प्राणिप्रीतिकराः " પ્રતિજ્ઞા " सावद्यत्वात " એ હેતુવચન છે. આ યજ્ઞ પ્રાણિઓને પ્રીતિકર હોતા નથી કેમકે, એ સાવદ્ય કર્મ છે. જે જે સાવદ્ય હોય છે. તે તે પ્રાણિઓને પ્રીતિકર હોતાં નથી. જેમ–હિંસાદિક કર્મ, ઉદાહરણ, એ યજ્ઞ આ પ્રકારનાં સાવદ્ય કર્મ છે. આ ઉપનય વચન છે, આ માટે પ્રાણિઓને પ્રીતિકર હોતાં નથી, આ નિગમન, વાકય છે. આ અનુમાનથી યજ્ઞોમાં પ્રાણિઓની પ્રીતિ કરતા સિદ્ધ થતી નથી. આ કારણે પક્ષમાં હેતુના અભાવના નિશ્ચયથી આપનો હેતુ અસિદ્ધ બની જાય છે. જો યજ્ઞ પ્રાણિઓને પ્રીતિકર હોય તો યજ્ઞમાં સાવદ્યત્વ અસંભવ છે, અર્થાત્–સાધ્યના સદ્‌ભાવમાં જ ત્યાં હેતુ બને છે સાધ્યની સાથે અહીં અન્યથાનુપપત્તિ નિશ્ચિત છે અહીં આજ કારણ છે. આ પ્રકારે નમિરાજર્ષિએ ઈન્દ્રના કથનને આ બે હેતુ અને કારણ દ્વારા અસિદ્ધ કહી બતાવ્યું ત્યારે ઈન્દ્રે ફરીથી નમિરાજર્ષિને આ પ્રકારે કહ્યું ॥૪૧॥

હવે ઇન્દ્ર નમિરાજર્ષિની જીન પ્રવ્રજ્યા પ્રત્યેની દૃઢતાની પરીક્ષા કરવા માટે કહે છે—"घोरासमं चइत्ताणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—मणुयाहिवा–मनुजाधिप હે રાજન્! घोरासमं चइत्ता–घोराश्रमं त्यक्त्वा અતિ દુષ્કર હોવાથી ઘોર એવા જે તાપસ આદિના આશ્રમનો પરિત્યાગ કરીને તમે अन्नं आसमं पत्थेसि–अन्यं आश्रमं प्रार्थयसि આ જૈન પ્રવ્રજ્યા લક્ષણ આશ્રમને કે જે અનાયાસ સાધ્ય છે, જેની સાધના કરવામાં કોઈ પણ પ્રકારનું કષ્ટ સહન કરવું પડતું નથી એવી પ્રવ્રજ્યાનો સ્વીકાર કરી રહ્યા છો, તો તેની અપેક્ષાએ પણ સુખસાધ્ય આ ગૃહસ્થાશ્રમ છે. આથી તેમાં રહીને અષ્ટમી ચતુર્દશી આદિ તિથીઓનું આરાધન કરતા રહો. 'ઘોરાશ્રમ'નું તાત્પર્ય એ છે કે, તાપસ આદિ આશ્રમમાં રહેવાવાળાને ગ્રીષ્મકાળમાં પંચાગ્નિ તપવું પડે છે, ઠંડીના કાળમાં નદિ આદિ જળમાં અવસ્થિત રહેવું પડે છે, અને કોઈ કોઇ વૃક્ષની ડાળી ઉપર રસી વગેરેથી પગોને બાંધીને ઉંધેમાથે લટકવું પડે છે. એક પગથી પણ કયારેક કયારેક ઉભા રહેવું પડે છે, કદી કદી લોખંડના કાંટાની શય્યા ઉપર પણ શયન કરવું પડે છે, કદી કદી આસન માંડીને બેસી રહેવું પડે છે, કોઈ કોઈ વખત ઉંચું મુખ રાખીને બેઠાં બેઠાં સુવું પડે છે. કયારેક કયારેક નિચું મોઢું રાખીને સુવું પડે છે, વગર માગ્યે જે કાંઈ મળી જાય તેમાં જ સંતોષ માનીને ઉદરપૂર્તિ કરી લેવી પડે છે, જો કદી કોઈ કાંઇ ન આપે તો ભૂખે પણ રહેવું પડે છે, આ રીતે એ તાપસ આદિના આશ્રમ પાળવા ખૂબજ કઠણ છે. સાધારણ વ્યકિત આને ધારણ કરી શકતો નથી. આ કારણે તમે એ ઘોરાશ્રમનો પરિત્યાગ કરી જે આ જૈન દીક્ષા લીધી છે, તેમાં એના પાલન કરવામાં આવી જાતના કોઈ કઠીન નિયમોનું પાલન કરવાનું તો હોતું નથી, તેમ એવી કઠીન તપસ્યાઓનું અનુષ્ઠાન પણ કરવું પડતું નથી. આ માર્ગ તો ઘણોજ સુગમ છે–જ્યારે ઇચ્છા થાય ત્યારે ખાઇ લો, જે ખાવા ઇચ્છો તે ખાઇ લો, આના સેવનમાં એવાં કોઈ કષ્ટ નથી. આથી હું આપને સલાહ આપું છું કે, આનાથી પણ અધિક સુગમ આ ગૃહસ્થાશ્રમ છે જેનો તમે પરિત્યાગ કરી રહ્યા છો इहेव पोसहरओ भवाहि–इहैव पौषधरतः भव એમાં રહીને જ ધર્મ સાધન કરો, વ્રત કરો, ઉપવાસ આદિ તપસ્યા કરો, પર્વ તિથિઓની પૌષધ વ્રતથી આરાધના કરો, સઘળા પર્વોમાં પૌષધ આદિ કરવો એ શ્રેષ્ઠ મનાયેલ છે. પરંતુ અષ્ટમી ચૌદશ અને પુનમે એ તો અવશ્ય પૌષધ વ્રત કરવું જોઇએ. કહ્યું પણ છે—

"सर्वेष्वपि तपोयोगः प्रशस्तः कालपर्वसु।
अष्टम्यां पंचदश्यां च नियतं पौषधं वसेत् ॥१॥४२॥"

"एय मं निसामित्ता" ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं निसामित्ता–एतमर्थं निशम्य આ અનન્તરોક્ત અર્થને સાંભળીને हेउकारणचोइओ–हेतुकारणनोदितः હેતુ અને કારણથી પ્રેરિત બનેલા नमि रायरिसी–नमिः राजर्षिः નમિરાજર્ષિએ तओ–ततः બાદમાં इणमब्बवी–इदमब्रवीत् આ પ્રકારે કહ્યું.

રાજર્ષિને ઈન્દ્રે આ પ્રકારે કહ્યું હતું કે, "अगारधर्मः आश्रयणीयः" એ પ્રતિજ્ઞા વાકય છે 'सुखतरसाध्यत्वे सति सकलकल्याणजनकत्वात् એ હેતુ વચન છે ગૃહસ્થાશ્રમ, આશ્રયણીય છે કેમકે, એ સુખતર સાધ્ય હોવા છતાં પણ સકલ કલ્યાણકારી છે. જે જે સુખતર – સુખ આપનાર હોવા ઉપરાંત સકલ કલ્યાણને આપનાર હોય છે તે તે આશ્રયણીય હોય છે. જેમ–પ્રાણાતિપાતવિરમણ ઉદાહરણ, એ જ રીતનું આ છે, એ ઉપનય વાકય છે આ માટે આશ્રયણીય છે, એ નિગમન વચન છે. તથા એનામાં સુખ આપનાર સાધ્યત્વ હોવાથી સકલ કલ્યાણ જનકતા આશ્રયણીયતા વગર બનતી નથી, આ કારણ છે. હેતુ અને સાધ્યની અન્યથાનુપપત્તિ જ કારણ છે. આ પ્રકારે અગાર ધર્મનો આશ્રય ન કરતાં આપનું ઘેરથી નીકળીને દીક્ષિત થવું મારા તરફથી કહેવામાં આવેલ હેતુ અને કારણ આ બન્નેથી અનુચિત છે. આ પ્રકારે ઈન્દ્રથી પ્રતિબોધિત નમિરાજર્ષિએ ઇન્દ્રને આ પ્રકારે કહ્યું ॥ ૪૩॥

"मासे मासे उ जो बालो" ઇત્યાદિ.

અન્વયાર્થ—जो बालो–यः बालः જે કોઈ બાલ–અજ્ઞાની જીવ मासे मासे એક એક માસમાં कुसग्गेणं तु भुंजए–कुशाग्रेण तु भुंक्ते કુશના અગ્રભાગમાં જેટલું અન્ન સમાઈ શકે, રહી શકે એટલું જ અન્ન ખાતા હોય–અથવા કુશના અગ્રભાગથી લઈને અન્નાદિક ખાતા હોય એનાથી વધુ નહીં આ પ્રકારના કષ્ટોનું અનુવિધાન કરવાવાળા પણ सो–सः તે सुयक्खाय धम्मस्स–स्वाख्यात धर्मस्य તીર્થંકર આદિ દ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલા આ સર્વસાવદ્યવિરતિરૂપ પ્રવ્રજ્યા ધર્મની सोलसिं कलं न अग्घइ–षोडशीं कालां न अर्हति સોળમી કળાને પણ પહોંચી શકતા નથી. સારાંશ–પંચાગ્નિ તપવાથી, અથવા જળાદિકમાં અવસ્થાન કરવાથી અથવા એક એક માસમાં કુશાગ્રસ્થિત અન્નાદિકનો આહાર કરવાથી જીવને ધર્મની પ્રાપ્તિ થતી નથી. કેમકે, એ સઘળા સાવદ્ય અને અવિધિ છે. એનામાં અને જીનોપદિષ્ટ પ્રવ્રજ્યામાં દિવસ અને રાત જેટલું અંતર છે. કેમકે, એ સઘળાં કૃત્ય સાવદ્ય છે અને જીનોપદિષ્ટ પ્રવ્રજ્યા નિરવદ્ય છે. આ કારણે આ પ્રવ્રજ્યા ઘોર પરિષહ અને ઉપસર્ગોને સહન કરવાથી સાધ્ય બનતી હોવાથી અને સર્વ સાવદ્ય વિરતિરૂપ હોવાથી ઘોર છે. પરંતુ એ તાપસાદિ

આશ્રમ ઘોર નથી. આથી આ ઘોર કઠીનતર સ્વાખ્યાત–જીનોક્ત ધર્મનેજ ધર્માથી પુરુષોએ ધારણ કરવો જોઈએ. આનાથી બીજા ધર્મને નહીં. ॥ ૪૪ ॥

" एयमट्ठं निसामित्ता " ઇત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं निसामित्ता–एतमर्थं निशम्य આ અનન્તરોક્ત ધર્મને સાંભળીને-અર્થાત્ નમિરાજર્ષિની વાણી સાંભળીને हेउकारणचोइओ–हेतुकारणनोदितः હેતુ અને કારણ બન્નેથી સમજાવવામાં આવેલ देविंदो–देवेन्द्रः દેવેન્દ્રે तओ–ततः ત્યાર પછી नमिं रायसिं–નમિરાજર્ષિને इणमब्बवी–इदमब्रवीत् આ પ્રકારે કહ્યું.

નમિ રાજર્ષિએ દેવેન્દ્રને આ પ્રકારના હેતુ અને કારણદ્વારા સમજાવેલ—"अनगारधर्मः मोक्षार्थीनाऽऽश्रयणीयः" એ પ્રતિજ્ઞા વચન છે, "तद्भवमोक्षसाधकत्वात्" એ હેતુવાકય છે, કે અનગાર ધર્મ મોક્ષાર્થી માટે આશ્રયણીય છે કેમકે, આ એજ ભવથી જીવને મોક્ષનું સાધક છે. જે આભવમાં મોક્ષનો સાધક નથી તે મોક્ષાર્થી દ્વારા આશ્રયણીય બનતો નથી. જેમ–પંચાગ્નિતપ આદિ, આ વ્યતિરેક ઉદાહરણ છે. "આ એવો નથી" એ ઉપનય વચન છે, 'આથી મોક્ષાર્થી દ્વારા આશ્રયણીય છે' એ નિગમનવાકય છે, આ પંચાવયવવાક્યરૂપ હેતુ છે, અનગાર ધર્મમાં મોક્ષાર્થી દ્વારા આશ્રયણીયત્વના વિના તદ્દભવ મોક્ષ સાધકતા બની શકતી નથી, એ કારણ છે. આ રીતે સૂચિત હેતુ અને કારણોથી નમિરાજર્ષિથી સમજાવવામાં આવેલ ઈન્દ્રે ફરીથી તેમને આ પ્રકારે કહ્યું. ॥ ૪૫ ॥

" हिरण्णं सुवण्णं मणिमोत्तं " ઈત્યાદિ.

અન્વયાર્થ—खत्तिया–क्षत्रिय હે ક્ષત્રિય हिरण्णं – हिरण्यम् ચાંદી, सुवण्णं–सुवर्णम् સોનું, હિરા. मणिमोत्तं–मणिमुक्तं માણેક, મોતી, कंसं–कांस्यम् કાંસાના વાસણ, दूसं–दूष्यम् વસ્ત્ર તથા આ બધા પદાર્થો સિવાય બીજા ઘણા પ્રકારના वाहणं–वाहनम् રથ, અશ્વ, એકજાતનું હાથી, આદિ તથા कोसं–कोशम् ખજાનો આ સઘળાને वड्ढइत्ता–वर्धयित्वा વધારીને तओ–ततः બાદમાં આપણં–खलु નિશ્ચયથી गच्छसि–गच्छ દિક્ષા લો. કેમકે, આ સઘળાની વૃદ્ધિ થવાથી આપની આ સંબંધી ગૃદ્ધિભાવની શાંતિ થઈ જશે. આથી પ્રવ્રજ્યાના પાલનમાં સારી રીતે આપનું મન લાગી રહેશે ॥ ૪૬ ॥

" एयमट्ठं निसामित्ता " ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं निसामित्ता-एनमर्थं निशम्य ઈન્દ્રના આ પ્રકારના અનન્તરોક્ત વચનને સાંભળીને हेउकारणचोइओ – हेतुकारणनोदित હેતુઃ અને કારણોથી પ્રેરિત બનેલા नमी रायरिसी-नमिः राजर्षिः નમિરાજર્ષિએ तओ-ततः બાદમાં देविंदं-देवेन्द्रं દેવેન્દ્રને इणमब्बवी-इदमब्रवीत् આ પ્રકારે કહ્યું.

ઈન્દ્રે નમિરાજર્ષિને આ પ્રકારે કહ્યું કે, "भवान् धर्मानुष्ठानयोग्यो न भवति" इति प्रतिज्ञा, "साकांक्षत्वात्" इति हेतुઆ હેતુથી આપ ધર્માનુષ્ઠાન કરવાને યોગ્ય નથી કેમ કે આપમાં આકાંક્ષા રહેલી છે. "यो यः साकांक्षः स स धर्मानुष्ठानयोग्यो न भवति" ઉદાહરણ છે, જે જે આકાંક્ષા સહિત હોય છે તે તે ધર્માનુષ્ઠાન કરવાને યોગ્ય હોતા નથી. "साकांक्षश्च भवान्" એ ઉપનય વચન છે, આ રીતે આપ આકાંક્ષા સહિત છો આ માટે ધર્માનુષ્ઠાન કરવા યોગ્ય નથી. એ નિગમન વચન છે. આપનામાં આકાંક્ષા છે એનું પ્રમાણ એ છે કે, આકાંક્ષણીય હિરણ્ય આદિ વસ્તુની આપની પાસે પરિપૂર્ણતા નથી. એ ઉપનય વચન છે, આનાથી આપનામાં સાકાંક્ષત્વ અનુમિત થાય છે. અને એ સાકાંક્ષત્વ આપનામાં ધર્માનુષ્ઠાન કરવાની અયોગ્યતા સિદ્ધ કરે છે. કેમકે ધર્માનુષ્ઠાન કરવાની અયોગ્યતા વગર સાંકાંક્ષત્વ બનતું નથી. આજ એમાં કારણ છે. આ પ્રકારે ધર્માનુષ્ઠાનની યોગ્યતાના અભાવનો નિશ્ચય થઈ જવાથી આપનું નિષ્ક્રમણ(દીક્ષા) મારા તરફથી કહેવામાં આવેલ આ હેતુ અને કારણ આ બન્નેથી અનુચિત સિદ્ધ થઇ જાય છે. આ પ્રકારના ઈન્દ્રનાં વચન સાંભળીને નમિરાજર્ષિએ તેમને આ પ્રકારે કહ્યું. ॥૪૭॥

" सुवण्ण रुप्पस्स उ " ઈત્યાદિ.

અન્વયાર્થ—सिया-स्यात् કદાચિત केलाससमा – कैलाससमा કૈલાસના જેવડા હોય એનાથી નાનો નહીં અને તે પણ પછી असंखया-असंख्यातः એ ચારની ગણત્રીમાં નહીં પરંતુ અસંખ્યાત पव्वया-पर्वताः પર્વત सुवण्ण रुप्पस्स उ-सुवर्णरूप्यस्य तु સોના ચાંદીની भवे-भवेयुः થઈ જાય—મળી જાય તો પણ लुध्धस्स नरस्स-लुब्धस्य नरस्य તૃષ્ણાયુક્ત મનુષ્યને तेहि-तैः તે સઘળા न किंचि-न किंचित् તેના આત્માને સંતોષ આપી શકતા નથી हु-यतः કેમકે, इच्छा आगाससमा अणंतिया-इच्छा आकाशसमा अन्तिका ઈચ્છાઓ આકાશની માફક અનંત પરિણામથી રહિત છે. એનો કદી પણ અંત આવતો નથી. કહ્યું પણ છે—

"न सहस्राद्भवे ष्टि र्न लक्षान्न च कोटितः ।
न राज्यान्नैव देवत्वा-न्नेन्द्रत्वादपि देहिनाम् ॥"

મનુષ્યની સો રૂપીયાની ચાહના જ્યારે પૂર્ણ થાય છે ત્યારે તેને હજારની ચાહના જાગે છે. અને હજારથી લાખની, લાખથી કરોડની અને પછી રાજા બનવાની, દેવ બનવાની અને પછી ઈન્દ્ર બનવાની ચાહના જાગતી રહે છે. અર્થાત્–ઈચ્છાઓની સમાપ્તિ કદી પણ થતી નથી. ॥૪૮॥

"पुढवी साली जवाचेव" ઈત્યાદિ.

અન્વયાર્થ—पुढवी-पृथ्वी ભૂમિ, साली–शालयः ધાન્ય, जवा–यवा જવ हिरण्णं–हिरण्यम् ચાંદી સોનું વગેરે पसुभिस्सह पडिपुण्णं–पशुभिः सह प्रतिपूर्णम् આ સઘળા ઉપરાંત પશુ–ગાય, બળદ, વગેરે ઘરમાં પુરતા પ્રમાણમાં ભર્યાં હોય તો પણ તેનાથી एगस्स–एकस्य એક પણ પ્રાણીની ઈચ્છા नालं–अलं न પૂર્ણ થતી નથી. ઘરમાં ગાય, ભેંસ સોનું ચાંદી આદિ ભરપુર હોય તો પણ તે કોઈ એક મનુષ્યની ઈચ્છાને પૂર્ણ કરવા શક્તિમાન થતાં નથી. इइ विज्जा तवं चरे–इति विदित्वा तपं चरेत् એવું જાણીને કલ્યાણાર્થીનું કર્તવ્ય છે કે, તે અનશન આદિ બાર પ્રકારનાં તપોની અને સંયમની આરાધના કરતા રહે. કેમ કે, તેનાથી જ નિસ્પૃહવૃત્તિ જાગે છે. અને તેનાથી ઈચ્છાઓની પૂર્તિ થાય છે. આથી એ બતાવવામાં આવ્યું કે, સંતોષ જ નિરાકાંક્ષામાં હેતુ છે. હિરણ્ય આદિ પદાર્થોને વધારવામાં હેતુ નથી. આ કારણે "हिरण्यादि वर्धयित्वा" અહિં પર જે અનુમાન કહ્યું છે ત્યાં સાકાંક્ષત્વ રૂપ હેતુ અસિદ્ધ છે. આકાંક્ષણીય વસ્તુઓની પરિપૂર્તિ ન પણ થાય પરંતુ જો આત્મામાં સંતોષ છે તો એનાથી આકાંક્ષણીય વસ્તુઓમાં જીવને આકાંક્ષા જ રહેતી નથી. આ માટે એવું કહેવું કે, "આકાંક્ષણીય વસ્તુઓની અપરિપૂર્તિથી આપમાં આકાંક્ષા છે" તે બરાબર નથી. કેમ કે સંતોષના આવવાથી વસ્તુઓની અપૂર્તિ હોવા છતાં એ તરફથી આકાંક્ષા રહેતી નથી. આ માટે જ્યારે મને સંતોષ પ્રાપ્ત થઈ ચુકયો છે તો એ વિષયની આકાંક્ષાના અભાવથી એને વધારવાની વાત કહેવી તે ઉચિત નથી. ॥ ૪૯ ॥

"एयमट्ठं निसामित्ता" ઈત્યાદિ !

અન્વયાર્થ–एयमट्ठं निसामित्ता–एतमर्थं निशम्य આ પ્રકારના કથનને સાંભળીને हेउकारणचोइओ–हेतुकारणनोदितः હેતુ અને કારણ આ બન્નેથી પ્રેરિત બનીને देविंदो–देवेन्द्रः ઇન્દ્રે तओ – ततः બાદમાં नमिं रायरिसिं–नमिं राजर्षिम् નમિ-રાજર્ષિને इणमब्बवी–इदमब्रवीत् આ પ્રકારે કહ્યું.

ભાવાર્થ—ઇન્દ્રને નમિરાજર્ષિએ પહેલાં સમજાવવા છતાં ફરીથી દેવેન્દ્રને એમ કહ્યું કે, ''तपः शाश्वतसुखजनकम्'' એ પ્રતિજ્ઞાવચન છે, '' कर्मनिर्जराहेतुत्वात्'' એ હેતુવચન છે, તપ શાશ્વત સુખને આપનાર છે. કેમ કે, એનાથી કર્મની નિર્જરા થાય છે. ''यो यो कर्मनिर्जरा हेतुः सः सः शाश्वतसुखजनकः यथा संयमः'' એ અન્વય દૃષ્ટાંતછે, જે જે કર્મની નિર્જરાનો હેતુ હોય છે તે તે શાશ્વતસુખને આપનાર હોય છે. જેમ-સંયમ. સંયમની માફક તપ પણ કર્મની નિર્જરાનો હેતુ છે. એ ઉપનયવચન છે, આ કારણે તે શાશ્વત સુખ આપનારછે. આ પાંચ અવયવ વાક્યરૂપ હેતુ છે. તપમાં શાશ્વત સુખ જનકતા વગર કર્મની નિર્જરા તરફ હેતુતા ઘટતી નથી આ કારણ છે. આ પ્રકારે નિમિરાજર્ષિ દ્વારા સુચિત હેતુ અને કારણથી સમજાવવામાં આવેલ ઈન્દ્રે ફરીથી તેમને આ પ્રકારે કહ્યું ।।૫૦।।

'' अच्छेरगमब्भुयए '' ઈત્યાદિ.

અન્વયાર્થ पत्थिव–पार्थिव હે પૃથ્વીપતિ ! अच्छेरगम्–आश्चर्यकम् આ એક આશ્ચર્યની વાત છે કે જે આપ अब्भुयए भोए चयसि–अद्भुतकान् भोगान् त्यजसि વિદ્યમાન વિલક્ષણ ભોગોનો – શબ્દાદિક વિષયોનો પરિત્યાગ કરી રહ્યા છો. અને असंते कामे पत्थेसि–असतः कामान् प्रार्थयसि અસત્ – અવિદ્યમાન – અપ્રાપ્ત – સ્વર્ગ સંબંધી વિષયોની ચાહના કરી રહ્યા છો. જો કે અલબ્ધ વિષયાદિકોની ચાહના સહુ કોઈ આ લોકમાં કરે છે. આથી એવી ચાહના આપમાં જોવામાં આવે તો એવી કોઈ આશ્ચર્યની વાત નથી. પરંતુ આશ્ચર્ય જે અહીં પ્રગટ કરવામાં આવેલ છે એનો અભિપ્રાય એ છે કે, વિદ્યમાન ભોગોનો ત્યાગ કરીને અવિદ્યમાન ભોગોની પ્રાપ્તિ કરવા માટે પ્રયાસ કરે. જો કે એવું કોઈ કરતું નથી પરંતુ આપ એવું કરી રહ્યા છો. આથી એવું સમજાય છે કે આપ संकप्पेण विहन्नसि–संकल्पेन विहन्यते એ અપ્રાપ્તને પ્રાપ્ત કરવાની અભિલાષારૂપ સંકલ્પ દ્વારા વિશેષ રૂપથી ઠગાઇ રહ્યા છો. આ પ્રકારના સંકલ્પોથી જે જે ઠગાય છે તે તે કદી પણ સુખપૂર્વક રહી શકતા નથી. કેમકે, અપ્રાપ્તોની પ્રાપ્તિ થવાથી ફરીઃઆ તેથી પણ અધિક કામોની પ્રાપ્તિ માટે ઉત્તરોત્તર અભિલાષાઓની ઉત્પતિથી એ પ્રકારના સંકલ્પોની પરંપરા બંધ થતી નથી. તેની ઉત્પત્તિ થતી જ રહે છે. તાત્પર્ય આનું એ છે કે, આપ સંકલ્પોની આધીનતામાં ફસાયા છો, આથી અસત્ કામોની ચાહના કરી રહ્યા છો. જો આપનામાં વિવેક હોત તો આ અપ્રાપ્તોની ચાહના આપને પ્રાપ્ત ભોગોથી છોડાવી શકત નહીં. ।। ૫૧ ।।

"एयमट्ठं निसामित्ता" ઈત્યાદિ.

અન્વયાર્થ—एयमट्ठं निसामित्ता-एतमर्थं निशम्य આ પ્રકારે ઈન્દ્ર તરફથી કહેવામાં આવેલી વાતને સાંભળીને हेउकारण चोइओ-हेतुकारणनोदितः હેતુ અને કારણથી પ્રેરિત બનેલા नमी रायरिसी-नमिः राजर्षिः નમિરાજઋષિએ બાદમાં આ પ્રકારે કહ્યું.

ભાવાર્થ—ઈન્દ્રે નમિરાજર્ષિને આ પ્રકારના હેતુ અને કારણથી સમજાવ્યા કે—"भवान् प्राप्तकामानां परित्याजको न भवति" એ પ્રતિજ્ઞાવચન છે "अप्राप्तकामाभिलाषवत्वात्" એ હેતુ, વચન છે यो योऽप्राप्तकामाभिलाषी स स प्राप्तान् कामान् न परित्यजति-यथा मम्मणश्रेष्ठी" એ ઉદાહરણ વચન છે "मम्मणवत् भवानपि अप्राप्त कामाभिलाषवान्" એ ઉપનય વચન છે, तस्मात् प्राप्तकामानां परित्याजको न भवति" એ નિગમન વચન છે, આપ પ્રાપ્ત કામોના પરિત્યાજક છોડવાવાળા નથી કેમકે, આપનામાં અપ્રાપ્ય ભોગોને પ્રાપ્ત કરવાની અભિલાષા મોજુદ છે. જે જે એવા હોય છે, તે તે પ્રાપ્ત કામોના પરિત્યાજક નથી હોતા. જેમકે મમ્મણશેઠ. એ મમ્મણશેઠની માફક આપ છો. એ ઉપનય વચન છે આ કારણે પ્રાપ્ત કામોના પરિત્યાજક નથી, આ પંચાવયવરૂપ વાકયહેતુ છે તથા પ્રવ્રજ્યા ગ્રહણથી અનુમિત આપનામાં અપ્રાપ્ય ભોગોની અભિલાષા પ્રાપ્ત કામોના અપરિત્યાજ્યકત્વ વગર બનતી નથી, આ કારણ છે. આ રીતે પ્રાપ્ત ભોગોનો પરિત્યાગ કરવો આપને ઉચિત નથી. ઇન્દ્ર તરફથી આ પ્રકારે પ્રયુકત કરવામાં આવેલ હેતુ અને કારણ આ બન્નેને સાંભળીને નમિરાજર્ષિએ તેમને આ પ્રકારે કહ્યું ॥ ૫૨ ॥

હવે કામોમાં સ્વરૂપ કહે છે "सल्लं कामा विसं कामा ઈત્યાદિ !

અન્વયાર્થ–कामा-कामाः એ શબ્દાદિક વિષય सल्लं-शल्यम् શલ્યના જેવા છે–શરીરની અંદર પ્રવેશેલા તૂટેલા બાણનો અગ્ર ભાગ જેમ પ્રતિક્ષણ પીડા આપનાર છે. એ પ્રમાણે कामा-कामाः કામાદિક વિષય विसं-विषम् ઝેર જેવા છે–જેમ ઝેર જીવનનો નાશ કરનાર છે એ રીતે એ કામ પણ ધર્મરૂપી જીવનનો વિનાશ કરનાર છે. कामा-कामाः એ કામ आसीविसोवमा-आशीविषोपमा સર્પના જેવાં છે–જે રીતે સર્પ કરડયો હોય ને પ્રાણી મરી જાય છે એજ રીતે કામ જેને કરડે છે તે જીવ પણ ધર્મજીવનથી મરી જાય છે એવા कामे-कामाश्च કામોનીपत्थयमाणा-प्रार्थयमानाः ચાહના કરવાવાળા જીવ अकामा-अकामाः શબ્દાદિક વિષયોની પ્રાપ્તિના અભાવમાં પણ दुग्गं जंति-दुर्गतिं यान्ति દુર્ગતિને પામે છે. આનો ભાવ આ પ્રકારનો છે–જે પ્રાણી વિષયોના

અભિલાષી છે પરંતુ તેને અભિલષિત ભોગોની પ્રાપ્તિ થતી નથી, તો પણ તે આ ભવમાં દુઃખ અને પરભવમાં નરકાદિ ગતિને પ્રાપ્ત થાય છે. જે કામોની અભિલાષા વાળા છે-પરંતુ તેને કામની પ્રાપ્તિ ન પણ થતી હોય તો પણ તે આ ભવમાં દુઃખ અને પરભવમાં નરકાદિ ગતિને પ્રાપ્ત કરે છે. જ્યારે આ વાત છે તો પછી એ કામોના ઉપાર્જનમાં, એના સંરક્ષણમાં અને તેનો ઉપભોગ કરવાથી આ જીવની શું હાલત થતી હશે તેને તો ફક્ત કેવળ જ્ઞાની જ જાણતા હોય છે. રાગદ્વેષ મૂલક હોવાથી તથા કષાયોને વધારનાર હોવાથી એ કામાભિલાષાદિક સાવદ્ય રૂપ છે એવું જાણવું જોઈએ. તથા અસત્ ભોગોની ચાહનાને પણ જે આપે એવું જ બતાવ્યું કે, "એનાથી પ્રાણી પ્રાપ્ત કામોનો ત્યાગ કરનાર માનવામાં આવતો નથી." તો એવી કામના પણ મારી અંદર નથી. કેમકે. હું મોક્ષાભિલાષી છું. મોક્ષાભિલાષીએ સર્વત્ર નિસ્પૃહ રહેવું જ એવું બતાવવામાં આવેલ છે. ॥ ૫૩ ॥

કામોની ચાહનાથી ક્રોધાદિ કષાય ઉત્પન્ન થાય છે આથી એનું ફળ સૂત્ર-કાર બતાવે છે—"अहोवयइ कोहेणं"-ઇત્યાદિ.

અન્વયાર્થ—જીવ कोहेणं-क्रोधेन ક્રોધથી अहे वयइ-अधो व्रजति નરક ગતિમાં જાય છે. माणेणं अहमागई-मानेन अधमा गतिः માનથી નીચ ગતિમાં જાય છે. माया गइपडिग्घाओ-मायया गतिप्रतिघातः માયાથી સુગતિની પ્રાપ્તિમાં રૂકાવટ થઈ જાય છે. लोहाओ-लोभात् લોભથી दुहओ भयं-उभयतः भयम् આ લોક અને પરલોક સંબંધી ભય રહે છે, વિષયોની ચાહનામાં આ જીવને ક્રોધાદિક અવશ્ય થાય છે અને એથી પછી તે ક્રોધાદિક દુર્ગતિનું કારણ બને છે, આ પ્રકારે વિષયોની ચાહનાથી દુર્ગતિની પ્રાપ્તિ સિવાય તેને સુગતિનો લાભ મળતો નથી, આ કારણે હું અસત કામોની ચાહના નથી કરતો. આથી તમે જે એવું કહ્યું છે કે "આપનામાં અપ્રાપ્ત ભોગોની અભિલાષા છે." તો એ હેતુ અસિદ્ધ છે. આ ગાથાથી એ વાત સૂચિત કરેલ છે. ॥ ૫૪ ॥

આ પ્રકારે અનેક ઉપાયોથી નમિરાજાને ક્ષુભિત કરવામાં ઈન્દ્ર અસમર્થ બન્યા ત્યારે તેમણે શું કર્યું તે આ ગાથા દ્વારા પ્રગટ કરવામાં આવેલ છે—

"अवउज्झिउण"-ઇત્યાદિ.

અન્વયાર્થ—અનન્તરોક્ત નમિરાજર્ષિના વચન સાંભળીને દેવેન્દ્રે પોતાનો माहणरूवं अवउज्झिउण-ब्राह्मणरूपं अपोह्य બ્રાહ્મણ વેશ છોડીને તથા इंदत्तं विउव्विउण-इन्द्रत्वं विकुर्वित्वा વૈક્રિયિક શક્તિથી પોતાનું વાસ્તવિક ઈન્દ્ર સ્વરૂપ પ્રગટ કરીને इमाहि महुराहि वग्गुहिं-इमाभिः मधुराभिः वाग्भिः આ

વક્ષ્યમાણ મનોહર વચનો દ્વારા સ્તુતિ કરીને તેમને वंदइ-वंदते વંદના કરી॥૫૫॥

ઇન્દ્રે નમિરાજર્ષિની કયા પ્રકારે સ્તુતિ કરી તે કહે છે-"अहो ते निज्जिओ"ઇત્યાદિ.

અન્વયાર્થ—अहो-अहो આશ્ચર્ય છે કે, તે कोहो निज्जिओ-त्वया क्रोधो निर्जितः તમે ક્રોધને જીતી લીધો છે. अहो-अहो આશ્ચર્ય છે, माणो पराजिओ-मानः पराजितः તમે માનને જીતી લીધું છે. अहो-अहो આશ્ચર્ય છે, माया निरक्किया-माया निराकृता તમે માયાને જીતી લીધી છે. अहो-अहो આશ્ચર્ય છે, તમે लोहो वसीकओ-लोभो वशीकृतः લોભને જીતી લીધો છે.

ભાવાર્થ—ઇન્દ્રે સહુથી પહેલાં નમિરાજર્ષિને આ પ્રકારે કહ્યું હતું કે, જે ઉદ્ધત રાજવર્ગ છે એને આપ પહેલાં જીતો અને પછીજ દીક્ષા અંગિકાર કરો. આથી રાજર્ષિના ચિત્તમાં જરા સરખો પણ ક્ષોભ ન થયો આથી એ જાણી શકાયું કે તેમણે ક્રોધને જીતી લીધેલ છે. જ્યારે ઇન્દ્રે એમ કહ્યું હતું કે, આપનું અંતઃપુર બળી રહ્યું છે. રાજભવન સળગી રહ્યું છે. ત્યારે રાજર્ષિના ચિત્તમાં જરા સરખોએ અહંકાર જાગ્યો નહીં. આથી એમનામાં માનનો વિજય સ્પષ્ટ રીતે દેખાયો. કેમકે, તેમણે એ વિચાર સરખો પણ ન કર્યો કે મારી પોતાની હાજરીમાંજ મારૂં અંતઃપુર તેમજ રાજભવન સળગી રહ્યાં છે, માટે લાવ તેની હું રક્ષા કરૂં. તેમજ જ્યારે ઇન્દ્રે રાજર્ષિને ચોર ડાકુઓને નિગ્રહ કરવા માટે કહ્યું, એ સમયે માયામાં રાજર્ષિએ પોતાનું મન જરા સરખુંએ ન લગાડયું. આથી તેમણે માયાને જીતી લીધેલી હોવાનું જણાયું. ઉપરાંત 'હિરણ્ય સુવર્ણ આદિમાં વધારો કરીને આપ દીક્ષા લો' એવું જ્યારે ઇન્દ્રે કહ્યું ત્યારે તેમણે કહ્યું કે, પ્રાણીઓની ઇચ્છાઓ આકાશની જેમ અપરિમિત છે. આથી લોભને તેમણે જીતેલો હોવાનું સ્પષ્ટ રીતે પ્રતીત થયું. આથી ઇન્દ્રને આશ્ચર્ય થયું કે, રાજવંશમાં ઉત્પન્ન થવા છતાં પણ તેમણે ચારે કષાયોને જીતી લીધેલ છે. ॥ ૫૬ ॥

" अहो ते अज्जवं साहु " ઇત્યાદિ.

અન્વયાર્થ—હે રાજર્ષિ ते-તે આપનો अहो-अहो આશ્ચર્યકારક अज्जवं-आर्जवम् આ આર્જવ ગુણ-માયા કષાયના અભાવથી ઉત્પન્ન થયેલ સરલ ભાવ-साहु-સાધુ ઘણોજ સુંદર છે. ते-તે આપનો अहो-अहो આશ્ચર્યકારક मद्दवं-मार्दवम् માર્દવ ગુણ-માનકષાયના અભાવથી ઉત્પન્ન મૃદુતા-साहु-સાધુ ખૂબ સુંદર છે. ते-તે આપની अहो-अहो આશ્ચર્યકારક खंति-क्षान्तिः ક્ષમા—ક્રોધ કષાયના અભાવથી ઉત્પન્ન ક્ષમાભાવ साहु-સાધુ ચિત્તને પ્રસન્ન કરવાવાળો છે ते-તે આપની अहो-अहो આશ્ચર્યકારી मुत्ति-मुक्तिः મુક્તિ લોભના ત્યાગથી ઉત્પન્ન નિર્લોભતા उत्तमा-उत्तमा ખૂબજ ઉત્કૃષ્ટ છે. ॥ ૫૭ ॥

આ પ્રકારથી નમિ રાજર્ષિનાં ગુણોનું વર્ણન કરીને ઇન્દ્રે ફરીથી આ પ્રકારે કહ્યું—" इहंसि उत्तमो भंते ' ઇત્યાદિ.

અન્વયાર્થ—भंते-भदन्त હે ભગવન્ ! હે પૂજ્ય ! इहं-इह આ જન્મમાં આપ उत्तमो असि-उत्तमः असि સમસ્ત પુરુષોથી ઉત્કૃષ્ટ છો. કેમકે, આપના ગુણ ઉત્તમ છે. पच्छा-पश्चात् આ વર્તમાન ભવની પછીના બીજા ભવમાં પણ આપ उत्तमो होहिसि-उत्तमः भविष्यसि ઉત્તમ ગુણોનેજ ધારણ કરનાર બનશો કેમકે એ ભવમાં આપ नीरओ-नीरजाः સકલ કર્મોથી રહિત બનીને लोगुत्तमुत्तमं ठाणं-लोकोत्तमोत्तमं स्थानं લોકમાં સર્વથી ઉત્તમોત્તમ જે સ્થાન सिद्धिं गच्छसि-सिद्धिं गमिष्यसि સિદ્ધિ નામનું મોક્ષ સ્થાન છે ત્યાં આપ પહોંચશો. ॥ ૫૮॥

હવે સૂત્રકાર ઉપસંહાર કરતાં ઇન્દ્રના કર્તવ્યને કહે છે. " एवं अभित्थुणंतो रायरिसिं " ઇત્યાદિ.

અન્વયાર્થ—एवं-एवम् ઉક્ત પ્રકારથી उत्तमाइ सद्धाए-उत्तमया श्रद्धया ઉત્તમ શ્રદ્ધા ભક્તિથી ઓતપ્રોત બનીને अभित्थुणंतो-अभिष्टुवन् ગુણ વર્ણન કરીને सक्को-शक्रः ઇન્દ્રે पायाहिणं करेंतो-प्रदक्षिणां कुर्वन् તેમની પ્રદક્ષિણા કરી અને એ પછીથી पुणो पुणो-पुनः पुनः વારંવાર તેમને वंदइ-वन्दते વંદના કરી. ॥ ૫૯ ॥

## ઇન્દ્રકૃત નમિરાજર્ષિ સ્તુતિ

" तो वंदिउण पाए " ઇત્યાદિ !

અન્વયાર્થ—तओ-ततः પછીથી मुणिवरस्स-मुनिवरस्य મુનિવર નમિરાજર્ષિનાં चक्कं-कुस-लक्खणे पाए-चक्रांकुशलक्षणौ पादौ ચક્ર અને અંકુશ પ્રધાન લક્ષણોથી યુક્ત બન્ને ચરણોમાં वंदिउण-वन्दित्वा વંદના કરીને ललियचवल कुंडलकिरीडो - ललितचपलकुण्डलकिरीटी લલિત અને ચપલ કુંડળવાળા તથા મસ્તક ઉપર મુગટ ધારણ કરવાવાળા તે ઇન્દ્ર ત્યાંથી आगासेणुप्पइओ-आकाशेन उत्पतितः આકાશમાર્ગે દેવલોકમાં ચાલ્યા ગયા. ॥૬૦॥

ઇન્દ્રના ચાલ્યા જવા પછી નમિરાજર્ષિએ શું કર્યું ? તે સૂત્રકાર બતાવે છે.— " नमी नमेइ अप्पाणं " ઇત્યાદિ.

અન્વયાર્થ—જે નમિ રાજર્ષિની सक्केण-शक्रेण ઇન્દ્રે सक्खं-साक्षात् પ્રત્યક્ષ-સાક્ષાત્ થઈને चोइओ-नोदितः સ્તુતિ કરી એવા नमी-नमिः એ નમિ રાજર્ષિ કે જે वइदेहि-विदेही વિદેહ દેશના અધીશ્વર હતા તેમણે अप्पाणं-आत्मानम् પોતેજ પોતાના આત્માને नमेइ-नमयति નમાવી દીધા અને સંયમમાં લગાડયો. તથા गेहं-गेहम् રાજધાનીનો चइउण-त्यक्त्वा પરિત્યાગ કરી सावण्णे पज्जुवट्टिओ-श्रावण्ये पर्युपस्थितः તેમણે ચારિત્રની આરાધના કરવામાં પોતાની જાતને સંલગ્ન કરી દીધી. ॥ ૬૧ ॥

હવે સૂત્રકાર નમિરાજર્ષિને દૃષ્ટાંતથી ઉપદેશ કહે છે—

" एवं करेंति संबुद्धा " ઇત્યાદિ.

અન્વયાર્થ—संबुद्धा-संबुद्धाः જે સારી રીતે સમ્યગ્‌જ્ઞાન રૂપી બોધને પ્રાપ્ત કરી ચુકેલ છે, હેય અનેઉપાદેયના વિવેકથી જે યુકત છે. અથવા-મિથ્યાત્વના દૂર થઈ જવાથી જીવ અને અજીવ આદિ તત્વજેમણે સારી રીતે જાણી લીધેલ છે તથા पंडिया-पण्डिताः વિષયોમાં પ્રવૃત્તિજન્ય દોષોના જે જ્ઞાતા બની ચુકેલ છે. અથવા પ્રવચનનો અર્થ જેમણે સારી રીતે નિશ્ચિત કરી લીધેલ છે અને જેઓ पवियक्खणा-प्रविचक्षणा ચારિત્ર પરિણામને પ્રાપ્ત બની ચુકયા છે તે एवं करेंति-एवं कुर्वन्ति આ નમિરાજર્ષિની સમાન પ્રવ્રજ્યા ધર્મમાં નિશ્ચલતા ધારણ કરે છે. અથવા જેમણે આ પ્રકારની નિશ્ચલતા ધારણ કરેલ અથવા ધારણ કરશે તે भोगेसु-भोगेषु વિષયોથી जहा से णमी रायरिसी-यथा स नमिः राजर्षिः જેમ આ નમિ રાજર્ષિ વિરકત થયા એ રીતે विणियट्टंति-विनिवर्तन्ते વિરકત થાય છે. " त्ति बेमि-इति ब्रवीमि " હે જમ્બૂ! આ પ્રકારે મેં જે તમને કહ્યું છે તે જેવું પ્રભુના મુખેથી સાંભળ્યું છે તે જ કહ્યું છે. ॥ ૬૨ ॥

એ પ્રકારે આ ઉત્તરાધ્યયનસૂત્રની પ્રિયદર્શિની ટીકાનો
'નમિ પ્રવ્રજ્યા' નામનો નવમા અધ્યનનો ગુજરાતી
ભાષાનુવાદ સંપૂર્ણ ॥ ૯ ॥

## દસમા અધ્યયનની શરૂઆત

નમિ પ્રવ્રજ્યા નામનું નવમું અધ્યયન પૂરૂં થયું. હવે દસમું અધ્યયન શરૂ થાય છે. તેનું નામ "द्रुमपत्रक" છે. નવમા અધ્યયન સાથે તેનો આ પ્રકારનો સંબંધ છે. નવમા અધ્યયનની અંદર પ્રવ્રજ્યામાં નિશ્ચલ (અડગ) રહેવા બાબત જે વાત કહી છે તે નિશ્ચલતા શિક્ષા દ્વારા જ આવે છે. અને દષ્ટાંતો વિના શિક્ષાની પ્રાપ્તિ થતી નથી—સુસ્પષ્ટ અને જાણવા લાયક દષ્ટાંતથી જ શિક્ષા પ્રાપ્ત થાય છે. તેથી તે શિક્ષાને સ્પષ્ટતા પૂર્વક સમજાવવાને માટે પ્રભુ મહાવીરસ્વામીએ ગૌતમસ્વામી સમક્ષ આ દસમું અધ્યયન કહેલ છે.

તેની પ્રસ્તાવના રૂપે સૌથી પહેલાં ગૌતમસ્વામીની કથા કહે છે—

ભરત ક્ષેત્રમાં ચંપાનગરીના પાછળના ભાગમાં પૃષ્ઠચંપા નામની એક નગરી હતી. તેમાં સાલ અને મહાસાલ નામના બે સહોદર ભાઈઓ રહેતા હતા. સાલ રાજા હતો અને મહાસાલ યુવરાજ હતો. તેમને યશોમતી નામની એક બહેન હતી. તેમના બનેવીનું નામ પિઠર અને ભાણેજનું નામ ગાગલિ હતું. એક દિવસ તે નગરીમાં ભવ્ય જીવો રૂપી કમલોને પ્રફુલ્લિત કરનારા શ્રી વર્ધમાન મહાવીરસ્વામી પધાર્યા. તે બન્ને ભાઈઓ ઘણા ભારે ઠાઠમાઠથી સર્વજ્ઞ મહાવીર પ્રભુને વંદણા કરવાને માટે આવ્યા. ભક્તિભાવ પૂર્વક વંદણા કરીને તે બન્ને ભાઈઓ યોગ્ય સ્થાને બેઠા. પ્રભુએ જે ધર્મદેશના દીધી. તેમાં આ પ્રમાણે સમજાવ્યું—

આ જીવને મનુષ્ય જન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, પાંચે ઇન્દ્રિઓની પૂર્ણતા અને નિરોગી શરીર, આદિ ધર્મનાં સાધનો દુર્લભ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ, અશુભયોગ, તે બધાં ધર્મના પ્રતિબંધક કારણો છે. મહારંભ આદિ નરકનાં કારણો છે, આ સંસાર જન્મ, મરણ આદિનાં દુઃખોથી

ભરપૂર છે. કષાયોને કારણે જીવને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. તેનો ત્યાગ થાય ત્યારે જ જીવનને મુક્તિ મળે છે.

ભગવાનનો આ પ્રકારનો ધર્મોપદેશ સાંભળીને રાજા સાલના અંતઃકરણમાં વૈરાગ્ય ભાવ જાગ્યો. તેણે પોતાના મહેલે પાછા ફર્યા પછી પોતાના ભાઈ યુવરાજ મહાસાલને કહ્યું, "ભાઈ! તું આ રાજ્યનો સ્વીકાર કર." સાલની વાત સાંભળીને મહાસાલે કહ્યું, "આપ જે વસ્તુને ખરાબ ગણીને ત્યજી રહ્યા છો તેમાં મને ફસાવવાનું શા માટે કહો છો ? મારે આ રાજ્યની બિલકુલ જરૂર નથી. હું પોતેજ આ સંસારથી ઉદ્વિગ્ન થયો છું અને આપની સાથે હું પણ દીક્ષા લેવા માગું છું." આ પ્રમાણે નિર્ણય કરીને, પોતાના ભાણેજ ગાગલિને રાજ્યનો અધિકારી બનાવીને બંને ભાઇઓએ ભગવાન મહાવીર સ્વામી પાસે જઈને દીક્ષા અંગીકાર કરી. તેમની સાથે વિહાર કરતાં કરતાં, વિશિષ્ટ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી યુક્ત બુદ્ધિ હોવાથી. તે બન્નેએ પૂરેપૂરા અગ્યાર અંગોનું અધ્યયન કરી લીધું.

એક વખત રાજગૃહ નગરથી ચંપાનગરી તરફ શ્રીભગવાન્ મહાવીર વર્ધમાન સ્વામી વિહાર કરતા હતા. ત્યારે તેમને નમસ્કાર કરીને સાલ અને મહાસાલે તેમને કહ્યું, "પ્રભુ ! આપ આજ્ઞા આપો તો સ્વજનોને ઉપદેશ આપવા માટે પૃષ્ટચંપા નગરીમાં જવાની અમારી ઈચ્છા છે." ભગવાને કહ્યું, "તમે બંને ગૌતમની સાથે ત્યાં જઈ શકો છો." તેમણે એ પ્રમાણે કર્યું. તેઓ બન્ને ગૌતમની સાથે પૃષ્ટચંપાનગરીમાં પહોંચ્યા. ત્યાં ચાર જ્ઞાન ધારી શ્રી ગૌતમસ્વામીએ ધર્મદેશના ધર્મોપદેશ આપવા માંડી. જ્યારે ગાગલિએ સાંભળ્યું કે પોતાના બન્ને મામા સાથે ગૌતમસ્વામી પોતાની નગરીમાં પધાર્યા છે ત્યારે તે પોતાના માતાપિતાની સાથે તેમને વંદના કરવા આવી પહોંચ્યા. ગાગલિરાજા સૌને વંદના કરીને યોગ્ય સ્થાને બેસીને ધર્મદેશના સાંભળવા લાગ્યો. ધર્મદેશના

સાંભળીને ગાગલિ રાજાને સંસારની અસારતાનું ભાન થયું. તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો, ઘેર જઇને પોતાના પુત્રને રાજ્ય ગાદી સોંપીને તેમણે માતાપિતા સહિત ગૌતમસ્વામીની પાસે દીક્ષા ગ્રહણ કરી. શ્રી ગૌતમસ્વામીએ સાલ, મહાસાલ, ગાગલિ આદિ સહિત શ્રી મહાવીર પ્રભુની પાસે જવા માટે ચંપાપુરી તરફ વિહાર કર્યો. માર્ગમાં સાલ મહાસાલના મનમાં એવો વિચાર આવ્યો કે આ ભવ્ય લોકોને ગૌતમસ્વામીએ સંસારસાગરથી તારી દીધાં તે ઘણું સારૂં કર્યું. ગાગલિ આદિ ત્રણેએ પણ એવો જ વિચાર કર્યો કે "અહો! સાલ મહાસાલે અમારા ઉપર ઘણો ભારે ઉપકાર કર્યો છે–અમે પહેલાં તેમની પાસેથી રાજ્ય મેળવ્યું હતું. અને હવે મહા આનંદ પ્રાપ્ત કરાવનાર વ્રત મેળવ્યું." આ પ્રકારની ભાવનાથી તે પાંચે જણા જ્ઞાનાવરણ આદિ ઘનઘાતિ કર્મોનો ક્ષય કરીને મુક્તિ ભાવનાની સીડી સમાન ક્ષપકશ્રેણીપર ચડી ગયા. મોહરૂપી મત્ત ગજરાજનો ધ્વસ્ત કરવાને માટે પંચાનન સમાન–સિંહ જેવાં તે પાંચેએ માર્ગમાંજ પાંચમું જ્ઞાન કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેઓ પાંચે મુનિ ગૌતમસ્વામીની સાથે ભગવાન મહાવીર પાસે આવી પહોંચ્યા. સાલ, મહાસાલ આદિ પાંચે જણા જેવાં કેવલીઓની પરિષદ્‌માં (સભામાં) જવાને તૈયાર થયા કે ગૌતમ સ્વામીએ તેમને કહ્યું, "આપ અનભિજ્ઞ (અજ્ઞાની) ની જેમ કેમ જાઓ છો. પહેલાં આવીને ત્રિલોકીનાથ ભગવાનની પર્યુપાસના કરો" ગૌતમની એ વાત સાંભળીને પ્રભુએ કહ્યું, "આ બધા કેવળી થઈ ગયા છે. તેમની આશાતના ન કરો" ભગવાનના તે શબ્દો સાંભળીને ગૌતમે વિચાર કર્યો—"આ લોકો મારા શિષ્યો છે. તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે. એજ પ્રમાણે મારા બીજા અનેક શિષ્યો પણ કેવળી થઈ ગયા છે, પણ મને હજી સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું નથી." ભગવાને ગૌતમસ્વામીની તે મહાન અધીરતાને પોતાના જ્ઞાનથી જાણીને તેમને કહ્યું, "હે ગૌતમ! ખેદ ન કરો ધૈર્ય ધારણ કરો. તમે પણ કેવળી થશો. હું અને તમે બન્ને જણા મોક્ષ પામીશું, અને મુક્તિ સ્થાનમાં સરખા જ રહીશું, માટે ધૈર્ય રાખીને તપ અને સંયમની આરાધના કરતાં કરતાં મારાં નીચેનાં વચનો ધ્યાનમાં રાખો અને પ્રમાદ છોડો." તે वक्ष्यमाण (જે આગળ કહેવાશે.) વચનો આ द्रुमपत्रक અધ્યયન કે જે પ્રભુએ શ્રી ગૌતમસ્વામીને અનુલક્ષીને કહેલ છે. તેના દ્વારા અન્ય ભવ્ય જીવોને પણ ઉપદેશ મળે છે. આ પ્રમાણે આ દશમું અધ્યયન જંબૂસ્વામીને સંભળાવતાં શ્રી સુધર્માસ્વામી આ પહેલી ગાથા કહે છે—"दुमपत्तए पंडुरए" ઈત્યાદિ

અન્વયાર્થ—આ ગાથામાં "ગૌતમ" પદ બાકીના શિષ્યોનું પણ ઉપલક્ષક હોવાથી તેના દ્વારા બીજા બધા નિર્ગ્રન્થ નિર્ગ્રન્થિયોનું સંબોધન પણ સમજવું. "रात्रिगण" શબ્દ દ્વારા દિવસ સમૂહ પણ ગ્રહણ કરાયો છે. 'જીવિત' એટલે આયુ કાળના સૌથી સૂક્ષ્મ, અવિભાજ્ય અંશને સમય કહે છે. ગાથાનો અર્થ આ પ્રમાણે છે–जहा–यथा–જેમ राइगणाण अच्चइ–रात्रिगणानाम् अत्यये ઘણા રાત્રિ દિવસો વ્યતીત થતાં पंडुरए–पाण्डुरकम् સમયાનુસાર પરિપકવ–શ્વેત અને પીળાં વર્ણવાળું दुमपत्तए–द्रमपत्रकम्–વૃક્ષનું પાન निवडइ–निपतति–વૃક્ષ પરથી તૂટીને નીચે ખરી પડે છે–एवं मणुयाणजीवियम्–एवं मनुजानाम् जीवितम्—એ જ પ્રમાણે મનુષ્યોનું આયુષ્ય પણ જીવ પ્રદેશોથી ગલિત થાય છે. તેથી गोयम–गौतम !—હે ગૌતમ! समयं मा पमायए–समयं मा प्रमादयेः—એક સમય પણ શ્રુતચારિત્રરૂપ ધર્મની આરાધના કરવામાં પ્રમાદ કરશો નહિ.

ભાવાર્થ—વીર પ્રભુ શિષ્યોને સમજાવતાં કહે કે હે ગૌતમ! જેમ રાત્રિ અને દિવસ વ્યતીત થતા જાય છે તેમ આયુષ્યનાં દળિયાં પણ ઘટતાં જાય છે. નિર્જિર્ણ થતાં જાય છે. જેમ પાકેલું પાન વૃક્ષ ઉપરથી નીચે ખરી પડે છે તેમ જીવનું આયુષ્ય પણ ક્રમે ક્રમે નિર્જીર્ણ થતું થતું આખરે તદ્દન નિર્જીર્ણ થઈ જાય છે. પણ આ છદ્મસ્થ જીવોને ખબર પડતી નથી કે તે કયારે નિર્જીર્ણ થશે. તેથી શ્રુતચારિત્ર રૂપ ધર્મની આરાધના કરવામાં નિદ્રા, વિકથા આદિરૂપ એક સમયનો પણ પ્રમાદ કરવો ઉચિત નથી. ધર્મની આરાધના કરવા માટે સદા સજાગ રહેવું જોઇએ. આ જીવન દ્રુમપત્રક સમાન ક્ષણભંગૂર છે, અને પ્રમાદ એ કેવળજ્ઞાન સ્વરૂપ નિર્વાણનો રોધક છે. આયુષ્યને વધારવા કે ઘટાડવાનું કોઇ જીવના હાથમાં નથી. તેથી આ જીવનને સફળ બનાવવાનો એક જ માત્ર શ્રેષ્ઠ ઉપાય એ છે કે તેણે એક સમય પણ ધર્મની આરાધના કર્યા વિના નિરર્થક વ્યતીત થવા દેવો જોઈએ નહીં ॥ ૧ ॥

" कुसग्गे जह ओसबिंदुए " ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा - यथा જેમ कुसग्गे-कुशाग्रे દર્ભના અગ્ર ભાગ પર लंबमाणए-लंबमानकः આલંબન લઈ રહેલું દર્ભની અણી પર પડેલું ओसबिंदुए-अवश्याय बिन्दुकः ઝાકળનું બિન્દુ थोयं चिट्ठइ-स्तोकं तिष्ठति ત્યાં થોડા સમય સુધી જ રહે છે एवं मणुयाणजीवियं-एवम् मनुजानां जीवितम्-એજ પ્રમાણે માણસોનું જીવન પણ સ્વલ્પ કાળનું હોય છે. તેથી गोयम-गौतम હે ગૌતમ! ધર્મની આરાધના કરવામાં समयं मा पमायए-समयं मा प्रमादयेः-એક સમયનો પણ પ્રમાદ કરવો નહીં ॥ ૨ ॥

" इइ इत्तरियम्मि आउए " ઈત્યાદિ.

અન્વયાર્થ—इइ-इति-આ પ્રમાણે इत्तरियम्मि-इत्वरे आयुषि - નિરુપક્રમ આયુષ્ય સ્વલ્પકાળ સુધી ટકનારૂં છે, તથા बहुपच्चवायए-बहुप्रत्यपायके जीवितके-સોપક્રમ આયુષ્ય અનેક વિઘ્નોથી-વિષ, અગ્નિ, જળ, શસ્ત્ર, અતિશય હર્ષ, અતિશય શોક, આદિ કારણોથી પ્રતિહત છે. આ રીતે તે બન્ને પ્રકારનું આયુષ્ય અલ્પકાલીન છે. તેથી તેની અનિત્યતા સમજીને તે આયુષ્યમાં पुरेकडं रयं विहुणाहि-पुराकृतम् रजः विधुनीहि-પૂર્વકાળે સંચિત જ્ઞાનાવરણીય આદિક કર્મરજને આત્મપ્રદેશો પરથી દૂર કરો. તેમાં गोयम-गौतम ! હે ગૌતમ ! समयं मा पमायए-समयं मा प्रमादयेः-એક સમયનો પણ પ્રમાદ ન કરો.

જો કે નિરુપક્રમ આયુ પૂર્વકોટિ પ્રમાણનું છે. તે દૃષ્ટિએ તેમાં સ્વલ્પકાળતા ઘટાવી શકાય તેમ નથી. તે શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે-આયુ દેવોના આયુની સરખામણીમાં તો સ્વલ્પ જ છે. અને તેમાં પણ જીવોને અતૃપ્તિ તથા જીવનની વાંછના રહ્યા કરે છે. તેથી તેમાં સ્વલ્પતા જ ઘટાવી શકાય.

ભાવાર્થ—જીવોના આયુષ્યના બે પ્રકાર છે-(૧) સોપક્રમ અને (૨) નિરુપક્રમ. વિષ આદિના પ્રયોગથી વચ્ચે જ નષ્ટ થનાર આયુને સોપક્રમ આયુ કહે છે, અને સમય પૂરો થયે સમાપ્ત થનાર આયુને નિરુપક્રમ આયુ કહે છે. તે બન્ને પ્રકારનું આયુષ્ય દ્રુમપત્રક અને કુશાગ્રબિન્દુની જેમ સ્વલ્પકાલીન છે. એ પ્રમાણે સમજીને જીવોએ ધર્માચરણમાં એક સમયનો પ્રમાદ ન કરવો જોઈએ.॥૩॥

"दुल्लहे खलु माणुसे" ઈત્યાદિ.

અન્વયાર્થ—सव्वपाणिणं-सर्वप्राणिनाम् - પુન્યરહિત સમસ્ત જીવોને चिरकालेण वि - चिरकालेनापि-ઘણા લાંબા સમયે પણ माणुसे भवे - मानुषो भवः-મનુષ્યભવ પ્રાપ્ત થવો दुल्लहे-दुर्लभः-દુર્લભ છે. જેમણે જીવનમાં પુન્યનું ઉપાર્જન કર્યું નથી એવા જીવોને ઘણો સમય વ્યતીત થવા છતાં પણ મનુષ્ય ભવ મળતો નથી. કારણ કે कम्मुणे-कर्मणाम्-મનુષ્યગતિ વિઘાતક કર્મોનો विपागा-विपाकाः-ઉદય ગાઢા - દૂર કરવો મુશ્કેલ હોય છે. તેથી गोयम-गौतम હે ગૌતમ ! समयं मा पमायए-समयं मा प्रमादयेः-ધર્મારાધન કરવામાં એક સમયનો પણ પ્રમાદ ન કરીશ. ॥ ૪ ॥

આગળ કહેવામાં આવ્યું છે કે "જીવોને મનુષ્યભવ મળવો દુર્લભ છે." તો એકેન્દ્રિય આદિ જીવોને તે કેવી રીતે દુર્લભ છે? તે વાતનો ખુલાસો કરવા માટે પહેલાં સૂત્રકાર તેમની સ્થિતિ બતાવે છે

"पुढवीकायमइगओ" ઈત્યાદિ.

અન્વયાર્થ—पुढवीकायमइगओ-पृथिवीकायं अतिगतः-પૃથ્વીકાયમાં વારંવાર જન્મ ધારણ કરીને તેમાં જ ઉત્પન્ન થયેલ जीवो-जीवः-જીવ उक्कोसं संखाइयं कालं संवसे-उत्कर्षतः संख्यातीतं कालं संवसेत्- ઉત્કૃષ્ટની અપેક્ષા એ અસંખ્યાત કાળ સુધી તે જ યોનિમાં એ જ રૂપે રહે છે. તે જીવોનો અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ તે યોનિમાં જ વ્યતીત થાય છે, તેથી गोयम-गौतम-હે ગૌતમ! समयं मा पमायए-समयं मा प्रमादयेः-મનુષ્યભવ પામીને ધર્મારાધન કરવામાં એક સમયનો પણ પ્રમાદ ન કરીશ ॥ ૫ ॥

" आउक्कायमइगओ " ઇત્યાદિ.

અન્વયાર્થ—आउक्कायमइगओ जीवो उक्कोसं संखाइयं कालं संवसे—अप्कायमतिगतः जीवः उत्कर्षतः संख्यातीतं कालं संवसेत्—

અપ્કાય (જળકાય)માં વારંવાર જન્મ મરણ પામીને તેમાં જ ઉત્પન્ન થયેલો જીવ ઉત્કૃષ્ટની અપેક્ષાએ અસંખ્યાત કાળ સુધી ત્યાં તે રૂપે જ રહે છે. તેથી समयं गोयम मा पमयए-समयं गौतम ! मा प्रमादयेः-મનુષ્ય જીવનને એક સમય પણ વ્યર્થ ન જવા દો. ॥ ૬ ॥

"तेउक्कायमइगओ" ઇત્યાદિ.

અન્વયાર્થ—तेउक्कायमइगओ जावो उक्कोसं संखाइयं कालं संवसे—तेजस्कायमतिगतः जीवः उत्कर्षतः संख्यातीतं कालं संवसेत्-તેજસ્કાયમાં વારંવાર જન્મ મરણ કરીને ત્યાં જ ઉત્પન્ન થયેલો જીવ ઉત્કૃષ્ટની અપેક્ષાએ અસંખ્યાત કાળ સુધી તે યોનીમાં તે રૂપે જ રહે છે. તેથી गोयम समयं मा पमायए-गौतम ! समयं मा प्रमादये-હે ગૌતમ! આ મનુષ્ય જીવનનો એક પણ સમય પ્રમાદમાં વ્યર્થ ન જવા દો. ॥ ૭ ॥

" वाउक्कायमइगओ " ઈત્યાદિ.

અન્વયાર્થ—એ જ પ્રમાણે વાયુકાયમાં પણ ઉત્પન્ન થયેલો જીવ ઉત્કૃષ્ટની અપેક્ષાએ અસંખ્યાત કાળ તેજ યોનિમાં વ્યતીત કરે છે. ॥ ૮ ॥

" वणस्सइकायमइगओ " ઈત્યાદિ.

તેની વ્યાખ્યા પણ આગળ દર્શાવ્યા પ્રમાણે સમજવી. પણ ત્યાં (એકેન્દ્રિય જીવોમાં) કાળ સંખ્યાતીત–અસંખ્યાત છે તો અહીં (વનસ્પતિ કાયમાં) ઉત્કૃષ્ટની અપેક્ષાએ કાળ અનંત છે. પ્રત્યેક વનસ્પતિ કાયિક જીવોની ભવસ્થિતિ જો કે અસંખ્યાત કાળની છે છતાં પણ તેને અનંત કહેલ છે તે સાધારણ વનસ્પતિ કાયિક જીવોની અપેક્ષાએ સમજવી. તેમાં અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળોનું પ્રમાણ થઇ જાય છે. "दुरन्त" પદનો અર્થ આ પ્રમાણે છે–"આ અનન્ત કાળનો અન્ત દુષ્કર છે " તે જીવ ઉત્કૃષ્ટની અપેક્ષા એટલા કાળ સુધી સાધારણ વનસ્પતિ કાયમાં રહે છે. તે જીવો પણ અત્યંત અલ્પ-બોધવાળા હોવાથી ત્યાંથી નીકળીને પણ સામાન્ય રીતે મનુષ્ય આદિ વિશિષ્ટ ભવને પામતા નથી. તેથી હે ગૌતમ! મહા મુશ્કેલીએ મળેલા આ મનુષ્યભવનો એક સમય પણ પ્રમાદમાં વ્યતીત ન કરીશ. ॥ ૯ ॥

" बेइंदियकायमइगओ " ઇત્યાદિ.

સ્પર્શન અને રસના એ બે ઇન્દ્રિયોથી યુક્ત કૃમિ આદિ જીવોના શરીરમાં રહેનાર તે જીવ ઉત્કૃષ્ટની અપેક્ષાએ સંખ્યાત હજાર વર્ષ પ્રમાણ કાળ સુધી ત્યાં રહે છે. તેથી હે ગૌતમ! મનુષ્ય ભવનો એક પણ સમય પ્રમાદમાં વ્યતીત ન કરશો. ॥ ૧૦ ॥

" तेइंदियकायमइगओ " ઈત્યાદિ.

સ્પર્શન, રસના અને ઘ્રાણેન્દ્રિયથી યુક્ત જીવોને તેઈન્દ્રિય જીવો કહે છે. જેમકે કીડી, જુ, મંકોડા વગેરે. દ્વીન્દ્રિય જીવોની જેમ તેમનો ઉત્કૃષ્ટ કાળ પણ સંખ્યાત હજાર વર્ષ પ્રમાણ છે. તેથી હે ગૌતમ! એક સમય પણ પ્રમાદમાં વ્યર્થ ન ગુમાવો. ॥૧૧॥

" चउरिंदियकायमइगओ " ઇત્યાદિ.

સ્પર્શન, રસના, ઘ્રાણ, અને ચક્ષુ, એ ચાર ઇન્દ્રિયો વાળા જીવને ચતુ-

રિન્દ્રિય જીવ કહે છે. જેમ કે માખી, મચ્છર, તીડ, પતંગીયાં વગેરે. તે ગતિમાં રહેવાનો કાળ પણ દ્વીન્દ્રિય જીવોની જેમ સંખ્યાત હજાર વર્ષ પ્રમાણ છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કરીશ. ॥ ૧૨ ॥

" पंचिंदियकायमइगओ " ઈત્યાદિ.

સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, અને કર્ણ તે પાંચે ઈન્દ્રિયો જે જીવોને હોય છે તેમને પંચેન્દ્રિય જીવો કહે છે. જેમકે હાથી, ઘોડો વગેરે તથા દેવ નારકી અને મનુષ્ય, અહીં પંચેન્દ્રિય શબ્દ દ્વારા પંચેન્દ્રિય તિર્યંચોની જ વાત કરીએ છીએ. કારણ કે દેવ અને નારકનું વર્ણન પછીની ગાથામા કહીશું અને મનુષ્યભવની દુર્લભતાનું તો આ પ્રકરણ જ છે. તે ગતિમાં (તિર્યંચ) ઉત્પન્ન થયેલ જીવ ઉત્કૃષ્ટની અપેક્ષાએ સાત-આઠ ભવ સુધી તે ગતિમાં (તિર્યંચ) જ રહે છે. એટલે કે સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ જીવોનો તિર્યંચ ગતિમાં રહેવાનો કાળ સાત ભવ પ્રમાણ છે, અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચોનો તે ગતિમાં રહેવાનો ઉત્કૃષ્ટ કાળ આઠ ભવ પ્રમાણ છે. તેથી હે ગૌતમ ! મનુષ્યભવનો એક સમય પણ પ્રમાદમાં વ્યતીત ન કરીશ. ॥ ૧૩ ॥

'देवे नेरइए ' ઈત્યાદિ.

દેવગતિ અને નરકગતિમાં ઉત્પન્ન થયેલ જીવ વધારેમાં વધારે એક એક ભવગ્રહણ કાળ સુધી ત્યાં રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કરીશ. ॥ ૧૪ ॥

" एवं भवसंसारे " ઈત્યાદિ.

અન્વયાર્થ-एवं-एवम् આ રીતે (भवसंसारे-भवसंसारे) તિર્યગ્ આદિ જન્મસ્વરૂપ સંસારમાં पमायबहुलो-प्रमादबहुलः અનેક પ્રકારના પ્રમાદોથી વ્યાપ્ત जीवो-जीवः જીવ सुहासुहेहिं कम्मेहि-शुभाशुभैः कर्मभिः શુભાશુભ જે પૃથ્વીકાય આદિકોમાં જન્મ ધારણ કરાવવામાં કારણભૂત જે કર્મો છે તેમના દ્વારા संसरइ-संसरति સંસરણ પર્યટન કરે છે. માટે गोयम-गौतम હે ગૌતમ ! समयं मा पमायए-समयं मा प्रमादयेः એક સમય પણ પ્રમાદમાં વ્યર્થ ન જવા દઈશ.

ભાવાર્થ—આ જીવ અતિશય પ્રમાદી બનીને શુભાશુભ કર્મોનો સંચય

કરતો રહે છે. અને પછી તેના ઉદય અનુસાર તે તે ગતિઓમાં જન્મમરણ પામ્યા કરે છે. તેથી તેને મનુષ્યભવની ફરીથી પ્રાપ્તિ થવી દુર્લભ બને છે. એ રીતે વિચાર કરતાં આ સઘળી અનર્થ પરંપરાનું મૂળ કારણ આ પ્રમાદ જ છે. એમ સમજીને હે ગૌતમ! આ મનુષ્યભવનો એક સમય પણ પ્રમાદમાં વ્યર્થ ગુમાવીશ નહિ ॥૧૫॥

આ રીતે અહીં સુધીમાં તો મનુષ્યભવની દુર્લભતા બતાવવામાં આવી છે. હવે મનુષ્યભવ પ્રાપ્ત થયા પછી પણ મનુષ્યને ઉત્તરોત્તર શું શું પ્રાપ્ત થવું દુર્લભ છે તે હવે બતાવવામાં આવે છે—

"लध्धूण वि माणुसत्तणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—माणुसत्तणं-मानुषत्वम् મનુષ્યભવ लध्धूण वि-लब्ध्वाऽपि કોઈ પણ રીતે પ્રાપ્ત કર્યા પછી પણ आरियत्तं पुणराहि दुल्लहम्-आर्यत्वं पुनरपि दुर्लभम् આ જીવને મગધ આદિ આર્યદેશોના આર્યકુળમાં જન્મ મળવો તે ઘણો દુર્લભ છે. જે દેશમાં ધર્મ અધર્મ અને જીવ અજીવ આદિ તત્ત્વોનો વિચાર કરાય છે તે આર્યદેશ કહેવાય છે. મનુષ્યભવ પામીને પણ આર્યદેશના આર્યકુળમાં જન્મ થવો દુર્લભ છે. કારણ કે बहवे-बहवः ઘણાં જીવો મનુષ્યભવ પામીને પણ दस्सुया मिलक्खु या-दस्यवः म्लेच्छाः ચોર અને મ્લેચ્છ થાય છે. માટે गोयम-गौतम હે ગૌતમ! समयं मा पमायए-समयं मा प्रमादयेः તમે તમારો સમય પ્રમાદમાં વ્યતીત કરશો નહીં.

પર્વત આદિના કોતરોમાં નિવાસ કરનાર લોકોને ચોર અને જેમની ભાષાને આર્યો બરાબર સમજી શકતા નથી તે લોકોને મ્લેચ્છ કહે છે. શક, યવન, શબર આદિ દેશમાં જન્મેલા લોકોને મ્લેચ્છ કહેલ છે. કહ્યું પણ છે—

"पुलिंदा नाहला नेष्टाः शबरा बरटा भटाः।
माला भिल्ला किराताश्च, सर्वेऽपि म्लेच्छजातयः ॥१॥"

પુંલિંદ, નાહલ, નેષ્ટ, શબર, બરટ, ભટ, માલા, ભિલ્લ અને કિરાત એ સર્વે, મ્લેચ્છ જાતિ છે. તેમને ધર્મ અધર્મનું જ્ઞાન હોતું નથી. માટે તેમને તિર્યંચ જેવા સમજવા. ॥૧૬॥

"लद्धूण वि आरियत्तणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—आरियत्तणं लद्धूण वि-आर्यत्वं लब्ध्वापि જીવને કદાચ આર્યત્વની પ્રાપ્તિ થાય તો પણ अहीणपंचेंदियया दुल्लहा-अहीनपंचेन्द्रियता दुर्लभा અવિકલ (કોઈ પણ જાતની ખોડ રહિત) પાંચે ઈન્દ્રિયોની પ્રાપ્તિ થવી દુર્લભ હોય છે. કારણ કે विगालेंदियया हु दीसई-विकलेन्द्रियता हु दृश्यते સામાન્ય

રીતે આર્યદેશમાં જન્મેલા મનુષ્યોમાં પણ રોગાદિકને કારણે તેમની ઇન્દ્રિયોમાં વિકલતા જોવા મળે છે. તેથી गोयम समयं मा पमायए-गौतम ! समयं मा प्रमादयेः હે ગૌતમ ! તમારે તમારો એક સમય પણ પ્રમાદમાં વ્યર્થ જવા ન દેવો.

ભાવાર્થ—સ્થાવર જીવોનો તે યોનિમાં રહેવાના કાળ ઉપરથી તે વાતને સારી રીતે પુષ્ટિ મળે છે કે આ જીવને મનુષ્યભવ મળવો ઘણો દુર્લભ છે. જો કોઇ શુભ પુન્યના ઉદયથી મનુષ્યભવ મળી જાય તો પણ આર્યદેશમાં જન્મ થવો ઘણો દુર્લભ છે. કદાચ કોઈ શુભપુન્યના ઉદયથી મનુષ્યભવ મળી જાય તો પણ આર્યદેશમાં જન્મ થવો ઘણો દુર્લભ છે. કદાચ કોઈ શુભ પુન્યના ઉદયથી તે પણ પ્રાપ્ત થાય તો તેને બધી ઈન્દ્રિયોની પરિપૂર્ણતા મળવી ઘણી દુર્લભ છે. માટે હે ગૌતમ ! આ મનુષ્યભવ પામીને તેનો એક પણ સમય પ્રમાદમાં વ્યતીત ન થાય તેનું ખૂબ ધ્યાન રાખો. ॥ ૧૭ ॥

“ अहीणपंचंदियत्तं ઈત્યાદિ.

અન્વયાર્થ—જો કોઈ પણ રીતે से-सः આ જીવને अहीण पंचिंदियत्तं वि लहे-अहीनपंचेन्द्रियत्वमपि लभेत् પાંચે ઈન્દ્રિયોની પરિપૂર્ણતા પણ પ્રાપ્ત થાય તો પણ તેને उत्तमधम्मसुई उ दुल्लहा—उत्तमधर्मश्रुतिस्तु दुर्लभा વીતરાગપ્રણીત ઉત્તમ ધર્મનું શ્રવણ કરવાનું દુર્લભ હોય છે. કારણ કે कुतित्थिनिसेवए जणे-कुतीर्थिनिषेवको जनः આર્યદેશમાં જન્મ પામવા છતાં તેમજ ઈન્દ્રિયોની પરિપૂર્ણતા હોવા છતાં પણ મનુષ્ય કુતીર્થિકોનો ઉપાસક બની જાય છે. તેમની સેવા કરનારા મનુષ્યો ઉત્તમ ધર્મના શ્રવણથી વંચિત રહે છે. કારણ કે તેઓ તેમની ઇચ્છાનુસાર જ તેમને ઉપદેશ આપે છે. તેઓ પોતેજ યશ, સત્કાર મેળવવાને માટે આતુર હોય છે. તેથી પ્રાણીઓને જે વિષય આદિનું સેવન પ્રિય લાગે છે તેને જ તેમના ઉપદેશમાં તેઓ પુષ્ટી આપે છે. તે કારણે તેવા લોકોની સેવા લોકોને માટે સુલભ છે-દુર્લભ નથી. તેથી गोयम-गौतम હે ગૌતમ समयं मा पमायए-समयं मा प्रमादयेः આ મનુષ્યભવનો એક પણ સમય પ્રમાદમાં વ્યતીત ન થાય તેનું બરાબર ધ્યાન રાખજે ॥ ૧૮ ॥

“ ल ण वि उत्तमं सुइं ” ઈત્યાદિ.

અન્વયાર્થ-उत्तमं सुइं ल ण वि-उत्तमां श्रुतिं लब्ध्वाऽपि આ જીવને ઉત્તમ શાસ્ત્રોનુ શ્રવણ કરવાનું મળે તો પણ स हणा पुणरावि दुल्लहा-श्रद्धा पुनः अपि दुर्लभा વીતરાગપ્રણીત શ્રુતચારિત્રરૂપ ધમ ધારણ કરવા તરફની રુચિરૂપ શ્રદ્ધા હોવી ઘણી દુર્લભ છે. કારણ કે એવી પરિસ્થિતિમાં પણ जणे-जनः લોકો मिच्छत्तनिसेवए-मिथ्यात्वनिषेवकः મિથ્યાત્વનું સેવન કરવામાં લીન રહે છે.

અતત્ત્વમાં તત્ત્વ માનીને વિશ્વાસ કરવો તેનું નામ મિથ્યાત્વ છે. અનાદિકાલીન ભવોથી જીવોને તેનો અભ્યાસ રહે છે. અને તેમનાં કર્મ પણ ગુરુ (મોટાં) હોય છે. તેથી મિથ્યાત્વમાં જ તેમની પ્રવૃત્તિ રહે છે. તેથી गोयम-गौतम હે ગૌતમ! समयं मा पमायए-समयं मा प्रमादयेः તમે તમારા એક પણ સમયનો દુરુપયોગ ન કરો ॥ ૧૯ ॥

"धम्मं पि हु सद्दहंतया" ઈત્યાદિ.

અન્વયાર્થ—धम्मं-धर्मम् સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મમાં सद्दहंतया-श्रद्दधत्का अपि શ્રદ્ધા રાખવા છતાં પણ-તેને નિર્દોષ સમજવા છતાં પણ એવાં લોકો दुल्लहया-दुर्लभकाः દુર્લભ હોય છે કે જેઓ તેની कायेण फासया-कायेन स्पर्शकाः શરીરથી (અને ઉપલક્ષણથી) મનથી અને વચનથી આરાધના કરે છે કારણ કે इह-इह આ સંસારમાં ઘણાં એવાં પ્રાણીઓ હોય છે કે જે कामगुणेहिं मुच्छिया-कामगुणेषु मूर्च्छिताः શબ્દાદિક ઈન્દ્રિયોના વિષયોમાં જ મૂર્ચ્છિત-આસક્ત રહે છે. ધર્મના જ્ઞાનને અભાવે અજ્ઞાની જીવોની અપથ્યસ્વરૂપ વિષયોમાં સામાન્ય રીતે વાસના કાયમ રહે છે. કહ્યું પણ છે.

"प्रायेण यदपथ्यं, तदेव चातुरजनप्रियं भवति ।
विषयातुरस्य जगत, स्तथानुकूलाः प्रिया विषयाः ॥१॥

સામાન્ય રીતે અપથ્ય પદાર્થનું સેવન કરવાની બીમાર માણસોને જેમ અભિલાષા રહે છે તેમ વિષયાતુર લોકોને પણ વિષય પ્રિય લાગે છે. માટે गोयम-गौतम હે ગૌતમ! समयं मा पमायए-समयं मा प्रमादयेः એક સમયનો પણ પ્રમાદ કરવો નહીં ॥ ૨૦ ॥

હવે સૂત્રકાર ગૌતમસ્વામીને સંબોધીને અનુક્રમે પાંચે ઈન્દ્રિયોના બળની થતી હાનિ બતાવતાં ઉપદેશ આપે છે.

"परिजूरइ ते सरिरयं" ઈત્યાદિ.

અન્વયાર્થ—गोयम-गौतम હે ગૌતમ! (ते-तव) તમારૂં सरीरयं-शरीरकम् શરીર परिजूरइ-परिजीर्यति ક્ષણે ક્ષણે આયુષ્ય ઓછું થવાથી વૃદ્ધાવસ્થાને પામતું જાય છે. તથા ते केसा-ते केशाः તમારા આ વાળ पांडुरया हवंति-पाण्डुरकाः भवन्ति જે પહેલાં ભ્રમરના જેવા કાળા અને જોનારનાં નેત્રોને આનંદ આપનારા હતા તે હવે સફેદ બનવા માંડયા છે. से सोयबले य हायई-तत् श्रोत्रबलं

च हीयते અને જે શ્રવણુશક્તિ પહેલાં ઘણી તીવ્ર હતી તે પણુ હવે નબળી પડવા માંડી છે. समयं मा पमायए-समयं मा प्रमादयेः એવી સ્થિતિમાં હે ગૌતમ ! એક સમયનો પણુ પ્રમાદ ન કર.

ભાવાર્થ—ક્ષણે ક્ષણે આયુનો ક્ષય થઈ રહ્યો છે. તમારા કાન, કેશ અને શરીર તેની અસરથી મુક્ત નથી. તો એક સમય પણુ પ્રમાદમાં વ્યર્થ ગુમાવવો નહી. "श्रोत्रबलं" પદથી એ અર્થ સૂચિત થાય છે કે ધર્મશ્રવણુ કરવાથી જ જીવ ધર્મનું આરાધન કરે છે, કારણુ કે ધર્મનું શ્રવણુ કરવાથી જ તેનું આરાધન કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. તેથી જ્યાં સુધી "श्रोत्रबलं" તીવ્રશ્રવણુ શક્તિ છે ત્યાં સુધી જીવે ધર્મશ્રવણુ કરવાને તત્પર રહેવું જોઇએ ધર્મશ્રવણુ કરવામાં એક સમયનો પણુ પ્રમાદ કરવો યોગ્ય નથી. એજ કારણે અહીં સૌથી પહેલાં શ્રોત્રને ગ્રહણુ કરેલ છે. ॥ ૨૧ ॥

"परिजूरइ ते सरीरयं" ઇત્યાદિ.

અન્વયાર્થ—गोयम-गौतम હે ગૌતમ ! ते सरीरयं परिजूरइ ते केसा पांडुरया हवंति-ते शरीरकं परिजीर्यंति ते केशाः पाण्डुरकाः भवन्ति તમારૂં શરીર વૃદ્ધ બની રહ્યું છે, અને કેશ સફેદ થઇ ગયા છે चक्खुबले य हायई-चक्षुर्बलं च हीयते અને ચક્ષુઈન્દ્રિયની શકિત નબળી પડતી જાય છે. તેથી गोयम-गौतम હે ગૌતમ! ચક્ષુબળની નબળાઈને કારણે ધર્માચરણ દુષ્કર થઈ જાય છે માટે જ્યાં સુધી ચક્ષુબળ વિદ્યમાન છે ત્યાં સુધી समयं मा पमायए-समयं मा प्रमादयेः ધર્મારાધન કરવામાં એક સમયનો પણુ પ્રમાદ ન કરો. ॥ ૨૨ ॥

परिजूरइ ते सरीरयं" ઈત્યાદિ.

અન્વયાર્થ—परिजूरइ ते सरीरयं केसा पंडुरया हवंति ते-परिजीर्यंति ते शरीरकम् केशाः पाण्डुरकाः भवंति ते તમારૂં શરીર જીર્ણ થવા માંડયું છે અને કેશ પણુ સફેદ થઈ ગયા છે. તથા घाणबले य हायई-घ्राणबलं च हीयते આ ઘ્રાણેન્દ્રિય (નાસિકા) શક્તિ પણુ ઘટવા માંડી છે. માટે गोयम-गौतम હે ગૌતમ! समयं मा पमायए-समयं मा प्रमादयेः તમારે એક સમયનો પણુ પ્રમાદ ન કરવો.

ભાવાર્થ—ઘ્રાણેન્દ્રિયની શક્તિ પહેલાં જેટલી હતી તેટલી હવે રહી નથી. હવે તેની શકિત ધીમે ધીમે ઘટવા માંડી છે. તેથી હે ગૌતમ ! ચારિત્રધર્મની આરાધના કરવામાં પ્રમાદનો ત્યાગ કરો. નાસિકામાં ગંધ પારખવાની શકિત હોય તો જ સુગન્ધ અને દુર્ગન્ધના વિષયમાં રાગદ્વેષનો પરિત્યાગ કરવાથી ચારિત્ર ધર્મનું પાલન થાય છે. વિકારનું કારણુ હોવા છતાં પણુ વિકૃતિને જીતવી તે જેમ ધીરતાની નિશાની ગણાય છે તેમ ઇન્દ્રિયોમાં સામર્થ્ય હોવા છતાં પણુ તેમના વિષયોમાં રાગદ્વેષ ન કરવો એ જ ચારિત્રપાલનની કસોટી છે. માટે

ચારિત્ર પાલનમાં સદા પ્રમાદનો પરિત્યાગ કરવો જોઈએ, ॥ ૨૩ ॥

"परिजूरइ ते सरीरयं" ઈત્યાદિ.

અન્વયાર્થ—ते सरीरयं परिजूरइ ते केशाः पांडुरया हवंति–ते शरीरकं परिजीर्यति ते केशाः पाण्डुरकाः भवान्त તમારૂં શરીર શિથિલ થવા માંડયું છે અને કેશ પણ સફેદ થઇ ગયાં છે. से जिब्भबले य हायई–तत् जिह्वाबलं च हीयते રસના ઈન્દ્રિયની શકિત પણ ઘટવા માંડી છે. તેથી गोयम–गौतम હે ગૌતમ! समय मा पमायए–समयं मा प्रमादयेः ચારિત્રધર્મની આરાધના કરવામાં એક સમયનો પણ પ્રમાદ ન કરો.

ભાવાર્થ—જ્યાં સુધી રસના ઈન્દ્રિયમાં રસાસ્વાદ લેવાની શકિત વિદ્યમાન છે. ત્યાં સુધી રસાસ્વાદ બાબતમાં રાગદ્વેષનો પરિત્યાગ કરવાથી અને સ્વાધ્યાય આદિ કરવાથી નિર્દોષ રીતે ધર્માચરણ કરી શકાય છે. તેથી હે ગૌતમ! જ્યાં સુધી તે બળ શકિત વિદ્યમાન છે ત્યાં સુધી ધર્માચરણમાં એક સમયનો પ્રમાદ પણ ઉચિત નથી. ॥ ૨૪ ॥

"परिजूरइ ते सरीरयं ઈત્યાદિ.

અન્વયાર્થ—તારૂં શરીર શિથિલ થઈ ગયું છે અને વાળ શ્વેત થઈ ગયા છે ते फासबले य हायई–तत् स्पर्शबलं च हीयते સ્પર્શેન્દ્રિયની શકિત પહેલાં હતી તેટલી રહી નથી હવે તેની શકિત દિવસે દિવસે ઘટતી જાય છે. તેથી गोयम–गौतम હે ગૌતમ! સ્પર્શેન્દ્રિયની શકિત વિદ્યમાન હોય ત્યાં સુધીમાં શીત, ઉષ્ણ આદિ પરીષહો પર વિજયમેળવવાનું તથા તપ, સંયમ આદિ ધર્માચરણ કરવાનું સારી રીતે બની શકે છે, તેથી તે વિષયમાં समयं मा पमायए–समयं मा प्रमादयेः સમય માત્રનો પણ પ્રમાદ કરવો નહીં. ॥ ૨૫ ॥

"परिजूरइ ते सरीरयं" ઈત્યાદિ.

અન્વયાર્થ—તારૂં શરીર જીર્ણ થતું જાય છે અને કેશ સફેદ થઈ ગયા છે, અને से सव्वबले य हायइ समयं गोयम मा पमायए–तत्सर्वबलं च हीयते समयं गौतम मा प्रमदयेः સર્વે પ્રકારની શકિત હાથ, પગ આદિની શકિત પણ પહેલાં જેવી હતી તેવી રહી નથી. અથવા મન, વચન અને કાયાનું બળ, સ્વાધ્યાય, ભિક્ષાચર્યા આદિ કરવાની શકિત પણ હવે ઘટવા માંડી છે. માટે હે ગૌતમ! જ્યાં સુધી તે સર્વબળ વિદ્યમાન છે ત્યાં સુધી તમારા આત્માનું કલ્યાણ કરવામાં એક સમયનો પણ પ્રમાદ ન કરો. કારણ કે એ સર્વ પ્રકારની શકિત છે ત્યાં સુધી જ તપ સંયમની આરાધના કરી શકાય છે. ॥ ૨૬ ॥

શરીરની વૃદ્ધાવસ્થાની અશક્તિનું વર્ણન કરી હવે રોગસંબંધી અશક્તિનું સૂત્રકાર વર્ણન કરે છે.

“ अरईगंडं विसूइया ” ઈત્યાદિ.

અન્વયાર્થ--अरई-अरतिः વાતરોગજનિત ચિત્તોદ્વેગ गडं-गंडम् ગડ ગુમડ विसूइया-विसूचिका અજીર્ણને કારણે થતી ઊલટી, ઓડકાર, ઝાડા આદિ રોગ, તથા બીજાં પણ त्रिविहा आयंका-विविधाः आतंकाः શીઘ્ર મૃત્યુ કરાવનારા મસ્તક શૂળ વગેરે ખાસ પ્રકારના રોગો ते-तव તમારા सरीरयं फुसंति-शरीरकं-स्पृशंति શરીરને સ્પર્શશે-લાગુ પડશે. તેથી તમારૂં શરીર શકિતહીન બનવાને કારણે विहडइ-विघटते પોતાનાં કર્તવ્યો બજાવવાને શકિતમાન રહેશે નહીં, અને આગળ જતાં આખરે विध्वंसइ-विध्वंसति તેનો નાશ પણ થઇ જશે, તેથી गोयम-गौतम હે ગૌતમ ! જ્યાં સુધી વૃદ્ધાવસ્થા અને રોગાદિક તમારા શરીરપર આક્રમણ કરીને તેને ક્ષીણ ન કરે ત્યાં સુધીમાં ધર્માનુષ્ઠાન કર્યા કરો. સમયનો પણ પ્રમાદ ન કરો. અન્યત્ર પણ આ વિષયમાં આ પ્રમાણે શિક્ષા આપેલ છે-

“यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो,
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत् क्षयो नायुषः।
आत्माश्रेयसि तावदेव विदुषाः कार्यः प्रयत्नो महान्,
संदीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥ १ ॥

જ્યાં સુધી આ શરીર નીરોગી અને સ્વાધીન છે, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી પહોંચી નથી, જ્યાં સુધી ઈન્દ્રિયોની શકિત ક્ષીણ થઈ નથી, અને જ્યાં સુધી આયુનો ક્ષય-અન્ત આવ્યો નથી ત્યાં સુધી સુજ્ઞ જનોએ આત્મકલ્યાણને માટે પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે ઘરને આગ લાગે ત્યારે કૂવો ખોદવાનો ઉદ્યમ કરવાથી શો લાભ ? માટે મુમુક્ષુ જનોએ એક સમયમાત્ર પણ પ્રમાદ કરવો જોઈએ નહીં. જો કે તે સમયે ગૌતમસ્વામીને કેશની શ્વેતતા આદિની સંભવીતતા નહોતી, છતાં પણ તેમને સંબોધીને જે શબ્દો કહ્યા છે તે અન્ય શિષ્યોને સમજાવવા માટે જ કહેલ છે તેમ માનવું ॥ ૨૭ ॥

“ वोच्छिंद सिणेहमप्पणो ” ઈત્યાદિ.

અન્વયાર્થ—गोयम-गौतम હે ગૌતમ ! अप्पणे सिणेहम् वोच्छिंद-आत्मनः स्नेहं व्युच्छिन्धि મારા પર તમારો જે સ્નેહ છે તેનો તું ત્યાગ કર इव જેમ कुमुयं-कुमुदम् કુમુદ सारइयं पाणियं-शारदं पानीयम् શરદ્કાળના જળનો પરિ-

ત્યાગ કરે છે–કુમુદ પહેલાં જળમાં મગ્ન રહે છે પણ પછીથી તે જળનો પરિત્યાગ કરીને તેનાથી ઊંચે રહે છે–તેમ તું પણ લાંબા કાળના સંસર્ગ તથા પરિચયથી પહેલાં મારા પ્રત્યેના સ્નેહમાં મગ્ન હતો. પણ હવે તે સ્નેહનો પરિત્યાગ કરીને તેનાથી અલગ થા. આ પ્રમાણે सव्वसिणेहवज्जिए–सर्वस्नेह वर्जितः સ્વજન આદિ પ્રત્યેના અનુરાગથી રહિત થઈને તું समयं मा पमायए –समयं मा प्रमादयेः સ્વધર્મની આરાધનામાં એક સમયનો પણ પ્રમાદ ન કર. જો કે સૂત્રમાં "पानीय" પદ દ્વારા જ દૃષ્ટાંત બની જાય છે છતાં પણ તેની સાથે જે "शारद" વિશેષણ લગાડયું છે તેનો હેતુ એ છે કે જેમ શરદઋતુનું પાણી અતિશય નિર્મળ હોય છે તેમ તારો સ્નેહ પણ ઘણો પ્રશસ્ત છે ॥૨૮॥

"चिच्चाण धणं च भारियं" ઈત્યાદિ

અન્વયાર્થ—गोयम–गौतम હે ગૌતમ! તમે हि–हि જે કારણે धणं भारियं च चिच्चाण–धनं भार्यां च त्यक्त्वा ધન અને સ્ત્રીનો પરિત્યાગ કરીને पव्वई-ओसि–प्रव्रजितोऽसि દીક્ષા અંગીકાર કરી છે તો वंतं पुणोपि मा आइए–वान्तं पुनरपि मा आपिब હવે વમન કરેલા સંસારના પદાર્થોનું સેવન કરવા તરફ મનને વળવા દો નહીં. समयं मा पमायए–समयं मा प्रमादयेः આ અણગારિક ધર્મનું અનુષ્ઠાન કરવામાં એક સમયનો પણ પ્રમાદ ન કરો. ॥ ૨૯ ॥

"अयउज्झियं मित्तबधवं" ઈત્યાદિ.

અન્વયાર્થ—मित्तबंधवं विउलं धणोहसंचयं चेव अवउज्झिय – मित्र बान्धवं विपुलं धनौघसंचयं च अपाह्य મિત્રોને બાંધવોને તથા સુવર્ણાદિ દ્રવ્યસમૂહને છોડીને मा तं बिइयं गवेसए–मा तत् द्वितीयं गवेषय ફરી તેની ઈચ્છા ન કરો. કારણ કે त्यक्त (ત્યાગ કરેલ) પદાર્થને વમન જેવા માનવામાં આવે છે. તેથી ફરીથી તેની ઈચ્છા કરવી તે તો વમન કરેલું ખાવા સમાન છે. માટે અંગિકાર કરેલા શ્રમણધર્મના પરિપાલનમાં गोयम समयं मा पमायए– गौतम! समयं मा प्रमादयेः એક સમયનો પણ પ્રમાદ ન કરો. ॥૩૦॥

ભવિષ્યકાળમાં મારી હયાતિ નહીં હોય ત્યારે પણ ભવ્યજનો જિનોકત મોક્ષમાર્ગ પ્રત્યે શ્રદ્ધા રાખીને પ્રમાદ નહીં કરે તો તમે પણ આ સમયે જ્યારે હું અસ્તિત્વ ધરાવું છું ત્યારે મોક્ષમાર્ગમાં શ્રદ્ધા રાખીને પ્રમાદનો ત્યાગ કરો.

આ વાત સમજાવવાને માટે ભગવાન ગૌતમને કહે છે—

"न हु जिणे अज्ज दिस्सइ" ઈત્યાદિ.

અન્વયાર્થ—જો કે अज्ज આ પાંચમાં આરામાં जिणे—जिनः જિનેશ્વર ભગવાન नहु दिस्सइ—नैव दृश्यते નજરે પડતા નથી, પણ मग्गदेसिए—मार्ग देशितः તેમના દ્વારા માર્ગરૂપે ઉપદેશવામાં આવેલ તથા बहुमए—बहुमतः અનેક શિષ્યો દ્વારા સંમત એવો જ્ઞાનદર્શન ચારિત્ર રૂપ મોક્ષમાર્ગતો दिस्सइ—दृश्यते દેખાય છે. એવો વિચાર કરીને ભવિષ્યકાળમાં ભવ્યજનો સમ્યકત્વને પ્રાપ્ત કરીને પ્રમાદ નહીં કરે માટે संपइ—संप्रति આ સમયે જ્યારે હું વિદ્યમાન છું ત્યારે नेयाउए पहे—नैयायिकेपथि ન્યાયાનુગત મોક્ષમાર્ગમાં गोयम—गौतम હે ગૌતમ! समयं मा पमायए—समयं मा प्रमादयेः એક સમયનો પણ પ્રમાદ કરવો નહીં એટલે કે, "હજી સુધી મને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું નથી. તો હવે તે કેવળજ્ઞાન મને પ્રાપ્ત થશે કે નહી" એવો સંશય સેવીને તમે પ્રમાદ ન કરો. માર્ગ બે પ્રકારના હોય છે—(૧) દ્રવ્યમાર્ગ અને (૨) ભાવમાર્ગ અહિં ભાવમાર્ગની વાત ચાલે છે. નગરાદિકના રસ્તાને દ્રવ્યમાર્ગ કહે છે. "मार्गदेशितः" અહીં માર્ગ શબ્દ ભાવપ્રધાનરૂપે વપરાયો છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે—તીર્થંકરે જેને મુકિતના માર્ગરૂપે દર્શાવ્યો છે એવો સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રરૂપ માર્ગ જ મોક્ષમાર્ગ છે. અથવા મુક્તિનગર તરફ દોરી જતો એ ધોરી માર્ગ છે એવું તીર્થંકર ભગવાને જે બતાવ્યું છે તે જ "मार्गदेशितः" નો અર્થ છે. એ દૃષ્ટિએ વિચાર કરીએ તો 'માર્ગ' શબ્દનો ભાવપ્રધાન રૂપે નિર્દેશ થયો નથી ॥ ૧ ॥

તેનો બીજો અર્થ એ પણ થાય છે કે શ્રુત ત્રિકાલ સ્થાયી હોવાથી તેનો કોઈ પણ કાળે વિચ્છેદ થતો ન હોવાથી ભાવિ ભવ્યજનોને ઉપદેશ દેતાં વીરપ્રભુ ગૌતમને પણ ઉપદેશ દે છે કે—જેમ માર્ગોપદેશકને અને નગરને ન જોવા છતાં પણ વ્યકિત માર્ગને જોઈને માર્ગોપદેશકના અવિચ્છિન્ન ઉપદેશથી તેની પ્રાપ્તિનો નિશ્ચય કરી લે છે એજ પ્રમાણે "આ કાળમાં જિન અને મોક્ષ દેખાતાં નથી તો પણ માર્ગદેશક—જે આચાર્ય આદિ હોય છે તેઓ તો દેખાય છે. તેથી મને ન જોનાર ભાવિ ભવ્યજનોએ તે માર્ગદેશકમાં પણ મોક્ષપ્રાપકતાનો નિશ્ચય કરી લેવો જોઈએ, આ પ્રમાણે ભાવિ ભવ્યજનોને માટે મારો જો આ ઉપદેશ છે તો હે ગૌતમ! તામારે આ સમયે ન્યાયાનુગત આ માર્ગમાં એક સમયનો પણ પ્રમાદ કરવો જોઈએ નહી ॥ ૨ ॥

અથવા આ ગાથાનો ત્રીજો અર્થ આ પ્રમાણે પણ થઇ શકે છે—

હે ગૌતમ! તમે અત્યારે જિન નથી. પણ અનેક લોકો દ્વારા માન્ય

એવો જિનત્વ પ્રાપ્તિનો માર્ગ મેં તમને બતાવી દીધો છે. તે તમને જરૂર દેખાય છે અને સમજાય છે. તેથી અત્યારે જ્યારે હું જિનરૂપે વિદ્યમાન છું ત્યારે મેં ઉપદેશેલા માર્ગને અનુસરવામાં તમારે એક સમયનો પણ પ્રમાદ કરવો નહીં. તેનો ભાવાર્થ એ છે કે હું વિદ્યમાન હોવાથી તમને મારા પર અનુરાગ મોહ છે, તેથી તમે જિન થઈ શકયા નથી. પણ પાછળથી તમે જરૂર જિન થવાના છો. તેથી તમારે મારાં વચનોમાં વિશ્વાસ રાખવો જોઈએ. ॥ ૩૧ ॥

"अवसोहिय कंटगापहं" ઈત્યાદિ.

અન્વયાર્થ—कंटगापहं-कंटकपथम् કાંટાથી છવાયેલા માર્ગનો अवसोहिय-अवशोध्य પરિત્યાગ કરીને તમે महालयं पहं ओइन्नोऽसि-महालयं पन्थानं अवतीर्णः असि મહાપુરૂષો દ્વારા સેવિત માર્ગે અવતીર્ણ થયા છો. તેમજ मगं विसोहिया गच्छसि-मार्गं विशोध्य गच्छसि તે માર્ગને શોધીને તમે તે માર્ગે આગળ વધી રહ્યા છો. તેથી गोयम-गौतम હે ગૌતમ! તે માર્ગે ચાલતાં એક સમય પણ ખોટો વ્યય ન થાય તેનું તમે ધ્યાન રાખશો.

ભાવાર્થ—મહાવીર પ્રભુ ગૌતમને સમજાવતાં કહે છે કે હે ગૌતમ! દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ બન્ને પ્રકારના કંટકોથી છવાયલા સાંસારિક માર્ગનો પરિત્યાગ કરીને તીર્થંકર આદિ મહાપુરુષો દ્વારા સેવિત સમ્યગ્દર્શન આદિ રૂપ મુકિત માર્ગ પર તમે અવતીર્ણ થયા છો. તો ઘણી જ સાવચેતી રાખીને તેના પર ચાલતા રહેજો તે માર્ગે ચાલતા એક સમયનો પણ પ્રમાદ કરવો તમારે માટે ઉચિત નથી. બાવળ આદિના કાંટાને દ્રવ્યકંટક કહે છે, અને ચરક આદિ કુશ્રુતને ભાવકંટક કહે છે. ॥ ૩૨ ॥

"अबले जहा भारवाहए" ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा-यथा જેમ अबले-अबलः બળ વિહીન દુર્બળ भारवाहए-भारवाहकः ભારને વહન કરનારી વ્યકિત विसमे मग्गे अवगाहिया-विषमम् मार्गं अवगाह्य વિષમ માર્ગનું અવલંબન કરીને पच्छा पच्छाणुतावए-पश्चात् पश्चाद्-नुतापकः લીધેલા ભારનો પરિત્યાગ કરીને પશ્ચાત્તાપ કરે છે તેમ તું પણ (मा-मा) પ્રમાદને આધીન થઈને સંયમરૂપ ભારનો પરિત્યાગ કરી પાછળથી પશ્ચાત્તાપ કરવાનો વખત ન આવવા દઈશ. તેથી गोयम-गौतम હે ગૌતમ! समयं मा पमायए-समयं मा प्रमादयेः તું એક સમયનો પણ પ્રમાદ ન કરીશ.

ભાવાર્થ—કોઇ વેપારી ધન કમાવાને માટે પરદેશ જાય અને ત્યાં ઘણું જ ધન કમાય. ધનિક થયા પછી પોતાના ઘેર પાછો ફરવા ઈચ્છા કરે. પોતાની સર્વ સંપત્તિનું પોટલું બાંધી માંથે મૂકીને દેશ પાછો ફરી રહ્યો છે. ચાલતાં

ચાલતાં તે એવા વિકટ માર્ગે આવી પહોંચે કે જે માર્ગે ચલાવાનું મુશ્કેલ બની જાય એટલે ઘણા દુઃખ સાથે પોટલું ફેંકી દેવું પડે છે. ત્યારે જ તે ઘેર જવાનો રસ્તો કાપી શકે છે. હવે ઘેર તો પહોંચે છે પણ જે સંપત્તિની ખાતર પરદેશ વેઠયો હોય છે તે સંપત્તિ તો ફેંકી દીધી હોય છે એટલે તેના પશ્ચાત્તાપનો પાર નથી રહેતો એ જ પ્રમાણે હે ગૌતમ! તમને જે મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ છે તેનો પરિત્યાગ કરીને પસ્તાવું ન પડે તે માટે એક સમયમાત્રનો પ્રમાદ કરવો યોગ્ય નથી. ॥ ૩૩ ॥

"तिन्नो हु सि अण्णवं" ઈત્યાદિ.

અન્વયાર્થ—गोयम-गौतम હે ગૌતમ! महं अण्णवं तिन्नो हु सि-महान्तं अर्णवं तीर्णं एवासि આ સંસાર રૂપી વિસ્તીર્ણ સાગરને તો તું લગભગ તરી ગયો છે. હવે તું तीरमागओ किंपुण चिट्ठसि-तीरमार्गतः किं पुनः तिष्ठसि કીનારા ઉપર મનુષ્ય ભવ રૂપી કીનારા ઉપર આવી પહોંચ્યા છતાં પણ સંયમની આરાધનામાં અનુત્સાહી થવું તને શોભતું નથી पारं गमित्तए अभित्तर-पारं गन्तुं अभित्वरस्व પાર જવાને માટે મુક્તિપદને પામવાને માટે ઉતાવળ કર તેમાં समयं मा पमायए-समयं मा प्रमादयेः એક સમય માત્રનો પણ પ્રમાદ કરવો યોગ્ય નથી.૩૪

"अकलेवरसेणिमुस्सिया" ઈત્યાદિ.

અન્વયાર્થ—अकलेवरसेणिमुस्सिया-अकलेवरश्रेणिं उच्छ्रित्य અશરીર એવી સિદ્ધોની શ્રેણિ ઉત્તરોત્તર શુભાધ્યવસાય સ્વરૂપ ક્ષપકશ્રેણિને ઉત્તરોત્તર સંયમસ્થાનની પ્રાપ્તિથી ઊંચે લઈ જઈને પ્રાપ્ત કરીને તું सिद्धिलोय गच्छसि-सिद्धिलोकं गच्छसि ભવિષ્યમાં સિદ્ધિલોકને મોક્ષને પ્રાપ્ત કરીશ. તે સિદ્ધિલોક खेमं सिवं अणुत्तरं च-क्षेमं शिवं अनुत्तरं च જન્મ મરણ આદિના ભયથી તદ્દન રહિત છે, સુખમય છે અથવા સમસ્ત પાપોના ઉપશમવાળો અને સર્વોત્કૃષ્ટ છે. તેથી गोयम-गौतम હે ગૌતમ! समयं मा पमायए-समयं मा प्रमादयेः એક સમય માત્રનો પ્રમાદ ન કરીશ. ॥ ૩૫ ॥

"बुद्ध परिनिव्वुडे चरे" ઈત્યાદિ.

અન્વયાર્થ—गोयम-गौतम હે ગૌતમ! गामे नगरे व गए-ग्रामे नगरे

वा गतः ગામમાં અથવા નગરમાં અથવા વનમાં રહેતી વખતે संजए-संयतः પાપસ્થાનોથી સંપૂર્ણ રીતે તમે વિરત થાઓ. बुद्धे-बुद्धः તત્વજ્ઞ થઈને परि-निव्वुडे-परिनिर्वृत्तः કષાયરૂપી અગ્નિની ઉપશાન્તિ દ્વારા તદ્દન ઠંડા બનીને चरे-चरः સંયમ માર્ગનું સેવન કરો. संतिमग्गं च वूहए-शान्तिमार्गं च बृंहए ભવ્યજનોને ઉપદેશ દઈને મુક્તિમાર્ગની વૃદ્ધિ કરો. આ કામમાં તમે समयं मा पमायए-समयं मा प्रमाद्येः એક સમયનો પણ પ્રમાદ ન કરો. ॥ ૩૬ ॥

ભગવાનનો આ પ્રકારનો ઉપદેશ સાંભળીને ગૌતમે શું કર્યું તે નીચેની ગાથા દ્વારા સૂત્રકાર બતાવે છે—

" बुद्धस्स निसम्म भासियं " ઈત્યાદિ.

અન્વયાર્થ—बुद्धस्स-बुद्धस्य કેવળજ્ઞાનરૂપ આલોક દ્વારા જેમણે સમસ્ત લોકાલોકને જોયેલ છે એવા ચરમ તીર્થંકર શ્રી મહાવીર વર્ધમાન સ્વામીના सुकहियं-सुकथितम् દૃષ્ટાન્ત આદિ દ્વારા કથિત અને अट्ठपवोवसोहियं-अर्थपदोपशोभितम् અને અર્થપ્રધાન પદોથી ઉપશોભિત એવાં भासियं-भाषितम् વચનોને निसम्म-निशम्य સાંભળીને ઉપાદેયરૂપે હૃદયમાં બરાબર ધારણ કરીને પછી रागं दोसं च छिंदिया-रागं द्वेषं च छित्वा રાગ અને દ્વેષનો નાશ કરીને गोयम-गौतम પહેલા ગણધર ગૌતમસ્વામી सिद्धिगइं गए-सिद्धिगतिं गतः મુક્તિપદને પામ્યા॥૩૭॥

ઉત્તરાધ્યયનસૂત્રની પ્રિયદર્શિની ટીકાનો દશમાં
અધ્યયનનો ગુજરાતી અનુવાદ સંપૂર્ણ ॥૧૦॥

## અબહુશ્રુત મેં કારણપંચક કા વર્ણન

## અગીયારમા અધ્યયનનો પ્રારંભ—

દશમું અધ્યયન પૂરૂં થયું હવે 'बहुश्रुत' નામના અગિયારમાં અધ્યયનનું કથન કરવામાં આવે છે. આગળના અધ્યયન સાથે આ અધ્યયનનો આ પ્રકારનો સંબંધ છે—દશમા અધ્યયનમાં પ્રમાદને દૂર કરવાનો જે ઉપદેશ આપ્યો છે તે પ્રમાદનો પરિત્યાગ વિવેકવાન મુનિઓને જ સંભવિત હોય છે. અને તે વિવેક પણ બહુશ્રુતની આરાધનાથી જ પ્રાપ્ત થાય છે. તે પ્રકારના સંબંધને લીધે હવે 'બહુશ્રુત' નામના અધ્યયનની શરૂઆત થાય છે. તેની પહેલી ગાથા આ પ્રમાણે છે—" संजोगा विप्पमुक्कस्स "—ઈત્યાદિ.

અન્વયાર્થ—संजोगा-संयोगात् સંયોગથી—માતાપિતાદિકરૂપ પૂર્વસંયોગથી

અને સાસુ સસરાદિક રૂપ ઉત્તરસંયોગથી विप्पमुक्कस्स-विप्रमुक्तस्य સર્વથા રહિત તથા अणगारस्स-अनगारस्य ઘર રહિત એવા भिक्खुणो-भिक्षोः ભિક્ષુ-સંયમીના आयारं-आचारम् આચારને બહુશ્રુત આરાધન રૂપ આચરણને आणुपुव्विं-आनुपूर्वीम् અનુક્રમે पाउकरिस्सामि-प्रादुष्करिष्यामि પ્રગટ કરીશ, તે આચારને તમે (मे-मे) મારી પાસેથી सुणेह-श्रृणुत સાંભળો ॥ ૧ ॥

આ અધ્યયનમાં બહુશ્રુતની આરાધનાનું કથન કર્યું છે. તે આરાધના તેના પરિજ્ઞાન વિના સંભવી શકતી નથી. બહુશ્રુતનું પરિજ્ઞાન આવશ્યક છે. અબહુશ્રુતનું પ્રતિયોગી ( ઉલટું ) બહુશ્રુત છે. અબહુશ્રુતના પરિજ્ઞાનથી તેના પ્રતિયોગી બહુશ્રુતનું પરિજ્ઞાન પણ થઈ શકે છે. તે કારણે પહેલાં સૂત્રકાર અબહુશ્રુતનું સ્વરૂપ પ્રગટ કરે છે.—" जे यावि होइ निव्विज्जे "-ઈત્યાદિ.

અન્વયાર્થ—जे निव्विज्जे होइ-यश्च निर्विद्यः भवति જેઓ શાસ્ત્રના અભ્યાસથી રહિત હોય છે, (अवि-अपि) તથા શાસ્ત્રના અભ્યાસવાળા હોવા છતાં પણ જેઓ (थद्धे-स्तब्धः) અહંકારી હોય છે. लुद्धे-लुब्धः રસાદિકોમાં લાલસા-વાળા હોય છે, अणिग्गहे-अनिग्रहः ઇન્દ્રિયોને વશ રાખવાને અસમર્થ હોય છે, અને अविणीए-अविनीतः વિનય ધર્મથી રહિત થઈને अभिक्खणं उल्लवई-अभीक्ष्ण उल्लपति વારંવાર શાસ્ત્ર મર્યાદાનું ધ્યાન રાખ્યા વિના ગમે તેમ ભાષણ કરે છે, બોલે ચાલે છે તે अबहुस्सुए-अबहुश्रुतः અબહુશ્રુત છે. તેનાથી ભિન્ન જેઓ છે તેઓ બહુશ્રત છે.

ભાવાર્થ—શાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર હોય કે ન હોય પણ જે અહંકારી, લાલચુ, ઈન્દ્રિઓના દાસ, અને વિનય ધર્મથી રહિત થઈને મનમાં આવે તેમ બોલનાર હોય છે તે અબહુશ્રત કહેવાય છે. ॥ ૨ ॥

## બહુશ્રુત બનને મેં આઠ કારણ કા વર્ણન

અબહુશ્રુત હોવાનાં કારણો સૂત્રકાર બતાવે છે.—

" अह पंचहिं ठाणे हिं "-ઈત્યાદિ.

અન્વયાર્થ—जे हि पंचहिं सिक्खा न लब्भइ-यैः पंचभिः स्थानः शिक्षा न लभ्यते જે પાંચ પ્રકારનાં સ્થાનોથી ગ્રહણ કરવા લાયક અને આસેવન કરવા લાયક શિક્ષા પ્રાપ્ત કરી શકાતી નથી તે પાંચ સ્થાનો આ પ્રમાણે છે— थंभा-स्तम्भात् માનથી, कोहा-क्रोधात् ક્રોધથી, पमाएणं-प्रमादेन પ્રમાદથી, रोगेणा-रोगेण રોગથી અને आलस्सएण-आलस्यकेन આળસથી, એ પાંચે સ્થાનોમાં વિદ્યમાન જીવ શિક્ષાને યોગ્ય હોતો નથી. તેથી એવા જીવને શિક્ષાને અભાવે અબહુશ્રુત કહેવાય છે. એટલે કે અબહુશ્રુત થવાના કારણ રૂપ પાંચ સ્થાનો

છે. તેમાંનું એક પણ સ્થાન એવું નથી કે જે બહુશ્રુત થવામાં કારણભૂત બની શકે. તો પછી બધાંની તો વાત જ શી કરવી? સૂત્રોનું અધ્યયન કરવું, ગ્રહણ શિક્ષા અને પ્રતિલેખના આદિ ક્રિયાને "આસેવનશિક્ષા" કહે છે. ॥૩॥

હવે સૂત્રકાર તે વાત બતાવે છે કે જીવ કેવી રીતે બહુશ્રુત થાય છે–

"अह अट्ठहिं ठाणेहिं"–ઈત્યાદિ.

અન્વયાર્થ—अट्ठहिं ठाणेहिं–अष्टभिः स्थानैः નીચે પ્રમાણેનાં આઠ સ્થાનોથી વ્યક્તિ सिक्खासीले–शिक्षाशीलः બહુશ્રુત બને છે. अहस्सिरे सयादंते–अहसिता सदादान्तः (૧) હાસ્યનું કારણ મળે કે ન મળે છતાં હસવું નહીં. (૩) સદા ઈન્દ્રિયોને વશ રાખવી. ण य मम्ममुदाहरे–न च मर्म उदाहरेत् (૩) બીજા લોકોના મર્મ (રહસ્ય)ને ખુલ્લાં કરવાં નહીં, णा सीले–न अशीलः (૪) ચારિત્ર ધર્મનાં વિનાશક થવું નહીં, ण विसीले–न विशीलः (પ) અતીચારોથી વ્રતોને કલુષિત કરવા નહીં. ण अइ लोलुए सिया–न अतिलोलुपः यात् (૬) રસાસ્વાદમાં લાલસા રાખવી નહીં અથવા લોભાવિષ્ટ ન થવું अक्कोहणे–अक्रोधनः ક્રોધનું કારણ મળવા છતાં પણ ક્રોધ ન કરવો ક્ષમા રાખવી, सच्चरए–सत्यरतः અને (૮) સત્ય ધર્મમાં લીન રહેવું, એ આઠ બહુશ્રુત થવાનાં સ્થાનો છે. તે આઠ સ્થાનોથી મુનિ सिक्खासिलोत्ति वुच्चइ – शिक्षाशील इत्युच्यते બહુશ્રુત કહેવાય છે. ॥૪॥૫॥

અબહુશ્રુત અને બહુશ્રુત થવામાં અવિનય અને વિનય મૂળ કારણ છે. અહીં જો કે અહંકાર આદિ સ્થાનો દ્વારા અવિનીતનાં લક્ષણો બતાવ્યાં છે અને અહાસ્ય આદિ સ્થાનો દ્વારા વિનીતનાં લક્ષણો વર્ણવ્યાં છે, તો પણ સૂત્રકાર શિષ્યોની બુદ્ધિની વિશદતાને માટે અવિનીત અને વિનીતનાં સ્થાનો ફરીથી કહે છે, તેમાં અવિનીતનાં સ્થાનો આ પ્રમાણે બતાવે છે—

## અવિનીત કે ચૌદહ કારણોં કા વર્ણન

"अह चोद्दसहिं ठाणेहिं"–ઈત્યાદિ.

અન્વયાર્થ—અહીં अह–'अथ' 'અથ' શબ્દ વાક્યારંભનો સૂચક છે. चौदसहिं ठाणेहिं–चतुर्दशसु स्थानेषु ચૌદ સ્થાનોમાં वट्टमाणो उ संजए–वर्तमानस्तु संयतः રહેલા સંયતને अविणीए वुच्चइ–अविनीत उच्यते અવિનીત કહે છે.

सो उ–स तु ते અવિનીત निव्वाणं च न गच्छइ–निर्वाणं च न गच्छत्ति મોક્ષ પ્રાપ્ત કરતો નથી "च" શબ્દથી એ સૂચિત થાય છે કે તે જ્ઞાનાદિક ગુણોને પણ પ્રાપ્ત કરી શકતો નથી. ॥ ૬ ॥

અહીંથી શરૂ કરીને નવમી ગાથા સુધી પૂર્વ સૂચિત ચૌદ સ્થાનોને સૂત્રકાર પ્રગટ કરે છે.—"अभिक्खणं कोही भवइ"–ઇત્યાદિ.

અન્વયાર્થ—अभिक्खणं कोही भवइ–अमीक्ष्णं क्रोधी भवति–(૧) વારંવાર ક્રોધાયમાન થવું, એટલે કે મૃદુ વચનો દ્વારા શાન્ત કરવા છતાં પણ ક્રોધનો પરિત્યાગ ન કરવો. पबन्धं च पकुव्वइ–प्रबन्धं च प्रकरोति (૨) કોઈએ પોતાનું બુરું કર્યું હોય તો તેને હૃદયમાં સાચવી રાખવું–એટલે કે અપરાધ કરનારનું વેર વાળવા માટે તકની રાહ જોવી. मित्तिज्जमाणो वमइ–मित्रायमाणः वमति (૩) મિત્રતા બાંધીને તેને પાછળથી તોડી નાખવી. सुयं लध्धुण मज्जइ–श्रुतं लब्ध्वा माद्यति (૪) આગમને શીખીને ગર્વ કરવો.

શંકા—જ્યારે સાધુ દ્રવ્યસંયોગ અને ભાવસંયોગથી રહિત હોય છે. ત્યારે કોઈ પણ પદાર્થ સાથે તેને મૈત્રિભાવ હોતો નથી–દરેક પ્રત્યે તેને સમભાવ જ હોય છે. તો પછી "मित्तिज्जमाणो वमइ" એવો જે પાઠ સૂત્રકારે કહ્યો છે તેનું પ્રયોજન શું ?

ઉત્તર—જ્યારે તેઓ દીક્ષા ધારણ કરે છે–મુનિ બને છે–ત્યારે તેઓ છ કાયના જીવો પ્રત્યે મન, વચન અને કાયાથી મૈત્રિ ભાવ હિતકારક બુદ્ધિને અંગીકાર કરે છે. પણ જ્યારે તેઓ શિથિલાચાર વાળા થાય છે ત્યારે છ કાયાના જીવોનું ઉપમર્દન (નાશ) થાય ત્યારે કોઈ કોઈ મુનિ તે મૈત્રિભાવ–હિતકારી વૃત્તિનો પરિત્યાગ કરી દે છે. તે કારણે સૂત્રકારે "मित्तिज्जमाणो वमइ" એવું કહેલ છે. અથવા જ્યારે કોઈ અધર્મી મુનિ એમ કહે છે કે "હું પ્રતિલેખના આદિ તમારૂં કામ કરી દઉં છું" ત્યારે તે પ્રત્યુપકાર કરવો પડશે તે ભયથી આ પ્રમાણે બોલી નાખે છે કે "આપ મારે ખાતર શા માટે પરિશ્રમ ઉઠાવો છો ?" અથવા પોતાના ઉપર કરવામાં આવેલ ઉપકારનો પણ પોતે કૃતઘ્ન હોવાને કારણે તે સ્વીકાર કરતો નથી. તે કારણે સૂત્રકારે એ પ્રમાણે કહ્યું છે "શ્રુતનું અધ્યયન કરીને પણ અભિમાન કરવું" એમ કહેવાનું પ્રયોજન એ છે કે શ્રુતનું અધ્યયન તો ગર્વનો નાશ કરનાર હોય છે. એવું હોવા છતાં પણ તે મુનિ એમ માનવા માંડે છે કે મારા જેવો જ્ઞાની કોઇ નથી. ॥૭॥

"अवि पावपरिक्खेवी"–ઇત્યાદિ.

અન્વયાર્થ—अवि–अपि વળી पावपरिक्खेवी–पापपरिक्षेपि (૫) કદાપિ કોઈ સાધુ અથવા આચાર્ય સમિતિ આદિમાં પ્રવૃત્તિ કરતી વખતે સ્ખલિત

થઈ જાય તો તેમનાં છિદ્રો શોધવા, अवि-अपि અને (૬) मित्तेसु कुप्पइ-मित्रेभ्यः कुप्यति મિત્રો ઉપર ક્રોધ કરવો, सुप्पियस्स वि मित्तस्स-सुप्रियस्यापि मित्रस्य (૭) અત્યન્ત પ્રિય મિત્રોનો પણ रहे पावगं भासइ-रहसि पापकं भाषते પરોક્ષમાં અવર્ણવાદ કરવો. "મિત્રની સમક્ષ તેને પ્રિય લાગે તેવા વચનો બોલવાં પણ પરોક્ષમાં એમ કહેવું કે "તે મારો સેવક છે. હું તેનો કોઈ પણ રીતે નિર્વાહ કરૂં છું" તેને જ મિત્રોનો પરોક્ષમાં અવર્ણવાદ કર્યો કહેવાય છે. એ રીતે આગળની ગાથામાં ચાર સ્થાન અને આ ગાથામાં ત્રણ સ્થાન મળી સાત સ્થાન બતાવવામાં આવ્યાં ॥ ૮ ॥

## વિનીત કે પન્દ્રહ કારણોં કા વર્ણન

"पइण्णवाई दुहिले"-ઈત્યાદિ.

અન્વયાર્થ—તથા पइण्णवाई-प्रतिज्ञावादी (૮) "આ પ્રમાણે છે. આ પ્રકારનું એકાન્તવાદ રૂપ વચન કહેવું-નિશ્ચય ભાષાનો પ્રયોગ કરવો, અથવા ઉન્મત્તની જેમ અસંબદ્ધ ભાષા બોલ્યા કરવી. दुहिले-द्रुहिलः (૯) દ્રોહ કરવો, थध्धे-स्तब्धः (૧૦) અહંકાર કરવો, अनिग्गहे-अनिग्रहः (૧૧) ઇન્દ્રિયોનો નિગ્રહ ન કરવો-અથવા તેના દાસ બનવું, लुध्धे-लुब्धः (૧૨) રસનેન્દ્રિયના વિષયોમાં લોલુપ બનવું. असंविभागी-असंविभागी (૧૩) આહારાદિનો વિભાગ ન કરવો-ફક્ત પોતાનું જ પોષણ કરવું. (૧૪) अचियत्ते-अप्रीतिकरः દર્શન અને સંભાષણ દ્વારા સૌને અળખામણા થવું-જેને જોઈને આનંદ ન થાય અને જેની વાણી સાંભળીને જેના પ્રત્યે કોઈને પ્રીતિ ન થાય એવાં થવું. આ ચૌદ સ્થાનોથી યુક્ત મુનિને अविणीए त्ति-अविनीत इति અવિનીત वुच्चइ-उच्यते કહેવામાં આવે છે.

ભાવાર્થ—આ ગાથા દ્વારા સૂત્રકારે અવિનીતનાં સાત સ્થાનોનો નિર્દેશ

કર્યો છે. તે સાત સ્થાનો આ પ્રમાણે છે—(૧) નિશ્ચયાત્મિક અથવા અસંબદ્ધ ભાષા બોલવી, (૨) દરેકનો દ્રોહ કરવો, (૩) અહંકાર કરવો, (૪) રસ લોલુપ થવું, (૫) ઇન્દ્રિયોને કાબૂમાં ન રાખવી, (૬) અસંવિભાગી થવું અને (૭) અન્ય જનોને માટે પ્રીતિપાત્ર ન થવું. આ સાતે અવિનીતનાં લક્ષણો છે. તે લક્ષણો દ્વારા અવિનીતને ઓળખી શકાય છે. ॥ ૯ ॥

આ રીતે અહીં સુધીમાં સૂત્રકારે અવિનીતનાં ચૌદ સ્થાનો (લક્ષણો) બતાવ્યાં છે, હવેની ચાર ગાથાઓમાં વિનીતનાં પંદર સ્થાનો સૂત્રકાર બતાવે છે—"अह पन्नरसहिं ठाणेहिं"—ઈત્યાદિ.

અન્વયાર્થ—અવિનીતનાં લક્ષણો બતાવીને હવે વિનીતનાં લક્ષણો બતાવવામાં આવેછે, તે વાતનું સૂચક 'अथ' પદ છે, पन्नरसहिं ठाणेहिं—पञ्चदशाभिः स्थानैः હવે પંદર સ્થાનો (લક્ષણો) બતાવીને सुविणीए त्ति वुच्चए—सुविनीतः इत्युच्यते સુવિનીતનું કથન કરવામાં આવે છે. જે પંદર લક્ષણોથી યુક્ત વ્યક્તિને સુવિનીત કહે છે, તે પંદર લક્ષણો આ પ્રમાણે છે-(૧) नीयावत्ती—नीचवर्ती પોતાના ગુરુની શય્યા અને આસનથી જે સદા નીચે બેસનાર હોય-સ્વભાવે અનુદ્ધત હોય-ભગવાને દશવૈકાલિકસૂત્રમાં તે વાતનું આ પ્રમાણે કથન કર્યું છે—

"नीयं सिज्जा गइं ठाणं नीयं च आसणाणि य ।
नीयं च पाए वंदिज्जा नीयं कुज्जा य अंजलिं ॥"

વિનીત શિષ્ય ગુરુની શય્યા કરતા પોતાની શય્યા નીચી રાખે છે. ચાલતી વખતે તેમની પાછળ પાછળ ચાલે છે. ગુરુના આસન કરતાં પોતાનું આસન ઊંચું રાખતો નથી. તે શરીર નમાવીને તેમને વંદના કરે છે. એ બધી બાબતો "नीयावत्ती" દ્વારા ગ્રહણ કરવાની છે.

તથા (૨) अचवले—अचपलः ચપલતાથી રહિત હોવું-ગતિ, સ્થાન, ભાષા અને ભાવના ભેદથી ચપલતા ચાર પ્રકારની છે-શીઘ્રતાથી ચાલવું તેને ગતિની અપેક્ષાએ ચપળતા કહે છે બેઠાં બેઠાં પણ હાથ પગ હલાવ્યા કરવા તેને સ્થાનની અપેક્ષાએ ચપળતા કહે છે. ભાષાની અપેક્ષાએ ચાર પ્રકારની ચપળતા છે-(૧) અસત્ય પ્રલાપ્ર—એટલે કે અવિદ્યમાન વસ્તુનું કથન કરવું. જેમ કે "આકાશ પુષ્પ છે." (૨) અસભ્યપ્રલાપ—અતિ કઠોર શબ્દો બોલવા, (૩) અસમીક્ષ્યપ્રલાપ—પૂર્વાપર સંબંધનો વિચાર કર્યા વિના બોલવું, અને (૪) અદેશકાલ પ્રલાપ—દેશ કાળના વિષયમાં વિપરીત બોલવું. જેમ કે મારવાડને બંગાળ કહેવું, વર્તમાનકાળને ભૂતકાળ અને ભૂતકાળને વર્તમાનકાળ કહેવો વગેરે. આ પ્રમાણે ભાષાની અપેક્ષાએ ચપલતાના ચાર પ્રકારની છે. પ્રસ્તુત સૂત્ર અને અર્થની પરિસમાપ્તિ કર્યા વિના અન્ય સૂત્ર અને અર્થ ગ્રહણ કરવાની ભાવનાનું નામ ભાવચપલતા છે. (૩) (अमाई—अमायी) માયા

રહિત થવું તથા (૪) अकुतूहले-अकुतूहलः ઈન્દ્રજાળ આદિ આશ્ચર્યજનક વસ્તુને જોવાની ઉત્કંઠા ન રાખવી. અહીં સ્થાન અને સ્થાનીમાં અભેદ હોવાને કારણે સ્થાની રૂપે તેનું કથન કરાયું છે. પછીની ગાથાઓમાં પણ એજ પ્રમાણે સમજવું ।।૧૦।।

"अप्पं च अहिक्खिवइ"-ઈત્યાદિ.

અન્વયાર્થ—(૫)अप्पं अहिक्खिवइ-अल्पं अधिक्षिपति કોઇની પણ નિંદા ન કરવી. (૬) पबन्धं च न कुव्वइ-प्रबन्धं च न करोति હૃદયમાં ગુસ્સો રાખવો નહીં દીર્ઘરોષી ન થવું. (૭) मित्तिज्जमाणो भयइ-मित्रायमाणः भजति પોતાનું હિત કરનારની મિત્ર જેવા થઈને સેવા કરવી. એટલે કે શ્રુતપ્રદાન આદિ દ્વારા પોતાના પર ઉપકાર કરનારને પ્રત્યુપકાર કરવો અર્થાત્ કૃતઘ્ન ન થવું. (૮) सुयं लध्धुं न मज्जइ-श्रुतं लब्ध्वा न माद्यति શ્રુતનું અધ્યયન કરીને ગર્વ કરવો નહીં. ।। ૧૧ ।।

"न य पावपरिक्खेवी"-ઈત્યાદિ.

અન્વયાર્થ—न य पावपरिक्खेवी-न च पाप परिक्षेपी (૯) પોતાના આચાર્ય આદિના છિદ્રો શોધવાનો સ્વભાવ ન રાખવો. न य मित्तेसु कुप्पइ-न च मित्रेभ्यः कुप्यति (૧૦) મિત્રનો દોષ હોય તો પણ તેના ઉપર ક્રોધ ન કરવો. अप्पियस्स वि मित्तस्स रहे कल्लाणं भासइ-अप्रियस्यापि मित्रस्य रहसि कल्याणं भाषते (૧૧) પોતાના અપ્રિય મિત્રની પણ પરોક્ષમાં પ્રશંસા કરવી દોષો કહેવા નહીં. ।। ૧૨ ।।

"कलहडमरवज्जिए"-ઈત્યાદિ.

અન્વયાર્થ—(૧૨) बुध्धे-बुद्धः મેધાવી સાધુ कलहडमरवज्जिए-कलहडमरवर्जितः-कलह-વાગ્યુદ્ધ અને ડમર મારા મારી-હાથોહાથના યુદ્ધથી દૂર રહે છે.(૧૩) अभिजाइए-अभिजातिगः ઉત્તમ જાતના વૃષભની જેમ તે ઉત્ક્ષિપ્ત (મૂકવામાં આવેલા) બોજાનું વહન કરનાર હોય છે, (૧૪) हिरिमं-ह्रीमान् લજ્જાવાન હોય છે. (૧૫) पडिसंलीणे-प्रतिसंलीनः ગુરુની પાસે કે બીજી જગ્યાએ કામ વિના આવતો જતો નથી, ઉપરોક્ત પંદર સ્થાનો-લક્ષણોથી યુકત જે સાધુ હોય છે તેને વિનીત કહેવાય છે. ।। ૧૩ ।।

જે સાધુ વિનીત હોય છે તે કેવો હોય છે તે સૂત્રકાર કહે છે—

"वसे गुरुकुले निच्चं"–ઇત્યાદિ

અન્વયાર્થ—વિનીત શિષ્ય गुरुकुले निच्चं वसे–गुरुकुले नित्यं वसेत् ગુરુકુલમાં ગુરુજનોના ગચ્છમાં નિત્ય જીવન પર્યન્ત નિવાસ કરે છે. जोगवं–योगवान् મન, વચન અને કાયાએ કરીને સદા પ્રશસ્ત હોય છે, उवहाणवं–उपधानवान् અભિગ્રહથી યુકત તપસ્યામાં નિરત રહે છે. पियंकरे–प्रियंकरः પોતાના ઉપર અપકાર કરનારની ઉપર પણ ક્રોધ કરતો નથી અને એવું વિચારે છે કે-

अपकारिणि चेत् कोपः, कोपे कोपः कथं न ते ।
धर्मार्थकाममोक्षणां, चतुर्णां परिपन्थिनि ॥ १ ॥

હે આત્મન્! જો તું તારા અપકારી ઉપર ક્રોધ કરે છે, તો આ ધર્મ, અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થના શત્રુ એવા ક્રોધ જેવા મહાન અપકારી પર ક્રોધ કેમ કરતો નથી ? આવો વિચાર કરીને તે અપકારી ઉપર પણ ઉપકાર કરે છે કહ્યું પણ છે—

सुजनो न याति विकृतिं, परहितनिरतो विनाशकालेऽपि।
छेदेऽपि चदनतरुः, सुरभयति मुखं कुठारस्य ॥ २ ॥

સજ્જનોનો સ્વભાવ જ એવો હોય છે કે તેઓ પોતાના વિનાશકાળે પણ વિકૃતિ પામતા નથી. જેમ કે ચન્દનવૃક્ષ તેને છેદનારા કુહાડાના મુખને પણ સુગંધવાળું બનાવે છે. માટે पियंवाई–प्रियवादी મધુર ભાષી બનો, કારણ કે મીઠી વાણીથી લોકો સદા રાજી થાય છે. કહ્યું પણ છે કે—

"કાગડો અને કોયલ, એ બન્ને કાળાં હોય છે. પણ એક (કોયલ) પોતાની મધુર વાણીથી અન્યને પોતાની તરફ આકર્ષે છે, ત્યારે બીજો (કાગડો) પોતાના કર્કશ અવાજથી લોકોમાં ઘૃણાપાત્ર બને છે. આ બધો પ્રભાવ વચનોનો જ છે." તથા "દમનક (એક પ્રકારનું સુગન્ધિ દ્રવ્ય) ને જેમ જેમ મસળવામાં આવે તેમ તેમ મનને મુગ્ધ કરનારી પોતાની સુગન્ધ છોડે જાય છે." એ જ પ્રમાણે સજ્જન કદાપિ ગુસ્સે થઈ જાય તો પણ તે કદી પણ અનુચિત વચનો બોલશે નહીં પણ એ હાલતમાં પણ તેના વચનો ઘણાં મધુર જ હશે. से–सः એવો મુનિ જ सिक्खं लध्धुमरिहइ–शिक्षां लब्धुं अर्हति શિક્ષા પ્રાપ્ત કરવાને યોગ્ય મનાય છે એટલે કે એવો મુનિ જ શિક્ષા લઇને બહુશ્રુત બની શકે છે, અન્ય નહીં ॥ ૧૪ ॥

આ રીતે બહુશ્રુત અને અબહુશ્રુતના વિષયનું વિસ્તારથી વિવેચન કરીને હવે સૂત્રકાર તે સમયે તેના (બહુશ્રુતના) દ્વારા અંગીકૃત આચારોનું તેની સ્તુતિ દ્વારા કથન કરે છે–"जहा संखम्मि"-ઈત્યાદિ.

અન્વયાર્થ-(जहा–यथा) જેમ संखम्मि निहियं–शङ्खे निहितम् શંખમાં ભરેલું पयं–पयः દૂધ दुहओ वि विरायइ–द्विधाऽपि विराजते બન્ને પ્રકારે શોભે છે–પોતાની જ શ્વતતાના ગુણથી અને શંખની ઉજ્વલતાના ગુણથી શોભાયમાન બને છે. એજ પ્રમાણે बहुस्सुए भिक्खू–बहुश्रुते भिक्षौ અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રુતજ્ઞાન યુક્ત ભિક્ષુમાં નિરવદ્ય (દોષ રહિત) ભિક્ષા કરનારા અને તપ તથા સંયમની આરાધના કરનારા તથા અહસનત્વ આદિ ગુણોવાળા મુનિઓમાં धम्मो कित्ती तहा सुयं–धमः कीर्त्तिः तथा श्रतम् ધર્મ કીર્તિ અને શ્રુત પણ સુરક્ષિત થઈને શોભા પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ––જેમ શંખમાં ભરેલું દૂધ મલિન પણ થતું નથી અને ખાટું પણ થઇ જતું નથી અને શંખનો આશ્રય પામીને અધિક શોભાયમાન બને છે તેમ વિનીત બહુશ્રુત ભિક્ષુમાં શ્રુત, ધર્મ અને કીર્તિ નિરુપલેપતા આદિ ગુણોને લીધે સ્વયં શોભાયમાન હોય જ છે તો પણ વિનીત ભિક્ષુમાં મિથ્યાત્વ આદિની કલુષતાનો જે અભાવ હોય છે તેને લીધે તેનો આશ્રય પામીને તેઓ વધારે શોભાયમાન બને છે. તેઓ ત્યાં મલિન થતા નથી. વિકૃતિ પામતા નથી, અને તેમાં ન્યૂનતા પણ આવતી નથી. જીવને સંસાર સાગરથી પાર કરનાર જે વસ્તુ છે તેને ધર્મ કહે છે, અથવા જેનાથી સ્વર્ગીય અભ્યુદય પ્રાપ્ત થાય છે તેને ધર્મ કહે છે. એવો તે ધર્મ ચારિત્ર, તપ અને વીર્ય સ્વરૂપ છે. તથા કીર્તિ એટલે પ્રસિદ્ધિ અને શ્રુત એટલે તિર્થંકર આદિ દ્વારા પ્રતિપાદિત દ્વાદશાંગ રૂપ સૂત્રો ॥ ૧૫ ॥

" जहा से कंबोयाणं "–ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा–यथा જેમ कंबोयाणं–कंबोजानाम् કંબોજ દેશનો (से–सः) તે–પ્રસિદ્ધ आइन्ने–आकीर्णः જાતવાન कंथए–कन्थकः કન્થક જાતિનો आसे–अश्वः ઘોડો जवेण पवरे सिया–जवेन प्रवरः स्यात् વેગમાં શ્રેષ્ઠ હોય છે. एवं बहुस्सुए हवइ–एवं बहुश्रुतः भवति એજ પ્રમાણે બહુશ્રુતને સાધુઓમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

ભાવાર્થ—જેમ કન્થક નામનો જાતવાન ઘોડો પથ્થરોથી વ્યાપ્ત એવા પર્વતોના વિષમ માર્ગે અથવા વિકટ યુદ્ધભૂમિમાં જતાં પણ અચકાતો નથી નિર્ભય પણે ઘણા વેગથી ત્યાં ચાલે છે, અને તેથી જ વિજય પ્રાપ્ત કરવાની અભિલાષા વાળા નૃપતિઓને તે વધુ પ્રિય હોય છે, કારણ કે તે અશ્વ તેમને અવશ્ય વિજયી બનાવે છે. એજ પ્રમાણે અનેક અસદ્ધર્મોથી વ્યાપ્ત આ સંસારમાં પરવાદીઓનો ભય રાખ્યા વિના બહુશ્રુત મુનિ મોક્ષ માર્ગે આગળ ધપે છે. તેથી તેવા મુનિ ચતુર્વિધ સંઘને અધિક પ્રિય લાગે છે. ॥ ૧૬ ॥

વળી—" जहाऽऽइण्णसमारूढे "–ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा–यथा જેમ आइन्नसमारूढे – आकीर्णसमारूढः જાતવાન ઘોડા પર સ્વાર થયેલ दढपरक्कमे–दृढपराक्रमः દૃઢ પરાક્રમી सूरे–शूरः શૂરવીર યોદ્ધો उभओ–उभयतः પોતાની આજુ બાજુમાં–ડાબી તથા જમણી તરફ નંदिघोसेणं–नन्दिघोषेण બાર પ્રકારનાં વાજિંત્રોના નાદથી અથવા 'જય થાવ, જય થાવ' એ પ્રકારનાં બિરુદાવલી વચનો બોલનારાઓના જયનાદોથી યુક્ત રહે છે. एवं बहुस्सुए हवइ–एवं बहुश्रुतः भवति એવા જ આ બહુશ્રુતો પણ હોય છે, તેનું તાત્પર્ય આ પ્રમાણે છે–જેમ જાતવાન્ ઘોડા પર સમારૂઢ થયેલ પરાક્રમી અને વિપક્ષી સામે વિજય મેળવનાર શૂરવીર સમરાંગણમાં જતાં બાર પ્રકારનાં વાજિંત્રોના નાદથી તથા " જય હો ! જય હો ! " એવાં બંદિજનોના શુભ સૂચક નાદોથી યુક્ત હોય છે અને દુશ્મન સામે વિજય પ્રાપ્ત કરે છે અને તે પરાક્રમશાળીની હાજરીમાં તેના અન્ય આશ્રિતો પણ અજેય અથવા વિજયી બને છે. એજ પ્રમાણે બહુશ્રુત સાધુ પણ જિન પ્રવચન રૂપી જાતવાન ઘોડા પર સવાર થઈને સદ્ધર્મના આચરણમાં પરાક્રમવાળો અથવા પરીષહો અને ઉપસર્ગો ઉપર વિજય પ્રાપ્ત કરવાને સમર્થ હોય છે. અને અન્ય મતવાદીઓના તર્ક રૂપી બળનું ખંડન કરનારો હોય છે. દિવસ અને રાત્રિ રૂપ બન્ને બાજોમાં સ્વાધ્યાય રૂપ નંદિઘોષથી અથવા પોતાની આજુબાજુના શિષ્યોના

અધ્યયન ૩૫ નંદિઘોષથી યુક્ત ને બહુશ્રુત હોય છે. તે બહુશ્રુત સાધુ ઉપર ચતુર્વિધ સંઘ એવા આશીર્વાદ વર્ષાવે છે કે "શાસનનો પ્રભાવ વધારનાર આ બહુશ્રત દીર્ઘાયુ થાઓ." તે પરવાદીઓ સામે અજેય હોય છે. તે પ્રભાવશાળીની હાજરીમાં તેમનાં અન્ય મુનિજનો પણ અજેય બની જાય છે. ॥૧૭॥

વળી "जहा करेणुपरिकिन्ने"–ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा–यथा જેમ करेणुपरिकिन्ने–करेणुपरिकीर्णः હસ્તિણીઓથી પરિવૃત (વિંટળાયેલો) सट्ठिहायणे–षष्ठिहायनः સાઠ વર્ષનો कुंजरे–कुंजरः હાથી बलवंते–अप्पडिहए–बलवान् अप्रतिहतः પ્રત્યેક વર્ષે બળનો સંચય કરીને બળવાન થાય છે, અને તેથી જ તે પ્રતિદ્વંદિ હાથીઓથી પરાજિત થઈ શકતો નથી. एवं–एवम् એજ પ્રમાણે बहुस्सुए हवइ–बहुश्रुतः भवति બહુશ્રુત મુનિ પણ હોય છે. તેનું તાત્પર્ય એ છે કે–પર પક્ષને રોકનારી ઔત્પત્યાદિક ચાર પ્રકારની બુદ્ધિથી અને અનેક પ્રકારની વિદ્યાથી યુકત એવા તે બહુશ્રુત સાઠ વર્ષની ઉમરના થતાં સ્થિરમતિવાળા બને છે અને શમદમ આદિ ગુણોથી યુકત થાય છે. તેથી તેઓ સામા પક્ષમાં રહેલા પરમત વાદિયોથી પરાજિત થઈ શકતા નથી. ॥ ૧૮ ॥

તથા—"जहा से तिक्खसिंगे"–ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा–यथा જેમ से तिक्खसिंगे–स तीक्ष्णशृंगः તીક્ષ્ણ શિંગડાંવાળો जायक्खंधे–जातस्कन्धः તથા બલિષ્ઠ કાંધવાળો वसहे–वृषभः બળદ સાંઢ जूहाहिवई विरायइ–यूथाधिपतिः विराजते પોતાના જૂથનો આગેવાન બનીને શોભે છે. एवं–एवम् એજ પ્રમાણે बहुस्सुए हवइ–बहुश्रुतः भवति બહુશ્રુત પણ પોતાના ગચ્છમાં શોભે છે.

ભાવાર્થ—જેવી રીતે બળવાન વૃષભ પોતાના યૂથનો અધિપતિ બને છે એજ પ્રમાણે તીક્ષ્ણશ્રૃંગ સમાન સ્વ અને પર સિદ્ધાંતોના જ્ઞાનથી અથવા દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયોથી અથવા જ્ઞાન ક્રિયાઓથી યુક્ત બહુશ્રુત પોતાના ગચ્છ આદિના ભારેમાં ભારે કાર્યની ધુરાને ધારણ કરવાની શક્તિવાળા હોવાથી બલિષ્ટ સ્કંધવાળા મનાય છે, તેથી તેઓ ચતુર્વિધ સંઘના અધિપતિ થઇને આચાર્ય પદવીને ધારણ કરીને પોતાના ગચ્છમાં સદા શોભે છે. ।૧૯।

" जहा से तिक्खदाढे "–ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा–यथा જેમ तिक्खदाढे–तीक्ष्णःदंष्ट्रः તીક્ષ્ણ દાઢો વાળા उदग्गे–उदग्रः ઉત્કટ सीहे–सिंहः સિંહનો दुप्पहंसए–दुष्प्रधर्षकः પરાભવ કરવો અશકય હોય છે, અને તેથી જ તે मियाण पवरे–मृगाणां प्रवरः વનના પશુ-ઓમાં શ્રેષ્ઠ ગણાય છે. एवं–एवम् એવા જ बहुस्सुए हवइ–बहुश्रुतः भवति બહુશ્રુત પણ હોય છે. નૈગમ આદિ નય રૂપ દાઢોથી યુક્ત અને માસિકી આદિ ભિક્ષુ પ્રતિમા આદિ વિશિષ્ટ ગુણોથી યુક્ત એવા બહુશ્રુત મુનિ પ્રતિ-પક્ષને પરાજિત કરવાને સમર્થ હોય છે. તેથી મૃગસ્થાનાપન્ન–મૃગોના સમાન પરમતવાદીઓની વચ્ચે તેઓ સિંહ સમાન દુષ્પ્રધર્ષ અદમ્ય હોય છે. એ બહુશ્રુતોને પોતાની કુયુક્તિઓ દ્વારા પરાજિત કરવાની શક્તિ કોઈમાં પણ હોતી નથી. ॥ ૨૦ ॥

" जहा से वासुदेवे "–ઈત્યાદિ.

जहा यथा–જેમ संखचक्कगदाधरे–शङ्खचक्रगदाधरः–શંખ ચક્ર અને ગદા રૂપ આયુધોને ધારણ કરનારા से वासुदेवे–सः वासुदेवः–પ્રસિદ્ધ ત્રિખંડાધિપતિ વાસુદેવ अप्पडिहयबले जोहे–अप्रतिहतबलो योधः અપ્રતિહત બળવાળા હોવાથી વિશિષ્ટ શૂરવીર હોય છે एवं–एवम् તેવા बहुस्सुए हवइ–बहुश्रुतः भवति બહુશ્રુત પણ હોય છે. બહુશ્રુત પણ સમ્યક્ જ્ઞાન સમ્યગ્ દર્શન અને સમ્યક્ ચારિત્રરૂપી આયુધોને ધારણ કરવાથી અપ્રતિહત શક્તિવાળા બની જાય છે. તેથી કર્મરૂપી શત્રુઓને પરાસ્ત કરનારા એવા તે બહુશ્રુતને વિશિષ્ટ પ્રકારના સુભટ ગણ-વામાં આવે છે. ॥ ૨૧ ॥

" जहा से चाउरंते " ઈત્યાદિ !

અન્વયાર્થ—जहा–यथा–જેમ चाउरंते–चातुरन्तः ઘોડા, હાથી, રથ અને પાયદળ, એ ચાર સહાયકોની મદદથી શત્રુઓનો વિનાશ કરનાર चक्कवट्टी–चक्रवर्ती ચક્રવર્તી સમુદ્રાન્ત પૃથ્વીના અધિપતિ, महिड्ढिए–महर्द्धिकः તથા વિશિષ્ટ ઋદ્ધિવાળા, चोद्दसरयणाहिवई – चतुर्दशरत्नाधिपतिः અને ચૌદ રત્નોના ભોક્તા બને છે. ( एवं–एवम् ) એવાજ बहुस्सुए हवइ – बहुश्रुतः भवति બહુશ્રુતો હોય છે. ચક્રવર્તિનાં ચૌદ રત્નો આ પ્રમાણે છે. ૧. સેનાપતિ, ૨. ગાથાપતિ, ૩. પુરોહિત, ૪. હાથી, ૫. અશ્વ, ૬. વર્દ્ધકી, ૭. સ્ત્રી, ૮. ચક્ર, ૯. છત્ર, ૧૦ ચર્મ, ૧૧. મણિ, ૧૨. કાકિણી, ૧૩. ખડગ અને ૧૪. દંડ. બહુશ્રુત પણ ધનાદિક ચાર પ્રકારના ધર્મોથી કર્મરૂપ શત્રુઓનો નાશ કરનારા હોય છે તેથી ચાતુરન્ત, અમર્શ ઔષધિ આદિ રૂપ મહાઋદ્ધિઓથી

યુક્ત હોવાથી મહર્દ્ધિક, અને ચૌદ પૂર્વના પાઠી હોવાથી ચૌદ રત્નોના અધિપતિ માનવામાં આવ્યા છે. તેથી તેઓ પણ ચક્રવર્તિની જેમ શોભે છે. ॥૨૨॥

"जहा से सहस्सक्खे"–ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा–यथा જેમ से सक्के–स शक्रः પ્રસિધ્ધ ઇન્દ્ર सहस्सक्खे–सहस्राक्षः હજાર નેત્રો વાળો હોય છે, અને पुरंदरे–पुरंदरः શત્રુઓનાં નગરના વિનાશક હોય છે, અને वज्जपाणी–वज्रपाणिः વજ્ર નામના આયુધને હાથમાં ધારણ કરનાર હોય છે. તેથી તેને देवाहिवई–देवाधिपतिः દેવોનો અધિપતિ માનવામાં આવે છે. एवं बहुस्सुए हवइ–एवं बहुश्रुतः भवति બહુશ્રુત પણ એવા જ હોય છે. ઈન્દ્રને જે હજાર નેત્રોવાળો કહ્યો છે તે ઔપચારિક વાત કહી છે–વાસ્તવમાં તો તેને બે જ નેત્ર હોય છે. પણ ઇન્દ્રને પાંચ સો (૫૦૦) મંત્રીઓ હોય છે. અને તે દરેકની બબ્બે આંખો ગણતાં કુલ એક હજાર આંખો શક્રેન્દ્રના કામમાં જ લીન રહે છે. તેથી શક્રેન્દ્રને સહસ્રાક્ષ કહેલ છે. અથવા –તે પાંચસો મંત્રી હજાર નેત્રો વડે જે જુવે છે, તેથી પણ અધિક ઈન્દ્ર પોતાની બે આંખો વડે જુવે છે. તે દૃષ્ટિએ પણ તેને સહસ્રાક્ષ કહેલ છે. તે બહુશ્રુત મુનિઓ પણ શક્રેન્દ્ર સમાન હોય છે, કારણ કે તેઓ પણ શ્રુતજ્ઞાનના પ્રભાવથી અશેષ અતિશયોનાં નિધાન બની જાય છે. તેથી શ્રુતજ્ઞાન અને અશેષ અતિશયોનાં નિધાન હોવાથી તેમને પણ સહસ્રાક્ષ કહી શકાય છે. વળી તેમની હથેળીમાં વજ્રનું ચિહ્ન હોવાથી તેમને વજ્રપાણિ કહેવાય છે, અને પુર–શરીરને તપસ્યા આદિ દ્વારા કૃશ કરનારા હોવાથી તેમને પુરંદર કહે છે, અને ઉત્કૃષ્ટ ક્રિયાઓની આરાધના કરવાને વિશિષ્ટ શક્તિ ધરાવતા હોવાથી તેમને શક્ર ગણી શકાય છે. અને દૃઢધર્મવાળા હોવાથી દેવો દ્વારા પણ તેઓ પૂજાય છે તેથી તેમને દેવાધિપતિ પણ કહેલ છે. ॥ ૨૩ ॥

"जहा से तिमिरविद्धंसे"–ઇત્યાદિ.

અન્વયાર્થ—जहा–यथा જેમ तिमिरविद्धंसे–तिमिरविध्वंसः અંધકારનો નાશ કરનાર दिवायरे–दिवाकरः સૂર્ય उत्तिट्ठंसे–उत्तिष्ठन् આકાશમાં ઊંચે ચડતાં જ तेएण जलंते इव–तेजसा ज्वलन्निव भवति અત્યંત તેજસ્વીતાને ધારણ કરે છે. एवं बहुस्सुए हवइ–एवं बहुश्रुतः भवति એવું જ બહુશ્રુતની બાબતમાં પણ બને છે. તે બહુશ્રુત અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરીને અત્યંત વિશુદ્ધ અધ્યવસાય દ્વારા સંયમ સ્થાન રૂપ આકાશ માર્ગે સંચરણ કરતાં સૂર્યના સમાન તેજથી વિશિષ્ટ પ્રકારે ચમકવા લાગે છે. ॥ ૨૪ ॥

" जहा से उडुवई चंदे "-ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा-यथा જેમ उडुवई-उडुपतिः નક્ષત્રોનો અધિપતિ चंदे-चन्द्रः ચન્દ્ર णक्खत्तपरिवारिए-नक्षत्रपरिवारितः નક્ષત્ર પરિવાર-ભરણી, અશ્વિની આદિ તારાઓના પરિવારથી યુકત બનીને पुण्णमासीए-पौर्णमास्याम् પૂર્ણીમાને દિવસે पडिपुण्णे-प्रतिपूर्णः भवति સમસ્ત કલાઓથી યુકત બને છે एवं बहुस्सुए हवइ-एवं बहुश्रुतः भवति એ જ પ્રકારે બહુશ્રુત પણ શોભે છે. જેમ ચન્દ્રમા નક્ષત્રોનો અધિપતિ હોય છે તેમ નક્ષત્ર સમાન સાધુઓનો અધિપતિ તે બહુશ્રુતરૂપી ચન્દ્ર હોય છે. જેમ ચન્દ્ર નક્ષત્રોથી પરાવૃત હોય છે તેમ બહુશ્રુત પણ શિષ્યજનોના પરિવારરૂપી નક્ષત્રોથી પરાવૃત હોય છે. જેમ પૂનમને દિવસે ચન્દ્ર સોળે કળાઓથી યુકત હોય છે તેમ બહુશ્રુત પણ જ્ઞાનાદિ સકળ કળાઓથી યુકત હોવાને કારણે પ્રતિપૂર્ણ હોય છે. ॥ ૨૫ ॥

" जहा से सामाइयाणं "-ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा-यथा જેમ सामाइयाणं-सामाजिकानाम् મનુષ્યોનો कोट्ठागारे-कोष्ठागारः અન્નભંડાર सुरक्खिए-सुरक्षितः સુરક્ષિત રહેતો થકો णाणाधन्नपडिपुण्णे-नानाधान्यप्रतिपूर्णो भवति ચોખા, ઘઉં ચણા આદિ અનેક પ્રકારના અનાજોથી हवइ ભરપૂર અને સુરક્ષિત હોય છે. एवं बहुस्सुए हवइ-एवं बहुश्रुतो भवति બહુશ્રુતની બાબતના પણ એવું જ હોય છે. તે બહુશ્રુત પણ અનેક લબ્ધિઓથી પૂર્ણ હોય છે. તેઓ પ્રવચનના આધાર રૂપ હોવાથી ચતુર્વિધ સંઘના લોકો તેમની સેવા, શુશ્રૂષા, સત્કાર, સન્માન, આદિ દ્વારા સદા રક્ષા કરવાને તત્પર રહે છે. મુનિઓને ઉપયોગી એવાં અંગ ઉપાંગ આદિ વિપુલ શ્રુતજ્ઞાનોથી તેઓ પરિપૂર્ણ રહે છે. કહ્યું પણ છે કે—

" चिंतामणीह जत्ता, आराहिय एव चिंतियं देइ ।
तं पिव बहुस्सुओ वि सयलं परिचिंतियं देइ ॥

જેમ યત્ન પૂર્વક આરાધિત ચિન્તામણિ રત્ન ઇચ્છિત પદાર્થ આપે છે તેમ બહુશ્રુત પણ ભવ્ય જીવોને સકળ ચિન્તિત પદાર્થો-સ્વર્ગ મોક્ષ આદિ સુખો અપાવે છે. ॥ ૨૬ ॥

"जहा सा दुमाणपवरा"–ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा–यथा જેમ (सा) તે પ્રસિદ્ધ सुदंसणा णाम जंबू–सुदर्शना नाम जंबूः સુદર્શન નામનું જંબૂ વૃક્ષ કે જે अणाढियस्स देवस्स – अनादृतस्य देवस्य જંબૂદ્વિપના અધિપતિ અનાદૃત નામના વ્યન્તરદેવનું નિવાસ સ્થાન છે. दुमाणपवरा–द्रुमाणां प्रवरा અને વૃક્ષોમાં જે શ્રેષ્ઠ મનાય છે. एवं बहुस्सुए हवइ–एवं बहुश्रुतः भवति એવા જ બહુશ્રુતો પણ હોય છે. જંબૂદ્વીપની બરાબર વચ્ચે। વચ્ચ એક જંબૂવૃક્ષ છે. તેના ઉપર અનાદૃત વ્યન્તરદવેોનો નિવાસ રહે છે. તે વૃક્ષ વજ્ર, વૈડૂર્ય આદિ રત્નમય હોય છે અને તે શાશ્વત હોય છે, પૃથિવીકાયિક છે અને આઠ યોજન ઊંચું છે. તે બીજા એકસોઆઠ જંબૂ વૃક્ષોથી તથા બાર ઉત્તમોત્તમ વેદિકાઓથી અને વિવિધ સુસ્વાદુ ફળો અને પુષ્પોથી યુક્ત ત્રણસો વનખંડો વડે સદા પરિવૃત (વીંટળાયેલું) રહે છે. જંબૂદ્વીપના અધિપતિના આશ્રયે રહેવાથી તે સમસ્ત વૃક્ષોમાં શ્રેષ્ઠ ગણાય છે. એજ પ્રમાણે બહુશ્રુત પણ શ્રુતજ્ઞાન રૂપી વિવિધ રત્નોથી પરિપૂર્ણ હોય છે–શાશ્વત દ્વાદશાંગના ધારક હોવાથી અને શાશ્વત મોક્ષસુખના અધિકારી હોવાથી તેમને પણ શાશ્વત માનવામાં આવે આવે છે. તેઓ શ્રુતજ્ઞાન દ્વારા પૃથ્વીમાં પ્રસિદ્ધ હોવાથી તેમને પાર્થિવ કહેવામાં આવ્યા છે. આઠ પ્રવચનમાતાઓમાં પોતાની જાતને નિયોજિત કરવાથી ઉન્નત – પંચપરમેષ્ઠિઓના ૧૦૮ ગુણ રૂપ અન્ય જંબૂ વૃક્ષોથી સમન્વિત, અનિત્ય, અશરણ આદિ બાર ભાવના રૂપી વેદિકાઓથી પરિવૃત, વિનયાદિ ગુણ રૂપ પુષ્પોથી સમન્વિત અને મુનિવૃન્દ રૂપ વનખંડોથી યુક્ત માનવામાં આવેલ છે. તે કારણે તેઓને પણ સુદર્શન નામના જંબૂવૃક્ષની ઉપમા પૂર્ણ રૂપે લાગુ પાડી શકાય છે. ॥ ૨૭ ॥

"जहा सा नईण पवरा"–ઈત્યાદિ.

અન્વયાર્થ—जहा–यथा જેમ(सलिला–सलिला)નિરંતર જળ પ્રવાહથી પરિપૂર્ણ (सागरंगमा) સમુદ્ર ગામિની नीलवंतप्पवहा–नीलवत्प्रवहा મેરુ પર્વતની ઉત્તરે આવેલા નીલવંત વર્ષધાર પર્વતમાંથી નીકળતી सीया–शीता શીતા નામની નદીને नईण पवरा–नदीनाँ प्रवरा નદીઓમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે. एवं बहुस्सुए हवइ–एवं बहुश्रुतः भवति એજ પ્રમાણે બહુશ્રુતને પણ માનવામાં આવે છે. તે બહુશ્રુત જ્ઞાન રૂપી જલ પ્રવાહથી સદા યુક્ત રહે છે. મુક્તિ પ્રાપ્ત કરનાર અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત રહેનાર તેઓ મુક્તિ રૂપ સાગર તરફ ગતિ કરનારા હોય છે. નીલવંત વર્ષધર પર્વત સમાન ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થવાથી નીલવત્પ્રવહ છે, અને નદી તુલ્ય મુનિઓમાં અથવા શ્રુતજ્ઞાનિઓમાં શ્રેષ્ઠ હોવાથી તેમને શીતા નદી સમાન શ્રેષ્ઠ માનવામાં આવ્યા છે. ॥ ૨૮ ॥

" जहा से नगाण पवरे "-ઇત્યાદિ.

અન્વયાર્થ—जहा-यथा જેમ से मंदरे गिरी-सः मन्दरो गिरिः તે પ્રસિદ્ધ મેરુ પર્વત नगाण पवरे-नगानां प्रवरः સમસ્ત પર્વતોમાં શ્રેષ્ઠ અને सुमहं-सुमहान् વિશેષ વિસ્તૃત नाणो सहिपज्जलिए - नानौषधिप्रज्वलितो भवति અને વિવિધ ઔષધિઓથી પ્રદીપ્ત હોય છે. एवं बहुस्सुए हवइ-एवं बहुश्रुतः भवति એવું જ બહુશ્રુતની બાબતમાં પણ છે. તે બહુશ્રુત મુનિઓ શ્રતનાં મહાત્મ્યના પ્રભાવથી વિવિધ પરીષહો આવી પડે તો પણ મેરુની જેમ અત્યંત અચલ રહે છે અને પર્વત સમાન સાધુ સમુદાયમાં શ્રેષ્ઠ અને આમર્ષ ઔષધિ આદિ લબ્ધિઓથી પ્રદીપ્ત હોય છે. ॥ ૨૯ ॥

" जहा से सयंभूरमणे "-ઈત્યાદિ

અન્વયાર્થ—जहा-जैसे જેમ ( से-सः ) તે सयंभूरमणे-स्वयंभूरमणः સ્વયંભૂરમણ उदही - उदधिः સમુદ્ર अक्खओदए - अक्षयोदकः સર્વદા પાણીથી ભરપૂર રહે છે, અને णाणारयणपडिपुण्णे - नानारत्नप्रतिपूर्णः મરકત આદિ વિવિધ પ્રકારનાં રત્નોથી ભરેલ હોય છે, एवं बहुस्सुए हवइ-एवं बहुश्रुतः भवति એવા જ બહુશ્રુત પણ હોય છે. સ્વયંભૂરમણની જેમ તે ક્ષાન્તિ આદિ ગુણોથી, ગંભીર ક્ષાયિક સમ્યકત્વ આદિ રૂપ અક્ષય જળથી અને અનેક અતિશય રૂપ રત્નોથી યુક્ત હોય છે. ॥ ૩૦ ॥

હવે સૂત્રકાર પૂર્વોકત ગુણોના અનુવાદ દ્વારા તથા તથા ફ્લેપ દર્શન દ્વારા બહુશ્રુતના માહત્મ્યનું વર્ણન કરે છે—

" समुद्दगंभीरसमा दुरासया "-ઈત્યાદિ.

અન્વયાર્થ— તે બહુશ્રુત समुद्दगंभीरसमा - समुद्रगांभीर्यसमाः ગાંભીર્ય ગુણમાં સમુદ્ર સમાન હોય છે. दुरासया-दुराश्रयाः પરવાદીઓ તેમનો કદી પણ પરાભવ કરી શકતા નથી. अचक्किया-अचकिताः પરવાદીઓ અને પરિષહોનો સામનો કરવો પડે ત્યારે તેઓ બિલકુલ ગભરાતા નથી. નિર્ભય રહે છે. केणइ दुप्पहंसया-केनापि दुष्प्रधर्षकः કારણ કે તેમને પરવાદીઓ તેમના સિદ્ધાંતમાંથી જરા પણ ચલાયમાન કરી શકતા નથી તેનું કારણ એ છે કે

विउलस्स सुयस्स पुण्णा–विपुलेन श्रुतेन पूर्णाः તેઓ શાસ્ત્રીય જ્ઞાનથી પરિપૂર્ણ હોય છે. ताइणो–त्रायिणः તેઓ છ કાયના જીવોના રક્ષક હોય છે અન્તે તેઓ कम्मं खवेत्तु उतमं गइं गया–कर्मक्षपयित्वा उत्तमां गतिं गताः જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષય કરીને સિદ્ધિ પદ પામે છે. અને ભવિષ્યમાં પણ પામશે.

ભાવાર્થ—બહુશ્રુત ઘણા જ ગંભીર હોય છે. તેમના પર કોઇ પણ વ્યકિત આક્રમણ કરી શકતી નથી. પર મતવાદી પણ તેમના પર આક્રમણ કરી શકતા નથી. તેઓ શસ્ત્રોના જ્ઞાતા–જાણકાર હોય છે તેઓ સદા છ કાયના જીવોનું રક્ષણ કરે છે. પરિષહો આદિ આવી પડે તો પણ તેઓ પોતાના કર્તવ્ય માર્ગથી જરા પણ ચલાયમાન થતા નથી. અન્તે કર્મોનો ક્ષય કરીને તેઓ મોક્ષ પ્રાપ્ત કરે છે. એક વચનમાં પ્રારંભ કરીને સૂત્રકારે બહુ-વચનમાં સમાપ્તિ કરી છે તેનું કારણ એ છે કે સકળ શ્રુતસંયમી એવા જ હોય છે, અને તે સૌ મોક્ષના અધિપતિ બને છે. ॥ ૩૧ ॥

## અધ્યયન કા ઉપસંહાર

આ પ્રકારે બહુશ્રુતની પ્રશંસા કરીને હવે સૂત્રકાર આ અધ્યયનનો ઉપસંહાર કરતાં શિષ્યોને ઉપદેશ આપે છે–

" तम्हा सुयमहिट्ठेज्जा "–ઇત્યાદિ.

અન્વયાર્થ—જે કારણે ઉપરોક્ત બહુશ્રત સંયમી મુનિયોના ગુણ મુક્તિ પ્રદાન કરનાર હોય છે. तम्हा–तस्मात् તે કારણે उत्तमट्ठगवेसए–उत्तमार्थगवेषकः મોક્ષ રૂપી અર્થની ગવેષણા કરનાર મુનિ सुयम्–श्रुतम् અંગોપાંગ આદિ ૩૫ આગમોના अहिट्ठेज्जा–अधितिष्ठेत् અધ્યયન, શ્રવણ આદિ દ્વારા સકળ શાસ્ત્રના પરગામી બને–સકળશાસ્ત્રના જ્ઞાતા બને કારણ કે (जेण–येन) તે શ્રુત દ્વારા अप्पाणं परं चेव–आत्मानं परं चैव તેઓ પોતાને તથા અન્ય જનોને મોક્ષ પ્રાપ્ત કરાવી શકે છે હે જંબૂ! ઉપરોકત રીતે મહાવીર પ્રભુએ જે કહ્યું તે મેં તને સમજાવ્યું છે

ભાવાર્થ—બહુશ્રુત સંયમીઓના ગુણ મુક્તિ પ્રદાન કરનારા હોય છે. તેથી સંયમીનું કર્તવ્ય છે કે તેમણે અંગોપાંગાદિરૂપ આગમનનું ખૂબ અધ્યયન કરવું જોઈએ. પોતાના આત્માને આગમનની સાથે એક રૂપ બનાવી લે. આમ કરવાથી તે મુક્તિનો અધિકારી બનશે. અને તેના ઉપદેશથી અન્ય ભવ્ય જનો પણ મોક્ષના અધિકારી બનશે. આ પ્રમાણે સુધર્મા સ્વામીએ જંબૂસ્વામીને પ્રભુ દ્વારા ઉપદિષ્ટ આ તત્વ સમજાવ્યું ॥ ૩૨ ॥

॥ ઉત્તરાધ્યયનસૂત્રની પ્રિયદર્શિની નામની ટીકાના
બહુશ્રુત નામના અગિયારમાં અધ્યયનનો
ગુજરાતી અનુવાદ સમાપ્ત ॥૧૧॥

## બારહવેં અધ્યયનકી અવતરણિકા ઔર હરિકેશબલ મુનિકા ચરિત્ર વર્ણન

## બારમા અધ્યયનનો પ્રારંભ

અગ્યારમું અધ્યયન કહેવાઈ ગયું હવે બારમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનું નામ હરિકેશીય અધ્યયન છે. આમાં હરિકેશબલ મુનિના ચરિત્રનું વર્ણન કરવામાં આવે છે. અગીયારમા અધ્યયનની સાથે આ અધ્યયનનો સંબંધ આ પ્રકારનો છે. અગીયારમા અધ્યયનમાં સૂત્રકારે બહુશ્રુતની પ્રશંસા કરેલ છે. આ બારમા અધ્યયનમાં તેઓ એ સમજાવે છે કે, બહુશ્રુતે પણ તપસ્યા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ રીતે તપ સમૃદ્ધિના વર્ણનનો સંબંધ બતાવતા આ હરિકેશીય નામના બારમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનની શરૂઆત હરિકેશબલ મુનિના ચારિત્ર વર્ણનથી થાય છે. તે આ પ્રકારે છે–

પૂર્વ સમયમાં મથુરા નામની મહાનગરીમાં એક રાજા રહેતા હતા જેનું નામ શંખ હતું. પ્રજા એમનાથી ખૂબ સંતુષ્ટ હતી. દીન દુઃખિયાઓના દુઃખોનો

એના દ્વારા સદા અંત આવતો હતો. કાળ લબ્ધિના નિમિત્તથી એણે સંસારની અસારતા જાણીને વિષયોને વિષ સમાન સમજીને તેનો પરિત્યાગ કરી દીધો અને વૈરાગ્યભાવથી મુનિઓની પાસે જઈ જૈનેશ્વરી દીક્ષા ધારણ કરી લીધી. અને તે પછી અલ્પ કાળમાંજ તે ગીતાર્થ બની ગયા. એક સમયની વાત છે કે, એ શંખ મહર્ષિ ગ્રામાનુગ્રામ ભ્રમણ કરતાં કરતાં હસ્તિનાપુર પહોંચ્યા. ભિક્ષાને માટે પર્યટન કરતાં સોમદેવ નામનો એક પુરોહિત કે જે પોતાના મકાનમાં ગલીના નાકા ઉપરની અગાશીમાં બેઠેલા હતા તેમને જોઈ નિરાપદ માર્ગ પૂછયો કેમકે, ત્યાં એક હુતવહ નામનો માર્ગ હતો. એ માર્ગ ઉપરથી કોઈ જતું તો તે અગ્નિજ્વાળાથી પ્રતપ્ત થવાની માફક મૂર્છિત થઈ જતા. મહર્ષિની આવી દશા જોવાની ઈચ્છાથી તે પુરોહિતે મહર્ષિને એજ માર્ગ બતાવ્યો. ઈર્યા સમિતિથી માર્ગનું શોધન કરતાં કરતાં તે મુનિરાજ એ માર્ગ ઉપર શાંતભાવે ચાલવા લાગ્યા. પરંતુ એ માર્ગ ઉપર તેમને જરા પણ કષ્ટ ન પહોંચ્યું. કેમકે, તે માર્ગ એમની લબ્ધિના પ્રભાવથી એકદમ શિતલ બની ગયેલ હતો. સોમદેવ પુરોહિતે જ્યારે મુનિરાજને એ માર્ગ ઉપર ધીરેધીરે આનંદપૂર્વક ચાલ્યા જતા જોયા. એ જોઈને સોમદત્ત પુરોહિતને તો તેના આશ્ચર્યની સીમા ન રહી. તે એજ વખતે નીચે ઉતરીને પોતાના મકાનમાંથી બહાર નીકળી જે રસ્તે મુનિરાજ જઈ રહ્યા હતા એ રસ્તે એમની પાછળ પાછળ ચાલવા લાગ્યો. એ રસ્તે ચાલતાં ચાલતાં તેને એવો અનુભવ થયો કે, પોતે એક શિતળ માર્ગ ઉપરથી જઈ રહેલ છે. તે જોઈ તેણે વિચાર કર્યો કે, આ સઘળો પ્રભાવ આ મહાન્ મુનિરાજનોજ છે. તેથી તે આશ્ચર્ય ચકિત બનીને તેણે ઝડપથી એ મહર્ષિની પાસે પહોંચી પોતે મનોગત વિચારેલા પાપમય વિચારનું નિવેદન કરી તેમની ક્ષમા માગી, અને અંતે તેણે એમની પાસે દીક્ષા ધારણ કરી. તે સોમદત્ત દીક્ષિત થવા છતાં પણ જાતિમદનો પરિહાર કરી ન શકયો. તેણે વિચાર કર્યો કે હું સર્વગુણ સંપન્ન છું તે ઉપરાંત હું બ્રાહ્મણ જેવા ઉત્તમ કુળનો છું આથી હું સર્વથી શ્રેષ્ઠ છું. સમય જતાં આ બ્રાહ્મણ મુનીએ મદ સાથે કાળ ધર્મ પામીને દેવ પર્યાયમાં અનેક જાતનાં સુખ ભોગવ્યાં.

દેવ પર્યાયથી ચ્યવીને જાતી મદના દોષથી મૃતગંગા નદીના કાંઠે રહેવાવાળા શ્વપચ ( ચાંડાલ ) જાતિના સ્વામી બલ્લકોટ્ટ કે જેની પત્નીનું નામ ગૌરી હતું એની કુખે પુત્રરૂપે ઉત્પન્ન થયા. ગૌરીએ એક રાત્રે મહોરથી ફાલીફુલી રહેલ એક આમ્રવૃક્ષને સ્વપ્નામાં જોયું અને સ્વપ્નામાં જોયેલ વાત તેણે સ્વપ્ન પાઠકને કહેતાં સ્વપ્ન પાઠકે તેનું ફળ આ પ્રમાણે બતાવ્યું. સ્વપ્ન-પાઠકે કહ્યું કે, હે દેવી ! આ સ્વપ્નથી એ જાણી શકાય છે કે, આપને ત્યાં જે પુત્ર જન્મશે તે મહાપુરુષ બનશે. સ્વપ્નનું ફળ જાણીને ગૌરીને મહા હર્ષ થયો. સમય વિતતો ચાલ્યો નવ માસ પુરાં થતાં ગૌરીને પુત્રનો જન્મ થયો. જાતિમદના દોષથી તે રૂપ લાવણ્ય વગરનો કુરૂપ અવતર્યો. પિતાએ તેનું નામ હરિકેશબલ રાખ્યું. કુરૂપ હોવાના કારણે તેના તરફ કોઈને પ્રેમ જાગતો નહીં. આ કારણે તેના બંધુજન પણ તેની હાંસી મશ્કરી ઉડાવતા. સ્વભાવ પણ તે તો બરોબર ન હતો. આ કારણે માતા પિતાને પણ ગાળો દઈ સદા દુઃખી કર્યા કરતો.

એક સમયે સઘળા ચાન્ડાલોએ મળીને વસંતનો ઉત્સવ મનાવવાનું નક્કી કર્યું. સઘળા નગરની બહાર એકત્ર થયા અને ત્યાં વિવિધ પ્રકારના ખાનપાનની સામગ્રી તૈયાર કરવા લાગી ગયા. નાના મોટા બાળકો પોત પોતાની સરખી ઉમરના બાળકો સાથે રમત ગમતમાં મસ્ત બન્યાં. હરિકેશબલ ઉપદ્રવી હોવાથી વૃદ્ધોએ એ બાળકોની સાથે રમવા તેને ભળવા ન દીધો. આથી હરિકેશબલનું ચિત્ત દુઃખ અનુભવવા લાગ્યું, પરંતુ તેનો કોઈ ઉપાય ન હતો. આથી મનોમન દુઃખ અનુભવતો તે બેઠાં બેઠાં બીજા બાળકોની રમત ગમત ઉદાસ ચિત્તે જોતો રહ્યો. આ વખતે ભયંકર એવો એક ઝેરી સાપ ત્યાં આગળ નીકળ્યો. સઘળા લોકોએ મળી તેને મારી નાખ્યો. ત્યાર બાદ થોડી વારે અલશિક નામે ઓળખાતો ઝેર વગરનો એક સાપ ત્યાં દેખાયો. લોકોએ તેને ન મારતાં જવા દીધો. આ બધી પરિસ્થિતિ જોઈ હરિકેશબલે વિચાર કર્યો કે, એ વાત ખરી છે કે જીવ પોતાના જ વ્યવહારને લઈને માર

ખાય છે અને પોતાના વ્યવહારથી જ રક્ષણ પામે છે. હું પણ મારા વ્યવહારને કારણે જ બધાની અપ્રીતિનુ કારણ બનેલ છું. આ પ્રકારનો વિચાર કરતાં કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું જાતિસ્મરણના પ્રભાવથી તેણે પોતાનો પૂર્વ વૃત્તાંત જાણ્યો આથી તેને સંસાર પ્રત્યે વિરક્તભાવ જાગ્યો જેથી તેણે મુનિ સમીપ જઇને દીક્ષા ધારણ કરી.

દીક્ષા ધારણ કર્યા પછી તેણે ખૂબ તપશ્ચર્યા કરી મદનું શમન કરનાર છઠ્ઠમ અઠ્ઠમ દ્વાદશ આદિ તીવ્ર તપો કરવા માંડયાં. એક સમયની વાત છે કે, ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા તે વાણારસી નગરીમાં પહોંચ્યા. ત્યાં તિન્દુક વૃક્ષોનું વન હતું એ વનમાં મંડિકયક્ષનું એક સ્થાન હતું. ત્યાં જઈ તે રોકાયા અને માસ ખમણ તપસ્યા કરવા લાગ્યા. એમના ગુણોથી આકર્ષાઇને યક્ષે તેમની ખૂબ પરિચર્યા કરી. એક સમયે ભદ્રા નામની એક રાજકુમારી પૂજનની સામગ્રી લઈ પોતાની સખીઓ સાથે એ યક્ષનું પૂજન કરવા આવી. પૂજા કરીને તેણે પ્રદક્ષિણા કરવાનો પ્રારંભ કર્યો તે સમયે મેલાં વસ્ત્ર તેમજ મળેલા ગાત્રવાળા તે મુનિ તરફ તેનું ધ્યાન ગયું અને જોતાંની સાથે જ ઘૃણાભાવ જાગતાં એ મુનિ ઉપર થુંકી યક્ષે રાજપુત્રીના એ અસત્ વ્યવહારને જોયો. અને એજ વખતે ક્રોધયુક્ત બનીને તેણે રાજપુત્રીને પકડી લીધી. અર્થાત્ રાજપુત્રી યક્ષાવિષ્ટ બની ગઇ અસંબદ્ધ પ્રલાપ કરવા લાગી. સખીઓએ તેની આ પ્રકારની હાલત જોઈને તાત્કાલીક ઘેર પહોંચતી કરી. ઘેર પહોંચતાં તેનો અનેક રીતે ઉપચાર થવા લાગ્યો. યક્ષને પ્રસન્ન કરવા માટે અનેક ઉપાય હાથ ધરવામાં આવ્યા. અંતે પ્રસન્ન બનેલા યક્ષે એ રાજપુત્રીના મુખથી કહ્યું કે, મહાશયો ! જો આપ લોકોને આ કન્યાના જીવનથી કોઇ પ્રયોજન હોય તો આપ આ કન્યાનો વિવાહ એ મુનિરાજ સાથે કરી દો. આ પ્રકારનાં યક્ષનાં વચન સાંભળીને સહુએ વિચાર કર્યો કે, મુનિરાજની સાથે પાણીગ્રહણ કરાવવાથી

જો રાજકુમારી જીવી શકતી હોય તો આમાં કોઈ જાતની આપત્તિ નથી. આ પ્રકારનો વિચાર કરી રાજા વિવાહનો સાજ લઈને કન્યાની સાથે તે યક્ષના મંદિરે પહોંચ્યા. ત્યાં જઈ તેણે હાથ જોડીને મુનિરાજને કહ્યું કે, ભગવન્! આપનો આ કન્યાએ ગુરુત્તર (ઘણો મોટો) અપરાધ કરેલ છે. એથી હું પરિચારિકા તરીકે આપને સોંપું છું. આપ કૃપા કરી એનો સ્વીકાર કરો. વિનયથી ભરપૂર એવાં રાજાનાં વચન સાંભળી મુનિએ કહ્યું કે, રાજન્! મુક્તિ માર્ગમાં ચાલનારા સંયમીઓને કામિની અકલ્પ્ય હોય છે. કેમકે, તે સ્વભાવતઃ એના સંયમ રૂપ ચંદ્રમાને ગળી જવામાં રાહુ જેવી માનવામાં આવેલ છે. શમ-દમ આદિ નંદનવનને બાળી નાખવામાં તે દાવાનળ સમાન મનાયેલ છે. ધર્મરૂપ વૃક્ષનું ઉન્મૂલન કરનાર મદોન્મત્ત ગજરાજ જેવી બતાવાયેલ છે. સમતારૂપ કલ્પલતાને ઉખાડવામાં તે કુહાડા જેવી છે. આ માટે હે રાજન્! આપની પુત્રીથી મારે કોઈ પ્રયોજન નથી. યક્ષે જ્યારે મુનિની આ સ્થિતિ જોઈ ત્યારે તેણે પોતાના પ્રભાવથી એજ વખતે એ મુનિરાજને અંતર્ધ્યાન કરીને પોતે મુનિનો વેશ ધારણ કરી લીધો અને રાજાના અત્યંત આગ્રહ પછી તે રાજપુત્રીની સાથે વિવાહ કરી લીધો. રાજા આ રીતે પુત્રીનો વિવાહ કરી પોતાની રાજધાનીમાં પાછા ફર્યા. રાજકન્યા તે યક્ષાલયમાં રાતભર એકલી રહી. સવાર થતાં જ તે યક્ષે પોતાના પ્રભાવથી અદૃશ્ય બનાવેલ તે મુનિને પ્રગટ કરી દીધા. પ્રગટ થતાંની સાથેજ મુનિએ તે રાજપુત્રીને કહ્યું. જુઓ હું મુનિ છું, સ્ત્રીનો સ્પર્શ કરવો પણ મારા માટે મનાઈ છે. તો પછી વિચારો કે, હું તમારો સ્વીકાર કઈ રીતે કરી શકું ? યક્ષેજ મુનિનો વેશ બનાવી તમારી સાથે વિવાહ કર્યો છે. મેં કરેલ નથી. આથી તમે તમારે ઘેર ચાલ્યાં જાઓ. મુનિએ જ્યારે રાજપુત્રીને આ પ્રકારે કહ્યું એટલે તે ત્યાંથી ચાલીને પોતાના પિતાની પાસે પહોંચી અને સઘળો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. રાજપુત્રી જ્યારે પોતાના

પિતાને એ વૃત્તાંત કહી રહી હતી ત્યારે રાજાની પાસે રૂદ્રદેવ નામનો એક પુરોહિત ત્યાં બેઠેલ હતો. વૃત્તાંત સાંભળી લીધા પછી તેણે રાજાને કહ્યું. હે રાજન્! આપની પુત્રી હવે ઋષિપત્ની બની ચુકી છે આથી તે કન્યા હવે આપ કોઇ બ્રાહ્મણને સુપ્રત કરો. રાજાએ પુરોહિતની વાત સાંભળીને તે કન્યા તેનેજ સુપ્રત કરી દીધી. પુરોહિતે એ રાજકન્યા સાથે ઘણા સમય સુધી સુખ ભોગવ્યું એ પછી એક સમયે પત્ની સાથે રૂદ્રદેવ યજ્ઞને માટે દીક્ષિત બન્યો. યજ્ઞમંડપ તૈયાર કરવામાં આવ્યો. અનેક વિદ્વાન બ્રાહ્મણો ત્યાં આવ્યા. અનેક પ્રકારની યજ્ઞસામગ્રી ત્યાં એકઠી કરાવા માંડી આ વખતે હરિકેશબલ મુનિ માસોપવાસના પારણા માટે ભિક્ષા લેવા નીકળતાં તે સ્થળે આવી પહોંચ્યા ત્યાં તેમની સાથે કેવો વહેવાર કરવામાં આવ્યો તેમણે તેનું નિવારણ કઈ રીતે કર્યું, એ બ્રાહ્મણોને કઈ રીતે સમજાવ્યા એ સઘળા વિષયને સૂત્રકાર હવે અહીં પ્રગટ કરે છે.—

" सोवागकुलसंभूओ " ઇત્યાદિ.

અન્વયાર્થ—सोवागकुलसंभूओ-श्वपाककुलसंभूतः ચાંડાલના કુળમાં ઉત્પન્ન થયેલા અને गुणुत्तरधरो-गुणोत्तरधरः ગુણોમાં સર્વોત્તમ ગુણ જે પ્રાણાતિપાત વિરમણ આદિ છે તેને અથવા સમ્યગ્ દર્શન સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ ચારિત્રને ધારણ કરવાવાળા અને जिइंदिओ-जितेन्द्रियः ઈન્દ્રિયોને જીતવાવાળા તથા भिक्खू-भिक्षुः નિરવદ્ય ભિક્ષા લેવાવાળા એવા हरिएसबलो नामं मुणी-हरिकेशबलो नाममुनिः હરિકેશબલ મુનિ आसी-आसीत् હતા. ॥ १ ॥

" इरिएसणभासाए " ઇત્યાદિ.

અન્વયાર્થ—इरिएसणभासाए उच्चारसमिईसु-ईर्यैषणाभाषोच्चारसमितिषु ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણા સમિતિ, ઉચ્ચારપ્રસ્રવણશ્લેષ્મ સિંઘાણ જલ્લ પરિષ્ઠાપનિકા સમિતિ, તથા आयाणणिक्खेवे-आदाननिक्षेपे આદાન નિક્ષેપણ સમિતિ આ પાંચે સમિતિયોમાં जओ-यतः પ્રયત્નશીલ તથા संजओ-संयतः સંયમશીલ सुसमाहिओ-सुसमाहितः જ્ઞાન દર્શન ચારિત્ર અને સમાધિયુક્ત તથા मणोगुत्तो वयगुत्तो कायगुत्तो जिइंदिओ-मनोगुप्तः वचोगुप्तः कायगुप्तः-जितेन्द्रियः મનોગુપ્તિથી યુક્ત, વચનગુપ્તિથી યુક્ત, કાયગુપ્તિથી યુક્ત અને ઇન્દ્રિયોને જીતવાવાળા એવા તે મુનિ भिक्खादा-भिक्षार्थम् ભિક્ષાને માટે

बंभइज्जम्मि–ब्रह्मेज्ये બ્રાહ્મણ લોક જ્યાં યજ્ઞ કરી રહ્યા હતા એવા जन्नवाडमुवट्ठिओ–यज्ञपाटउपस्थितः યજ્ઞસ્થાને પહોંચ્યા ॥ ૨ ॥ ૩ ॥

"तं पासिऊणमेज्जंतं" ઇત્યાદિ.

અન્વયાર્થ—तवेण परिसोसियं–तपसा परिशोषितम् છઠ્ઠ અઠ્ઠમ આદિ તપસ્યાથી કૃષ બનેલા, पंतोवहिउवगरणं–प्रान्तोपध्युपकरणम् પ્રાન્ત–જીર્ણ અને મલિન હોવાથી અસાર–ઉપધિવાળા, અર્થાત્–નિત્યોપયોગી વસ્ત્ર પાત્રાદિરૂપ ઉપધિવાળા, તથા ઉપકરણવાળા, સંયમોપહારક રજોહરણ પ્રમાર્જીકાદિકવાળા, એવા तं–तम् હરિકેશબલ મુનિને एज्जंतं–एजमानं આવતા पासिऊण–दृष्ट्वा જોઈને अनारिया–अनार्याः યજ્ઞમંડપમાં ઉપસ્થિત એ અનાર્ય–અશિષ્ટ જન–સઘળા उवहसंति–उपहसंति હસવા લાગ્યા ॥ ૪ ॥

તે અનાર્ય કેવા હતા તે કહે છે—

"जाइमयपडित्थद्धा" ઇત્યાદિ.

અન્વયાર્થ–जाईमयपडिथद्धा–जातिमदप्रतिस्तब्धाः જાતિમદથી સંપન્ન, हिंसगा–हिंसकाः પ્રાણીઓનો ઘાત કરવામાં લવલીન પ્રત્યેક अजिइंदिया–अजितेन्द्रियः ઈન્દ્રિયોના વિષયોમાં વ્યાકુળચિત્ત अबंभचारिणो–अब्रह्मचारिणः ધર્મબુદ્ધિથી મૈથુનસેવી એવા તેઓ આ પ્રમાણે કહે છે—

धर्मार्थपुत्रकामस्य, स्वदारेष्वधिकारिणः।
ऋतुकाले विधानेन, तत्र दोषो न विद्यते ॥ १॥

अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गो नैव च नैव च।
अथ पुत्रमुखं दृष्ट्वा, पश्चात् स्वर्गं गमिष्यति ॥ २ ॥

તથા बाला–बाला અજ્ઞાની–બાલક્રીડાની માફક અગ્નિહોત્ર આદિમાં પ્રવૃત્ત એવા યજ્ઞમંડપના બ્રાહ્મણ આ પ્રકારનું વચન બોલ્યા ॥ ૫ ॥

'कयरे आगच्छई दित्तरूवे" ઇત્યાદિ.

અન્વયાર્થ—दित्तरूवे–दीप्तरूपः બીભત્સ આકારવાળા તેમજ काले–कालः કૃષ્ણ રૂપવાળા, विगराले–विकरालः ભય ઉત્પન્ન કરનાર फोक्कनाते–फोक्कनासः બેડોળ નાકવાળા અને आमचेलए–अवमचेलकः મલીન વસ્ત્ર ધારણ કરવાવાળા, શરીર ઉપર पंसुपिसायभूए–पांसुपिशाचभूतः ધૂળ ઉડવાથી ભૂત જેવું જેનું સ્વરૂપ

દેખાય તેવા संकरदूसं-संकरदूष्यम् જીર્ણ બનેલા અને બીન ઉપયોગી હોવાથી ઉકરડા ઉપર નાખી દેવા યોગ્ય વસ્ત્ર જેવા અસાર ફાટેલાં અને મેલાં વસ્ત્રોને कंठे परिहरिय-कंठे परिधृत्य ધારણ કરીને कयरे आगच्छइ-कतरः आगच्छति આ કોણ આવી રહેલ છે ॥ ૬ ॥

જ્યારે મુનિરાજ તેમની પાસે આવી પહોંચ્યા ત્યારે તેમણે જે કહ્યું તે સૂત્રકાર બતાવે છે.—

" कयरे तुमं इय अदंसणिज्जे " ઈત્યાદિ.

અન્વયાર્થ—इइ-इति એ પૂર્વોક્ત રૂપથી अदंसणिज्जे-अदर्शनीयः કુરૂપવાળા હોવાના કારણે સર્વથા જોવા લાયક નહીં એવા તમે कयरे-कतरः કોણ છો ? काए व आसा इहमागओसि-कया वा आशया इह आगतोऽसि કઈ આશાથી તમો અહીં આવ્યા છો ? ओमचेलगा पंसुपिसायभूया-अवमचेलक पांशुपिशाचभूत અરે મલિન વસ્ત્રધારી ! ધૂળથી ખરડાયેલ પિશાચ જેવા શરીરવાળા તું गच्छ-गच्छ અહીંથી ચાલ્યો જા, જલ્દીથી क्खलाहि-स्खल અહીંથી દૂર હટીજા, किमिहट्ठिओसि-किमिहस्थितोऽसि શા માટે અહીં ઉભો છે ? ॥ ૭ ॥

આ પ્રકારે યજ્ઞમંડપમાં બેઠેલા બ્રાહ્મણોથી અપમાનીત થવા છતાં પણ જ્યારે એ હરિકેશબલ મુનિરાજે કાંઈ ન કહ્યું ત્યારે એમની પાસે રહેલા તિન્દુક-વૃક્ષવાસી મંડિક નામના યક્ષે ત્યાં શું કર્યું તે પ્રગટ કરવામાં આવે છે.—

" जक्खो तहिं तिन्दुयरुक्खवासी " ઈત્યાદિ.

અન્વયાર્થ—જ્યારે યજ્ઞસ્થાનમાંના બ્રાહ્મણોએ એ મુનિરાજ હરિકેશબલનું અપમાન કર્યું तहिं-तत्र એ સમયે तिंदुयरुक्खवासी-तिन्दुकवृक्षवासी તિન્દુક વૃક્ષમાં રહેવાવાળા जक्खो-यक्षः યક્ષ કે જે तस्स महामुनिस्स अणुकंपओ-तस्य महामुनेः अनुकंपकः તે મુનિ મહારાજ માટે ખુબજ દયાશીલ હતો તેમ મુનિ મહારાજનો સાચો સેવક હતો તેણે नियगं सरीरं पच्छायइत्ता-निजकं शरीरं प्रच्छाद्य પોતાના શરીરને અન્તર્હિત કરીને અર્થાત્ સ્વયં મુનિરાજના શરીરમાં પ્રવિષ્ટ થઈને इमाइं वयणाइं उदाहरित्था-इमानि वचनानि उदाहरत् આ પ્રમાણે વચનો કહ્યાં ॥ ૮ ॥

મુનિના શરીરમાં પ્રવેશેલા યક્ષે જે કહ્યું તે બતાવવામાં આવે છે—

"समणो अहं संजओ" ઈત્યાદિ.

અન્વયાર્થ—अहं समणः-अहं श्रमणः હું મુનિ છું, संजओ-संयतः સાવદ્ય વ્યાપારથી સદા નિવૃત્ત છું बंभयारि-ब्रह्मचारी કુશીલનો ત્યાગ કરનાર છું નવ વાડથી વિશુદ્ધ બ્રહ્મચર્યને પાળનાર છું. धणपयणपरिग्गहाओ विरओ-धनपचन परिग्रहात् विरतः ધન-ચતુષ્પદાદીથી, પચન-આહારાદિકનું નિર્માણ કરવાથી, અને પરિગ્રહથી-ગણિમ, ધરિમ, મેય, તથા પરિચ્છેદ્યરૂપ પરિગ્રહથી વિરક્ત છું. અને भिक्खकाले-भिक्षाकाले ભિક્ષાના સમયે બીજા માટે તૈયાર કરવામાં આવેલ ભોજન अट्ठा-अर्थाय લેવા માટે इहम्-इह આ યજ્ઞશાળામાં आगओमि-आगतोऽस्मि આવેલ છું. भवयाणमेयं अन्नं-भवतां एतत् अन्नम् આપ લોકોની આ ચતુર્વિધ આહાર સામગ્રી पभूयं-प्रभूतम् વધુ પ્રમાણની છે આમાંથી આપ લોક કાંઈ દીન અનાથોને આપો છો, બીજા બ્રાહ્મણોને ખવડાવો છો य-च અને આપ પોતે भोज्जइ-भुज्यते ખાઓ છો. जायणजीविणं मे जाणाहि-याचन-जीविनं मां जानीत યાચનાથી પ્રાપ્ત થતા ભોજનથી જ હું મારો નિર્વાહ ચલાવું છું. એ આપ નિશ્ચિત રૂપથી સમજો त्ति-इति એ માટે सेसावसेसं तवस्सी लहउ शेषावशेषं तपस्वी लभताम् વિતરણથી તથા ખાધા બાદ બચેલા આ ભોજન માંથી આપ લોક કાંઈ મને-તપસ્વીને પણ આપો. આ બે ગાથાઓ દ્વારા "कयरे तुमं" સાતમી ગાથાનો ઉત્તર આપવામાં આવેલ છે. ॥ ૯ ॥ ૧૦ ॥

આ પ્રકારે જ્યારે મુનિના શરીરમાં પ્રવિષ્ટ થયેલા યક્ષે કહ્યું ત્યારે યજ્ઞ-શાળામાંના બ્રાહ્મણોએ આ પ્રકારે કહ્યું—

"उवक्खडं भोयण माहणाणं" ઈત્યાદિ.

અન્વયાર્થ—माहणाणं-ब्राह्मणेभ्यः બ્રાહ્મણોના નિમિત્તે उवक्खडं-उपस्कृतम् તૈયાર કરાવવામાં આવેલ भोयणं-भोजनम् અશન પાનાદિક अतट्ठियं-आत्मार्थिकम् બ્રાહ્મણોના માટેજ છે. આથી તે બ્રાહ્મણોને દીધા પહેલાં બીજા કોઇને આપી શકાય નહીં. इहेगपक्खं सिद्धम्-इह एकपक्षं सिद्धम् આ ભોજનમાં ફક્ત એકજ પક્ષ-બ્રાહ્મણરૂપ પક્ષજ પ્રધાન છે. આથી एरिसमन्नपाणं-इदृशमन्नपानम् આ પ્રકારનું અન્નપાન वयं-वयम् અમે तुज्झं न दाहामु-तुभ्यं-न दास्यामः કોઈને પણ આપી શકતા નથી તો શ્વપાક કુળમાં ઉત્પન્ન થયેલા એવા તમને કેમ આપી શકીએ ? અર્થાત નહીં આપીએ કહ્યું પણ છે—

“ न शूद्राय मतिं दद्यान्नोच्छिष्टं न हविः कृतम् ।
न चास्योपदिशेत् धर्मं, न चास्य व्रतमादिशेत् ॥ १ ”

અર્થાત્ શૂદ્રને ન બોધ આપવો, ન ઉચ્છિષ્ટ દેવું, યજ્ઞાવશિષ્ટ ન દેવું, ન ધર્મનો ઉપદેશ આપવો અને ન તો તેનું વ્રતમાં આરોપણ કરવું. આ માટે અમે તમને કાંઈ આપશું નહીં. વ્યર્થ તમે इह અહીં किं ठिओऽसि-किं स्थितोऽसि શા માટે ઉભા છો ? ॥ ૧૧ ॥

આ પ્રકારનાં બ્રાહ્મણોનાં વચન સાંભળીને યક્ષે આ પ્રકારે કહ્યું—

‘ थलेसु बीयाइं ववंति ’ ઇત્યાદિ.

અન્વયાર્થ—જેમ कासया—कर्षकाः ખેડુતો आससाए—आशंसया ફળ પ્રાપ્તિની ઇચ્છાથી निन्नेसु थलेसु-निम्नेषु स्थलेषु નીચેની જમીનને ખેડી તેનિ અંદર बीयाइं ववंति-बीजानि वपन्ति બી વાવે છે એજ રીતે તે ઉંચાણુવાળી જમીનમાં પણ બી વાવે છે. આ રીતે બી વાવવામાં એમનો કેવળ એવો અભિપ્રાય રહ્યા કરે છે કે, કદાચ અતિવૃષ્ટિ થાય તો નીચેના ભાગમાં અન્નોત્પત્તિની અસંભવતા રહે છે કેમકે નિચાણુવાળા ભાગમાં પાણી વધુ પ્રમાણમાં એકઠું થઈ જાય છે અને એ કારણે બી સડી જાય છે તેમ અલ્પવૃષ્ટિ થતાં ઉંચાણુવાળા ભાગમાં એ વખતે અનાજનું ઉત્પાદન સંભવિત નથી બનતું. કેમકે, ઓછા વરસાદના કારણે ઉંચાણુવાળા ભાગમાં પાણી રહી શકતું નથી. નીચાણુવાળા ભાગમાં ટકી શકે છે. આ કારણે ઉંચાણુવાળા ભાગમાં અને નિચાણુવાળા ભાગમાં એમ બંને સ્થળે બી વાવવામાં આવે છે. આ રીતે બ્રાહ્મણો ! તમે સઘળા પણ एयाए सद्धाए-एतया श्रद्धया આવી શ્રદ્ધાથી मज्झं दलाए-मह्यं दत्त મને આહારાદિક સામગ્રી આપો. અર્થાત્-જે રીતે તમે લોકો પોતાની જાતને નિમ્ન ક્ષેત્ર રૂપ માનો છો અને મને સ્થળ રૂપ માનો છો તો પણ ખેડુતની માફક આપ લોક નિમ્નક્ષેત્ર જેવા બ્રાહ્મણોને માટે જે શ્રદ્ધાથી આપો છો એ જ શ્રદ્ધાથી સ્થૂલ તુલ્યરૂપ मज्झं-मह्यम् મને પણ આહારાદિક આપો. इदं-इदम् આ મારૂં શરીર રૂપ खेत्तं-क्षेत्रम् ક્ષેત્ર खु-खलु નિશ્ચયથી पुण्णं-पुण्यम् પુણ્યરૂપ છે. આ માટે આપ પુણ્યરૂપ ક્ષેત્રની આરાધના કરો છો એ આપને માટે પુણ્ય સંપાદન કરનાર બનશે. તાત્પર્ય એ છે કે, મને આપવામાં આવેલ આહાર આપને પુણ્ય પ્રાપ્તિ કરાવનાર બનશે. ॥ ૧૨ ॥

યક્ષનાં આ પ્રકારનાં વચનો સાંભળીને બ્રાહ્મણોએ શું કહ્યું તે સૂત્રકાર આ ગાથાથી બતાવે છે—‘ खित्ताणि अम्हं ”-ઈત્યાદિ.

અન્વયાર્થ—लोए-लोके આ સંસારમાં खित्ताणि अम्हं विइयाणि-क्षेत्राणि अस्माकं विदितानि ક્ષેત્ર તુલ્ય પાત્રની અમારા લોકોને જાણ છે जहिं पकिन्ना-पुण्णा विरुहंति-यत्र प्रकीर्णात् पुण्याणि विरोहन्ति કે જ્યાં આહારાદિકના

આપવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે, તે ક્યાં છે તેને બ્રાહ્મણો બતાવે છે जे जाइ विज्जोववेया माहणा–ये जातिविद्योपपन्ना ब्राह्मणा જે બ્રાહ્મણત્વ જાતિથી વિશિષ્ટ અને ચૌદ વિદ્યાઓના નિધાન બ્રાહ્મણ છે ताइं तु–तानि तु તે જ सुपेसलाइं–सुपेशलानि સુંદર સુખના પુણ્ય અંકુરના ઉત્પાદક खित्ताइं–क्षेत्राणि ક્ષેત્ર છે તમારા જેવા નહીં.

ભાવાર્થ—તમારા જેવા દાનને પાત્ર નથી કેમકે, તમે તો ચાંડાલના વંશમાં ઉત્પન્ન થયેલ છો આથી અત્યંજને દાન આપવાનો નિષેધ છે. દાનને પાત્ર તો ફક્ત એક બ્રાહ્મણો જ છે. બ્રાહ્મણોને આપવામાં આવેલ દાન કેટલું ફળદાયક હોય છે એ વાત આ પ્રકારથી બતાવવામાં આવેલ છે—

"सममश्रोत्रिये दानं द्विगुणं ब्राह्मणब्रुवे ।
सहस्रगुणमाचार्ये, ह्यनन्तं वेदपारगे ॥"

જે શ્રોત્રિય નથી તેને આપવામાં આવેલ દાન સમ હોય છે. વિશેષ ફળ આપનાર થતું નથી. જે બ્રાહ્મણબ્રુવ છે. પોતાને બ્રાહ્મણ કહે છે તેમને આપવામાં આવેલ દાન બમણા ફળને આપનાર બને છે. આચાર્યને આપવામાં આવેલ દાન હજારગણું ફળ આપનાર બને છે. તથા જે વેદના પારગામી છે તેને આપવામાં આવેલ દાન અનંતગણા ફળને આપનાર હોય છે. ॥૧૩॥

આ પ્રમાણે જ્યારે બ્રાહ્મણોએ કહ્યું ત્યારે યક્ષે કહ્યું—

"कोहो य माणो य" ઈત્યાદિ !

અન્વયાર્થ—कोहोय माणोय–क्रोधश्च मानश्च ક્રોધ, માન અને લોભ તથા वहो य–वधश्च યજ્ઞમાં પ્રાણીઓનો વધ તથા मोस–मृषा અસત્ય अदत्तं च અદત્તનું આદાન 'ચ' શબ્દથી મૈથુનનું સેવન અને परिग्गहो य–परिग्रहश्च પરિગ્રહ આ जेसिं–येषाम् જેમની પાસે છે. તેવા તે माहणा–ब्राह्मणाः તમે બ્રાહ્મણો जाइ विज्जाविहूणा–जातिविद्याविहीनाः જાતિ અને વિદ્યાથી વિહીન જ માનવા યોગ્ય છો. કેમકે, બ્રાહ્મણોને યોગ્ય એવા કર્મનો અભાવ આપનામાં છે. ચાર વર્ણની વ્યવસ્થા ક્રિયા કર્મના વિભાગથી જ માનવામાં આવેલ છે. કહ્યું પણ છે—

"एकवर्णमिदं सर्वं, पूर्वमासीत् युधिष्ठिर ।
क्रियाकर्मविभागेन, चातुर्वर्ण्यं व्यवस्थितम् ॥ १ ॥
ब्राह्मणो ब्रह्मचर्येण, यथा शिल्पेन शिल्पिकाः ।
अन्यथा नाममात्रं स्यादिन्द्रगोपककीटवत् ॥ २ ॥ इति ॥

હે યુધિષ્ઠિર પહેલાં એકજ વર્ણ હતો પછીથી ક્રિયા અને કર્મના વિભાગથી એ વર્ણ ચાર રૂપમાં વિભક્ત બન્યો. બ્રહ્મચર્યથી બ્રાહ્મણ કહેવામાં આવે છે, શિલ્પ કર્મથી શિલ્પિ કહેવાય છે. કર્મના વગર તે નામમાત્રનો બ્રાહ્મણ છે. ખરેખરો બ્રાહ્મણ નથી. જે રીતે કોઈ કીટ વગેરેને ઈન્દ્રગોપ કહે છે પરંતુ ઈન્દ્રનું રક્ષણ કરનાર એ બીચારો કીટ કઈ રીતે બની શકે ? એ તો નામમાત્રથી જ ઇંદ્રગોપ છે. આ રીતે આપ સઘળા ક્રોધાદિકોથી

યુક્ત હોવાથી અને બ્રહ્મચર્યના અભાવવાળા હોવાથી આપ લોક જાતિથી પણ બ્રાહ્મણ કહેવડાવવાને યોગ્ય નથી. ભલે આપ ઇન્દ્રગોપ કીડાની માફક નામથી બ્રાહ્મણ રહ્યા. તેમ બાલક્રીડાની માફક આ અગ્નિહોત્ર આદિ હેય કર્મોમાં નિરત હોવાના કારણે આપ લોક સમ્યગ્જ્ઞાન રૂપ પારમાર્થિક વિદ્યાથી પણ વિહીન છો. આ કારણે જાતિ અને વિદ્યાથી વિહીન હોવાથી કેવળ નામ માત્રના બ્રાહ્મણોને બ્રાહ્મણ લક્ષણોથી યુક્ત તેમજ ગુણગામી માનવા યોગ્ય નથી. પછી એ કઈ રીતે માની શકાય કે આપ લોક પુણ્યાંકુર જનનને યોગ્ય ક્ષેત્ર છો. આવી સ્થિતિ સંપન્ન આપ લોક કેવળ પાપોનાજ ઉત્પાદક ક્ષેત્ર માન્યા ગયા છો. અને સમ્યક્જ્ઞાનનું ફળ વિરતિ જ હોય છે. ક્રોધ ભરેલા એવા આપમાં વિરતિનો તો સંભવ છે જ નહીં. આથી તેના અભાવમાં વિદ્યા-જ્ઞાન પણ નિષ્ફળ હોવાથી અસફળ જ માનવામાં આવે છે. આ કારણે આપ લોક વિદ્યા વિહીન જ છો. ॥ ૧૪ ॥

કદાચ એ લોકો એમ કહે કે, અમે લોકો વેદવિદ્યા અને બ્રહ્મવિદ્યાને જાણીએ છીએ આથી બ્રાહ્મણ અને વિદ્યા સંપન્ન જ છીએ છતાં પણ અમને જાતિ વિદ્યા વગરના કેમ કહો છો? એનું સમાધાન આ પ્રકારનું છે.—

"तुब्मेत्थ भो भारहरा" ઈત્યાદિ !

અન્વયાર્થ—भो–भोः હે બ્રાહ્મણો! तुब्भेत्थ–यूयं अत्र તમે આ લોકમાં गिरणां भारहरा–गिरां भारधराः કેવળ વેદ સંબંધી વાણીના ભારને ઉપાડનાર છો, કેમકે, તમે લોકો પારમાર્થિક અર્થના જ્ઞાતા નથી. અંગ ઉપાંગ સહીત હોવાથી વેદોનું વજન ઘણુંજ ભારે થઈ જાય છે તથા તેમાં પારમાર્થિક અર્થ વિહીનતા પણ પ્રાધાન્ય રૂપથી રહેલ છે. આથી તે એક પ્રકારનો ભાર છે. તેને આપ લોકો પોતાના મગજમાં ધારણ કરવાથી તેનો ભારજ ઉપાડી રહ્યા છો. આથી એક પ્રકારના આપ સઘળા ભાર ઉપાડનાર જ છો.

આ ઉપર જો કદાચ તેઓ એમ કહે કે, વેદોમાં પારમાર્થિક અર્થ નથી તો એ વાત બરોબર નથી. વેદોમાં પારમાર્થિક અર્થ છે જ. આ કારણે તમે ભારવાહક અમોને કેમ કહો છો. આ પ્રકારે આપનું કહેવું આપની અજ્ઞાનતાનું જ કારણ માત્ર છે. આ પ્રકારની આ શંકાનું સમાધાન સૂત્રકાર આગળના પદો દ્વારા કરતાં કહે છે—"अट्ठं" ઈત્યાદિ !

હે બ્રાહ્મણો! આપ લોકોએ वेए अहिज्ज – वेदान् अधीत्य વેદોનું અધ્યયન કરેલ છે તો પણ अट्ठं न जाणाह – अर्थं न जानीथ ઋગ્વેદ આદિમાં यत्र कुत्रचित् (જે તે સ્થળે) સ્થળોમાં છુપાયેલા અર્થને પારમાર્થિક તત્ત્વને આપ લોકો જાણતા નથી. કદાચ જાણતા હોત તો "मा हिंस्यात् सर्वभूतानि" કોઈ પણ જીવને મારો નહીં આ વેદમંત્રનું અધ્યયન કરવા છતાં પણ આપ લોક આ હિંસામય યજ્ઞ કરવામાં શા માટે પ્રવૃત્ત બની રહ્યા છો?

આથી એમ કહી શકાય કે, આપ લોક પરમાર્થતઃ વેદના જાણકાર નથી. આથી વેદવિદ્યા સંપન્ન પણ નથી. આવીજ રીતે બ્રહ્મચર્યનો અભાવ હોવાથી અને વેદવિદ્યા સંપન્નતાથી રહીત હોવાથી આપ લોક પુણ્યાંકુર પ્રરોહણના યોગ્ય ક્ષેત્ર સ્વરૂપ નથી.

જ્યારે આ પ્રકારથી યજ્ઞસ્થાને આવેલા મુનિરાજે કહ્યું ત્યારે એ લોકોએ પૂછયું કે, મહારાજ! હવે આપ બતાવો કે, પુણ્યાંકુરને ઉત્પાદન યોગ્ય ક્ષેત્ર કયું છે? આ પ્રકારનાં બ્રાહ્મણોનાં વચનોને સાંભળીને મુનિરાજે તેમને કહ્યું કે, સાંભળો હું તે બતાવું છું. જે मुणिणा-मुनयः મુનિજન ષટ્કાયના જીવોની રક્ષા કરવા માટે उच्चावचाइं-उच्चावचानि નાના મોટા ઘરોમાં ભિક્ષા માટે चरंति ભ્રમણ કરે છે ताइं तु खेत्ताइं सुपेसलाइं-तानि तु क्षेत्राणि सुपेशलानि તેજ મુનિજન લોકોમાં સુંદર ક્ષેત્ર છે. અર્થાત્ પુણ્યાંકુરને સુખપૂર્વક વધારવા યોગ્ય સર્વોત્તમ ક્ષેત્ર સ્વરૂપ છે. આવા મુનિજનોને માટે જ આપવામાં આવેલ અનશન આદિ સામગ્રી પુણ્યજનક હોય છે. જે ષટ્કાયના જીવોની વિરાધના કરવામાં રચ્યાપચ્યા રહેનાર તમારા જેવા બ્રાહ્મણ છે તેમને આપવામાં આવેલ અનશન આદિ પુણ્યજનક નથી થતા. નાના મોટા સઘળા ઘરોમાંથી ભિક્ષા ગ્રહણ કરવી એ વેદાન્તિઓને પણ સંમત છે. તેઓએ કહ્યું પણ છે કે—

"चरेन्माधुकरीं वृत्तिमपि म्लेच्छकुलादपि ।
एकान्नं नैव भुंजीत, बृहस्पतिसमादपि ॥१५॥"

મુનિરાજના આ કહેવાને સાંભળીને એ બ્રાહ્મણોના શિષ્યોએ શું કહ્યુ તે આ ગાથા દ્વારા પ્રગટ કરવામાં આવે છે—

"अज्झावयाणं पडिकूलभासी" ઇત્યાદિ!

અન્વયાર્થ—नियंठा-निर्ग्रन्थ હે નીર્ગ્રન્થ! તમે अम्हं अज्झावयाणं सगासि पडिकूलभासी-अस्माकं अध्यापकानां सकाशे प्रतिकूलभाषी અમારા અધ્યાપકોની સામે પણ વિરૂદ્ધ બોલવાના સ્વભાવવાળા છો. વળી अम्हं सगासि किं नु पभाससे-अस्माकं सकाशे किंतु प्रभाषसे તમો અમારી સામે પણ આવું પ્રતિકૂળ શા માટે બોલી રહ્યા છો? તમારી આ પ્રકારની પ્રવૃત્તિ જોઈને અમોએ તો નિશ્ચય કર્યો છે કે, अविएणं विणस्सउ-अपि एतत् विनश्यतु ચાહે અમારૂં આ સઘળું અન્નપાન ભલે ખરાબ થઇ જાય પરંતુ એમાંથી तुमं न दाहामु-तुभ्यं नैव दास्यामः તમોને તો જરા પણ આપશું નહીં. 'નિર્ગ્રન્થ' આ પદથી મુનિ હરિકેશબલની નિસ્પૃહતા સૂચિત કરવામાં આવેલ છે. મુનિજન જ્ઞાનધન વાળા હોય છે, તમારામાં તો લેશમાત્ર પણ જ્ઞાન નથી. આનો એ આશય નિકળે છે. ॥ ૧૬ ॥

આના ઉપર યક્ષે આ પ્રકારથી કહ્યું—

"समिईहिं मज्झ" ઈત્યાદિ

**અન્વયાર્થ** समिईहिं-समितिभिः ઈર્યા સમિતિ આદિ પાંચ સમિતિઓથી सुसमाहियस्स-सुसमाहिताय સારી રીતે સમાધિયુક્ત તથા गुत्तीहिं-गुप्तिभिः મનોગુપ્તિ, આદિ ત્રણ ગુપ્તિઓથી गुत्तस्स-गुप्तस्य સહિત અને जिइंदियस्स जितेन्द्रियस्य જીતેન્દ્રિય એવા मज्झं-मह्यं મારા માટે इमं एसणिज्जं-इमं एषणीयं આ નિર્દોષ આહારને यत् જે કારણથી न दाहित्थ-न दास्यथ આપવાનો ઈન્કાર કરી રહ્યા છો એ કારણથી अज्ज-अद्य આ યજ્ઞ અવસરમાં जन्नाणलमं लभित्थ किम्-यज्ञानां लाभं लप्स्यध्वे किम् આપ લોક યજ્ઞના ફળની પુણ્યપ્રાપ્તિને પામી શકશો ખરા ? અર્થાત્ પ્રાપ્ત કરી શકવાના નથી.

ભાવાર્થ—પાત્ર દાનથી જ દાતાને વિશિષ્ઠ પુણ્યની પ્રાપ્તિ થયા કરે છે આ સિદ્ધાંત છે. તો આપ લોક મારા જેવા નિર્ગ્રન્થને-દાન પાત્ર સાધુને માટે એષણા વિશુદ્ધ આ અન્નપાનાદિક આપતા નથી તો શું આપ લોક યજ્ઞના ફળને પામી શકશો ? નહી જ પામી શકો. અપાત્રને માટે દાનની નિષ્ફળતા હોવાથી દેવામાં આવેલ દાન અને દાતા બન્ને હાનીને પ્રાપ્ત બને છે કહ્યું પણ છે—

"दधि मधु घृतान्यपात्रे क्षिप्तानि यथाऽऽशु नाशमुपयान्ति"।

"व्यर्थस्त्वपात्रे व्ययः"

આ કારણે અપાત્રને આપવામાં આવેલ દાન કેવળ નાશને જ પ્રાપ્ત કરાવનાર બને છે ॥ ૧૭ ॥

યક્ષનાં આ પ્રકારનાં વચન સાંભળીને પ્રધાન અધ્યાપકે કહ્યું—

"के अत्थ खत्ता" ઈત્યાદિ !

**અન્વયાર્થ**—अत्थ-अत्र આ યજ્ઞશાળામાં के खत्ता-केऽपिक्षत्राः શું કોઈ એવો પણ ક્ષત્રિય છે, वा અથવા उवजोइया वा-उपज्योतिष्काः वा કોઈ એવો પણ હવન કરવાવાળો પુરુષ છે, અથવા अज्झावया-अध्यापकाः કોઈ એવા પણ અધ્યાપક છે જો णं-ये खलु જે खंडिएहिंसह-खंडिकैः सह છાત્રોની સાથે મળીને एयं-एतं આ નિર્ગ્રન્થ સાધુને दंडेण फलेण हंता-दंडेन फलेन हत्वा દંડાથી અને બીલી ફળોથી માર મારીને कंठम्मि घित्तूण-कंठे गृहीत्वा અને તેની ગર્દન પકડીને खलु નિશ્ચયથી અહીંથી खलेज्ज-निष्कासयेयुः દૂર ધકેલી મુકે !

ભાવાર્થ—મનુષ્ય જ્યારે યુક્તિઓની સામે નિરુત્તર બની જાય છે ત્યારે છેવટે સામાવાળાને પરાસ્ત કરવાની અયોગ્ય ચેષ્ટાઓ હાથ ધરે છે. એજ માર્ગ પ્રધાન અધ્યાપકે પણ લીધો અને દુઃખિત બનીને તે કહેવા લાગ્યા કે, શું આ યજ્ઞશાળામાં કોઇ એવી બલિષ્ઠ વ્યક્તિ નથી કે જે આને માર મારીને અને હાથથી પકડીને દૂર કાઢી શકે ? ॥ ૧૮ ॥

અધ્યાપકના આદેશને સાંભળીને છાત્રોએ શું કર્યું ? તે કહે છે—

"अज्झावयाणं वयणं" ઈત્યાદિ !

અન્વયાર્થ—अज्झावयाणं वयणं सुणेत्ता—अध्यापकानां वचनं श्रुत्वा પ્રધાન અધ્યાપકનાં આ પ્રકારનાં વચનોને સાંભળીને तत्थ—तत्र એજ સમયે उद्धाइया बहू कुमारा—उद्धाविताः बहवः कुमाराः ઘણા કુમારો દોડતા દોડતા એ ઋષિની પાસે समागया—समागताः પહોંચ્યા અને दंडेहिं वेत्तेहिं कसेहिं चेव—दंडैः वेत्रैः कशाभिश्चैव દંડાથી, લાકડીથી, તથા કોરડાથી तं इसिं—तम् ऋषिम् એ ઋષિને तालयन्ती—ताडयन्ति મારવા લાગ્યા ॥ ૧૯ ॥

આ પ્રકારથી ઋષિને દંડા આદિથી ત્રાસ પહોંચાડવાથી શું થયું તે કહે છે

"रण्णो तहिं कोसलियस्स" ઈત્યાદિ !

અન્વયાર્થ—तहिं—तत्र એ યજ્ઞશાળામાં कोसलियस्स रण्णो धूया—कौसलिकस्य-राज्ञः दुहिता કૌસલ રાજાની પુત્રી કે જે अणिंदियंगी—अनिन्दिताङ्गी વિશિષ્ટ સૌંદર્ય સંપન્ન હતી અને भ त्ति नामेण—नाम्ना भद्रेति જેનું નામ ભદ્રા હતું તે ત્યાં હાજર હોવાથી તેણે हम्ममाणं तं संजयं पासिया—हन्यमानं तं संयतं दृष्ट्वा ક્રોધવશ બનીને મુનિરાજને મારતા એ કુમારોને જોઈને कुद्धे कुमारे परिनिव्वयेइ—क्रुद्धान् कुमारान् परिनिर्वापयति ક્રોધિત બનેલા તે કુમારોને શાંત કર્યા ॥૨૦॥

શું કહીને રાજકુમારી ભદ્રાએ ક્રોધવશ બનેલા કુમારોને શાંત કર્યા તે વાત સૂત્રકાર પ્રદર્શિત કરે છે. "देवाभिओगेण" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે કુમારો देवाभिओगेण निओइएणं रण्णा—देवाभियोगेन नियोजितेन राज्ञा યક્ષના બળાત્કારથી વશમાં બનેલા મારા પિતાએ दिन्नाम—दत्तास्मि મને પહેલાં જે મુનિરાજને સોંપેલ હતી પરંતુ मणसा न झाया—मनसा न ध्यात्ता આ મુનિરાજે મને મનથી પણ ગ્રહણ કરવાની અભિલાષા નથી કરી स एसो—स एषः તેજ આ મુનિરાજ છે. नरिंद देविंद अभिवंदियेणं जेण इसिणा वंता—नरेन्द्रदेवेन्द्राभिवंदितेन येन ऋषिणा वान्ताऽस्मि નરેન્દ્ર દેવેન્દ્રો દ્વારા નમસ્કૃત થયેલ એવા આ ઋષિરાજે જેવી રીતે કોઇ વમન કરેલ પદાર્થનો પરિત્યાગ કરી દે છે એ જ રીતે મારો પરિત્યાગ કરી દીધો છે. આ કારણે આપ લોક એમને ન મારો. ॥ ૨૧ ॥

તથા—'एसो हु सो उग्गतवो' ઈત્યાદિ'

અન્વયાર્થ—જુઓ ! જેને આપ લોક મારી રહ્યા છો તે કોઈ સાધારણ વ્યક્તિ નથી પરંતુ સો एसो उग्गतवो महप्पा-स एषः उग्रतपा महात्मा તેઓ ખૂબજ ઉગ્ર તપ કરનારા મહાત્મા છે. जिइंदियो संजओ बंभयारी-जितेन्द्रियः संयतः ब्रह्मचारी જીતેંદ્રિય છે, સાવદ્ય વ્યાપારથી વિરત છે અને બ્રહ્મચારી છે. यो-यः તેમણે तया-तदा એ સમય જ્યારે કે, सयं-स्वयम् સ્વયં કૌશલ અધિપતિ રાજા દ્વારા મારી સોંપણી કરાઈ રહી હતી ત્યારે પણ મારો સ્વીકાર ન કર્યો. ॥૨૨॥

આ પ્રકારે મુનિની નિઃસ્પૃહતા કહ્યા પછી મુનિના મહાત્મ્યને કહે છે—

' महाजसो एस ' ઈત્યાદિ !

અન્વયાર્થ—एसो-एषः આ ઋષિ દેવો દ્વારા પણ વંદનીય છે અને એ કારણે મહાયશસ્વી છે. તેમજ ઉગ્ર તપ કરનારા હોવાથી महाणुभागो-महानुभागः મહા ભાગ્યવાન છે. च તેમજ પ્રવર્ધમાન સંયમ પરિણામશાળી હોવાથી घोरव्वओ-घोरव्रतः ઘોર વ્રતવાળા છે. પરિષહોના વિજેતા હોવાથી घोरपरक्कमो-घोरपराक्रमः વિલક્ષણ પરાક્રમવાળા છે. આ કારણથી તેઓ अहिलणिज्जं-अहीलनीयम् અહિલનીય છે. અપમાન કરવા યોગ્ય નથી. આથી આવા અહિલનીય एयं-एतम् ઋષિરાજને मा हीलह-मा हीलयत અપમાનિત ન કરો. નહીં તો તેઓ પોતાના तेएण-तेजसा તપ તેજથી भे-युष्मान् તમો સઘળાને णिद्दहिज्जा-निर्धाक्षीत् બાળી મુકશે. તેઓ તમારા તરફ ક્રોધયુક્ત બને તે પહેલાંજ તમો તમારી આ પ્રકારની અનિચ્છનીય પ્રવૃત્તિને છોડી દઇ તમારા દુષ્કૃત્યથી પાછા હટો. ॥ ૨૩ ॥

રાજકુમારી ભદ્રાનું વચન મિથ્યા ન થાય એ નિમિત્તે યક્ષે એ સમયે જે કાંઈ કર્યું તેને સૂત્રકાર પ્રગટ કરે છે,—

' एयाइं तीसे वयणाइं ' ઈત્યાદિ !

અન્વયાર્થ—पत्तीइ-पत्न्याः રૂદ્રદેવ પુરોહિતની પત્ની तीसे-तस्याः રાજકુમારી ભદ્રાના एयाइं सुभासियाइं वयणाइं सुच्चा-एतानि सुभाषितानि वचनानि श्रुत्वा આ પ્રકારનાં વચનોને સાંભળીને इसिस्स वेयावडिअट्ठयाए-ऋषेःवैयावत्यार्थताये બ્રાહ્મણકુમારો દ્વારા પ્રહારોથી ઋષિને પહોંચાડવામાં આવેલ ત્રાસનું નિવારણ કરવા માટે जक्खा-यक्षाः યક્ષે कुमारे विनिवारयंति-कुमारान् विनिवारयन्ति એ કુમારોને એવું કામ કરવાથી રોકયા.

મૂળ ગાથામાં " यक्षाः " એવા જે બહુવચન શબ્દનો પ્રયોગ યક્ષ માટે કરવામાં આવેલ છે તે યક્ષ પરિવારની બાહુલ્યતાને લઇને કરવામાં આવેલ છે. ॥૨૪॥

યક્ષે 'મુનિરાજને કષ્ટ ન આપો' એ પ્રમાણે એ કુમારોને મનાઇ પણ કરી અને 'આગળ એવું કામ હવે ન કરવું' એને માટે તેમને દંડ પણ આપ્યો તે બતાવવામાં આવે છે.-"ते घोररूवाठिआ" ઈત્યાદિ !

અન્વયાર્થ—ते सुरा-ते सुराः તે યક્ષ घोररूवा-घोररूपाः ભય ઉપજાવે તેવા રૂપવાળા હતા, अंतलिक्खे ठिअ-अन्तरिक्षे स्थिताः આકાશમાં રહેનાર હતા છતાં પણ तत्थ-तत्र એ યજ્ઞશાળામાં ते जणं-तान् जनान् ઋષિને ત્રાસ પહોંચાડવાવાળા એ બ્રાહ્મણકુમારોને तालयन्ति-ताडयन्ति વિવિધ પ્રકારથી કષ્ટ આપવા લાગ્યા भिन्नदेहे रुहिरं वमंते-भिन्नदेहान् रुधिरं वमतः અનેક વિધ પ્રહારોથી શરીરને જર્જરિત બનાવી દીધા એ કષ્ટના કારણે બ્રાહ્મણકુમારો લોહીની ઉલટીઓ કરવા લાગ્યા ते पासित्तु-तान् दृष्ट्वा આ પ્રમાણે જોતાં भुज्जो भद्दा इणमाहु-भूयः भद्रा इदमाहु ભદ્રાએ ફરીથી આ પ્રકારે કહ્યું—

ભાવાર્થ—કારણ વગર જ્યારે મુનિરાજને કષ્ટ પહોંચાડાતું જોયું ત્યારે યક્ષ લોકોએ અંતરિક્ષમાં આવીને એ કષ્ટ પહોંડનારા બ્રાહ્મણકુમારોને કે જે રોકવા છતાં પણ પોતાની નાલાશી છોડતા ન હતા તેમને યક્ષો વિવિધ પ્રકારથી ત્રાસ પહોંચાડવા લાગ્યા. જ્યારે તે બ્રાહ્મણકુમારોનું શરીર મારથી જર્જરીત બની ગયું અને લોહીની ઉલ્ટીઓ કરવા લાગ્યા ત્યારે એ જોઈને ભદ્રાએ તેમને કહ્યું ॥૨૫॥

"गिरिं नहेहिं खणह" ઈત્યાદિ !

અન્વયાર્થ—ये-જે તમારામાંના જે લોકોએ भिक्खुं-भिक्षुम् આ ભિક્ષુનું अवमन्नह-अवमन्यध्वे અપમાન કરેલ છે તો સમજી લો કે તમે સઘળાએ गिरिं नहेहिं खणह-गिरिं नखैः खनथ પર્વતને નખથી ખોદવાનું કામ કરેલ છે, अयं दंतहिं खायह-अयो दंतैः खादथ લોઢાને દાંતોથી ચાવવાનો પ્રયત્ન કર્યો છે. पायेहिं जायतेय हणह-पादाभ्यां जाततेदसं हथ ખૂબ જ પ્રજ્વલિત એવા અગ્નિને બન્ને પગોથી ઠારવાનો પ્રયાસ કરેલ છે.

ભાવાર્થ—ભદ્રાએ કહ્યું કે, આપ લોકોએ આ ભિક્ષુનો જે રીતે તિરસ્કાર કરેલ છે તે સમજી લેજો કે તમે નખથી પર્વતને ખોદવા જેવું કામ કરેલ છે. લોઢાને ચાવવાનું કામ જો કે સર્વથા અસંભવ છે, પરંતુ એમનું અપમાન કરવાથી એવું જાણી શકાય છે કે, આપ લોકોએ લોઢાને દાંતોથી ચાવવાનું સાહસ કર્યું છે. અગ્નિને ઠરાવવાનું કામ બિલ્કુલ અશક્ય છે, પરંતુ એમનો તિરસ્કાર કરવાથી આપ લોકોએ પગથી અગ્નિ બુજાવવાનું કામ કરેલ છે. એટલે કે જે રીતે નખોથી પર્વતને ખોદવાનો પ્રયત્ન કરવા જતાં નખોનોજ નાશ થાય છે પર્વતનું કાંઈ બગડતું નથી. લોઢાને દાંતે વડે ચાવવાથી દાંતોની ઝડ હલી જાય છે, લોઢામાં જરા પણ ક્ષતિ થતી નથી. પ્રજ્વલિત અગ્નિને પગોથી ઠારવા જતાં અગ્નિ બુઝાતો નથી પરંતુ પગોને જ પીડારૂપ બને છે. આ રીતે આપ લોકોએ

આ ભિક્ષુનું જે અપમાન કર્યું છે તેનાથી એમને કાંઈ નુકશાન પહોંચેલ નથી પરંતુ ઉલટ તમોએ તમારો વિનાશ નોતર્યો છે ॥ ૨૬ ॥

" आसीविसो उग्गतवो " ઈત્યાદિ !

અન્વયાર્થ—કેમકે, महेसी–महर्षिः આ મુનિરાજ आसीविसो–अशीविषः દાહક શક્તિ વિશિષ્ટ હોવાથી સર્પ જેવા છે. અથવા આશીવિષ લબ્ધિવાળા છે.–શાપાનુગ્રહ કરવામાં સમર્થ છે. આનું કારણ એ છે કે, તેઓ उग्गतवो–उग्रतपाः ઉગ્રતપસ્વી છે च તથા घोरपरक्कमो–घोरपराक्रमः ઘોર પરાક્રમશાળી છે. કરોડો માણસોને ભસ્મીભૂત કરવાની લબ્ધિવાળા છે. આવા મહાતેજસ્વી આ મુનિને भिक्खुं–भिक्षुं આ મુનિરાજને जे–ये તમે લોકોએ भत्तकाले वहेह–भिक्षाकाले व्यथयथ ભિક્ષાચર્યાના સમયે દંડા, લાકડીયો વગેરેથી વ્યથા પહોંચાડી છે. તેવું કામ કરનારાઓએ पयगसेणा–पतंगसेना શલભ જેવી તે ઉઘાડી આંખે અગ્નિમાં પડી પોતાનો નાશ નોતર્યો છે.

ભાવાર્થ—ભદ્રાએ ફરીથી કહ્યું કે, જુઓ આ મુનિરાજને તમોએ અકારણ કષ્ટ પહોંચાડયું છે. તેઓ ઉગ્રતપસ્વી હોવાથી ભયંકર ઝેરવાળા સર્પના જેવા એક ક્ષણ ભરમાં તમો સઘળાને ભસ્મીભૂત કરવાની શક્તિવાળા છે. એવું ન સમજો કે, તેઓ કાંઈ પણ કરી શકે તેમ નથી. એમનામાં અપાર શક્તિ છે. આથી કર્તવ્યની દૃષ્ટિ તો એ જ કહે છે કે, એમનું ઉચિત સન્માન કરવું જોઈતું હતું પરંતુ એમ ન કરતાં તમોએ ભોજનના સમયે બહુમાન પૂર્વક ભિક્ષા ન આપીને ઉલટ તેમને ત્રાસ આપ્યો છે. આ જોતાં તમોએ તમારા પોતાના જ હાથથી પોતાના પતનનો માર્ગ નોતર્યો છે. ધિક્કાર છે, તમારી આવી વિચાર વિહીન સભ્યતાને ! આ દુર્ભાગ્યની વાત છે કે જે તમને શરમીંદા બનાવ્યા શીવાય રહેતી નથી. જુઓ જે પ્રકારથી શલભશ્રેણી અગ્નિના ઉપર દોડી આવતાં સ્વયં નાશ પામે છે એજ રીતે યાદ રાખો કે, આ મુનિરાજ ઉપર આક્રમણ કરીને તમોએ તમારો વિનાશ નોતર્યો છે. ॥૨૭॥

આ પ્રકારે મુનિના મહાત્મ્યનું વર્ણન કરીને તેમને પ્રસન્ન કરવાનો ઉપાય ભદ્રા બતાવે છે—

' सीसेण एयं सरणं उवेह 'ઈત્યાદિ !

અન્વયાર્થ—सव्वजणेण समागया तुब्भे–सर्वजनेन समागताः यूयम् પુત્ર, કુટુંબીજનો, શિષ્ય આદિ પરિવારને સાથે લઈને તમો સઘળા सीसेण–शीर्षेण મસ્તક ઝુકાવીને एयं सरणं उवेह–एतं शरणं उपेत એમના શરણને અંગીકાર કરો. जइ–यदि જો તમો जीवीयं वा धणं–वा इच्छह जीवितं वा धनं वा इच्छथ પોતાનું

જીવન અને ધન ચાહતા હો તો કેમકે कुविओ एसो लोयंपि डहेज्जा-कुपितः एषः लोकमपि दहेत् એ ઋષિ જો કોપાયમાન બની જશે તો સારાએ જગતને સળગાવી શકે છે. આથી આપ લોકો અભિમાનનો ત્યાગ કરી આ ઋષિના ચરણોનું શરણું સ્વીકારો. અને તેમના ચરણોમાં તમારાં સૌનાં મસ્તક ઝુકાવો. એમાં જ તમારી ભલાઈ છે.

ભાવાર્થ—અપરાધ કરવા છતાં પણ એ અપરાધ કરનાર અપરાધી જો ક્ષમા માગી લ્યે છે તો તે પોતાના અનિષ્ટથી બચી જાય છે. આથી આ નીતિનું અવલંબન કરી ભદ્રાએ એ બ્રહ્મકુમારોને સમજાવવાનો પ્રયત્ન કર્યો. અને એ ઋષિના ચરણોમાં મસ્તક ઝુકાવવાથી જ એમના જીવન અને ધનની રક્ષાનો ઉપાય બતાવ્યો. સાથો સાથ એ પણ કહી દીધું કે, જો તમે લોકો એ પ્રમાણે નહીં કરો તો, જો કદાચ ઋષિવર કોપાયમાન બની જાય તો યાદ રાખજો કે, તમેતો શું પરંતુ સમસ્ત જગત એમના ક્રોધાગ્નિમાંથી બચી શકે તેમ નથી.॥ ૨૮ ॥

ભદ્રાના આ પ્રકારનાં વચન સાંભળીને પ્રધાન અધ્યાપકે રૂદ્રદેવની સામે જોઈ જે કર્યું તે આ ગાથા દ્વારા પ્રગટ કરવામાં આવે છે.—

'अवहेडिय पिट्ठिस उत्तमंगे' ઈત્યાદિ !

અન્વયાર્થ—अहसो माहणो-अथ स ब्राह्मणः આ પછી રૂદ્રદેવ પુરોહિતે अवहेडिय पिट्ठिस उत्तमंगे-अबाधःकृत पृष्ठ सोत्तमाङ्गान् પોતાની પત્ની ભદ્રા તેમજ પોતાના શિષ્યો કે જેમનાં માથાં આડાં અવળાં થઈ ગયાં છે હાથ પગોનું ઠેકાણું નથી पसारियाबाहू-प्रसारितबाहून् જે આડા અવળા બની ગયેલ છે, अकम्मचिट्ठे-अकर्मचेष्टान् હાલવા ચાલવાની શક્તિ જેમની ક્ષીણ બની ગઈ છે, निब्भेरियच्छे-प्रसारिताक्षान् જેમના નેત્રો ફાટંફાટ બની રહ્યાં છે. रुहिरं वमंते-रुधिरं वमतः મોઢામાંથી લોહીની ઉપરા ઉપર ઉલ્ટીઓ થઈ રહી છે उड्ढंमुहे-उर्ध्वमुखान् ઉંચા મુખવાળા અને निग्गयजीहनेत्ते-निर्गत जिह्वा नेत्रान् જીભ જેમની બહાર નીકળી પડી છે એવી હાલતવાળા એ બધાની સાથે મારે कट्ठभूये-काष्टभूतान् લાકડાના પુતળાજ જાણે ન હોય તેવા तं खंडिअ-पासिआ-तान् खण्डिकान् दृष्ट्वा ખેદ ખિન્ન હૈયે મુનિરાજની પાસે જઇ તેમને પ્રસન્ન કરવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે, હે ભદન્ત ! સશિષ્ય મારા તરફથી આપની અવજ્ઞા, અપમાન, તાડન અને નિંદા થયેલ છે તેને આપ ક્ષમા કરો !

ભાવાર્થ—મુનિરાજના ઉપર લાઠી અને દંડાના પ્રહાર કરનારા એ બ્રામણ કુમારોની ડોક મરડાઈ ગઈ, મસ્તક ઢળી ગયાં, હાથ સ્તંભિત થઈ ગયા, તેમનું શરીર નિશ્ચેષ્ટ બની ગયું લોહીની ઉલ્ટી થવા માંડી, આંખો અને જીભ

બહાર નીકળી પડયાં. શિષ્યોની આ સ્થિતિ જોઈ રૂદ્રદેવ પુરોહિત ખૂબ શોકાતુર બન્યા અને ઋષિને કોઈ પણ ઉપાયથી પ્રસન્ન કરવાની ચેષ્ટા કરવા લાગ્યા. અને વળી પોતાની પત્ની સાથે ઋષિ પાસે જઈ હાથ જોડી પોતાના તેમજ શિષ્યોના અપરાધની ક્ષમા માગવા લાગ્યા. ॥ ૨૯ ॥ ૩૦ ॥

હવે પ્રસન્નતાના વિષયમાં કહે છે—

'बालेहिं मूढेहृ' ઇત્યાદિ !

અન્વયાર્થ—હે મુનિ ! बालेहिं-बालैः બાલ્યાવસ્થાના કારણે તેમજ मूढेहिं-मूढैः કષાય મોહના ઉદયથી ભાન ભૂલેલા અને अयाणएहिं-अज्ञानद्भिः હિત તેમજ અહિતના વિવેકથી સર્વથા વિકળ એવા આ મારા છાત્રોએ जं हिलिया-यत् हीलितम् આપને ખૂબ અપમાનીત કરેલ છે તેમજ અવજ્ઞા કરેલ છે, भन्ते-भदन्त ! હે ભદન્ત ! तस्स खमाह-तस्य क्षमस्व આપ તેમને ક્ષમા કરો. કેમકે, इसिणो महप्पसाया हवंति-ऋषयाः महाप्रसादा भवन्ति ઋષિજન તો પોતાના શત્રુઓ ઉપર પણ સદા કૃપાળુ રહ્યા કરે છે. णी कोवपरा न हु हवंति-मुनयः कोवपराः न खलु भवन्ति મુનિજન અપરાધીજનો ઉપર પણ કદી ક્રોધ કરતા નથી.

ભાવાર્થ—ફરી રૂદ્રદેવે ઋષિવરને કહ્યું કે, હે નાથ ! આ અજ્ઞાન બાળકોએ અકારણ આપને ખૂબજ કષ્ટ પહોંચાડયું છે. એ બિચારા શું જાણે કે આપને કષ્ટ પહોંચાડવું ઠીક છે કે નહીં. હે ભદન્ત ! આપ તો કૃપાના સાગર છો. આથી આપ આપનાથી નાનાઓ ઉપર સદા કૃપાળુ રહો. આપ મુનિવર છો. આથી મુનિઓની દૃષ્ટિમાં સદા સમભાવ હોય છે કોઈ તેનો શત્રુ નથી હોતો, કોઈ મિત્ર નથી હોતો. તે કદી પણ ક્રોધ કરવાનું તો જાણતા જ નથી. ॥૩૧॥

રૂદ્રદેવ પુરોહિતે પોતાની સ્રીની સાથે જઈ આ પ્રકારથી વિનય કર્યો અને તેમની પાસેથી અપરાધોનિ ક્ષમા માગી એજ વખતે એ મુનિરાજના શરીરમાંથી યક્ષ બહાર નિકળી ગયો. પછી મુનિરાજે કહ્યું—

" पुव्विं च इण्हिं च " ઈત્યાદિ !

અન્વયાર્થ—હે પુરોહિત ! पुव्विं च-पूर्वं च જે વખતે તમારા શિષ્યોએ મારી તર્જના કરી અને મને માર માર્યો એ વખતે અને इण्हिं च-इदानीं च આ સમયે તથા अणागयं च-अनागते च ભવિષ્યકાળમાં પણ मे कोई मणप्पओसो न-कोपि मनः प्रद्वेषः नास्ति મારા હૃદયમાં તમારા તરફ કોઈ પણ પ્રકારનો દ્વેષ નથી. તાત્પર્ય એ છે કે, આપ લોકોના ઉપર મને પહેલાં પણ કોઈ પ્રકારનો અંતરમાં જરા સરખો પણ લોકો પતિ દ્વેષભાવ હતો નહીં અને ન તો અત્યારે છે અને ભવિષ્યમાં પણ રહેશે નહીં. જો આપ એવું કહો કે, જ્યારે તમે અમારા તરફ આટલા સદ્ભાવ સંપન્ન છો તો પછી અમારા આ કુમારોને આપે શા માટે દુઃખી કર્યા ? તેનો ઉત્તર એ છે કે-મેં દુઃખી નથી કર્યાં પણ हि जक्खा वेयावडियं करेंति-यक्षाः मम वैयावृत्यं कुर्वन्ति જે યક્ષ લોકો મારી દેખરેખ રાખે છે तम्मा हु एए कुमारा निहया-तस्मात् एते कुमारा निहताः તેમણે તમારા આ કુમારોને દુઃખી કર્યાં તેમાં મારો કોઇ પણ પ્રકારનો સહયોગ હતો નહિ.

ભાવાર્થ—પોતાની પત્ની સાથે રૂદ્રદેવે તેમની ક્ષમા યાચના કરવાથી મુનિવરે કહ્યું કે, મહાનુભાવ ! અમે લોકો ત્યાગી છીએ, સંયમી છીએ, અમારો કોઈ પણ વ્યક્તિ તરફ કોઇ પણ વાતને લઈને કોઈ પણ પ્રકારનો દ્વેષભાવ રહેતો નથી. જો કોઈ અમારા શરીરને ચંદનથી લેપ કરે તો અમોને અનુરાગ થતો નથી તેમજ કોઇ શસ્ત્ર આદિનો ઘા કરે તો તેના પ્રત્યે દ્વેષ થતો નથી. અમે સઘળા જીવો પર સમતા ભાવ રાખીએ છીએ. આવી સ્થિતિમાં તમારા આ કુમારોને જે માર પડયો છે તેનું કારણ એ છે કે, મુનિઓના સેવક યક્ષ હોય છે. એ લોકોએ જ આ પગલુ ભર્યું છે. ॥૩૨॥

એ પછી મુનિના ગુણોથી આકર્ષિત થયેલા ઉપાધ્યાય આદિજનોએ આ પ્રકારે કહ્યું.—

" अत्थं च धम्मं च " ઇત્યાદિ !

અન્વયાર્થ—હે મુનિ ! अत्थं-अर्थम् શાસ્ત્રના રહસ્યને च અને धम्मं च-धर्मं च ક્ષાન્ત્યાદિક રૂપ દશ પ્રકારના ધર્મને वियाणमाणा-विजानन्तः જાણીને तुब्भे-यूयम् આપ લોક णविकुप्पए-नापिकुप्यथ કદી પણ ક્રોધિત થતા નથી. કેમકે, भूइपण्णा-भूतिप्रज्ञाः આપ ષટ્કાયના જીવોની રક્ષા કરવાવાળી બુદ્ધિથી સંપન્ન છો. આ માટે હે ભદન્ત ! सव्वजणेण समागया अम्हे-सर्वजनेन समागताः वयम् સ્રી પુત્ર અને શિષ્ય આદિની સાથે આવેલા અમે ( तुब्भं तु पाए सरणं उवेमो-युष्माकं तु पादौ शरणं उवेमा) આપના ચરણોનું શરણ સ્વીકારીએ છીએ ॥૩૩॥

આ પછી ક્ષમા યાચના કરીને આહાર પાણી માટે વિનંતી કરે છે.

" अच्चेमु ते महाभाग " ઈત્યાદિ !

અન્વયાર્થ—महाभाग–હે મહાભાગ ! ते अच्चेमु–त्वां अर्चयामः અમે લોકો આપનું સન્માન કરીએ છીએ. ते किंचि न, अच्चिमोन–ते किञ्चित् न, न अर्चयामः આપની કોઈ પણ વસ્તુ એવી નથી કે જે અમારે માટે સન્માન કરવા યોગ્ય ન હોય. અર્થાત્ આપના ચરણુની રજ પણ અમારે મન પૂજનીય છે. હે ભદન્ત ! नाणावंजणसंजुअं सालिमं कूरं भुंजहि–नाना व्यंजनसंयुतं शालिमयं कूरं भुंक्ष्व અનેક પ્રકારના મસાલાઓથી ભરપૂર એવાં ખાનપાન અમો આપને ચરણે ધરીએ છીએ તો આપ તેનો સ્વીકાર કરો. ॥ ૩૪ ॥

" इमं च मे अत्थि पभूयमन्नं " ઈત્યાદિ !

અન્વયાર્થ—' इमं–इदम् આપશ્રીની સમક્ષ આ જે રાખવામાં આવેલ अन्नम् અન્ન છે તે અન્ન मे प्रभूयम् अत्थि–मे प्रभूतं अस्ति અમારે પુષ્કળ છે. માટે આપ अम्हमणुग्गहट्ठा–अस्माकमनुग्रहार्थं અમારા ઉપર કરૂણા કરીને तद् આ અન્નને भुंजसु–भुंक्ष्व ભિક્ષા રૂપમાં ગ્રહણ કરો. આ પ્રકારની તેમની ભક્તિ જોઈને महप्पा–महात्मा તે મહાત્માએ मासस्स पारणए–मासस्य पारणके એક માસના પારણાના દિવસે बाढंति–बाढमिति " ભલે એમ હો " એમ કહીને भत्तपाणं पडिच्छइ–भक्तपानं प्रतीच्छति રૂદ્રદેવ પુરોહિત તરફથી આપવામાં આવેલ ભિક્ષાનો સ્વીકાર કર્યો. ॥ ૩૫ ॥

મુનિએ આહારને ગ્રહણ કર્યો તે વખતે શું બન્યું તે કહે છે,—

" तहियं गंधोदय पुप्फवासं " ઈત્યાદિ !

અન્વયાર્થ—મુનિના પારણાના સમયે तहियं–तत्र એ યજ્ઞશાળામાં गन्धोदयपुप्फवासं–गन्धोदकं पुष्पवर्षं દેવતાઓએ ગંધોદક—અચિત્ત સુરભિત જળની અને અચિત્ત પુષ્પોની વૃષ્ટિ કરી અને तहिं–तत्र તેજ યજ્ઞશાળામાં वसुहाराय वुट्ठा–वसुधरा च वृष्टा તે દેવતાઓએ સોનૈયાની ધારારૂપથી વૃષ્ટિ કરી. તથા એજ દેવતાઓએ दुंदुभीओ पहयाओ–दुन्दुभयः प्रहताः દુંદુભી પણ બજાવી અને आगासे–आकाशे આકાશમાં તે દેવતાઓએ अहोदाणं च घुट्ठं–अहोदानं च घुष्टम् ' અહોદાન અહોદાન ' આ પ્રકારની ઘોષણા કરી. ॥ ૩૬ ॥

આ પંચદિવ્ય પ્રકટ થયેલ જોઈને યજ્ઞશાળામાં હાજર રહેલા બ્રાહ્મણોએ વિસ્મિત બનીને જે કાંઈ કહ્યું તે આ ગાથા દ્વારા સૂત્રકાર પ્રદર્શિત કરે છે.

"सक्खं खु दीसइ" ઈત્યાદિ!

અન્વયાર્થ—અરે सक्खं-साक्षात् પ્રત્યક્ષ तवो विसेसो-तपो विशेषः खलु તપ વિશેષજ-તપસ્યાની વિશિષ્ટતાજ दीसइ-दृश्यते દેખાઈ રહી છે. जाइ विसेस कोई न दीसइ-जाती विशेषः कोऽपि न दृश्यते જાતિની વિશેષતા તો એની સામે કાંઈ પણ વિસાતમાં નથી. सेवागपुत्तं हरिएससाहुं-श्वपाकपुत्रं हरिकेश साधुं દૃષ્ટાંતભૂત આ ચંડાલ પુત્ર હરિકેશબલ સાધુનેજ જુઓ કે, जस्सेरिसा इड्ढि महाणुभागा-यस्येदृशी ऋद्धि महानुभागा જેવી મહાન એવા તપની સિદ્ધિ મહા પ્રભાવ સંપન્ન ઋદ્ધિ છે.

ભાવાર્થ—બ્રાહ્મણત્વ આદિ જાતિનો તો કાંઈ પણ પ્રભાવ જોવામાં આવતો નથી. આ વખતે જે કાંઈ દેખાય છે તે સઘળું તપસ્યાનુંજ મહાત્મ્ય છે. તેમાં દૃષ્ટાંતને શોધવા જવાની જરૂરજ ક્યાં છે? દૃષ્ટાંતભૂત આ હરિકેશ-બલ સાધુજ છે. જે શ્વપાકજાતિના પુત્ર છે કે જેમની મહા પ્રભુત્વશાળી એવી આ ઋદ્ધિ છે. ॥ ૩૭ ॥

મુનિરાજે જ્યારે એ જોયું કે, આ બ્રાહ્મણોનું મિથ્યાત્વ મોહનીય થઇ ચુકયું છે ત્યારે તેમણે શું કહ્યું. આ વાત આ ગાથા દ્વારા પ્રદર્શિત કરવામાં આવે છે—

"किं माहणा! जोइसमारभंता" ઈત્યાદિ!

અન્વયાર્થ—जोइसमारभंता – ज्योतिःसमारभमाणाः આ યજ્ઞશાળામાં અગ્નિનો આરંભ કરવાવાળા माहणा-ब्राह्मणाः હે બ્રાહ્મણો! આપ લોક उदएण बहियासोहिं विमग्गहा-उदकेन बहिः शोधिं विमार्गयथ किं જળથી બાહ્ય શુદ્ધિની તપાસ કરી રહ્યા છો કે શું? તાત્પર્ય એનું એ છે કે, હે બ્રાહ્મણો! આપ લોકો કે જે જળથી શુદ્ધિ કરી રહ્યા છો તો યાદ રાખો કે, તેનાથી તો ફક્ત શારીરિક શુદ્ધિજ થઈ શકે છે-આત્મિક નહીં, તો શું આપ લોકો

આ શારીરિક શુદ્ધિનાજ અભિલાષી છો? આત્મિક શુદ્ધિના અભિલાષી નથી? જો આપ લોક કહો કે, તમે આવી વાત કેમ કરો છો? તો હું તમને કહું છું કે, આપ લોક यं बाहिरियं विसोहिं मग्गहो-यं बाह्यं विशोधिं मार्गयथ જે બાહ્ય વિશુદ્ધિની ગવેષણા કરી રહ્યા છો-અર્થાત્ જે બાહ્યવિશુદ્ધિને કહી રહ્યા છો तं-तम् તે બાહ્ય વિશુદ્ધિને कुसला-कुशलाः તત્વજ્ઞ પુરુષ सुदिट्ठं न वयंति-सुदृष्टं न वदन्ति સમ્યગ્દૃષ્ટ-મોક્ષદાયક કહેતા નથી ॥ ૩૮ ॥

પછી એ અર્થને સ્પષ્ટ કહે છે—" कुसं च जूवं तण" ઈત્યાદિ !

અન્વયાર્થ—मंदा-मंदाः ધર્મ અને અધર્મના વિવેકથી વિકલ એવા હે બ્રાહ્મણો! તમે સઘળા भुज्जोऽवि-भूयोऽपि વહેવારીક કૃત્યથી અતિરિક્ત ધાર્મિક કૃત્યમાં પણ कुसं-कुशम् દર્ભ च અને जूवं-यूपम् યજ્ઞસ્તંભ, तणकट्ठम्-तृणकाष्ठम् વિરણાદિક તણખલાં, લાકડાં આદિ ઇંધન કાષ્ટ તથા अग्गिं-अग्निं અગ્નિ આ સઘળાનો સંચય કરો છો તથા सायं च पायं-सायं च प्रातः પ્રાતઃકાળે उदयं फुसंता-उदकं स्पृशन्तः બન્ને સમયમાં સ્નાન આદિ ક્રિયાઓ કરો છો. આવા પૂર્વોક્ત સમસ્ત કાર્યોમાં पाणाइं भूयाइं विहेडयंता-प्राणान् भूतान् विहेठयन्तः બે ઈન્દ્રિયવાળા પ્રાણીઓના પ્રાણો અને એક ઈન્દ્રિય વૃક્ષ આદિ ભૂતોનું વિવિધ રૂપે ઉપમર્દન થાય છે. છતાં પણ તમે લોકો આવાં કર્તવ્યોનો ત્યાગ કરતા નથી ઉપરાંત તેવા કર્તવ્યોમાં રત બનીને पावं पकरेह-पापं प्रकुरूथ પાપોનું ઉપાર્જન કર્યા કરો છો.

ભાવાર્થ—મુનિરાજે બ્રાહ્મણોને સમજાવ્યું કે, તમે લોકો તૃણ કાષ્ટ આદિનો સંચય કર્યા કરો છો. આથી ધર્મ અધર્મનો વિવેક તમારા લોકોમાં લક્ષિત થતો નથી. એનું એ કારણ છે કે, વહેવારી કૃત્યો ઉપરાંત ધાર્મિક કાર્યોમાં પણ એજ પૂર્વોક્ત વસ્તુઓનો ઉપયોગ કરો છો. એ ધાર્મિક કૃત્યનું આચરણ કરવા છતાં પણ તમે લોકો સવાર સાંજ સ્નાન આદિ ક્રિયાઓ કરીને પોતાને ધાર્મિક માનતા રહો છો. આ રીતે આ ક્રિયાઓ કરવાથી બે ઈન્દ્રિયાદિક જીવોનું અને એક ઈન્દ્રિયાદિક પ્રાણીઓનું ઉપમર્દન થાય છે. આથી હિંસાજન્ય પાપનાંજ પોટલાં બંધાય છે. છતાં પણ તમે લોકો પોતાને ધાર્મિક માનો છો. તાત્પર્ય આનું એ છે કે, જે વિદ્વાન હોય છે તે જેનાથી કર્મ મળનો નાશ થાય છે એવી શુદ્ધિને જ તાત્વિકી શુદ્ધિ માને છે. ભૂતાદિક ઉપમર્દન કરવાવાળી, તથા સ્નાન અને યજ્ઞાદિકથી જનિત એવી કર્મમળને વધારવાવાળી શરીરશુદ્ધિને શુદ્ધિરૂપ માનતા નથી. કહ્યું પણ છે—

" शौचमाध्यात्मिकं त्यक्त्वा भावशुध्यात्मकं शुभम् ।
जलादिशौचं यत्रेष्टं मूढविस्मापनं हि तत् ॥ "

આત્મશુદ્ધિના વગર જે જળાદિકથી શુદ્ધિ માનવામાં આવે છે તે કેવળ અજ્ઞાન માણસોને ઠગવાનો માત્ર એક ઉપાય છે. ॥ ૩૯ ॥

આ પ્રકારનાં મુનિરાજનાં વચનોને સાંભળીને યજ્ઞ કરવામાં સંદેહશિલ બનેલા એવા એ બ્રાહ્મણોએ મુનિરાજને ફરીથી આ પ્રકારે પૂછ્યું—

" कहं चरे भिक्खु "-ઇત્યાદિ.

અન્વયાર્થ—भिक्खु-भिक्षो હે ભદન્ત! वयं कहं चरे- वयं कथं चरामः એ તો કહો કે અમે લોકો યજ્ઞના નિમિત્ત કઈ રીતથી પ્રવર્ત બનીએ અને कथं वयं जयामो-कथं वयं यजामः કઈ રીતે યજ્ઞ કરીએ? कहं पावाइं कम्माइं

पणोल्लयामो–कथं पापानि कर्म्माणि प्रणोदयामः કઈ રીતે પાપ કર્મોને દૂર કરી શકીએ? जक्खपूइया संजय–यक्षपूजितसंयत યક્ષોથી પૂજાયેલા અને સાવદ્ય કર્મ નિવર્તક હે મુનિરાજ! कुसला–कुशलाः તત્વના જ્ઞાતા પુરુષ सुजट्ठं–स्विष्टं આ યજ્ઞને શોભન कइं वयन्ति–कथं वदन्ति કેમ કહે છે આ સઘળું णो अक्खाहि –न आख्याहि આપ અમોને બતાવો ॥ ૪૦ ॥

મુનિરાજે એનો ઉત્તર આ પ્રકારે આપ્યો–"छज्जिव काये असमारभंता"–ઈત્યાદિ!

અન્વયાર્થ—હે બ્રાહ્મણો! સાંભળો. હું તમારા "कहंचरे" એ પ્રશ્નનો પહેલાં ઉત્તર આપું છું. તે આ પ્રકારનો છે, જે મનુષ્ય दंता–दान्ता જીતેન્દ્રિય છે તે छज्जीवकाये–षड्जीवकायान् પૃથ્વી આદિ ષટ્કાયના જીવોની રક્ષા કરતાં કરતાં એની વિરાધના ન કરતાં मोसं अदत्तं च असेऽवमाणा–मृषाअदत्तं च असेवमाना મૃષાવાદ અદત્તાદાનનું સેવન ન કરતાં, परिग्गहं इत्थिओ माणमायं–परिग्रहः स्त्रियः मानं मायाम् પરિગ્રહ સ્ત્રી, માન અને માયા એ एयं–एतत् એ સઘળાને જ્ઞ પરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરીને चरंति યજ્ઞમાં પ્રવૃત્તિ કરે છે. અર્થાત્ જે યજ્ઞમાં હિંસાદિકની અલ્પ પણ સંભવના ન હોય એવા યજ્ઞમાં દાન્ત પુરુષ પ્રવૃત્તિ કર્યા કરે છે. ॥ ૪૧ ॥

હવે મુનિરાજ "कहं वयं जयामो पावाइं कम्माइं पणोल्लयामो" આ એ પ્રશ્નોનો ઉત્તર આપે છે—"सुसंवुडा पंचहिं संवरेहिं ઈત્યાદિ!

અન્વયાર્થ—पंचहिं संवरेहिं–पंचभिः संवरैः પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ પ્રકારના સંવરોથી सुसंवुडा–सुसंवृताः જેમણે કર્મોના આગમનરૂપ દ્વારને બંધ કરી દીધાં છે. તથા इह–इह આ સાંસારિક जीवियं अणवकंखमाणा–जीवितं अनवकांक्षन्तः અસંયમ જીવનને જે ચાહતા નથી. આજ કારણે वोसट्ठकाया–व्युत्सृष्टकायाः જેમનું શારીરિક મમત્વ પરીષહ અને ઉપસર્ગોના આવવાથી પણ જાગૃત નથી બનતું–પરીષહાદિકના આવવાથી પણ જે શરીરના વિનાશની ચિંતાથી રહિત રહે છે અને એ જ કારણે જે सुइ चत्तदेहा–शुचि त्यक्तदेहा शुचि· અતિચાર રહિત વ્રતોનાં પાલન કરવામાં વિશેષ ઉલ્લાસયુક્ત રહ્યા કરે છે તથા નિષ્પ્રતિકર્મ હોવાથી દેહને જેઓએ છોડી દીધા સમાનજ માને છે એવા મુનિરાજ महाजयं जन्नसिट्ठं–महाजयं यज्ञश्रेष्ठम् કર્મ શત્રુઓના મહાન પરાજય કારક યજ્ઞશ્રેષ્ઠને—સર્વ યજ્ઞોની અપેક્ષા મહત્તમ યજ્ઞને जयइ–यजन्ति કર્યા કરે છે. એવા યજ્ઞોજ પાપ કર્મોનો નાશ કરવામાં સમર્થ છે. તત્વને સંપૂર્ણપણે

જાણનાર વિદ્વાન એવાજ યજ્ઞને સુયજ્ઞ કહે છે. આ માટે આપ લોકોએ પણ એવો જ યજ્ઞ કરવો જોઈએ. "सुसंवुडा" ઈત્યાદિ પદો દ્વારા " कहं वयं जयामो " આ પ્રશ્નનું સમાધાન તથા " महाजयं " એ પદદ્વારા "पावाइं कम्माइं पणोल्लयामो " આ પ્રશ્નનું સમાધાન કરવામાં આવેલ છે.

ભાવાર્થ—હરિકેશબલ મુનિરાજને બ્રાહ્મણોએ એ પ્રશ્ન કર્યો હતો કે, અમે કેવા બનીને યજ્ઞ કરીએ ? તથા કઈ રીતે પાપમય કર્મોનો વિનાશ કરીએ ? મુનિરાજે આ ગાથા દ્વારા એ બે પ્રશ્નોનો ઉત્તર આપેલ છે. તેઓ કહે છે કે, પ્રાણાતિપાત આદિ પાંચ પાપકર્મોના આગમનનાં દ્વાર છે. મોક્ષાભિલાષીએ સર્વ પ્રથમ એને બંધ કરવાં જોઈએ. અર્થાત્ હિંસાદિક પાપોનો પરિત્યાગ કરવો જોઈએ. એનું જ નામ સંવર છે. અને આ રીતથી પ્રાણાતિપાતાદિ પાંચ પાપોનો પરિત્યાગ કરવાથી પાંચ પ્રકારનો સંવર થાય છે. આવા સંવરથી યુક્ત મુનિરાજ યજ્ઞ કર્તવ્ય આદિ અસંયમ જીવનને ચાહતા નથી. ઉભય લોકમાં સંયમ–જીવન દ્વારાજ પોતાની યાત્રાને ચાલુ રાખવાની પવિત્ર ભાવનાથી ઓતપ્રોત રહ્યા કરે છે. ગૃહિત શરીરના ઉપર તેને મમતા રહેતી નથી. પરીષહ આદિના આવવાથી તે શારીરિક રક્ષાના અભિપ્રાયથી પરીષહોથી વિચલિત બનતા નથી, નિરતિચાર વ્રતોની આરાધના કરવી એજ યજ્ઞનું અનુષ્ઠાન કરવું એમ માને છે એવા યજ્ઞથીજ યજ્ઞકર્તા કર્મ શત્રુઓ ઉપર વિજય મેળવે છે. આવા જ્ઞાન યજ્ઞનીજ ભલામણ જ્ઞાનીઓએ કરેલ છે. એવાજ યજ્ઞને કરવા જોઈએ. હિંસાવાળા યજ્ઞ સુયજ્ઞ નથી તે મોક્ષના અભિલાષીઓ માટે અકર્તવ્યરૂપ છે. ॥ ૪૨ ॥

આ પ્રકારની મુનિરાજની વાણી સાંભળીને તે બ્રાહ્મણોએ એવા યજ્ઞની વિધી પૂછી—" के ते जोई ? " ઇત્યાદિ !

અન્વયાર્થ—भिक्खू–भिक्षो હે મુનિ ! આપે જે યજ્ઞ કરવા માટે કહ્યું છે તે યજ્ઞમાં આપના મતથી जोइ के–ज्योतिः किम् અગ્નિ કેવો છે ? वा તથા તે આપને ત્યાં जोइठाणं के–ज्योतिः स्थानं किम् અગ્નિકુંડ કેવા છે ? આપને ત્યાં सुया का–स्रुवः कः અગ્નિમાં હવ્યને પ્રક્ષેપણ કરવા માટે ધરો કોને બતાવેલ છે ? कारिसंगं किं–किं वा ते कारिषाङ्गम् અગ્નિને પ્રદીપ્ત કરવા માટે કોને શુષ્ક ગોમયના સ્થાનાપન્ન માનેલ છે ? एहा य ते कयरा–एधाश्च ते कतरे એમાં બાળવા માટે કેને ઇંધિન સ્વરૂપ બનાવેલ છે. તથા संति का–शांतिः का તથા પાપોપશમનના હેતુભૂત અધ્યયન પદ્ધતિ ત્યાં કઈ છે ? અને कयरेण होमेण जोइ हुणासि–कतरेण होमेन ज्योतिः जुहोषि કયા હવનીય દ્રવ્યથી આપને સંમત એ યજ્ઞને કરો છો ? આ સઘળી વાતો બ્રાહ્મણોએ મુનિરાજને એ માટે પૂછી કે, પ્રસિદ્ધ યજ્ઞ તો ષટ્જીવની-કાયના આરંભથી સાધ્ય બને છે. અને એવા યજ્ઞને કરવાનો તો આપ નિષેધ કરો છો તો આપ જે યજ્ઞને કરવાનું વિધાન કરી રહ્યા છો તે પણ સાધ્ય કઇ રીતે થઇ શકે ? કારણ કે યજ્ઞ કરવાનાં સઘળાં ઉપકરણ આપની દૃષ્ટિમાં હેય છે.॥૪૩॥

બ્રાહ્મણોની આ વાતને સાંભળીને મુનિએ કહ્યુ—

"तवो जोई जीवो ઇત્યાદિ !

અન્વયાર્થ—હે બ્રાહ્મણો ! અમારા યજ્ઞમાં तवो जोइ जीवो जाइठाणं—तपः ज्योतिः जीवः—ज्योति स्थानम् બહાર અને અંદર તપ એજ અગ્નિ છે. જેમ અગ્નિ ઇંધણને બાળી નાખે છે એજ રીતે તપ પણ ભાવ ઇંધણરૂપ કર્મોને બાળી નાખે છે. આ જીવ હવન કુંડ છે. કેમકે જીવ જ તપનો આશ્રય છે. जोगा सुया—योगाः स्रुवः મનોયોગ, વચન યોગ, અને કાય યોગ આ ત્રણ યોગ સ્રુવાના સ્થાનાપન્ન છે કેમકે, એજ યોગો દ્વારા ઘીના સ્થાનરૂપ શુભ વ્યાપાર જે તપ રૂપી અગ્નિને પ્રદીપ્ત કરવામાં કારણ બને છે. એ તપરૂપ અગ્નિમાં પ્રક્ષિપ્ત કરવામાં આવે છે. सरीरं कारिसंगं—शरीरं करीषाङ्गम् આ શરીર करीषाङ्ग છે, અગ્નિને પ્રજ્વલિત કરવા છાણા સ્વરૂપ છે. શરીર હોવાથી જ તપસ્યાનું આરાધન બને છે. આથી જ એ તપરૂપ અગ્નિને પ્રજ્વલિત કરવા છાણાના સ્થાનાપન્ન આ શરીરને કહેવામાં આવેલ છે. कम्मे एहा—कर्माणि एधांसि જ્ઞાનાવરણીયાદિક અષ્ટવિધ કર્મને એ યજ્ઞમાં બાળવામાં આવે છે. આથી તેને ઇંધનના સ્થાનાપન્ન કહેવામાં આવેલ છે. संजमओगसंति—संयमयोगाः शान्तिः સંયમ વ્યાપાર અહીં શાન્તી છે, કેમકે, સંયમથીજ સઘળા જીવોનો ઉપદ્રવ દૂર કરી શકાય છે. અને એનાથી જીવને શાંતી મળે છે. આ માટે અમે इसिणं पसत्थं—ऋषिणां प्रशस्तम् ઋષિઓમાં સમ્માનનીય होमं हुणामि—होमं जुहोमि સમ્યક્ ચારિત્રરૂપ યજ્ઞની આરાધના કરીએ છીએ.

ભાવાર્થ—બ્રાહ્મણોના પ્રશ્નનો મુનિરાજ આ ગાથા દ્વારા ઉત્તર આપે છે. તેઓ કહે છે કે, હે બ્રાહ્મણો ! જે યજ્ઞનું વર્ણન કરવામાં આવેલ છે એ યજ્ઞમાં તપ જ અગ્નિ છે, જીવ અગ્નિકુંડ છે, યોગ સ્રુવા છે, શરીર છાણાં અને કર્મ ઇંધણ છે. સંયમ યોગ શાંતી છે. આ પ્રકારનો જીવોની વિરાધનાથી રહીત એવો યજ્ઞ અમે કરીએ છીએ. ॥૪૪॥

યજ્ઞના વિધિને તેમજ તેના સ્વરૂપને સાંભળીને બ્રાહ્મણોએ સ્નાનના સ્વરૂપને પૂછયું—

'के ते हरए ?' ઈત્યાદિ !

અન્વયાર્થ—હે મુનિરાજ ! ते हरए के—ते ह्रदः कः આપના સિદ્ધાંતાનુસાર જળાશય કયું છે ? संतितित्थे य ते के—शांतितीर्थं च ते किम् તથા જેમાં સ્નાન કરવાથી પાપ નિવૃત્તિ પૂર્વક શાંતીનો લાભ થાય છે, એવું એ તીર્થ આપના મતમાં કયું માનવામાં આવે છે ? कहंसि ण्हाओ व रयं जहासि—कस्मिन् स्नातो वा रजो जहासि અથવા તમે કઈ જગ્યાએ ન્હાઇને પાપરૂપ રજનો પરિત્યાગ કરો

છો ? અર્થાત્ કયા કયા તીર્થમાં સ્નાત થઈને આપ પાપોથી છુટો છો ? जक्ख-पूइया संजय-यक्षपूजित संयत હે યક્ષ પૂજીત મુનિરાજ ! આ સઘળી વાતો अम्हो भवओ सगासे-भवतः सकाशे આપની પાસેથી नाउं-ज्ञातुं જાણવા માટે इच्छामु-इच्छामः ઇચ્છુક બની રહ્યા છીએ તેથી अक्खाहि-आख्याहि આપ તે અમોને બતાવો.

ભાવાર્થ—સ્નાનના વિષયમાં પૂછવાની બ્રાહ્મણોની જીજ્ઞાસા વધવાનું કારણ એ હતું કે, જે રીતે મુનિરાજ દ્વારા પ્રતિપાદિત યજ્ઞની પ્રસિદ્ધિ, યજ્ઞથી વિલક્ષણ સ્વરૂપે છે એજ રીતે એમના મત અનુસાર સ્નાન પણ પ્રસિદ્ધ સ્નાનથી વિલક્ષણજ હશે ! આથી તેમણે મુનિરાજને સ્નાનના વિષયમાં આ પ્રકારનો પ્રશ્ન કર્યો કે, મહારાજ ! એ જળાશય આપની દૃષ્ટિમાં કયું છે કે જેમાં આપ સ્નાન કરો છો ? તથા એવું એ તીર્થ કયું છે કે જ્યાં સ્નાન કરવાથી પાપોથી છુટી જવાય છે ? ॥ ૪૫ ॥

સ્નાનના વિષયમાં જ્યારે તે બ્રાહ્મણોએ જીજ્ઞાસા ભાવથી પ્રશ્ન કર્યો ત્યારે મુનિરાજે એનો ઉત્તર આ પ્રકારે આપ્યો.—

'धम्मे हरए' ઈત્યાદિ !

અન્વયાર્થ—धम्मे हरए-धर्मो ह्रदः અહિંસા આદિરૂપ ધર્મ સરોવર છે કેમકે, એ ધર્મથી કર્મરૂપી ધૂળનું અપહરણ થાય છે बंभे संति तित्थे-ब्रह्मशान्ति तीर्थम् બ્રહ્મચર્ય શાન્તિતીર્થ છે. કારણ કે એના સેવનથી સઘળા મળોનો મુળભૂત રાગ અને દ્વેષનો સમુળગો વિનાશ થાય છે. રાગદ્વેષનો નાશ થતાં ફરીથી મળોની ઉત્પત્તિ થવાની સંભવના રહેતી નથી. કહ્યું પણ છે.

" ब्रह्मचर्येण सत्येन, तपसा संयमे न च ।
मातंगर्षिर्गतः शुद्धिं, न शुद्धिस्तीर्थयात्रया ॥ "

બ્રહ્મચર્યના પાલનથી, સત્યધર્મના સેવનથી, તપ અને સંયમની આરાધનાથી, માતંગ ઋષિએ આત્મશુદ્ધિને પ્રાપ્ત કરેલ છે. આ આત્મશુદ્ધિ જીવોને તીર્થોની યાત્રા કરવાથી પ્રાપ્ત થતી નથી. અને હે બ્રાહ્મણો ! આપ

લોક જેને તીર્થસ્થાન માનો છો અને તેની યાત્રા કર્યા કરો છો તે કેવળ પ્રાણીઓની પીડાનો જ હેતુ છે. આથી મલાપગમ–મલનો નાશ ન થઈને પ્રત્યુત મલોપચયજ–મલનો સંગ્રહ જ થાય છે. આ કારણે એમાં શુદ્ધિ હેતુતા આવતી નથી. આ વાત અન્યત્ર આ પ્રકારે કહેવાયેલ છે—

" कुर्याद्वर्षसह ं तु, अहन्यहनि मज्जनम् ।
सागरेणापि कृच्छ्रेण, वधको नैव शुध्यति ॥ "

હજારો વર્ષ સુધી પણ પ્રાણી રાત દિવસ સમુદ્ર પ્રમાણ જળથી સ્નાન કરે તો પણ તે આત્મશુદ્ધિને પ્રાપ્ત કરી શકતાં નથી.

અમારા તરફથી સંમત એવું જે આ શાંન્તીતીર્થ છે તે अनाइले–अनाविलम् પાંચ અસ્રવરૂપ મળોથી સર્વથા વર્જીત છે. આ કારણે ત્યાં અવગાહન કરવાથી अत्तपसन्नलेस्से–आत्मप्रसन्नलेश्यम् આત્માની શુભ લેશ્યાઓમાંથી કોઈ એક લેશ્યા નિર્મળ બની જાય છે, जहिंसि–यस्मिन् જે શાંતિતીર્થમાં ण्हाओ–स्नातो નહાઈને મારૂં મન નિમગ્ન બનેલ છે તે હું विमलो विशुद्धो–विमलः विशुद्धः વિમલ–નિર્મલ–ભાવમલથી રહિત બનીને કર્મમળ કલંકથી રહીત બનીશ. આ રીતે सुसीइभूओ-सुशीतिभूतः શારીરિક માનસિક સંતાપથી વર્જીત થઇને હું दोसं–दोषम् આત્માને વિકૃત કરનાર એવા જ્ઞાનાવરણીયાદિક દોષોને पजहामि–प्रजहामि છોડી દઈશ અને ભવિષ્યમાં હું તેનાથી સંપૂર્ણતઃ રહિત થઈ જઈશ.

ભાવાર્થ—કોઈ તીર્થસ્થાનમાંના જળાશયમાં સ્નાન કરવાથી પાપોનો નાશ થાય છે એવી માન્યતા બ્રાહ્મણોની છે, એ માન્યતાને લઇને મુનિરાજ એમને કહે છે કે, ધર્મતીર્થ વ્યવહારમાં જેને માનવામાં આવે છે તે વાસ્તવમાં ધર્મતીર્થ નથી તે તો પ્રાણીઓને પીડાનાં હેતુક હોવાથી એક પ્રકારનાં અધર્મ તીર્થ છે, હિંસાદિક પાપોથી વિરતિ થવી એજ સર્વોત્તમ ધર્મતીર્થ છે. આ ધર્મતીર્થમાં અવગહન કરનાર પ્રાણીવર્ગ નિયમતઃ વિમલ અને વિશુદ્ધ બને છે. અમે આવાજ ધર્મતીર્થમાં સ્નાન કરતા રહીએ છીએ. આ સ્નાનથી આત્મા શુચિભૂત થઈને નિર્દોષ બની જશે. ભગવાન મહાવીરનું તીર્થ એક એવું તીર્થ સ્થાન છે કે, જ્યાં દરેક રીતે જીવોને શાંન્તીનો લાભ મળતો રહે છે. ॥૪૬॥

અધ્યયનનો ઉપસંહાર કરતાં સૂત્રકાર કહે છે—

" एयं सिणाणं कुसले हि दिट्ठं " ઇત્યાદિ.

અન્વયાર્થ—कुसलेहिं–कुशलैः તીર્થંકરોએ एयं सियाणं–एतत् स्नानम् આ પૂર્વોક્ત સ્નાનને इसिणं पसत्थं–ऋषीणाँ प्रशस्तम् ઋષિઓને માન્ય સ્વરૂપ महासिणाणं-महास्नानम् મહાસ્નાન સ્વરૂપ दिट्ठं दृष्टं–दिष्टम्જોયેલ છે-કહેલ છે जहिंसि·यस्मिन् જે સ્નાનથી ण्हाया–स्नाताः સ્નાપિત થયેલ–महारिसी–महर्षयः મહર્ષિજન विमला विशुद्धा–विमलाः विशुद्धाः વિમલ અને વિશુદ્ધ થઇને उत्तमं ठाणं पत्ते–उत्तमं स्थानं प्राप्ताः મુક્તિરૂપ ઉત્તમ સ્થાનને મેળવનાર બની જાય છે. त्ति बेमि–इति ब्रवीमि

એવું હું મહાવીર ભગવાનના કહેવા પ્રમાણે કહું છું. અર્થાત્ એવું જ વીર પ્રભુએ જે કહ્યું છે એજ મેં કહેલ છે. આ પ્રમાણે હરિકેશબલ મુનિએ બ્રાહ્મણોને બોધિત કર્યા અને પછી પોતાના સ્થાન ઉપર ચાલ્યા ગયા અને તે સ્થળે ખૂબ ઉગ્ર તપસ્યાની આરાધનાથી કર્મોનો વિનાશ કરી તેમણે મુક્તિનો લાભ કર્યો. તથા બ્રાહ્મણોએ પણ પ્રતિબોધિત થઇને આત્મ કલ્યાણનો માર્ગ ગ્રહણ કર્યો. ॥૪૭॥

॥ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની પ્રિયદર્શિની ટીકાનો

હરિકેશીય નામના બારમા અધ્યયનનો

ગુજરાતી ભાષા અનુવાદ સંપૂર્ણ. ॥૧૨॥

## તેરવાઁ અધ્યયનકી અવતરણિકા ઔર ચિત્ર સંભૂત મૂનિ કા ચરિત્ર વર્ણન

### તેરમા અધ્યયનનો પ્રારંભ—

બારમું અધ્યયન પુરૂ થઇ ચુકયું, હવે તેરમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનો બારમા અધ્યયન સાથે સંબંધ આ પ્રકારનો છે. બારમા અધ્યયનમાં એમ કહેવામાં આવ્યું છે કે, તપસ્યા કરવામાં આત્માએ વિશેષ પ્રયત્ન કરવો જોઇએ. હવે આ અધ્યયનમાં એ કહેવામાં આવે છે કે, તપસ્યા કરનાર તપસ્વીએ પોતાના તપના ફળ માટે કોઈ જાતનું નીયાણું–નીદાન કરવું ન જોઇએ. આ સંબંધને લઇને આ અધ્યયનમાં ચિત્ર અને સંભૂત નામના બે મુનિરાજોનું વર્ણન કરવામાં આવ્યું છે. આથી તેમના સંબંધને કારણે આ અધ્યયનનું નામ પણ "ચિત્ર–સંભૂત" એવું રાખવામાં આવેલ છે. આ વાતને સમજાવવા માટે ચિત્ર અને સંભૂતના આખ્યાનનું વર્ણન કરવામાં આવે છે. જે આ પ્રકારનાં છે—

સાકેત નામનું નગર હતું, એ નગરના શાસક ચંદ્રાવતંસક નામના રાજા

હતા. એમને મુનિચંદ્ર નામનો એક પુત્ર હતો. મુનિચંદ્ર સઘળા નગરજનોના મનને આનંદ આપનાર હતો. એ બાલ્યાવસ્થામાંથી જ સાંસારિક વિષયો તરફ વિરક્ત ચિત્ત રહ્યા કરતો હતો. પારમાર્થિક કર્તવ્યની તરફ એનું મન વિશેષ રૂપથી ઝુકેલું હતું એક દિવસની વાત છે કે, મુનિચંદ્રે પોતાનું નામ યથાર્થ રૂપથી સાર્થક કરવા માટે સાગરચંદ્ર મુનિરાજની પાસે દીક્ષા ધારણ કરી. કોઈ એક સમય કે જ્યારે તેઓ વિહારમાં હતા–ગુરુની આજ્ઞા મેળવીને તેઓ સ્વતંત્ર વિહારી બન્યા હતા. પોતાની શિષ્ય મંડળીને સાથે લઈને તેમણે સ્વતંત્ર વિચરવાનો પ્રારંભ કર્યો. વિચરતાં વિચરતાં તેઓ એક મહા ભયાનક અટવીમાં જઈ પહોંચ્યા. આહાર આદિનો જોગ ન મળવાને કારણે સઘળાને ઘણું દુઃખ થવા લાગ્યું. ભૂખ તરસ આદિને કારણે તે સઘળા મુનિઓ દુર્બળ બની ગયા હતા. થોડું એક આગળ ચાલ્યા કે એટલામાં તેમને ગોવલ્લભ ગોપાળના નન્દ–સુનંદ નન્દદત્ત–નન્દપ્રિય નામના ચાર છોકરાઓએ જોયા. એ છોકરાઓએ તેમને સુવિશુદ્ધ આહાર વહોરાવી ધર્મનું ઉપાર્જન કર્યું. આહાર પાણી આદિની પ્રાપ્તિથી ભૂખ અને તરસ શાંત થવાથી શરીરમાં સ્વસ્થતા મળતાં પોતાના શિષ્યો સાથે મુનિચંદ્રે એ ગોપાળ બાળકોને ધર્મદેશના દીધી. ધર્મદેશના સાંભળીને એમનું ચિત્ત સંસારથી વિરક્ત બની ગયું. સંસારને સર્વથા અસાર જાણીને એ ચારે જણાએ મુનિરાજ મુનિચંદ્રની પાસેથી દીક્ષા ધારણ કરી. એમાના બે ગોપાલ બાળક નંદ–સુનન્દ મુનિઓને પોતાના પસીનાથી ભીનાં થયેલાં વસ્ત્રોમાં ગ્લાની ભાવ જાગૃત થયો. એ ચારે ગોપાળ મુનિરાજોના આયુષ્ય પૂર્ણ થતાં મરીને દેવલોક ગયા. આમાંથી જેમને પહેલાં, પોતાના પસીનાથી ભિંજાયેલાં વસ્ત્રોથી ગ્લાની ભાવ રહેતો હતો તે બન્ને દેવ ત્યાંથી ચ્યવીને દશપુર નામનાં નગરમાં શાંડિલ્ય બ્રાહ્મણની યશોમતી નામની દાસીના શૌણ્ડીર અને શૌણ્ડદત્ત નામના જોડીયા પુત્ર તરીકે જન્મ્યા.

સમય જતાં ધીરે ધીરે બાલ્યાવસ્થા વટાવીને એ બન્ને જુવાન બન્યા. એક દિવસ એ બન્ને ખેતરની રખેવાળી કરવા માટે વગડામાં ગયા હતા, થાકયા પાકયા ત્યાં એક વડના વૃક્ષની નીચે એ બન્ને સુઈ ગયા. એટલામાં એ વડના પોલા-

ણુમાંથી એક સર્પ નીકળ્યો તેણે સુતેલા બંને ભાઇઓમાંના એકને દંશ દીધો. સર્પ એકદમ ઝેરીલો હોવાથી બન્નેમાંથી જેને કરડયો હતો તેનું ત્યાં જ મૃત્યુ નિપજ્યું. આ પછી સર્પની તપાસ કરવા નીકળેલા બીજા ભાઇને પણ સર્પ દંશ થતાં તેનું પણ ત્યાં જ મૃત્યુ થયું. આ રીતે મરણ પામેલા એ બંને કાલીંજર પર્વત ઉપર એક હરણીના પેટે અવતર્યા. ત્યાં પણ તે સુખથી રહી ન શકયા, એક સમયે તે બન્ને પોતાની મા સાથે ચારો ચરવા જઈ રહ્યા હતા, એ સમયે કોઈ શીકારીના બાણથી બન્ને માર્યા ગયા. મરીને એ બન્ને ગંગા નદીને કિનારે એક હંસલીના પેટે સાથે અવતર્યા. ત્યાં પણ તે સુખથી રહી શકયા નહીં. પોતાની હંસ માતા સાથે જ્યારે તે બન્ને કિલ્લોલ કરી રહ્યા હતા એવે સમયે કોઇ એક શીકારીએ તે બન્નેને પકડી લીધા અને મારી નાખ્યા. ત્યાંથી મરીને એ બન્ને વાણારસી (કાશી) નગરીમાં ધનસંપન્ન એવા ભૂતદત્ત નામના ચાંડાલને ત્યાં પુત્ર રૂપે જનમ્યા. મોટા પુત્રનું નામ ચિત્ર અને નાના પુત્રનું નામ સંભૂત રાખવામાં આવ્યું. એ બન્ને ભાઈઓમાં પરસ્પર અત્યંત પ્રીતિ જામી ગઈ હતી.

બનારસમાં એ સમયે શંખ નામના રાજા રાજ્ય કરતા હતા. એમના મંત્રીનું નામ નમુચિ હતું. એની બુદ્ધિ સારી ન હતી. રાજાને તે ખોટી સલાહ આપ્યા કરતો હતો. એક સમયની વાત છે કે. એ મંત્રીથી રાજ્યનો કાંઈક અમાર્જનીય-ઘણો મોટો અપરાધ થઈ ગયો. એના દંડરૂપે રાજાએ તેને પ્રાણદંડની આજ્ઞા કરી અને ચાંડાલને કહી દીધું કે આને કોઈ પણ જાતનો વિચાર ન કરતાં મારી નાખો. ચાંડાલ રાજાની આજ્ઞા મળતાં એને મારવા માટે શ્મશાન ભૂમિમાં લઈ ગયો પરંતુ ચાંડાલના દિલમાં તેને મારવાની ભાવના ન જાગી. આથી તે દયાળુ હૃદયનો બની મંત્રીને કહેવા લાગ્યો. હે મંત્રિન્! આપ મારા ઘરમાં છુપાઇને રહો, અને મારા બે પુત્રો છે તેને આપ ભણાવો. ચાંડાલની વાત સાંભળીને જીવવાની અભિલાષાથી મંત્રીએ તેની વાતનો સ્વીકાર કર્યો. ચાંડાલને ઘેર ગુપ્તપણે રહીને ચિત્ર અને સંભૂત નામના તેના બન્ને બાળકોને મંત્રી ભણાવવા

લાગ્યો. બાળકોની માતા એની સેવા કરવા લાગી, નમુચિ એ બાળકોની માતા ઉપર આસક્ત બની ગયો. જ્યારે આ વાત ભૂતદત્ત ચાંડાલના કાન સુધી પહોંચી ત્યારે તેણે નમુચિને મારવાનો વિચાર કરી ઉપાય શોધવા લાગ્યો. બાળકોએ જ્યારે પોતાના પિતાના એ વિચારને જાણ્યો ત્યારે તેમણે કૃતજ્ઞતાને ઉપકાર વશ બનીને નમુચિને કોઇ ઉપાયથી બચાવી લેવા નક્કી કર્યું. અને તેમ કરવામાં તેમને સફળતા પણ મળી. તેમણે મંત્રીને પોતાના ઘરમાંથી કોઈ ગુપ્ત રસ્તે બહાર ભગાડી દીધો. આ રીતે ત્યાંથી ગુપ્ત રીતે ભાગી નીકળેલ મંત્રી ધીરે ધીરે ચાલતા ચાલતા હસ્તિનાપુર સનત્કુમાર ચક્રવર્તીની પાસે પહોંચ્યા. ચક્રવર્તીએ તેને પોતાના રાજ્યમાં મંત્રી પદે સ્થાપ્યા.

એક સમયની વાત છે કે, ચાંડાલના એ બન્ને પુત્રો ચિત્ર અને સંભૂત. રૂપ, યૌવન, લાવણ્ય અને નૃત્યકળા વિગેરેથી વારાણસીના નગરજનોના મનને રંજન કરતા હતા. એક વેળા ત્યાં વસંતોત્સવ હતો. આ બન્ને કલાકાર બંધુઓએ પોતાની શ્રેષ્ઠ કળાઓથી લોકોના મનને ખૂબ આનંદિત બનાવ્યાં. જ્યાં જ્યાં તેઓ પોતાની કળાનું પ્રદર્શન કરતા, ત્યાં ત્યાં જનમેદની એકત્ર થઈ જતી અને એમને ઘેરી લેતી તે વખતે જનતા એ પણ ભૂલી જતી કે આ બન્ને કલાકારો અસ્પૃશ્ય જાતિના બાળકો છે. આ બન્નેએ પોતાની કળા અને સંગીતથી નગરવાસીઓને ગાંડાતૂર બનાવ્યા હતા. સારીએ આમજનતા એ બન્ને ઉપર ખૂબજ મમત્વ ધરાવતી હતી. એ ઉત્સવમાં સંગીતકારોની બીજી મંડળીઓ પણ ભાગ લેવા આવેલ હતી તે સઘળા આ બન્ને ભાઇઓ પ્રત્યેની આ પ્રકારની લોકચાહના તેમજ અભ્યુદય જોઈને તેમની સામે ઈર્ષ્યા કરવા લાગ્યા. છેવટે રાજાની પાસે જઈને કહેવા લાગ્યા કે હે રાજન્ ! ભૂતદત્ત ચાંડાળના પુત્ર ચિત્ર અને સંભૂત એ બન્નેએ નગરીની અંદર પ્રવેશ કરીને પોતાની પ્રશસ્ત કળાથી સમસ્ત નગરની આમ જનતાને બહેકાવી દીધી છે.

અને સઘળાની સાથે સ્પૃશ્યાસ્પૃશ્યનો વિચાર કર્યા વીના એકતાનમાં ગાતાં નાચતાં અહીં તહીં ફરી રહ્યા છે. એમની આ પ્રકારની સ્વચ્છંદ પ્રવૃત્તિથી વર્ણાશ્રમની વ્યવસ્થા નષ્ટપ્રાય થઈ રહી છે. આથી આપનું એ કર્તવ્ય છે કે, આપ વ્યવસ્થાને યથાવત્ કાયમ રાખવા માટે એનો લોપ કરનાર એ બન્ને ભાઈઓને શિક્ષા કરો. ગાયકમંડળીની આ વાત સાંભળીને રાજાએ તે બન્ને ભાઈઓને પોતાના નગરમાંથી કાઢી મૂકયા. કેટલાક સમય પછી નગરમાં કૌમુદિમહોત્સ હોવાના સમાચાર ચિત્ર અને સંભૂતને મળ્યા. આ સમાચાર સાંભળીને તેઓ એ ઉત્સવ માણવાના લોભને રોકી ન શકયા. અને રાજાની આજ્ઞા ભૂલી જઈને એ ઉત્સવમાં ભાગ લેવા માટે તેઓ વારાણસી નગરીમાં આવ્યા. નગરીમાં આવીને તેમણે પોતાના મોઢાં સફેદ વસ્ત્રોથી ઢાંકીને એક તરફ ઉભા રહીને ઉત્સવને જોવા લાગ્યા. એ વખતે ત્યાં શાનદાર રીતે સંગીત ચાલી રહ્યાં હતાં. એ સાંભળતાંની સાથે જ રસની પ્રકર્ષતાથી સ્વભાવતઃ તેમના મોઢામાંથી આપો આપ સંગીત વહેવા માંડયું. શ્રુતિમધુર અને હૃદયદ્રાવક એમનાં ગીતને સાંભળીને એ ઉત્સવમાં આવેલ સઘળી જનતા આશ્ચર્યચકિત બનીને તર્કવિતર્કપૂર્વક વિચારવા લાગી કે, અહો ! શ્રુતિરસાયન સ્વરૂપ અને સમસ્ત ઈન્દ્રિયોના વ્યાપારને રોકનાર આ ગાયન કોણ ગાઈ રહેલ છે? શું આ ગાનાર કોઈ કિન્નર છે કે ગંધર્વ છે? કે કોઇ અપ્સરા ગાઈ રહી છે? સૂરની દિશામાં ખોળ કરતાં લોકોએ વસ્ત્રથી મોઢાને ઢાંકીને ઉભેલા એ બન્ને માતંગ કુમારોને જોયા. જોતાંજ લોકોએ તેમના મુખ ઉપર ઢાંકેલા વસ્ત્રને ખેંચીને ફગાવી દીધાં. મોઢા ઉપરનું વસ્ત્ર દૂર થતાં લોકોએ તેમને ઓળખી લીધા. ઓળખતાંવેંત જે સંગીત તેમના હૈયાંને હીલોળે ચઢાવતું હતું ત્યાં રાગનું સ્થાન દ્વેષે જમાવ્યું, પ્રેમનું સ્થાન ઈર્ષ્યાએ લીધું આમ એકાએક લોકમાનસમાં પરિવર્તન થતાં લોકોએ તેમના ઉપર આક્રમણ કર્યું. કોઈ મુઠી વડે તો કોઈ લાતોથી, તેમને માર મારવા લાગ્યા. માર એટલી હદે પડયો કે બન્નેના શરીર તદ્દન શબવત્ નિર્જીવ જેવાં થઈ ગયાં અને ધરણી ઉપર ઢળી પડયા. સહૃદયતાને સ્થાને દૌર્મનસ્યનો ભાવ જાગી ઉઠયો હતો. લોકોએ એમ માન્યું કે તેમણે રાજ્યઆજ્ઞાનો લોપ કર્યો છે તેમજ રાજ્યશાસનના એ

બન્ને દ્રોહ કરનારા છે એમ સમજીને તે બન્ને ભાઇઓને જનતાએ મૂઢ માર મારી આખરે નગરની બહાર હાંકી કાઢયા. એ બન્ને જણાએ પોતાની આ પ્રકારની દશા જોઇને તેમના ચિત્તમાં ભારે એવી ગ્લાની વ્યાપી ગઈ ધિક્કાર છે આ સમયને ! કે જેમાં ગુણોની જરા સરખી પણ કદર નથી આ પ્રકારે ખેદખિન્ન બનીને ચાલતા ચાલતા તેઓ નગરની બહારના એક ઉદ્યાનમાં આવ્યા અને વિચારવા લાગ્યા કે, ધિક્કાર છે અમોને કે, કેવળ અમારી જાતીના કારણે માનવજાતિએ માન્ય રાખેલ કળાઓનો પણ તિરસ્કાર થાય છે. કળાના તિરસ્કારનું કારણ અમે જ છીએ. કળાઓ ન તો અમારામાં આવતી કે ન તો તેનો અનાદર થતો. અમારી માતંગ જાતિએ જ અમારૂં રૂપ, લાવણ્ય, યૌવન, નૃત્ય, ગીત અને સંગીત આદિની કળાના કલાપને સમસ્ત જનતા તરફથી અપમાનીત બનાવેલ છે. આ કારણે એ તિરસ્કારની અપેક્ષાએ તો આપઘાત કરવોજ શ્રેયસ્કર છે આ પ્રકારના વિચારોથી ઓતપ્રોત બની તે બન્ને ત્યાંથી પોતાના બંધુજનોને પૂછયા વગર દક્ષિણ દિશા તરફ ચાલી નીકળ્યા. ચાલતા ચાલતા તેમણે એક ઉંચો પહાડ જોયો. તે જોઈ તેમના મનમાં વિચાર આવ્યો કે આના ઉપર ચડીને ત્યાંથી પડતું મૂકવું એજ યોગ્ય છે. આ પ્રમાણે નિશ્ચય કરી બન્ને જણા એ પહાડ ઉપર ચડયા. એ વખતે એકાએક તેમની નજર એક શિલા નીચે બેઠેલા મુનિરાજના ઉપર પડી. મુનિરાજનાં સર્વ અંગો તપસ્યાની વિકટતાથી શુષ્ક બની ગયાં હતાં. મોઢા ઉપર સદોરકમુખવસ્ત્રિકા બાંધી હતી. એ વખતે તે મુનિરાજ ધ્યાનમગ્ન દશામાં તપ કરી રહ્યા હતા. આ સમયે મુનિરાજના અચાનક દર્શનથી તેમના અશાંત હૈયામાં ધૈર્યની રેખા પ્રગટી મક્કમ દીલે તે બન્ને જણાએ મુનિરાજની પાસે જવા પગ ઉપાડયા. ત્યાં પહોંચતાંજ તેમની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. ભક્તિથી વિહ્વળ બનીને બંન્નેએ મુનિરાજના ચરણોમાં મસ્તકનમાવ્યાં. મુનિરાજે પણ “દયા પાળો” એવું કહીને તેમને આવવાનું કારણ પૂછયું. મુનિરાજ સમક્ષ તેમણે પોતાનું આદીથી અંત સુધીનું યથાવત વૃત્તાંત કહી દીધું. અંતમાં પર્વતપર ચડીને જીવન સમાપ્ત કરવાની વાત પણ કહી દીધી. એ સાંભળીને

મુનિરાજે કહ્યું કે પુણ્યના ઉદયથી મળેલ આ મનુષ્યભવને આવા નબળા વિચારથી બગાડવામાં તમારૂં શ્રેય નથી. તમે વિવિધવિદ્યાઓના અધ્યયનથી નિર્મળ બુદ્ધિશાળી છો. આથી પર્વત ઉપરથી પડીને મોતને ભેટવું તેમાં કઇ જાતની બુદ્ધિમત્તા છે? તમારા જેવા બુદ્ધિમાનોએ એવું કામ કરવું શોભાસ્પદ નથી. તેના કરતાં તો સર્વોત્તમમાર્ગ એજ છે કે, તમે મુક્તિ માર્ગનો આશ્રય લઇ તમારા મનુષ્યજન્મને સફળ કરો. મુનિરાજની આવી દિવ્ય વાણી સાંભળીને એ બન્નેએ એજ સમયે દીક્ષા અંગીકાર કરી. દીક્ષા ધારણ કરીને તે બન્નેએ આગમોનું સારી રીતે અધ્યયન કર્યું. આ રીતે એ બન્ને ગીતાર્થ બની ગયા. ગુરૂમહારાજની આજ્ઞાથી તેઓએ છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દ્વાદશ, અર્ધમાસ, માસખમણ આદિ તપસ્યાઓ આરાધન કરવા માંડી. આ રીતે વિવિધ તપસ્યાઓની આરાધના કરતાં તેમજ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં હસ્તિનાપુર આવ્યા, અને ત્યાં બહારના બગીચામાં ઉતર્યા.

એક સમય માસ ખમણના પારણાના દિવસે સંભૂતમુનિ નગરમાં ગયા અને એક ઘેરથી બીજા ઘેર ભિક્ષાચર્યા માટે ભ્રમણ કરી રહ્યા હતા. જ્યારે તે ફરતા ફરતા રાજમાર્ગ ઉપર આવ્યા. તે સમયે મકાનની ખડકીમાં બેઠેલા નમુચિમંત્રીએ જોતાં જ તેમને ઓળખી લીધા. ઓળખતાં તેમણે વિચાર કર્યો કે, અહો! આને તો મેં ભણાવેલ છે. આ એજ માતંગ જાતિની વ્યક્તિ છે કે જેના ઘરમાં હું છુપાઈને રહ્યો હતો. આ મારા પૂર્વચરિત્રને સારી રીતે જાણે છે. જો કદાચ તે મારી અગાઉની વાતોને અહીંની જનતા સમક્ષ કહી દે તો મારી પ્રતિષ્ઠામાં ભારે હાની પહોંચે. આ પ્રકારનો વિચાર કરીને એ નમુચિમંત્રીએ પોતાના દૂતો મારફતે સંભૂતમુનિને ગડદા પાટુ વગેરેનો માર મરાવીને નગરથી બહાર કાઢી મુકાવ્યા. મારખાઇને મુનિરાજ ઉદ્યાનમાં ચાલ્યા ગયા. ત્યાં ગયા પછી મુનિને અધિક પ્રમાણમાં ક્રોધ વ્યાપ્યો. એ વખતે એમના મોઢામાંથી ધુમાડાના ગોટે ગોટા નિકળીને નગરભરમાં છવાઈ ગયા. પછી તેજોલેશ્યાની જ્વાળાના પ્રકાશથી વ્યાપ્ત બની ગયું. જનતામાં આથી

ભારે ભય વ્યાપ્યો. સઘળા ભયથી વિહ્વળ બનીને મુનિરાજને પ્રસન્ન કરવાની ચેષ્ટામાં તલ્લીન બની ગયા. સનત્કુમાર ચક્રવર્તી પણ ઉદ્યાનમાં મુનિરાજની પાસે આવી પહોંચ્યા તેણે પણ મુનિરાજને શાંત કરવા ખૂબ અનુનય વિનય કર્યો અને કહ્યું કે, ભગવન્ ! અમારા સઘળા અપરાધોને ક્ષમા કરો. સાધુજન હમેશાં ક્ષમાભૂષણ હોય છે. જુઓ આપના કોપાનલથી સઘળા પુરવાસીઓ દાઝી રહ્યા છે. આથી આપ તેમના ઉપર દયાભાવ લાવી એમની રક્ષા કરો. એમના સમસ્ત અપરાધોની ક્ષમા આપો. આ પ્રકારે ચક્રવર્તીએ વિનંતિ કરવા છતાં પણ જ્યારે સંભૂતમુનિ પ્રસન્ન ન થયા ત્યારે ચિત્તમુનિરાજે સંભૂતમુનિને કહ્યું કે, હે મુનિ ! આ શું કરી રહ્યા છો ? આપને ખબર નથી કે, આ કોપ ચારિત્રરૂપી વનને ભસ્મ કરી દેનાર છે. આથી એ ચારિત્રરૂપી વનને બાળી નાખનારા કોપનો પરિત્યાગ કરો. આ વિષયમાં નિર્ગ્રન્થાચાર્ય શું કહે છે—

"देशोनपूर्व कोटया:, यदर्जितं भवति विमलचारित्रम् ।
तदपि हि कषायकलुषो हारयति मुनिर्मुहूर्तेन ॥"
यथा—वनदवो वनं शीघ्रं, प्रज्वाल्य क्षणेन निर्दहति ।
एवं कषायपरिणतो, जीवस्तपः संयमं दहति ॥"

મુનિ દેશોનપૂર્વકોટી—કંઈક ઓછુ એક કરોડ પૂર્વ સુધીમાં જેટલું ચારિત્ર ઉપાર્જીત કરે છે એ સમસ્ત ચારિત્રને તે મુનિ ક્રોધના આવેશમાં આવીને એક મુહૂર્તમાત્રમાં નાશ કરી બેસે છે જે રીતે દાવાનળ જોત જોતામાં સઘળા જંગલને બાળીને ખાખ કરી નાખે છે એજ રીતે કષાય પરિણત જીવ તપ અને સંયમને બાળીને ખાખ કરી દે છે. આ ક્રોધ શ્રેયસ્કર થતો નથી. કહ્યું પણ છે—ક્રોધ પ્રીતિનો નાશ કરનાર, દુર્ગતિને વધારનાર, અને પોતાનામાં તેમજ બીજાનામાં સંતાપને વધારનાર બને છે. આથી એવા અનિષ્ટના કરનાર ક્રોધનો આપ સર્વથા પરિત્યાગ કરી દો.

મુનિરાજ ચિત્રમુનિનો આ પ્રકારના હિતકારક ઉપદેશ સાંભળીને સંભૂતમુનિનો કોપ શાંત થઈ ગયો. તેજોલેશ્યાનું તેમણે સંહરણ કરી લીધું. સનત્કુમાર ચક્રવર્ત્તી પણ પુરવાસીઓની સાથે નગરમાં ચાલ્યા ગયા. આ સમયે ચિત્ર અને સંભૂત મુનિરાજોએ વિચાર કર્યો કે અમે બન્નેએ સંલેખના ધારણ કરી છે તો અનશન કરવું પણ ઉચિત છે. આ પ્રકારનો વિચાર કરી એ બન્નેએ અનશન કરવાનો પ્રારંભ કર્યો.

"નમુચિમંત્રિએજ આ સઘળું કરાવેલ છે" એવું જાણીને સનત્કુમાર ચક્રવર્તીએ દોરડાથી તેના અંગ ઉપાંગોને બંધાવીને દૂતોની સાથે મુનિ મહારાજોની પાસે મોકલાવી દીધો. મુનિરાજોએ જ્યારે તેની આવી દયામય દશા જોઈ ત્યારે તેમણે તેને બંધનથી મુક્ત કરાવ્યો. કેમકે મુનિરાજ સ્વભાવતઃ કરૂણાર્દ્ર હૃદયવાળા હોય છે. જ્યારે સનત્કુમાર ચક્રવર્તીએ આ વાત સાંભળી તો તે પણ મુનિરાજોને વંદના કરવા માટે પોતાના અંતઃપુરને સાથે લઈ ત્યાં આવ્યા અને ભક્તિભાવથી ઓતપ્રોત અંતઃકરણવાળા બનીને એ મુનિરાજોના ચરણોમાં તેમણે પોતાનું શીર ઝુકાવ્યું. ચક્રવર્તીની પત્ની કે જેનું નામ સુનંદા

હતું તેણે પણ અતિ ભક્તિભાવના ઉલ્હાસને કારણે ઉચિત આચારને પણ ભૂલી જઈ મુનિ મહારાજના ચરણોમાં મસ્તક નમાવી બન્ને હાથોથી મુનિરાજના ચરણોનો સ્પર્શ કર્યો. સુનંદાની સુકોમળ કેશરાશિના સ્પર્શથી થતા સુખનો અનુભવ કરતાં સંભૂતમુનિએનિયાણું કરવા માંડયું. એમના એ હૃદયના ભાવોને જાણીને ચિત્તમુનિરાજે વિચાર કર્યો કે, અહાહા ! જુઓ તો ખરા મોહરાજની દુર્જયતા ! ઇન્દ્રિયોની નિર્બળતા કે જેની પ્રબળતાથી સદા વિકૃષ્ટ તપસ્યાઓનું આરાધન કરવાવાળા એવા આ સંભૂતમુનિ કે જેઓ જીન વચનના રહસ્યના જ્ઞાતા છે તેઓ આ યુવતિના વાળના સ્પર્શ માત્રથી જ નિદાન કરવા તરફ ઝુકવાની તૈયારી કરી રહ્યા છે. આથી તેમને તાત્કાલિક ચેતવવા જોઈએ. આ પ્રકારનો વિચાર કરી ચિત્તમુનિરાજે સંભૂતમુનિને પ્રતિબોધ કરવાની ભાવનાથી એમને આ પ્રકારે કહ્યું. ભાઈ! આવા પ્રકારના દુર્ધ્યાનથી, ખોટા અધ્યવસાયથી, આપની રક્ષા કરો ! રક્ષા કરો ! એ ભોગ કે જેની ચાહનામાં તમો તમારા કર્તવ્યપથને ભૂલી જઈ દુઃખી બનવામાં આગળ વધી રહયા છો તે સર્વથા નિઃસાર છે, પરિણામમાં ભયંકર છે, કિંપાકફળની માફક બહારથી જ રળિયામણું છે તથા આ અનંતસંસારમાં પરિભ્રમણનું મૂળ કારણ છે. આથી ભૂલેચુકે પણ એવું નિયાણું ન કરશો. આ પ્રકારનાં નિયાણાથી તમે કરી રહેલા અતિ ઘોર એવું અનુષ્ઠાન પણ તમને એવું ફળદાયક નહીં બની શકે. એનાથી તો અત્યંત દુઃખાગ્નિની ભેટ જ મળવાની છે. આ રીતે ચિત્તમુનિરાજે સંભૂતમુનિને ખૂબ સમજાવ્યા છતાં પણ તેઓ એ રાહથી પાછા ન હટયા. સંભૂતમુનિએ વિચાર કર્યો કે, “જો તપસ્યાનું કાંઈ ફળ હોય તો હું એના પ્રભાવથી હવેના ભવમાં ચક્રવર્તી બનું” આ પ્રકારનું નિકાચિત નિયાણું કરીને તે સંભૂતમુનિ સમય જતાં કાળધર્મ પામ્યા. મરીને સૌધર્મ સ્વર્ગમાં દેવ થયા. ચિત્તમુનિરાજ પણ મરીને ત્યાં દેવ થયા. સ્વર્ગમાંથી ચ્યવીને ચિત્તમુનિરાજનો જીવ પુરિમતાલપુરમાં ધનસારનામના ઇભ્ય શેઠને ત્યાં ગુણસાગર નામે પુત્રરૂપે જન્મ્યા. જ્યારે સંભૂતમુનિનો જીવ કામ્પિલ્યપુરમાં

બ્રહ્મરાજાની રાણી ચુલનીની કૂખે પુત્રરૂપે અવતર્યાં. જ્યારે તે ચુલની રાણીના ઉદરમાં હતા એ સમયે રાણીએ ચૌદ સ્વપ્ન જોયાં બ્રહ્મરાજાએ પુત્રનું નામ બ્રહ્મદત્ત રાખ્યું. બ્રહ્મરાજાને ચાર મિત્ર હતા, જેઓ કુલીન હતા. જેમનાં નામ એક કાશીરાજ કટક, બીજા ગજપુરેશ કણેરદત્ત, ત્રીજા કૌસલાધીશ દીર્ઘ, અને ચોથા ચંપાપતિ પુષ્પચુલ હતા, આ સર્વને એક બીજા માટે ખૂબ સ્નેહ હતો. એક બીજા ઘડીભર પણ છુટા રહી શકતા નહી. એકાદ ઘડીનો વિયોગ પણ તેમને ભારે દુઃખદાયક થઇ પડતો. એક બીજા એક બીજાને ત્યાં વારા ફરતી એક એક વર્ષ રહેતા. અને વિવિધ પ્રકારનાં સુખોનો અનુભવ કરતા. બ્રહ્મદત્તને ત્યાં એમનો રહેવાનો સમય આવ્યો સઘળા ભેગા થઈ રહેવા લાગ્યા. ભાગ્યાવશાત્ એ વખતે બ્રહ્મરાજાને માથામાં એકદમ દર્દ થઈ આવ્યું મંત્ર, તંત્ર અને ઔષધિ આદિ દ્વારા રાજાની યથોચિત ચિકિત્સા કરવામાં આવી તો પણ તેમની વેદના ઓછી ન થઈ. રાજાએ આથી એવું અનુમાન કરી લીધું કે, હવે મારા મૃત્યુનો સમય નજીક આવી ગયો છે. આથી તેણે પોતાના પુત્રને પોતાના એ ચારે મિત્રોને સોંપીને તેમને કહ્યું કે, જુઓ ! જ્યાં સુધી મારો આ પુત્ર રાજ્યધુરાને વહન કરવા યોગ્ય ન બને ત્યાં સુધી આ રાજ્યનો પ્રબંધ એના વતી આપ લોકજ કરતા રહેશો. આ પછી થોડા વખતે બ્રહ્મ-રાજાનો દેહાંત થયો. મિત્રોએ મળીને તેમની અંત્યેષ્ટિ ક્રિયા કરી અન્ત્યેષ્ટિ ક્રિયા પતાવ્યા પછી મૃત આત્માની શાંતિ અર્થે જે કાર્યો કરવામાં આવે છે તે સઘળાં કાર્યો પણ પુરાં કર્યાં. મૃત આત્મા સંબંધી ઉત્તર ક્રિયા પતાવ્યા પછી એ ચારે જણાએ એક દિવસ મળીને એવો વિચાર કર્યો કે, બ્રહ્મરાજાએ આ-પણને આ રાજ્યનો ભાર ઉપાડવાનું સોંપેલ છે તે આપણે બધાએ સાથે મળીને વહન કરવો જોઈએ. રાજકુમારને રાજ્યસંચાલનની યોગ્ય શિક્ષા પણ એ સમય દરમ્યાન મળી જાય. આપણાં કર્તવ્ય પાલનથી રાજ્યને હર પ્રકારે સુરક્ષિત બનાવી રાખવું જોઈએ આ પ્રકારનો વિચાર કરી તેમણે કોસલાધિપતિ દીર્ઘના હાથમાં રાજ્યનું શાસન સોપ્યું. અને પછી બધા પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

દીર્ઘે રાજ્યનું સંચાલન ઘણી યોગ્યતાની સાથે કરવા માંડયું સેના અને સીમાનું નિરંતર નિરીક્ષણ કરવું એ તેની રોજની કામગીરીમાં સામેલ હતું. પ્રજાજનોનું અને રાજ્ય ભંડારનું યથાવિધિ પાલન અને દેખરેખનું કામ તો તેણે પોતાના હાથમાંજ રાખ્યું હતું કુમારની દેખરેખની પણ સુયોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. વળી ખાસ ગુપ્તચરો પણ તેણે નિયુક્ત કર્યા હતા કે જેઓ કુમારના મિત્રો અને અમિત્રોના સમાચાર જણાવતા રહે. મિત્રોને સંતોષવા તેમજ અમિત્રોને શિક્ષા કરવી એ રાજ્ય સંચાલનની એક નીતિ હોય છે આ પ્રકારની નીતિનો દીર્ઘે પુરી રીતે ઉપયોગ કરવાનું રાખ્યું અંતઃપુરની સંભાળ રાખવાનું અને રાજમાતા ચુલનીની સાથે રાજ્ય સંચાલનના વિષયમાં મંત્રણા કરવાનું તે કદી ચુકતો ન હતો. વિધવા રાજમાતા સાથે દીર્ઘના રોજના સહવાસને કારણે તેના દિલમાં કુવૃત્તિ જાગી સમગ્ર રાજકાજ કરતાં કરતાં દીર્ઘનું હૃદય કામવેગથી આંધળું બની ગયું. તે રાજમાતા ચુલની ઉપર આસક્ત બન્યો. આ પ્રકારની સ્થિતિમાં જકડાએલા બન્ને જણાંનો સમય વિતતો જતો હતો. આ હકિકત એક વખત ધનુ નામના મંત્રીના જાણવામાં આવી. એ જાણીને તેણે વિચાર કર્યો કે, જે આ પ્રકારનો અનાચાર આચરે છે તે ભવિષ્યમાં રાજકુમારના હિતને નુકશાન પહોંચાડનાર પણ ચોક્કસ બનશે. આમ વિચારી તેણે એ હકિકતને ગુપ્ત રાખી પોતાનો પુત્ર કે જે રાજકુમારની સાથે રહેતો હતો તેને આડકતરી રીતે સમજાવી સાથે સાથે તેને એ પણ સમજાવ્યું કે, બેટા ! યોગ્ય અવસર પ્રાપ્ત થતાં આ ગુપ્ત વાત તમે રાજકુમારના કાને નાખશો. જુઓ ઇન્દ્રિયોની દુર્નિગ્રહતા કે, જે સતી તેમજ રાજરાણી કે જે ધર્મને જાણનાર હોવા છતાં પણ વ્યભિચારમાં રત બની ગયેલ છે. એ કામવૃત્તિને ધીક્કાર છે. અફસોસ છે કે, કામાંધ બનેલ પ્રાણી પોતાના વિવેક અને સદવિચારોને એક ક્ષણ માત્રમાં ભૂલી જાય છે. આ પ્રકારે પુત્રને ધનુમંત્રીએ રાજમાતાના અનાચારની વાતને સ્પષ્ટ સ્વરૂપથી સમજાવી દીધી. ધનુમંત્રીના પુત્ર વરધનુએ સમય મળતાં સમગ્ર વૃત્તાંત એકાંતમાં રાજકુમારને સંભળાવી દીધો. રાજકુમારે માતાના દુશ્ચરિત્રને જાણીને તેને બોધ

આપવા માટે જે ઉપાય કર્યો તે આ પ્રમાણે છે. રાજકુમારે કાગડો અને હંસલી તેમજ પદ્મનાગણી અને ગોનસ સર્પ આવાં બે જોડાં તૈયાર કરાવ્યાં અને પછી તેને એક સોય પરોવીને "તમારા બન્નેના દુશ્ચરિત્રને મેં જાણી લીધેલ છે" આ વાત સમજાવવા માટે માતા અને દીર્ઘ રાજા સમક્ષ આ બન્ને યુગલોને રાખીને આ પ્રકારે કહેવા માંડયું, "જે આ પ્રકારનો અનાચાર સેવશે તેને હું સખ્ત એવો દંડ આપીશ." એવું કહીને પછી તે બહાર નીકળી ગયો. આ રીતે તેણે ઉપરાઉપરી બે ત્રણ દિવસ સુધી આડકતરી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો. રાજકુમારના આ પ્રકારના વર્તનને જાણી દીર્ઘના દિલમાં શંકા જાગી. તેણે વિચાર કર્યો કે, રાજકુમારને અમારા આ દુષ્કૃત્યની જાણ થઇ લાગે છે. આ પ્રમાણે તર્કવિતર્ક કરતાં દીર્ઘરાજાએ રાણીને કહ્યું, "દેવી! આપણો આ મીઠો સંબંધ તમારા પુત્રની જાણમાં આવ્યો છે માટેજ તેણે કાગડો અને હંસલી આ બન્નેને સોયમાં પરોવીને આપણને દેખાડયા છે. વળી તે કહે છે કે જે આ પ્રકારના અનાચારનું સેવન કરશે તેને હું દંડ આપીશ. તો શું રાજકુમાર મને કાગડા અને ગોનસ સર્પ જેવો માનીને તેમજ તમને હંસલી અને પદ્મનાગણીરૂપ માનીને આ જાતનું દૃશ્ય ત્રણ દિવસથી આપણને બતાવે છે. મને તો આથી ચોક્કસ ખાતરી થાય છે કે, આપણા બન્નેની પ્રીતિને એ સહન કરી ન શકતો હોવાથીજ એ ચીઢાયો છે. અને આપણો સંબંધ તોડાવવા તે તત્પર થયો છે. એ આવું કોઇ પણ પગલું ભરે તે પહેલાં કંટકરૂપ એવા આ રાજકુમારને દૂર કરી દેવો જોઈએ. દીર્ઘરાજાની આ વાતને સાંભળી ચુલનીએ કહ્યુ. આપ ભારે શંકાશીલ લાગો છો. એ હજુ બાળક છે એથી જે મનમાં આવે તેમ બકે છે એનામાં હજી બાળક બુદ્ધિ છે એમાં આપે કોઇ પ્રકારે શંકા રાખવાની જરૂર નથી. દીર્ઘરાજાએ રાણીની આ પ્રકારની વાત સાંભળીને કહ્યું. રાણી! તમે જે કહો છો તે પુત્ર તરફના વાત્સલ્યભાવનું કારણ છે. વાસ્તવમાં આનું પરિણામ ભવિષ્યમાં કેવું આવશે તે તમે જાણી શકતાં નથી. એ આગળ

જતાં આપણા આ કૃત્યને સહન ન કરતાં કોઇ એવો પ્રયત્ન કરશે કે, જેનાથી આપણું સુખ અને પ્રાણ બધાનો નાશ થઈ જશે. આથી વિઘ્નકારક એવા આ કાંટાને આપણા માર્ગમાંથી ઉખેડીને તરત જ ફેંકી દેવો જોઈએ. એમાં જ આપણું શ્રેય છે. એના મૃત્યુથી હું સ્વતંત્ર બની જઈશ ત્યારે તમોને એવા અનેક પુત્રો થશે. આથી આપણાં સુખમાં આડે આવતા આ કાંટાને અત્યારથીજ નિર્મૂળ કરવામાં કોઈ પણ પ્રકારનો વિચાર ન કરવો જોઈએ. દીર્ઘરાજાનું આ પ્રકારનું કહેવું સાંભળીને તે પાપિણી ચુલનીએ પોતાના સુખની કામનાને વશ બનીને તે પાપી રાજાની સલાહને માની લીધી.

દીર્ઘરાજાની સલાહ પછી ચુલનીએ દીર્ઘરાજાને કહ્યું કે, એને મારી નાખવો જોઇએ એ વાત તો ઠીક છે પરંતુ એને મારવો કઈ રીતે? એને મારી નાખતાં લોકોમાં શંકા આશંકા ન જાગે એ પણ વિચારવા જેવું છે, રાણીની વાત સાંભળીને દીર્ઘરાજાએ કહ્યું, જુઓ! હું તેનો ઉપાય બતાવું છું, એના વિવાહનો સમારંભ રચવામાં આવે, અને વરવધૂ માટે એક સ્વતંત્ર મહેલ તૈયાર કરાવીએ. એ મહેલનું લાખથી નિર્માણ કરવામાં આવે, એમાં આવવા જવાનાં છુપાં દ્વાર રાખવામાં આવે. જ્યારે વરવધૂ એમાં સૂતેલાં હોય એ સમયે હું તેમાં આગ લગાડી દઈશ અને જનતાને બતાવવા માટે એવી જાહેરાત કરાવીશ કે, અકસ્માત્ અગ્નિ લાગવાથી વરવધૂ એ મહેલમાં બળીને ખાખ થઈ ગયાં. અફસોસ! આ ઘણી જ દુઃખકારક અનર્થ ઘટના બની. આમ કહીને દીર્ઘરાજા કોઈ બીજા કામ માટે બહાર ચાલ્યો ગયો. આ પછી થોડા સમયને અંતરે એવી વાત વહેતી કરી કે રાજકુમારનો વિવાહ પુષ્પચૂલ રાજાની પુત્રી પુષ્પવતી સાથે નક્કી કરવામાં આવ્યો છે. પ્રજાજનોમાં જ્યારે આ વાત જાહેર થઈ ત્યારે વરવધૂ માટે નવો મહેલ બનાવવાની તૈયારીઓ પણ થવા માંડી અને ભારે ઝડપથી આકર્ષક એવો મહેલ તૈયાર કરવામાં આવ્યો. જેમાં સેંકડો થાંભલાઓ અને કળાકારીગરીથી ભરેલું નકશીકામ કરવામાં આવ્યું હતું. બહારથી ભારે કળાકારીગરીવાળા દેખાતા આ મહેલને અંદરથી લાખ યુક્ત અને જેમાં ગુપ્ત એવાં છુપાં અવર જવરવાળાં સ્થાનો રાખવામાં આવ્યાં હતાં.

આ તરફ ધનુમંત્રીએ દીર્ઘરાજા સમક્ષ એ પ્રકારની વિનંતી કરી કે, હવે હું વૃદ્ધ થઈ ગયો છું. રાજ્યનું કામ મારાથી બરોબર થઈ શકતું નથી. આથી મારી ભાવના એવી છે કે, મારા ઉપરનો આ ભાર હું મારા પુત્રને સોંપી દઉં અને પરલોક માટે હિત વિધાયક એવા ધાર્મિક કર્તવ્યોનું હું આરાધન કરૂં. મંત્રીની આ વાતને સાંભળીને રાજાએ વિચાર કર્યો કે નિવૃત્ત થઇને એ અન્ય સ્થળે જશે તો ત્યાં તે મારી બુરાઈઓ જાહેર કરશે જેથી એને અહીં જ રોકી રાખવો જોઈએ કે જેથી બહાર મારી બુરાઈઓ જાહેર ન થાય. આ પ્રકારે વિચારીને પછી તેણે મંત્રીને કહ્યું કે, મંત્રી ! તમારો પુત્ર વરધનુ તમારા પદને સંભાળે તો એમાં મને કાંઇ વાંધો નથી. ભલે તે તમારૂં કામ સંભાળે. પરંતુ તમે અહીંથી અન્ય જગ્યાએ ન જાવ અને અહીં રહીને જ દાનાદિક સત્કાર્યોનું આરાધન કરતાં રહો કે જેથી તમારો પરભવ સુધરે.

દીર્ઘરાજાની આ વાતનો મંત્રીએ સ્વીકાર કર્યો અને પોતાના પુત્રને મંત્રીપદે સ્થાપિત કરીને ગંગાના કિનારે તેમણે રહેઠાણ કર્યું ત્યાં તેમણે સુંદર પાણીની પરબ બંધાવી. વિશાળ ભોજનશાળા તૈયાર કરાવી. અનાથ, અપંગ, અભ્યાગતોને ત્યાં ભોજન આપવાનો પ્રબંધ કર્યો, અને પછીથી મંત્રી પોતે પણ એજ સ્થળે રહેવા લાગ્યા. અન્ન આદિની પ્રાપ્તિથી સંતુષ્ટ એવા માણસો મારફતે ગંગાનદીના એ તટ સ્થાનેથી માંડીને તે લાક્ષાગૃહ સુધીની બે ગાઉ લાંબી એવી સુરંગ તેમણે તૈયાર કરાવી જેમાં એક દ્વાર પણ મૂકાવી દીધું અને તેને એક પત્થરથી ઢાંકી દીધું. મંત્રીએ આ સુરંગના નિર્માણની અને તે પૂર્ણ થઈ ત્યાં સુધીની દરેક વાતથી પોતાના પુત્રને વખતો વખત વાકેફગાર રાખ્યો હતો. સાથોસાથ પુષ્પચૂલ રાજાને પણ ગુપ્ત રીતે આ વાતની ખબર પહોંચાડી હતી.

આ તરફ દીર્ઘરાજાએ કુમારનો વિવાહ પુષ્પચૂલ રાજાની દાસી પુત્રી સાથે કરી દીધો. વિવાહ કરી કુમાર પોતાની નવવધૂ સાથે પોતાની રાજધાનીમાં

આવ્યો. ચુલનીએ ભારે આડંબર સાથે વરવધૂનો નગર પ્રવેશ કરાવ્યો. નગરમાં ભારે ઉત્સવ મનાવ્યો. તેમને માટે બાંધવામાં આવેલા મહેલમાં રહેઠાણુની વ્યવસ્થા કરાવી આપી. મંત્રી વરધનુ કે જે કુમારનો મિત્ર હતો અને તેની જ સાથે રહેતો હતો. એ ખૂબ સાવચેત હતો. મધ્યરાત્રીનો સમય થયો એ સમયે ચુલનીએ પોતાના હાથથી જ એ લક્ષાગૃહમાં આગ ચાંપી. આગ લાગતાંવેંત જ લક્ષાગૃહમાં ચારે બાજુ ફેલાઈ ગઈ અને સઘળો મહેલ ભડભડ બળવા લાગ્યો.

આગ લાગી ત્યારે વરધનુ સચેત હતો તેણે પોતાના મિત્ર કુમાર બ્રહ્મદત્તને નિદ્રામંથી જગાડીને કહ્યું, કુમાર ! આ લાખાગૃહમાં તમારી માતાએ આગ લગાડી છે, આથી હવે આપનું અહીં એક ક્ષણુ પણ રહેવું જોખમ ભરેલું છે, હું આપને માર્ગ બતાવું છું એ માર્ગથી આપ જલદીથી બહાર નીકળી જાવ. આ પ્રમાણે કહી શીલા ખસેડીને સુરંગનો રસ્તો બતાવ્યો. અને પોતે પણ તેમની સાથે ચાલી નીકળ્યો, સુરંગના રસ્તેથી બન્ને જણુા ગંગાના કિનારા ઉપર બહાર નીકળ્યા. બ્રહ્મદત્તની પત્ની દાસી પુત્રી પણ એજ રસ્તેથી બહાર નીકળી ગઈ. અને પોતાના પિતાને ત્યાં પહોંચી ગઈ. ધનુમંત્રીએ ગંગાના કિનારે પહેલેથી જ બે ઘોડા તૈયાર રાખેલ હતા. જેથી બન્ને જણુા એ ઘોડા ઉપર સવાર થઇ બીજા દેશ તરફ ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં ભારે થાકને કારણે બંને ઘોડાઓ રસ્તામાં મરી ગયા આથી બન્ને જણુા પગપાળા ચાલતા ચાલતા એક કોટ્ટ નામના ગામમાં આવી પહોંચ્યા. કુમારે વરધનુને કહ્યું ભાઇ! મને ખૂબ જ કકડીને ભૂખ લાગી છે આથી ભૂખની તૃપ્તિનો કાંઇક પ્રબંધ કરો. રાજકુમારનું કહેવું સાંભળીને કુમારને ગામ બહાર બેસાડીને વરધનુ ગામમાં ગયો. ત્યાંથી એક વાળંદને સાથે લઈ તે રાજકુમાર પાસે આવ્યો. વાળંદે બન્ને જણુાના માથા ઉપરના વાળ ઉતારી મુંડન કર્યું. મુંડન કરાવ્યા પછી એ બંનેએ સાધુનો વેશ ધારણુ કર્યો. રંગેલાં વસ્ત્રોને પહેરીને પછી તેઓ ભિક્ષા માટે નગરમાં ગયા. ચાલતાં ચાલતાં રસ્તામાં તેમને એક બ્રાહ્મણુ

મળ્યો. જે એ બન્નેને પોતાને ઘેર લઈ ગયો અને ખૂબ જ આદર ભાવથી સત્કાર કરી ભોજન કરાવ્યું. ભોજન કર્યા બાદ ત્યાં એક મહિલાએ રાજકુમારના મસ્તકે ચાંદલો કર્યો અને પોતાની બન્ધુમતિ નામની કન્યા તેને સુપ્રત કર્યાનું જાહેર કર્યું. આ પરિસ્થિતિને જોઇ વરધનુએ કહ્યું કે, સુભગે! આ મૂર્ખને તમે પોતાની કન્યા શા માટે આપો છો? મંત્રીપુત્રની વાત સાંભળીને વચમાં જ બ્રાહ્મણે જવાબ આપ્યો કે, મહાભાગ! આ મારી પુત્રી છે. કોઈ નિમિત્તિઆએ એવી આગાહી કરી હતી કે "તારી પુત્રી આ ચક્રવર્તીની પત્ની થશે." એ વિચારથી મેં આમ કર્યું છે. એ જ દિવસે રાજકુમાર સાથે તેનો વિવાહ કરી દેવામાં આવ્યો, એ રાત રાજકુમાર ત્યાં પોતાના સાસરાને ત્યાં રહ્યો. બીજે દિવસે વરધનુએ રાજકુમારને ચાલવાનું કહ્યું, અને એમ જણાવ્યું કે, દીર્ઘ રાજાના ગુપ્તચરો અહીં આપણી પાછળ પાછળ આવી લાગ્યા છે, વરધનુની વાત સાંભળીને રાજકુમારે પોતાની પત્ની બંધુમતીને સર્વ બીના જણાવી દીધી અને પછી ત્યાંથી વરધનુની સાથે ચાલી નીકળ્યો. દર મજલ કરતાં કરતાં તેઓ એક ગામમાં પહોંચ્યા તૃષાતુર બનેલા રાજકુમાર માટે પાણી લેવા વરધનુ ગામમાં ગયો અને રાજકુમાર ગામ બહાર બેઠો. વરધનુ તરત જ પાછો ફર્યો અને કુમારને કહ્યું કે, કુમાર! દીર્ઘરાજાએ રાજ્યનિ સેના દ્વારા આપણો માર્ગ રોકી લીધો છે આથી આપણે અહીંથી આડા માર્ગે જલદીથી નીકળી જઈએ. આમ કરતાં બંને જણા આડે માર્ગે ચાલતાં ચાલતાં એક ઘાડા જંગલમાં જઈ ચડયા. ત્યાં એક વડલાની નીચે રાજકુમારને બેસાડીને વરધનુ પાણીની તપાસમાં નીકળ્યો, આ રીતે પાણીની તપાસમાં ફરતા વરધનુને દીર્ઘરાજાના સૈનિકોએ જોઈ લીધો અને તેને પકડીને બાંધી લીધો. ખૂબ મારકૂટ કરી, બ્રહ્મદત્તકુમાર કયાં છે તે પૂછયું અને જો નહીં બતાવે તો તને મારી નાખવામાં આવશે તેવી ધમકી પણ આપી અને જે રસ્તેથી તે આવ્યો હતો તે રસ્તે ઘસડતા લઈ ચાલ્યા. કુમાર જયાં બેઠો હતો તે સ્થાન નજીક આવતાં તેણે સંકેતથી કુમારને ભાગી છુટવાનો સંકેત કર્યો. આ સંકેત સૈનિકોની જાણમાં આવ્યો નહીં. સંકેત મળતાં કુમાર ત્યાંથી ભાગવા માંડયો અને મહા ભયંકર જંગલમાં જઈ ચડયો. ભૂખ અને તરસથી પીડાતાં ત્રણ દિવસ સુધી કુમાર તે જંગલમાં અથડાયો પરંતુ કયાંય ખાવાપીવાનું ન મળ્યું. ત્રીજા દિવસે કુમારે એક તપસ્વીને જોયા, તપસ્વીને જોઇને તેના જીવમાં ધરપત વળી અને પોતાના જીવનની આશા બંધાઈ. તપસ્વીની પાસે જઇને કુમારે તેને પૂછયું ભગવન્ આપનો આશ્રમ કયાં છે? તપસ્વીએ કહ્યું કે, "અમારો આશ્રમ અહિં નજીકમાં જ છે." આમ કહી તે કુમારને લઇ પોતાના કુલપતિ પાસે આવ્યા. કુલપતિને જોઈ કુમારે નમસ્કાર કર્યા. કુલપતિએ આવેલા કુમારને જોઈને તેને પૂછયું તમે કયાંથી આવો છો? કુલપતિના પૂછવાથી પ્રત્યુત્તરમાં

કુમારે પોતાનો સઘળો પૂર્વ વૃત્તાંત તેમને કહી સંભળાવ્યો. કુમારની વાત સાંભળીને કુલપતિએ કહ્યું કે, વત્સ! હું તમારા પિતાનો મોટો ભાઈ છું. હવે તમે કોઈ પ્રકારની ચિંતા ન કરો અને એમ જ સમજો કે હું મારા પોતાને ઘેર જ આવ્યો છું. એમ માની આનંદથી ઈચ્છા પ્રમાણે રહો, ખૂબ ખાઓ, પીવો અને આનંદ કરો. કુમાર તપસ્વીના આવાં આશ્વાસન ભરેલાં વચનોને સાંભળી વિશ્વાસ મૂકીને તેમજ તેમના અભિપ્રાયને જાણીને સુખપૂર્વક ત્યાં રહેવા લાગ્યો. તપસ્વીના આશ્રમમાં રહેતાં રહેતાં એક વર્ષ વીતી ગયું. આ સમય દરમ્યાન કુમારે તપસ્વીઓ પાસેથી ધનુર્વેદવિદ્યા શીખી લીધી. શરદ્કાળ આવવાથી તપસ્વીઓ કંદમૂળ આદિના માટે ત્યાંથી નીકળ્યા. કુમાર પણ તેમની સાથે ચાલ્યો. વનની શોભાને જોતાં જોતાં કુમારની દૃષ્ટિ એક હાથી ઉપર પડી એને જોઈને કુમાર તેની સામે ગયો. પોતાની સામે આવેલા કુમારને જોઈને હાથીએ ઘણા જોરથી ચીત્કાર કર્યો. ચીત્કાર શબ્દને સાંભળીને કુમારે પોતાનું ઉત્તરીય વસ્ત્ર (ઉપરણું) ઉતારીને તેના તરફ ફેંક્યું, હાથીએ પોતાની સુંઢથી તે વસ્ત્રને પકડીને તેને ઊંચે આકાશમાં ઉડાડયું અને કુમાર સામે દોટ મૂકી, ક્રોધથી આંધળો બનીને પોતા તરફ દોડી રહેલ હાથીને જોઈ તેમજ હાથીએ ઉછાળેલા પોતાના ઉત્તરીય વસ્ત્રને નીચે પડતાં ભારે કુશળતાથી પકડી લઇ પછી તેણે એ હાથી સામે સંતાકુકડીની રમત શરૂ કરી. પછી જ્યારે હાથી શાંત બની ગયો ત્યારે તે ત્યાંથી ચાલતો થયો. કુમાર પણ તેની પાછળ પાછળ મંદ ગતિએ ચાલવા લાગ્યો. થોડે દૂર ચાલ્યા બાદ કુમારે પૂર્વ દિશાના એક ભાગમાં એક જીર્ણ નગર જોયું. આ જીર્ણ નગર પહાડમાંથી આવતી એક નદીના તટ પર વસેલું હતું, આ નગર ઉજ્જડ હતું તેની જીર્ણ ભીંતો જ માત્ર ઉભી હતી, કુમારે આશ્ચર્યચકિત બનીને એ નગરમાં પ્રવેશ કર્યો, ત્યાં તેણે પોતાની દૃષ્ટિ ચારે તરફ ફેરવી તો તેને વિકટ વંશજાળ જોવામાં આવી એ વિકટવંશજાળ પાસે એક બાણ અને તલવાર આ બે વસ્તુઓ પડી હતી, કુમારે તલવારને એ વંશજાળ ઉપર ઉપાડીને ફેંકી, તલવારના ઘાથી વંશજાળ ફાટી અને એક મુંડકીની આકૃતી કે જે ખૂબ જ સુંદર ચહેરાવાળી હતી અને જેના હોઠ કાંપતા હતા તે નીચે પડી. આ મુંડકી નીચે પડતાં કુમારને ખૂબ જ આશ્ચર્ય થયું, આશ્ચર્ય ચકિત બન્યા પછી કુમારે વિચાર કર્યો કે, અવ્યવસાયમાં વ્યવસાય કરનાર મને અવિચારીને ધિક્કાર છે, મારા આ હાથોના બળને ધિક્કાર છે, મેં વગર વિચાર્યે જ આવું દુષ્કૃત્ય કર્યું છે, આવું અવિચારી અધમાધમ કૃત્ય મારા હાથથી થવાના કારણે એક નિરપરાધી વિદ્યાસાધક વિદ્યાધરનું માથું વિનાકારણે મારા હાથથી કપાઇ જવા પામ્યું છે. મારાથી આ પ્રકારનો ઘોર અપરાધ થયો છે હવે શું કરૂં? આ રીતે કુમારે પોતાના અવિચારી કૃત્ય પર ભારે પશ્ચાત્તાપ કર્યો. કુમાર જ્યારે વિવિધરૂપથી પશ્ચાત્તાપ કરી રહ્યો હતો એ વખતે તેણે જોયું તો વંશજાળની વચમાનું ધડ કે જેનું માથું પહેલાં તેના હાથે કપાઈ જવા પામ્યું હતું તે

પાન આદી સામગ્રી પોતાના હાથમાં લઈ ઉભેલ છે. આ પ્રમાણે જોવાથી કુમાર પહેલાં કરતાં વધુ સાવચેત બની ગયો પછી “ ભાવીની પ્રબળતાથી આ બનેલ છે.” આ પ્રકારે વિચારીને સ્વસ્થ થઇને કુમાર આમતેમ ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તેણે એક સુંદર મોટો બાગ જોયો. જોતાં જ તેનું મન એમાં જવા લલચાયું તેણે તેમાં પ્રવેશ કર્યો, અને ફરવા લાગ્યો ફરતાં ફરતાં તેની દૃષ્ટિએ સાત માળનું એક ભવ્ય મકાન દેખાયું. એ મકાન અશોકવૃક્ષની વચ્ચે આવેલ હતું. કુમાર એ મકાનમાં દાખલ થયો, એક પછી એક મજલા ચડતાં ચડતાં તે ઠેઠ સાતમા માળ ઉપર પહોંચી ગયો. ત્યાં તેણે એક કમળના સમાન સુંદર મુખવાળી એક દિવ્ય કન્યાને જોઈ. નીલકમળ જેવાં એનાં નેત્રો હતાં અને જેનું દેહ સૌંદર્ય ખૂબ જ ઉજ્વળ એવું હતું. યૌવન તેના અંગ ઉપાંગોમાં વ્યાપ્ત બન્યું હતું. એ સર્વાંગ સુંદર સુંદરીને જોઈને કુમારને આશ્ચર્યનો પાર ન રહ્યો ભારે વિસ્મયતા સાથે તે કન્યા સામે જોઈને તેણે પૂછ્યું, ભદ્રે ! તમે કોણ છો ? આ વિશાળ વનમાં શું તમે એકલા રહો છો ? કાંઇ હરકત ન હોય તો તમારી સઘળી હકીકત મને કહી સંભળાવો, કુમારનાં આ પ્રકારનાં વચન સાંભળીને સ્વસ્થ બનીને કન્યાએ કહ્યું કુમાર ! મારી જીવનકથા ખૂબ જ લાંબી છે, એને સાંભળવામાં ઘણો સમય લાગશે આથી પહેલાં આપ જ બતાવો કે તમે કોણ છો ? કયાંથી આવી રહ્યા છો ? અને અહીં આવવાનું કારણ શું છે ? આ રીતે કન્યાએ જ્યારે રાજકુમારને પૂછયું ત્યારે કુમારે કહ્યું કે, દેવી સાંભળો હું મારી સઘળી હકીકત તમને સંભળાવું છું. તે આ પ્રમાણે છે, પાંચાલ દેશના બ્રહ્મ નામના રાજા છે, હું તેમનો બ્રહ્મદત્ત નામનો પુત્ર છું. કુમારના આ પરિચયને સાંભળી તે કન્યા ખૂબ જ આનંદ પામી અને હર્ષના આંસુ તેનાં નેત્રમાંથી ઉભરાવા લાગ્યા અને તરત જ તે કુમારના ચરણોમાં પડી. અને ગદ્‌ગદ્‌ કંઠે કહેવા લાગી કે હે કુમાર ! હું તમારા મામાની પુત્રી છું. પિતાએ આપની સાથે મારું લગ્ન કરવાનો નિર્ધાર કર્યો છે. આ પ્રમાણે

કહીને તે કુમારના બન્ને ચરણોને પકડીને રોવા લાગી, કુમારે તેને બેઠી કરી સાનુકૂળ વચનોથી આશ્વાસન આપી પોતાના હાથથી તેની આંખનાં આંસુ લૂછતાં લૂછતાં પૂછયું હે બાળા! મન મૂકીને કહો કે તમારી આ દશા કોણે કરી? કુમારનાં વચનોથી હિંમત લાવી તે કુમારીએ પોતાની વિતક કથા કહેવા માંડી. કુમાર! હું તમારા મામાની પુત્રી છુ. પિતાએ તમારી સાથે મને પરણાવવાનો સંકલ્પ કર્યો એ વાતતો હું આપને કહી ચૂકી છું. એ પછીનું વૃત્તાંત આ પ્રકારનું છે. જ્યારે મારા જાણવામાં આવ્યું કે, મારો વૈવાહિક સંબંધ આપની સાથે નિશ્ચિત બની ચૂકયો છે ત્યારે એજ દિવસથી આપના મિલન માટે મારા દિલમાં અરમાન જાગ્યા હતા. મારૂં મન આપને મળવા તલપી રહ્યું હતું. સમય વીતતો હતો અને મારા મનમાં ભારે અકળામણ જાગતી હતી. એ અકળામણને દૂર કરવા હું તળાવ, વન, ઉપવનમાં નાના વીધ ક્રીડાઓ કરવા નીકળી પડતી અને એ રીતે સમય વીતાવતી હતી. પરંતુ ચિત્તને કયાંય શાન્તી નહોતી મળતી. એક દિવસની વાત છે કે, જ્યારે મારૂં ચિત્ત ખૂબ જ વ્યગ્ર બની રહ્યું હતું ત્યારે હું ઉદ્યાનમાં ગઈ અને આપને મારા દિલમાં સ્થિર કરવાનો પ્રયત્ન કરવા લાગી, એ સમયે હું બિલકુલ બેભાન જેવી બની ગઈ હતી. મારા સંકલ્પ વિકલ્પો આપનામાં જ એકત્રિત બની ગયા હતા, મેં મનમાં ને મનમાં આપની સાથે ક્રીડા કરવાનાં સ્વપ્નાં સેવવા માંડયા. આ રીતે આપનામાં એકતાન બનેલી એવી મને કોઇ દુષ્ટ વિદ્યાધરે જોઈ અને તેણે મારૂં હરણ કર્યું. મારૂં હરણ કરીને તે વિદ્યાધર મને અહીં લઈ આવ્યો છે. આ પછી તે વિદ્યાધરે નીતિ માર્ગથી મને ચલાયમાન કરવા ખૂબ પ્રયત્નો કર્યા પરંતુ આપને મળવાની આશાથી મહાકષ્ટ પૂર્વક હું પ્રાણને સુરક્ષિત રાખી શકી છું. હું અહીં મારાબંધુજનોથી વિખુટી વિરહરૂપી અગ્નિથી બળતી દીવસો કાપી રહી હતી ત્યાં જ આજે આપના દર્શનની અમૃત વૃષ્ટિએ મને પ્રફુલ્લિત બનાવી છે.

એ કન્યાનાં આ પ્રકારનાં વચનોને સાંભળીને કુમારે કહ્યું, સુભગે! કહે

તારૂં અપહરણ કરનાર મારો શત્રુ એ વિદ્યાધર આ સમયે કયાં છે? હું જોવા માગું છું કે, તે કેટલો બળવાન છે? કુમારની વાતને સાંભળી કુમારીએ કહ્યું સ્વામિન્! એ દુષ્ટ વિદ્યાધરે મને શાંકરી વિદ્યા આપવાનું નક્કી કર્યું છે અને એ વિદ્યાનો પ્રભાવ આ રીતનો હોવાનું કહ્યું છે. જ્યારે તું આ વિદ્યાને યાદ કરશે ત્યારે તે વિદ્યા દાસ-દાસીઓ સાથે તેમજ સખી અને પરિવાર સાથે સ્વયં પ્રગટ થશે અને તેને તું કહીશ તે પ્રમાણે તારાં દરેક કામ તે કરી આપશે. તારો જો કોઈ શત્રુ પણ હશે તો તેનો પણ તે વિનાશ કરી નાખશે. તારાથી દૂર રહેવા છતાં પણ મારો સઘળો વૃત્તાંત પૂછવાથી એ તને બતાવશે. આ કારણે એ વિદ્યાને સાધવા હું જાઉં છું. એમ કહીને તે વિદ્યાધર એક વંશના જાળમાં બેઠો છે. એ વિદ્યાધરે મને પોતાને સ્વાધીન કરવા આજ સુધી ઘણા પ્રયત્નો કર્યા છે પરંતુ તેમાં તેને સફળતા મળી નથી. હું મારા શીલને અખંડ રાખી શકી છું, મારા તેજને તે સહન ન કરી શકવાથી મને આ ભુવનમાં એકલી રાખીને તે વિદ્યાધર ચાલ્યો ગયો છે. કુમારીની હકીકત સાંભળી લઈને કુમારે કહ્યું કે, હે બાલે! હવે તમારે ભય રાખવાનું કોઈ પ્રયોજન નથી કેમકે, શાંકરી વિદ્યા સિદ્ધ કરવા માટે વંશજાળમાં ગયેલો એ વિદ્યાધર મારા હાથથી હણાઈ ગયો છે. અર્થાત્ મારા હાથે તેનો શિરચ્છેદ થયો છે. વિદ્યાધરનો કુમારને હાથે શિરચ્છેદ થયાની વાત સાંભળીને કુમારી ખૂબ જ હર્ષિત બની. અને કહેવા લાગી, હે આર્યપુત્ર! તમારા હાથે જે કામ બન્યું છે તે ઘણું જ સારૂં થયું. એ દુષ્ટાત્મા વિદ્યાધરનો નાશ થયો એથી મને ખૂબ હર્ષ થયો. હવે મને કોઈ પ્રકારનો ભય નથી. આ પછી કુમારે ગાંધર્વ વીધી અનુસાર તે રાજકન્યા સાથે લગ્ન કર્યા. અને કેટલાક દિવસ સુધી એ સ્થળે તેની સાથે આનંદથી રહ્યા.

એક દિવસની વાત છે કે, દિવ્ય એવાં આભરણોનો રણકાર કુમારના કાને પડયો. એ દિવ્ય રણકાર સાંભળીને કુમારે પૂછયું, પ્રિયે! આ શાનો રણકાર સંભળાય છે? રાજકન્યાએ કહ્યું, આર્યપુત્ર! એ દુષ્ટ વિદ્યાધરની બહેન કે જેનું નામ શણ્ડશાખા છે તે વિદ્યાધર કુમારીકાઓને સાથે લઈ

વિવાહના સાજ સામાન સાથે અહિં આવી છે. આ અવાજ એ વિદ્યાધર કુમારીકાઓએ પહેરેલા કંકણોનો છે. હવે તમે અહીંથી જલદી બહાર નીકળી જાઓ અને દૂર બેઠા બેઠા એની પ્રવૃત્તિ ઉપર નજર નાખતા રહો. હું પણ ઉપર જાઉં છું અને એ વિદ્યાધરણીઓનો તમારા વિષે કેવો અભિપ્રાય છે એ જાણવાની કોશિશ કરૂં છું. તમારા પ્રત્યે જો તેમનો સદ્ભાવ જણાશે તો હું ત્યાંથી એક લાલ કપડું બતાવીશ અને સદ્ભાવ નહીં હોય તો સફેદ બતાવીશ. તેની એ પ્રકારની વાત સાંભળીને રાજકુમાર તે મકાનમાંથી બહાર નીકળી ગયો અને એક સ્થળે છુપાઇને બેસી ગયો. રાજકુમારીને વાતચીતમાં વિદ્યાધરણીઓનો કુમાર પ્રત્યેનો ભાવ ઠીક ન જણાતાં ત્યાંથી સફેદ કપડું બતાવ્યું આ જોઈ કુમારે વિચાર કર્યો કે, વિદ્યાધર કુમારીઓ મારી વિરૂદ્ધ છે. આથી તે ત્યાંથી ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં તે એક પર્વતનું ઝુંડ–સમૂહ ઉપર જઈ પહોંચ્યો. ત્યાં જઇ તેણે સરોવરમાં સ્નાન કર્યું. સ્નાન કરીને તે એ તળાવના પશ્ચિમ કાંઠા તરફ ગયો ત્યાં તેણે રૂપલાવણ્યથી યુક્ત એવી એક કન્યા જોઈ. એજ પ્રમાણે ત્યાં રહેલા મંત્રીએ કુમારને જોયા. કુમારને જોતાં જ તેણે કુમારને બોલાવવા દાસીને મોકલી. દાસીએ આવીને કુમારને મંત્રીનો સંદેશો પહોંચાડયો. તે સાંભળીને કુમાર તે દાસી સાથે મંત્રીના નિવાસ સ્થાને ગયો. મંત્રીએ કુમારનું સુંદર સ્વાગત કર્યું બીજે દિવસે રાજસભામાં જતી વેળાએ કુમારને પણ સાથે લેતા ગયા. રાજાએ કુમારનો પરિચય મેળવીને તેમજ તેનો સઘળો પૂર્વ વૃત્તાંત જાણીને એક સુંદર આસન ઉપર બેસાડયો. સભાનું કામ પૂરૂં થયું એટલે રાજા કુમારને પોતાની સાથે રાજમહેલમાં લઈ ગયો. અને અનેક પ્રકારની ભોજનસામગ્રીથી કુમારનું સન્માન કર્યું. ભોજન વીધી પૂર્ણ થયા પછી રાજાએ ખૂબ વિનય સાથે કુમારને કહ્યું, કુમાર ! હું તમારૂં સંપૂર્ણપણે સ્વાગત કરી શકવામાં શક્તિમાન નથી, તો પણ હું આપને નજરાણામાં એક ભેટ આપવા ઈચ્છું છું આપ તેનો સાભાર સ્વીકાર કરો. આ પ્રમાણે કહીને રાજાએ પોતાની કન્યા કુમારને અર્પણ કરી. કુમારે પણ રાજાનો પ્રેમભાવ જાણીને તેની કન્યાનો સ્વીકાર કર્યો. પછી શુભ મુહૂર્તે તેમનાં લગ્ન થયાં. એક દિવસની વાત છે કે, કુમારે પોતાની નવોઢા પત્નીને પૂછયું કે, પ્રિયે ! તમારા પિતાએ મારા જેવી રખડતી વ્યક્તિ સાથે તમારૂં લગ્ન કેમ કર્યું ? રાજપુત્રીએ કહ્યું, સ્વામિન્ ! મારા પિતાની પાછળ ઘણા શત્રુઓ પડયા હતા અને વખતો વખત તેઓ ભારે કષ્ટ પહોંચાડતા હતા. એક સમય એવો આવી ગયો કે, મારા પિતાનું રાજ્ય પણ એ લોકોએ કબજે કરી લીધેલું અને પિતાને ભાગવું પડેલું. ભાગીને તેમણે આ વિષમ સ્થળનો આશ્રય લીધો. મારે ચાર ભાઈ છે હું એ ચારે ભાઈઓથી નાની છું. મારી માતાનું નામ શ્રીમતી અને મારૂં નામ શ્રીકાન્તા છે. મારા ઉપર પિતાનો

ઘણો સ્નેહ હોવાથી અને મને યૌવનવતી જોઈને એમણે મને કહ્યું કે, બેટા! નજર કર, આજે સઘળા રાજાઓ મારા દુશ્મન બની ગયા છે છતાં હું તારા યોગ્ય એવા વરની શોધમાં છું. એટલામાં મારા ભાગ્યવશાત મંત્રીજીને આપનાં દર્શન થયાં. આ રીતે પોતાનો સમસ્ત વૃત્તાન્ત તેણે કુમારને સંભળાવીને પ્રસન્નચિત્ત કર્યો.

એક સમયની વાત છે કે, બ્રહ્મદત્તકુમારના આ નવા સસરા બનેલા રાજા પોતાની સેનાને સુસજ્જ કરી બ્રહ્મદત્તકુમારને સાથે લઈ શત્રુઓ સાથે સંગ્રામ કરવા નીકળ્યા. કુમારે પોતાના સસરાના જે રાજાઓ શત્રુ હતા તેમને લડાઈમાં હરાવી દીધા. જ્યારે તે વિજય મેળવીને ત્યાંથી પાછો ફરતો હતો તેવામાં તેણે પોતાના મિત્ર વરધનુને જોયો. જોતાં જ તેને હર્ષ થયો અને તેને પોતાની પાસે બોલાવીને સઘળો વૃત્તાંત પૂછવા લાગ્યા. આ બાજુ વરધનુએ પણ કુમારને જોતાં હર્ષાવેશથી ડુસકે ડુસકે રડવા માંડયું. આખરે કુમારે તેને છાતી સરસો ચાંપી સાંત્વન આપ્યું. બાદ તેનું વૃત્તાન્ત જાણવા પ્રયાસ કર્યો. વરધનુએ કુમારથી પોતે શી રીતે છુટો પડયો પછી શું થયું તે વૃત્તાન્ત કહેવા માંડયું.

કુમાર! આપને એ વડવૃક્ષ નીચે બેસાડીને પાણીની શોધમાં ભટકતો હતો ત્યારે દીર્ઘરાજાના સૈનિકોએ મને પકડી લીધો અને ખૂબ માર માર્યો. પછી મને તમારો પત્તો બતાવવા કહ્યું. જો હું ન બતાવું તો મને જીવથી મારી નાખવાનું પણ જણાવ્યું. આમ કરીને હું જે રસ્તેથી પાણી માટે નીકળ્યો હતો તે તરફ મારતા મારતા લઇ ચાલ્યા. મેં જોયું કે મારી દુર્દશાની સાથે એ લોકો આપની પણ દુર્દશા કરશે. આથી મેં એ લોકોની નજર ચુકવી ત્યાંથી આપને સત્વરે ભાગી જવા માટે સંકેત કર્યો. એ ઉપરથી આપ ત્યાંથી ભાગી છૂટયા. જ્યારે મને ખાત્રી થઈ કે આપ ત્યાંથી કુશળ રીતે ભાગી છૂટયા છો ત્યારે હું તેમને આપ જે સ્થળે બેઠા હતા ત્યાં લઈ ગયો અને જણાવ્યું કે બ્રહ્મદત્તકુમાર પહેલાં અહીં જ બેઠેલ હતા પણ અત્યારે તો તે અહીં દેખાતા નથી. માટે લાગે છે કે કોઈ હિંસક પશુ તેનું ભક્ષણ કરી ગયું હશે. મારાં એ વચનો ઉપર તેમને વિશ્વાસ ન બેઠો એટલે ફરીથી તેઓ મને મારવા લાગ્યા. જ્યારે મેં એ જાણ્યું કે એ લોકો મને જીવતો નહીં

છોડે ત્યારે મેં પરિવ્રાજકે આપેલ ગોળીને મોઢામાં મૂકી. આથી હું એ સમયે તદ્દન નિશ્ચેષ્ટ બની ગયો. એમણે મને આવો નિશ્ચેષ્ટ જોયો એટલે માની લીધું કે, હું મરી ગયો છું. આથી એ સઘળા સૈનિકો મને ત્યાં જ પડતો મૂકીને ચાલ્યા ગયા, એમના ચાલ્યા જવા પછી કેટલાક સમય પછી એ ગોળીને મોઢામાંથી બહાર કાઢી અને હું પૂર્વવત્ ચેતનવંત બની ગયો. ત્યાર બાદ આપને શોધવા ભટકવા લાગ્યો. શોધ કરતાં કરતાં હું એક ગામમાં પહોંચ્યો. ત્યાં મને એક તપસ્વી મળ્યા એમની સાથે મારો પરિચય થયો. તેણે મને કહ્યું હું તમારા પિતાનો નાનોભાઇ સુભગ છું. દીર્ઘરાજાના ત્રાસથી તમારા પીતા ભાગી છુટેલ છે અને તમારી માતાને પકડીને તેણે માતંગ નામના ચાંડાલના ઘેર મૂકેલ છે. આ પ્રકારની હકીકત સાંભળી મને ખૂબ દુઃખ થયું પરંતુ એ સમયે હું લાચાર હતો. વિચાર કર્યો કે, કાપાલિકનો વેશ લઉં અને મારૂં કામ કરતો રહું. મેં એવું જ કર્યું. કાપાલિકનો વેશ લઈને હું ત્યાંથી ચાલ્યો અને માતંગ મહેતરની પાસે પહોંચ્યો. એને દરેક રીતે સમજાવીને મારી માતાને ત્યાંથી છોડાવીને મારા પિતાના મિત્ર દેશવમાં બ્રાહ્મણને ત્યાં રાખી. એ પછી હું આપની શોધમાં નીકળી પડયો અને અહીં તહીં તપાસ કરતાં કરતાં અહીં આવી પહોંચ્યો. આજે આપને મળતાં મારો પરિશ્રમ સફળ થયો છે.

આ રીતે વરધનુએ પોતાની વિતક કથા કુમારને કહી એજ વખતે ત્યાં એક માણસ આવ્યો અને તેણે તેમને કહ્યું કે, આપ બન્ને તાત્કાલિક અહીંથી ભાગી જાઓ કેમ કે, આપની તપાસ કરતા કરતા દીર્ઘરાજાના સૈનિકો અહીં આવી પહોંચ્યા છે. આ પ્રકારનાં તેના વચન સાંભળીને એ બન્ને જણા ત્યાંથી ચાલી નીકળ્યા. અને કૌશાંબી નગરીમાં પહોંચ્યા. આ નગરની બહારના બગીચામાં સાગરદત્ત અને બુદ્ધિલ નામના બે વેપારી પુત્રોના બે કુકડાનું એક લાખ રૂપીયાની શરતથી યુદ્ધ ચાલી રહ્યું હતું. એને જોવા માટે એ બંને ત્યાં ઉભા રહ્યા. બુદ્ધિલના કુકડાએ સાગરદત્તના કુકડાને હરાવ્યો. પોતાના કુકડાની આ સ્થિતિ સાગરદત્તે જોઈ અને પોતાના કુકડાને બુદ્ધિલના કુકડા સાથે લડવા ઘણી ઘણી પ્રેરણા કરી પરંતુ એનો કુકડો લડવામાં તત્પર ન બન્યો. આ રીતે સાગરદત્ત શરતમાં હારી ગયો. આ વાતનું લક્ષ્ય કરીને વરધનુએ સાગરદત્તને કહ્યું કે, હે સાગરદત્ત! આપનો આ કુકડો સારી જાતનો છે. છતાં પણ બુદ્ધિલના કુકડા સાથે લડવામાં કેમ હારી ગયો ? મને તો આ વાતનું ભારે આશ્ચર્ય થયેલ છે. જો કોઈ ક્રોધ ન કરે તો હું એ જાણવા માગું છું કે, બુદ્ધિલનો કુકડો કેવો છે. વરધનુની વાત સાંભળીને સાગરદત્તે કહ્યું મહારાજ! જુઓ ખુશીથી જુઓ એનો આપને માટે કોણ વિરોધ કરી શકે તેમ છે? કુકડાને જોવામાં ક્રોધ કરવાનું કારણ શું છે ? હું એક લાખ રૂપીયા હારી ગયો તેની મને ચિંતા નથી પરંતુ પ્રતિષ્ઠા ગઈ એનું જ મને દુઃખ છે. આ કારણે બુદ્ધિલના કુકડાને જરૂરથી જુઓ જ્યારે

સાગરદત્તે આ પ્રમાણે કહ્યું એટલે વરધનુ બુદ્ધિલના કુકડાને જોવા લાગ્યો. બુદ્ધિલે જાણ્યું કે વરધનુ મારા કુકડાને જોઇ રહેલ છે ત્યારે તેણે વરધનુને ધીરેથી ખાનગી રીતે કહ્યું કે, મહારાજ આપ કહી દોકે, કાંઈ પણ નથી. આપને હું પચાસ હજાર રૂપીયા આપીશ. વરધનુએ બુદ્ધિલને શાંત રહેવા કહી તેના કુકડાને તપાસ્યો. તેમાં તેણે જોયું કે, કુકડાના પગમાં ઝીણી સોય બાંધી હતી તેને કારણે ત્રાસ પામીને સાગરદત્તનો કુકડો હારી ગયો હતો. વરધનુએ ધીરે ધીરે એ સોયને તેના પગમાંથી કાઢી લઈને કહ્યું કે, મેં બુદ્ધિલનો કુકડો જોઈ લીધો છે તેમાં કાંઇ પણ નથી. એવું કહીને વરધનુ ત્યાંથી એક બાજુ ખસી ગયો અને એ વાત સાગરદત્તને એવી રીતે કહી કે, જેની બુદ્ધિલને ખબર પણ ન પડી. આ પછી સાગરદત્તે ફરીથી પોતાના કુકડાને બુદ્ધિલના કુકડા સાથે લડાઈ કરવા તૈયાર કર્યો. બન્ને કુકડા ફરીથી લડવા લાગ્યા. આ વખતે સગરદત્તના કુકડાએ બુદ્ધિલના કુકડાને હરાવી દીધો. આ રીતે બુદ્ધિલ પણ એક લાખ રૂપીયાહારી ગયો. આ વખતે સગરદત્ત ખૂબજ પ્રસન્ન બન્યો એણે વરધનુને કહ્યું આર્ય ! આપની કૃપાથીજ મારો આ કુકડો આ વખતે જીત્યો છે, મારી પ્રતિષ્ઠા પણ જળવાઈ ગઇ છે. આથી આપ મારે ઘેર પધારો તો ખૂબ જ દયા થશે. આ પ્રકારે કહીને સાગરદત્ત એ બન્ને જણાને પોતાના રથમાં બેસાડીને પોતાને ઘેર લઈ ગયો. પોતાના મકાન ઉપર પહોંચીને તેણે એ બન્ને જણાની ખૂબ આગતાસ્વાગતા કરી, સાગરદત્તનો પરમ સ્નેહ જોઈને એ બન્ને જણા તેને ત્યાં રહેવા લાગ્યા.

રહેતાં રહેતાં એ બન્નેનો કેટલોક સમય વીતતાં એ બન્ને પાસે એક દાસ ત્યાં આવ્યો. તેણે એકાન્તમાં વરધનુને એક હાર આપ્યો અને કહ્યું કે, કુકડાના પગમાં બાંધેલ સોયની રચનાને ગુપ્ત રાખવા માટે બુદ્ધિલે આપને વિનંતિ કરી હતી અને તેના બદલામાં આપને પચાસ હજાર રૂપીયા આપવાનું કહ્યું હતું તો તે નિમિત્તે તેણે આ હાર આપને મોકલેલ છે. વરધનુ એ હારના ડબાને લઈને કુમારની પાસે આવ્યો અને બુદ્ધિલે દાસ મારફત જે સમાચાર મોકલેલ હતા તે કહી સંભળાવ્યા અને હારને ડબામાંથી બહાર કાઢીને તેને બતાવ્યો. કુમારે તે હારનું નિરીક્ષણ કરવા માંડયું જોતાં જોતાં તેના એક ભાગમાં સ્વનામ અંકિત એક લેખ જોયો. તે જોઈને કુમારે વરધનુને કહ્યું, જુઓ મારા નામથી અંકિત એક લેખ આ હારમાં છે એ કોણે લખેલ હશે ? કુમારની વાત સાંભળીને સમાધાન ખાતર વરધનુએ કહ્યું; બ્રહ્મદત્ત નામની તો અનેક વ્યક્તિઓ છે. કોણ જાણે કયા બ્રહ્મદત્તના નામને અહીં અંકિત કરવામાં આવ્યું હશે. આ પ્રમાણે કહીને વરધનુ કુમારની પાસેથી ચાલ્યો ગયો. અને એ લેખને ખોલ્યો તો તેમાં આ પ્રમાણેની લખેલ ગાથા જોઇ.

“ प्रार्थ्यते यद्यपि जनो, जनेन संयोगजनित यत्नेन ।
तथापित्वामेव रमणं, रत्नवती मन्यते मनसा ॥ ”

વરધનુએ આ ગાથાના અર્થનો સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કર્યો તો એને અર્થ સમજાયો. બીજે દિવસે ત્યાં એક પરિવ્રાજીકા આવી, આવીને તેણે કુમારને દહીંવાળા અક્ષત – ચોખાથી વધાવ્યો અને આશીર્વાદ આપ્યો કે, કુમાર ! તમે એક લાખ વર્ષના આયુષ્યના ભોગવનાર બનો, આ પ્રમાણે આશીર્વાદ દઇને તેણે વરધનુને એકાંતમાં બોલાવી અને તેની સાથે કાંઇક ગુપ્ત મંત્રણા કરીને તે ચાલી ગઈ. કુમારે વરધનુને કહ્યું. મિત્ર ! કહો એ પરિવ્રાજીકાએ તમને શું કહ્યું ? વરધનુએ કહ્યું કે, સાંભળો તેણે એમ કહ્યું કે, બુદ્ધિલે ડબામાં રાખીને તમને જો હાર મોકલેલ છે, અને એમાં જે લેખ છે તેની મને નકલ કરવા દો. એના ઉત્તરમાં મેં એને કહી દીધું કે, એ લેખ તો બ્રહ્મદત્તના નામથી અંકિત થયેલ છે. આથી તમે પહેલાં એ બતાવો કે એ બ્રહ્મદત્ત કોણ છે ? એણે કહ્યું કે, સાંભળો હું કહું છું પરંતુ એને બીજાથી ગુપ્ત રાખજો કોઇને પણ કહેશો નહીં. વાત આ પ્રમાણે છે.—

રત્નવતી નામની આ નગરના શેઠની એક પુત્રી છે. જે બુદ્ધિલની બહેન થાય છે. બાલ્યકાળથી તેનો મારા ઉપર પ્રેમભાવ છે. જ્યારે તે યૌવનવતી થઈ અને દરેક વાતો સમજવા લાગી, ત્યારે તેના પિતાએ તેને સઘળા શાસ્ત્રોના અધ્યયનથી વિશેષ કુશળ બનાવી. આ સમયે તો એને સમસ્ત સ્ત્રીઓમાં એક સ્ત્રીરત્ન માનવામાં આવે છે. એક દિવસની વાત છે કે ન માલુમ તે કયા વિચારમાં ગુંથાઇ ગઈ. એ વિચારમાં એ એટલી તન્મય બની ગઇ હતી કે તેનેસ્વપરનું કાંઈ પણ ધ્યાન રહેતું ન હતું. મેં જ્યારે તેની આવી સ્થિતિ જોઇ તો મારાથી રહેવાયું નહીં. મેં જઈને તેને પૂછયું કે, બેટી સદાયે કમળની માફક પ્રફુલ્લિત રહેતું તારૂં વદન કમળ આજે મ્લાન કેમ દેખાય છે. કહે ! તને એવું તે શું માનસિક દુઃખ છે ? તું તારી હાલત મને નહીં કહે તો

બીજું એવું કોણ તારૂં વિશ્વાસપાત્ર છે કે જેની આગળ તું તારૂં દુઃખ કહીશ? તારા દુઃખને દૂર કરવાનો બની શકશે તેટલો પ્રયત્ન હું કરીશ. આ પ્રમાણે જ્યારે મેં તેને કહ્યું તો એ સાંભળીને તેણે તેનો કાંઇ પણ જવાબ ન આપ્યો. પરંતુ તે પોતાનું મસ્તક નીચે નમાવીને બેઠી રહી, આ વખતે મેં તેની એવી સ્થિતિ જોઈ કે તે જોઈ મને ખૂબજ દુઃખ થયું. એનાં નયનો આંસુથી ભરપૂર હતા, દુઃખના હાયકારા સાથે તે ઘણા જોરથી શ્વાસોચ્છ્વાસ લઇ રહી હતી, દુઃખના આવેગથી તેનો કંઠ સુકાઇ રહ્યો હતો, તે કાંઇક કહેવા ઈચ્છતી હતી પરંતુ કહી શકતી ન હતી. એના શરીર ઉપર પુષ્પનાં જેટલાં આભરણ હતાં તે સઘળાં ચીમળાઇ ગયાં હતાં. આ સમયે તેને પોતાના દેહનું લેશમાત્ર પણ ભાન ન હતું. એની પાસે એની એક પ્રિય સખી પણ બેઠેલી હતી જેનું નામ પ્રિયંગુલતિકા હતું. એણે મને કહ્યું, માતા! આપ એ જાણતાં નથી કે આવી પરિસ્થિતિમાં તે કેમ મૂકાઈ છે? એ લજ્જાના કારણે આપને કાંઈ કહેશે નહીં. એની વાત હું તમોને કહી બતાવું છું. કાલે જ્યારે તે ઉદ્યાનમાં ફરવા માટે ગઇ હતી ત્યારે ત્યાં એના ભાઇ બુદ્ધિલ અને સાગરદત્તના કુકડાઓ વચ્ચે થતું યુદ્ધ જોઈ રહી હતી એ સમયે તેણે ત્યાં એક કુમારને જોયા. જે ખૂબ સુંદર હતાં, એને જોતાં જ એ એના ઉપર મોહિત બની ગઇ જેના કારણે તેની આવી દશા થઇ છે. પ્રિયંગુલતિકા પાસેથી રત્નાવતીની સાચી પરિસ્થિતિ જાણીને મેં રત્નાવતીને પૂછ્યું, પુત્રિ! તું તારા મનનો ભાવ મારાથી શા માટે છુપાવી રહી છે? જે કાંઇ વાત હોય તે મને સ્પષ્ટ રીતે કેમ કહેતી નથી? આમાં લજ્જાની કઈ વાત છે? જ્યારે આ પ્રકારે મેં તેને ખૂબ આશ્વાસન આપ્યું ત્યારે તેણે આ પ્રમાણે કહ્યું, તે બોલી હે માતા! તમે મારી નજરમાં માતાના સ્થાને છો. આ કારણે આપનાથી મારે કાંઇ છુપાવવાનું હોઈ શકે નહીં. પ્રિયંગુલતિકાએ આપને જે કાંઈ કહ્યું છે તેજ મારી આ સ્થિતિનું કારણ છે. આથી આપ જો મને જીવીત રાખવાં ચાહતાં હો તો એ કુમારને મારા પતિ બનાવો તો જ હું જીવી શકું તેમ છું. એ સિવાય નહીં.

આ પ્રકારની એ રત્નવતીની વાત સાંભળીને મેં તેને કહ્યું, પુત્રી ! આને માટે જરા ધીરજ રાખ. સૌ સારાં વાનાં થશે, તારા સર્વ મનોરથ પૂર્ણ થાય એ માટે મારા બનતા પ્રયત્નો કરી છૂટીશ. મારાં આ પ્રકારનાં વચન સાંભળીને તેણે શાંતિનો શ્વાસ લીધો. મેં એને ફરીથી સમજાવતાં કહ્યું કે પુત્રી ! બ્રહ્મદત્ત કુમારને હું સારી રીતે જાણું છું. મેં પણ તેને જોયો છે. હું તારી ઈચ્છા પૂર્ણ કરવા બધું કરી છૂટીશ. આમાં આટલી ચિંતા કરવાનું કોઈ કારણ નથી. મારાં આ વચનોથી તેને સંપૂર્ણ વિશ્વાસ બેઠો છે એવું તેના શરીરના ફેરફારોથી હું જાણી શકી. પછી તેણે મને કહ્યું કે, માતા ! મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, તમારી કૃપાથી સઘળું ઠીક થશે પરંતુ તેમને આપણા તરફ વિશ્વાસ બેસે આ નિમિત્તે બુદ્ધિલભાઈના બહાના હેઠળ આ હાર બ્રહ્મદત્તના નામથી અંકિત કરીને તેને એક ડબામાં રાખી કોઈ એક માણસ સાથે એમની પાસે મોકલાવો. આ માટે મેં તે ગઈ કાલે હાર આપને મોકલાવેલ છે. આ પ્રમાણે સઘળું વૃત્તાંત કહીને એણે અંતમાં એ પણ કહ્યું કે, જે ગાથા હારની સાથે આપની પાસે આવેલ છે એનો પ્રત્યુત્તર આપે આપવો જોઈએ. આથી મેં પણ એના પ્રત્યુત્તરરૂપમાં સમાચાર રૂપે તેમાં આ ગાથા અંકિત કરેલ છે—

" उचितत्वाद्वरधनुना, सुहृदोक्तो ब्रह्मनामपि ।
स्त्री रत्नं रत्नवती-मिच्छति गोविंद इव कमलाम् ॥ "

મિત્ર વરધનુ દ્વારા ઉચિત રૂપમાં કહેવામાં આવ્યું કે બ્રહ્મદત્તકુમાર રત્નાવતી સ્ત્રીરત્નને જેવી રીતે વિષ્ણુ લક્ષ્મીને ચાહે છે એજ રીતે ચાહે છે. આ પ્રમાણે વરધનુએ કહેલા સઘળા વૃત્તાંતને સાંભળી જેને પોતે જોયેલ પણ નથી એવી રત્નવતીમાં બ્રહ્મદત્તકુમાર અનુરક્ત બની ગયો.

એક સમયની વાત છે કે, જ્યારે વરધનુ નગરની બહાર ફરીને પાછો આવ્યો ત્યારે તેણે આવીને કુમારને કહ્યું કે, કુમાર ! આ નગરના રાજાની

સંમતિ લઈને દીર્ઘરાજાના ગુપ્તચરો અહિં આપણી શોધખોળ કરી રહેલ છે. વળી એવું પણ જાણવા મળ્યું છે કે, રાજાએ આપણને પકડવાની તૈયારી પણ કરી આપી છે. આથી અહીં રોકાવું તે આપણા માટે હિતાવહ નથી. આ સમાચાર જ્યારે સાગરદત્તને મળ્યા ત્યારે તેણે એ બંનેને ભૂમિગૃહની અંદર છુપાવી દીધા. રાત્રીના સમયે કુમારે સાગરદત્તને કહ્યું. શેઠજી! અમો બન્નેને કોઈ બીજા સ્થળે પહોંચાડી દો તો ઘણું સારૂં છે. સાગરદત્તે કુમારની વાત માનીને એ બન્નેને સુખરૂપ નગરની બહાર પહોંચાડીને તે પોતાને ઘેર પાછો ફર્યો. કુમાર અને વરધનુ બન્નેએ નગર બહાર નીકળીને ચાલવા માંડયું તેઓ થોડે દૂર ચાલ્યા કે એમની દૃષ્ટિએ એક યક્ષાલય દેખાયું એની પાસે એક વૃક્ષ હતું. એ યક્ષાલયના આગળના ભાગમાં એક કન્યા બેઠેલી તેમની દૃષ્ટિએ પડી. ત્યાં એક રથ પણ હતો જે અનેક અસ્ત્રશસ્ત્રોથી સુસજ્જીત હતો. કુમારીએ આ બંનેને જોયા એટલે ઉઠીને ઉભી થઈ ગઇ અને ખૂબ જ આદ-રથી તેમને કહેવા લાગી કે, આપ લોકોને અહીં સુધી આવવામાં ખૂબ સમય લાગ્યો. હું તો કયારનીએ આપની રાહ જોઇને બેઠી છું. કુમારીનાં આવાં વચન સાંભળીને કુમારના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે સહસા બોલી ઉઠયો. જાણો છો કે, અમે કોણ છીએ? કન્યાએ કહ્યું કે, હા! જાણું છું. એક આપ બ્રહ્મદત્તકુમાર છો અને બીજા આ આપના સાથીદાર વરધનુકુમાર છે, કુમારે ફરી કહ્યું, ભદ્રે તમને અમારો પરિચય કઇ રીતે મળી શકયો? કુમારીએ કહ્યું, સાંભળો! આ ગામમાં ધનપ્રવર નામે એક શેઠ રહે છે. એની પત્નીનું નામ ધનસંચયા છે, તેની હું પુત્રી છું, મારૂં નામ રત્નવતી છે, મારે આઠ ભાઈ છે. માતાપિતાને સુખ આપનાર એવી હું બાલ્યાવસ્થા વટાવીને યૌવન અવસ્થામાં પહોંચી ત્યારે તેમને મારા વિવાહની ચિન્તા થવાથી વરની શોધ કરવા લાગ્યા. પરંતુ મારા યોગ્ય વર તેમને ન મળ્યો. આથી મેં નિશ્ચય કર્યો કે, પ્રયત્ન કરવા છતાં પણ જો મારા લાયક વર મળતો નથી તો હું આજીવન

કૌમાર્યવ્રતનું–બ્રહ્મચર્યવ્રતનું પાલન કેમ ન કરૂં ? માતાને મારી આ સ્થિતિની ખબર પડી ત્યારે તેણે મને બોલાવીને કહ્યું, પુત્રી ! જીવન પર્યંત કૌમાર્યવ્રતને ધારણ કરીને રહેવાનો તારો વિચાર મારી દ્રષ્ટિએ બરોબર નથી. આથી પ્રસિદ્ધ શેઠ શાહુકારોના કોઈ એક કુમારને તારા પતિ તરીકે સ્વીકારીને પિતાની ચિંતા ઓછી કર એમાં જ તારી ભલાઈ છે. માતાનાં આ પ્રકારનાં વચન સાંભળીને હું તેની સાથે સહમત ન થઇ. માતાએ જ્યારે એ જાણ્યું ત્યારે તેણે મને કહ્યું કે, જો ઇચ્છા પ્રમાણે વરની પ્રાપ્તી કરવી હોય તો તું યક્ષની આરાધના કર. તારો પરિશ્રમ અવશ્ય સફળ થશે, આથી મેં માતાના કહેવા અનુસાર યક્ષની આરાધના કરવા માંડી. નિયમ, વ્રત વગેરેનું આચરણ કર્યું. આથી યક્ષ મારા ઉપર પ્રસન્ન થયા અને તેમણે મને કહ્યું. વત્સે ! ભવિષ્યના ચક્રવર્તી કુમાર બ્રહ્મદત્ત તારા પતિ થશે. તે પોતાના મિત્ર વરધનુકુમાર સાથે અહીં આવશે એ વાત તું લક્ષમાં રાખજે. આમ કહીને રત્નવતીએ ફરી કહ્યું, યક્ષના કહેવા પછી મેં શું શું કર્યું તે સઘળું આપની જાણમાં જ છે. અર્થાત્ પછી મેં આપની પાસે હાર વગેરે મોકલેલ એ સઘળી વાત આપે જાણી જ છે. રત્નવતીની આ પ્રકારની વાત સાંભળીને કુમારના ચિત્તમાં ખૂબ પ્રસન્નતા થઈ. “ રત્નવતીનો મારા ઉપર નિષ્કપટ સ્નેહ છે. ” એવું જાણીને કુમાર તેના તરફ સ્નેહથી આકર્ષાયો અને મધુર વચનોથી તેને સાંત્વન આપ્યું પછી મિત્રને સાથે લઈ તેની સાથે રથ ઉપર બેસી ગયો અને રત્નવતીને કહ્યું, ભદ્રે ! એ તો બતાવો કે હવે અહીંથી ક્યાં જવું છે ? રત્નવતીએ કહ્યું, સાંભળો ! મગધ દેશમાં શિવપુરી નામની નગરી છે. ત્યાં મારા પિતાના નાનાભાઈ જેમનું નામ ધનસાર્થવાહ છે, તે રહે છે. જ્યારે તેને એ ખબર પડશે કે રત્નવતી, બ્રહ્મદત્ત અને તેમના મિત્ર સાથે અહીં આવી રહી છે ત્યારે તેમને ખૂબ આનંદ થશે. આથી સહુથી પહેલાં આપણે ત્યાં જઇએ. પછી જેવી આપની ઇચ્છા. રત્નવતીનાં વચન સાંભળીને કુમારે મગધ તરફ જવાનુ ઉચિત માન્યુ. આથી તેઓ એ તરફ ચાલ્યા. સારથીનું કામ વરધનુએ કર્યું. રથ તેજ ગતિથી ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં એ લોકો વત્સદેશની સીમા ઓળંગીને આગળ નીકળી ગયા.

આ રીતે ચાલતાં ચાલતાં તેઓ ગિરિગુહા નામની એક અટવીમાં આવી પહોંચ્યા, એ અટવીમાં કંટક અને સુકંટક નામના બે ચોર સેનાપતિ રહેતા હતા તેમણે જ્યારે બે પુરુષથી સુરક્ષિત સ્ત્રીરત્ન રત્નવતીને રથમાં બેઠેલી જોઇ, તો એમણે વિચાર કર્યો કે, આ સ્ત્રીને લૂંટવાથી અમને ઘણું ધન પ્રાપ્ત થશે, આથી તે બન્ને પોત પોતાના માણસો સાથે રથની તરફ આવવા લાગ્યા. કુમારે પરિસ્થિતિને સમજી જઇ તેણે એજ વખતે પોતાના હાથની કુશળતાં બતાવતાં બાણોથી ચોરોને જર્જરીત બનાવી દીધા. કુમારણા બાણોથી જર્જરીત બનેલા એ ચોરો ત્યાંથી નાસી છૂટયા. તે ક્યાં અદ્રશ્ય બની ગયા તે સમજાયું નહીં વરધનુએ જ્યારે માર્ગ સંપૂર્ણપણે નિર્ભય જોયો ત્યારે કુમારને કહ્યું કે, આપ

થાકી ગયા હશો આથી થોડો વખત આ રથમાં વિશ્રામ કરો. વરધનુનાં વચન સાંભળી કુમાર રથમાં સુઇ ગયા. ચાલતાં ચાલતાં માર્ગમાં એક પહાડી નદી આવી. ઘોડાઓ પણ ચાલતાં થાકી ગયા હતા આથી એ નદીને પાર કરવાની તેમનામાં શક્તિ ન હતી. આ વખતે કુમાર જાગી ગયા ત્યારે તેણે ફક્ત રથના થાકેલા ઘોડાઓને જોયા વરધનુ ન દેખાયો. વરધનુને ન જોતાં કુમારે વિચાર કર્યો કે, કદાચ તે પાણી લેવા ગયા હશે. આથી તેમણે તેની રાહ જોઇને થોડો વખત રથને ત્યાં રોકી રાખ્યો. જ્યારે વરધનુ ન આવ્યો ત્યારે કુમારે વિચાર કર્યો કે, વરધનુ હજુ સુધી પાછો કેમ ન આવ્યો? એનું શું કારણ હશે? તે કયાં ગયો હશે? આ પ્રકારે અનિષ્ઠની આશંકાથી આકુળ વ્યાકુળ બનીને કુમારે આજુબાજુ દૃષ્ટિ ફેરવી તો રથના અગ્રભાગને લોહીથી ભરેલો જોયો. રૂધીરથી ભરેલા રથના આગલા ભાગને જોતાં જ કુમારે વિચાર કર્યો કે, નિશ્ચયથી કોઈ દુષ્ટે વરધનુને મારી નાખ્યો છે. આ વિચારે તેનું હૃદય ભરાઈ આવ્યું અને તે રોવા લાગ્યો. પ્રિય મિત્ર! તું મને આ વનમાં એકલો છોડીને કયાં ચાલ્યો ગયો. કાંઈક તો ખબર આપો. ચંદન જેવા શીતળ બાહુ યુગલથી આવીને મને મળો. વિપત્તમાં સહાય કરવાવાળા હે મિત્ર! તારા જેવો મિત્ર હવે મને કયાંથી મળશે? અરે ઓ કરાલકાળ? નિર્દય બનીને જ્યારે તેં મારા આ હૃદયનું હરણ કર્યું તો એના પહેલાં તેં મને જ કેમ ન મારી નાખ્યો? આ પ્રકારનો વિલાપ કરતાં કરતાં કુમારને મૂર્છા આવી ગઈ.

કુમારને બેહોશ થયેલ જાણીને રત્નવતીએ અનેક ઉપચારોથી તેની મૂર્છા દૂર કરી. જ્યારે કુમાર સ્વસ્થ બન્યો તો તે ફરીથી વિલાપ કરવા લાગ્યો. વિલાપ કરતાં કરતાં તે ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો. કુમારની આ પ્રકારની દયાજનક સ્થિતિ જોઇને રત્નવતીએ તેને સાંત્વન આપતા શબ્દોથી ધીરજ આપી. કુમારે રત્ન વતીને કહ્યું, રત્નવતી! જ્યારે ખબર જ નથી પડતી કે વરધનુ જીવિત છે કે, મરી ગયેલ છે, ત્યારે મને મારૂં કર્તવ્ય એ કહે છે કે હું તેની શોધમાં નીકળી પડું. આથી હું તેની શોધ કરવા માટે જાઉં છું. કુમારની વાત સાંભળી રત્નવતીએ કહ્યું, આર્યપુત્ર! આ અવસર વરધનુની શોધ કરવાનો નથી, કારણ કે હું એકલી છું. અને આ વન પણ ચોર તેમજ હિંસક પ્રાણીઓથી ભરેલું છે. પગલાંઓ અને ઘાસ, કાંટા વગેરેથી એવું અનુમાન બંધાય છે કે નજીકમાં કોઈ ગામ હોવું જોઈએ. આથી મને સુરક્ષિતપણે ગામમાં રાખીને પછી આપ વરધનુની શોધ કરો એ ઠીક છે.

રત્નવતીનું આ પ્રમાણે વચન સાંભળીને કુમાર તેને લઈને ક્ષિતિપુર ગામમાં પહોંચ્યો. કુમાર જ્યારે તે ગામમાં પ્રવેશ કરી રહ્યો હતો ત્યારે અનેક મનુષ્યોની વચ્ચે ઉભેલા ક્ષિતપતિ નામના ગામના અધિપતિએ કુમારને જોયો. આથી તેણે વિચાર કર્યો કે, આ આવનાર કોઈ સાધારણ પુરુષ નથી. આકૃતિજ

એ કહી આપે છે કે, એ કોઇ અસાધારણ વ્યક્તિ હોવી જોઇએ. આવી અસાધારણ વ્યક્તિ અહિં આવે એ ગામનું સૌભાગ્ય છે. આથી ગ્રામાધિપતિ તરીકેનું મારૂં એ કર્તવ્ય છે કે, હું તેમનું સન્માન કરૂં. આવું વિચારીને તેણે એ વખતે આદરપૂર્વક સન્માનસૂચક શબ્દોથી તેણે એજ સ્થળે કુમારનું સ્વાગત કર્યું. પછી તે તેને પોતાને ત્યાં લઈ ગયો. પોતાને ત્યાં લઈ જઈ તેણે કુમારની યોગ્ય વ્યવસ્થા કરી આપી. જ્યારે તેણે કુમારના ચહેરા ઉપરની ચિંતા જોઈ ત્યારે તે બોલ્યો કે, કુમાર ! તમે ચિંતાતુર કેમ દેખાઓ છો ? જો કહી શકાય તેવું હોય તો તેનું કારણ આપ મને જરૂર બતાવો. કુમારે ગ્રામાધિપતિનું વચન સાંભળી કહ્યું કે, મારો ભાઈ ચોરોનો સામનો કરતાં કરતાં ન માલુમ ક્યાં ગયો તેનો હજુ સુધી કાંઈ પત્તો મળ્યો નથી. ખબર નથી કે, તેની ત્યાં શું સ્થિતિ બની હશે ? આજ એક માત્ર મારી ચિંતાનું કારણ છે. મારી ઈચ્છા તેની શોધખોળ માટે જવાની છે. કુમારના આ દુઃખજનક વચન સાંભળીને ગ્રામાધિપતિએ કહ્યું, આપ આ વિષયમાં ચિંતા ન કરો. હું મારા સેવકો મારફતે તેની શોધખોળ કરાવું છું. જો તે જંગલમાં ક્યાંય પણ હશે તો અવશ્ય મળી જશે. આ પ્રકારે કુમારને સાંત્વન આપીને તેણે તુરતજ પોતાના માણસોને આદેશ આપ્યો કે, તેઓ વનમાં જઈને જ્યાં વરધનુ હોય ત્યાં તેની તપાસ કરે. પોતાના માલિકની આજ્ઞા મળતાં જ સેવનજનો વરધનુની શોધમાં ઘેરથી નીકળી પડયા. જંગલમાં દરેકે દરેક ભાગમાં શોધખોળ કરી પરંતુ વરધનુનો ક્યાંય પત્તો લાગ્યો નહીં હતાશ બનીને તેઓ પાછા ફર્યા અને પોતાના માલિકને કહેવા લાગ્યા કે, સ્વામિન્! અમોએ જંગલના ખૂણેખૂણો ફરી વળ્યા પરંતુ અમને ત્યાં કોઈ પણ માણસ જોવા ન મળ્યો. ફક્ત પ્રહારથી પડેલ એવું એક બાણ અમને મળેલ છે. બાણને હાથમાં લઈ જોતાં કુમારને ખાત્રી થઈ કે, વરધનુ માર્યો ગયો છે. આથી તે જ્યાં સુધી એ ગ્રામાધિપતિને ત્યાં રહ્યો ત્યાં સુધી તેને વરધનુના મરણનો શોક ઓછો ન થયો.

એક સમયની વાત છે કે, એ ગામને લૂટવા માટે ઘણા એવા ચોર આવ્યા. કુમારે માન્યું કે આ એજ જંગલી ચોર છે જે અમને અગાઉ મળ્યા હતા આમ જાણીને તેના ઉપર બાણોની ખૂબ વૃષ્ટિ કરી અને તેને ત્રાહીત્રાહી પોકારતા કરી દીધા. એ સઘળા ત્યાંથી ભાગી છુટયા. ગામવાળાઓને કાંઈ પણ નુકશાન ન થયું. કુમારના શૌર્યને જોઈને ગ્રામાધિપતિને ઘણોજ હર્ષ થયો. કુમારને ત્યાં રહેતાં રહેતાં ઘણો સમય વીત્યો ત્યારે તેણે એક દિવસ ગ્રામાધિપતિ પાસેથી જવાની રજા માંગી. ગ્રામાધિપતિએ શિષ્ટાચારપૂર્વક કુમારને વિદાય આપી. ત્યાંથી નીકળી રત્નવતી સાથે ચાલતા ચાલતા તે શિવપુરી પાસે પહોંચ્યા ત્યાં એક આશ્રમ હતો, જેમાં તપસ્વીઓ રહેતા હતા. કુમારે રત્નવતીને ત્યાં રાખી અને પોતે વરધનુની તપાસ કરવા માટે નીકળી પડયો. નગરમાં જઈને દરેક સ્થાન ઉપર તેણે વરધનુની તપાસ કરી. પરંતુ તેને કોઈ પણ સ્થળેથી વરધનુનો પત્તો ન મળ્યો. ખૂબ અકળામણ અનુભવતો તે આશ્રમમાં આવ્યો. ત્યાં આવતાં રત્નવતીને ન જોઈ તેમ બીજા માણસો પણ ન દેખાયા, કુમારે આ સ્થિતિથી વ્યાકુળ બની વિચાર કર્યો કે, અહીં ન તો કોઈ તપસ્વી છે કે ન તો રત્નવતી પૂછું તો કોને પૂછું.? હવે આનો પત્તો કેવી રીતે મેળવું? આ રીતે વ્યગ્રચિત્ત બનીને તે અહીં તહીં જોઈ રહ્યો હતો ત્યાં તેનો દૃષ્ટિ ભદ્ર એવી એક વિશિષ્ટ વ્યક્તિ ઉપર પડી. તેને જોઈ કુમારે તેને પૂછયું કે, ભાઈ! કાલે અથવા આજે આપે આ પ્રકારના વેશવાળી કોઈ સ્ત્રીને જોઈ છે? કુમારની વાત સાંભળીને તે ભદ્ર પુરુષે કહ્યું કે, શું આપ રત્નવતીના વિષયમાં પૂછી રહ્યા છો? શું તે આપની પત્ની છે? એ સાંભળીને બ્રહ્મદત્તે કહ્યું, હા! પછી તેણે કહ્યું કે, કાલે તેને મેં અહીં ત્રીજા પ્રહારના સમયે રોતી જોઈ હતી અને તેને એ પણ પૂછયું કે, હે પુત્રી! તમે કોણ છો? અહીં કયાંથી આવી છો? હવે કયાં જવાની ઈચ્છા છે? મારાં આ પ્રકારનાં વચન સાંભળીને તે શાંત

થઇ અને પછી તેણે પોતાનો સઘળો વૃત્તાંત સંક્ષેપમાં મને કહી સંભળાવ્યો. વૃત્તાંત સાંભળીને મેં તેને કહ્યું કે, પુત્રી! તું એ હિસાબે મારી દૌહિત્રી થાય છે, એમ કહીને પછી હું તેને આ શિવપુરી નગરીમાં તેના કાકા ધનસાર્થવાહની પાસે લઈ ગયો. ધનસાર્થવાહે તેને ઓળખીને ઘણા આદર સાથે પોતાને ઘેર રાખી છે. અને તે ત્યાં જ છે. હું આપની શોધખોળમાં જ હતો કે, એટલામાં આપ મને મળી ગયા. ચાલો ઘણું સારૂં થયું. આ પ્રમાણે કહીને તે પુરુષ કુમારને સાથે લઈને રત્નવતીના કાકાને ઘેર પહોંચ્યા. ત્યાં કુમાર અને રત્નવતી સુખથી રહેવા લાગ્યા.

એક સમયની વાત છે કે, એ નગરમાં એક ઘણો મોટો મહોત્સવ થયો. બહારથી દૂર દૂરથી ઘણા મનુષ્યો એ ઉત્સવમાં આવેલ હતાં. વરધનુ પણ બ્રાહ્મણના વેશમાં એ ઉત્સવની શોભા જોવા માટે બહારથી આવેલ હતો. બ્રાહ્મણના વેશમાં છુપાયેલા વરધનુને કુમારે ઓળખી લીધો અને તેને એકદમ પોતાના બન્ને ભુજાઓ વડે જકડી છાતી સરસો ચાંપ્યો. વરધનુના મેળાપથી કુમારના જીવમાં જીવ આવ્યો, જાણે કે તેનો ખોવાઈ ગયેલ પ્રાણ તેને ફરીથી પ્રાપ્ત થયો. એવું માનીને હર્ષોન્મત્ત બનેલા કુમારના બન્ને નેત્રોમાંથી શ્રાવણ અને ભાદરવાની ઝડીઓ વરસવા લાગી. રાજકુમાર આ રીતે ઘણો સમય રડી રહ્યો પછી સ્વસ્થ થતાં તેણે વરધનુને પૂછયું, કહો તમે કયાં ચાલી ગયા હતા? અને આટલો સમય કયાં વિતાવ્યો? કુમારના આ પ્રશ્નને સાંભળી વરધનુએ કહ્યું, સાંભળો! રથમાં રત્નવતી અને તમે નિદ્રાધીન હતા. ત્યારે વંશજાળની અંદર છુપાયેલા કોઈ ચોરે એક બાણના પ્રહારથી મારો પગ જર્જરીત કરી દીધો. એનાથી મને ખૂબ જ વેદના થવા લાગી અને હુ એ વખતે રથની નીચે પડી ગયો. આપ લોકોને મારી આવી સ્થિતિ જોઇ ચિંતા ન થાય એ વિચારથી મેં આપને જગાડેલ નહીં એટલામાં રથ આગળ નીકળી ગયો. હું

ત્યાંથી ઉઠયો અને ધીરે ધીરે વૃક્ષોનો આધાર લઇને ચાલતો થયો અને એ સ્થળે પહોંચ્યો કે જે ક્ષિતિપુર ગામમાં આપે રત્નવતીની સાથે નિવાસ કર્યો હતો. એ ક્ષિતિપુરપતિએ મારી ઘણી જ સેવા શુશ્રૂષા કરી. ધીરે ધીરે ઘા રૂઝાવા લાગ્યો. આપના સમાચાર પણ મને અવારનવાર મળતા હતા. આથી ઘા જ્યારે એકદમ રૂઝાઈ ગયો અને આપના પણ સમાચાર પૂરા મળ્યા ત્યારે હું ત્યાંથી નીકળી પડયો. ચાલતાં ચાલતાં આજે અહીં આવી પહોંચ્યો છું. દૈવને ધન્યવાદ છે કે, જેણે મને આપનાં દર્શન કરાવ્યાં. આ રીતે વરધનુએ પોતાના વૃત્તાંતથી કુમારને વાકેફ કર્યો. અને કુમારની સાથે એ ત્યાંજ રહેવા લાગ્યો.

એક સમયની વાત છે કે, જ્યારે વસંતનો સમય આવ્યો. ત્યારે ત્યાંના નાગરીકોએ ખૂબ ઠાઠમાઠથી વસંતોત્સવ મનાવવાનું નક્કી કર્યું. ઉત્સવ મનાવવા માટે નગરવાસીઓ નગરથી બહાર જવા લાગ્યા. કુમાર તથા વરધનુ પણ આ ઉત્સવને જોવાની અભિલાષાથી નગરની બહાર ગયાં. જનતા જ્યારે એ રમત ગમતમાં અત્યંત મશગુલ હતી. ત્યારે અચાનક જ શિવપુર નગરના અધિપતિ રાજા રિપુમર્દનનો હાથી પોતાના માવતને ફેંકીને બિલકુલ નિરંકુશ બની ઉપદ્રવ મચાવતો એ તરફ આવ્યો લોકોએ જ્યારે હાથીને પોતાની તરફ આવતો જોયો તો ભયભીત બનીને સઘળા હાહાકાર કરવા લાગ્યા અને અહીં તહીં નાસભાગ કરવા લાગ્યા આથી ઉત્સવ તદ્દન ફિક્કો બની ગયો. રંગરાગનું નામોનિશાન પણ ન રહ્યું, જનતા જ્યારે નાસભાગ કરી રહી હતી ત્યારે એક કુમારી કન્યા જે ભાગવામાં અસમર્થ હતી તેના ઉપર હાથીની નજર પડી. તેને જોઈને હાથી તેના તરફ દોડયો. હાથીને પોતાની તરફ દોડતો આવતો જોઇને તે કન્યાએ ભયભીત એવી પોતાની નજર “ કોઈ મારી રક્ષા કરો. ” આ અભિલાષાથી ચારે તરફ ફેરવી અને જ્યારે તેની એ આશા નિરાશામાં ફેરવાઈ ત્યારે તેણે પણ અહીંતહીં ભાગવાનું શરૂ કર્યું. એટલામાં હાથી તેની પાસે આવી પહોંચ્યો. કન્યાના કુટુંબીજનો હતા તે હાથીને કન્યાની તરફ

જતો જોઇને જોરથી રાડો પાડવા લાગ્યા કે, કોઈ આ કન્યાની રક્ષા કરો, રક્ષા કરો. બ્રહ્મદત્તકુમાર પણ ત્યાં ઉભેલ હતો. જ્યારે તેણે ભયગ્રસ્ત બાલિકાને જોઈ એટલે તરત જ હાથીની સામે આવીને તેણે તેને પડકાર્યો. કુમારના પડકારને સાંભળીને હાથી કન્યાને છોડીને કુમાર ઉપર ત્રાટકયો, કુમારે જાણ્યું કે હાથી મારી સામે ધસી રહ્યો છે, એથી તેણે તરત જ રોષના આવેશથી જેનાં નેત્ર ફાટી રહ્યા છે. અને જેની સૂંઢ ઉછળી રહી છે તેવા હાથીની સામે પોતાનું ઉત્તરીય વસ્ત્ર ઉતારીને ફેંકયું. હાથીએ પણ એ ઉત્તરીય વસ્ત્રને પોતાની સૂંઢથી પકડીને ઉપર ઉછાળી દીધું. હાથીએ ઉછળેલ એ વસ્ત્ર નીચે પડયું. હાથીએ તેને ફરી ઉછાળવા માટે પોતાની સૂંઢને નીચી કરી કે એટલામાં કુમાર ઉછળીને તેના ગંડસ્થળ ઉપર સ્વાર થઈ ગયો અને સવાર થતાં જ તેણે પોતાના હાથની મુઠીઓના પ્રહારથી તેના કુંભસ્થળને ઢીલું પાડી દીધું. પછી જ્યારે હાથીનું ગાંડપણુ ધીરે ધીરે ઓછું થવા લાગ્યું, ત્યારે કુમારે તેને મધુર વચનોથી પંપાળ્યો. અને ઘણોજ પ્રેમભાવ બતાવ્યો. આ રીતે મદોન્મત્ત તે ગજરાજ જોતજોતામાં કુમારના વશમાં આવી ગયો. આ પરિસ્થિતિને જોઈ ત્યાં એકઠી થયેલી જનતા આશ્ચર્યચકિત બની ગઈ અને કુમારને ધન્યવાદ આપવા લાગી. પછી કુમારે એ ગંજરાજને લઈ જઈને આલાનસ્તંભ સાથે બાંધી દીધો. કુમારના આ પ્રકારના સાહસને જોઇ બંધીજનોએ તેની ખૂબ ખૂબ સ્તુતિ કરી. રિપુમર્દન રાજાએ જ્યારે કુમારની આ પ્રકારની કુશળતા અને શૂરવીરતા જાણી ત્યારે તે ઘણા ખુશી થયા અને આશ્ચર્યમગ્ન બનીને તેણે મંત્રીને પૂછયું, આ કુમાર કોણ છે ? કુમારના વેશથી પરિચિત મંત્રીએ કહ્યું, મહારાજ ! પાંચાલ રાજા બ્રહ્મરાજાના પુત્ર આ બ્રહ્મદત્તકુમાર છે કુમારનો પરિચય જાણતાં રાજા ખૂબ ખુશી થયો અને કુમારને પોતાને ત્યાં બોલાવ્યો. ઘેર પહોંચતા તેણે કુમારનું ખૂબ સત્કાર અને સન્માન કર્યું. રાજાને આઠ કુંવારી કન્યાઓ હતી. જે 'રૂપ માધુર્યમાં એકએકથી ચડીયાતી હતી એમની સાથે રાજાએ કુમારનો વિવાહ કરી દીધો. વરધનુ પણ કુમારની સાથે રહ્યો.

એક સમયની વાત છે કે, કોઈ સ્ત્રીએ આવીને બ્રહ્મદત્તકુમારને કહ્યું, કુમાર ! આપને કાંઈક કહેવું છે ? કુમારે કહ્યું, કહો ! શું વાત કહેવી છે ? તેણે કહ્યું, આ નગરીમાં વૈશ્રમણ નામના એક સાર્થવાહ છે તેને સકલ કલાએમાં નિપુણ એવી પુત્રી છે, જેનું નામ શ્રીમતી છે. એ દિવસે જ્યારે સઘળી જનતા વસંતના ઉત્સવને મનાવવામાં મશગુલ હતી ત્યારે આપે તેનું મન્દોન્મત્ત હાથીથી રક્ષણ કરેલ હતું. એ તો આપ જાણો છો. આપે જેને જીવતદાન આપેલ છે તે કન્યા પોતાના જીવતદાતા આપના સીવાય કોઇ બીજાને વરવા ચાહતી નથી. એ ખાતર આપ તેને ગ્રહણ કરો. કુમારે એ સ્ત્રીનાં વચનોનો સ્વીકાર કર્યો. અને યોગ્ય દિવસે તે કન્યાની સાથે વિવાહ કરવાનું નક્કી કર્યું કુમારના વિવાહિત થયા પછી વરધનુનો પણ સુબુદ્ધિ મંત્રીની નન્દના નામની

પુત્રી સાથે વિવાહ થયો. કુમાર અને વરધનુ ઘણા સમય સુધી સુખપૂર્વક પોતાના સાસરામાં રહ્યા. આ રીતે રહેતાં તેમની પ્રસિદ્ધિ થઇ ચૂકી.

એક સમય કુમાર અને વરધનુ બન્ને વારાણસી ગયા. વરધનુ કુમારને નગરની બહાર રાખીને કટક નામના રાજાની પાસે ગયો. જઈને કહ્યું કે, બ્રહ્મદત્તકુમાર આપના નગરની બહાર રોકાયેલ છે. આ સમાચારને સાંભળી રાજા ખૂબ હર્ષિત થયો અને રાજકુમારને નગરમાં લાવવા માટે ઠાઠમાઠથી સ્વાગતની તૈયારી કરી સઘળા વાહનોને તૈયાર કરવામાં આવ્યાં અને સવારી રાજકુમારની પાસે ગામની બહાર આવી પહોંચી. એમણે બ્રહ્મરાજાની માફક કુમારનું સ્વાગત કર્યું અને તેને હાથી ઉપર બેસાડી શહેરમાં પ્રવેશ કરાવ્યો. રાજમહાલયની પાસે સવારી આવી પહોંચતા ભારે માનપૂર્વક મહાલયમાં લઈજવામાં આવ્યો. આ રાજાને એક ગુણવતી પુત્રી હતી જેનું નામ કનકાવતી હતું. રાજાએ પોતાની એ પુત્રીનું બ્રહ્મદત્તકુમાર સાથે પાણિગ્રહણ કરાવ્યું. દહેજમાં રાજાએ ઘણા હાથી, ઘોડા, જર, જવેરાત વગેરે આપ્યું. કુમાર કનકાવતી સાથે ત્યાં રહેવા લાગ્યો. આ સમયે કુમારને ત્યાં ચક્રવર્તીના દ્યોતક ચક્રાદિરત્ન પ્રગટ થયા.

કટકરાજાએ પોતાના દૂતોને પુષ્પચૂલ, કણેરદત્ત, આદિ રાજાઓની પાસે પોતપોતાની સૈન્ય સામગ્રી લઇ વાણારસી આવવા માટેનું આમંત્રણ આપવા મોકલ્યા. એથી એ સઘળા રાજાઓ પોતપોતાનાં સૈન્ય સામગ્રીથી સુસજ્જ થઈને વારાણસી આવ્યા. સહુએ મળીને કુમારનો રાજ્યાભિષેક કર્યો, વરધનુને સેનાપતિનું પદ આપવામાં આવ્યું, બ્રહ્મદત્ત ચક્રવર્તી આ પછી સઘળા સૈન્યની સાથે દીર્ઘરાજા સાથે સંગ્રામ કરવા માટે નીકળી પડયો. ચાલતાં ચાલતાં કુમાર કામ્પિલ્ય નગરની પાસે આવી પહોંચ્યો. દીર્ઘરાજાને ખબર મળતાં તેણે પોતાના દૂતોને કાશીનરેશ, કટક રાજા વગેરે પાસે મોકલ્યા. એમણે દૂતોને અપમાનિત કરીને કાઢી મૂકયા. કોઈએ તેમની એક પણ વાત સાંભળી નહીં. દૂતોએ અપમાનિત બની પાછા ફરીને સઘળા સમાચાર દીર્ઘરાજાને કહી સંભળાવ્યા. બ્રહ્મદત્તના આક્રમણના સમાચાર સાંભળીને તેની માતા ચુલની ગુપ્ત

માર્ગેથી નીકળી ગઈ અને સાધ્વીઓની પાસે જઇને દીક્ષા ધારણ કરી લીધી. અને તીવ્ર તપસ્યા કરવા લાગી જેના પ્રભાવથી તેણે સદ્ગતિનો માર્ગ મેળવી લીધો.

બ્રહ્મદત્તની સેનાએ નગરને ચારે તરફથી ઘેરી લીધું ચારે બાજુથી ઘેરાઈ જવાના સમાચાર જ્યારે દીર્ઘરાજાને મળ્યા ત્યારે તેણે વિચાર કર્યો કે, આ રીતે ઘેરાયેલી સ્થિતિમાં ટકી શકાય તેમ નથી આથી મારૂં હવે કર્તવ્ય છે કે, શૌર્યની પરીક્ષા યુદ્ધના મેદાનમાં કરી લેવી. આ પ્રકારનો નિશ્ચય કરીને દીર્ઘરાજા પોતાના સૈન્ય સાથે નગરની બહાર નીકળ્યો અને યુદ્ધ કરવા માટે યુદ્ધભૂમિ ઉપર પહોંચ્યો. બન્ને સેનાઓ વચ્ચે ભયંકર એવો સંગ્રામ શરૂ થયો. બ્રહ્મદત્તના સૈન્યે દીર્ઘરાજાના સૈન્યને પછાડી દીધું. જે સૈનિકો બચ્યા હતા તે પોતાનો જીવ બચાવવા શસ્ત્રોને પડતાં મૂકી યુદ્ધભૂમિથી નાસી છૂટવા લાગ્યા

આ તરફ બ્રહ્મદત્ત અને દીર્ઘરાજા વચ્ચે પણ ઘોર યુદ્ધ મચી ગયું હતું, એકબીજા પોતપોતાના શસ્ત્રઅસ્ત્રનો છૂટથી ઉપયોગ કરી રહ્યા હતા, બ્રહ્મદત્તકુમારે ભારે કૌશલ્યથી દીર્ઘરાજાના સઘળાં શસ્ત્રોને નાકામીયાબ બનાવી દેવા છતાં પણ બન્ને વચ્ચે ખૂબ સમય સુધી યુદ્ધ ચાલતું રહ્યું બંને-માંથી કોઈ કોઈને હરાવી ન શક્યું. બ્રહ્મદત્તે જ્યારે આ પરિસ્થિતિ જોઇ ત્યારે તેણે વિચાર કર્યો કે, દીર્ઘરાજા સામાન્ય શસ્ત્રોથી પરાજીત થઈ શકે તેમ નથી, ત્યારે તેણે તેના ઉપર ચક્ર છોડયું. ચક્રે પોતાનું કામ આબાદ બજાવ્યું. દીર્ઘરાજાનું મસ્તક ચક્રના પ્રહારથી કપાઈને જમીન ઉપર પટકાયું. આ સમયે ચારે તરફથી "બ્રહ્મદત્ત ચક્રવર્તીનો જય થાઓ"ની જયઘોષણા સકલ જનતાના મુખમાંથી નીકળી પડી. દેવોએ પણ આકાશમાંથી તેના ઉપર પુષ્પવૃષ્ટી કરી સાથોસાથ સહુને સૂચના પણ દીધી કે, આ બ્રહ્મદત્ત બારમા ચક્રવર્તી ઉત્પન્ન થયેલ છે. એ સમયે દેવોની વાણી સાંભળીને સઘળા જનપદ–લોકોએ બ્રહ્મદત્ત ચક્રવર્તીની ખૂબ જ સ્તુતિ કરી. સ્ત્રીઓએ તેની મંગળ આરતી ઉતારી અને ખૂબ ઉત્સાહભેર ઉત્સવ મનાવ્યો, આ પ્રમાણે બ્રહ્મદત્તચક્રવર્તી સઘળા સ્ત્રી પુરુષોથી સ્તુતિ પામીને મંત્રીમંડળ વગેરેની સાથે પોતાના રાજભવનમાં ગયો. ત્યાં સઘળા પુરવાસીઓએ અને સઘળા સામંતોએ મળીને તેનો ચક્રવર્તીપદ

ઉપર અભિષેક કર્યો. આ રીતે ચક્રવર્તીપદથી અલંકૃત બનીને બ્રહ્મદત્તકુમાર પોતાના જીવનનો સમય સુખમાં વિતાવવા માંડયો.

એક સમયની વાત છે કે, ચક્રવર્તીની સમક્ષ કોઈ નટે નાટકનું આયોજન કર્યું. નાટકને જોવા માટે ચક્રવર્તી જ્યારે નાટકશાળામાં પહોંચ્યા ત્યારે કોઈ એક દાસીએ અપૂર્વ કુસુમનો ગુચ્છો પણ ચક્રવર્તીને પ્રદાન કર્યો. નાટકને જોતાં અને ગાયનને સાંભળતાં અને એ પુષ્પગુચ્છને સૂંઘતાં ચક્રવર્તીના મનમાં એવો વિચાર જાગ્યો કે, મેં અગાઉ આવું કુસુમસ્તબક કયાંય સૂંઘેલ છે. તેમજ આ પ્રકારનું નાટક પણ કયાંય જોયેલ છે. તેમ આવું ગાયન પણ સાંભળેલ છે. પરંતુ આ બધું મેં કયાં અનુભવેલ છે એની યાદ આવતી નથી. એવો વિચાર કરતાં કરતાં ચક્રવર્તીને મૂર્ચ્છા આવી ગઈ અને એમાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. એના પ્રભાવથી ચક્રવર્તીએ પોતાના પાછલા પાંચ ભવને જાણી લીધાં. આથી તેને એ નિશ્ચય થઈ ગયો કે, જ્યારે હું સૌધર્મસ્વર્ગમાં પદ્મગુલ્મ વિમાનમાં હતો ત્યારે મેં એવું નાટક જોયું હતું, આવું કુસુમ-સ્તબક છડી સૂંઘેલ હતી અને આવું ગાયન પણ સાંભળેલ હતું.

ચક્રવર્તીને મૂર્ચ્છિત અવસ્થામાં પડેલા જોઈને તેના સેવકોએ શીતલોપચાર ક્રિયાઓથી એમની મૂર્ચ્છા દૂર કરી. ચક્રવર્તી શીતળ ઉપચારોથી સ્વસ્થ બન્યા. જાતિસ્મરણ જ્ઞાનના પ્રભાવથી ચક્રવર્તીએ પોતાના પૂર્વભવ સંબંધી ભાઈને જાણી લીધા અને પછી એ વિચાર કર્યો કે, પાંચ ભવો સુધી જે મારી સાથે રહેલ છે તે આ સમયે કયાં છે? આવો વિચાર કરીને તેમણે તેની શોધ કરવાના નિમિત્તે "आस्वदासौ मृगौ हंसौ मातङ्गावमरौ तथा" આ પ્રકારે અર્ધો શ્લોકની રચના કરી તેની સર્વત્ર ઘોષણા કરવાનું સેનાપતિ વરધનુને કહ્યું. સાથોસાથ એ પણ કહ્યું કે, જે કોઈ વ્યક્તિ આના ઉતરાર્ધની પૂર્તિ કરશે તેને રાજા અર્ધું રાજ્ય આપશે. તેવું જાહેર કરવાનું પણ જણાવ્યું. ચક્રવર્તીની

આજ્ઞાનો સેનાપતિ વરધનુએ એજ રીતે અમલ કર્યો. સઘળા સ્થળે એ અર્ધા શ્લોકની ઘોષણા કરાવી. સઘળા લોકોએ મળીને વિચારપૂર્વક સાંભળ્યો પરંતુ કોઈનામાં એવી બુદ્ધિ ઉત્પન્ન ન થઈ કે, જે એના ઉત્તરાર્ધની પૂર્તિ કરી શકે. આ વખતે ચક્રવર્તીના પૂર્વભવના ભાઇ કે જેનું નામ ચિત્ર હતું તે પુરિમતાલ નગરમાં એક શેઠને ત્યાં ઉત્પન્ન થયા હતા અને જાતિ સ્મરણ જ્ઞાનથી પોતાના પૂર્વભવને જાણીને સંસારથી વિરક્ત થઈને જેમણે દીક્ષા ધારણ કરી હતી અને મુનિ અવસ્થામાં વિચરણ કરતાં કરતાં જેઓ કામ્પિલ્ય નગરના મનોરમ નામના ઉદ્યાનમાં આવેલ હતા અને પ્રાસુક ભૂભાગ ઉપર પાત્ર અને ઉપકરણોને રાખીને ધર્મધ્યાન કરતા હતા એ વખતે ત્યાં કોઇ અરહટ ચલાવનારના મુખેથી બોલાયેલા એ અર્ધા શ્લોકને સાંભળ્યો. સાંભળતાં જ તેમણે જ્ઞાનોપયોગને જોડીને પોતાના ભાઈનું સમસ્ત વૃત્તાંત જાણી લીધું. જાણીને પછી તેમણે એ અર્ધા શ્લોકની પૂર્તિ આ પ્રમાણે કરી “एषा नौ षष्ठिका जातिरन्योन्याभ्यां वियुक्तयोः” અરહટ ચલાવનાર એ અર્ધા શ્લોકને લઈને અત્યંત પ્રસન્નચિત્ત બનીને રાજભવન ઉપર પહોંચ્યો અને ત્યાં પહોંચીને પૂર્ણ બનેલો એ શ્લોક સંભળાવ્યો. શ્લોકને સાંભળતાંજ પૂર્વભવના ભાઈના સ્નેહથી ગદ-ગદિત થઇને ચક્રવર્તી મૂર્છા પામ્યા. ચક્રવર્તીને મૂર્છિત અવસ્થામાં પડેલા જોઈને સઘળા સદસ્યજનો જાણે વજ્ર પડયું હોય તેમ સ્તબ્ધ બની ગયા. રાજપુરુષો એ આવેલા માણસનેજ ચક્રવર્તીની આ સ્થિતિનું કારણ માનીને તેને ટીપવા માંડયા. પોતાના ઉપર માર પડતો જોઇને તે માણસે કહ્યું કે, આર્યવૃન્દ ! મને આપ લોકોએ વગર કારણે માર મારેલ છે. આમાં મારો જરા સરખોએ અપરાધ નથી. આ શ્લોકની પૂર્તિ મેં કરેલ નથી પરંતુ ઉદ્યાનમાં એક મુનિરાજ આવેલા છે તેમણે કરેલ છે. મારા મોઢેથી બોલાયેલા અર્ધા શ્લોકની પૂર્તિ તેમણે કરી છે. મેં તો પૂર્ણ થયેલો એ શ્લોક અહીં આવીને જ સંભળાવ્યો છે. આથી આપ મને વધુ દુઃખી ન કરતાં છોડી દો.

એ માણસનાં વચન સાંભળીને રાજપુરુષોએ તેને છોડી દીધો. એટલામાં ચંદનાદિ શીતળ ઉપચારોથી ચક્રવર્તી પણ સ્વસ્થ બની ગયા. જ્યારે તેમણે એ જાણ્યું કે, મારા પૂર્વભવના ભાઈ અહીં મુનિ અવસ્થામાં આવેલ છે ત્યારે તેમણે એ અરહટ ચલાવનાર માણસને ઘણું દ્રવ્ય આપીને સંતોષ્યો. તથા ખૂબ રાજીરાજી કરીને વિદાય કર્યો. પછી અંતઃપુરથી પરિવૃત્ત થઇને ચક્રવર્તી ઘણી ઉત્કંઠા સાથે મુનિરાજના દર્શન માટે એ ઉદ્યાનમાં ગયા. ઉદ્યાનમાં પહોંચતાં તેમના મનનો પ્રેમ ઉભરો ખૂબ જ વેગવાન બન્યો. પહેલાથી પણ તેનો સ્નેહ અધિક સ્વરૂપમાં ઉછળવા લાગ્યો. હર્ષનાં આંસુથી એનાં નેત્રો ઉભરાવા લાગ્યાં, ચક્રવર્તીએ મુનિરાજને ભક્તિભાવથી વંદન કર્યું અને સવિનય એમની સામે જઈને બેસી ગયા. મુનિરાજે ધર્મદેશના આપવા માંડી. અને કહ્યું કે, સંસાર અસાર છે, શરીર ક્ષણભંગુર છે, શરદ કાળના મેઘના જેવું આ જીવન છે, વિજળીના સમાન ચંચળ આ યૌવન છે, કિંપાકના ફળના જેવા ભોગ છે, સંધ્યાકાળના આકાશના રંગો સમાન વિષયસુખ છે, પાણીના પરપોટા જેવી લક્ષ્મી છે, મૃત્યુ અનિવાર્ય છે. આ પ્રમાણે સંસારિક પદાર્થોની અને સંસારની અનિત્યતાનું વર્ણન કરીને એ મુનિરાજે એ પણ બતાવ્યું કે, કર્મોના બંધનો હેતુ શું છે ? મોક્ષમાર્ગ શું છે ? અને તે જીવને કઈ રીતે પ્રાપ્ત થાય છે. મુક્તિસુખ કેવું છે ? મુનિરાજની આ ધર્મદેશનાને સાંભળીને સઘળા જનો વૈરાગ્યભાવનાથી ભાવિત બન્યા, પરંતુ વિષય જાળમાં મુગ્ધ બનેલા બ્રહ્મદત્તના હૃદયમાં મુનિના ઉપદેશનો જરા સરખોએ પ્રભાવ ન જામ્યો. ચક્રવર્તીએ મુનિરાજને કહ્યું, કે મહારાજ ! જે રીતે આપે મને આપના મેળાપથી આનંદિત બનાવ્યો છે એ જ રીતે એનાથી આનંદ તો મને ત્યારેજ થાય કે, આપ જ્યારે અર્ધા રાજ્યનો સ્વીકાર કરો હજુ તો મારા અને આપના આનંદનો અનુભ વકરવાના દિવસ છે. પછીથી આપણે બન્ને મળીને તપનું આરાધન કરીશું. તપનું ફળ પણ રાજ્ય સુખોને ભોગવવાનું જ છે. આથી આપ અર્ધા રાજ્યનો સ્વીકાર કરી તપના

ફળને ભોગવો. બ્રહ્મદત્તના આ પ્રકારનાં વચન સાંભળીને મુનિરાજે તેને કહ્યું, રાજન્! કેમ ભૂલી રહ્યા છો? શું તમે જાણુતા નથી કે, આ મનુષ્ય જન્મ ખૂબજ દુર્લભ છે. જીંદગીનો કોઈ ભરોસો નથી. એ તો ઘાસના અગ્ર ભાગે ચોટેલા જળબિંદુ સમાન ક્ષણુભંગુર છે. લક્ષ્મીનો પણુ કોઈ વિશ્વાસ નથી કેમકે, એ પ્રકૃતિથી જ ચંચળ છે. જેવી ધર્મબુદ્ધિ આજે સ્થિર છે તેવી સદા સ્થિર બની રહેશે એ કહી શકાય તેવું નથી. વિષય સેવનનું ફળ સારૂં હોય છે એ તો કેવળ દુરાશા માત્ર છે. કેમકે, એનું પરિણામ ખૂબજ કડવું હોય છે. વિષયોમાં આસક્ત ચિત્તવાળાનું પતન અવશ્ય નરકોમાં થાય છે. વિરતિરૂપ મોક્ષનું બી અત્યંત દુર્લભ છે. વૈરાગ્યનો અભાવ જીવને જરૂરથી નરકમાં લઇ જનાર બને છે. આ માટે હે રાજન્! થોડા દિવસજ રહેનારી એવી આ રાજ્યલક્ષ્મીની ચાલમાં તમે કેમ ફસાઈ પડયા છો? બુદ્ધિમાન તો એના લોભમાં ફસાતા નથી. બિચારી રાજ્યલક્ષ્મીમાં એટલી શક્તિજ કયાં છે કે, તે બુદ્ધિમાન વ્યક્તિ ઓના અંતઃકરણને પોતાની તરફ આકર્ષિ શકે? આ માટે હે રાજન્! એ વિચારનો પરિત્યાગ કરીને તમે પૂર્વભવાનુભૂત દુઃખપરંપરાઓને યાદ કરો. આ અવસર ઘણા સૌભાગ્યથી તમને મળેલ છે. એને સફળ કરવાની ચેષ્ટા કરો. ક્ષણિક વિષય ભોગોમાં ન ફુલાવ, વિકરાળ વાઘે જેને ફાડી ખાધેલ હોય તેને માટે કોઇ ઔષધી કામયાબ બનતી નથી. એ રીતે આ ભાગોએ જેને ડંસ દીધા હોય એવી વ્યક્તિ માટે આ સંસારમાં કોઈ ઔષધી નથી. આથી હજુ પણ સમય છે કે, તમો રાજ્યલક્ષ્મીના મોહનો ત્યાગ કરીને આત્મકલ્યાણુના માર્ગે જલદીથી વળી જાવ.

મુનિરાજનાં આ પ્રકારનાં અમૃતતુલ્ય વચનોનું પાન કરીને ચક્રવર્તીએ મુનિરાજને કહ્યુ, ભદન્ત! આપે ખૂબ કહ્યું, શું આપ મને મૂર્ખ સમજો છો? એથી જ આવી વાતો કહી રહ્યા છો? આપની આ વાતો તો મને બાળકોના જેવી લાગે છે. સંપૂર્ણ સુખનો ત્યાગ કરીને જે પ્રત્યક્ષ દેખાતું નથી એવા સુખની આશા કરવી એ શું મૂર્ખતાનું લક્ષણુ નથી? હું તો આપને પણુ એ નિવેદન કરૂં છું કે, મહારાજ આ દીક્ષામાં શું બળ્યું છે? આપ એને છોડી

દો અને મારૂં કહેવું માનીને અર્ધું રાજ્ય સ્વીકારીને આપ પણ મારી માફક આનંદથી જીવન વ્યતિત કરો. ચક્રવર્તીનાં વચન સાંભળીને મુનિરાજે કહ્યુ, રાજન્! મેં તો સંસારના સુખ ખૂબ ભોગવ્યાં અને પરભવમાં એના ફળનો પણ અનુભવ કરી લીધો છે. મને તો હવે નિશ્ચય થઈ ચૂકયો છે કે, આ સઘળા સાંસારિક સુખ કેવળ દુઃખના માટે જ છે. આથી મેં તો સમજી લીધું છે કે, આ સઘળા સાંસારિક સુખ પરિત્યાગ કરવામાં જ શ્રેય છે. આ પ્રમાણે વારંવાર સમજાવવા છતાં પણ જ્યારે ચક્રવર્તી પ્રતિબુદ્ધ ન થયા ત્યારે મુનિરાજે ઉપયોગ લગાડીને જોયું એટલે તેમને સમજાયું કે, ઓહ! સંભૂતના ભવમા એણે સનત્કુમાર ચક્રવર્તીની સ્ત્રીના વાળનો સ્પર્શ થતાં ભોગ અભિલાષી બનીને ચક્રવર્તીપદને પ્રાપ્ત કરવાનું નિદાન કરેલ હતું. એ સમયે પણ મેં એને ખૂબ જ સમજાવેલ પરંતુ તેણે મારી એક પણ વાતને માનેલ ન હતિ. જ્યારે એ સમયે તે સમજેલ ન હતો તો આજે ક્યાંથી સમજવાનો હતો? આથી એ સમજાય છે કે, એના ભાગ્યમાં જીન વચનોના તરફ અનુરાગ થવાનું લખાયેલ નથી આ પ્રકારનો વિચાર કરી મુનિ ઉપદેશથી વિરત બની ગયા અને થોડો સમય રહીને ત્યાંથી વિહાર કરી ગયા. સમય પુરો થતાં કર્મનો ક્ષય કરીને તેઓ મોક્ષધામમાં સીધાવ્યા. આ તરફ ચક્રવર્તી પણ વિષય સુખોનો અનુભવ કરતાં કરતાં પોતાનો સમય વિતાવવા લાગ્યા.

એક સમયની વાત છે કે, પૂર્વ પરિચિત બ્રાહ્મણે ચક્રવર્તીને આવીને કહ્યું કે, હે મહારાજાધિરાજ! હુ એ ચાહું છું કે, ચક્રવર્તીને જે ભોજન મળે છે એવું ભોજન મને ખાવા મળે. મારી આ અભિલાષા આપના સિવાય કોઈ પુરી કરી શકે તેમ નથી આથી આપને પ્રાર્થના કરૂં છું કે, આપ મારી આ અભિલાષાને પૂર્ણ કરો. બ્રાહ્મણની પ્રાર્થના સાંભળીને ચક્રવર્તીએ કહ્યું કે, હે દ્વિજ! હું જે પ્રકારનું ભોજન કરૂં છું તેવું ભોજન તમો ન ખાઇ શકો. કેમ-કે, જે ભોજન હું કરૂંછું તેને બીજો કોઇ માણુસ ખાય તો તે પચાવી શકે નહીં. ચક્રવર્તીનું આ પ્રકારનું કહેવું સાંભળીને બ્રાહ્મણે કહ્યું કે, મહારાજ!

ચક્રવર્તી બનવા છતાં આપ બ્રાહ્મણને જમવાનું આપવાનો ઈન્કાર કરો છો એમાં આપના આ પદની શોભા નથી. બ્રાહ્મણનો આવો આગ્રહ જોયો, ત્યારે ચક્રવર્તીએ તેની માગણીનો સ્વીકાર કર્યો અને એક દિવસ ચક્રવર્તીએ એ બ્રાહ્મણને સહકુટુંબ પોતાને ત્યાં ભોજન લેવા માટેનું નિમંત્રણ આપ્યું. બ્રાહ્મણને સહકુટુંબ જમાડયો. ખાઈ પીને તે સપરિવાર પોતાને ઘેર ગયો. રાત્રીના ભોજનના પ્રભાવથી તેને મદનજવરના આવેગથી અત્યંત પીડા થઈ અને તે પાગલ જેવો બની ગયો. સારાસારનો વિવેક પણ તે ભૂલી ગયો. મર્યાદાનું પણ તેને ભાન ન રહ્યું. માતા, પુત્રી, વહુ, પૌત્રી, અને ભાણેજ આદિની સાથે તે અકાર્ય કરવામાં તત્પર બન્યો. તેને એમની સાથે સંગમ કરવામાં પણ કોઈ મર્યાદા ન જણાઇ. જ્યારે બીજો દિવસ થયો અને ભોજનનો પ્રભાવ શાંત થઈ ગયો ત્યારે પોતે કરેલા અનાચાર સેવનની તેને ભારે લજજા ઉત્પન્ન થઈ, તે ત્યાંસુધી કે, તે પોતાના કુટુંબીજનોને પોતાનું મોઢું પણ ન બતાવી શકયો. આ રીતે લજજાવાન બનેલ એવો તે બ્રાહ્મણ નગર છોડીને ચાલી નિકળ્યો. તેણે એ વિચાર કર્યોકે, આ ચક્રવર્તી સાથે મારે એવું તો કયું વેર હતું ? કે તેણે કયા ભવના પાપનો મારી પાસેથી બદલો લીધો કે, ખવરાવી પીવરાવીને મારાથી આવા પ્રકારનું કુકૃત્ય કરાવ્યું. મારાથી બનવા પામેલા આ કુકૃત્યથી હું કોઈને મારૂં મોંઢું બતાવી શકું તેવો ન રહ્યો. આથી મારા માટે એકજ માર્ગ રહ્યો કે, હું ચક્રવર્તીથી આ વેરનો બદલો લઉં. આવો વિચાર કરતાં કરતાં તે એક વનમાં જઈ ચડયો. અને અહીં-તહીં ભટકવા લાગ્યો. તેનું મન એટલું બધું વ્યગ્ર બની ગયું હતું કે, તે કયાંય સ્થિર થઈ બેસી શકતો ન હતો. ભટકતાં ભટકતાં તેણે એક બકરાંને ચારનાર ભરવાડને જોયો કે જે ગીલોલમાં કાંકરા ચડાવીને પીપળાના પાનનું છેદન કરી રહ્યો હતો. એને જોઈને તે બ્રાહ્મણે વિચાર કર્યો કે, આ ભરવાડ ખરેખર લક્ષ્ય વેધી હોય તેવું જણાય છે. જો તે ખરેખર લક્ષ્યવેધી હોય તો હું તેની સહાયતાથી મારા ધારેલા કામને અવશ્ય પાર પાડી શકીશ. આવો વિચાર કરી તે ભરવાડને ભારે સન્માન સાથે પોતાને ઘેર લઇ ગયો. અને

એકાન્તમાં પોતાની જે અભિલાષા હતી તે તેને કહી સંભળાવી. બ્રાહ્મણનું કહેવું સાંભળીને એ ભરવાડે તેની વાતનો સ્વીકાર કર્યો.

એક દિવસની વાત છે કે, જ્યારે બ્રહ્મદત્ત ચક્રવતીં પોતાના અંતઃપુરમાંથી બહાર જવા નીકળ્યો એ વખતે ભીંતનો આશ્રય લઈને ઉભેલા કોઈ એક ભરવાડે કે જે લક્ષ્યવેધની કળામાં નિપુણ હતો. તેણે ગીલોલમાં ગોળી ચડાવીને તેની બન્ને આંખો ફોડી નાખી. આથી ચક્રવર્તીને ભારે ક્રોધ ચડયો અને એજ વખતે તેણે પોતાની આંખો ફોડનારનો પત્તો લગાડી તે બ્રાહ્મણને તેના ભાઇ સાથે મારી નખાવ્યો. ચક્રવર્તીનો કોપ આથી પણ શાંત ન થયો ત્યારે તેણે એવો નિશ્ચય કરી લીધો કે, રાજ્યમાં જેટલા પણ બ્રાહ્મણ હોય તેનો નાશ કરવામાં આવે. આવો વિચાર કરી પોતાના રાજ્યમાં જેટલા બ્રાહ્મણો હતા તે સઘળાને મારી મરાવી નાખ્યા. છતાં પણ તેના હૃદયને શાંતિ ન મળી ત્યારે તેણે મંત્રીને બોલાવીને આજ્ઞા કરી કે, જ્યાંથી પણ બને ત્યાંથી બ્રાહ્મણોની આંખો કાઢી તેને એક થાળમાં ભરી મારી સામે રાખવામાં આવે કે જેથી હું એ આંખોને છૂંદીને મારા વેરનો બદલો લઉં. આ પ્રમાણે કરવાથી જ મારા હૃદયને શાંતિ મળી શકશે. એ શિવાય મારૂં મન શાંત થઇ શકવાનું નથી. ચક્રવર્તીના આ પ્રકારના આદેશને સાંભળીને મંત્રીએ સુંદર એવી યુક્તિ શોધી કાઢી. શાખોટ વૃક્ષનાં ફળોને થાળમાં રાખી એ થાળ એના સંતોષ ખાતર એની સામે લાવીને રાખી દીધો. ચક્રવર્તીએ જાણ્યું કે, બ્રાહ્મણોની આંખોથી ભરપૂર થાળ ભરાઈને મારી પાસે આવી ગયો છે. ત્યારે તે એ ફળોને જ આંખો સમજીને પોતાના પગથી ખૂબ ખૂબ કચરવા માંડયો. આ પ્રમાણે કરવાથી તેના મનમાં શાંતિ વળી. અને રોજ તે આ પ્રમાણે કરવા લાગ્યો. આમ કરતાં કરતાં સાતસો સોળ ૭૧૬ વર્ષ પ્રમાણ પોતાનું આયુષ્ય પુરૂં કર્યું. પ્રવર્દ્ધમાન રૌદ્ર પરિણામી હોવાથી અંતે તે મરીને સાતમા નરકનો નારકી બન્યો. આ પ્રમાણે બ્રહ્મદત્ત ચક્રવર્તીની આ કથા સમાપ્ત થઇ.

હવે આ કથાના સારભૂત સૂત્રનો પ્રારંભથાય છે. તે આ પ્રકારે છે—
“ जाइपराजिओ ”–ઇત્યાદિ

અન્વયાર્થ—जाइपराजिओ–जातिपराजितः ચાંડાલ જાતિથી પૂર્વભવમાં સંભૂતના ભવમાં પરાજીત બનેલા એ સંભૂતમુનિએ हत्थिपुरम्मि नियाणम्–हस्तिनापुरे निदानम् अकार्षीत् હસ્તિનાપુરમાં વંદનાના સમયે ચક્રવર્તીની સ્રીના વાળના સ્પર્શજન્ય સુખનો અનુભવ કરવાના કારણે મારા તપનું ફળ હોય તો “હું આવતા ભવમાં ચક્રવર્તી થાઉં” આવા પ્રકારનું નિદાન બાંધીને પછીથી મરણ કર્યું. મરણ કરીને પછીથી તે સંભૂતમુનિ પદ્મગુલ વિમાનમાં દેવની પર્યાયમાં ઉત્પન્ન થયા. એ પછી તે पउमगुम्माओ–पद्मगुल्मात् પદ્મગુલ્મ વિમાનથી ચ્યવીને चुलणी इ बंभदत्तो उववन्नो–चुलन्यां ब्रह्मदत्तः उत्पन्नः બ્રહ્મરાજાની પત્ની ચુલની રાણીની કૂખે “બ્રહ્મદત્ત” નામે પુત્રરૂપે અવતર્યા.

ભાવાર્થ—પહેલાં કથાથી એ સ્પષ્ટ થયું છે કે, ચિત્ર અને સંભૂત એ બંને ભાઈ ચાંડાલ જાતિમાં ઉત્પન્ન થયા હતા. શુદ્ર હોવાને કારણે તે સ્વયં દુઃખી રહ્યા કરતા હતા. કોઈ નિમિત્ત મળતા એ બન્ને ભાઈઓએ દીક્ષા અંગીકાર કરી અને તપસ્યાના પ્રભાવથી અનેક લબ્ધિના ધારક બન્યા. નમુચિ મંત્રીએ જ્યારે તેમને વિવિધ પ્રકારથી માર મરાવીને હસ્તિનાપુરથી બહાર કઢાવી મૂકયા ત્યારે તેમણે અપમાનિત થવાને કારણે તેજોલેશ્યાથી નગરમાં અગ્નિ અને ધુમાડો ફેલાવ્યો. આથી નગરમાં ફેલાયેલા ત્રાસને જાણીને એમને ખમાવવા માટે ખુદ સનત્કુમાર ચક્રવર્તી પોતાની શ્રીદેવી રાણીની સાથે ત્યાં આવ્યા. ચક્રવર્તીએ ઘણી આજીજી અને વિનંતીઓ કરી સંભૂતમુનિને પ્રસન્ન કર્યા. રાણીએ પણ એ સમયે ભક્તિના આવેશથી તેમના બન્ને ચરણો ઉપર પોતાનું મસ્તક નમાવ્યું. ચક્રવર્તીની સ્રીરત્ન” રાણીના વાળનો અલ્હાદક સ્પર્શ મુનિને સુખદાયક લાગ્યો. આથી સંભૂતમુનિએ સ્વયં “તપના પ્રભાવથી હું આવતા ભવમાં ચક્રવર્તી થઈ જાઉં.” એવું નિદાન કર્યું. પછી ત્યાંથી મરીને તે સૌધર્મસ્વર્ગમાં પદ્મગુલ્મવિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. અને ત્યાંથી

ચ્યવીને બ્રહ્મરાજાની રાણી ચુલનીની કૂખે બ્રહ્મદત્ત નામના પુત્રરૂપે ઉત્પન્ન થયા.॥૧॥

આ કથાનો સાર આ સૂત્રમાં સૂત્રકાર પ્રગટ કરે છે—" कंपिल्ले "-ઇત્યાદિ.

અન્વયાર્થ—कांपिल्ले-कांपिल्ये કામ્પિલ્ય નામના નગરમાં संभूओ-संभूतः સંભૂતનો જીવ બ્રહ્મરાજા અને રાણી ચુલનીના સંબંધથી બ્રહ્મદત્ત નામે પ્રસિદ્ધ પુત્ર ઉત્પન્ન થયો. અને चित्तो-चित्रः ચિત્રનો જીવ पुरिमतालम्मि-पुरिमतालनगरे પુરિમતાલ નગરમાં विसाले सिट्ठिकुलम्मि-विशाले श्रेष्ठिकुले બહુધન અને પરિવાર સંપન્ન હોવાથી વિશાળ એવા ધનસાર શેઠના કુળમાં ગુણસાર નામે પુત્રરૂપે जाओ-जातः ઉત્પન્ન થયો. અને धम्मं सोउण-धर्मं श्रुत्वा જીનમાર્ગાનુસારી શુભચંદ્ર આચાર્યની પાસે શ્રુતચરિત્ર રૂપ ધર્મનો ઉપદેશ સાંભળીને पव्वइओ-प्रव्रजितः મુનિ દીક્ષાથી દીક્ષીત થયા.

ભાવાર્થ—" काम्पिल्ये संभूतः " આ પદોનો સંબંધ પહેલી ગાથાની સાથે છે. એ બતાવવામાં આવેલ છે કે, સંભૂત કે જે ચિત્રના નાના ભાઇ હતા. તેનો જન્મ કામ્પિલ્ય નગરમાં બ્રહ્મરાજાને ઘેર થયો હતો. અને જે મોટાભાઈ ચિત્ર હતા તે પુરિમતાલ નગરમાં ધનસાર નામના એક શેઠને ત્યાં ગુણસાર નામના પુત્રરૂપે જનમ્યા અને ત્યાં તેમણે શુભચંદ્ર નામના જૈનાચાર્યની પાસેથી ધર્મનું શ્રવણ કરીને દીક્ષા અંગીકાર કરી. ॥૨॥

પછી શું થયું તે કહે છે—" कंपिल्लम्मि "-ઇત્યાદિ.

અન્વયાર્થ—कंपिलम्मि य णयरे चित्तसंभूया दो वि समागया-कांपिल्ये च नगरे चित्रसंभूतौ द्वौ अपि समागतौ કામ્પિલ્ય નગરમાં ચિત્રનો જીવ મુનિરાજ અને સંભૂતનો જીવ બ્રહ્મદત્ત ચક્રવર્તી એ બન્ને મળ્યા. અને ते-तौ તેમણે इक्कमिक्कस्स-एकैकस्य પરસ્પરમાં सुहदुक्खफलविवागं कहंति-सुखदुःख फलविपाकं कथयतः પુન્ય તથા પાપના વિપાકની કથા કહી. અહીં ગાથામાં ચિત્ર-સંભૂતના નામથી જે કહેવામાં આવેલ છે તે પૂર્વભવના નામથી અપેક્ષાએ કહેવાયેલ છે તેમ જાણવું જોઇએ. ॥ ૩ ॥

આ વિષયમાં સંસારના જીવ બ્રહ્મદત્ત ચક્રવર્તીએ ચિત્રના જીવ મુનિરાજને શું કહ્યું એ વાત ચાર ગાથાઓ દ્વારા સૂત્રકાર પ્રગટ કરે છે. "चक्कवट्टी"-ઇત્યાદિ.

અન્વયાર્થ—महिड्ढीओ-महर्द्धिकः સર્વોત્કૃષ્ટ રિદ્ધિ સંપન્ન-ષટ્ખંડના અધિપતિ महाजसो-महायशाः ત્રણ ભુવનમાં જેની બોલબાલા હતી એવા યશને પામેલા चक्कवट्टी बंभदत्तो-चक्रवर्ती ब्रह्मदत्तः બ્રહ્મદત્ત ચક્રવર્તીએ बहुमाणेणं-बहुमानेन

અતિશય આદરની સાથે भायरं-भ्रातरम् પોતાના મોટાભાઈ કે જે શેઠના કુળમાં ઉત્પન્ન થયા હતા અને દીક્ષાથી અલંકૃત હતા એમને इमं वयणमब्बवी-इदं वचनम् अब्रवीत् આ પ્રકારે કહ્યું—

ભાવાર્થ—કથાથી આપણે એ જાણી શકયા છીએ કે, જ્યારે અરહટ (રેંટ) હાંકનારના મોઢેથી બોલાએલા અર્ધા શ્લોકની પૂર્તિને તે અરહટ હાંકનારે બ્રહ્મદત્તની પાસે આવીને સંભળાવી અને તેને સ્પષ્ટરૂપે સઘળો વૃત્તાંત સંભળાવ્યો. ત્યારે ચક્રવર્તીએ તેનું ભારે સન્માન કર્યું. તથા સારૂં એવું ધન આપી વિદાય કર્યો. આ પછી તે પોતાના ભાઈના જીવ મુનિરાજને વંદના કરવા માટે ગયો અને ત્યાં તેમને આ પ્રાર્થના કરી કે, મહારાજ! જે રીતે આપે મને આપનાં પવિત્ર દર્શનથી સંતુષ્ટ કરેલ છે, એજ રીતે અર્ધા રાજ્યનો સ્વીકાર કરીને મને સંતુષ્ટ કરો. એજ આગલી વાત આ ગાથાદ્વારા કહેવામાં આવેલ છે. ।।૪।।

તેઓ શું બોલ્યા તે નીચેની ગાથાદ્વારા કહેવામાં આવે છે. "आसिमो"-ઈત્યાદિ.

અન્વયાર્થ—ચક્રવર્તીએ બહુમાન અને આદર સાથે તેમને કહ્યું કે, હે મુનિ! अन्नमन्नवसाणुगा-अन्योन्यवशानुगौ હું અને તમે दो वि-द्वौ अपि બન્ને પૂર્વભવમાં એક બીજાના ભાઈ હતા अन्नमन्नमणुरत्ता-अन्योन्यानुरक्तौ આપસમાં અતુલ એવા પ્રેમ સંપન્ન અને अन्नमन्नहिएसिणो-अन्योन्यहितैषिणौ એક બીજાના સદા હિતેચ્છુ भायरा आसिमो-भ्रातरौ आस्व ભાઈ ભાઈ હતા.

ભાવાર્થ—અર્ધું રાજ્ય લઈ આપ સુખી થાવ એ વાત હું એટલા માટે કહી રહ્યો છું કે, હું અને આપ પૂર્વ ભવમાં સહોદર ભાઇ હતા, આથી મને આપની આવી દશા જોઈને ઘણું દુઃખ થાય છે. ।। ૫ ।।

આપણે બંને સહોદરપણાથી કયાં કયાં ઉત્પન્ન થયા આ વાતને ચક્રવર્તી પ્રગટ કરે છે.—"दासा"-ઈત્યાદિ.

અન્વયાર્થ—આપણે બંને પહેલાં दसण्णे-दशार्णे દશાર્ણ દેશમાં दासा-दासौ શાંડિલ્ય બ્રાહ્મણની યશોમતી દાસીના પુત્ર થયા. ત્યાંથી મરીને कालिंजरे-कालिञ्जरे કાલિંજર પર્વત ઉપર मिया-मृगौ હરણ રૂપે અવતર્યા. એ પર્યાયથી નીકળીને मयंगतीरे हंसा-मृतगंगातीरे हंसौ મૃતગંગાના કિનારે હંસ થયા. એ પર્યાય છોડીને कासिभूमीय-काशिभूमौ કાશી નગરીમાં सोवागा-श्वपाकौ ચાંડાલને ત્યાં પુત્ર રૂપે आसी-आस्व અવતર્યા. એ પર્યાયને પણ છોડીને પછી देवलोगम्मी महिड्ढिया देवा य आसी-देवलोके महर्द्धिकौ देवौ च आस्व સૌધર્મસ્વર્ગમાં પદ્મગુલ્મ વિમાનમાં મહર્દ્ધિક દેવ થયા અને ત્યાંથી ચ્યવીને આપણી एसा-एषा આ

छट्ठिया जाइ-षष्ठिका जातिः છઠ્ઠી પર્યાય છે. આ પર્યાયમાં આપણે બન્ને अन्नमण्णेण जा विना-अन्योन्येन विना એક બીજાથી વિખુટા પડી ગયા છીએ. ॥૬॥૭॥

ચક્રવર્તીના વચન સાંભળીને મુનિરાજ કહે છે કે— “कम्मा”-ઇત્યાદિ!

અન્વયાર્થ—राय-राजन् હે રાજન્! સંભૂતના ભવમાં તુમે-त्वया તમોએ नियाणप्पगडा-निदान प्रकृतानि પદાર્થોને ભોગવવાની અભિલાષારૂપ નિદાન બંધથી સંપાદન કરેલ कम्माविचिंतिया-कर्माणि विचिन्तितानि નિદાનરૂપ કર્મોને ઉપાર્જીત કર્યા, આથી तेसिं फलविवागेण-तेषां फलविपाकेन એ કર્મોના ફળ સ્વરૂપ વિપાકથી विप्पयोगमुवागया-विप्रयोगम् उपागतौ હું અને તમે બન્ને આ જન્મમાં એક બીજાથી વિખુટા પડી ગયા છીએ.

ભાવાર્થ—આ કથાથી આપણને એ વાત નિશ્ચિત થઈ ગઈ છે કે, સંભૂત મુનિએ ચક્રવર્તી થવાનું નિયાણું કરેલ હતું. આથી ચિત્તમુનીનો જીવ એને સમજાવે છે કે, મેં એ સમયે તમને આવું નિયાણું ન કરવા ખૂબ સમજાવેલ હતા પરંતુ તમોએ મારી એક પણ વાત માનેલ ન હતી. એનું ફળ એ મળ્યું કે આ ભવમાં આપણે બંને એક બીજાથી વિખુટા પડી ગયા. ॥૮॥

આ પ્રમાણે વિયોગનું કારણ જાણી લીધા પછી ચક્રવર્તીએ ફરીથી પૂછયું—

“सच्च”-ઇત્યાદિ!

અન્વયાર્થ—હે મુનિ! मए-मया મેં पुरा-पुरा સંભૂતની પર્યાયમાં सच्चसोयप्पगडा कम्मा कडा-सत्यशौचप्रकटानि મૃષાભાષાનો ત્યાગ અને માયાચારીના વર્જન રૂપથી પ્રસિદ્ધ શુભ કર્મ કરેલ છે. तानि कम्मा अज्ज परिभुंजामो-तानि कर्माणि अद्य परिभुंजे એ કર્મોના ફળને હું આ ચક્રવર્તીની પર્યાયમાં ભોગવી રહ્યો છું. આથી चित्ते वि-चित्रः ચિત્રના અપિ જીવરૂપ આપ પણ ते-तानि એ ચક્રવર્તીના સુખોને મારી માફક किंनु परिभुज्जामो-किंनु परिभुंक्ते કેમ ભોગવતા નથી?

ભાવાર્થ—આ ગાથાથી ચક્રવર્તીનો એવો અભિપ્રાય નીકળે છે કે, આપે તો તપસ્યા કરીને પણ કાંઈ ઉપાર્જીત કરેલ નથી. જો એમ હોત તો તમો પણ મારી માફક ચક્રવર્તી પદની વિભૂતિના સુખોને ભોગવનાર બન્યા હોત. આથી આપની તપસ્યાનું આચરણ બરાબર નથી. ॥ ૯ ॥

ચક્રવર્તીનું આવા પ્રકારનું કહેવું સાંભળીને મુનિએ આ પ્રમાણે કહ્યું–

"सव्वं"–ઇત્યાદિ !

અન્વયાર્થ—રાજન્ ! नराणं–नराणाम् મનુષ્યનાં सव्वं सुचिण्णं सफलं भवइ–सर्वं सुचीर्णं सफलं भवति સમસ્ત સુંદર રીતથી આચરાયેલ તપ આદિ કર્મ સઘળી રીતે સફળ બને છે. कडाण कम्माण मोक्खं न अत्थि–कृतेभ्यः कर्मभ्यः मोक्षः नास्ति પોતે આચરેલાં કર્મોથી મનુષ્યોનો છુટકારો થતો નથી. અર્થાત્ કરેલા કર્મોનું ફળ તેને અવશ્ય મળે છે. એ અફળ નથી બનતાં. જનપદનું પણ આ વિષયમાં આવું જ મંતવ્ય છે.

"कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥"

કરેલાં કર્મ કદી પણ, કરોડો શતકલ્પ કાળમાં પણ ક્ષપિત થતાં નથી. ચાહે તે શુભ હોય કે અશુભ. આનું ફળ તો અવશ્ય ભોગવવું પડે છે. આ માટે હે ચક્રવર્તી ! मम आत्मा મારો આત્મા પણ उत्तमेहिं अत्थेहिं कामेहिं–उत्तमैः अर्थैः कामैः च ઉત્તમ દ્રવ્યકામરૂપ અથવા જનપ્રાર્થનીય રૂપ શબ્દાદિકોના ભોગ દ્વારા पुण्णफलोववेण–पुण्यफलोपपेतः પુણ્ય ફળોથી યુક્ત છે.

ભાવાર્થ— ચક્રવર્તીને સમજાવવાના આશયથી મુનિરાજે એમને કહ્યું કે, જ્યારે આ અટલ સિદ્ધાંત છે કે, કરેલા કર્મોનું ફળ જીવોને અવશ્ય મળે છે તો આ નિયમ અનુસાર મેં પણ ઉત્કૃષ્ટ અર્થકામને ઉપાર્જીત કરેલ છે. આથી તમે તમારા મનમાં એવો કોઈ વિચાર ન કરો કે, આ ભિક્ષુએ પૂર્વે કરેલાં સુકૃત્ય નિષ્ફળ છે. કેમકે, ઉત્તમ દ્રવ્ય કામરૂપ વિષયોની પ્રાપ્તિ જીવોને પુણ્ય વગર મળી શકતી નથી. ॥ ૧૦ ॥

તથા—"जाणासि"–ઇત્યાદિ.

અન્વયાર્થ—જન્માંતરના નામથી સંબોધિત કરતાં મુનિરાજ કહે છે કે, संभूय–संभूत હે સંભૂત ! તમે જેમ પોતાની જાતને महाणुभागं–महानुभागम् અતિશય મહાત્મ્યથી સંપન્ન અને महिड्ढियं–महर्द्धिकम् ચક્રવર્તી પદની પ્રાપ્તિથી અતિશય વિભૂતિ વિશિષ્ટ માનીને पुण्णफलोववेयं जाणासि – पुण्यफलोपपेतम् जानासि સુકૃત્યના ફળોના ભોગવનાર માની રહ્યા છો तहेव–तथैव એજ રીતે रायं–राजन् હે રાજન્ ! चित्तंपि जाणाहि–चित्रमपि जानाहि મારા ચિત્રના જીવને પણ એવો જ માનો. तस्स वि इड्ढीजुई य प्पभूया–तस्यापि ऋद्धिः द्युतिः च प्रभूताः આ ચિત્રના જીવને પણ ઋદ્ધિ, દાસી, દાસ, હાથી, ઘોડા, મણી, સુવર્ણ, આદિ ધન ધાન્ય સંપન્ન અને દ્યુતિ તેજ પ્રતાપરૂપ દ્યુતિ વિપુલ પ્રમાણમાં હતી.

આનું તાત્પર્ય એ છે કે, જે પ્રકારે તમે નિદાનના પ્રભાવથી દેવલોકથી ચ્યવીને બ્રહ્મરાજ અને ચુલની રાણીને ત્યાં બ્રહ્મદત્ત નામના પુત્રરૂપે અવતરીને ચક્રવર્તીપદને ભોગવી રહ્યા છો. એવી રીતે હું તમારો ભાઈ ચિત્ર પણ નિદાન

રહીત તપના પ્રભાવથી દેવલોકથી ચ્યવીને સુસમૃદ્ધ ધનસાગર શેઠને ત્યાં પુત્ર-રૂપે અવતરેલ છું. જે પ્રકારનો તમારો વૈભવ છે. એજ પ્રકારનો મારો વૈભવ હતો. હું પણ એ અવસ્થામાં યાચકોને માટે એક કરોડ મુદ્રાઓ આપ્યા કરતો હતો. દરેક ઋતુઓને અનુકૂળ, સુખદાયક, મનોહર અને સુખદાયક ભવ્ય પ્રાસાદોમાં નિવાસ કરીને સઘળા ભોગોનો ઉપભોગ કરતો હતો. અનેક પ્રકારના રથોની ઘોડાની તથા હાથીઓની મારે ત્યાં કમીના ન હતી. મારે અનેક સુકુમાર પત્નીઓ હતી. બત્રીસ પ્રકારનાં નાટકોને જોતાં જોતાં હું વિશેષ સુખ પરંપરાને ભોગવતો હતો. મારે ત્યાં કોઈ પણ વસ્તુનો અભાવ ન હતો. પૂર્વે કરેલા સુકૃત્યોનો પ્રભાવ મને દરેક પ્રકારે રોજ બરોજ આનંદિત બનાવતો હતો.॥૧૧॥

મુનિરાજનું આ પ્રકારનું કથન સાંભળીને ચક્રવર્તીએ કહ્યું કે, જ્યારે આપની મારા જેવી વિભૂતિ હતી તો પછી મુનિ થવાનું શું કારણ બન્યું ? એનો ઉત્તર આ ગાથા દ્વારા આપવામાં આવેલ છે—" महत्थरूवा "-ઇત્યાદિ !

અન્વયાર્થ—महत्थरूवा वयणप्पभूया-महार्थरूपा वचनाल्पभूता અનંત દ્રવ્ય પર્યાયાત્મક વસ્તુનો વિષય કરનાર હોવાથી વિસ્તૃત અર્થવાળી એવી ગાથા સૂત્ર પદ્ધતિ नरसंघमज्झे-नरसंघमध्ये સ્થવીરોના વિપુલ જન સમુદાયની વચમાં अणुगाया-अनुगीता ગાઈ यां सोच्चा-यां श्रुत्वा જે ગાથાને સાંભળીને भिक्खुणो-भिक्षवः ભિક્ષુજન सीलगुणोववेया-शीलगुणोपपेतः ચારિત્ર અને જ્ઞાનગુણથી યુક્ત બનીને इह-इह આ જૈન શાસનમાં ज्जयंते-यतन्ते મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બને છે. તો હું પણ समणोम्हिजाओ-श्रमणो जातोस्मि એ ગાથાને સાંભળીને સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થઇને મુનિ બની ગયો છું. પણ દરિદ્રી હોવાથી મુનિ થએલ નથી.

તાત્પર્ય આનું એ છે કે, સમસ્ત ભોગ અને ઉપભોગની સામગ્રી સંપન્ન એવો હું મહાન રિદ્ધિવાળો હતો. મારી પાસે અનેક દાસ, દાસી, ગાય, ભેંસ, હાથી, ઘોડા, હિરા, સુવર્ણ, માણેક, મણી આદિ સઘળાં પુણ્યના પ્રભાવરૂપે હતાં, કોઈ પણ વસ્તુની કમીના ન હતી. પ્રતિ દિવસ હું એક કરોડ સુવર્ણમુદ્રાઓનું દાન કરતો હતો. એક સમયની વાત છે કે, શ્રમણજનોએ જનસમુદાયની વચમાં એક એવી ગાથા ગાઈ સંભળાવી કે, જેને સાંભળીને ભિક્ષુજન શીલ અને ગુણોથી વિશેષરૂપ સંપન્ન બની જાય છે. અને તેમાં ઘણોજ અર્થ ભરેલો હતો. તથા અક્ષર તેમાં ખૂબજ ઓછા હતા. જેને સાંભળીને હું મુનિ બની ગયો, જે રૂપમાં આપ મને જોઈ રહ્યા છો એવું મારું રૂપ ન હતું. આ માટે આપ મારું સુકૃત્ય નિષ્ફળ ન સમજો પરંતુ તમારા તુલ્ય જ સમજો. ॥૧૨॥

આ પ્રકારનાં મુનિરાજનાં વચનોને સાંભળીને ચક્રવર્તી પોતાની સંપદાથી આકર્ષતાં કહે છે—" उच्चोदए "–ઈત્યાદિ !

અન્વયાર્થ—उच्चोदए महुकक्केय बंभे-उच्चोदयः मधुकर्कः ब्रह्मा, ઉચ્ચોદય, મધુ, કર્ક; મધ્ય અને બ્રહ્મા એ પાંચ મુખ્ય મહેલો જે મારે માટે દેવ કારીગરોએ બનાવેલ છે તો એને તથા બીજાં પણ रम्मा आवसहा-रम्याः आवसथाः જે સુંદર ભવન છે એને અને धणप्पभूयं-प्रभूतं-धनं પ્રચુર મણી માણેક આદિ રૂપ ધનથી ઠસાઠસ ભરાયેલ એવું જે इमं गिहं-इदम् गृहम् મારૂં ભવન છે એ કે, જે पांचालगुणोववेयम्-पांचालगुणोपपेतम् પાંચાલ દેશના વિશિષ્ટ એવા સૌંદર્ય આદિ ગુણોથી સંપન્ન છે. चित्त—ચિત્ર હે ચિત્ર ! આપ એનો पसाहि-प्रशाधि સ્વીકાર કરો. તાત્પર્ય આનું એ છે કે, ચક્રવર્તી ચિત્રના જીવ મુનિરાજને એવું કહી રહેલ છે કે, પાંચાલમાં અને ભરતક્ષેત્રમાં જેટલી પણ વિશિષ્ટ વસ્તુઓ છે એ સઘળી વસ્તુઓ મારા ભવનમાં છે, આથી આપ આ ભવનોનો સ્વીકાર કરો. " पांचाल " પદથી એ જાણી શકાય છે કે, એ સમયે ત્યાંની સમૃદ્ધિ વિશિષ્ટ હતી. નહીં તો ભરતક્ષેત્રના કહેવાથી જ તેમાં તેનો સમાવેશ થઇ જાય છે. પછી " पांचालगुणोपपेतम् " એવું કહેવું વ્યર્થ બને છે. સાંભળીએ છીએ કે, ઉચ્ચોદય મધુ આદિ ભવન કે જ્યાં ચક્રવર્તીની રૂચી થાય છે ત્યાં બની જાય છે. " गृहं " પદ વર્તમાનમાં ચક્રવર્તી જ્યાં રહે છે. એનું બોધક છે. ॥ ૧૩ ॥

ફરી ચક્રવર્તી મુનિરાજને કહે છે. " णट्टेहिं "–ઈત્યાદિ !

અન્વયાર્થ—भिक्खू-भिक्षो હે ભિક્ષુ ! णट्टेहिं गीएहिं य वाइएहिं-नाटयैः गीतैः वादित्रैः બત્રીસ પ્રકારના નાટકોના વિવિધ પ્રકારના ગીતોથી તથા અનેક પ્રકારના વાજીંત્રોથી नारीजणाइं परिवारयंतो-नारीजनान् परिवारयन् નારીજનોની સાથે બેસીને આપ इमाइं भोगाइं भुंजाहि-इमान् भोगान् भुंक्ष्व એ શાબ્દાદિક વિષયભોગોને આનંદની સાથે ભોગવો કેમ કે, મને આપની આ દીક્ષા દુઃખકારકજ જણાય છે.

ભાવાર્થ—ચક્રવર્તીએ ફરીથી મુનિ મહારાજને કહ્યું કે, મહારાજ ! શું રાખ્યું છે આ કાયાને કલેશરૂપ પ્રવજ્યામાં ? આપ નારીજનોની વચમાં બેસીને ગીત, નૃત્ય, વાજીંત્રોની સાથે આપના મનને બહેલાવો. આ જીવનને વ્યર્થ શામાટે ગુમાવી રહ્યા છો ? આ શુષ્ક તપસ્યામાં દુઃખના સિવાય બીજું શું છે ? ॥૧૪॥

ચક્રવર્તીનાં આ પ્રકારનાં વચનોને સાંભળીને મુનિએ શું કર્યું ? એ આ

ગાથા દ્વારા સૂત્રકાર પ્રગટ કરે છે.—" तं पुव्वनेहेण "-ઈત્યાદિ ।

અન્વયાર્થ—पुव्वनेहेण-पूर्वस्नेहेन પૂર્વભવના સ્નેહના कयाणुरागं-कृतानुरागम् અનુરાગને આધીન બનેલા અને कामगुणेसु गिद्धं-कामगुणेषु गृद्धम् મનોજ્ઞ શબ્દાદિક વિષયોમાં લોલુપ બનેલા એવા तं नराहिवं-तं नराधिपम् ચક્રવતી બ્રહ્મદત્તને धम्मस्सिओ-धर्माश्रितः ધર્મ માર્ગ ઉપર આરૂઢ બનેલા અને तस्स-हियाणुपेहि-तस्य हितानुप्रेक्षि ચક્રવતીના હિતના અભિલાષી એવા चित्तो-चित्रः ચિત્રના જીવ મુનિરાજે આ પ્રકારે કહ્યું ॥ ૧૫ ॥

મુનિરાજે ચક્રવર્તીને જે કહ્યું તે કહે છે—" सव्वं "-ઈત્યાદિ !

અન્વયાર્થ—હે ચક્રવર્તી ! सव्वं-सर्वम् સાંભળો. गीयं-गीतम् ગીત મારી દૃષ્ટિમાં विलपियं-विलपितम् વિલાપ તુલ્ય છે તથા सव्वं नट्टं-सर्वम नाटयं સઘળા નાટકો વિટંબણા રૂપ છે. અને सव्वे आभरणाभारा-सर्वाणि आभरणानि भाराः સઘળા આભરણો ભાર તુલ્ય છે. વધુ શું કહું? सव्वे कामा दुहावहा-सर्वे कामाः दुखावहा સઘળા ઈન્દ્રિયોના વિષય મને તો દુઃખદાયક જ દેખાય છે. જે પ્રમાણે ઉન્મત્ત અને બાળક વગેરેને ગીત શિક્ષા વિહીન હોવાને કારણે વિલાપ જેવાં લાગે છે તથા જે પ્રકારે વિધવા સ્ત્રીને પોતાના મૃત્યુ પામેલા પતિના ગુણોનું સ્મરણરૂપ ગીત વિલાપ તુલ્ય હોય છે એજ રીતે મોક્ષના અભિલાષી મુનિની દૃષ્ટિમાં ગીત પણ એક પ્રકારનાં વિલાપ જેવાં જ માલુમ પડે છે. યક્ષથી અવિષ્ટભૂત થયેલ મનુષ્યને તથા મદ્યપાન કરેલ વ્યક્તિને અંગોનો વિક્ષેપ જે પ્રમાણે એક પ્રકારની વિટંબણાથી પૂર્ણ માનવામાં આવે છે એજ રીતે નાટક પણ મુનિઓની દૃષ્ટિમાં એવાં જ માલુમ પડે છે. આભરણોને ભલે બહિરાત્મા જીવ આભૂષણ રૂપ માને પરંતુ જે અન્તરાત્મા જીવ છે એને તો એ ભારરૂપ જ જણાય છે. તથા શબ્દાદિક વિષય તૃષ્ણાને વધારનાર હોવાથી એક પ્રકારે દુઃખરૂપ જ છે. આથી ચિત્રના જીવ મુનિરાજે ચક્રવર્તીને સમજાવ્યું કે, તમો એને કઈ રીતે સારા સમજીને મને અંગીકાર કરવાનું કહી રહ્યા છો? આના ઉપર એક કથા આ પ્રમાણે છે—

અંગદેશમાં મણીપુર નગરમાં ધનધાન્યાદિકથી પરિપૂર્ણ તથા ખૂબજ વિનીત એવા સુદર્શન નામે શેઠનો એક પુત્ર રહેતો હતો. સુદર્શનની પત્નીનું નામ ચંદ્રકલા હતું. એ જેવું નામ હતું તેવી જ ગુણસંપન્ન હતી. કળાઓમાં ખૂબજ ચતુર હતી. એના શરીરનાં પ્રત્યેક અવયવ સૌંદર્ય અને લાવણ્યથી ભરપૂર હતાં. એક સમયની વાત છે કે, ચંદ્રકલાને તેની સાસુએ કે જે એ વખતે બીજા કોઈ કામમાં ગુંથાયેલ હતી તેણે કહ્યું, વહુ ! મકાનની અંદરથી શિલાપુત્રકને લઈ આવો. ચંદ્રકળાએ સાસુનાં વચન સાંભળીને કહ્યું કે, માતાજી ! શિલાપુત્રકનું વજન તો ઘણું છે આથી તે મારા એકલાથી ઉપડી શકે તેમ નથી. જ્યારે ચંદ્રકળા આ પ્રમાણે કહી રહી હતી કે, એજ સમયે તેનો પતિ ક્યાંકથી ત્યાં

આવી પહોંચ્યો. જેનું આવવાનું તેની જાણમાં ન હતું. પતિએ પત્નીનાં વચન સાંભળતાંજ વિચાર કર્યો કે, માલુમ પડેછે કે, ચંદ્રકલા ખોટી છે એથીજ તે આવું કહી રહી છે. કારણ માત્ર એટલું જ છે કે, એને શરીરનો પરિશ્રમ કરવો ગમતો નથી. આથી બહાનું બતાવીને એ તેને ન ઉઠાવવા માટે બચાવ કરી રહી છે. આથી આગળ તે એવું ન કરે એ માટે મારે તેને શિક્ષા આપવી જોઇએ. આવા વિચારથી તેણે એક યુકિત કરિ. બીજે દિવસે જ એ શિલા-પુત્રકને તેણે સુવર્ણના પત્રાથી મઢાવી અને એની આકૃતિ પણ તેણે કંઠ આભરણના ઘાટની કરાવી. પછી તે તેને પોતાની પત્નીની પાસે લઇ જઇને કહેવા લાગ્યો, પ્રિયે ! આ કંઠ આભરણ મેં તારા માટે બહારથી મંગાવેલ છે આથી તમે તેને ગળામાં પહેરીલો. પતિની આ વાત સાંભળીને ચંદ્રકળા ઘણીજ ખુશી થઈ અને તેણે એજ વખતે એને જોતાં જોતાં ઘણાજ હર્ષની સાથે પોતાના ગળામાં પહેરી લીધું. આ પછી તેણે તેને પોતાના ગળામાંથી ઉતારી નાખવાનું નામ પણ ન લીધું. રાત દિવસ તેને તે પોતાના ગળામાં પહેરી રાખતી, અને ખૂબ ઉત્સાહ બતાવતી. એક દિવસ એકાન્તમાં સુદર્શને તેને કહ્યું કે, પ્રિયા ! કહે તો ખરી કે આ ગળાના દાગીનાનો ભાર શું તમને દુઃખ નથી પહોંચાડતો ? પતિની આ વાતથી ચંદ્રકળાને ઘણું હસવું આવ્યું અને હસતાં હસતાં તેણે પ્રત્યુત્તર રૂપમાં કહ્યું કે, આર્યપુત્ર ! આ ગળાનો દાગીનો એવો તે કયો વજનદાર છે, આનાથી ચાર ગણો અધિક ભાર હોય તો પણ મનેતો દુઃખ કારક ન લાગે. ચંદ્રકળાની આ વાતથી સુદર્શનને પણ હસવું આવ્યું અને તેણે પણ હસતાં હસતાં તેને કહ્યું કે, એ શું વાત હતી કે, એક દિવસ માતાએ તને શિલાપુત્રક લાવવા માટે કહ્યું, તો એ દિવસે તું એને હાથ પણ લગાડવામાં અસમર્થ બની ગઈ હતી. અને આજે આ શિલાપુત્રકને સોનાના પત્રામાં જડીને કંઠ આભરણ રૂપથી જ્યારે તને આપવામાં આવ્યું તો તું એને પોતાના કંઠમાં ધારણ કરવાથી પણ થાકતી નથી અને એમ કહે છે કે, આનો કેટલો ભાર છે આનાથી ચારગણો ભાર સહન કરવામાં હું

સમર્થ છું. અહા ! જુઓ સુવર્ણનો કેવો પ્રભાવ છે ? માતા જે રીતે વાત્સલ્ય ગુણના કારણથી પુત્રના ભારને જાણતી નથી એજ રીતે તું પણ લોભથી આકર્ષાઈને સુવર્ણથી મઢેલા આ શિલાપુત્રકના ભારને ગણત્રીમાં ગણતી નથી. જે તારી દ્રષ્ટિ માં પહેલાં પહાડ જેવો ભારે લાગતો હતો તે જ સોનાથી મઢાતાં આજે તને રૂના જેવો હલકો જણાય છે. આ પ્રકારનાં પોતાના પતિનાં વચન સાંભળીને ચંદ્રકળા પોતાની મૂર્ખતા માટે ખૂબજ લજ્જા અનુભવવા માંડી લજ્જાવશ તેમજ વિષાદવશ તે એ સમયે એ પણ કહેવાનું ભૂલી ગઈ કે, હે નાથ ! મારી આ અજ્ઞાનતાની આપ ક્ષમા કરો. પોતાના કપટને યાદ કરતાં કરતાં તે એકદમ પતિના ચરણો ઉપર પડી ગઈ અને પોતાના એ દુર્ભાવ ઉપર પશ્ચાત્તાપ કરવા લાગી. આ પછી તેણે પોતાના આવા દુર્ભાવનો પણ ત્યાગ કરી દીધો.

આ કથાને લખવાનો ભાવ કેવળ એટલોજ છે કે, જે પ્રકારે ચંદ્રકળાએ પોતાની અજ્ઞાનતાથી ભારરૂપ એવા એ શિલાપુત્રકને પોતાના ગળામાં ધારણ કર્યો અને પછીથી ખબર પડતાં એને ભારરૂપ માન્યો. આ રીતે સર્વ સંસારી જીવ મોહના કારણે વિવેક વિકળ બનીને ભારભૂત એવાં આ આભરણોને ધારણ કર્યા કરે છે. ખરી રીતે વિચારવામાં આવે તો એ એક પ્રકારના ભાર રૂપજ છે. આવી રીતે સઘળી ઈન્દ્રિયોના શબ્દાદિક વિષયો આ જીવને સુખપ્રદ નથી પરંતુ દુઃખદાયક જ છે. શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસના અને સ્પર્શ આ પાંચ ઈન્દ્રિયોનો વિષય જુદા જુદા રૂપમાં મૃગ, પતંગ, ભ્રમર, મત્સ્ય અને હાથી આદિને દુઃખદાયક જ સાબીત થયા છે. આથી એને સુખદાયક માનવો એ મનુષ્યની એક ભારે એવી અજ્ઞાનતા જ છે. મોહની લીલાજ એને સુખદાયક બતાવે છે. ઈર્ષા, વિષાદ, આદિના તરફથી ચિત્તમાં એ શબ્દાદિક વિષય વ્યાકુળતાના ઉત્પાદક બને છે. એનાથી આત્મા પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ બનીને પરરૂપમાં મગ્નથવાને કારણે નરક નિગોદાદિકના દુઃખોને ભોગવનાર બને છે॥૧૬॥

ફરીથી મુનિરાજ કહે છે—" बालाभिरामेसु "–ઈત્યાદિ !

અન્વયાર્થ—रायं-राजन् હે ચક્રવર્તી ! बालाभिरामेसु-बालाभिरामेषु અજ્ઞાની જનોને જ આનંદનો આભાસ કરાવનાર આત્મજ્ઞાન વગરના પ્રાણીઓને જ મધુર લાગનાર તથા दुहावहेसु-दुःखावहेषु પરિણામમાં દુઃખને આપનાર એવા कामगुणेसु-कामगुणेषु મનોજ્ઞ શબ્દાદિક વિષયોમાં तं सुहं न-तम् सुखं न એ સુખ નથી કે, જે સુખ सीलगुणे रयाणम्-शीलगुणे रतानाम् ચારિત્રમાં નિરત તથા विरत्तकामाण-विरक्त कामानाम् કામ સુખોના પરિત્યાગી અને तवोधणाणं-तपोधनानाम् તપ જ જેમનું ધન છે એવા ભિક્ષુઓને હોય છે.

"यच्च कामसुखं लोके, यच्च दिव्यं महत्सुखम् ।
तृष्णायक्षसुखस्यैते, नार्हतः षोडशीं कलाम् ॥"

જે સુખ કામભોગજનિત હોય છે અને જે દેવલોકોના મહાન દિવ્ય સુખ તરીકે માનવામાં આવે છે તે બંને સુખ તૃષ્ણા ક્ષયથી થનારા સુખની સામે સોળમી કળા બરોબર પણ નથી.

ભાવાર્થ—મુનિરાજ ચક્રવર્તીના કથનનો ઉત્તર આપતાં કહે છે કે, મહાનુભાવ! શબ્દાદિક મનોજ્ઞ વિષય એવી વ્યક્તિઓને પ્રિયકર લાગે છે કે, જે આત્મજ્ઞાનથી અજાણ છે. અમારા સંયમ ધનવાળા મુનિજનોને તો તે સર્વથા નિરસ જ છે. આથી જ્ઞાનચક્ષુથી એના સ્વરૂપનું અવલોકન કરો તો આપને પોતાને જ અમારૂં એ સત્ય સાચા સ્વરૂપથી જાણવા મળશે. તૃષ્ણાનો ક્ષય કરનાર સુખ સામે તો એની કોડીની પણ કિંમત નથી. આથી સંસારના આ પ્રપંચને છોડી દઈને ધર્મના શરણમાં આવી જાવ એમાંજ આત્માની ભલાઇ છે॥૧૭॥

ધર્મનું સેવન કરવાથી શું ફળ મળે છે? આ વાતને હવે મુનિરાજ બતાવે છે—"नरिंद"-ઇત્યાદિ.

અન્વયાર્થ—नरिंद-नरेन्द्र હે ચક્રવર્તી! नराणं अहमाजाई सेवागजाइ-नराणां मध्ये अधमा जातिः श्वपाकजातिः સંસારમાં મનુષ્ય જાતિમાં જો કોઈ પણ અધમ-નિકૃષ્ટ જાતિ હોય તો તે ચાંડાલ જાતિ છે. એમાં રહેવાવાળા આપણા બન્નેની શું દશા હતી એ વાતની શું આપને ખબર નથી? ત્યાં આપણે બન્ને सव्व जणस्स वेस्सा-सर्वजनस्य द्वेष्यौ સર્વજનોને માટે એ સમય દ્વેષ્ય બનેલ હતા અને એ સ્થિતિમાં सोवागणीवेसणेसु वसीय-श्वपाकनिवेशनेषु अवसाव ચાંડાલને ઘેર રહેતા હતા.

ભાવાર્થ—"ધર્મથી શું ફળ મળે છે." એને મુનિરાજ ચક્રવર્તીને સમજાવવા ઇચ્છે છે. આથી તેઓ તેને પહેલાની સ્થિતિથી પરિચિત કરે છે. અને કહે છે કે, હે ચક્રવર્તી શું આપને એ વાતની ખબર નથી કે, સહુથી અધમ જાતિ આ લોકમાં ચાંડાલ જાતિ મનાય છે. હું અને તમે બંને પહેલાં એ જાતિના હતા. ત્યાં આપણી સાથે વાત પણ કરવા કોઈ ઇચ્છતા ન હતા. એ વખતે આપણી એવી દશા હતી કે, લોકો આપણા પડછાયા સુધીની પણ ઘૃણા કરતા હતા. આવી સ્થિતિમાં રહીને આપણે સમય કાઢેલ છે. ॥ ૧૮ ॥

ત્યાં શું બન્યું હતું તે કહે છે—"तीसे य"-ઇત્યાદિ!

અન્વયાર્થ—य-च અને पावियाए तीसे जाई य सव्वस्स लोगस्स दुगुंछणिज्जा सोवागणिवेसणेसु वुच्छामु-पापिकायां तस्याँ जात्याँ सर्वस्य लोकस्य जुगुप्सनीयौ-आवां श्वपाक निवेषनेषु उषितौ નિન્દનીય એવા ચાંડાલ જાતિમાં સર્વ લોકોની ઘૃણાના પાત્ર બનેલ આપણે બન્ને ચાંડાલના ઘરમાં રહ્યા. तु પરંતુ इहं-इह હવે આ જન્મમાં

पुडे कडाइं कम्माइं–पुराकृतानि कर्माणि उदितानि પૂર્વ ભવમાં ઉપાર્જીત વિશિષ્ટ આદિકના કારણભૂત કર્મ-શુભ અનુષ્ઠાન આપણા લોકોના ઉદય થયેલ છે.

ભાવાર્થ—પૂર્વ જન્મમાં આપણા બંનેનો ચાંડાલ જાતિમાં જન્મ થયો હતો. ત્યાં આપણી સ્થિતી ખૂબ જ દયાજનક હતી ત્યાં આપણે બન્ને લોકોના તિરસ્કારને પાત્ર બનેલ હતા. આપણે ત્યાં રહીને એ સ્થિતિને શાંતિપૂર્વક સહન કરેલ છે. તથા વિવિધ દુઃખોનો અનુભવ પણ કરેલ છે. સમતા ભાવથી તિરસ્કાર અને દુઃખોને સહન કરવા રૂપ એ શુભ અનુષ્ઠાનથી આપણ લોકોના વિશિષ્ટ જાતિ આદિકના કારણભુત શુભ કર્મોનો બંધ થયો, આથી તે શુભ કર્મોનો આજે અમોને આ ભવમાં ઉદય થયાં છે. ॥ ૧૯ ॥

આ માટે—" सोदाणिसिं "–ઈત્યાદિ.

અન્વયાર્થ—राय–राजन् હે ચક્રવર્તી ! એ સમયે સંભૂત નામના જે મુનિ હતા. તેજ આપ दाणिसिं–इदानीम् આ સમયે महाणुभागो महिड्ढिओ पुण्ण फलोववेओ – महानुभागः महर्द्धिकः पुण्यफलोपपेतः મહા પ્રભાવશાળી ષટ્‌ખંડના અધિપતિ ચક્રવર્તી થયા છો. એ પૂર્વના સુકૃત્યનું ફળ છે. જેને આપ આ સમયે ભોગવી રહ્યા છો. હવે આપનું કર્તવ્ય છે કે, આપ असासयाइं–अशाश्वतान् આશાશ્વત ક્ષણભંગુર એવા भोगाइं–भोगान् આ મનોજ્ઞ શબ્દાદિક ભોગોનો चइत्तु–त्यक्त्वा પરિત્યાગ કરિ आयाणहेऊ आदानहेतोः ચારિત્ર ધર્મને પાલન કરવા માટે अभिणिक्खमाहि–अभिनिष्काम દીક્ષા ધારણ કરો,

ભાવાર્થ—મુનિરાજે ચક્રવર્તીને સમજાવ્યું કે, આપ મને "ધર્મસેવન કરવાનું શું ફળ છે" તે છો પૂછો એનું આ ફળ છે કે, ચાંડાલ જાતિથી આપનો ઉદ્ધાર થતાં થતાં આજે આપ આ સ્થિતિ પર પહોંચેલ છો. એ સ્થિતિમાંથી આ સ્થિતિએ લાવનાર આપનો શુભ કર્મરૂપી ધર્મ જ આપને સહાયક બનેલ છે. આથી આ ધર્મની શીતળ છત્ર છાયામાં જ્યારે આપ પૂર્ણરૂપથી બેસી જશો તો એ નિશ્ચિત છે કે, આનાથી પણ અધિક આપ ઉન્નતિ કરી શકશો. આ શબ્દાદિક ભોગોની પ્રાપ્તિને જ આપ સંપૂર્ણરૂપમાં ન માનો તો એ અશાસ્વત છે. આથી આ પર્યાયથી જો તમે શાશ્વત વસ્તુનો લાભ મેળવવાનું ચાહતા હો તો આપ આ ભોગોનો પરિત્યાગ કરી ચારિત્ર ધર્મનો અંગિકાર કરવા માટે દીક્ષા ધારણ કરો. કેમ કે, ચારિત્રના વગર આત્મકલ્યાણ થતું નથી. ॥ ૨૦ ॥

અન્વયાર્થ–राय–राजन् હે રાજન્ ! असासयम्मि इह जीविए–अशाश्वते इह जीविते ક્ષણભંગુર આ જીવનમાં જે મનુષ્ય घणियं–अधिकम् નિરંતર पुण्णाइं अकुव्वमाणे–पुण्यानि अकुर्वाणः પુણ્યકર્મોને કરતો નથી सो–सः તે મનુષ્ય मुच्चुमुखोप-

नीतो-मृत्युमुखोपनीतः મૃત્યુના મુખમાં જ્યારે પહોંચે છે ત્યારે अम्मिलोए सोयई-अस्मिन्लोके शोचति આ લોકમાં તે શોક કરે છે પરંતુ परम्मि लोए-परस्मिन् लोके अपि જ્યારે પરલોકમાં તે જાય છે ત્યારે પણ धम्मं अकाउणा-धर्मं अकृत्वा મેં કાંઈ ધર્મ કરેલ નથી એવા વિચારમાં રાત અને દિવસ ત્યાં તે દુઃખી રહ્યા કરે છે. અન્યત્ર પણ આ વાતને પુષ્ટી અપાયેલ છે,

"इह शोचति प्रेत्य शोचति, पापकारी उभयत्र शोचति ।
पापं मयाकृतमिति शोचति, भूयः शोचति दुर्गतिं गतः ॥ "

તાત્પર્ય એતું એ છે કે, દુર્લભ એવા આ મનુષ્યભવને પ્રાપ્ત કરીને પણ જે નિરંતર ધર્મનું આચરણ નથી કરતો તે જ્યારે મૃત્યુના મુખમાં પડે છે ત્યારે અત્યંત દુઃખ અનુભવે છે. અને મરીને નરક આદિની યોનિને પ્રાપ્ત કરીને દશ પ્રકારની અસહ્ય અસાતા જન્ય ક્ષેત્રવેદના ભોગવતાં ભોગવતાં દુઃખીત થતો રહે છે. ત્યારે તે વિચારતો હોય છે કે હાય મેં એ સમય કે જ્યારે હું મનુષ્ય પર્યાયમાં હતો ત્યાં ધર્મ કેમ ન કર્યો. આ માટે હે ચક્રવર્તી ! હું આપને કહું છું કે, પછીથી પશ્ચાત્તાપ કરવાનો અવસર ન આવે આ માટે આપ ચારિત્ર ધર્મને ધારણ કરો. એનાથી આપને મુક્તિની પ્રાપ્તિ થશે. ॥૨૧॥

આ જીવ જ્યારે મૃત્યુના મુખમાં ઝડપાય છે તથા પરલોકમાં જ્યારે દુઃખી થાય છે ત્યારે એની રક્ષા કરનાર ત્યાં કોઈ પણ સ્વજન સમર્થ બની શકતો નથી. આ વાત મુનિરાજ દ્રષ્ટાંત દઈને સમજાવે છે.

" जहेह "-ઇત્યાદિ ।

અન્વયાર્થ—जहा-यथा જેમ इह આ સંસારમાં सीहो-सिंहः સિંહ मियं गहाय णेइ-मृगं गृहीत्वा नयति મૃગલાને પકડીને લઈ જાય છે અને મારી નાખે છે ત્યારે ત્યાં તેની રક્ષા કરનાર કોઈ હોતું નથી. એજ રીતે अंतकाले-अन्तकाले મૃત્યુના અવસરમાં मच्चु-मृत्युः કાળ णरं-नरम् આ જીવને णेइ-नयति પરલોકમાં લઈ જાય છે. तम्मं कालम्मि-तस्मिन् काले એ વખતે माया व पिया व भाया व-माता वा पिता वा भ्राता वा માતા, પિતા અને ભાઈ આમાંથી કોઈપણ तस्स-तस्य એ મરનારના अंसहरा भवंति-अंशहरा भवन्ति દુઃખને દૂર કરનાર બની શકતા નથી. મૃત્યુના ભયથી રક્ષા કરવામાં કોઈ સમર્થ બની શકતા નથી. કહ્યું પણ છે.—

"न संति पुत्ता ताणाए, न पिया न वि बंधवाः ।
(मृत्युना गृहीतस्य) अंते गेणाहि पन्नस्स नत्थिणा इसु ताणया "॥

તાત્પર્ય કહેવાનું ફક્ત એટલું જ છે કે, મૃત્યુના આવવાથી આ જીવને રક્ષણ આપનાર કોઈ પણ નથી.

"सुर असुर खगाधिप जे ते, मृग ज्यो हरि, काल जलेते
मणि मंत्र तंत्र बहु होइ, मरते जो न बचावे कोई ॥२२॥

જીવનની રક્ષા કરવી તો દૂર રહી-દુઃખને વહેંચવાનું કે એને કમી કરવાનું સ્વજનોમાં પણ સામર્થ્ય નથી આ વાત મુનિરાજ આ ગાથા દ્વારા સમજાવે છે—" न तस्स "-ઇત્યાદિ.

અન્વયાર્થ—तस्स-तस्य મ્રિયમાણ વ્યક્તિને તત્કાળ પ્રાપ્ત થયેલ दुक्खं-दुःखम् દુઃખને શારીરિક અને માનસિક કલેશતે नाइओ न विभयन्ति-ज्ञातयः न विभजन्ति પોતાના અંગત ગણાતા એવા કુટુંબીજનો પણ દૂર કરી શકવામાં સમર્થ બનતા નથી. न मित्तवग्गा न सुया न बांधवा-न मित्रवर्गा न सुतो न बान्धवाः ન મિત્રવર્ગ ન સંતાન અને ન તો બંધુજન ઓછું કરી શકે છે. इक्को सयं दुक्खं पच्चाणु होइ-एकः स्वयं दुखं प्रत्यानुभवति દુઃખને તે એકલો જ જીવ પાપકર્મ કરનારાવાળો પ્રાણ સ્વયં કર્મના વિપાક જનક કલેશને ભોગવે છે કેમ કે, कम्मं-कर्म કર્મ कर्तारमेवं अणुजाइ-कर्तारमेवानुगच्छति કર્તાની સાથે જ જાય છે. એવો નિયમ છે.

ભાવાર્થ—જીવના શુભાશુભ ભાવો દ્વારા ઉપાર્જીત કર્મ જ્યાં સુધી જીવ સંસારમાં રહે છે ત્યાં સુધી તે તેને ભોગવનાર બને છે. તેને ભોગવવામાં તેના બંધુજન વગેરે કોઈ સહાયક બની શકતા નથી. ન માતા હોય છે, ન પિતા હોય છે, આ એક અટલ સિદ્ધાંત છે. કર્મ સંસારી જીવોની સાથે જ જાય છે. તે જેવું કર્મ કરે છે તેવુંજ તેણે કર્મના ઉદય કાળમાં ભોગવવું પડે છે. આ પ્રમાણે મુનિરાજનો આ ઉપદેશ અશરણ ભાવનાનું સૂચક છે. કહ્યું પણ છે—

" शुभ अशुभ करम फल जे ते, भोगे जीय एक हि ते ते ।
सुत दारा होय न सीरी, सब स्वारथ के हैं वे भीरी ॥२३॥ "

અશરણ ભાવનાનું સ્વરૂપ કહીને હવે એકત્વ ભાવનાનું સ્વરૂપ કહે છે—" चिच्चा "-ઇત્યાદિ !

અન્વયાર્થ—दुपयं-द्विपदं સ્ત્રી આદિકને चउप्पयं च-चतुष्पदम् હાથી, ઘોડા આદિને खेत्तं गेहं धणधन्नं च सव्वं चिच्चा-क्षेत्रं गेहं धनधान्यं सर्वं च त्यक्त्वा ક્ષેત્રને, ઘરને, સુવર્ણ રજત આદિ ધનને, ડાંગર ઘઉં આદિ ધાન્યને આ સઘળાને છોડીને अवसो-अवशः પર આધિન આ જીવ सकम्म विइओ-स्वकर्म द्वितीयः પોતાનાથી કરાયેલા શુભ અશુભ કર્મ અનુસાર सुंदरं-सुंदरम् દેવ સંબંધી તથા पावगं वा-पापकं वा નરકાદિ સંબંધી પરભવને પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ—પોતે ઉપાર્જીત કરેલ અને વધારેલ સઘળી સંસારીક વસ્તુઓનો પરિત્યાગ કરી, શુભાશુભ કર્મ અનુસાર સારી અથવા ખરાબ ગતીને પ્રાપ્ત કરે છે. તેની સાથે જનાર જો કોઈ હોય તો તે તેનાં શુભ અને અશુભ કર્મોજ છે ॥૨૪॥

વધુમાં કહે છે—"तं इक्कं"-ઈત્યાદિ.

અન્વયાર્થ—જે પહેલાં ખૂબ જ પ્રિય હતો, तस्स-तस्य તે મરનારના इक्कं-एककम् એકલા तुच्छसरीरगम्-तुच्छ शरीरकम નિર્જીવ શરીરને चिईगयं-चितिगतम् ચિતામાં રાખીને અને पावगेणं दहिय-पापकेन दग्ध्वा પછી અગ્નિથી બાળીને भज्जा य पुत्तावि य णायओय-भार्या च पुत्रोऽपि च ज्ञातयश्च સ્ત્રી પુત્ર અને સ્વજન अण्णं दायारम् अणुसंकमन्ति-अन्यं दातारम् अनुसंक्रामन्ति પોતાના કામમાં આવી શકે તેવા બીજા માણસોનો આશ્રય લઇ લયે છે.

ભાવાર્થ—આ ગાથા દ્વારા સૂત્રકાર સંસારની દશાનું રોમાંચકારી વર્ણન કરી રહ્યા છે. તેઓ કહે છે કે, આ કેટલી સ્વાર્થ ભરી વાત છે કે, જે આ જીવના શરીરથી પ્રાણપંખેરૂના ઉડતાંજ તેના સગા સંબંધીજનો જેઓ તે વ્યકિતના વિરહને ઘડીભર પણ સહન કરી શકતા ન હતા તથા જેના શરીરની દરેક પ્રકારે સાર સંભાળ રાખતા હતા તેના શરીરને પોતાના હાથથીજ ચિતામાં રાખીને બાળી નાખે છે. આનાથી વધારે આશ્ચર્યની તો એ વાત છે કે, તેના શરીર ઉપર જો કાંઈ આભૂષણ વગેરે હોય તો તેને ઉતારીને રાખી લે છે. અને પછીથી બીજા કોઈ આપ્તજનનો આશ્રય લઇને પછીથી તેને ભૂલી પણ જાય છે. ॥૨૫॥

ફરી પણ—"उवणिज्जइ"-ઈત્યાદિ !

અન્વયાર્થ—रायं-राजन् હે રાજન્! जीविया-जीवितम् આ મનુષ્ય જીવન अप्पमायं-अप्रमादम् કોઈ પ્રકારની આનાકાની વગર પ્રમાદના સમય સમયે મરણરૂપ અવીચિમરણ દ્વારા उवणिज्जइ-उपनीयते મૃત્યુની પાસે લઈ જવામાં આવે છે જીવીત અવસ્થામાં પણ जरा વૃદ્ધાવસ્થા णरस्स वन्नं हरइ-नरस्य वर्णं हरति મનુષ્યના શારીરિક લાવણ્યનો નાશ કરે છે. આ માટે पंचालराया-पंचालराज હે પાંચાલ દેશના રાજા! મારાં वयणं-वचनम् હિતકર વચન सुणाहि-श्रृणुश्व સાંભળો તે આ વચન એ છે કે, આપ ઓછામાં ઓછા महालाइं कम्माइं माकासि-महालयानि कर्माणि माकर्षिः પચેંદ્રિય વધાદિક ગુરૂ કર્મને તો ન કરો. કેમકે, તે નરક નિગોદાદિકમાં પહોંચાડનાર હોય છે.

ભાવાર્થ—મનુષ્ય પર્યાયનો અંત એકદમ નથી થતો. આયુના અવિભાગી અંશોનો સમય સમય ઉપર ક્ષય થતો રહે છે. આનું નામ ભાવ મરણ છે. એક તરફ આ ભાવ મરણ પ્રતિસમય જીવનનો અંત કરવામાં લાગેલ છે તો બીજી તરફ વૃદ્ધાવસ્થા શરીરના લાવણ્યનો નાશ કરવામાં લાગી પડેલ છે. આથી એની રક્ષાનો ઉપાય તો છે જ નહીં. આ માટે એને સાર્થક બનાવવાનો જો કોઈ ઉપાય હોય તો તે એ છે કે, મનુષ્ય જીવનમાં આવીને અશુભ કર્મોનું આચરણ કરવામાં ન આવે. આ વાત મુનિરાજે ચક્રવર્તીને સમજાવેલ છે. ॥૨૬॥

આ પ્રકારનાં મુનિરાજનાં વચન સાંભળીને ચક્રવતી કહે છે—

" अहंपि "-ઈત્યાદિ.

અન્વયાર્થ—साहू-साधो મુનિજન ! जहा इह तुमं मे साधयसि-यथा इह त्वं मे साधयसि જેમ આપ સાંસારિક પદાર્થોની અનિત્યતાના વિષયમાં મને સમજાવી રહ્યા છો એજ રીતે अहंपि जाणामि-अहमपि जानामि હું પણ જાણું છું કે, इमे-इमे આ શબ્દાદિક भोगा-भोगाः ભોગ संगकरा हवंति-सङ्गकरा भवन्ति ધર્મક્રિયામાં અવરોધ કરનાર છે પરંતુ अज्जा-आर्य ! હે આર્ય ! भोगाः જે ભોગ હોય છે તે अम्हासिसेहिं दुच्चया-अस्मादृशैः दुस्त्यजा અમારા જેવાથી છોડાવા અશક્ય હોય છે. આથી હું તેને છોડવામાં અસમર્થ છું.

ભાવાર્થ—ચક્રવર્તીએ આ ગાથા દ્વારા પોતાની વાસ્તવિક પરિસ્થીતિ મુનિરાજની સામે સ્પષ્ટ કરીને રાખી દીધી. ચક્રવર્તી એવું કહી રહેલ છે કે, હું આ ભોગોને ધર્મ ક્રિયાના પ્રતિબંધક જાણુંછું પરંતુ ચારિત્ર મોહનીયના ઉદયમાં એ અમારા જેવા જીવો દ્વારા છોડાવાં સર્વથા અશક્ય જ છે. ॥૨૭॥

ભોગોનો પરિત્યાગ અશકય કેમ છે એનું ચક્રવર્તી કારણ બતાવે છે—

" हत्थिण पुरम्मि "-ઈત્યાદિ !

અન્વયાર્થ—चित्ता-चित्र હે ચિત્રમુનિ ! इत्थिण पुरम्मि महिड्ढियं नरवइं दट्ठूण-हस्तिनापुरे महर्द्धिकं नरपतिं दृष्ट्वा મેં સંભૂત મુનિના ભવમાં સનત્કુમાર ચક્રવવર્તીને મહારિદ્ધિસંપન્ન જોઇને कामभोगेसु गिध्धेणं-कामभोगेषु गृध्धेन કામ ભોગમાં ગૃદ્ધ બનીને એ વખતે असुहं नियाणम्-अशुभं निदानम् અશુભ નિદાન कडं-कृतम् કર્યું એ વખતે આપે મને એ પ્રમાણે કરવું તમારે માટે ઉચિત નથી. આ રીતે સમજાવ્યું પણ હતું પરંતુ अप्पडिकंतस्स तस्स मे-अप्रतिक्रान्तस्य तस्य मे એ નિદાનથી હું મને પોતાને રોકી શકયો ન હતો. આ इमं एयारिसं फलं-इदम् एतादृशम् फलम् આ એનું મને ફળ મળેલ છે. धम्मं जाणमाणे वि-धर्मम् जानन् अपि શ્રુતચારિત્રરૂપ ધર્મને જાણતા છતાં પણ कामभोगसु मुच्छिओ-कामभोगेषु मूर्च्छितः હું કામ ભોગોમાં મૂર્છિત બનેલ છું.

ભાવાર્થ—ચારિત્રમોહનીય કર્મની તીવ્રતા મારામાં કેમ છે એનું પણ કારણ મુનિરાજને ચક્રવર્તીએ સ્પષ્ટ રૂપમાં કહી દીધું. એમાં તેણે બતાવ્યું કે, મહારાજ ! સંભૂતમુનિના ભવમાં સનત્કુમાર ચક્રવર્તીને સ્રીરત્ન સહિત રિદ્ધિ સંપન્ન જોઇને મેં "આજ પ્રકારના ભોગોને ભોગવનાર હું બનું" એવો જે નિદાન બંધ કરેલ હતો. અને આપના સમજાવવા છતાં પણ મેં તેનો પરિત્યાગ કરેલ ન હતો. એજ કારણકે, હું ધર્મને જાણતો હોવા છતાં પણ વિષયોમાં ગૃદ્ધ બની ગયેલ છું. ॥૨૮॥ ॥૨૯॥

ફરી ચક્રવર્તી નિદાનનું ફળ ઉદાહરણથી કહે છે-"नागो जहा"-ઈત્યાદિ।

અન્વયાર્થ—जहा-यथा જેમ पंकजलावसन्नो - पङ्कजलावसन्नः જળથી ભરેલા કિચડમાં ફસાયેલ नागो-गजः હાથી थलं-स्थलम् સ્થળ જોવા છતાં પણ तीरं नाभिसमेइ-तीरं नाभिसमेति કિનારે આવવામાં અસમર્થ હોય છે. एवं-एवम् એજ પ્રમાણે कामभोगेसु गिद्धा-कामभोगेषु गृद्धः શબ્દાદિક વિષયોમાં ગૃદ્ધ બનેલ वयं-वयम् હું ધર્મને જાણવા છતાં પણ भिक्खुणो मग्गं न अणुव्वयामो-भिक्षोः मार्गं न अनुव्रजामः સાધુના માર્ગનું અનુસરણ કરી શકતો નથી.

ભાવાર્થ—હાથી જ્યારે કાદવમાં ફસાઈ જાય છે ત્યારે તે કિનારાને જોવા છતાં પણ ત્યાં પહોંચી શકતો નથી આજ પ્રમાણે હે મુનિ ! હું પણ ધર્મને જાણવા છતાં પણ કામભોગોમાં આસકત હોવાના કારણે સાધુના માર્ગનું અનુસરણ કરી શકતો નથી. ॥૩૦॥

હવે મુનિ કામભોગોની અનિત્યતાનું સ્વરૂપ બતાવે છે-"अच्चेइ"-ઈત્યાદિ.

અન્વયાર્થ—રાજન્! જુઓ આ कालो अच्चेइ-कालः अत्येति આયુનો સમય વીતતો જાય છે. राईओ तरंति-रात्रयः त्वरन्ते રાતો અને દિવસ પણ ઘણા વેગથી જઈ રહેલ છે. દિવસ અને રાત્રીનું વ્યતીત થવુંજ આયુના દળિયાનું ક્ષીણ થવું છે. અન્યત્ર પણ આ પ્રમાણે કહેવામાં આવેલ છે. જેમ—

"क्षण-याम-दिवस मासच्छलेन, गच्छन्ति जीवित दलानि ।
विद्वानपि खलु कथमिह, गच्छसि निद्रावशं रात्रौ ॥ १ ॥"

જ્યારે ક્ષણ યામ, દિવસ અને મહીનાની ગણત્રીથી આયુષ્ય વ્યતીત થતું રહે છે ત્યારે ઘણા અચરજની એ વાત છે કે, વિદ્વાનોને પોતાની આવી પરિસ્થિતિમાં પણ નિદ્રા કેમ આવે છે? લાભમાં તો બધાને આનંદ થાયછે. પરંતુ હ્રાસમાં આનંદ કેવો ? ચિંતા થવી જોઈએ કે, મારા આયુષ્યની એક પણ પળ વ્યર્થ ન વીતી જાય. જો તમારૂં આમાં એમ કહેવાનું હોય કે, ભલે આયુષ્ય વીતી જાય, રાત્રી અને દિવસ પણ એમજ નિકળતા જાય આમાં અમને શું પ્રયોજન છે ? જેનાથી અમારે પ્રયોજન છે એવા કામભોગ તો અમારે આધીન છે. તો હે રાજન્ ! તમારી એવી માન્યતા બીલકુલ ભૂલ ભરેલી છે. કેમ કે, ભોગ પણ નિત્યતો નથી જ. જે પ્રમાણે ફળ વગરના વૃક્ષનો પક્ષીઓ ત્યાગ કરી દે છે એજ પ્રમાણે ક્ષીણ પુણ્યવાળા પુરુષનો આ ભોગ પણ પ્રાપ્ત થઈને પરીત્યાગ કરી દે છે.

ભાવાર્થ—ભોગોની પ્રાપ્તિ થવી તે શુભ કર્મોના આધીન છે. જ્યાં સુધી

પૂણ્ય કર્મની સત્તા રહે છે ત્યાં સુધી સાંસારિક જીવોને ભોગોની પ્રાપ્તિ થયા કરે છે. પાપના ઉદયમાં ભોગોની પ્રાપ્તિ થતી નથી. આથી રાજન્ ! એવો વિચાર સ્વપ્નામાં પણ ન કરો કે, આ ભોગ અમારે આધીન છે. આ માટે એમાં આપના જીવનના દિવસ રાતોને વ્યર્થ નિષ્ફળ ન કરો. સમજી જાઓ અને આ મનુષ્યભવને સફળ કરવાનો પુરુષાર્થ જાગૃત કરો. ॥૩૧॥

જો માની લેવામાં આવે કે, ભોગોનો પરિત્યાગ કરવામાં આપ પોતાને અસમર્થ સમજી રહ્યા છો તેમ છતાં પણ આપનું બીજું પણ શું કર્તવ્ય છે, એનો પણ આપે વિચાર કરવો જોઇએ. અને તે હું કહું છું સાંભળો.—

"जइंसि"–ઈત્યાદિ !

અન્વયાર્થ—रायं-राजन् હે રાજન્ ! जइभोगे चइउं असत्तो सि–यदि भोगान् त्यक्तुं अशक्तः असि જો આપ શબ્દાદિક વિષયોને છોડવામાં પોતાની જાતને અશક્ત માનતા હો તો धम्मे ठिओ-धर्मे स्थितः સમ્યગ્દૃષ્ટી આદિ શિષ્ટ જનો દ્વારા આચરવામાં આવતાં આચારરૂપ ગૃહસ્થધર્મમાં સ્થિત બનીને તથા सव्व पयाणु कंपी–सर्वप्रजानुकम्पी સર્વ પ્રાણીઓ ઉપર સમભાવ રાખીને अज्जाइं कम्माइं करेहि–आर्याणि कर्माणि कुरुष्व શિષ્ટ જનો માટે ઉચિત દયા આદિ સત્કર્મોને કરતા રહો. આથી આપ આ પર્યાયને છોડીને વિક્રિયાશક્તિ વિશિષ્ટ દેવ થઈ શકશો.

ભાવાર્થ—આ સૂત્રદ્વારા સૂત્રકાર ચક્રવર્તીને એ વાત સમજાવે છે કે, આપ ચક્રવર્તી પદ ઉપર રહેવાને કારણે જો શબ્દાદિક વિષય ભોગોને છોડી શકતા નથી તો પણ આટલું તો જરૂરથી કરી શકો તેમ છો કે જે માર્ગ સમ્યગ્દૃષ્ટિ જેવા શિષ્ટ પુરુષો દ્વારા પાળવામાં આવી રહેલ છે. એનું આપ સેવન કરતા રહો. આ માર્ગમાં સર્વ પ્રથમ દયાને પ્રધાનતા આપવામાં આવેલ છે. આસ્તિકય ભાવ આવવાથી જ આ ભાવોની પ્રતિષ્ઠા થાય છે આથી પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિકય. સમ્યગ્દૃષ્ટિ દ્વારા સેવાતા આ માર્ગનું અનુસરણ કરતાં કરતાં આપ સદા આર્ય કર્મોને કરતા રહો. આનાથી આપને

એ લાભ થશે કે, આપ આ મનુષ્યભવનો જ્યારે પરિત્યાગ કરી દેશો ત્યારે આપને દેવ પર્યાય વૈમાનિક દેવોમાં દેવ ભવ પ્રાપ્ત થશે. ॥૩૨॥

આ પ્રમાણે સમજાવવા છતાં પણ ચક્રવર્તીએ જ્યારે મુનિરાજના વચનોનો સ્વીકાર ન કર્યો ત્યારે તેઓ કહે છે— " न तुज्झ "-ઈત્યાદિ!

અન્વયાર્થ—राय-राजन् હે રાજન્! तुज्झ बुद्धी भोगे चइऊण न-तवबुद्धिः भोगान् त्यक्तुं न આપની બુદ્ધિ ભોગોને છોડવાની નથી. આપતો आरंभपरिग्गहेसु गिद्धोसि-आरम्भ परिग्रहेषु गृद्धोऽसि આરંભ-સાવદ્ય વ્યાપારોમાં અને સચિત્ત અચિત્ત તથા સચિતાચિત્ત વસ્તુઓનો સંગ્રહ કરવારૂપ પરિગ્રહમાં જ લોલુપ બની રહ્યા છો. इत्तिओ विप्पलाओ मोहं कओ-एतावान् विप्रलापः मोघं कृतः અત્યાર સુધી આપને જે સમજાવવામાં આવ્યું એ સઘળું વ્યર્થ ગયેલ છે. આથી હે રાજન્! હું હવે અહીંથી જાઉં છું. आमंतिओसि-आमंत्रितोसि હું આ માટે આપને પૂછું છું.

ભાવાર્થ—હે રાજન્! અત્યાર સુધી મેં આપને જેમ બની શકે તે પ્રમાણે સમજાવેલ છે પરંતુ તેનું ફળ કાંઈ પણ આવેલ નથી. સઘળું વ્યર્થ ગયેલ છે. આથી હવે હું અહીંથી જાઉં છું, ॥૩૩॥

આ પ્રમાણે કહીને મુનિ ચાલ્યા ગયા. મુનિના ગયા પછી ચક્રવર્તીનું શું થયું તે કહે છે.—" पंचाल राया "-ઈત્યાદિ.

અન્વયાર્થ—पंचालरायाऽविय बंभदत्तो-पंचालराजा स ब्रह्मदत्तःअपि પંચાલ દેશના અધિપતિ એ બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પણ પોતાના साहुस्स तस्स वयणं अकाउं-साधोः तस्य वचनं अकृत्वा પૂર્વભવના ભાઇ ચિત્ર મુનિની પ્રવ્રજ્યા ગ્રહણ કરવારૂપ તથા ગૃહસ્થધર્મનું આરાધન કરવારૂપ વચનનું પાલન કરવામાં પોતાને અસમર્થ જાહેર કર્યા અને अणुत्तरे कामभोगे भुंजी य-अनुत्तरान् कामभोगान् भुक्त्वा સર્વોત્કૃષ્ટ શબ્દાદિક વિષયભોગોને ભોગવીને અંતમાં મરીને अणुत्तरे नरए पविट्ठो-अनुत्तरे नरके प्रविष्टः સકલ નરકોમાં પ્રધાન એવા સાતમા નરકના અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં ઉત્પન્ન થયા.

ભાવાર્થ—અધિક આરંભ અને પરિગ્રહના રાખવાથી એમાં ફસાયેલ જીવ મરીને નરકમાં જાય છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી પણ એજ દુર્દશાને પામ્યા. એ મરીને સાતમા નરકમાં પહોંચ્યા. નિદાન બંધ એ નરકનો હેતુ છે. માટે તપના ફળનું નિદાન-નિયાણું કરવું જીવમાટે યોગ્ય નથી. એમ આ કથનથી સમજાય છે ॥૩૪॥

હવે પ્રસંગ પ્રાપ્ત ચિત્ર મુનિના વિષયમાં કહે છે—" चित्तोवि "-ઈત્યાદિ.

અન્વયાર્થ—कामेहिं विरत्तकामो-कामेभ्यः विरक्तकामः મનોજ્ઞ શબ્દાદિક વિષયોથીવિરક્ત उद्दत्तचारित्ततवो-उदारचारित्र तपा तथा સર્વોત્કૃષ્ટ સર્વ વિરતિરૂપ ચારિત્ર અને બાર પ્રકારના તપોના વ્રતવાળા એવા તે तवस्सी-तपस्वी તપસ્વી ચિત્ર મુનિરાજ अणुत्तरं संजमं पालइत्ता-अनु रं संयमं पालयित्वा અતિચાર રહીત હોવાથી સર્વોત્કૃષ્ટ સર્વ વિરતિરૂપ સંયમનું પાલન કરીને अणुत्तरं सिद्धिगइं गओ-अनुतरां सिद्धिगतिं गतः સર્વે લોકાકાશની ઉપર વર્તમાન હોવાથી અનુત્તર સિદ્ધિરૂપ ગતીને પામ્યા. त्तिबेमि-इतिब्रवीमि સુધર્મા સ્વામી જમ્બૂ સ્વામીને કહે છે કે, જમ્બૂ! મેં જેવું ભગવાન મહાવીર પાસેથી સાંભળ્યું છે એજ પ્રમાણે મેં તમને કહેલ છે. આમાં મારી બુદ્ધિથી કાંઈ પણ કરેલ નથી. ॥ ૩૫ ॥

આ પ્રકારે આ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની પ્રિયદર્શિની ટીકાનો ચિત્ર-સંભૂત નામના તેરમા અધ્યયનનો ગુજરાતી ભાષાનુવાદ સંપૂર્ણ થયો. ॥ ૧૩ ॥

## ચૌદહવેં અધ્યયનકી અવતરણિકા ઔર નન્દદત્ત-નન્દ પ્રિયાદિ છહ જીવોં કા ચરિત્ર

## ચૌદમા અધ્યયનનો પ્રારંભ

ચિત્રસંભૂત નામના તેરમા અધ્યયનનું વ્યાખ્યાન પુરૂં થયું, હવે આ ઈષુકારિય નામના ચૌદમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનો તેરમા અધ્યયન સાથેનો સંબંધ આ પ્રમાણે છે. તેરમા અધ્યયનમાં નિદાન (નિયાણા) બંધ સંબંધી દોષ મુખ્ય રૂપથી પ્રગટ કરવામાં આવેલ છે. તદુપરાંત વગર નિદાનથી થનારા ગુણ પણ પ્રસંગત પ્રતિપાદિત કરવામાં આવેલ છે. આ અધ્યયનમાં હવે એ કહેવામાં આવશે કે, મુક્તિનું કારણ નિદાનનો અભાવ છે. તથા એ નિદાનના અભાવથી કયા કયા ગુણો ઉત્પન્ન થાય છે. એ સંબંધને લઈને આ અધ્યયનનો પ્રારંભ કરવામાં આવે છે. જેની પ્રસ્તાવના આ પ્રકારની છે.

કોઈ એક સમયની વાત છે કે, મુનિચંદ્ર મુનિરાજની પાસે ગોવલ્લભ

નામના ગોપના નંદ, સુનંદ, નંદદત્ત અને નંદપ્રિય, નામના ચાર બાળકોએ દીક્ષા લીધી. તેમાં નંદ અને સુનંદ નામના બે ભાઈ તો ચિત્ર અને સંભૂતના પૂર્વ ભવના જીવ હતા. જેનું વર્ણન તેરમા અધ્યયનમાં કરવામાં આવેલ છે. બીજા બે નંદદત્ત અને નંદપ્રિય નામના ગોપાળ બાળકોએ તપ અને સંયમની આરાધનાના પ્રભાવથી મરીને દેવલોક પ્રાપ્ત કર્યું. ત્યાંથી એ બન્ને જણા આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય હોવાથી ચ્યવીને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં જીનદત્ત નામના એક શેઠને ત્યાં સહોદર ભાઈના રૂપમાં ઉત્પન્ન થય. ત્યાં એમની મિત્રતા બીજા ચાર વસુધર શેઠના વસુમિત્ર, વસુદત્ત, વસુપ્રિય, અને ધનદત્ત નામના પુત્રોની સાથે થઇ. આ રીતે એ છએ મિત્રો વિવિધ ભોગોને ભોગવતા રહીને પોતાનો સમય આનંદથી વ્યતીત કરવા લાગ્યા. એક દિવસની વાત છે કે, એ છએ મિત્રોએ શ્રુતચારિત્રરૂપ ધર્મનું પાલન કરવાવાળા સ્થવિરોની પાસેથી ધર્મનું વ્યાખ્યાન સાંભળ્યું. આનાથી તેમને સંસાર, શરીર અને ભોગો ઉપર વૈરાગ્ય આવી ગયો. અને એને કારણે આ છએ જણાએ દીક્ષા અંગીકાર કરી. તપ અને સંયમનું ઘણા કાળ સુધી આરાધન કરીને તેઓએ અંત સમયમાં ભક્ત પ્રત્યાખ્યાન કરીને પોતાના શરીરનો પરિત્યાગ કર્યો અને સૌધર્મ સ્વર્ગમાં પદ્મગુલ્મ નામના વિમાનમાં તે સઘળા છએ જણાએ ચાર પલ્યની સ્થિતિવાળા દેવની પર્યાયમાં ઉત્પન્ન થયા. તેમાં ગોવલ્લભ ગોપના નંદદત્ત, નંદપ્રિય, નામના બે પુત્રના જીવોને છોડીને બાકીના વસુમિત્ર, વસુદત્ત, વસુપ્રિય ધનદત્તના એમ ચાર જીવો દેવલોક માંથી ચ્યવીને કુરૂ દેશમાં ઈષુકાર નામના નગરમાં જન્મ્યા. તેમાં એક દેવ વસુમિત્રનો જીવ ભૃગુપુરોહિત થયા. બીજા દેવ વસુદત્તનો જીવ એ પુરોહિતની વશિષ્ટ ગોત્રમાં ઉત્પન્ન થયેલી યશા નામની પત્ની થઇ, ત્રીજા દેવ વસુપ્રિયનો જીવ ઇષુકાર રાજા થયો. ચોથા દેવ ધનદત્તનો જીવ તે રાજાની કમળાવતી નામની રાણી થઈ.

ભૃગુ પુરોહિતને કોઈ સંતાન ન હતું આથી રાત દિવસ તે સંતાનની

ચિંતામાં દુઃખી થયા કરતાં હતા. એક દિવસ એ નંદદત્ત અને નંદપ્રિય નામના ગોપના જીવ બન્ને દેવોએ સ્વર્ગમાં રહેતાં રહેતાં અવધિજ્ઞાનથી જાણ્યું અને એવો વિચાર કર્યો કે, અમારે બન્નેએ એ ભૃગુપુરોહિતને ત્યાં પુત્રરૂપે ઉત્પન્ન થવાનું છે. આથી તે અમો બન્નેને જૈનધર્મની આરાધના કરવાથી વિમૂખ ન કરી શકે એવો પ્રયત્ન કરવો જોઇએ. આ પ્રમાણે વિચાર કરી તે બન્નેએ મુનિનો વેશ ધારણ કરી તુરત જ એ ભૃગુપુરોહિતના ઘેર પહોંચ્યા ભૃગુ પુરોહિતે આ બન્ને મુનિઓને પોતાને ઘેર આવતા જ્યારે જોયા તો તે ઉઠીને સત્વર તેમની સામે ગયા અને વંદના કરી. મુનિઓએ ભૃગુપુરોહિતને અને તેની પત્નીને ધર્મનો ઉપદેશ આપ્યો. ધર્મદેશના સાંભળીને પુરોહિતનું અંતઃકરણ ધર્મ પ્રેમથી ભીંજાઈ ગયું અને તેણે તે જ સમયે તે મુનિઓની પાસે શ્રાવકના વ્રતોનું પાલન કરવાનો નિયમ લઈ લીધો. મુનિઓ જ્યારે વિદાય થવા લાગ્યા ત્યારે પુરોહિતે હાથ જોડીને તેમને પૂછ્યું, હે ભદન્ત ! એ તો બતાવો કે, અમારે ત્યાં સંતાનપ્રાપ્તિ થશે કે નહીં ? મુનિરાજોએ કહ્યું કે, તમે ચિંતા ન કરો. તમારે ત્યાં બે પુત્ર ઉત્પન્ન થશે પરંતુ તેઓ તમારે ત્યાં રહેશે નહિં બાલ્યકાળમાં જ એ બન્ને દીક્ષા અંગીકાર કરશે' આથી આપનું એ વખતે એ કર્તવ્ય બનશે કે, આપ એમના દીક્ષાના કામમાં અંતરાયરૂપ ન બનો. એ એવા સાધુ થશે કે, જેમની ધર્મદેશનાથી હજારો જીવોનું કલ્યાણ થશે આ પ્રમાણે પુરોહિતને સમજાવીને એ બન્ને દેવ જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછા ચાલ્યા ગયા.

થોડા સમય પછી એ બન્ને દેવ પોતાના સ્થાનથી ચ્યવીને એ ભૃગુ–પુરોહિતને ત્યાં પુત્ર રૂપે જન્મ્યા. જ્યારે એ પુરોહિતની સ્ત્રીના ગર્ભમાં આવ્યા ત્યારે પુરોહિત પોતાની પત્ની સાથે ઈષુકાર નગરના એક છેડા ઉપર રહેતા હતા. ત્યાં તેની પત્નીએ આ બન્ને પુત્રોને જન્મ આપ્યો. બબ્બે પુત્રોના જન્મથી પુરોહિત તથા તેની સ્ત્રીને ઘણો જ આનંદ થયો. જન્મ સમયના સઘળા લૌકિક રીત રીવાજો પતાવ્યા પછી પુરોહિતે આ બન્ને બાળકોનાં નામ

દેવભદ્ર અને યશોભદ્ર રાખ્યાં. એ બન્ને બીજના ચન્દ્રની માફક વૃદ્ધિ પામવા લાગ્યા. જ્યારે તેઓ થોડું ઘણું સમજવા લાગ્યા ત્યારે પુરોહિતે તેમને સમજાવતાં કહ્યું કે, બેટા ! જેના મોંઢા ઉપર સદોરકમુખવસ્ત્રિકા બાંધેલી હોયછે, સફેદ ચોલપટો જેઓ પહેરે છે, તથા સફેદ જ વસ્ત્ર જેઓ ઓઢતા હોય છે અને હાથમાં તેઓ સદા રજોહરણ રાખે છે, ઝોળીમાં પાત્ર રાખે છે, જેમનું માથું સદા ઉઘાડું રહેતું હોય છે, ઉઘાડા પગે જેઓ ચાલતા હોય છે, આ પ્રકારના જે સાધુ મુનિઓ હોય છે તેઓ ઉપરથી તો ઘણા જ ભદ્ર દેખાતા હોય છે પરંતુ તેઓનું હૃદય કપટથી ભરેલું હોય છે. તેમના બોલવામાં જે મીઠાશ ભરેલી હોય છે તે ઉપરની ક્રિયા માત્ર સમજો. અંદરથીતો તેઓ હળાહળ વિષથી ભરેલા હોય છે. "જીવોની વિરાધના ન થઇ જાય" એવું લોકોને દેખાડવા માટે જ એ ધીરે ધીરે જોઈ જોઇને જમીન ઉપર ચાલતા હોય છે. પરંતુ એમનું હૃદય મલિન હોય છે. તેઓ રાક્ષસી વૃત્તિ વાળા હોય છે. તેઓ પોતાના પાત્રોની અંદર તીક્ષ્ણ ધારવાળી છરી, કાતર ચાકુ વગેરે શસ્ત્રોને છુપાવીને રાખતા હોય છે. તેઓ બાળકોને પકડીને જંગલમાં લઈ જાય છે અને ત્યાં ચાકુથી તેનું નાક કાપે છે, કાતરથી કાનને કાતરે છે અને છરીથી પેટને ચીરી નાખે છે. આ માટે હું તમને સમજાવું છું કે, તમો ભૂલેચૂકે પણ તેમની સંગત ન કરતા. જ્યારે એ સાધુઓ આવતા તમારી દૃષ્ટિએ દેખાય ત્યારે તેની સામે ન જોતાં દૂર ભાગી જજો. એમની સામે કદી પણ ન જતા. આ પ્રકારનાં પિતાનાં વચન સાંભળીને એ બન્ને બાળક સાધુઓથી પરાંગ્મુખ બની ગયા.

એક દિવસની વાત છે કે, એ બન્ને બાળકો કોઈ ગલીમાં રમતા હતા ત્યારે તેમણે રમતી વખતે પ્રાસુક અન્નપાન આદિને લઇને તેમની સામે આવતા મુનિઓને જોયા. જોતાં જ એ બન્ને ભયભીત બનીને વનની તરફ ભાગી છૂટ્યા. ત્યાં તેઓ વિશાળ એવા એક વડલા ઉપર ચડી ગયા અને પાંદડાથી ભરપૂર એવી એક ડાળ ઉપર જઈને છુપાઈ ગયા. આહાર આદિ સામગ્રી

લઈને મુનિજન પણ એજ માર્ગથી ત્યાં આવી પહોંચ્યા. અને એજ વડના વૃક્ષની શીતળ છાયામાં બેસીને પોતે લાવેલ આહાર આદિ સામગ્રીનો આહાર કરવામાં પ્રવૃત્ત બની ગયા. વડલાની ડાળ ઉપર પાંદડામાં છુપાયેલા એ બંને બાળકોએ એ મુનિઓને જ્યારે ભોજન કરતા જોયા તો મનમાં એવો વિચાર કર્યો કે, પિતાએ આમને માટે આપણને ખોટું સમજાવ્યું છે. આમાના પાત્રોમાં ન તો ચાકુ છે, ન છુરી છે કે, ન તો કાતર છે. આ તો મહાપુરુષ છે, દયામાં પરાયણ છે, સંભાળ પૂર્વક ભૂમિને સાફ કરીને ઘણી જ સાવધાનીથી ભોજન કરી રહ્યા છે. આ પ્રમાણે એ બન્ને બાળકોએ વિચાર કર્યો ત્યારે તેમના મનમાં એવી પણ વાત યાદ આવી ગઈ કે, અમોએ આવા મુનિઓને પહેલાં કયાંક જોયા છે. પરંતુ કયાં જોયા છે એ વાતનો ખ્યાલ તેમને ન આવ્યો. આ પ્રમાણે મનમાં ગડમથલ અનુભવતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી શું બાકી રહ્યું ? એ બન્ને એજ વખતે વૃક્ષથી નીચે ઉતર્યા એને મુનિઓને વંદના કરી પોતાને ઘેર જઈને પિતાને કહેવા લાગ્યા કે, હે તાત ! આપે મુનિઓના વિષયમાં અમને જે કાંઇ સમજાવ્યું હતું તે સઘળું જુઠું છે. એ મુનિઓ તો ઘણા દયાળુ હોય છે, સંસારસમુદ્રમાં ફસાયેલા સંસારીજીવોને એનાથી કિનારે પહોંચાડવા માટે સદા પ્રયત્નશીલ રહે છે, એમનો એજ પ્રયત્ન હોય છે કે, કોઈ પણ રીતે સંસારીજન મોક્ષ પ્રાપ્ત કરે. કેમ કે, એ સ્થાન એવું છે કે, ત્યાં કોઈ પણ પ્રકારની આપત્તિ જીવોને ભોગવવી પડતી નથી. આ પ્રમાણે કહીને એ બન્નેએ આ અધ્યયનમાં કહેવામાં આવેલ વાકયોથી પોતાના માતાપિતાને સમજાવ્યા. અને પોતાના માતાપિતા સહિત તેઓએ દિક્ષા અંગીકાર કરી. કમલાવતી રાણીએ પણ પોતાના પતિ-રાજા કે, જે પુરોહિતનું ધન લઈ લેવાની ઇચ્છા કરી રહ્યા હતા તેને પ્રતિબોધિત કર્યા. અને એ પ્રમાણે રાજા અને રાણીએ પણ દીક્ષા અંગીકાર કરી. આ પ્રમાણે દીક્ષા લઈને એ છએ જણાં સંયમનું પરિપાલન કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી મુક્તિને પામ્યા.

આ વાતને સૂત્રકાર સ્વયં પ્રગટ કરે છે—“ देवा ”-ઇત્યાદિ !

અન્વયાર્થ—એ છએ જીવો પુરેભવંમિ–પુરાભવે પૂર્વભવમાં एग विमाणवासी–एक विमानवासिनः સૌધર્મ દેવલોકની અંદર પદ્મગુલ્મ નામના એક વિમાનમાં देवा भवित्ताण–देवाः भूत्वा દેવની પર્યાયમાં હતા. ત્યાંના ભોગોને ભોગવીને समिध्धे–समृध्धे ફરી ત્યાંથી केई–केवि એ છએ દેવ चुया–च्युताः ચવીને દેવલોક જેવા મનોરમ તથા सुरलोगरम्मे–सुरलोकरम्ये ધનધાન્યથી પરિપૂર્ણ એવા इसुयार नामे पुरे–इषुकारनाम्नि पुरे ઈષુકાર નામના पुराणे–पुराणे પુરાણા તેમજ खाए–ख्याते પ્રસિદ્ધ એવા શહેરમાં ઉત્પન્ન થયા. ॥ ૧ ॥

એ ઈષુકાર નગરમાં તેઓ કયા કયા કુળમાં ઉત્પન્ન થયા અને શું શું કર્યું ? તે કહે છે—" सकम्मसेसेण "–ઈત્યાદિ !

અન્વયાર્થ—તે-તે એ છએ જીવ पुराकएण सकम्मसेसेण–पुराकृतेन स्वकर्म शेषेण ધનવાન શેઠને ત્યાં પુત્રોના ભવમાં રહીને જે સારાં કર્મ ઉપાર્જીત કર્યા. અને ભોગવવામાં બાકી રહેલા કર્મના પ્રભાવથી–અનિર્જરીત કર્મના પ્રભાવથી उदग्गेसु कुलेसु पसूया–उदग्रेषु कुलेषु प्रसूताः ઉચ્ચકુળોમાં ઉત્પન્ન થયા. અને संसारभया निविण्ण–संसारभयात् निर्विण्णाः સંસારના ભયથી ઉદ્વેગ પામીને जहाय–त्यक्त्वा કામ ભોગોનો પરિત્યાગ કરી जिणिंदमग्गं सरणं पवण्णा–जिनेन्द्र मार्ग शरणं प्रपन्नाः તીર્થંકરોએ ઉપદેશ કરેલા એવા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાત્મક મોક્ષમાર્ગના શરણે આવ્યા.

ભાવાર્થ—એ છએ જીવ ઘણા જ પુણ્યશાળી હતા. તેઓ પૂર્વભવના સુકૃત્યકા અવશેષથી ઉચ્ચકુળોમાં ઉત્પન્ન થયા. પરંતુ તેમનું અંતઃકરણ ત્યાંના પદાર્થોનું ફરીથી સેવન કરવામાં આસક્ત બન્યું. સંસારની અસારતા જાણીને એ લોકોએ વેળાસર વીતરાગના ધર્મનો અંગીકાર કર્યો. ॥ ૨ ॥

કયા જીવે કયા રૂપથી વિતરાગના માર્ગને અંગીકાર કર્યો ? તે કહે છે-

" पुमत्त मागम्म "–ઈત્યાદિ !

અન્વયાર્થ—दोवि–द्वौ अपि ગોપ બાળકના એ બન્ને જીવ पुमत्तमागम्म–पुंस्त्वमागम्य પુરુષતત્વને પ્રાપ્ત કરી कुमारो–कुमारौ પુરોહિતને ત્યાં પુત્રરૂપે ઉત્પન્ન થયા. पुरोहिओ–पुरोहितः ત્રીજા વસુમિત્રનો જીવ દેવપણામાંથી પુરોહિતરૂપે ઉત્પન્ન થયો. ચોથા વસુદત્તજીવ દેવ तस्स जसाय–तस्ययशाः पत्नी એ પુરોહિતની

યશા નામની પત્નીનારૂપે ઉત્પન્ન થયો. विसालकित्तीय-विशालकीर्तिश्च પાંચમો વસુપ્રિયનો જીવ દેવ વિશાળ કીર્તિસંપન્ન इसुयारो राय-इषुकारः राजा ઇષુકાર નામના રાજા થયા. અને છઠ્ઠો ધનદત્તનો જીવ દેવ कमलावई देवी-कमलावती દેવી એ રાજાની કમળાવતી નામની પત્નીરૂપે ઉત્પન્ન થયો. ॥ ૩ ॥

એ છએ જણામાંના બે કુમારોને જે રીતે જૈનેન્દ્ર શાસનમાં પ્રીતિ ઉત્પન્ન થઈ એ વાત પ્રગટ કરવામાં આવે છે--" जाईजरा "-ઈત્યાદિ !

અન્વયાર્થ--जाईजरामच्चुभयाभिभूया-जातिजरामृत्युभयाभिभूतौ જન્મ, જરા અને મરણના ભયથી ડરેલા અને એ કારણે बहिंविहाराभिणिविट्ठचित्ता-बहिर्विहाराभिनिविष्टचित्तौ સંસારથી સર્વથા ભિન્ન જે સ્થિર છે એવું જે અપવર્ગજ્ઞાનરૂપ મોક્ષ છે એમાં લાગેલા ચિત્તવાળા એવા એ તે-तौ બન્ને કુમાર दट्ठूण-दृष्ट्वा મુનિઓને જોઈને અથવા " આ કામગુણ અનિત્ય છે. " આ પ્રકારનો વિચાર કરીને संसारचक्कस्स विमोक्खणट्ठा संसारचक्रस्य विमोक्षणार्थम् સંસારરૂપ ચક્રનો પરિત્યાગ કરવા નિમિત્ત એવા કામગુણોના વિષયથી વિરક્ત બની ગયા.

ભાવાર્થ--આ કથાભાગથી એ જાણી શકાયું કે, દેવભદ્ર અને યશોભદ્ર એ બન્ને કુમારો કઈ રીતે બોધિત થયા. જ્યારે એ બન્ને કુમારઅવસ્થામાં જ હતા ત્યારથી જ તેમનું ચિત્ત પોતાની ખોવાયેલી જરૂરી ચિજને શોધવાના કામમાં ઘણું જ ચિંતિત હતું. જ્યારે એમને મુનિઓનાં દર્શન થયાં એટલે સંસાર, શરીર અને ભોગોથી નિર્વિણ બનીને દીક્ષિત થયા. એમણે વિચાર્યું કે, આ સંસાર તો જન્મ, જરા અને મરણનાં દુઃખોથી ભરપૂર છે. જ્યાં એનો લેશમાત્ર પણ ભય નથી એવું જો કોઈ પણ સ્થાન હોય તો તે એક માત્ર મોક્ષ જ છે. આથી તેઓ એ માર્ગના પથિક બન્યા, આ માર્ગને ગ્રહણ કરનાર વ્યક્તિ સંસારના પરિભ્રમણથી મુક્ત બની જાય છે. "कामगुण"માં કામને ગુણની ઉપમા આપવામાં આવેલ છે તે એ માટે સમજવી જોઇએ કે, જે પ્રમાણે ગુણ-રસ્સી બંધનનું કામ કરે છે. એજ રીતે શબ્દાદિક વિષય કામની પુષ્ટિ કરવાવાળા છે. આ ખાતર પણ કામ ગુણ છે. પંચેન્દ્રિયોને સુખપ્રદાન કરાવનાર સારાં વસ્ત્રો, મિષ્ટાન, પુષ્પ, ચંદન, નાટકનું અવલોકન, ગીત, તાલ, વેણું; વીણા સંપન્ન સુંદર કાકલી ગીતાદિકનું શ્રવણ, આ સઘળા વિષય છે. એ કારણે એનાથી કામને પુષ્ટિ મળે છે. એવો વિચાર કરીને એ બંને કુમાર સંસારથી વિરક્ત થઈને મોક્ષમાર્ગના અનુયાયી બન્યા. ॥ ૪ ॥

એ બંને કઇ રીતે વિરક્ત બન્યા? તે કહેવામાં આવે છે--

"पियपुत्तगा"-ઇત્યાદિ।

અન્વયાર્થ—तत्थ-तत्र ઇષુકારપુરમાં सकम्मसीलस्स-स्वकर्मशीलस्य પઠન, પાઠન, યજન, દાન, પ્રતિગ્રહરૂપ ષટ્કર્મમાં નિરત पुरोहितस्स-पुरोहितस्य પુરોહિત શાંતિકર્મને કરાવનાર ભૃગુ નામના माहणस्स-ब्राह्मणस्य બ્રાહ્મણ दो वि पियपुत्तगा-द्वौ अपि प्रियपुत्रकौ એ બન્ને પ્રિય પુત્ર पोराणिय जा -पौराणिकीम् जातिम् પૂર્વભવ સંબંધી પોતાની જાતને તથા सुचिण्णं तवसंजमं च सरित्तु-सुचीर्णः तपःसंजमं च सरित्तु પૂર્વ ભવમાં સારી રીતે આચરેલા તપ-અનશનાદિક બાર પ્રકારનાં તપ અને ષટ્કાયના જીવોની રક્ષારૂપ સત્તર પ્રકારના સંયમની સ્મૃતિ કરીને કામગુણોના વિષયથી વિરક્ત બન્યા. ॥ ૫॥

કામગુણોથી વિરક્ત બનેલા એ બન્નેએ પછી શું કર્યું? તે કહેવામાં આવે છે—"ते कामभोगेसु"-ઇત્યાદિ।

અન્વયાર્થ—माणुस्सएसु-मानुष्यकेषु મનુષ્યના ભવ સંબંધી कामभोगेसु-कामभोगेषु મનોજ્ઞ શબ્દાદિક વિષયોમાં તથા जेया वि दिव्वा-ये चापि दिव्याः જે દેવ સંબંધી કામભોગ છે એમાં પણ असज्जमाणा-असज्जमानौ ન ફસાનાર તેમજ કેવળ मोक्खाभिकंखी-मोक्षाभिकाङ्क्षिणौ મુક્તિનીજ અભિલાષાવાળા આ કારણે अभिजायसड्ढा-अभिजातश्रद्धौ પોતાના આત્માની દૃઢ રૂચિવાળા એ બન્ને કુમાર तायं उवागम्म-तातमुपागम्य પિતાની પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યા. ॥ ૬ ॥

તેમણે શું કહ્યું ? તે કહેવામાં આવે છે—" असासयं "-ઈત્યાદિ !

અન્વયાર્થ—इमं-इमम् પ્રત્યક્ષથી વિષયભૂત विहारं-विहारम् જે મનુષ્ય ભવમાં અવસ્થાન છે તે असासयं-अशाश्वतम् અશાશ્વત-અનિત્ય છે. તથા बहुअंतरायं-बह्वन्तरायम् પ્રચુર આધિ અને વ્યાધિરૂપ વિઘ્નોથી ઘેરાયેલ છે, વળી आउं दीहं न-आयुः न दीर्घम् જીવનનું પ્રમાણ પણ પલ્યોપમ આદિરૂપ નથી. એવું दट्टुं-दृष्ट्वा જોઈને હે તાત ! અમે गिहंसि रइं न लाभामो-गृहे रतिं न लभावहे ગૃહસ્થાશ્રમમાં શાંતિ પ્રાપ્ત કરી શકતા નથી. तम्हा-तस्मात् આ માટે અમો आमंतयामो-आमन्त्रयामः આપની આજ્ઞા મળવાનીજ રાહ જોઈએ છીએ. આપની આજ્ઞા મળતાંજ અમો मोणं चारिसामु-मौनं चारिष्यावः સંયમનો અંગીકાર કરવાના છીએ.

ભાવાર્થ—બંને ભાઈઓએ પિતાની પાસે જઈને નિવેદન કર્યું કે, હે તાત ! મુનિરાજને જોતાં જ અમોને જાતિસ્મરણ જ્ઞાન થયું છે. આથી અમોએ અમારા પૂર્વભવને જાણ્યો છે. સાથોસાથ અમને એ વાતનું પણ ભાન થયું છે કે, આ સંસાર અસાર છે. જે પ્રમાણે અમે વર્તમાનમાં છીએ એ શાશ્વત નથી, તેમજ અમારૂં આયુષ્ય પણ દીર્ઘ નથી. આ થોડા જ પર્યાયમાં અમો અનેક વિઘ્નોથી ગુંગળાઈ રહ્યા છીએ, આથી અમને શાંતિ મળી શકે તેમ નથી. આથી અમારૂં ગૃહાવાસમાં રહેવું આનંદપ્રદ જણાતું નથી. આ કારણે "આપ અમોને સંયમ પાલન કરવાની આજ્ઞા આપો" એવી પ્રાર્થના કરીએ છીએ. ॥૭॥

બન્ને પુત્રોએ આ પ્રમાણે કહેવાથી પુરોહિતે શું કહ્યું એ કહેવામાં આવે છે—" अहतायओ "-ઇત્યાદિ !

અન્વયાર્થ—अह-अथ પુત્રોએ આ પ્રકારની ભાવના પ્રગટ કર્યા પછી तेसिं मुणिण-तयोर्मुन्योः એ ભાવ મુનિઓના तायओ-तातकः પિતા પુરોહિતે तवस्स वाघायकरं-तपसो व्याघातकरं એમના તપ અને સંયમમાં બાધા પહોંચાડનાર इमं वयं वयासि-इदं वचः अवादीत् વચન આ પ્રમાણે કહ્યાં जहा-यथा જેમ હે પુત્રો ! વેદને જાણવાવાળા વિદ્વાનો કહે છે કે, असुआण लोगो न होइ-असुतानां लोकः न भवति જે વ્યક્તિ પુત્રરહિત છે એનો પરલોક સુધરતો નથી.

ભાવાર્થ—પિતા પુરોહિતે પુત્રનાં વચન સાંભળીને તેમને કહ્યુ કે, વેદને જાણવાવાળા વિદ્વાન "अनपत्यस्य लोकाः न सन्ति पुत्रेण जायते लोकः" એવું કહે છે કે, અપુત્ર વ્યક્તિની ગતિ થતી નથી. કેમકે, પુત્રના અભાવથી પિંડ પ્રદાન કરનાર બીજું કોઈ બનતું નથી. આ કારણે હે પુત્રો ! તમો વિવાહ કરીને પહેલાં પુત્રને ઉત્પન્ન કરો અને પછી ધર્મનું આચરણ કરો. કેમકે વેદને જાણવાવાળાઓનું કહેવું છે કે—

" अपुत्रस्य गति र्नास्ति, स्वर्गो नैव च नैव च ।
तस्मात्पुत्र मुखं दृष्ट्वा, पश्चात् धर्मं समाचरेत् ॥ "

અમારા જન્મમાં એ ધન્ય છે કે, જે પુત્રના પુત્રનું મોઢું જોઈ શકે છે. કેમ કે, " पुत्रस्य पुत्रण स्वर्गलोके महीयते " પુત્રના પુત્ર-પૌત્રનું મુખ જોઈને પછી મરનાર વ્યક્તિ સ્વર્ગ લોકમાં પણ પૂજાય છે. ॥ ૮ ॥

આ પ્રકારની વેદોની આજ્ઞા છે આથી શું કરવું જોઈએ તે કહે છે–

" अहिज्ज वेए "–ઈત્યાદિ !

અન્વયાર્થ––હે પુત્રો ! તમે બન્ને वेए अहिज्ज–वेदान् अधीत्य ઋગ્વેદ આદિ વેદોને ભણીને તેમજ विप्पे परिविस्स–विप्रान् परिवेष्य બ્રાહ્મણોને ભોજન કરાવીને અને जाया पुत्ते गिहंसि परिट्ठप्प–ज्ञातान् पुत्रान् गृहे परिष्ठाप्य પોતાના પુત્રોને ઘરમાં સ્થાપિત કરીને કળાઓ શીખવાડીને તેમજ તેમનો વિવાહ કરીને તેમના ઉપર પોતાના ગૃહસ્થાશ્રમનો ભાર નાખીને इत्थियाहिं सह भोए भुच्चाण–स्त्रिभिः सह भोगान् भुक्त्वा સ્ત્રિઓની સાથે મનોજ્ઞ શબ્દાદિક ભોગોને ભોગવીને પછીથી आरण्णगा पसत्था मुणी होइ–आरण्यकौ प्रशस्तौ मुनी भवति આરણ્ય વ્રતધારી થઈ પ્રશંસનીય તપસ્વી થઈ જવું. આ ગાથામાં " अहिज्जवेए " આ પદ દ્વારા વાનપ્રસ્થાશ્રમ અને " मुणी " આ પદ દ્વારા સંન્યસ્તાશ્રમ કહેવામાં આવેલ છે. ॥ ૯ ॥

પિતાના આ પ્રકારના કહેવા પછી શું થયું ? તે કહેવામાં આવે છે––

" सोयग्गिणा "–ઈત્યાદિ !

અન્વયાર્થ–आयगुणिं धणेणँ–आत्मगुणेन्धनेन આત્માના કર્મક્ષયોપમ આદિથી સમુદ્ભૂત જે સમ્યગ્દર્શન આદિ ગુણ છે તેજ એના માટે બાળવા યોગ્ય હોવાથી ઈંધન સ્વરૂપ છે તથા मोहाणिला पज्जलणाहिएणँ–मोहानिलात्प्रज्वलनाधिकेन મોહરૂપી પવનથી જે જ્વાળાને વધુ પ્રજ્વલિત કરે છે એવા सोयग्गिणा–शोकाग्निना શોકરૂપી અગ્નિથી संत्तत्तभावं–संतप्तभावम् સંતપ્ત થયેલ અંતઃકરણ જેનું છે અને परितप्पमाणं–परितप्यमानम् સમસ્ત શરીરમાં શોકના આવેશથી પ્રાદુર્ભૂત દાહથી જે સઘળી બાજુથી દાઝી રહેલ તથા बहुं बहुधा लालप्पमाणं–बहुं बहुधा लालप्यमानम् અનેક પ્રકારથી મોહાધિન બનીને દીનહિન વચન બોલવાવાળા

અને सुए अणुणिंतं-सुतौ अनुनयन्तम् પુત્રોને વિષય સુખ પ્રદર્શક વચનોથી ઘરમાં જ રહો" આ પ્રમાણે કહીને મનાવવાળા तया धणेन निमंतयन्तम्-धनेन निमन्त्रयन्तम् અને ધનનું પ્રલોભન બનાવીને પોતાના વશમાં કરવાની ભાવનાવાળા અને जहक्कमं कामगुणेहिं चेव-यथाक्रमं कामगुणैश्चैव યથાક્રમ કામભોગો દ્વારા પણ હે પુત્રો ! વેદોને ભણો, બ્રાહ્મણોને જમાડો, ભોગોને ભોગવો આ પ્રમાણે રિઝવવાવાળા એવા પોતાના પિતા पुरोहियं-पुरोहितम् પુરોહિતને पसमिक्ख-प्रसमीक्ष्य જોઈને ते कुमारगा-तौ कुमारकौ એ બન્ને કુમારોએ આ પ્રકારનાં वक्कं-वाक्यम् વચનો કહ્યાં—

ભાવાર્થ—પુરોહિત પાસે દીક્ષા અંગિકાર કરવાની આજ્ઞા જ્યારે બન્ને પુત્રોએ માગીતો તેને ખૂબજ દુઃખ થયું. પુરોહિતે તેમને સર્વરીતે સમજાવ્યા અને સમજાવતાં સમજાવતાં જ્યારે તેને હતાશા જેવું લાગ્યું એટલે તેને ખૂબજ દુઃખ થયું. વાસ્તવમાં જે સમયે પ્રાણી શોકને આધીન થઈને આકુળ-વ્યાકુળ થવા માંડે છે ત્યારે તે સારાસારને પણ ભૂલી જાય છે. સમ્યગ્ દર્શનાદિક ગુણોનો પણ નાશ કરી બેસે છે. જે આત્મામાં મોહની અધિક પ્રબળતા રહે છે ત્યાં એ શોક અધિકાધિક ભભૂકતો રહે છે. એનું કારણ એ છે કે, પુરોહિતે શોકથી સંતપ્ત અંતઃકરણ પૂર્વક પોતાના બન્ને પુત્રોને હરેક પ્રકારે સમજાવ્યા. એ બન્નેને ધનનાં ભોગોનાં, સઘળાં પ્રલોભનો પણ બતાવ્યાં પરંતુ તેઓ પિતાની વાતોમાં ફસાયા નહી અને પોતાના વિચારમાં મક્કમ રહ્યા॥૧૦॥૧૧॥

તેમણે પિતાને શું કહ્યું તે નીચેની ગાથાથી સ્પષ્ટ કરવામાં આવે છે.—

" वेया " ઈત્યાદિ !

અન્વયાર્થ—હે તાત ! अहिया वेया ताणं न हवंति-अधिताः वेदाः त्राणं न भवन्ति ભણવામાં આવેલ વેદ આ જીવનું રક્ષણ કરી શકતા નથી. मुत्ता दिया तमं तमेणं णिंति-भुक्ता द्विजाः तमस्तमयां खलु नयन्ति બ્રાહ્મણોને ભોજન

કરાવવાથી પણ આ જીવની રક્ષા થઇ શકતી નથી. વાસ્તવમાં આ ક્રિયામાં અધિક આરંભ અને સમારંભ હોવાથી ભોજન કરાવનાર જીવ મરીને તમ-સ્તમા નામની નરકમાં જાય છે. કેમ કે, દુઃશીલ બ્રાહ્મણાભાસ બ્રાહ્મણોને ભોજન કરાવવું એ અમારી રક્ષાનો ઉપાય નથી. जाया य पुत्ता ताणं न हवंति– जाताः पुत्राः त्राणं न भवन्ति પુત્ર પણ ઉત્પન્ન થાય તો શું એ પુત્ર પણ પાપના ઉદયથી નરકમાં પડવાવાળા એવા અમારા આત્માનું કલ્યાણ કરવામાં સમર્થ થઈ શકશે ? ન જ થઈ શકે. આ કારણે હે તાત ! को नाम एयं अणुमन्निज्ज– को नाम एतन् अनुमन्येत આપના આ પ્રકારના કથનને કોણ એવું બુદ્ધિમાન છે કે, તેનો સત્યાર્થ રૂપમાં અંગિકાર કરે ?

ભાવાર્થ—પિતાએ પુત્રોને જે શિખામણ આચરવા માટે કહી હતીએજ વાતનો તેઓ અહિં પ્રત્યુત્તર આપે છે. પિતાને તેમણે કહ્યું કે, તાત ! કહોતો ખરા કે, વેદોનું ભણવું એ શું અમારી રક્ષા કરી શકે છે ? પોતાને બ્રાહ્મણ ગણાવતા છતાં પણ દુઃશીલસંપન્ન એવા બ્રાહ્મણોને ભોજન કરાવવાથી અમારૂં શું સંરક્ષણ થઈ શકે છે ? પુત્રોને ઉત્પન્ન કરવાથી પણ અમારી શું શુભ ગતિ થઇ શકે છે ? જો તેવું હોત તો પછી દાન આદિનું કરવું એ સઘળું વ્યર્થજ બની જાય. એમ કહે છે કે, પુત્રોત્પત્તિ એ નરકમાં પડવાવાળા પિતા વગેરેને બચાવે છે તો તે કુમાર્ગ ઉપર છે. " સ્વયં વેદના અનુયાયીઓએ પણ એવુંજ કહ્યું છે—

" यदि पुत्रात् भवेत्स्वर्गो, दानधर्मो न विद्यते ।
मुषितस्तत्र लोकोऽयं, दानधर्मो निरर्थकः ॥
बहुपुत्रा डुली गोधा, ताम्रचूडस्तथैव च ।
तेषां च प्रथमं स्वर्गः, पश्चात् लोको गमिष्यति ॥ "

જો એ વાતને ખૂબ જ શાંતિથી વિચારવામાં આવે તો પુરુષોની અપે-ક્ષાએ કાચબો, ઘો, અને કુકડાઓને સ્વર્ગમાં સહુ પ્રથમ સ્થાન મળે કેમ કે, તેમને ત્યાં મનુષ્યોની અપેક્ષાએ ઘણાં જ સંતાન પેદા થાય છે. વળી બ્રાહ્મણોને ભોજન કરાવવાથી જે અહિં તમસ્તમા નરકમાં જવાનું બતાવેલ છે એનું

પ્રયોજન ફક્ત એટલું જ છે કે, પોતાને બ્રાહ્મણમાં ખપાવતા છતાં દુઃશીલ એવા બ્રાહ્મણોથી સન્માર્ગની પ્રરૂપણા ન બનતાં ઉલટી કુમાર્ગની પ્રરૂપણા થાય છે. પશુ વધને પુષ્ટિ મળે છે. ॥૧૨॥

આ ગાથાથી પુત્રોએ પિતાની "વેદોને ભણવાની, બ્રાહ્મણોને જમાડવાની, અને પુત્રોને ઉત્પન્ન કરો" આ ત્રણ વાતો નો પ્રત્યુત્તર આપેલ છે હવે તે "ભોગોને ભોગવો" આ વાતનો ઉત્તર આપે છે. "खणमित्त सुक्खा" ઈત્યાદિ!

અન્વયાર્થ—હે તાત! कामभोगा–कामभोगाः કામભોગ કે, खणमित्तसुक्खा–क्षणमात्रसौख्यः જેનાથી જીવોને ક્ષણ માત્ર સુખ પ્રાપ્ત થાય છે વળી જેને સેવન કરવાના સમયમાં પણ તેનાથી સ્વલ્પ સુખ મળે છે, પરંતુ પરિણામે बहुकालदुक्खा–बहुकालदुःखाः તેનાથી પલ્યોપમ અને સાગરોપમ કાળ સુધી જીવને નરક નિગોદાદિકનાં દુઃખોને ભોગવવા પડે છે, જો કોઇ અહીં એવી આશંકા કરે કે, રાજ્યાર્થીની માફક અથવા ધાન્યાર્થીની માફક પ્રકૃષ્ટ સુખાર્થીને માટે બહુકાળ વ્યાપિ દુઃખ પણ સ્વીકાર્ય હોય છે. જ્યારે કે, ક્ષણ માત્ર સુખ પણ અત્યધિક હોય તો આવી આશંકાના સમાધાન નિમિત્તે કહે છે કે, એ કામભોગ अनिकामसुक्खा–अनिकामसौख्या તુચ્છ સુખ આપનાર છે પરંતુ અત્યંત સુખપ્રદ નથી, प्रगामदुक्खा–प्रकामदुःखा અત્યંત દુઃખ આપનાર છે. નરકની દશ પ્રકારની ક્ષેત્ર વેદનારૂપ અત્યંત દુઃખોને તથા નિગોદના જન્મ, મરણ, છેદન, ભેદનના અનંત દુઃખોને આપનાર છે. संसारमोक्खस्स विपक्खभूया–संसारमोक्षस्य विपक्षभूताः આથી જ એ રીતે કામભોગ સંસારથી મુક્ત થવામાં અંતરાય રૂપ છે. अणत्थाण खाणी–अनर्थानां खनिः તથા આ લોક અને પરલોક માટે અનર્થોની ખાણ સમાન છે. એનું તાત્પર્ય એ છે કે, એ કામભોગ કાળ અને પરિમાણની અપેક્ષાએ અલ્પ સુખજનક અને અનંત દુઃખવર્ધક છે. સંસાર પરિભ્રમણનું પ્રધાન રૂપથી એજ કારણ છે તથા આ લોક સંબંધી અને પરલોક સંબંધી સઘળા અનર્થોની એક માત્ર ખાણરૂપ છે. ॥૧૩॥

ફરી એ જ વાતને કહે છે—"परिव्वयंते" ઈત્યાદિ!

અન્વયાર્થ—अणियत्तकामे–अनिवृत्तकामः જેની વિષય ભોગવવાની તૃષ્ણા નિવૃત્ત થતી નથી એવો पुरिषे–पुरुष પુરૂષ अहो य राओ परितप्पमाणे–अह्नि च रात्रौ परितप्यमानः એની પૂર્તિની ચિંતામાં સંતપ્ત રહ્યા કરે છે અને परिव्वंयते–परिव्रजन् અહીં તહીં વિષય સુખના લાભને માટે ભટકતો રહીને

તે ધણમેસમાણે-ધનમેષયન્ ધનની ચાહના કર્યા કરે છે. તથાअन्नप्पमत्ते-अन्य प्रमत्तः પોતાનાથી ભિન્ન જનોમાં એના ભરણપોષણની ચિંતામાં પડીને સંસારથી પાર થવામાં આત્મકાર્યમાં પ્રમાદી બની જાય છે. આ રીતે પ્રમાદી બનેલ એ મનુષ્ય जरां मच्चुं च पप्पोति-जरां मृत्युं च प्राप्नोति વૃદ્ધાવસ્થાને તેમજ આખરે મૃત્યુને પામે છે.

ભાવાર્થ—કામભોગ અનર્થની ખાણ છે, આ વાતને આ ગાથા દ્વારા પુષ્ટ કરવામાં આવેલ છે. તેમાં સૂત્રકાર એ બતાવે છે કે, જેની વિષયભોગથી વિષયની ઈચ્છા શાંત થતી નથી તેથી તે વ્યક્તિ આત્મકલ્યાણના માર્ગમાં કદી પણ આગળ આવી શકતી નથી. એને તો રાત દિવસ એ ચિંતારૂપ રાક્ષસ સતાવ્યા કરે છે કે, મારી વિષયભોગની તૃષ્ણા કઈ રીતે શાંત થાય! કયાં જાઉં ? શું કરૂં ? કઈ રીતે ધન કમાઉં ? વગેરે વાતોથી તેને અવકાશ જ મળતો નથી તો પછી આત્માની વાત કરવાનો અવસર તેને કયાંથી મળે ? રાતદિવસ એજ ચિંતામાં મગ્ન બની રહેતો એવો તે મનુષ્ય બિચારો પોતાનાથી સર્વથા ભિન્ન રહેનાર વ્યક્તિઓની સેવા શુશ્રૂષામાં ફસાઈ રહે છે આ પ્રમાણે પ્રમાદી બનેલા એ મનુષ્યને ધીરે ધીરે વૃદ્ધાવસ્થા અને મૃત્યુ ઘેરી લે છે ત્યારે તે પશ્ચાત્તાપ કરવા લાગે છે પરંતુ હવે શું થઇ શકે ? મરીને તેણે દુર્ગતિમાં જ ભટકવું પડે છે. ॥ ૧૪ ॥

વિષયી લોકો બીજું શું વિચારતા હોય છે આ ગાથા દ્વારા કહેવામાં આવે છે—" इमं च मे "-ઈત્યાદિ !

અન્વયાર્થ—इमं-इदम् આ ધન ધાન્યાદિક मे-मे મારૂં છે અને इमं-इदम् આ રજત સુવર્ણાદિક मे-मेम મારાં नत्थि-नास्ति નથી, તથા इमं मे किच्च इमं अकीच्च-इदं मे कृत्य इदम् अकृत्यम् એ નવીન ઘર કે જ્યાં છએ ઋતુઓમાં આરામ મળી શકે તેવું બનાવવું છે, તથા મારા ઘરમાં આ જે અલાભદાયક વેપાર ચાલી રહેલ છે એને બંધ કરી દેવો છે, તે કરવા યોગ્ય નથી. एवं-एवम् આવા પ્રકારના મનોરાજ્યાદિક વિકલ્પમાં પડીને लालप्पमाणं-लालप्यमानम् વ્યર્થમાં નકામો બકવાદ કરવાવાળા તે મનુષ્યને हरा-हराः દિવસ અને રાત हरंति-हरन्ति આ ભવમાંથી ઉપાડીને બીજા ભવમાં પહોંચાડી દે છે. આથી कहं पमाओ-कथं प्रमादः ધર્મમાં પ્રમાદ કરવો એ કઇ રીતે ઉચિત માની શકાય ? જરા પણ નહીં.

ભાવાર્થ—જેમ જેમ દિવસ અને રાત વ્યતિત થતી રહે છે તેમ તેમ આ જીવનું આયુષ્ય ઓછું થતું જાય છે, આથી અનેક પ્રકારના સંકલ્પો અને વિકલ્પોમાં પડેલા પ્રાણી આ વાતને જરા પણ વિચારતા નથી કે, મારા માટે આ ભવમાંથી બીજા ભવમાં જવાનો સમય નજીક આવી રહ્યો છે. એ તો ઉલટો રાત દિવસ એ ચિંતામાં ફસાયેલો હોય છે કે, મારે આ કરાવવું છે, આ નથી કરાવવું. આ મારૂં છે, આ મારૂં નથી. આવા વિચારમાં પડેલો આ જીવ.મરી જાય છે, આથી કોઈ પણ જીવે ધર્મ સેવનમાં પ્રમાદ કરવો ઉચિત નથી. ॥ ૧૫ ॥

કુમારોના આ પ્રકારનાં કથનને સાંભળીને ફરીથી પુરોહિતે તેમને ધનાદિકનું પ્રલોભન આપ્યું તે કહે છે—"धणं पभूयं"–ઇત્યાદિ!

અન્વયાર્થ—जस्स कए–यस्य कृते હે પુત્રો! જે વસ્તુની પ્રાપ્તિ માટે लोओ–लोकः લોક तवं तप्पइ–तपं तप्यते તપને આદરે છે. तं सव्वं–तत्सर्वम् એ સઘળું तुब्भं इहेव साहिणम्–युवयोः इहैव स्वाधीनम् તમારા બન્નેની પાસે આ ઘરમાં ભરેલું છે. पभूयं धणं–प्रभूतम् धनम् ઘણું ધન છે તમો કાંઈ પણ ન કમાવો તો પણ તે ખૂટે તેમ નથી આનંદથી બેઠા બેઠા ખાઓ. इत्थिआहिं सह सयणा–स्त्रीभिः सह स्वजनाः સ્ત્રીઓ પણ છે, માતા પિતા પણ છે, पगामा कामगुणा–प्रकामाः कामगुणा મનોજ્ઞ શબ્દાદિકવિષય પણ છે. પછી કહો, બેટા! તમો કઈ વસ્તુને પ્રાપ્ત કરવા માટે તપસ્યામાં ઉદ્યમશીલ બની રહ્યા છો? એ બન્ને ભાઈઓનો વિવાહ જો કે થયેલ ન હતો. છતાં પણ "સ્ત્રીઓ પણ છે" એવું જે કહેવામાં આવ્યું છે તે એમની યોગ્યતાને લઈને કહેવામાં આવ્યું છે. જો તેઓ ચાહે તો અનેક વિવાહ તેમના થઇ શકે તેમ છે.

ભાવાર્થ—સાધારણ જનતાનો જેવો ખ્યાલ હોય છે તેવો જ ખ્યાલ પુરોહિતજીનો પણ છે. એ અનુસાર તેઓ પોતાના પુત્રોને સમજાવી રહ્યા છે. સાધારણ જનતા એવું સમજે છે કે, તપસ્યા સાંસારિક ભોગોપભોગની વસ્તુઓને પ્રાપ્ત કરવા માટે જ કરવામાં આવે છે એવું સમજીને જ પુરોહિતે પોતાની પુત્રોને કહ્યું કે, પુત્રો આપણા ઘરમાં કોઈ પણ વસ્તુની ખામી નથી. ભોગોપભોગની સઘળી વસ્તુઓ સુલભ છે. શું સ્ત્રી, શું ધન, શું સ્વજન સઘળું આ ઘરમાં મોજુદ છે પછી તપસ્યા કરવાની માથાકુટમાં શા માટે ઉતરી રહ્યા છો? ॥ ૧૬ ॥

પિતાનાં વચન સાંભળીને કુમાર કહે છે—"धणेण"–ઈત્યાદિ!

અન્વયાર્થ—હે પિતાજી! धम्म धुराहिगारे–धर्मधुराधिकारे ધર્મનું આચરણ કરવામાં धणेण किं–धनेन किम् અમારે ધનનું શું પ્રયોજન છે. તથા सयणेण वा किम्–स्वजनेन वा किम् સ્વજનનું પણ શું પ્રયોજન છે? તેમજ कामगुणेहिं चेव किं–कामगुणै श्चैव किम् મનોજ્ઞ શબ્દાદિક વિષયોનું પણ શું પ્રયોજન છે? વેદમાં પણ આ વાત સમજાવવામાં આવેલ છે–"न प्रजया धनेन त्यागेनैकेनामृतत्वमानशुः" ઋષિઓએ તો ત્યાગથી જ મોક્ષને પ્રાપ્ત કરેલ છે. સંતાન અથવા તો ધનથી નહીં. આથી અમો પણ भिक्खम् अभिगम्म–भिक्षाम् अभिगम्य ઉદ્ગમ ઉત્પાદ આદિ બંનેથી રહિત પિંડ ગ્રહણરૂપ ભિક્ષાને પ્રાપ્ત કરીને बहिं विहारा–बहिर्विहारौ દ્રવ્ય અને ભાવથી અપ્રતિબદ્ધ–વિહાર કરવાવાળા બનીને गुणोहधारी–गुणौघधारिणौ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચરિત્ર આદિ ગુણ સમૂહોથી સંપન્ન समणा भाविस्सामु–श्रमणो भविष्यावः મુનિ બની જઈશું.

ભાવાર્થ—પિતાએ જે નિમિત્તે તપનો નિષેધ કરેલ છે. એજ નિમિત્તનો નિષેધ તેઓ પણ તપસ્યામાં બીન ઉપયોગી હોવાનું બતાવીને કહે છે કે, હે પિતાજી! ધન, સ્વજન, આદિનો તપસ્યાની સાથે શું સંબંધ છે? આજ સુધીમાં જેટલા પણ ઋષિજન મુક્તિને પામ્યા છે, તે સઘળા એક ત્યાગના પ્રભાવથીજ મોક્ષે પધાર્યા છે. આથી અમારે એ વસ્તુઓ સાથે કાંઈ પણ પ્રયોજન નથી. અમે તો ભિક્ષાવૃત્તિ કરીને જ તેમજ સદ્‌ગુણોને ઉપાર્જીત કરવા ચાહીએ છીએ. આથી સમ્યગ્દર્શનાદિક મુક્તિને આપનાર સદ્‌ગુણોને ઉપાર્જીત કરવાનું ઈચ્છીએ છીએ. સમ્યગ્દર્શનાદિક મુક્તિને આપનાર સદ્‌ગુણોનો ઉત્કૃષ્ટ સંચય મુનિ થયા વગર બની શકતો નથી. આ માટે જ અમો મુનિ બનવા ઈચ્છીએ છીએ. ॥ ૧૭ ॥

પુત્રોની આ પ્રકારની વાત સાંભળીને પુરોહિતે વિચાર કર્યો કે, આત્માનું અસ્તિત્વ જ સઘળા ધર્મની પ્રવૃત્તિનું નિમિત્ત છે. "અતઃ આત્મા છે જ નહીં" એજ એમને સમજાવવું જોઈએ કે, જેથી તેની પ્રવૃત્તિ ધર્મથી વિમુખ થઈ જાય. એવો વિચાર કરીને પુરોહિત હવે આત્માનો નિષેધ કરતાં કહે છે—

"जहा य अग्गी"-ઈત્યાદિ.

અન્વયાર્થ—जाया जातौ હે પુત્રો! जहा-यथा જેમ अग्गी-अग्निः અગ્નિ अरणीउ-अरणौ અરણીના લાકડામાં પહેલાંથી असंतो-असन् નથી હોતી પરંતુ રગડવાથી संमूच्छई-समूर्च्छति તે ત્યાં ઉત્પન્ન થાય છે. जहा-यथा જેમ खीरे-क्षीरे દુધમાં પૂર્વે અવિદ્યમાન घयं संमुच्छई-घृतं संमूर्च्छति ઘી ઉત્પન્ન થાય છે. तिलेसु तिल्लं-तिलेषु तैलम् તલમાં તેલ ઉત્પન્ન થાય છે. एवमेव-एवमेव એજ રીતે सरीरंमि-शरीरे શરીરમાં પૂર્વે અવિદ્યમાન सत्ता-सत्वा જીવ પણ संमूच्छई-संमूर्च्छति ઉત્પન્ન થાય છે. नासइ-नश्यत्ति નાશ પામે છે. नावचिट्ठे-नावतिष्ठन्ते શરીર નાશના અનંતર રહેતું નથી. આથી શરીરનો નાશ થતાં જીવનો પણ નાશ થઈ જાય છે. પછી ધર્માધર્મના વિપાકનો અનુભવ કરવા માટે એનું પરલોકમાં જવું એ તદ્દન કલ્પિત વાત છે. આથી એ વાત સિદ્ધ બને છે કે, જીવનો પુનર્જન્મ થતો નથી.

ભાવાર્થ—ભૂતોના સમુદાયથી ચૈતન્યની ઉત્પત્તિ માનવાવાળાઓનું એવું કહેવું છે કે, કાયા, આકાર, પરિણત ભૂતસમુદાયથી જ પહેલાંથી એનામાં પ્રત્યેકમાં અવિદ્યમાન જીવ ઉત્પન્ન થાય છે. જે પ્રમાણે મદ્યાંગોથી મદશક્તિ ઉત્પન્ન થાય છે. અર્થાત-જેમ મદશક્તિરૂપ એક વસ્તુ મદ્યનાં સાધનો-ઘાતકી, પુષ્પ, ગોળ, ધાન, જવ, આદિના સંયોગથી ઉત્પન્ન થાય છે. ભૂતોના પૃથક્‌ભાર થવાથી શરીરના નાશથી જીવનો પણ વિનાશ થઈ જાય છે. અથવા શરીર રહેવા છતાં પણ જીવનો નાશ થઈ જાય છે. પાણીના પરપોટાની માફક તે રહી શકતો નથી કેમ કે, "जलबुद्‌बुद्‌वज्जीवाः" એવું એનું કથન છે. આથી "प्रत्यक्षतोऽनुपलम्यमानत्वात्"

પ્રત્યથી જાણવામાં આવે એમ નહીં હોવાથી "आत्मा नास्ती" આત્મા નથી. આ માટે સસલાના શિંગડાની માફક આત્માનું જ્યારે કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નથી તો પછી તેની મુક્તિ માટે ધર્માચરણ કરવું એ નિરર્થક જ છે. ॥ ૧૮ ॥

આ પ્રકારનાં પુરોહિત પિતાનાં વચનોને સાંભળીને બન્ને કુમારોએ શું કહ્યુ—એ વાત આ ગાથા દ્વારા પ્રગટ કરવામાં આવે છે.—"नो इंदियगिज्झ"—ઇત્યાદિ.

અન્વયાર્થ—હે તાત! આપે હમણાં જ કહ્યું કે, અપ્રત્યક્ષ પ્રમાણથી આત્માનું ગ્રહણ થતું નથી આથી તે સસલાના શિંગડાની જેમ અસત્ છે. તો આપનું એ કહેવું બરોબર નથી. કારણ કે, પ્રત્યક્ષમાં ન જોઈ શકાય તેનું કારણ એ છે કે, अमुत्तभावा-अमूर्त्तभावात् તે અદૃશ્ય છે. એ કારણે नो इंदियगिज्ज-इन्द्रियग्राह्यः ન કોઈ પણ અવયવરૂપ નથી એટલે કે, તેનું કોઇ પણ રૂપ નથી જેનામાં અમૂર્તનું તાત્પર્ય એ છે કે, રૂપ આદિ વિશિષ્ટત્વનો અભાવ આત્મા અમૂર્ત છે એનું કારણ એ છે કે, એનામાં રૂપ આદિનો કોઈ પણ ગુણ નથી. अमूत्तभावा वि निच्चो-अमूर्तभावत् अवि नित्यः અમૂર્ત હોવા છતાં પણ તે નિત્ય છે. अज्झत्थ हेऊ अस्स बंधो नियओ-अध्यात्महेतुः अस्य बंधः नियतः મિથ્યાત્વ આદિ હેતુ જ એના બંધના કારણ છે. બંધનું થવું એજ સંસારનું કારણ કહેવામાં આવેલ છે.

ભાવાર્થ—બન્ને પુત્રોએ પિતાને આત્માના વિષયમાં શું કહ્યું એ વાત આ ગાથા દ્વારા સ્પષ્ટ બની ગયેલ છે. આમાં એ બતાવવામાં આવેલ છે કે આત્મા જે ઇન્દ્રિયોની સાથે ઘટ પટાદિકની માફક ગ્રહણ કરવાથી ત્યાં આવે છે એનું કારણ તેનો અભાવ નથી. પરંતુ અમૂર્તત્વ જ છે. રૂપાદિક ગુણ જેનામાં જોઈ શકાય છે તેનું ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ થાય છે. આત્મામાં એ પૌદ્ગલિક ગુણ નથી. આ જ કારણે તે અમૂર્તિક છે. અમૂર્તિક પદાર્થોને જાણવાની યોગ્યતા કોઈ પણ ઈન્દ્રિયોમાં હોતી નથી. કેમ કે, ઇન્દ્રિયોની પ્રવૃત્તિ પોતાના વિષયભૂત રૂપાદિક પદાર્થોમાંજ ગુંથાયેલી માનવામાં આવેલ છે. અવિષયભૂત અમૂર્ત પદાર્થોમા નહિ. બીજી એક વાત એ પણ છે કે, ઈન્દ્રિ-

યમાં ગ્રાહ્ય થવા છતાં પણ ઉપલબ્ધ ન હોય તો તેનો અભાવ માનવો એ વાત પણ બરોબર નથી. જેમ ઈન્દ્રિય ગ્રાહ્ય ઘટ આદિ આપણને કોઈ પ્રદેશ વિશેષમાં ઉપલબ્ધ નથી થતા તો કહી દેવાય છે કે, અહિં ઘટ નથી. પરંતુ જ્યાં મૂળમાં જ ઇન્દ્રિયોનો વિષય નથી બની શકતો એનો અનુપલબ્ધ (ન મળવાથી) થવાથીઅભાવનો નિશ્ચય નથી કરી શકાતો. જેમ પિશાચ આદિઇન્દ્રિયોથી અવિષય-ભૂત છે, આથી અનુપલબ્ધ હોવાથી શું કોઈ એના અભાવનો નિશ્ચય કરી શકે છે? એમ કરવું આપના તરફથી ઉપસ્થીત કરવામાં આવેલા સંશયનું કારણ બની જાય છે. જો આના ઉપર એવું કહેવામાં આવે કે, "આત્માને જો સા-ધક અને બાધક પ્રમાણ નથી તો આત્માને સંશય જ્ઞાનનો વિષય જ શા માટે માની લેવામાં આવે? સાધક બાધક પ્રમાણના અભાવમાં જ તો સંશય ઉત્પન્ન થાય છે." તો આ પ્રમાણે કહેવું બરોબર મનાતું નથી. કારણ કે, આત્માનું સાધક પ્રમાણ મોજુદ છે. અને તે છે અનુમાન પ્રમાણ. હું જોઈ શકું છું, હું સુંઘું છું. ઈત્યાદિ જે એકાકાર પ્રતીતિ થાય છે તે જો કદાચ આત્મા ન હોય તો ન થઇ શકે. આથી એ પ્રકારની અનુગત પ્રતીતિથી "આત્મા છે" એ સિદ્ધ બની જાય છે. "હું જોવાવાળો છું, હું સુંઘવાવાળો છું, હું રસાસ્વાદનો લેનાર છું, હું સંભાળનાર છું." આ પ્રમાણે લોકોમાં પ્રત્યેક જીવને સ્વ પોતાપણાનો અનુભવ થાય છે. જો આત્માનો અસદ્‌ભાવ માનવામાં આવે તો કર્તાના સિવાય દર્શન, ઘ્રાણ, આદિ ક્રિયાઓ પણ કઈ રીતે બની શકે? ક્રિયા કર્તાના સદ્‌ભાવમાં જ સંપન્ન હોય છે. કદાચ એમ કહેવામાં આવે કે, એ ક્રિયાનો કર્તા આત્મા નથી પરંતુ ઇન્દ્રિયો છે. તો એમ કહેવું પણ વ્યાજબી નથી. કેમ કે, 'હું જ સુંઘું છું, હું જ સાંભળું છું' અર્થાત્ જેને મેં પહેલાં સુંઘેલ હતું તેને ફરીથી સુંઘું છું, સાંભળું છું. આ પ્રમાણે જે દર્શનાદિક ક્રિયાઓમાં એક કર્તૃકતાની પ્રતીતિ થાય છે તે ઈન્દ્રિયોને કર્તા માનવાથી થઇ શકતી નથી કેમકે, પ્રત્યેક ઇન્દ્રિયોનો વિષય ભિન્ન ભિન્ન છે. ભિન્ન વિષયોમાં ઇન્દ્રિયોની એક કર્તૃકતા આવતી નથી. "જે ચક્ષુ ઇન્દ્રિય જોવાવાળી તે એજ ઇન્દ્રિય સાંભળનાર છે.' આવી એક કર્તૃકતા એ ઇન્દ્રિયોમાં આવી શકતી નથી. આ ઉપરાંત એક જ ઇન્દ્રિયથી બીજી ઇન્દ્રિયોના વિષય

જાણી લેવાવાથી એનું સ્વતંત્ર અસ્તિત્વ માનવું વ્યર્થ બની જાય છે. કેમ કે, એક ઇન્દ્રિયથી જ બીજી ઇન્દ્રિયોના વિષયનું જાણવા રૂપ કામ સંપન્ન થવા માંડશે. તેમજ ઇન્દ્રિયોમાં કર્તૃકતા આ કારણે પણ આવી શકતી નથી કે, કોઈ વિવક્ષિત ઇન્દ્રિય નષ્ટ થઈ જતાં એના વિષયની જે સ્મૃતિ આવે છે તે ન આવવી જોઈએ. પરંતુ ઇન્દ્રિયોના નષ્ટ થવા છતાં પણ એના વિષયની સ્મૃતિ આવતી તો રહે છે આ કારણે આપે માનવું જોઈએ કે, જે વિષયનું સ્મરણ કરનાર છે. તેજ આત્મા છે. અને તે ઈન્દ્રિયોથી સાવ જુદો જ છે. કહ્યું પણ છે—

"अहं श्रृणोमि पश्यामि, जीघ्राम्यास्वादयामि च।
चेतयाम्यध्यवस्यामि, बुध्यामीत्येवमस्ति सः" ॥ १ ॥

તથા—"अमूर्तभावादपि च भवति नित्यः" આનું તાત્પર્ય એ છે કે, જે દ્રવ્ય હોવા છતાં પણ અમૂર્ત હોય છે, તે નિત્ય છે. જેમ કે, આકાશ. આકાશમાં દ્રવ્યત્વ હોવા છતાં અમૂર્તતા હોવાથી નિત્યતા ઉપલબ્ધ છે. આથી આકાશની માફક આ આત્મા પણ નિત્ય છે. કેમકે, એનામાં પણ દ્રવ્યત્વપણું હોવાથી અમૂર્તતા જોઇ શકાય છે. આ કથનથી એ વાત નિરાકૃત થઇ જાય છે કે, આત્માનો એકાન્તતઃ વિનાશ અને અનવસ્થાન ધર્મવાળા માને છે. અહીં કોઈ કદાચ એવી શંકા કરે કે, જો આત્મા નિત્ય પદાર્થ છે તો પછી પ્રવ્રજ્યા ધારણ કરવી વ્યર્થ છે. કેમકે, પ્રવ્રજ્યા ગ્રહણ કરવાથી તેમાં કોઈ પણ અસર પહોંચી શકતી નથી તો એમ કહેવું એ પણ બરોબર નથી. આ વાત "अज्झत्थ हेउ नियओऽस्स बंधो" એ પદ દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ છે. આથી એ વાતને પુષ્ટિ મળે છે કે, આત્માની સાથે અનાદિ કાળથી જ મિથ્યાત્વ આદિ બંધના કારણોનો સંશ્લેષ થઇ રહેલ છે. આ બંધનાં કારણથી જ જગતમાં નાના પ્રકારની વિચિત્રતા દૃષ્ટિગત થઈ રહેલ છે. તાત્પર્ય કહેવાનું એ છે કે, જે રીતે અમૂર્ત આકાશનો મૂર્ત ઘટ પટાદિકોની સાથે સંશ્લેષ છે એજ રીતે અમૂર્ત આત્માનો પણ મૂર્ત કર્મોની સાથે સંશ્લેષ થઈ રહેલ છે કહ્યું પણ છે—

"अरूपं हि यथाऽऽकाशं, रूपिद्रव्यादि भाजनम्।
तथाह्यरूपि जीवोऽपि, रूपिकर्मादिभाजनम् ॥"

આ બંધ ચતુર્ગતિક સંસારોનો હેતુ છે. એવું તીર્થંકર પ્રભુનું વચન છે. અનાદિ કાળથી સહચરિત મિથ્યાત્વ આદિ નિમિત્તક બંધ આત્માની સાથે લાગી રહેલ છે. અને બંધથી સંસાર થાય છે. ॥૧૯॥

જ્યારે બંધથી સંસાર થાય છે તો એ સંસારનો નાશ કરવા માટે ધર્માચરણરૂપ પ્રયત્ન કરવો જોઈએ. આ વિષયમાં તેઓ કહે છે કે—"जहाव"-ઈત્યાદિ।

અન્વયાર્થ—હે તાત! जहा-यथा જે પ્રકારે पुरा-पुरा પહેલાં ओरुज्झ-

माणा-अवरुध्यमानाः ઘરમાંથી બહાર ન નીકળવાનું કહીને તેમજ परिरक्खियंता-परिरक्षमाणाः સાધુઓના વિષયમાં અહિત કારિત્વ બુદ્ધિને ઉત્પન્ન કરીને એમના દર્શનથી પણ રોકવામાં આવેલ वयं-वयम् અમે બંને ભાઇઓએ धम्ममयाण-माणा-धर्ममजानानाः ધર્મને ન જાણવાથી તેમજ मोहा-मोहात् અજ્ઞાનથી पावं-कम्म अकासि-पापकर्म अकार्ष्य મુનિઓનાં દર્શન આદિ ન કરવાનું પાપકર્મ કર્યું. तं-तत् તે પાપકર્મ હવે भुज्जो वि नेव समायरामो-भूयोऽपि नैव समाचरामः અમે ફરીથી કરવાનાં નથી. અર્થાત્ અમોએ આપની વાતોમાં આવી જઈને મુનિઓનાં દર્શન, સેવા આદિથી પોતાની જાતને વંચિત રાખી છે. એવું કામ હવે અમારાથી બની શકવાનું નથી. ॥ ૨૦ ॥

ફરી કહે છે—" अब्भाहयंमि "-ઇત્યાદિ !

અન્વયાર્થ—હે તાત ! अब्भाहयंमि-अभ्याहते ઉઘાડી રીતે જોઈ શકાય તેવા પીડિત તેમજ सव्वओ-सर्वतः સર્વ તરફથી परिवारिए-परिवारितः ઘેરાયેલો અને अमोहाहिं पडंतीहिं-अमोघाभिः पतन्तीभिः અમોઘ સકળ પાપોથી ભરેલા એવા लोगम्मि-लोके આ લોકમાં અમો गिहंसि रई न लभे-गृहे रतिं न लभामहे ઘરમાં રહેવા છતાં પણ આનંદ પ્રાપ્ત કરી શકીએ તેમ નથી. એનું તાત્પર્ય એ છે કે, જે રીતે વાગુરાથી મૃગબંધથી ઘેરાયેલ મૃગ તીક્ષ્ણ અને અમોઘ બાણોથી શિકારીથી હણાયા પછી કોઈ પણ સ્થળે આનંદ પામી શકતો પથી. એ રીતે અમો પણ આ સંસારમાં રહેવા છતાં આપના ઘરમાં આનંદ મેળવી શકવાના નથી. ॥ ૨૧ ॥

પુત્રોનું આવા પ્રકારનું વચન સાંભળીને પિતાએ પૂછયું-"केण"-ઇત્યાદિ.

અન્વયાર્થ—जाया-जातौ હે પુત્રો ! એ તો બતાવો કે, अयं लोओ-अयं लोकः આ લોક શિકારીની માફક केण अब्भाहओ-केन अभ्याहतः કોના તરફથી પીડિત બની રહેલ છે ? केण वा परिवारिओ-केन वा परिवारितः તથા વાગુરા મૃગબંધના સ્થાનાપન્ન કોનાથી પરિવારિત-પરિવેષ્ટિત છે. का वा अमोहावुत्ता-कापि अमोघा उक्ता આમાં અમોઘ શસ્ત્ર જેવું પાત કયું છે ? चिंतावरो हुमि-चिन्तापरो भवामि આ વાતને જાણવા માટે હું ઉત્સુક છું. આથી હું તમારી પાસેથી એ જાણવા ઇચ્છું છું.

ભાવાર્થ—એકવીસમી ગાથામાં જે કાંઈ કહેવામાં આવેલ છે, એના જ વિષયમાં પુત્રોએ પિતાને આ પ્રકારની પૃચ્છા કરેલ છે. પિતા એમને પૂછે છે કે હે પુત્રો ! આ લોક કોનાથી પીડિત છે તથા કોનાથી પરિવેષ્ટિત છે અને અહીં અમોઘ શસ્ત્ર કયું છે ? ॥ ૨૨ ॥

પિતાના એ પ્રકારના પૂછવાનો ઉત્તર આ પ્રમાણે આપે છે—

" मच्चुणा "-ઇત્યાદિ !

અન્વયાર્થ—હે તાત ! આ લોકમાં શિકારીનું સ્થાન મૃત્યુ છે. मच्चुणा लोगो अब्भाहओ-मृत्युना अयं लोकः अभ्याहतः આ મૃત્યુના ભયથી લોકો સદા ભય પામતા રહે છે. આ લોકમાં એવું એક પણ પ્રાણી નથી થયું, તેમ થનાર પણ નથી, કે જેની પાછળ આ મૃત્યુનો ભય ન હોય.

" तीर्थंकरा गणधरा, सुरपतयश्चक्रि-केशवा-रामाः ।
सर्वेऽपि मृत्युवशगा, शेषाणामात्र का गणना ॥ "

અન્વયાર્થ—ચાહે તીર્થંકર હોય, ચાહે ગણધર હોય, ચાહે સુરપતિ ઈન્દ્ર હોય, ચાહે ચક્રવર્તી હોય, કે કેશવ-વાસુદેવ, રામ-બલરામ કોઇ પણ કેમ ન હોય સઘળા આ મૃત્યુના વશંગત બનેલા છે. જ્યાં આવા આવા ભાગ્યશાળીની આવી દશા છે ત્યાં અમારા જેવાની તો ગણત્રી જ કયાં રહી ? जराए परिवारिओ-जरसा परिवारितः મૃગ વાગુરા જેવી વૃદ્ધાવસ્થા છે. આ લોક એ વૃદ્ધાવસ્થાથી પરિવેષ્ટિત થઈ રહેલ છે. તથા अमोहा रयणी वुत्ता-अमोघा रजनी उक्ता અમોઘ શસ્ત્રપાતની માફક દિવસ અને રાત છે. જે રીતે શસ્ત્રોના ઘાથી પ્રાણીઓનો નાશ થાય છે એજ પ્રમાણે દિવસ અને રાતરૂપ શસ્ત્રોના ઘાથી પ્રાણીઓનો નાશ થતો રહે છે. ताय एवं वियाणह-तात अवं विजानीत હે તાત ! આ વાતને આપ જાણો. ॥ ૨૩ ॥

આ પ્રમાણે કહીને ફરીથી પુત્રોએ કહ્યું--"जा जा वच्चइ"-ઇત્યાદિ !

અન્વયાર્થ—जा जा रयणी-या या रजनी જે જે દિવસ અને રાત્રી वच्चइ-व्रजति વ્યતીત થઈ રહી છે. सा न पडिनियत्तए-सा न प्रतिनिवर्तते તે તે દિવસ અને રાત્રી ફરીથી પાછી આવવાની નથી. આથી એ દિવસ અને રાત્રીમાં अहम्मं कुणमाणस्स-अधर्मं कुर्वतः અધર્મ કરવાવાળા જે પ્રાણી છે એમની એ राइओ-रात्रयः દિવસ અને રાત્રીઓ अहलाजंति-अफला यान्ति ધર્મથી રહિત હોવાને કારણે નિષ્ફળ જ વ્યતીત થઈ ચુકી છે. અર્થાત ધર્માચરણ ન કરનાર પ્રાણીઓની દિવસ અને રાત્રી નકામી જ ગયેલ છે. ॥ ૨૪ ॥

એ દિવસ અને રાત્રી કઈ રીતે સફળ થાય છે તે કહે છે-"जा जा वच्चइ"-ઈત્યાદિ !

અર્થ પૂર્વોક્ત રૂપનો જ છે. પરંતુ આમાં રાત્રીઓની સફળતા બતાવવામાં આવેલ છે. એમની જ દિવસ રાત્રી સફળ છે કે, જે ધર્મક્રિયાના આચરણમાં

જ તેને વિતાવે છે. અહીં રાત્રીની સાથે દિવસનું મિલન એ કારણે કરાયેલ છે કે, દિવસ પછી રાત એ ક્રમ હોવાથી એનું ગ્રહણ કરાયેલ છે. ॥ ૨૫ ॥

આ પ્રમાણે પુત્રોના વચનોથી પ્રતિબુદ્ધ થએલા ભૃગુપુરોહિતે પુત્રને શું કહ્યું તે કહેવામાં આવે છે—" एगओ "-ઈત્યાદિ !

અન્વયાર્થ—जाया-जातौ હે પુત્રો ! दुहओ-द्वये પહેલાં હું અને તમો एगओ-एकतः એક સ્થાનમાં सम्मत्तसंजुया संवसित्ताणं-सम्यक्त्वसंयुता समुष्य સમ્યક્ત્વ સહિત રહીને અર્થાત્-ગૃહસ્થાશ્રમનું પાલન કરીને पच्छा-पश्चात् પછી વૃદ્ધાવસ્થામાં દીક્ષા લઈને कुले कुले भिक्खमाणा गमिस्सामि-कुले कुले भिक्षमाणाः गमिष्यामः જ્ઞાત અજ્ઞાત કુળોમાં વિશુદ્ધ ભિક્ષા ગ્રહણ કરતાં કરતાં ગ્રામ નગરાદિકોમાં વિચરશું. અર્થાત્ હે બેટા ! અત્યારે એવું કરો કે, હું અને તમો અવિરત સમ્યગ્દૃષ્ટિ બનીએ પછીથી દીક્ષા લઈ લેશું. ॥ ૨૬ ॥

કુમારોએ પિતાનાં એ વચનોનો ઉત્તર આ પ્રમાણે આપ્યો—"जस्सत्थि"-ઈત્યાદિ!

અન્વયાર્થ—હે તાત! जस्स मच्चुणा सक्खं-यस्य मृत्युना सख्यम् જે મનુષ્યની મૃત્યુની સાથે મિત્રતા છે, जस्स पलायणं अत्थि-यस्य पलायनम् अस्ति અથવા જેનો મૃત્યુ સાથે પનારો છે, જે વખતે મૃત્યુ આવશે ત્યારે ભાગીને બીજે ચાલ્યો જઈશ, એવો વિચાર છે. અથવા न मरिस्सामि इइ जो जाणे-न मरिष्यामि इति यो जानाति હું નહીં મરૂં એવું જે પોતાના મનથી માને છે. सो-सः તે પ્રાણી सुए-श्वः આગામી દિવસોમાં "આ મારૂં છે." એવો વિચાર કરતો રહે છે.

ભાવાર્થ—પિતાના પ્રશ્નનો આ ગાથા દ્વારા ઉત્તર આપવામાં આવેલ છે. પિતાએ જે એવું કહ્યું છે કે, વૃદ્ધાવસ્થામાં આપણે દીક્ષા લઈ લઈશું. એના ઉત્તરમાં એ બન્નેએ બતાવ્યું છે કે, પિતાજી ! આ વાતનો વિશ્વાસ કેવો કે, અમારી અને આપની વૃદ્ધાવસ્થા આવશે જ. સંભવ છે કે, એના પહેલાં જ પર્યાયાન્તરિત થઈ જવું પડે. આ વાત તો એ વ્યક્તિ કરી શકે કે, જેણે મૃત્યુની સાથે મિત્રતા બાંધી લીધી હોય. અથવા તો મૃત્યુને જોઈને બીજા સ્થળે ભાગી જઈ શકતો હોય; 'હું નહિ મરૂં એવો જેનો નિશ્ચય બંધાઈ ગયો હોય છે. પરંતુ એવી સ્થિતિ કોઈ પણ વ્યક્તિની અહીં નથી. જેથી આ વિચાર કરવો યોગ્ય નથી. ॥ ૨૭ ॥

આ માટે—" अज्जेव "-ઈત્યાદિ.

અન્વયાર્થ—હે તાત! આપણા ઉપર अज्जेव धम्मं पडिवज्जियामो-अद्यैव-

धर्मं प्रति पद्यामहे જ્યારે મૃત્યુનો ભય સદા સર્વદા વિદ્યમાન છે. તો આજે જ યતિધર્મનો અંગીકાર કરીશું. जहिं पवण्णा-यं प्रपन्नाः જેને ધારણ કરનાર આપણે न पुणब्भवामो- न पुनर्भवामः ફરીથી જન્મ, જરા અને મરણરૂપ અત્યંત દુઃખોથી સંકળાએલ આ ચતુર્ગતિરૂપ સંસારસાગરમાં અવતરવું પડે નહીં. આ અનાદિ સંસારમાં अणागयं किंचि नेव अत्थि-अनागतं किञ्चित् नैव अस्ति કોઈ પણ વસ્તુ અનાગત-અપ્રાપ્ય-અનુપભુક્ત નથી. સર્વ ઉપભુક્ત છે. આથી ઉચ્છિષ્ટનું ફરીથી સેવન કરવાની લાલસા શ્રેયસ્કર નથી. શ્રેયસ્કર તો નઃ આપણે માટે એ એક જ છે કે, रागं-रागम् સ્વજનાદિકનો સ્નેહ विणइत्तु-विनीय છોડીને सद्धाखमं-श्रद्धाक्षमम् શ્રદ્ધાપૂર્વક ધર્માનુષ્ઠાન કરીએ. તાત્પર્ય એ છે કે, જ્યારે અનાદિકાળથી સંસારમાં આ જીવની પાછળ જ જે લાગી રહેલ છે, અને તેને કોઈ વસ્તુ અનુપભુક્ત નથી તો પછી એને ભોગવવા માટે ગૃહસ્થાવાસનો સ્વીકાર કરવો તે ઉચિત નથી. ઉચિત તો એક એજ છે કે, સ્વજનોના અનુરાગનો ત્યાગ કરી અને ઘણી જ ઉતાવતથી આજે જ મુનિવ્રતને ધારણ કરી લઈએ. ॥ ૨૮ ॥

પુત્રોનો ઉપદેશ સાંભળીને પ્રતિબુદ્ધ થયેલ ભૃગુપુરોહિતે પોતાની સ્ત્રી યશાને ધર્મમાં વિઘ્નભૂત માનીને એને દૃષ્ટાંત દ્વારા સમજાવવા આ પ્રમાણે કહે છે—" पहीणपुत्तस्स "-ઈત્યાદિ.

અન્વયાર્થ—वसिट्ठि-वाशिष्ठि હે વશિષ્ઠ ગોત્રમાં ઉત્પન્ન થયેલ पहीणपुत्तस्स-प्रहीणपुत्रस्य પુત્રો વગરનાં આ ઘરમાં नत्थि वासो-नास्ति वासः રહેવું મારા માટે યોગ્ય નથી. भिक्खायरियाइकालो-भिक्षाचर्यायाः कालः મારો આ ભિક્ષાચર્યાનો કાળ છે અર્થાત્ પુત્રોની સાથે મને પણ મુનિ થવાનો અવસર પ્રાપ્ત થયેલ છે. કેમ કે, साहाहि रुक्खो समाधिं लभते-शाखाभिः वृक्षः समाधिं लभते શાખાઓથી જ વૃક્ષ સુંદર લાગે છે. छिन्नाहिं साहाहिं तमेव खाणुं-छिन्नाभिः शाखाभिः तमेव स्थाणुम् જ્યારે વૃક્ષની ડાળીઓ કપાઈ જાય છે, ત્યારે લોકો તેને ઠુંઠું કહેવા માંડે છે. તાત્પર્ય એ છે કે, વૃક્ષની શોભા જેમ એની ડાળીઓથી છે, એજ પ્રમાણે મારી શોભા આ પુત્રોથી છે. તેઓને સમજાવવાં છતાં પણ જ્યારે તેઓ ઘરમાં રહેવા ઇચ્છતા નથી, પરંતુ મુનિ થવા ચાહે છે તો આવી સ્થિતિમાં મારૂં પણ ઘરમાં રહેવું ઉચિત નથી. મારે માટે એ માર્ગ જ બરોબર છે કે, હું પણ પુત્રોની સાથોસાથ મુનિ દીક્ષા ધારણ કરી લઉં ॥૨૯॥

ફરી દૃષ્ટાંત સમજાવે છે—"पंखाविहूणोव्व"–ઇત્યાદિ !

અન્વયાર્થ—હે બ્રાહ્મણી ! जहा इह–यथा इह જેમ આ લોકમાં पखा विहूणा पक्खी–पक्षविहानः पक्षी પાંખ જેની કપાઈ ગઈ છે તેવા પક્ષીની જે દુર્દશા થાય છે–અર્થાત્ પાંખ વગરનું પક્ષી જેમ આકાશમાર્ગે જવામાં સર્વથા અશક્ત બની જાય છે. અને તે કોઈ પણ હિંસક પ્રાણીથી પરાભવિત થઈ જાય છે તેમ જ रणे भिच्चविहीणुव्व नरिंदो–रणे भृत्यविहीनः नरेन्द्र इव સંગ્રામમાં સૈનિક વગરના રાજાની જેવી દુર્દશા થાય છે. અર્થાત–યુદ્ધ મેદાનમાં સૈનિકો વગરનો રાજા શત્રુઓથી તિરસ્કૃત થાય છે. વળી पोए विवण्णसारो वाणिउव्व–पोते विपन्नसारः वणिगिव જહાજનો નાશ થઈ જતાં વધુ ધનવાળા વણિકની જે દુર્દશા થાય છે એ રીતની પુત્રોના અભાવમાં મારી પણ દુર્દશા થશે. અર્થાત્ હું પુત્રોના વિરહજન્ય દુઃખોને સહન કરવામાં સર્વથા અસમર્થ છું. ॥ ૩૦ ॥

"सुसंभिया"–ઇત્યાદિ.

અન્વયાર્થ—પતિનો આ પ્રકારનાં વચન સાંભળીને બ્રાહ્મણીએ કહ્યું, હે સ્વામિન્ ! ते–તે આપના ઘરમાં इमे–इमे આ પ્રત્યક્ષ દેખાતા कामगुणा–कामगुणाः પંચેન્દ્રિય સુખદ પદાર્થ–સારાં વસ્ત્રો, સરસ મિષ્ટાન, પુષ્પ ચંદન, નાટક ગીત, તાલ, વેણુ વીણાદિક આ સઘળાં सुसंभिया–सुसंभृताः સુખ ખૂબ ખૂબ ભર્યાં પડેલ છે. संपंडिया–संपिण्डिताः એ થોડા હોય તો વાત બરોબર છે. અથવા અલગ અલગ સ્થાનોમાં ભિન્નભિન્ન રૂપમાં રાખેલ છે એ વાત નથી પરંતુ એ સઘળાં એક જ સ્થળે સમુદાયમાં રાખેલ છે. अगरसा–अग्रयरसाः એ નિરસ પણ નથી બન્યા. મધુરાદિ રસસંપન્ન છે. અથવા શૃંગારરસને ઉત્તેજવાવાળા છે કહ્યું પણ છે—

रतिमाल्यालंकारैः, प्रियजनगन्धर्वकामसेवाभिः ।
उपवनगमनविहारैः, शृंगाररसः समुद्भवति ॥

અન્વયાર્થ—पभूया–प्रभूताः અલ્પ નહીં પરંતુ પ્રચુર માત્રામાં છે. ता कामगुणे भुंजामु–तान् काम गुणान् भुञ्जीमहि આ શબ્દાદિક કામગુણોને આપ યથેચ્છ ભોગવો. पच्छा पहाणमग्गं गमिस्साम–पश्चात् प्रधानमार्गं गमिष्यावः જ્યારે વૃદ્ધાવસ્થા આવશે ત્યારે આપણે સહું તીર્થંકર ગણધરાદિ સેવિત પ્રવ્રજ્યારૂપ મોક્ષમાર્ગનો સ્વીકાર કરી લઇશું. આજથી અને અત્યારથી તેની શું આવશ્યકતા છે? આ દિવસો તો ખાવાપિવાના છે.

ભાવાર્થ—પતિને દીક્ષા લેવામાં તત્પર થયેલ જાણીને પત્નીએ કહ્યું કે, હે નાથ ! આવો અનુચિત વિચાર શા માટે કરી રહ્યા છો. હજુ તો ખાવા પીવાના દિવસો છે, આપણે ત્યાં કઈ વસ્તુની ખામી છે કે, જેને માટે મુનિ દીક્ષા લેવી પડે ? આપણે ત્યાં ભોગોપભોગોની મનમાની સામગ્રી પુષ્કળ પ્રમાણમાં ભરી પડી છે, ચાહે તે રીતે એનો ઉપભોગ કરો છતાં પણ તે ખૂટે તેમ નથી,

रतिमाल्यालंकारैः, प्रियजनगन्धर्वकामसेवाभिः ।
उपवनगमनविहारैः, श्रंगाररसः समुद्भवति ॥

અન્વયાર્થ—पभूया-प्रभूताः અલ્પ નહીં પરંતુ પ્રચુર માત્રામાં છે. ता कामगुणे भुंजामु-तान् काम गुणान् भुञ्जीमहि આ શાબ્દાદિક કામગુણોને આપ યથેચ્છ ભોગવો. पच्छा पहाणमग्गं गमिस्साम-पश्चात् प्रधानमार्गं गमिष्यावः જ્યારે વૃદ્ધાવસ્થા આવશે ત્યારે આપણે સહુ તીર્થંકર ગણધરાદિ સેવિત પ્રવ્રજ્યારૂપ મોક્ષમાર્ગનો સ્વીકાર કરી લઈશું. આજથી અને અત્યારથી તેની શું આવશ્યકતા છે? આ દિવસો તો ખાવાપિવાના છે.

ભાવાર્થ—પતિને દીક્ષા લેવામાં તત્પર થયેલ જાણીને પત્નીએ કહ્યું કે, હે નાથ! આવો અનુચિત વિચાર શા માટે કરી રહ્યા છો. હજુ તો ખાવા પીવાના દિવસો છે, આપણે ત્યાં કઈ વસ્તુની ખામી છે કે, જેને માટે મુનિ દીક્ષા લેવી પડે? આપણે ત્યાં ભોગોપભોગોની મનમાની સામગ્રી પુષ્કળ પ્રમાણમાં ભરી પડી છે, ચાહે તે રીતે એનો ઉપભોગ કરો છતાં પણ તે ખૂટે તેમ નથી, શ્રૃંગારરસને તે વધારનાર છે. જ્યારે આપણે સૌ વૃદ્ધાવસ્થાએ પહોંચી જઈશું ત્યારે મુનિ દીક્ષા ધારણ કરીશું. આજે મુનિ થવાનો સમય નથી. ॥ ૩૧ ॥

આ પ્રકારનાં પત્નીનાં વચન સાંભળીને પુરોહિતે કહ્યું—"भुत्ता रसा"—ઈત્યાદિ!

અન્વયાર્થ—भोइ-भवति! હે બ્રાહ્મણી! रसा भुत्ता-रसाः भुक्ताः મધુરાદિક રસ અથવા શ્રૃંગાર રસ અને શબ્દાદિક ભોગ મેં ખૂબ ભોગવી લીધા છે, वओ णे जहाहि वयः नो जहाति એને ભોગવતાં ભોગવતાં મારી યૌવન અવસ્થા પણ ખૂબ વ્યતીત થઇ ચુકી છે. આ માટે જ્યાં સુધી તરૂણાવસ્થા ઢળી ન જાય ત્યાં સુધી મને મારૂં કર્તવ્ય એ આદેશ આપે છે કે, હું મુનિ દીક્ષા અંગીકાર કરૂં, જો તમે એમ કહો કે, "સુખોપભોગોના રહેવા છતાં ભવાન્તરના સુખોની પ્રાપ્તિ માટે પ્રવ્રજ્યા અંગિકાર કરવી ઉચિત નથી." તો એનો

ઉત્તર એ પ્રમાણે છે કે, ण जीवियट्ठा पजहामि भोए-नो जीवितार्थं प्रजहामि भोगान् ભવાન્તરમાં "મને મનોજ્ઞ શબ્દાદિક વિષયોની પ્રાપ્તિ થાવ." આ પ્રકારના અસંયમિત જીવનના નિમિત્તે આ ભોગોનો પરિત્યાગ કરી રહ્યો નથી. लाभं अलाभं च सुहं च दुक्खं संविक्खमाणो-लाभं अलाभ च सुखं च दुखं संवीक्षमाणः વાંચ્છિત વસ્તુની પ્રાપ્તિ અથવા તેની અપ્રાપ્તિરૂપ જે લાભ અને અલાભ છે, તથા જે સુખ અને દુઃખ છે. તેમાં સમતાભાવનું અવલંબન કરીને હું मोणं चरिस्सामि-मौनं चरिष्यामि મુનિ થવા ચાહું છું.

ભાવાર્થ–મેં રસોનો ખૂબ અનુભવ કરી લીધો છે, અનુભવ કરતાં કરતાં આ યુવાવસ્થા મારાથી વિદાય લેવાની તૈયારીમાં છે. આથી હું ચાહું છું કે, આ યુવાવસ્થા પૂરી ન થઇ જાય તે પહેલાં હું મુનિ દીક્ષા ધારણ કરી લઉં. આને હું પરલોકમાં પાંચ ઇન્દ્રિયો સંબંધી સુખાદિકોની પ્રાપ્તિના નિમિત્તે ધારણ કરવા ચાહતો નથી, પરંતુ મુક્તિના નિમિત્તે જ મારો આ સઘળો પ્રયાસ છે. આથી પૂર્વોક્તરૂપ વચનોથી હે બ્રાહ્મણી ! તમે હવે મારા મનને ચલાયમાન કરી શકશો નહીં. ॥ ૩૨ ॥

પતિનું વચન સાંભળીને તેની પત્ની યશા કહે છે–" मा हु तुमं "–ઇત્યાદિ !

અન્વયાર્થ—પતિનાં પૂર્વોક્ત વચન સાંભળીને બ્રાહ્મણીએ કહ્યું કે, હે સ્વામિન્ ! पडिसोयगामी जुण्णा हंसोव तुमं सोयरियाण मा संभरे-प्रतिस्त्रोतोगामी जीर्णः हंस इव त्वं सोदर्याणां मा संस्मरेः જે પ્રમાણે પ્રતિકૂળ પ્રવાહમાં વહેતો જનાર બુઢ્ઢો હંસ અનુકૂળ પ્રવાહની સ્મૃતિ કરીને એ તરફ જાય છે. આજ પ્રમાણે તમે પણ મુનિ બનીને પોતાના ભાઈબંધુઓ યાદ કરીને ફરીથી પ્રતિકૂળ પ્રવાહ જેવી આ મુનિદીક્ષાથી પાછા ફરીને પાછા ભાઇબંધુઓની સાથે આવીને ન મળો. આ ભાવથી જ હું કહું છું કે, પહેલેથી જ દીક્ષા અંગિકાર કરવી આપને માટે અત્યારે ઉચિત નથી. આપ मए समाणं-मयासमम् મારી સાથે રહીને भोगाइं भुंजाहि-भोगान् भुंक्ष्व ભોગોને ભોગવો. જુઓ ભિક્ષાવૃત્તિ કરવી અને રાતદિવસ એક ગામથી બીજે ગામ વિહાર કરવો એમાં કયો આનંદ છે ? એ તો એક પ્રકારનું દુઃખ જ છે. માથાના વાળનું લોચન કરવું એ પણ વિહાર શબ્દમાં જ ગ્રહણ કરવું જોઈએ ॥ ૩૩ ॥

દીક્ષા લીધા પછી સંસારમાં પોતે પાછો ફરશે એવા પત્નીના સંદેહને

દૂર કરવા માટે પુરોહિતે કહ્યું—"जहा य भोई"–ઈત્યાદિ !

અન્વયાર્થ—भोई–भवति! હે બ્રાહ્મણી ! जहा–यथा જેમ भुयंगो–भुजङ्गः સર્પ પોતાના तणुयं–तनुजाम् શરીર ઉપરની निम्मोइणीं–निर्मोचनीम् કાંચળીને हेच्च–हित्वा છોડીને मुत्तो–मुक्तः સ્વતંત્ર બની पलेइ–पर्येति ફરતો ફરે છે પરંતુ તે કાંચળીને ફરીથી જોતો પણ નથી. एवं–एवम् એજ રીતે एयं जाया–एतौ जातौ આ બન્ને પુત્રો ભોગોને છોડી રહ્યા છે ત્યારે હું પણ એ બંનેનુ અનુકરણ શા માટે ન કરૂં ? અવશ્ય કરીશ અને સંસારમાં ફરી પાછો આવવાનો નથી.

ભાવાર્થ—જેમ કાંચળીને છોડવાથી સર્પ આનંદ માને છે અને સ્વતંત્ર થઇ હરેફરે છે. એજ પ્રકારે મારા બન્ને પુત્રો ભોગોનો પરિત્યાગ કરવામાં આનંદ માની રહ્યા છે. આથી એમનાથી છુટો પડીને હું એકલો આ ઘરમાં રહીને શું કરૂં ? આ માટે હું પણ તેમની સાથે દીક્ષા લઈશ વિશ્વાસ રાખો કે, હું ફરીથી ઘેર પાછો નહીં ફરૂં ॥ ૩૪ ॥

ફરીથી આ વાતને કહે છે—"छिंदित्तु"–ઈત્યાદિ !

અન્વયાર્થ—હે બ્રાહ્મણી ! जहा–यथा જેમ रोहिया–रोहिताः રોહિત જાતનું માછલું अबलं जालं वा छिंदित्तु–अबलं जालं वा छित्वा જીર્ણ અથવા અજીર્ણ જાળને પોતાની તીક્ષ્ણ પુછડી, દાઢ, વગેરેથી કાપીને નિર્ભય થઈનેસુખપૂર્વક વિચરે છે. એજ રીતે धोरेयसीला–धौरेयशीलाः ભારને વહન કરવાવાળાની માફક અર્થાત્ રાખવામાં આવેલા ભારને વહન કરવાની શકિતવાળા અને तवसा उदारा–तपसा उदाराः અનશન આદિ તપોનું આચરણ કરવામાં સર્વ પ્રધાન તથા धीरा–धीराः પરિષહ અને ઉપસર્ગને સહન કરવામાં ધીરવીર વ્યકિત પણ कामगुणे पहाय–कामगुणान् प्रहाय રમણીય શબ્દાદિક વિષયરૂપ કામગુણોનો પરિત્યાગ કરીને નિશ્ચયથી ભિક્ષાવૃત્તિ કરે છે. અર્થાત્ મોક્ષમાર્ગમાં વિચરે છે. તે ફરી પાછા ઘેર ફરતા નથી.

ભાવાર્થ—જેમ રોહિત જાતની માછલી તીક્ષ્ણ પુચ્છ આદિથી જાળને કાપી નાખીને નિર્ભય સ્થાનનો આશ્રય કરી ત્યાં સુખપૂર્વક વિચરે છે અને પછીથી જાળમાં ફરીથી ફસાતી નથી. એજ રીતે જે મોક્ષાભિલાષી મહાપુરુષ વ્રતોના ભારને ઉઠાવવામાં શક્તિશાળી રહ્યા કરે છે. અનશન આદિ તપસ્યાઓની આરાધના કરવામાં જરા પણ ગભરાતા નથી. તેઓ દુસ્ત્યજ્ય કામભોગોના બંધનોને પણ અનિત્ય અશરણ આદિ બાર પ્રકારની ભાવનાઓના બળથી કાપીને સુખપૂર્વક ભિક્ષાચર્યા કરતાં કરતાં ગ્રામ નગર આદિમાં વિચરણ કરે છે. અર્થાત્ મોક્ષમાર્ગમાં વિચરે છે. પરંતુ ત્યાંથી પાછા ફરીને તેઓ કામભોગોમાં ફસાતા નથી. આ માટે હું પણ હે બ્રાહ્મણી ! દીક્ષિત થઈને ફરીથી કામભોગોને આધિન બનવાનો નથી. સ્વતંત્રતા પૂર્વક મુનિ વેશમાં વિચરણ કરતો રહીને મારા સંયમની રક્ષા કરીશ. ॥ ૩૫ ॥

આ પ્રકારનાં ભૃગુનાં વચન સાંભળીને બ્રાહ્મણીએ શું કહ્યું તે આ ગાથા દ્વારા કહેવામાં આવે છે—"नहेव कुंचा" ઇત્યાદિ.

અન્વયાર્થ—इव-इव જેમ कुंचा-क्रौञ्चाः ક્રૌંચપક્ષી અને हंसा-हंसाः હંસ પક્ષી तयाणि जालाणि-ततानि जालानि વિસ્તૃત જાળોનું दलित्तु-दलयित्वा છેદન કરીને ભિન્ન ભિન્ન દેશોનું ઉલ્લંઘન કરીને नहेव समइक्कमंता-नभसि समतिक्रामन्ति આકાશમાં સ્વતંત્ર ઉડે છે. એ પ્રમાણે મારા પતિ અને બન્ને પુત્રો જાલોપમ વિષયોના અભિષ્વંગનું છેદન કરીને એ એ સંયમસ્થાનોનું સારી રીતે પાલન કરતાં કરતાં નભ:કલ્પ નિરૂપલિપ્ત સંયમમાર્ગમાં पलिंति-परियन्ति જ્યારે વિચરણ કરવાનું ચાહે છે ત્યારે एक्का-एका અસહાય બનેલી हं-अहम् એવી હું પણ તે कहं नानु गमिस्सम्-तान् कथ नानु गमिष्यामि એમનાજ માર્ગનું અનુસરણ શા માટે ન કરૂં ? હું પણ એ માર્ગનું જરૂરથી અવશ્ય અનુસરણ કરીશ.

ભાવાર્થ—જે રીતે ક્રૌંચ અને હંસ પક્ષી વિસ્તૃત જાળોનું છેદન કરીને અનેકવિધ દીશાઓમાં સ્વેચ્છાનુસાર વિચરીને આકાશમાં ઉડે છે. એજ પ્રકારે મારા પતિ અને પુત્રોએ જ્યારે વિષય અભિલાષાઓનો પરિત્યાગ કરી સંયમ માર્ગમાં વિચરણ કરવાનો નીર્ણય કર્યો. છે તો પછી હું પણ એમનાથી પાછળ શા માટે રહું ? હું પણ સંયમમાર્ગોને ધારણ કરૂં એમાં જ મારા આ જીવનની સાર્થકતા છે. ॥ ૩૬ ॥

આ ચારેય જણાને પ્રવ્રજ્યા લેવાનો દૃઢ નિશ્ચય થઈ જવાથી જે બન્યું તે હવે બાર ગાથાઓથી કહે છે—" पुरोहियं "—ઇત્યાદિ !

અન્વયાર્થ—अभिनिक्खम्म-अभिनिष्क्रम्य ઘેરથી નીકળીને તથા भोगे पहाय-भोगान् प्रहाय શાબ્દાદિક ભોગોનો પરિત્યાગ કરીને, અને विउलुत्तमं कुटुम्बसारं-विपुलोत्तमं कुटुम्बसारं ઘણા અને શ્રેષ્ઠ એવા કુટુંબના આધારભૂત ધનધાન્યાદિકનો પણ પરિત્યાગ કરીને ससुयं सदारं-ससुतं सदारम् પુત્રો અને સ્ત્રી સાથેદીક્ષિત થયેલા तं पुरोहियं सुच्चा-एतं पुरोहितं श्रुत्वा પુરોહિતની જાણ અને અસ્વામિક એના ધનધાન્યની જાણ રાજાને થતાં એ પ્રચુર ધનધાન્યાદિકના સ્વામી બનવાની તેને અભિલાષા જાગતાં એ रायं-राजानम् રાજાને રાણી देवी-देवी કમલાવતીએ અનેક પ્રકારે अभिक्खणं-अभिक्ष्णं વારંવાર समुवाय-समुवाच સારી રીતે સમજાવ્યા. ॥૩૭॥

રાણી કમલાવતીએ રાજાને જે કહ્યું તે સૂત્રકાર કહે છે–" वंतासी "–ઇત્યાદિ !

અન્વયાર્થ—रायं–राजन् હે રાજન્ ! જે पुरिसो–पुरुषाः પુરુષ वंतासी–वान्ताशी બીન વારસી માલને ખાનાર થાય છે सो–सः તે पसंसियो न होइ–प्रशंसितः न भवति પ્રસંશાને યોગ્ય બનતા નથી, જ્યારે આ વાત આપ જાણો છો તો પછી माहणेण परिच्चत्तं –ब्राह्मणेन परित्यक्तम् બ્રાહ્મણે ત્યાગ કરેલ એવા धणं–धनम् ધનને आदाउ इच्छसि–आदातुम् इच्छसि લેવાની અભિલાષા શા માટે કરો છો ? ॥ ૩૮ ॥

ફરી પણ—" सव्वं जगं "–ઇત્યાદિ !

અન્વયાર્થ—હે રાજન્ ! सव्वं जगं–सर्वं जगत् સઘળું જગત પણ जइ तुहं भवे–यदि तव भवेत् જો આપને આધિન થઇ જાય वा–वा અથવા सव्वं धणं वि भवे–सर्वं धनमपि भवेत् ત્રણે લોકનું જે કાંઈ સુવર્ણ આદિ ધન છે તે પણ આપના ખજાનામાં ભરી દેવામાં આવે એના ઉપર આપનું એક છત્ર પ્રભુત્વ સ્થાપિત બની જાય તો પણ सव्वंपि ते अपज्जत्तं–सर्वमपि ते अपर्याप्तम् એ સમસ્ત લોક, અને સઘળું ધન આપને માટે પર્યાપ્ત બની શકનાર નથી કારણ કે, તૃષ્ણા અપાર છે. આ કારણે આપની એ તૃષ્ણા શાંત થઇ શકે તેમ નથી. અથવા થોડા સમય માટે એમ માની લેવામાં આવે કે તૃષ્ણાની શાંતિ થઈ પણ જાય તો પણ तं तव ताणाय नैव–तत् तव त्राणाय नैव તે સઘળા વૈભવ આદિ સઘળું જન્મ, જરા અને મરણાદિકથી આપની રક્ષા કરી શકે તેમ નથી. આ માટે એ બ્રાહ્મણનું ધન કે, જે વમનના જેવું છે તે લેવું આપના માટે ઉચિત નથી.

ભાવાર્થ—કમલાવતી દેવી પોતાના પતિ–રાજાને સમજાવી રહેલ છે કે, નાથ ! તૃષ્ણાની સમાપ્તિ કદી કોઈની થઈ નથી, તેમ કોઇની થવાની પણ નથી, તૃષ્ણા એ વારંવાર જન્મ મરણના ફેરા કરાવનાર છે. જ્યારે આમ જ બીના છે તો પછી પરધનને લેવાની આપણી તૃષ્ણા કેમ વધી રહી છે ? ત્રણ લોકનું સામ્રાજ્ય અને એમાં રહેલા સઘળા વિપુલ વૈભવ પણ વધતી જતી તૃષ્ણાને મટાડનારા નથી બની શકતા. પ્રત્યુત લાભ મળવા છતાં પણ આ તૃષ્ણા અધિકાધિક પ્રમાણમાં વધતી જ જાય છે. જો માની લેવામાં આવે કે, ઈચ્છિત પદાર્થ મળી જતાં તૃષ્ણાનું શમન થઈ જાય છે. તો એથી શું એ બહિરંગ અભિલષિત પદાર્થોની પ્રાપ્તિ મનુષ્યનું જન્મ, જરા અને મરણથી રક્ષણ કરી શકે છે ? જરા પણ નહીં. ગાથામાં રહેલ 'वंतासी' પદથી એ પ્રગટ કરવામાં આવેલ છે કે, પુરોહિતે ત્યાગ કરેલા એવા બીન વારસ ધનને ગ્રહણ કરવું આપને માટે એ નિંદાસ્પદ છે. " सव्वं जगं " આથી એ વાત સૂચિત કરવામાં આવે છે કે, ધન આ સમસ્ત જગતનું રક્ષણ કરી શકતું નથી. ॥ ૩૯ ॥

ફરી પણ—" मरिहिसि "-ઇત્યાદિ !

અન્વયાર્થ—હે રાજન્! जया तया वा मणोरमे कामगुणे पहाय मरिहिसि-यदा तदा वा मनोरमान् कामगुणान् प्रहाय मरिष्यसि જ્યારે ત્યારે કોઇ પણ સમયે મનોરમ શબ્દાદિકરૂપ કામગુણોનો પરિત્યાગ કરીને આપે અવશ્ય મરવું પડશે. કેમકે, "जातस्य हि ध्रुवो मृत्युः" જે જન્મે છે તે અવશ્ય મરે છે.

" को वि ताव तए दिट्ठो, सुओ संभाविओ विवा।
खिईए जइवा सग्गे, जो जाओ न मरिस्सइ ॥ "

સ્વર્ગમાં અથવા આ ભૂમંડળમાં કોઈ પણ એવું પ્રાણી જોવામાં ન આવ્યું તેમ ન તો સાંભળવામાં આવ્યું છે કે, જે ઉત્પન્ન તો થયું હોય પરંતુ મર્યું ન હોય. એટલો વિશ્વાસ રાખો કે, આ મનોજ્ઞ કામગુણ આપની સાથે આવનાર નથી. આથી नरदेव-नरदेव હે રાજન્! इह इह एक्को हु धम्मो ताणं विज्जई-इह इह एकः हु धर्मः त्राणं विद्यते આ સંસારમાં મૃત્યુના આવવાથી આ જીવની રક્ષા કરનાર એક સમારાધિત ધર્મ-સમ્યગ્દર્શન આદિ જ છે. अन्नं किंचि ताणं न विज्जइ-अन्यम् किंचित् त्राणं न विद्यते આનાથી અતિરિક્ત બીજું કોઈ રક્ષા કરનાર નથી. કહ્યું પણ છે—

" अत्थेण नंदराया न ताइओ, गोधणेण कुइयन्नो।
धन्नेण तिलयसिट्ठी पुत्तेहिं, न ताइओ सगरो ॥ "

મૃત્યુ સામે આવતાં નંદરાજાનો, ગોધનથી કુચિકર્ણનો, ધાન્યથી તિલક-શેઠનો, અને પુત્રોથી સગરનો બચાવ થઈ શકયો નથી. તો પછી બહારની વસ્તુઓથી મારૂં અને તમારૂં રક્ષણ કઈ રીતે થઈ શકવાનું છે? જો રક્ષણ કરનાર કોઈ પણ છે તો તે એક માત્ર સમાચરિત ધર્મ જ છે. કેમકે, તે જ મુક્તિનો હેતુ છે. આ માટે ધર્મનું સેવન કરવું ઉચિત છે ॥૪૦॥

ધર્મના સિવાય કોઇ રક્ષણ અને શરણ નથી બનતું આ વાતને લઈને રાણી કહે છે—" नाहं रमे "-ઇત્યાદિ !

અન્વયાર્થ—હે રાજન્! જ્યારે ધર્મના સિવાય આ જીવનનું રક્ષણ કરનાર કોઇ નથી. वा-इव જેમ पंजरे-पञ्जरे પાંજરામાં પુરવામાં આવેલ पक्खिणि-पक्षिणी પક્ષી ત્યાં ન रमे-न रमते સુખનો અનુભવ કરી શકતું નથી. એજ પ્રમાણે अहं-अहम् હું પણ વૃદ્ધાવસ્થા અને મરણ આદિના ઉપદ્રવથી યુકત આ ભવરૂપી પાંજરામાં ન रमे-न रमे સુખનો અનુભવ નથી કરી શકતી. આ માટે હું संताणछिन्ना- संतानछिन्ना પરિવારના સ્નેહબંધનથી રહિત તથા अकिंचणा-अकिञ्चना દ્રવ્ય અને ભાવ પરિગ્રહથી પરિવર્જીત થઈને निरामिसा-

निरामिषा શબ્દાદિક વિષયભોગોનો સર્વથા પરિત્યાગ કરૂં છું, તેમજ उज्जु-कडा–ऋजुकृताः માયા આદિ શલ્યોથી વિહીન તપ અને સંયમની આરાધનામાં તત્પર થવા ચાહું છું. આ રીતે परिग्गहारंभनियत्तदोसा – परिग्रहारंभनिवृत्तदोषाः પરિગ્રહ અને આરંભથી જન્મતા દોષોથી નિવૃત્ત બનીને હું मोणं–मौनं મુનિ-ભાવનું चारिस्सामि–चरिष्यामि આચરણ કરીશ. ॥ ૪૧ ॥

ફરીથી રાણી કહે છે—" दव्वग्गिणा "–ઇત્યાદિ !

અન્વયાર્થ—जहा–यथा જેમ रण्णे–अरण्ये વનમાં दव्वग्गिणा–दवाग्निना દાવાનળ દ્વારા બળી રહેલા जंतुसु डज्जमाणेसु–जन्तुषु दह्यमानेषु જન્તુઓને જોઇને रागदोसवसंगया अन्ने सत्ता पमोयन्ति – रागद्वेषवशंगताः अन्ये सत्वाः प्रमोदन्ते રાગદ્વેષથી વશીભૂત બનેલા અન્ય મૃગાદિક જે પ્રાણી બળતાં નથી તે આનંદનો અનુભવ કરે છે एवमेव–एवमेव આ પ્રમાણે मूढा–मूढाः મોહના વશમાં ફસાયેલ અમો પણ કે જે कामभोगेसु मुच्छिया–कामभोगेषु मूर्च्छिताः શબ્દ અને રૂપ સ્વરૂપ કામમાં તથા સ્પર્શ રસ ગંધરૂપ ભોગમાં અથવા મનોજ્ઞ શબ્દાદિક કામભોગોમાં ગૃદ્ધ બનેલા છીએ रागदोसग्गिणा उज्जमाण जगं न बुज्झामो–रागद्वेषाग्निना दह्यमानं जगत् न बुध्यामहे તે રાગદ્વેષરૂપી અગ્નિમાં બળી રહેલા જગતને જોઈને આનંદ અનુભવી રહ્યા છીએ, પરંતુ એ નથી જાણતા કે, અમો પણ આ જગતની અંદર વર્તમાન છીએ અને અમો પણ આજ રીતે ભસ્મિભૂત બની જવાના છીએ. ૪૨–૪૩

વિવેકીજન શું કરે છે તે બતાવવામાં આવે છે—" भोगे "–ઇત્યાદિ !

અન્વયાર્થ—એ વિવકીને ધન્ય છે કે જે, भोगे–भोगान् મનોજ્ઞ શબ્દાદિક વિષયોને भुच्चा–भुक्त्वा ભોગવીને પછી વિપાક કાળમાં દારૂણ જાણીને એનો वमित्ता–वान्त्वा પરિત્યાગ કરી દે છે. અને એ પ્રમાણે કરીને लहुभूयविहारिणो–लघुभूतविहारिणः વાયુના જેવા અપ્રતિબદ્ધ વિહારી બની જાય છે. અથવા સંયમિત જીવનથી જે વિહાર કરતા રહે છે તે आमोयमाणा–आमोदमानाः આનંદનો અનુભવ કરતા રહીને कामकमा दिया इव गच्छंति–कामक्रमाः द्विजाः इव गच्छन्ति યથેચ્છ ભ્રમણ કરવાવાળા પક્ષીઓની માફક વિચરતા રહે છે.

ભાવાર્થ—જે પ્રમાણે પક્ષી ઓને કોઈ પણ સ્થાનમાં મમત્વ થતું નથી અને પ્રમુદિત મન બનીને સ્વેચ્છાનુસાર અહિં તહીં સ્વૈરવિહાર (સ્વેચ્છા વિહાર) કરે છે. એ પ્રમાણે વિવેકી જન પણ ભોગોને ભોગવીને પછીથી તેને કડવાં ફળ આપનાર તરીકે જાણીને એનો પરિત્યાગ કરી દે છે, અને એ રીતે એ વિવેકી જન જે પ્રમાણે વાયુ સર્વથી હલકો–નાનો હોય છે એ માફક વૈષયિક ભારથી રહિત બનીને લઘુ બની જતા હોય છે. અથવા એના ત્યાગથી સંયમ જીવન વ્યતીત કરીને અપ્રતિબદ્ધ વિહારી થાય છે. એમને વિહારમાં બાધા કરનાર કોઈ પણ શક્તિનો સામનો કરવો પડતો નથી. જ્યાં તેમને જવું હોય છે ત્યાં તેઓ ચાલ્યા જાય છે. સંયમના નિર્વાહમાં જ્યાં પણ તેમને બાધાનો અભાવ પ્રતીત થાય ત્યાં તેઓ જાય છે. ૪૪

અર્થ આદિથી રાજાનો મોહ હટાવવા માટે ફરીથી રાણી કહે છે—

"इमे य"–ઈત્યાદિ ।

અન્વયાર્થ—अज्ज–आर्य હે આર્ય ! ममहत्थ आगया–मम हस्तम् आगताः મારાં અને આપના હાથોમાં પ્રાપ્ત થયેલા અને એજ માટે बद्धा–बद्धाः અનેકવિધ ઉપાયોથી રક્ષાયેલા એવા इमे–इमे આ શબ્દાદિક કામભોગ फंदंति–स्पन्दन्ते અસ્થિર સ્વભાવવાળા હોવાથી સદા સ્થાયી નથી, પરંતુ અસ્થાયી છે. અહીં 'च' શબ્દથી એ વાત પણ સૂચિત કરવામાં આવેલ છે કે, જે રીતે કામભોગ અસ્થાયી છે એજ પ્રમાણે આપણે પણ અસ્થાયી જ છીએ, કેમકે, આ ગતિમાં અમારા અવરોધનું કારણ જે આયુષ્ય કર્મ છે તે સ્વયં અસ્થાયી છે. છતાં પણ वयं–वयम् અસ્થાયી એવા અમો कामेसु सत्ता–कामेषु सक्ताः એ અસ્થાયી વિષયોમાં લોલુપ બની રહ્યા છીએ એ કેટલા આશ્ચર્યની વાત છે ? અમારી એ અજ્ઞાનતાનું પણ ક્યાંય ઠેકાણું છે ? આ માટે जहा इमे भविस्सामो–यथा इमे भविष्यामः જેવા એ પુરોહિત વગેરે બન્યા છે તેવાજ આપણે બનશું એવું કમલાવતીએ રાજાને કહ્યું ॥ ૪૫ ॥

આમાં જો કોઈ એમ કહે કે, વિષયભોગ ભલે અસ્થિર હોય એની સાથે અમારે શું સમ્બન્ધ છે ? એ જો સુખદાયક છે તો પછી અમારે એનો પરિત્યાગ નજ કરવો જોઈએ. એનો ઉત્તર આ પ્રકારનો છે. "सामिसं"–ઈત્યાદિ !

અન્વયાર્થ—હે રાજન્ ! सामिसं कुललं–सामिषं–कुललम् માંસને લઈને બેઠેલા પક્ષીને बज्झमाणं दिस्स–बाध्यमानं दृष्ट्वा બીજા માંસલોલુપી પક્ષીઓદ્વારા દુઃખ અપાતું જોઈને તથા निरामिसं–निरामिषम् નિરામિષ એજ પક્ષીને નિરાકુલ જોઈને અમે લોકો પણ सव्वं आमिसं उज्झित्ता–सर्वं आमिषं उज्झित्वा અભિષ્વંગના કારણભૂત સઘળા શબ્દાદિક વિષયોનો પરિત્યાગ કરીને હવે निरामिसा–निरामिषाः ભોગરૂપ આમિષથી રહિત બનીને विहरामो–विहरामः વિચરણ કરીશું.

ભાવાર્થ—કોઈ પક્ષીની ચાંચમાં માંસ જોઈને જેમ અન્ય માંસ લોલુપ્ત પક્ષી એના ઉપર ઝપટ નાખે છે અને જ્યારે તે નિરામિષ થઈ જાય છે ત્યારે તેનો પીછો પકડવો છોડી દે છે. આ પ્રમાણે નિરાકુલ બનીને જ્યાં જવું હોય ત્યાં ચાલી જાય છે. આ પ્રમાણે શબ્દાદિક વિષયોમાં ફસાઈ રહેવું તે માંસને અપનાવનાર પક્ષીના સમાન છે, એ બીચારા પક્ષીને જેમ અન્ય માંસ લોલુપી પક્ષી પીડિત કર્યા કરે છે એજ રીતે શબ્દાદિક વિષયોમાં ફસાયેલા પ્રાણીને પણ અન્ય વિષયાભિલાષી પ્રાણી સતાવ્યા કરે છે. જ્યારે તે નિરામિષ ભોગવર્જીત બની જાય છે ત્યારે અન્ય પક્ષીઓની માફક તેની પાસેથી ભાગ પડાવવામાં લોલુપ બનેલાઓ એનો પીછો છોડી દે છે. આથી તે નિશ્ચિત બનીને સ્વેચ્છાનુસાર જ્યાં ઈચ્છા થાય ત્યાં વિચરે છે. સ્વેચ્છાનુસાર વિચરણમાં

બાધક શબ્દાદિક ભોગ હતા એનાથી મુક્ત બની જતાં સુખપૂર્વક વિચરણ કરવામાં તેને કોઈ પણ બાધ આવતો નથી. આ પ્રમાણે આપણે પણ પીડાના હેતુ સમાન સર્વ ધનધાન્યાદિકનો પરિત્યાગ કરીને તેમજ દીક્ષા અંગિકાર કરીને અપ્રતિબદ્ધ વિહારી થઈને સુખપૂર્વક વિચરીશું ॥ ૪૬ ॥

ફરી એ વાતને દઢ કરવા માટે રાણી કહે છે—" गिध्धोवमे "–ઈત્યાદિ ।

અન્વયાર્થ—હે રાજન્! વિષયલોલુપી જનોને गीद्धोवमे–गृद्धोपमान् ગીધ સદશ नच्चा–ज्ञात्वा જાણીને તથા कामे–कामान् શબ્દાદિક વિષયોને संसारवड्ढणे–संसारवर्द्धनान् ભવવૃદ્ધિના કરવાવાળા नच्चा–ज्ञात्वा જાણીને આપ सुवण्णपासे उरगोव्व–सुवर्णपार्श्वे उरगः इव ગરૂડની સામે પડેલા સર્પની માફક संकमाणो–शङ्कमानः ભયગ્રસ્ત થઈને तणुंचरे–तनुचरेः યત્નપૂર્વક ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરો.॥૪૭॥

અથવા—"नागोव्व"–ઈત્યાદિ ।

અન્વયાર્થ—હે રાજન્! इव–इव જે રીતે બંધનમાં બંધાયેલ नाग–नागः હાથી એ बंधणं छित्ता–बन्धनं छित्वा બંધનને તોડી નાખીને अप्पणो वसइं वए–आत्मनो वसतिं व्रजति પોતાના સ્થાનભૂત વિંધ્યાટવીમાં ચાલ્યા જાય છે. એજ પ્રમાણે આપ પણ बधणं छिता–बन्धनं छित्वा જ્ઞાનાવરણીયાદિ કર્મ બંધનનો નાશ કરીને પોતાના સ્થાનભૂત वसइं वए–वसतिं व्रजेः મુક્તિમાં પહોંચી જાઓ. महाराय–महाराज હે મહારાજ ઈષુકાર! एयं पत्थं–एतत् पथ्यम् એમાંજ તમારી ભલાઈ છે, त्ति–इति આ પ્રમાણે मे–मया મેં सुयं– तम् મુનિરાજો પાસેથી સાંભળેલ છે

ભાવાર્થ—કમલાવતીએ કહેતાં કહેતાં એ પણ કહી દીધું કે, હે નાથ! સહુથી ઉત્તમ માર્ગ તો એ છે કે, જે રીતે ગજરાજ બંધનથી મુક્ત થઈને પોતાના મૂળસ્થાન તરફ ચાલ્યો જાય છે, એજ રીતે આપે પણ કર્મોનાં બંધન તોડી નાખીને મુક્તિ સ્થાનમાં જવું જોઈએ. કેમકે, આત્માનું શ્રેય એમાંજ છે. આ નિમિતે જ આપને મેં આ સઘળું કહેલ છે કે જે મેં મુનિરાજોના મુખેથી સાંભળેલ છે. ॥૪૮॥

આ પ્રમાણે કમળાવતીનાં વચન સાંભળીને પ્રતિબુદ્ધ થયેલા રાજાએ તથા કમળાવતીએ શું કર્યું ? એ આ બે ગાથાઓથી પ્રગટ કરવામાં આવે છે.—

"चइत्ता" ઈત્યાદિ.

અન્વયાર્થ—विउलं-विपुलम् વિશાળ रज्जं-राज्यम् રાજ્ય વૈભવ दुच्चए कामभोए य-दुस्त्यजान् कामभोगान् च દુસ્ત્યજ્ય જેને છોડવું ખૂબ જ કઠણ હતું એવા કામભોગોનો चइत्ता-त्यक्त्वा પરિત્યાગ કરીને પછીથી सम्मं धम्मं विणाचित्ता – सम्यक् – यथावस्थितं – धर्मं विज्ञाय યથાવસ્થિત ધર્મ શ્રુતચારિત્રરૂપ ધર્મના સ્વરૂપને સારી રીતે સમજીને दुच्चए कामगुणे चइत्ता-दुस्त्यजान् कामगुणान् त्यक्त्वा શ્રેષ્ઠ શબ્દાદિક વિષયોનો ત્રિકરણ ત્રિયોગથી ત્યાગ કરીને जहाक्खायं-यथाख्यातम् તિર્થંકરાદિકોએ જે વિધિથી આરાધના કરવાનું બતાવેલ છે એ વિધિ અનુસાર घोरं-घोरम् કાયરો જેને કરી શકતા નથી. એવા तवं-तपः અનશન આદિ તપોનો पगिज्झ-प्रगृह्य સ્વીકાર કરીને निव्विसया-निर्विषयौ કામ ભોગાદિકથી રહિત અથવા પોતાના દેશથી દૂર અને निरामिसा-निरामिषौ ભોગરૂપ આમિષથી રહિત તેમજ निन्नेहा-निःस्नेहौ સ્વજનાદિકના પ્રેમબંધનથી અલગ બનીને એ બન્ને રાજા અને રાણીએ निप्परिग्गहा-निष्परिग्रहौ બાહ્ય અને અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી દેવાથી घोरपरक्कम्मा जाए-घोरपराक्रमौ जातौ કર્મરૂપી શત્રુઓ ઉપર વિજય મેળવવામાં વિશિષ્ટ એવું બળ સંપાદન કર્યું ॥૪૯॥૫૦॥

હવે અધ્યયનનો ઉપસંહાર કરતા કહે છે—"एवं ते"-ઇત્યાદિ !

અન્વયાર્થ—कमसो-क्रमशः અનુક્રમથી एवं-एवम् આ પ્રમાણે बुद्धा-बुद्धाः પ્રબોધિત થઈને सव्वे-सर्वे એ સઘળા છએ છ જીવો जम्ममच्चूभयोव्विग्गा-जन्म मृत्युभयोद्विग्नाः જન્મ મરણના ભયથી ઉદ્વિગ્ન બનીને શારીરિક અને માનસિક દુઃખોનો અંત હવે કયા પ્રકારે કરી શકાય આ વાતની ગવેષણા કરવામાં લવલીન બન્યા અને એથી धम्मपरायणा-धर्मपरायणाः ધર્મમાં એકનિષ્ઠામય તેઓ બની ગયા. ॥ ૫૧ ॥

ફરી પણ—"आसणे"-ઈત્યાદિ !

અન્વયાર્થ—पुव्विभावणभाविया-पूर्वभावनाभावितः પૂર્વભવમાં અનિત્ય આશરણ આદિ બાર પ્રકારની ભાવનાઓ જેમણે ભાવેલ હતી, એને લઈને ભાવિત અંતઃકરણ બનેલા એ છએ જીવ विगयमोहाणं-विगतमोहानाम् वीतराग પ્રભુના सासणे-शासने શાસનમાં સ્થિત થઇને आचिरेणेव कालेण दुक्खस्संतमुवागया-अचिरेणैव कालेन दुखस्यान्तमुपागताः બહુ જ થોડા સમયમાં જ ચતુર્ગતિરૂપ સંસારના અંતને પામ્યા અર્થાત્ એ છએ જીવ મોક્ષમાં ગયા. ॥૫૨॥

આ વાતને ફરીથી છએના અનુક્રમથી નામ નિદેશથી સૂત્રકાર કહે છે-

'राया य ' इत्यादि ।

અન્વયાર્થ—देवीए-देव्या કમળાવતી દેવીની सह-सह સાથે ઇષુકાર राया-राजा રાજા य-च અને पुरोहिओ माहणो-पुरोहितः ब्राह्मणः પુરોહિત બ્રાહ્મણ તથા माहणी-ब्राह्मणी બ્રાહ્મણી दारगाचेव-दारकौ चैव એમના દેવભદ્ર અને યશોભદ્ર એ બન્ને પુત્રો ते सव्वे-एते सर्वे આ સઘળા છએ જણા परिनिव्वुडे-परिनिर्वृताः કર્મરૂપ અગ્નિના ઉપશમનથી શીતીભૂત થઈને મુક્તિને પામ્યા. ॥ ૫૩ ॥

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનનો ગુજરાતી
ભાષા અનુવાદ સંપૂર્ણ થયો. ॥ ૧૪ ॥